# ગુજરાત

દીપોત્સવી અંક

વિક્રમ સંવત - ૨૦૭૨ • વર્ષ - ૨૦૧૬



કિંમત ₹ ૪૦



“ સહિયર ”
- ભાર્ગવી ભટ્ટ

# ગુજરાત

## દીપોત્સવી અંક


વિક્રમ સંવત - ૨૦૭૨ • વર્ષ - ૨૦૧૬

**તંત્રી**
એ. જે. શાહ

**સહતંત્રી**
અરવિંદ પટેલ

**સંપાદક**
પુલક ત્રિવેદી

**ઉપસંપાદક**
આર. આર. તુરી

**સહસંપાદકો**
જગદીશ આચાર્ય, ઉર્વી રાવલ

**વિતરણ વ્યવસ્થા**
ઇશ્વર ઠાકોર, જયેશ દવે, કિર્તી પરમાર,
નરેશ ચાવડા, પ્રકાશન શાખા, ગાંધીનગર
તથા જિલ્લા માહિતી કચેરીઓ

**પ્રકાશક**
માહિતી નિયામકની કચેરી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**પ્રોસેસિંગ અને મુદ્રણ**
સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ

**વેબસાઇટ**
www.gujaratinformation.net

**કિંમત : ₹ ૪૦/-**



આ અંકમાં પ્રસિદ્ધ થયેલી કૃતિઓમાં લેખકો દ્વારા વ્યક્ત થયેલા વિચાર સાથે પ્રકાશક સંમત છે જ એમ માનવું નહીં.

## વિકાસના વિજયમાર્ગ ઉપર વિશ્વાસના અજવાળાં પાથરીએ...

મારા વ્હાલા સાડા છ કરોડ ગુજરાતી ભાઈ - બહેનો,

દીપોત્સવીના આ પાવન પર્વે, આપને સંબોધન કરતાં આપની નિકટતાનો અહેસાસ મારા હૃદયે, મારી કલમ અને મારા રોમે રોમમાં થઈ રહ્યો છે. સર્વ ક્ષેત્રે વિકાસ અને સર્વ ક્ષેત્રે સમૃદ્ધિ એવું ધ્યેય સૂત્ર લઈને આપણી સરકાર વિજયપથ પર આગળ વધી રહી છે.

દીપાવલી એટલે અંધકાર તરફથી પ્રકાશ તરફની જિંદગીની ગતિ. વિક્રમ સંવતનું નવું વર્ષ એટલે દિવાળી, એ તો ખરું જ, પરંતુ હિન્દુ ધર્મ-સંસ્કૃતિનું નવું વર્ષ એટલે નવા વિચારો, નવા સંકલ્પો, નવા ધ્યેયો, અને નવી દિશાઓ ભણી આગળ વધવાનો પ્રસંગ. ગુજરાતની સાડા છ કરોડની જનતા જનાર્દનને વિજયપથ ઉપર સાથે લઈને આગળ ચાલવા માટેની આ ઘડી. નૂતન વર્ષનું પ્રભાત આપણા સૌના જીવનમાં સુખ, સમૃદ્ધિ, યશ, કીર્તિ, ધન, પદ, વૈભવનો પ્રકાશ રેલાવે એવી પરમ કૃપાળુ પરમાત્માના ચરણોમાં પ્રાર્થના.


દીપાવલી અને નૂતન વર્ષના આ મંગલ પર્વ નિમિત્તે, હું મારી ગુજરાતની ખમીરવંતી જનતાને કહેવા માગું છું કે આવો, સાથે મળીને એક સંકલ્પ કરીએ કે, આપણા ગુજરાતને વધુ સમૃદ્ધ બનાવીએ. ગુજરાત રાજ્યને વિકાસની નવી ઊંચાઈઓ ઉપર લઈ જવા માટે આપણે સૌ એકસાથે મળીને સહિયારા પુરુષાર્થમાં લાગી જઈએ.

ગુજરાતના સપૂત અને ભારતના લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને વિકાસ મૉડલ તરીકે દેશ અને દુનિયા સમક્ષ મૂકી આપ્યું છે ત્યારે, આપણે સૌ સહિયારા પુરુષાર્થ અને પોતીકા ગુજરાતી ખમીર વડે ગુજરાતનો ડંકો વિશ્વ સમસ્તમાં ગુંજતો રાખીએ.

મને કહેતાં આનંદ થાય છે કે, વર્તમાન સરકારે માનવસેવા, શિક્ષણ, સાક્ષરતા, આરોગ્ય, વેપાર-ઉદ્યોગ, ઈન્ફર્મેશન ટેકનોલૉજી, પ્રવાસન, રોજગારી, મહિલા વિકાસ જેવા અનેકવિધ ક્ષેત્રોમાં અસરકારક અને પરિણામલક્ષી કામગીરી કરીને પ્રતિદિન નવા સીમાચિહ્નો સ્થાપિત કર્યા છે.

પારદર્શકતા, સંવેદનશીલતા, નિર્ણાયકતા અને પ્રગતિશીલતા વર્તમાન સરકારના આ ચાર મહત્ત્વના આધારસ્થંભોને આધારે જનજનના હિત માટેના સુશાસનની પ્રતીતિ સૌ કોઈને થઈ રહી છે. ગ્રામ વિકાસ હોય કે શહેરી વિકાસ, મહિલા સશક્તિકરણ હોય કે યુવા વિકાસ, કૃષિ ક્ષેત્ર હોય કે સેવા ક્ષેત્ર, વંચિત હોય કે વનબંધુ, ગુજરાત સરકારે વિકાસના સુફળ સૌ કોઈના સહકારથી સૌ કોઈ સુધી પહોંચાડવા માટે પરિણામલક્ષી કામગીરી કરી છે.

આરોગ્ય વિષયક સુવિધાઓ ગુજરાતના પ્રત્યેક નાગરિકને ઉપલબ્ધ થાય એ દિશામાં સરકારે નક્કર પગલાં લીધાં છે. શાંત, સલામત અને વિકસિત ગુજરાતમાં દેશ-વિદેશના ઉદ્યોગકારો આવીને નાના અને મધ્યમ પ્રકારના ઉદ્યોગો માટે નિવેશ કરી ગુજરાતના આર્થિક વિકાસને વધુ બળવત્તર બનાવી રહ્યા છે. મને કહેતાં ગૌરવ થાય છે કે, ગુજરાતમાં શિક્ષણ, રોજગાર અને સ્વરોજગારની વિપુલ તકો વિસ્તરી છે. ગુજરાતના યુવાનની આંગળીના ટેરવે સમસ્ત વિશ્વ ઊભું છે.



આપણે સાથે મળીને ગુજરાતના વિકાસ માટે પરિણામલક્ષી કાર્યો કર્યા છે, જનહિતના અનેક કામો થયા છે અને હજી ઘણાં વધારે કામો આપણે કરવાનાં છે. દીપોત્સવ એટલે સારા-શુભ સંકલ્પ કરી જીવનને વધુ વિકાસશીલ બનાવવાના પ્રયત્નમાં પ્રવૃત્ત થવાનો અવસર. કૃષિ અને ઉદ્યોગ બંને ક્ષેત્રે ગુજરાતનો સમતોલ વિકાસ સાધી આપણે સુરાજયના નવતર સાથિયા પૂરવા માટેનો સંકલ્પ, આ દીપોત્સવ પર્વ નિમિત્તે કરીએ. ગુજરાતના વિકાસનો અજવાશ ખૂણે ખૂણે પથરાય. શાંતિ, સદ્ભાવ અને વિકાસના વિશ્વાસની દીપ જ્યોત પ્રત્યેક ગુજરાતીના હૃદયમાં પ્રજ્જવળે અને સમગ્ર ગુજરાત વિકાસના પ્રકાશથી ઝળહળે.

સૌરાષ્ટ્રમાં સૌની યોજના, ખેડૂતોને આઠના બદલે દસ કલાક વીજળી, અનુસૂચિત જાતિ, વનબંધુઓ, વિકલાંગો અને આર્થિક રીતે નબળા વર્ગના પરિવારોના સામાજિક, શૈક્ષણિક અને આર્થિક વિકાસ માટે વિશેષ ધ્યાન કેન્દ્રીત કરીને યોજનાકીય લાભ અર્પણ કર્યા છે.

ગુજરાત દીપોત્સવી અંક ગુજરાતની ખમીરવંતી ગુજરાતી પ્રજાનું એક અદનું પ્રતિબિંબ પ્રસ્તુત કરે છે. અહીં અભ્યાસ લેખો, નિબંધો, ચિંતન લેખો, હાસ્ય લેખો, વાર્તાઓ, લઘુકથાઓ, નાટક, કવિતાઓ જેવાં સાહિત્યસ્વરૂપો પ્રસ્તુત કરીને ગુજરાતના જાણીતા સાહિત્યકારો, પ્રબુદ્ધ સર્જકો અને અભ્યાસુઓ પોતપોતાની કલમપ્રસાદીનું આચમન કરાવી રહ્યાં છે.

ગુજરાત દીપોત્સવી અંકની લોકપ્રિયતા ગુજરાતની સંસ્કારપ્રિય જનતામાં વર્ષોથી અકબંધ છે, આ ઉજ્જવળ પરંપરા આપણે જાળવી રાખી છે. ગુજરાતી સાહિત્ય, કલા, સંસ્કૃતિ અને પરંપરાને આત્મસાત કરતા આ દીપોત્સવી વિશેષાંકને આપ સૌ ગુણીજનો સમક્ષ મુકતા રાજ્ય સરકાર તથા માહિતી અને પ્રસારણ વિભાગ આનંદની લાગણી વ્યક્ત કરે છે.

ચાલો, આપણે પણ આ કલમપ્રસાદીનો સાક્ષાત્કાર કરીએ અને ગુજરાતી સાહિત્ય અને કલાના માધ્યમથી સાહિત્યવિશ્વની સફર કરીએ.

ચાલો, દિલમાં દીવો પ્રગટાવીએ.
ચાલો, આપણા અંતરનું અજવાળું પાથરીએ.

**આપનો**

(વિજય રૂપાણી)
**મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય**



## નૂતન વર્ષે શુભ સંકલ્પના દીપ પ્રગટાવીએ...

આપણા પર્વોની સાંસ્કૃતિક વિરાસત અદ્‌ભુત અને અમર છે. વિવિધ તહેવારોમાં દીપોત્સવીના તહેવારનો મહિમા અનેરો છે. દીપાવલી એટલે અંધકાર સામે ઉજાસ ફેલાવવાનો શુભ સંદેશ આપતું ઉમંગ અને ઉત્સાહ પ્રસરાવતું મહાપર્વ.

એક એક ક્ષણથી બનેલા સમુહના દિવસો પસાર થતા એક વર્ષનો કાળખંડ સરી ગયો. એક પછી એક રણઝણતી ઋતુઓ પણ પસાર થઇ ગઇ. નવા ઉમંગ સાથે નવા વર્ષની નવી ઉષાનો મીઠો ઝણકાર કાનમાં સંભળાય છે.

જેમ દીવડાની એક નાનકડી જ્યોત અફાટ અંધકારને વીંધીને પ્રકાશનો ઉજાસ ફેલાવે છે, એમ અસંસ્કારના અંધકારને ફેડીને સંસ્કારનો પ્રકાશ ફેલાવવા માટે દીપ પ્રગટાવવા માટેનો પુનિત અવસર એટલે દિવાળી. નવા શુભ સંકલ્પો અને ઊર્ધ્વગામી વિકાસની દિશામાં નક્કર ડગ માંડવાના દૃઢ નિરધાર કરવાનું પર્વ એટલે નૂતન વર્ષ. આવતી કાલની નવી ઉષાને વધુ ઉજ્જવળ બનાવવા માટે કૃતનિશ્ચયી બનવાનો સંકલ્પ એટલે જ નૂતન વર્ષની સાચા અર્થમાં કરેલી ઉજવણી.

રાજ્ય સરકારના માહિતી ખાતા દ્વારા પ્રતિ વર્ષની ગૌરવપૂર્ણ પરંપરા અનુસાર પ્રસિધ્ધ કરવામાં આવતા ગુજરાત દીપોત્સવી અંકમાં અંકિત થયેલા શબ્દો અને સાહિત્યની રંગોળી આપના કરકમળમાં મુકતા હું અત્યંત હર્ષની લાગણી અનુભવું છું. ગુજરાતની વાચનપ્રિય, સંસ્કારી અને સાહિત્યપ્રેમી જનતામાં ''ગુજરાત દીપોત્સવી અંક''નું હંમેશાં અદકેરૂં સ્થાન રહ્યું છે. ગુજરાતની કલા, સંસ્કૃતિ, સાહિત્ય, ઈતિહાસ અને સામાજિક વારસાને સુપેરે પ્રતિબિંબિત કરતા ગુજરાત દીપોત્સવી અંકને રાજ્ય અને રાજ્ય બહાર અપ્રતિમ લોકચાહના મળતી રહી છે.


વિક્રમ સંવત-૨૦૭૨ના દીપોત્સવી અંકમાં સમાવિષ્ટ કરવામાં આવેલા મનનીય અભ્યાસ લેખો, ઉત્કૃષ્ટ નિબંધો, વિનોદિકાઓ, નવલિકાઓ, કાવ્યો, નાટિકાઓ જેવા અદ્‌ભુત સર્જનથી મઢેલો ગુજરાત દીપોત્સવી અંક સાહિત્યરસિકો, પ્રબુધ્ધ નાગરિકો સૌ કોઈની વાંચનક્ષુધાને સંતૃપ્ત કરશે એવી મને દૃઢ શ્રદ્ધા છે.

જન જનના મનમાં ચેતનાનો નૂતન આવિર્ભાવ પ્રગટાવતું આ નૂતન વર્ષ સૌ કોઈને ઉજ્જવળ ભવિષ્યની નવી ક્ષિતિજો માટે પથદર્શક બની રહે એવી મનોકામના સાથે દીપોત્સવની શુભેચ્છા સાથે નુતન વર્ષાભિનંદન.

**(અશ્વિની કુમાર)** આઈ.એ.એસ.
સચિવ, માહિતી અને પ્રસારણ વિભાગ

सत्यमेव जयते

# પ્રકાશ, પવિત્રતા, પ્રગતિનું પર્વ...



દીપાવલી એટલે પ્રકાશના સત્કારનુ મહાપર્વ. નવા ઊર્ધ્વગામી સંકલ્પોની હારમાળાથી જીવનમાં વધુ અજવાશ ફેલાવવા માટેના શુભ સંકલ્પોનો અવસર. દીપાવલી એ પર્વોનો મહારાજા છે. દિવાળીના દિવસો તહેવારોનો ગુલદસ્તો લઈને આવે છે. આખા વર્ષ દરમિયાન જે કોઇ પણ ખૂણામાં અંધકાર હોય ત્યાં શુભ સંકલ્પના દીપકરૂપી અજવાશથી જીવનને ઉજાળવા માટેની પ્રતિબધ્ધતા પૂરી પાડતો આનંદનો તહેવાર એટલે દિવાળીનો તહેવાર.

ભાતિગળ ભારતની વિવિધતામાં એકતાની સુવાસ દીપાવલીના ઉત્સવોમાં છલકે છે. ગુજરાતની દિવાળીની ઉજવણી પણ અનોખી છે. એકબાજુ, ઘુઘરા, મઠીયા, મોહનથાળ, પાપડી જેવા વ્યંજનોની મઝાની સુગંધથી ગુજરાતના પ્રત્યેક ઘર મઘમઘે છે. જ્યારે બીજી બાજુથી મિત્રો, સગાં-સ્નેહી, સૌ કોઈને નવું વર્ષ શુભદાયી, મંગળમયી અને પ્રગતિશીલ નીવડે એવી શુભકામનાઓ અને વડીલોના આશીર્વાદ પ્રાપ્ત કરવાનો અનેરો ઉત્સાહ સૌ કોઇ ગુજરાતીના મુખ ઉપર સ્વાભાવિક રીતે જ છલકતો જોવા મળે છે.

ગુજરાતનો વિકાસ એટલે દેશનો વિકાસ. ગુજરાતે સમગ્ર દેશમાં વિકાસની ભૂખ ઊભી કરી છે અને સમગ્ર દેશના અન્ય રાજ્યો માટે પણ ઉદાહરણરૂપ વિકાસકાર્યો કરીને એક નવી પરંપરા બનાવી છે. વિકાસપથ એટલે ગુજરાત. સમગ્ર દેશમાં વિકાસનો રાજમાર્ગ ગુજરાતમાં થઈને જ પસાર થાય છે.

ગુજરાત અને ગુજરાતીઓ દીપપર્વની ઉજવણી તો કરી જ રહ્યાં છે, આ સાથે આપણે વિકાસપર્વ, ઊર્જાપર્વ, શિક્ષણપર્વ, આરોગ્યપર્વ, ઉદ્યોગપર્વ, મહિલા અને બાળ વિકાસપર્વ વગેરે પર્વની પણ અર્થસભર ઉજવણી સમાંતર રાહે કરી રહ્યાં છીએ. સમગ્ર દેશને ગુજરાતના વિકાસ-મૉડલની ભેટ આપનાર ભારતના લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસનો જે રાજમાર્ગ કંડારી આપ્યો છે તેને પરિશ્રમી, સંવેદનશીલ અને દીર્ઘદૃષ્ટા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વધુ આગળ ધપાવી પરિણામલક્ષીતાની પ્રતીતિ કરાવી છે.

ગુજરાતની સુસંસ્કારી અને વાચનપ્રિય જનતાને શિષ્ટ સાહિત્ય પુરું પાડવા માટે માહિતી વિભાગ પ્રતિ વર્ષે 'ગુજરાત દીપોત્સવી અંક'નો વૈવિધ્યસભર વાંચન રસથાળ લઈને વાચકમિત્રો સમક્ષ પ્રસ્તુત થાય છે. માહિતીખાતાની આ સાહિત્ય અને સંસ્કારસભર યાત્રામાં લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકાર મિત્રો, ચિંતકો, વિચારકો, નાટ્યકારો, કવિઓ, ચિત્રકારો, તસવીરકારો સૌ કોઈનો ઉત્સાહભેર સહકાર સાંપડતો રહ્યો છે. માહિતીખાતાની આ શબ્દ અને સાહિત્યની સેવામાં ઉષ્માપૂર્વક સાથ આપવા બદલ સૌ મિત્રોનો હદયપૂર્વક ઋણસ્વીકાર છે. આપના કરકમળોમાં નવીન વિચારો, નવીન અભિવ્યક્તિ, નવીન ચિંતન સહિત ચિત્રો-તસવીરો ઈત્યાદી પ્રાણવાન વાંચન અને કલાસામગ્રી સાથે 'ગુજરાત દીપોત્સવી અંક-૨૦૧૬' પ્રસ્તુત કરતા હું અત્યંત આનંદ અનુભવું છું.

દિપાવલીના પાવન પ્રસંગે આપ સૌને શુભકામનાઓ. નવું વર્ષ આપને તથા આપના પરિવારજનો અને મિત્રો સૌને લાભદાયી, ફળદાયી અને મંગળદાયી નીવડે એવી ઈશ્વરને પ્રાર્થના સાથે... નૂતન વર્ષાભિનંદન...

જય જય ગરવી ગુજરાત...

*(એ. જે. શાહ)* આઈ.એ.એસ.

માહિતી નિયામક

# અનુક્રમણિકા

## અભ્યાસલેખ સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૧. | ગોકુળની કૉસ્મિક સિમ્ફની | – ગુણવંત શાહ | ૧ |
| ૨. | પ્રયોગભૂમિ ગુજરાતમાં શબ્દયાત્રા... | – વિષ્ણુ પંડ્યા | ૯ |
| ૩. | વિસરાયેલા ક્રાંતિવીર અને સાહિત્યિક પત્રકાર : નિરંજન વર્મા | – ડૉ. બળવંત જાની | ૧૩ |
| ૪. | પવિત્ર નગર પોરબંદર | – ડૉ. નરોત્તમ વાળંદ | ૧૭ |
| ૫. | જેમણે પૂરા એશિયા-યૂરોપને સંસ્કાર બક્ષ્યા : જાતકકથા અને પંચતંત્ર | – યશવંત મહેતા | ૨૧ |
| ૬. | શ્રીમદ્ ભગવદ્ગીતા મારું પરમ રહસ્ય છે : શ્રીકૃષ્ણ | – ડૉ. ભરત ગરીવાલા | ૨૩ |
| ૭. | સ્વભાવથી સત્ય સુધીની સંતર્પક સ્વાધ્યાયયાત્રા | – ડૉ. રસેશ જમીનદાર | ૨૫ |
| ૮. | ઓખામંડળનો ઈતિહાસ | – નરોત્તમ પલાણ | ૨૯ |
| ૯. | આદિમાનવની ચિત્રણ કલા અને ભીમબેટકાનો ગુફાચિત્ર ભંડાર | – જોરાવરસિંહ જાદવ | ૩૩ |
| ૧૦. | જાતકકથાના માધ્યમે ભગવાન બુદ્ધની સમાજ-સમીક્ષા, ઉપદેશ | – ડૉ. હસુ યાજ્ઞિક | ૩૭ |
| ૧૧. | આદિવાસી લોકાખ્યાન | – ડૉ. ભગવાનદાસ પટેલ | ૩૯ |
| ૧૨. | કચ્છનું રજવાડું | – યાસીન દલાલ | ૪૭ |
| ૧૩. | નિઃશુલ્ક નિવાસી વિદ્યાધામ હેમચંદ્રાચાર્ય સંસ્કૃત પાઠશાળા | – દોલત ભટ્ટ | ૫૫ |
| ૧૪. | ચારણો અને ચારણી સાહિત્યનો પ્રજાજીવન સાથે સંબધ | – શિવદાન ગઢવી | ૫૭ |
| ૧૫. | ટાગોર અને ઓકામ્પો | – પ્રસાદ બ્રહ્મભટ્ટ | ૬૩ |
| ૧૬. | ભક્તિનું વૈશિષ્ટ્ય | – પરમાનંદ મા. ગાંધી | ૬૭ |
| ૧૭. | સોળ આની ટચ જેવું -સોલા | – ડૉ. માણેક પટેલ 'સેતુ' | ૬૯ |
| ૧૮. | સામાજિક વિષમતા સામે સ્વામી વિવેકાનંદનો આક્રોશ... | – કિશોર મકવાણા | ૭૧ |
| ૧૯. | સૌરાષ્ટ્રનાં નાગસ્થાનકો અને નાગકુળના વહીવંચા નાગમગાં | – ભૂપેન્દ્ર મો. દવે | ૮૭ |
| ૨૦. | પત્રકાર ડૉ. બાબાસાહેબ આંબેડકર | – નટુભાઈ પરમાર | ૯૩ |
| ૨૧. | ચિનુ મોદીકૃત "ભાવચક્ર" નાટ્યસદેશ નવલકથા | – વિજય શાસ્ત્રી | ૧૦૧ |
| ૨૨. | હે મૃત્યુ તું વિશ્વ વિજયી છો | – લક્ષ્મણ પિંગળશીભાઈ ગઢવી | ૧૦૭ |
| ૨૩. | સૃષ્ટિના સર્જકનું માનવને અનોખું નજરાણું | – કાકડિયા મનસુખ વી. | ૧૧૧ |
| ૨૪. | હિન્દી દેશની સર્વસ્વીકૃત રાષ્ટ્રભાષા ક્યારે બનશે ? | – સોમાભાઈ વિ. પટેલ | ૧૧૫ |
| ૨૫. | શિવનું વરદાન | – સંજય ન. ત્રિવેદી | ૧૧૭ |
| ૨૬. | દિવ્યદૃષ્ટા - ધર્માત્મા વિદુર | – શિવશંકર દવે | ૧૧૯ |
| ૨૭. | ૧૬મી સદીથી ૨૦મી સદી : સુરતની બદલાતી સૂરત | – અજય મો. નાયક | ૧૨૩ |
| ૨૮. | પ્રજા વત્સલ રાજવી : રુસ્વા મઝલૂમી | – વી. એસ. ગઢવી | ૧૨૫ |
| ૨૯. | મારી પાસે નથી, મારો સમય નથી | – એ. આર. દલાલ | ૧૨૮ |
| ૩૦. | માન ન માન આપ સર્વત્ર બિરાજમાન... | – ડૉ. અશોક નારાયણ | ૧૨૮ |

# અનુક્રમણિકા

## નવલિકા સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૧. | કૌરવ સભા | – ભગવતીકુમાર શર્મા | ૧ |
| ૨. | તમે માનશો ? | – મહંમદ માંકડ | ૫ |
| ૩. | માણસ એટલે માણસ | – ડૉ. દિનકર જોષી | ૯ |
| ૪. | ક્ષેત્રવતીને કિનારો | – વર્ષા અડાલજા | ૧૧ |
| ૫. | મકસદ | – રજનીકુમાર પંડ્યા | ૧૫ |
| ૬. | કાળોતરો | – મોહનલાલ પટેલ | ૨૧ |
| ૭. | લાખ રૂપિયાનું માણા | – ઊજમશી પરમાર | ૨૫ |
| ૮. | સોહાગરાત | – કેશુભાઈ દેસાઈ | ૨૭ |
| ૯. | 'હું જે કહીશ તે સત્ય જ કહીશ' | – ડૉ. ચંદ્રકાન્ત મહેતા | ૩૧ |
| ૧૦. | સમજાય છે મારી આ વાત ? | – રમેશ ર. દવે | ૩૫ |
| ૧૧. | જોડીદાર | – ઉત્પલ ભાયાણી | ૩૭ |
| ૧૨ | ખેતરના શેઢે | – રાઘવજી માધડ | ૩૯ |
| ૧૩. | ધુમ્મસી ઘોડો | – નસીર ઈસમાઈલી 'ઝુબિન' | ૪૩ |
| ૧૪. | બંધ પટારો ! | – સુમન્ત રાવલ | ૪૫ |
| ૧૫. | ડૂ..બ..કી... | – રમેશ ત્રિવેદી | ૪૯ |
| ૧૬. | પુનઃ અવતરણ.... | – ભી. ન. વણકર | ૫૧ |
| ૧૭. | એક દૂધાળી વાત | – નીતિન ત્રિવેદી | ૫૫ |
| ૧૮. | કાળા વાદળની સોનેરી કોર | – નટવર પટેલ | ૫૭ |
| ૧૯. | મૂળ નંખાઈ ગયાં છે | – દશરથ પરમાર | ૬૧ |
| ૨૦. | અણદીઠો મીઠો સથવારો... | – અલતાફ પટેલ | ૬૫ |
| ૨૧. | મોહપાશ...! | – અતુલકુમાર વ્યાસ | ૬૯ |
| ૨૨. | શરત | – નિલમ દોશી | ૭૩ |
| ૨૩. | એક કલાક | – નટવર ગોહેલ | ૭૭ |
| ૨૪. | નવી દૃષ્ટિ | – અવિનાશ પરીખ | ૭૯ |
| ૨૫. | રૂપાળું મકાન | – માવજી મહેશ્વરી | ૮૩ |
| ૨૬. | હોડી | – ડૉ. સુરમ્યા જોષી | ૮૫ |
| ૨૭. | ખરી મા | – સ્વાતિ ધ્રુવ નાયક | ૮૯ |
| ૨૮. | 'મૃત્યુંજય' | – રેખાબા સરવૈયા | ૯૧ |
| ૨૯. | વેરી ગુડ | – દર્શનાબહેન ભગલાણી | ૯૯ |
| ૩૦. | આહૂતિ | – ભૂપેન્દ્ર ત્રિવેદી 'સ્વયંભૂ' | ૧૦૧ |

# અનુક્રમણિકા

## વિનોદિકા સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૧. | પાસપોર્ટનું ખોવાઈ જવું... | - વિનોદ ભટ્ટ | ૧ |
| ૨. | નિર્જીવ વસ્તુઓની પણ સાંભળવા જેવી "ઝગડાબાજી" (એક ગમ્મતભરી - નવીનતા...) | - ડૉ. ઈન્દ્રદેવ આચાર્ય | ૩ |
| ૩. | સાહિત્ય અને લોકપ્રિયતા | - રતિલાલ બોરીસાગર | ૫ |
| ૪. | હવે રાષ્ટ્રીય પ્રાણી તરીકે ગધેડો... | - નિરંજન ત્રિવેદી | ૯ |
| ૫. | બુધાલા...લ... અને ટાલ | - પ્રવીણ દરજી | ૧૧ |
| ૬. | નિર્દંશ હાસ્ય પ્રસરાવતા હાસ્યકાર ! | - નિર્મિશ ઠાકર | ૧૩ |
| ૭. | સવાલ વગરનો દિવસ કેવો હોય ? | - કલ્પના દેસાઈ | ૧૭ |
| ૮. | પ્રસ્તાવના | - ડૉ. નલિની ગણાત્રા | ૧૯ |
| ૯. | સરકતી સીટની સાથે... સાથે... | - પરાગ મ. ત્રિવેદી | ૨૧ |
| ૧૦. | કૂતરું પાળવાની કઠણાઈ | - ડૉ. જગદીશ ત્રિવેદી | ૨૩ |
| ૧૧. | ॥ સાંઈરામની સેલ્ફી ॥ | - સાંઈરામ દવે | ૨૭ |
| ૧૨. | પરણેલો પુરુષ કેવી રીતે ઓળખાય...? | - નિપુણ સી. ચોક્સી | ૨૯ |
| ૧૩. | એવા રે અમે ભૂલકણાં ! | - ભર્ગદેવ ભટ્ટ 'હાસ્યાયન' | ૩૩ |
| ૧૪. | ભદ્રંભદ્રની નગરયાત્રા | - નગીન દવે | ૩૫ |
| ૧૫. | કોર્ટની રમૂજ | - મધુકર દિ. ધ્રુવ | ૩૭ |
| ૧૬. | પરિષદના અધિવેશનમાં ગયા | - કૃષ્ણ પંડિત | ૩૯ |
| ૧૭. | "નવરી બજાર" | - જિતેન્દ્ર ઠક્કર | ૪૧ |
| ૧૮. | આનંદ હૉલમાં યોજાયેલ શોકસભા | - કિશોર અંધારિયા | ૪૩ |
| ૧૯. | આપણી સાથે જે ક્રૂરતા થાય છે તેનું શું ? | - અધીર અમદાવાદી | ૪૫ |
| ૨૦. | દિવાળીના સમયમાં રામા વગરની રામાયણ...!! | - હર્ષદ પંડ્યા 'શબ્દપ્રીત' | ૪૯ |
| ૨૧. | અમેરિકા વિનોદની નજરે... | - હરિકૃષ્ણ પાઠક | ૫૧ |
| ૨૨. | તમે ઓળખાણ કોને કહો છો ? | - પ્રદ્યુમ્ન આચાર્ય | ૫૩ |


## નાટિકા સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૧. | સુખમાં ય દુઃખ | - રવીન્દ્ર ઠાકોર | ૧ |
| ૨. | પરખ | - પ્રકાશ લાલા | ૩ |
| ૩. | અથ શ્રી યુવાનકથા... | - હસમુખ બારાડી | ૫ |
| ૪. | ભૂકંપ | - વિનોદ સી. દવે | ૭ |
| ૫. | સૌને ફળે સૌનાં શુકન | - શૈલેષ ટેવાણી | ૧૭ |
| ૬. | અટૂલો | - સુભાષ શાહ | ૨૧ |

# અનુક્રમણિકા

## કાવ્ય સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૧. | સામે અને સાથે... | - રઘુવીર ચૌધરી | ૧ |
| ૨. | મારામાં તું રહે છતાંએ... | - ચંદ્રકાન્ત શેઠ | ૧ |
| ૩. | મારી વિધવા પત્નીને... | - ભાનુપ્રસાદ ત્રિવેદી | ૨ |
| ૪. | કિરતાર... | - ચિનુ મોદી | ૨ |
| ૫. | ધાન ખાય ઈ બધાં... | - રાજેન્દ્ર શુક્લ | ૩ |
| ૬. | અહીંના આવ દિવાળી... (છંદ) (મુસદ્દસ) | - જલન માતરી | ૩ |
| ૭. | ‘તાઓ’ વાણી... | - માધવ રામાનુજ | ૪ |
| ૮. | આપના સંગાથમાં... | - ભાનુપ્રસાદ પંડ્યા | ૪ |
| ૯. | માછલી તો આવે, પણ... | - વિનોદ જોશી | ૫ |
| ૧૦. | માણસ વિશે... | - મનોહર ત્રિવેદી | ૫ |
| ૧૧. | જોતો રહ્યો... | - રાજેશ વ્યાસ મિસ્કીન | ૬ |
| ૧૨. | મારે તો... (નવી કવિતા) | - મણિલાલ હ. પટેલ | ૬ |
| ૧૩. | પ્રિયતમાને વનવેલી... | - ધીરેન્દ્ર મહેતા | ૭ |
| ૧૪. | એના મેળાપનો... | - યોસેફ મેકવાન | ૭ |
| ૧૫. | ક્યાંનો ક્યાં હું જઈ બેઠો છું !... | - નીતિન વડગામા | ૮ |
| ૧૬. | એ કવિ... | - યોગેશ જોષી | ૮ |
| ૧૭. | માંહ્યલા સામે જ...(ગઝલ) | - ધૂની માંડલિયા | ૯ |
| ૧૮. | હયાતી !... | - દલપત પઢિયાર | ૯ |
| ૧૯. | સૂર્યનો... | - કિસન સોસા | ૧૦ |
| ૨૦. | સમણાં કેરી ધાર... | - જગદીશ ધનેશ્વર ભટ્ટ | ૧૦ |
| ૨૧. | જવાય ના કદિ... ॥ ગઝલ ॥ | - સતીશ ડણાક | ૧૧ |
| ૨૨. | આવે છે... | - હર્ષદ ચંદારાણા | ૧૧ |
| ૨૩. | ભટક્યા નહીં... | - શિવજી રૂખડા | ૧૨ |
| ૨૪. | ગઝલ... | - ગુણવંત ઉપાધ્યાય | ૧૨ |
| ૨૫. | આવેશમાં નથી... ॥ ગઝલ ॥ | - બકુલેશ દેસાઈ | ૧૩ |
| ૨૬. | ચત-બઠ... | - સંજુ વાળા | ૧૩ |
| ૨૭. | લંબાઈ ગયો છે... | - મનીષ પરમાર | ૧૪ |
| ૨૮. | મારા ગાઢ એકાંતમાં... | - હર્ષ બ્રહ્મભટ્ટ | ૧૪ |
| ૨૯. | આંખ... | - ભાગ્યેશ જહા | ૧૫ |
| ૩૦. | હોઠમાં મૂંઝાઈને... | - અંકિત ત્રિવેદી | ૧૬ |
| ૩૧. | એક ગીત... | - હર્ષદ ત્રિવેદી | ૧૬ |
| ૩૨. | ઓળખ... | - દિલીપ જોશી | ૧૭ |




# અનુક્રમણિકા

## કાવ્ય સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૩૩. | બેસી રહ્યું છે બારણે... | - ફિલિપ કલાર્ક | ૧૭ |
| ૩૪. | ખૂલ્યાં અજાયબ તાળાં... | - ડૉ. નિરંજન રાજ્યગુરુ | ૧૮ |
| ૩૫. | તો નવી ઘટના બને... | - મીરા આસીફ | ૧૮ |
| ૩૬. | બાની પેટી... (મંદાક્રાન્તા - સોનેટ) | - ગોવિંદ દરજી 'દેવાંશુ' | ૧૯ |
| ૩૭. | ઝાકળના જાયા... | - કૃષ્ણ દવે | ૧૯ |
| ૩૮. | એક ગઝલ... | - દિનેશ દેસાઈ | ૨૦ |
| ૩૯. | વાદળિયા આકાશે કાગડો... | - રમેશ આચાર્ય | ૨૦ |
| ૪૦. | અણસાર લાગે છે... | - અનંત પટેલ | ૨૧ |
| ૪૧. | સૌને સર્જક થાવું છે... (ગીત) | - કનૈયાલાલ ભટ્ટ | ૨૧ |
| ૪૨. | ગીત... | - અનિલ ચાવડા | ૨૨ |
| ૪૩. | સોનેરી તુક્કા... | - ભાવેશ ભટ્ટ | ૨૨ |
| ૪૪. | ચાલ વતનમાં... | - હરદ્વાર ગોસ્વામી | ૨૩ |
| ૪૫. | પ્હેરે છે... | - ડૉ. અશોક ચાવડા 'બેદિલ' | ૨૩ |
| ૪૬. | પાણીથી લબાલબ વાદળો... | - સંસ્કૃતિરાણી દેસાઈ | ૨૪ |
| ૪૭. | ગળતી રાતે... | - ચંદ્રાબહેન શ્રીમાળી | ૨૪ |
| ૪૮. | ગાન કેં ગાતી નથી...(ગઝલ) | - નયના જાની | ૨૫ |
| ૪૯. | પગરવ... | - પ્રજ્ઞા પટેલ | ૨૫ |
| ૫૦. | હાથ બે જોડી... | - દર્શક આચાર્ય | ૨૬ |
| ૫૧. | તું... | - ચંદ્રશેખર પંડ્યા | ૨૬ |
| ૫૨. | પડઘા વાવ્યા... | - ઉર્વીશ વસાવડા | ૨૭ |
| ૫૩. | ગઝલ... | - કિશોર જીકાદરા | ૨૭ |
| ૫૪. | સુખ સાંપડશે કાલ મુબારક... | - ભરત કવિ 'ઊર્મિલ' | ૨૮ |
| ૫૫. | ગાંધીનગર... | - ભાનુપ્રસાદ પુરાણી | ૨૮ |
| ૫૬. | સાવ સૂની ગલી... ॥ ગઝલ ॥ | - પ્રદીપ 'સુમિરન' | ૨૯ |
| ૫૭. | નીર... | - ભસ્માંગ માંકડ "સમ્રાટ" | ૨૯ |
| ૫૮. | ગીત... | - યોગેશ પંડ્યા | ૩૦ |
| ૫૯. | ભળ્યો છે... | - કિરણસિંહ ચૌહાણ | ૩૦ |
| ૬૦. | રહે... | - નટવર આહલપરા | ૩૧ |
| ૬૧. | પથ્થર કહી દો એટલે... | - ડૉ. ઈશ્વર સુથાર 'શિલ્પી' | ૩૧ |
| ૬૨. | આષાઢી સવારે... | - પ્રફુલ્લ રાવલ | ૩૨ |
| ૬૩. | શૈશવ... (ગઝલ) | - રમેશ પટેલ | ૩૨ |
| ૬૪. | વન આખું ઉરમાં સમાતું... (ગીત) | - ડૉ. મનહર ઠાકર | ૩૩ |




# અનુક્રમણિકા

## કાવ્ય સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૬૫. | કઈ ક્ષણે... | - પ્રીતમ લખલાણી | ૩૩ |
| ૬૬. | રાત પડી ગઈ... | - રક્ષા શુક્લ | ૩૪ |
| ૬૭. | કાગડા બધેય કાળા... | - જયંતિ ધોકાઈ | ૩૪ |
| ૬૮. | ગઝલ... | - વિવેક મનહર ટેલર | ૩૫ |
| ૬૯. | જા, થાય તે કરી લે... | - અલ્પ ત્રિવેદી | ૩૫ |
| ૭૦. | સંતાકૂકડી... | - પ્રવીણ ગઢવી | ૩૬ |
| ૭૧. | આવી તો જો... | - દ્રોણ મોદી | ૩૬ |
| ૭૨. | ઘાયલ પંખીની સ્વગતોક્તિ !... | - મહેશ દેસાઈ | ૩૭ |
| ૭૩. | તમે આવો તો... | - પ્રશાંત કેદાર જાદવ | ૩૭ |
| ૭૪. | બારી બહાર... | - ધરમાભાઈ શ્રીમાળી | ૩૮ |
| ૭૫. | બેટા... (ગઝલ) | - વિનોદ ગાંધી | ૩૮ |
| ૭૬. | ભાદરવે ભભક્યો આષાઢ !... | - કરસનદાસ લુહાર | ૩૯ |
| ૭૭. | ગઝલ... | - બૈજુ જાની, 'માનવ' | ૩૯ |
| ૭૮. | ન્હોતી ખબર... | - મનિષ પાઠક 'શ્વેત' | ૪૦ |
| ૭૯. | ૐકાર છે અમૃત... | - પ્રિતેશભાઈ શાહ | ૪૦ |
| ૮૦. | ગઝલ... | - જયશ્રી ભટ્ટ દેસાઈ | ૪૧ |
| ૮૧. | વીત્યું વરસ... | - રમેશ ઠક્કર | ૪૧ |
| ૮૨. | પ્રશ્નો... | - ડૉ. ધૈવત શુક્લ "આનંદ" | ૪૨ |
| ૮૩. | ડૂબાય છે... | - પારસ એસ. હેમાણી | ૪૨ |
| ૮૪. | એક ક્ષણ તો દે... | - ડૉ. મુકેશ જોષી | ૪૩ |
| ૮૫ | સગપણ... | - હર્ષિદા દીપક | ૪૩ |
| ૮૬. | હીંચકો... | - ડૉ. પ્રદીપ આઝાદ | ૪૩ |
| ૮૭. | ઘૂંટ્યા કરો... | - સંજય થોરાત | ૪૪ |
| ૮૮. | ગઝલ... | - સ્નેહલ જોષી | ૪૪ |
| ૮૯. | વૃક્ષો... | - નટવર હેડાઉ 'વનવિહારી' | ૪૫ |
| ૯૦. | શ્વાસમાં માંડીએ... | - દીપક ત્રિવેદી | ૪૫ |
| ૯૧. | તારું | - રવીન્દ્ર પારેખ | ૪૬ |
| ૯૨. | રૂપિયાના મોહમાં... | - ધ્રુવ જોશી | ૪૬ |
| ૯૩. | ગઝલ... | - ડૉ. મનોજ જોશી 'મન' | ૪૭ |
| ૯૪. | 'મા' એટલે કે... | - પ્રજ્ઞા દીપક વશી | ૪૭ |
| ૯૫. | લોકર... | - રીના મહેતા | ૪૮ |

# ફોટોગ્રાફ્સ અને ચિત્રો

અશોક જી. પટેલ
કે.કે.કડીયા
ભાટી એન.
વિ. એલ. નિમાવત
વિક્રમ પગી
દુર્ગેશ ઉપાધ્યાય
ઉમંગ પટેલ
દિગંત દેવમુરારી
દેશલભાઈ પગી
પશાભાઈ મકવાણા
કિશોર પીઠડિયા
જામી

: મુખ પૃષ્ઠ - ૧ :
**પ્રશાંત એમ. પટેલ**

: મુખ પૃષ્ઠ - ૨ :
**અશોક ખાંટ**

: રેખાંકન :
**સવજી છાયા**

રાજેન્દ્ર ભાવસાર
નિરૂપમા ટાંક
ભાર્ગવી ભટ્ટ
મનહર કાપડિયા
મુકેશ પંડિત
બળવંત જોષી
રમેશચંદ્ર રાઠોડ
હાર્દિજ્ઞ વોરા
રક્ષા ભટ્ટ
ધનરાજ કોઠારી
અમૂલ પરમાર
જિજ્ઞેષ ઠાકર
ચંદ્રકાન્ત કંસારા
આર્ય ક્રિષ્ના એન.
હેમંત પંડ્યા
અર્પણ મનહર કાપડિયા
બનવારી રાજપૂત
એન.પી. વૈશ્યક

રેખાબહેન ચૌહાણ
રસિક ગલચર
હેતલ દવે
નરેશ લિંબાચીયા
દામોદર ગજ્જર
શૈલેશ રાવલ
ભૂમિકા ભાવસાર
પ્રિયા આનંદ પરિયાણી
આનંદ પટેલ
જયદીપ ઠક્કર
રમેશ હાલારી
નટુભાઈ પરીખ
કનુભાઈ પટેલ
જયદિપસિંહ જાડેજા
દર્શન શાહ
જગદીશ મેવા
પરેશ પ્રજાપતિ
ઉષા પાઠક



“ રાષ્ટ્રપિતા ”
- મનહર કાપડિયા



“ આસ્થા ”
- મુકેશ પંડિત

# અભ્યાસલેખ સંપુટ

ગુણવંત શાહ
વિષ્ણુ પંડ્યા
ડૉ. બળવંત જાની
ડૉ. નરોત્તમ વાળંદ
યશવંત મહેતા
ડૉ. ભરત ગરીવાલા
ડૉ. રસેશ જમીનદાર
નરોત્તમ પલાણ
જોરાવરસિંહ જાદવ
ડૉ. હસુ યાજ્ઞિક
ડૉ. ભગવાનદાસ પટેલ
યાસીન દલાલ
દોલત ભટ્ટ
શિવદાન ગઢવી
પ્રસાદ બ્રહ્મભટ્ટ
પરમાનંદ મા. ગાંધી
ડૉ. માણેક પટેલ ‘સેતુ’
કિશોર મકવાણા
ભૂપેન્દ્ર મો. દવે
નટુભાઈ પરમાર
વિજય શાસ્ત્રી
લક્ષ્મણ પિંગળશીભાઈ ગઢવી
કાકડિયા મનસુખ વી.
સોમાભાઈ વિ. પટેલ
સંજય ન. ત્રિવેદી
શિવશંકર દવે
અજય મો. નાયક
વી. એસ. ગઢવી
એ. આર. દલાલ
ડૉ. અશોક નારાયણ



“રે પંખીડા સુખથી ચણજો...”
- બળવંત જોષી

# ગોકુળની કૉસ્મિક સિમ્ફની

*– ગુણવંત શાહ*

**સ**દીઓથી માનવજાત પ્રેમતત્ત્વનું સરનામું શોધતી રહી છે. એ શોધનું રહસ્ય મૃત્યુ છે. મૃત્યુનો ડર માનવીને પ્રતિક્ષણ સતાવે છે. પરમ સુખની અવસ્થામાં હોય ત્યારે પણ એને મૃત્યુ નામની કીડીનો ચટકો બ્લેકમેઈલ કરતો રહે છે અને કહે છે : 'બધું જ છોડીને તારે એક દિવસ સ્મશાનમાં ભડભડતી ચિતામાં બળીને ભસ્મ થવાનું છે.' આવા બ્લેકમેઈલની પીડા સાર્વત્રિક છે અને વળી નિરપવાદ છે. આવી તલવાર સતત માથે લટકતી હોય ત્યારે જે સુખ પ્રાપ્ત થાય તે પણ ખાટું, ખારું, તીખું અને તૂરું બનીને અંદરથી પજવતું રહે છે. આવી પજવણીનો અનાદર એ અજ્ઞાન છે. આવી પજવણીમાંથી પેદા થતો વૈરાગ્ય એ જ્ઞાન છે. જ્ઞાનની તીવ્ર ઉત્સુક્તા એક એવી જિજ્ઞાસાને જન્મ આપે છે, જેને આપણા ઋષિઓએ બ્રહ્મજિજ્ઞાસા કહી છે.

બ્રહ્મજિજ્ઞાસા માટેની તીવ્રતાના મૂળમાં મૃત્યુ નામની ભયંકર છતાંય અપરિહાર્ય એવી ઘટનાની પજવણી રહેલી છે. આવી પજવણીની પીડાથી છુટકારો પ્રાપ્ત કરવા માટે સદીઓથી શોધ ચાલતી રહી છે. બહુ લાંબી શોધ ને અંતે માનવજાતને મૃત્યુની સામે ટક્કર લઈ શકે એવી એક અદ્ભુત ચીજ મળી ગઈ. એ ચીજ તે પ્રેમ. માનવીને પ્રેમની તીવ્રતમ અનુભૂતિની ક્ષણે એટલું માંડ સમજાયું કે મૃત્યુથી વળોટી જવાનો એક જ સાચો ઉપાય છે અને તે 'પ્રેમ પદારથ' પામવાનો ! સદીઓ વીતી ગઈ, પરંતુ મૃત્યુ સામે ટક્કર લઈ શકે એવા પરિશુદ્ધ પ્રેમતત્ત્વનું સરનામું કયું ? પ્રેમતત્ત્વ અતિ ગહન અને વળી અતિ દુર્લભ ! એ સરનામું માનવીને કૃષ્ણ જેવા યોગેશ્વર તરફથી પ્રાપ્ત થયું. સરનામું એક જ શબ્દનું : વ્રજ*! આ સરનામું માનવીને મળ્યું તેનો બધો જશ 'શ્રીમદ્ભાગવત'ના દશમ સ્કંધને ફાળે જાય છે. માનવીને ક્યારેક અતિ ગહન રહસ્ય પણ અકળાવે છે. એને કશુંક ગાવાનું કે ગણગણવાનું ગમે છે. એને ગાઈ શકાય એવી કવિતા ગમે છે. દશમ સ્કંધમાં ગોપીગીતનું શ્રવણ-કીર્તન કરતી વખતે માનવીને પ્રેમતત્ત્વનું નિવાસસ્થાન પ્રાપ્ત થયું હોય એવી પ્રતીતિ થઈ. ગોળ ખાનારને ગોળના સ્વાદનું વર્ણન કરવાનું કહેવાનો અર્થ ખરો ? ગોળ ગળ્યો છે, એવી પ્રતીતિ શબ્દથી પર છે. પ્રેમતત્ત્વની આવી પ્રતીતિની કવિતા એટલે વ્રજભૂમિનાં વૃક્ષોને પાંદડે પાંદડેથી વહેતા થતા મધુરતમ સ્વરમાં સંભળાતું ગોપીગીત. માનવ-ઇતિહાસમાં કૃષ્ણ થયા તે પહેલાં અને પછી ક્યારેય આવું મધુરતમ ગીતકાવ્ય માનવજાતને પ્રાપ્ત થયું નથી.

**પ્રેમતત્ત્વને સમજવા માટે જે 'અવ્યવહારુ મિજાજ' જોઈએ તે સ્વાર્થપરાયણ સમાજમાં ઝટ નથી જડતો. લગ્નસંબંધ પ્રેમસંબંધની ખાતરી ન આપી શકે.**

પ્રેમતત્ત્વને સમજવા માટે જે 'અવ્યવહારુ મિજાજ' જોઈએ તે સ્વાર્થપરાયણ સમાજમાં ઝટ નથી જડતો. લગ્નસંબંધ પ્રેમસંબંધની ખાતરી ન આપી શકે. હજારો લગ્નસંબંધોના કોલાહલમાં માંડ એકાદ પ્રેમસંબંધ જડે તો જડે ! લગ્નસંબંધ સાથે લેવડદેવડ, જ્ઞાતિ, વિધિના અક્ષર, રિવાજ-કુરિવાજ અને બીજી અનેક કૃત્રિમતાઓ જોડાઈ જતી હોય છે. આવો આયોજિત લગ્નસંબંધ જે સગપણનું નિર્માણ કરે છે તે સગપણમાંથી એક સમાસ જન્મે છે : 'પતિપત્ની.' આવું સગપણ એક સાંસ્કૃતિક ઘટના છે અને તેથી આદરણીય છે. બધું બરાબર. પરંતુ એ સંબંધ સ્વભાવે જ અપ્રાકૃતિક છે અને તેથી મહદ્અંશે અસહજ છે. પ્રેમતત્ત્વનો છોડ સહજની ક્યારીમાં જ ઊગી શકે, પાંગરી શકે અને પ્રફુલ્લન(ફ્લાવરિંગ) પામી શકે. જ્યાં સહજનો કિનારો નથી, ત્યાં લગ્નસંબંધ હોઈ શકે, પ્રેમસંબંધે ત્યાં મહદ્ અંશે ગૂંગળાવું પડવાનું.

લગ્નસંબંધ હોય ત્યાં એક શબ્દ આપોઆપ ચાલ્યો આવે છે : 'માલિકીભાવ'. વાતે વાતે કોઈ પરિણીત સ્ત્રી સૌ મિત્રો વચ્ચે એક વાક્ય કહી દેતી હોય છે : 'મારો પતિ બહુ પઝેસિવ છે.' આ વાતે પત્ની પણ જુદી નથી હોતી. એ ઇચ્છે છે કે પોતાનો પતિ 'કેવળ પોતાનો' જ હોય એ રીતે જીવે. આવો માલિકીભાવ પરિશુદ્ધ પ્રેમતત્ત્વની શોધમાં સૌથી મોટી રુકાવટ ઊભી કરતો હોય છે. જ્યાં માલિકીભાવ હોય ત્યાં દાબદબાણ, ભય, વહેમ, જાસૂસી કે ષડયંત્ર હોઈ શકે, પરિશુદ્ધ પ્રેમતત્ત્વ ન હોઈ શકે. પ્રેમતત્ત્વ પાંગરે તે માટે સહજનો કિનારો જોઈએ. સહજનો કિનારો માનવજાતને યમુનાને કિનારે પ્રાપ્ત થયો અને એ કિનારે ગણતરી, સ્વાર્થ, દાબદબાણ, રિવાજ, લેવડદેવડ, નિંદાકૂથલી અને સ્થૂળ કામવાસનાથી પર એવા સહજ પ્રેમસંબંધનું વૃંદાવન રચાયું. ગોકુળ એક એવું ગામ હતું, જ્યાં પુરુષતત્ત્વ (યાંગ) અને સ્ત્રીતત્ત્વ (યિન) વચ્ચેનું સામીપ્ય, સાયુજ્ય, સારૂપ્ય અને સાષ્ટ્ર્ય* સર્જાય તે અવર્ણનીય છે. આ

---

* વ્રજ શબ્દ સાથે વ્રજભાષા જોડાયેલો છે, જે ગોકુળ-વૃંદાવનના પંથકમાં આજે પણ પ્રચલિત છે. એ પંથથકને 'વ્રજમંડળ' કહે છે. 'વ્રજવાસી' એટલે વ્રજમાં રહેનાર મનુષ્ય અને 'વ્રજવિહારી' એટલે વ્રજમાં વિહાર કરનાર વ્રજકિશોર કૃષ્ણ. 'વ્રજાંગના' એટલે ગોપી. 'વ્રજેન્દ્ર' એટલે કૃષ્ણ. ગુજરાતી ભાષામાં 'જવું' માટે સુંદર પર્યાય છે : 'વ્રજવું'. કેવી સુંદર ઘટના ! જવું હોય તો વ્રજમાં જવું ! 'જવું' સ્થૂળ છે. પરંતુ 'વ્રજવું' એટલે વ્રજકિશોર તરફ જવું! - **લેખક**

ચારે બાબતોને આપણી પરંપરામાં મુક્તિના ચાર પ્રકાર તરીકે ગણાવવામાં આવી છે. આ ચાર પ્રકારોમાં જે મુક્તિ(મોક્ષ)ની વાત થાય તેના મૂળમાં એક શબ્દ રહેલો છે : અદ્વૈતાનુભૂતિ જ્યાં દ્વૈતભાવ(બે હોવાનો ભાવ) હોય ત્યાં એકત્વ કે અદ્વૈતભાવ ઊગે એ શક્ય નથી. વ્રજમાં ગોપીઓ સાથે જે રાસલીલા રમાતી રહી તેમાં અદ્વૈતાનુભૂતિનું દિવ્ય નર્તન રમનારને ભાવસમાધિમાં લઈ જઈને આનંદસમાધિની અનુભૂતિનો સ્પર્શ કરાવનારું હતું. આવી પ્રેમસમાધિ હોય ત્યાં મૃત્યુનો ભય ક્યાંથી ટકે ? પૃથ્વી પર વ્રજભૂમિમાં રમાતી એ રાસલીલામાં લીલાપુરુષોત્તમ કૃષ્ણ જોડાય ત્યારે ગોપીઓની ભાવદશાની તો કલ્પના જ કરવી રહી! એ રાસલીલા એટલે વિશ્વ પર પ્રગટ થતી પરિશુદ્ધ પ્રેમલીલા અને આનંદલીલા ! લગ્નસંબંધો સાથે વળગેલા પરંપરાગત મેલથી મુક્ત એવા પ્રેમતત્ત્વનું સગુણ અને સાકાર સ્વરૂપ એટલે રાસલીલા. આવી રાસલીલા પ્રત્યેનું આકર્ષણ જૂજવે રૂપે આજે પણ ઓસરતું કેમ નથી ? જવાબ સ્પષ્ટ છે : આજે પણ મૃત્યુ સામે ટકી શકે એવી કોઈ ચીજની શોધ ચાલુ જ છે.

'શ્રીમદ્ભાગવત'ના દસમા સ્કંધનો ૩૧મો અધ્યાય એટલે કૃષ્ણના વિરહમાં ઝૂરતી ગોપીઓના હૃદયનું દર્દકાવ્ય. લીલાપુરુષોત્તમ કૃષ્ણ થોડાક સમય માટે અંતર્ધાન થયા. એ થોડોક સમય તો કૃષ્ણપ્રેમમાં ડૂબેલી ગોપીઓ માટે જાણે યુગ જેવડો લાંબો બની ગયો ! ગોપીઓ વિરહાવેશમાં ગાવા લાગી :

*જયતિ તે'ધિકં જન્મના વ્રજઃ શ્રયત ઈન્દિરા શાશ્વદત્ર હિ ।*
*દયિત દશ્યતાં દિક્ષુ તાવકાસ્ત્વયિ ધૃતાસવસ્ત્વાં વિચિન્વતે ॥*
(શ્રીમદ્ભાગવત, દસમો સ્કંધ, અધ્યાય ૩૧, શ્લોક : ૧)

*પ્રિય શ્યામસુંદર ! તમારા જન્મને કારણે તો*
*વૈકુંઠ કરતાંય વ્રજનો મહિમા વધી ગયો છે*
*પરિણામે દેવી લક્ષ્મીજી પણ વૈકુંઠ છોડીને*
*વ્રજમાં નિવાસ કરવા લાગ્યાં છે.*
*જુઓ તો ખરા !*
*આ તમારી ગોપીઓ, જેમણે તમારાં ચરણમાં જ*
*પોતાના પ્રાણ સમર્પણ કર્યા છે,*
*તેઓ તમને શોધતી વન-વન ભટકી રહી છે !*

જ્યાં વિરહની વેદના નથી ત્યાં પુનઃમિલનનું માધુર્ય ક્યાંથી ? જ્યાં પ્રતીક્ષાની પીડા નથી ત્યાં મિલનયોગની પરિતૃપ્તિ ક્યાંથી ? મહાકવિ ભવભૂતિ પોતાના કાવ્યનાટક 'ઉત્તરરામચરિત'ના પ્રારંભે જ કહે છે : 'પ્રેમ એટલે અમૃતા આત્મની કલા (અમૃતામ્ આત્મનઃ કલામ્)'. આમ પ્રેમતત્ત્વ અને આત્મતત્ત્વ એકબીજાની લગોલગ વસેલાં હોય તો ગોપીઓની વિરહવેદના વિરહભક્તિમાં રૂપાંતરિત થાય એમાં આશ્ચર્ય શું ?* વિરહભક્તિનું સૌંદર્ય 'ગોપીગીત'ના ૧૯ શ્લોકોમાં આબાદ પ્રગટ થયું છે. ખૂબ જ ટૂંકમાં અહીં માત્ર ભાવાનુવાદ પ્રસ્તુત છે. વ્યાકુળ ગોપીઓ અંતર્ધાન થયેલા કૃષ્ણને વિનવે છે :

હે પ્રાણનાથ ! શું નેત્રથી (અમને) હણવા એ વધ નથી ?
*અમારાથી રિસાઓ નહીં, પ્રેમ કરો.*
*અમે તો તમારી દાસીઓ છીએ*
*અને તમારાં ચરણો પર ન્યોછાવર છીએ.*
*અમને તમારા મુખકમલનાં દર્શન આપો.*
*હે કમલનયન ! તમારી વાણી કેટલી મધુર છે!*
*તમારો એક એક શબ્દ મધુર છે.*
*તે ભલભલા વિદ્વાનોને પણ મુગ્ધ કરે છે.*
*તમારી આવી વાણીનું રસપાન કરીને*
*આ દાસીઓ મોહિત થઈ ગઈ છે.*
*હે કૃષ્ણ ! હે ગોપીવલ્લભ ! હે વ્રજકિશોર !*
*દિવ્ય અમૃતથી પણ વધારે મધુર*
*એવા અધરામૃતનું પાન કરાવીને*
*અમને રસ-તરબોળ કરી દો.*
*હે સ્વામી ! તમારાં ચરણ તો કમળથી પણ અધિક કોમળ છે.*
*જ્યારે તમે ગાયો ચરાવવા માટે વ્રજમાં નીકળો છો ત્યારે*
*તમારાં ચરણયુગલમાં કાંકરા, ઘાસ કે કાંટા વાગી જાય*
*ત્યારે તમને ભારે કષ્ટ થતું હશે.*
*આવા વિચારમાત્રથી અમારું મન બેચેન થઈ જાય છે.*
*હે કુંજવિહારી ! તમે તમારાં ચરણકમલ અમારા વક્ષઃસ્થળ પર પધરાવીને*
*અમારી હૃદયવ્યથાને દૂર કરો.*
*હે પ્રિયતમ ! હે પ્રાણવલ્લભ ! હે ગોપીવલ્લભ !*
*જ્યારે જ્યારે તમે વનમાં વિહાર કરવા ચાલ્યા જાઓ છો*
*ત્યારે ત્યારે તમને જોયા વિના અમારે માટે તો*
*એક એક ક્ષણ પણ એક યુગ જેવડી થઈ જાય છે !*
*પછી તમે જ્યારે સાંજે પાછા ફરો અને તમારા*
*વાંકડિયા કેશમાં શોભતું તમારું મુખારવિંદ*
*અમે જોઈએ ત્યારે અમને અમારી આંખની પાંપણો*
*વચ્ચે નડે છે અને અમને એવું લાગે છે કે*
*આંખની પાંપણો ઉત્પન્ન કરનારા બ્રહ્મા મૂર્ખ છે!*

---

* સાષ્ટર્ય એટલે સરખા ઐશ્વર્યવાળા હોવું તે.

* ડૉ. હરિવલ્લભ ભાયાણી કહે છે : ફ્રિડહેલ્મ હાર્ડી (Friendhelm Hardy) ભારતીય દર્શનના અભ્યાસી વિદ્વાન છે, ભક્તિ-પરંપરા પર એમણે 'Viraha-Bhakti' શીર્ષક હેઠળ એક સુંદર ગ્રંથ લખ્યો છે.

*અમે તમારી બધી રમત જાણીએ છીએ.*
*તમારા મધુર ગીતથી મોહમાં ડૂબી જઈએ છીએ*
*તે વાત તમે જાણો છો છતાંય*
*હે કપટી એવા શ્યામસુંદર !*
*રાત્રિને સમયે તમને પ્રેમ કરનારી અમારા જેવી*
*ગોપયુવતીઓને તમારા સિવાય બીજું કોણ ત્યાગી શકે ?*

(શ્રીમદ્‌ભાગવત, દસમો સ્કંધ, અધ્યાય ૩૧, સંકલિત)

ગોપીઓ તો કૃષ્ણવિરહમાં રડી રહી હતી. બરાબર એ જ વખતે વ્રજકિશોર ત્યાં પ્રગટ થઈ ગયા ! કરોડો કામદેવથી પણ અધિક મનોહર એવા મનમોહન કૃષ્ણને પ્રગટ થયેલા જોઈને ગોપીઓની આંખો પ્રેમ અને આનંદથી નાચી ઊઠી, જાણે પ્રાણવિહીન શરીરમાં દિવ્ય ચેતનાનો સંચાર ન થયો હોય ! હજાર-હજાર ગોપીઓની મધ્યમાં વ્રજકિશોર શોભી રહ્યા હતા એ સમયે ગોપીઓએ કૃષ્ણને પ્રશ્ન પૂછ્યો : 'હે નટવર ! કેટલાક લોકો એવા હોય છે, જેઓ પ્રેમ કરવાવાળા સાથે જ પ્રેમ કરે છે અને કેટલાક એવા હોય છે, જેઓ પ્રેમ ન કરવાવાળાઓને પણ પ્રેમ કરે છે. હે નટવર ! કેટલાક એવા પણ હોય છે કે જેઓ બંનેમાંથી કોઈને પણ પ્રેમ કરતા નથી. આવું કેમ થાય છે?' કૃષ્ણનો જવાબ સાંભળવા જેવો છે. કૃષ્ણ ગોપીઓને કહે છે :

**કેટલાક લોકો એવા હોય છે, જેઓ પ્રેમ કરવાવાળા સાથે જ પ્રેમ કરે છે અને કેટલાક એવા હોય છે, જેઓ પ્રેમ ન કરવાવાળાઓને પણ પ્રેમ કરે છે. હે નટવર ! કેટલાક એવા પણ હોય છે કે જેઓ બંનેમાંથી કોઈને પણ પ્રેમ કરતા નથી.**

જેઓ પ્રેમ કરનારને પ્રેમ કરે છે, તેમનો બધો જ પ્રયાસ કેવળ સ્વાર્થ માટે હોય છે. એ તો માત્ર લેવડદેવડ જ ગણાય. કેટલાક લોકો એવા હોય છે, જે પ્રેમ કરવાવાળાઓને અને પ્રેમ ન કરવાવાળાઓને પણ પ્રેમ કરે છે. આવા લોકો કરુણાવાન, નિષ્કપટ અને ધર્મપ્રેમી હોય છે. કેટલાક લોકો એવા પણ હોય છે, જેઓ પ્રેમ કરવાવાળાઓની સાથે પણ પ્રેમ નથી કરતા. આવા લોકો પોતાના સ્વરૂપમાં જ મસ્ત રહે છે. એમનામાં દ્વૈતભાવ તો છે, પરંતુ તેઓ કૃતકૃત્ય થઈ ચૂક્યા હોય છે. એવા લોકોમાં કેટલાક સાવ વિચિત્ર લોકો એવા પણ હોય છે, જેઓ જાણી જોઈને પોતાનું હિત કરનારા ગુરુતુલ્ય લોકો સાથે પણ દ્વેષ કરે અને તેમને પજવે. હે મારી પ્રિય ગોપીઓ ! તમે મારા પ્રેમમાં દોષ ન જુઓ... પરોક્ષ રીતે તમારી સાથે પ્રેમ કરતો હોવા છતાં હું છુપાઈ ગયો હતો... મારી સાથેનું તમારું આ મિલન આત્મસંયોગને કારણે બધી રીતે નિર્મળ છે. જો હું અમર શરીરથી અમર જીવનથી અનંત કાળ સુધી તમારાં પ્રેમ, સેવા અને ત્યાગનો બદલો ચૂકવવા ઈચ્છું તો પણ ચૂકવી શકું તેમ નથી. હું જન્મોજન્મ તમારો ઋણી છું. તમે તમારા સૌમ્યભાવથી મને ઉઋણ કરી શકો છો, પરંતુ હું તો તમારો ઋણી જ રહીશ.*

(શ્રીમદ્‌ભાગવત, દસમો સ્કંધ, અધ્યાય ૩૨, શ્લોક ૧૯થી ૨૨, સંકલિત)

'ગોપીગીત'માં પ્રગટ થતી ગોપીઓની વિરહવેદનાનાં ત્રણ લક્ષણો સમજવા જેવાં છે :

**લક્ષણ -૧ :** ગોપીઓનાં હ્દય ભોળપણથી ભર્યાં ભર્યાં છે. તુકારામ કહે છે કે ભોળપણ તો ભક્તનું ભૂષણ છે. પેટછૂટો મનુષ્ય નિર્મળ હોય છે. પેટમેલો મનુષ્ય ખતરનાક હોય છે. એનાથી સો જોજન દૂર રહેવું સારું. તુલસીદાસજી કહે છે : 'અસંતથી દૂર ભાગો.'

**લક્ષણ-૨ :** ગોપીઓનું હ્દય નિર્મળ છે અને વહેતા ઝરણા જેવી મુક્ત ગતિયુક્ત અભિવ્યક્તિને અનુસરનારું છે, તેથી અકૃત્રિમ છે. જે સંબંધમાં પ્રદૂષણ ન હોય ત્યાં પરિશુદ્ધ પ્રેમ સિવાય બીજું શું હોય ?

**લક્ષણ-૩ :** ગોપીઓ કૃષ્ણના પ્રેમમાં ડૂબેલી છે. એમનું આવું 'પ્રેમ-નિમજ્જન' એ ભક્તિનું ચરમબિંદુ છે. આવા ચરમબિંદુ પર પ્રાપ્ત થતી અદ્વૈતાનુભૂતિ લોકોત્તર કક્ષાએ કૃષ્ણ સાથે સામીપ્ય, સાયુજય, સારૂપ્ય અને સાષ્ટર્ય અનુભવે ત્યારે મુક્તિ કેટલી દૂર ? જયાં સાક્ષાત્ સર્વલોકમહેશ્વર શ્રીકૃષ્ણ પોતે જ સામે હોય ત્યાં મુક્તિની માટે વળી કોણ પરવા કરે ?

ગોપીગીતમાં વિરહ (વિપ્રયોગ) સાથે જોડાયેલી ભક્તિનું હાર્દ પ્રગટ થયું. શું પશ્ચિમની પ્રજાને ગોપીગીત જેવું કોઈ ઉત્તમ પ્રેમકાવ્ય પ્રાપ્ત થાય ખરું ? આ બાબતે મિથ્યાભિમાનમાં રાચવા જેવું નથી. પ્રેમ જેવી દિવ્ય ઘટના પૃથ્વીના કોઈ પણ ખૂણે બનતી રહે છે. હા, બધે કૃષ્ણલીલા હોય એવી અપેક્ષા અસ્થાને છે. એક એવું પ્રેમકાવ્ય અહીં પ્રસ્તુત છે, જે પશ્ચિમની પ્રસાદી જેવું છે. હૃદયની ભીનાશ એકઠી કરીને એનો મર્મ પામવો રહ્યો. ફ્રેન્ચ સાહિત્યકાર રોજર દ બુસીરાબુટિન (૧૬૧૮-૧૬૯૩) એના સમયમાં સ્મરણ-વૃત્તાંતો લખવા માટે જાણીતો હતો. એણે પ્રેમતત્ત્વ પર એક એવું સુદર કાવ્ય લખ્યું, જે વિશ્વમાં વિખ્યાત થયું. એ કાવ્યમાં પ્રગટ થતું પ્રેમોપનિષદ્ હવે સાંભળો :

What wind is to fire;
Separation is to love.
It extinguishes the small
and endkindles the great.

---

* અનુવાદ : દ્વારકાદાસ બી. ભટ્ટ, ગીતા પ્રેસ, ગોરખપુર (પાન : ૨૭૬-૭૭).

*જેમ અગ્નિને વાયરો*
*તેમ પ્રેમને વિયોગ.*
*અલ્પને બૂઝવી નાખે*
*અને પ્રચંડને પ્રગટાવે.*

વિરહના સમયગાળામાં જે અલ્પ હોય તે હારી જાય, પરંતુ જે મહાન હોય તેનું સત્ત્વ તો જાગી ઊઠે ! 'આત્મની કલા' વિરહની અવસ્થામાં પ્રગટ થાય તે કેવી હોય ? આગળ વાંચો :

I love you,
not only for what you are
but for what I am
when I am with you.
I love you not only for
What you have made of yourself
but for what you are making of me.
હું તને પ્રેમ કરું છું તે
*એટલા જ માટે નહીં કે તું તું છે,*
*પરંતુ એટલા માટે કે હું તારી સાથે હોઉં ત્યારે*
*હું શું નું શું હોઉં છું !*
*હું તને પ્રેમ કરું છું તે*
*એટલા માટે નહીં કે*
*તેં તારી જાતને કેવી કેવી બનાવી છે,*
*પરંતુ એટલા માટે કે*
*તું મને શુંનો શું બનાવી રહી છે !*
I love you because
you have done more than
any creed could have done to make me good
and more than any fate could have done
to make me happy.
You have done it by being yourself.
*હું તને પ્રેમ કરું છું તે એટલા માટે*
*કે તેં મને સારો બનાવવા માટે જે જે કર્યું છે,*
*તે કોઈ ધર્મપંથ ન કરી શક્યો હોત*
*અને મને સુખી કરવા માટે તેં જે કર્યું,*
*તે તો નસીબની પહોંચમાં પણ ક્યાંથી ?*
*તેં આવું બધું કર્યું, તેનું રહસ્ય એ જ કે*
*તું તું બની રહી !*

પ્લેટો કહી ગયો કે પ્રેમ એ તો અખિલાઈની લીલા છે. (Love is the pursuit of the whole). ગોવર્ધનરામે એ પ્રેમ-પદારથને સમજવા માટે 'રસઐક્ય' શબ્દ પ્રયોજેલો અને 'મૈથુન' માટે હૃદયપાન જેવો સુંદર શબ્દ પ્રયોજેલો. પ્રેમતત્ત્વ આત્મતત્ત્વની લગોલગ પહોંચે ત્યારે જ તો વ્રજમાં ગોપીગીત સર્જાય છે.

પરિક્ષિત રાજા બોલ્યા : 'હે મુનિ મહારાજ ! ભગવાન શ્રીકૃષ્ણ ધર્મની સ્થાપના કરવા માટે અને અધર્મનો ઉચ્છેદ કરવા માટે આ જગતમાં અવતર્યા હતા. તે ભગવાને પરસ્ત્રીઓના સંગરૂપી અધર્મ શા માટે કર્યો, અથવા તો તેમણે આવું નિંદાપાત્ર કામ કયા હેતુથી કર્યું હતું, તે મારી શંકાનું આપ નિવારણ કરો.'

શુકદેવજી બોલ્યા : 'હે રાજા ! આ તમારી શંકા બરાબર છે. પરંતુ મેં તમને જે આ રાસક્રીડાની વાત કહી તેમાં સ્થૂળ શરીરની વાત બિલકુલ સમજવાની નથી. પતિ વગેરે સગાંવહાલાંનો ત્યાગ, શ્રીકૃષ્ણની પાસે આગમન, એ બધું ગોપીઓએ સ્થૂળ શરીરથી કર્યું એમ બિલકુલ સમજવું નહિ. વ્યવહારમાં પતિપત્નીની પ્રીતિ એ સૌથી વધારે આકર્ષક હોય છે. માટે ગોપીઓની ભગવાન તરફની ભક્તિ બતાવવા માટે સ્ત્રીપુરુષની સંસારપ્રીતિનું ઓઠું લીધું છે. ખરી રીતે તો ભગવાન સાથેની આ રાસક્રીડાનું પ્રયોજન કામનો પરાજય કરવાનું હતું, અને ભગવાને પણ કામદેવનો પરાજય કરવા માટે આ રાસક્રીડા કરી હતી. માટે ભગવાનની ગોપીઓ સાથેની રાસક્રીડા એ સ્થૂળ શરીરની રાસક્રીડા ન સમજતાં આધ્યાત્મિક રાસક્રીડા સમજવાની છે.'

**— નાનાભાઈ ભટ્ટ**

('શ્રીમદ્લોકભાગવત-૨', સંસ્કાર સાહિત્ય મંદિર, અમદાવાદ-૧૫, પાના -૧૦૩)

વેણુગીતના જાદુનું રહસ્ય સમજવું હોય તો પ્રથમ નાદ શબ્દને સમજી લેવો પડે. નાદ એટલે ધ્વનિ, ઘોષ, ગર્જના, બૂમ ઈત્યાદિ. આપણી ભારતીય પરંપરામાં 'નાદબ્રહ્મ' શબ્દ પ્રયોજાય છે, જેમાં નાદ એટલે ધ્વનિ, એવો સામાન્ય અર્થ ખરી પડે છે. યાદ રાખવા જેવી વાત છે કે અરબી ભાષામાં પણ નાદ શબ્દ છે અને 'નાદબ્રહ્મ' માટે અરબી ભાષામાં 'નાદે આસમાની' જેવો શબ્દ પ્રચલિત છે. આમ 'નાદ' સાથે અંતતોગત્વા પરમ બ્રહ્મ અથવા પરમાત્મા જોડાય છે. વેણુ એટલે વાંસળી. વેણુનાદ એટલે વાંસળીના સૂર. વેણુપાણિ એટલે મુરલીધર કૃષ્ણ. 'વેણુગીત'માં વાંસળીના સૂરના જાદુની વાત છે. વાંસળીના સૂર આખરે ક્યાંથી ઉદ્ભવ્યા ? આ પ્રશ્ન માનીએ એટલો સામાન્ય નથી.

વાંસળી એટલે પોલી ભૂંગળી. એ ભૂંગળી પર થોડાંક કાણાં પાડ્યાં એટલે વાંસળી તૈયાર ! આવી પોલી ભૂંગળીમાંથી વળી ધ્વનિ ક્યાંથી ઉદ્ભવે ? જ્યાં બધું પોલું જ પોલું હોય ત્યાંથી સૂર વહેતો થાય એ શું ચમત્કાર નથી ? કવિ સ્નેહરશ્મિનો જવાબ આવો હતો :

*રે જીવ શાને ઓછું આણે !*
*તારા ઉરનું ગાણું હોંશે ગાને... રે જીવ.*
*ખાલી ખાલી આ બંસી પોલી*
*અવિરત ગાજે ગાને,*
*ખાલી ભલે તું હોય સુભાગી*
*હરિની બંસી થાને ... રે જીવ.*

'હઠયોગ-પ્રદીપિકા' (૪.૯૩)માં લખ્યું છે : 'જે મનુષ્ય

યોગમાર્ગમાં ખરેખરું જોડાણ પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખે તેણે બધા વિચારો પાછળ રાખીને કેવળ એક જ બિંદુ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ અને તે નાદ.* બેર્ડ હીરસે લખે છે :'

*નાદયોગ એ પુરાતન છે.*
*સાડાત્રણ હજાર વર્ષ પહેલાંના*
*ઋગ્વેદમાં નાદબિંદુ ઉપનિષદ્ માં*
*નાદ ઉપર ધ્યાન શી રીતે કરવું*
*તેની વાત થઈ છે.*
*નાદ એટલે પવિત્ર ધ્વનિ.*
*નાદ એટલે નદી અથવા ઝરણું.*
*જો આપણે બધી અર્થચ્છાયાઓ સાથે*
*જોડીને વાત કરીએ તો કહી શકાય કે*
*નાદ એટલે ધ્વનિનો આંતરિક પ્રવાહ.*

મૂળ વડોદરાના એવા સૂફી સંગીતકાર અને ચિંતક હજરત ઈનાયત ખાને પોતાના પુસ્તક 'The Mysticism of Sound and Music' માં એક મૌલિક વાત કહી છે :

*જેનું સર્જન કરવામાં આવ્યું છે,*
*જેની સત્તા હજી કાયમ છે,*
*અને જે સમસ્ત બ્રહ્માંડમાં*
*સર્વત્ર વ્યાપી વળેલ છે*
*એ છે સ્પંદન(વાઈબ્રેશન).*

આ વાઈબ્રેશન અનાદિ અને અનંત છે. આ વાઈબ્રેશન આકાશવ્યાપ્ત છે. આ વાઈબ્રેશન સૌને જોડનારું છે. એનું બીજું નામ છે : 'વિશ્વચેતના (universal consciousness). જગન્નાથ કરેરા જેવા ચિંતક કહે છે : 'બ્રહ્મનું સૌથી પ્રથમ પ્રકટીકરણ નાદ છે.' આ બધી વાતનો સાર એટલો જ કે વાંસળીમાંથી ઉદ્‌ભવતો સૂર તત્ત્વતઃ બ્રહ્માંડના વિરાટ પોલાણ સાથે જોડાયેલો છે. કંઈક આવી સમજણને આધારે મેં વાંસળીના સૂરને 'કોસ્મિક સિમ્ફની' કહેવાનું ઉચિત માન્યું છે.'

'ગોપીગીત'માં વિરહભક્તિનું સૌંદર્ય પ્રગટ થયું. વિરહવેદનાનું સૌંદર્ય મહાકવિ કાલિદાસના ઊર્મિકાવ્ય 'મેઘદૂત'માં પ્રગટ થયું. કાલિદાસ કહે છે :

*હે મેઘ !*
*યાત્રિકોની સ્ત્રીઓ વિશ્વાસથી આશ્વાસન લેતી,*
*પોતાના વાળની લટોને ઊંચે ઝાલી*
*ગગનના ગોખમાં ચઢેલા તને નિહાળશે.*
*તું જ્યારે ગોરંભ્યો હોય ત્યારે વિરહમાં રાંકડી બનેલી વહાલીની*
*ઉપેક્ષા કરે એવો કોણ હોય ?*
*કારણ કે મારા જેવો ગુલાબી માનસવાળો*
*બીજો કોઈ પુરુષ નહીં હોય.**
(મેઘદૂત, શ્લોક ૮)

આ વાત હજી આગળ ચલાવીએ ? સેમ્યુઅલ બેકેટના વિખ્યાત નાટક 'વેઈટિંગ ફોર ગોદો'ના સંવાદમાં સાંભળવા મળતું એક વિધાન છે :

*દુનિયામાં આંસુ કદી ખૂટતાં નથી.*
*એ નિરંતર વહે છે.*
*ક્યાંક કોઈ રડવાનું બંધ કરે ત્યાં તો*
*બીજે કશેક રડવાનું શરૂ થઈ જાય છે.*

ખરી વાત એ છે કે આપણી આખી દુનિયા સ્વભાવે ઊર્મિપ્રધાન છે અને તેથી અશ્રુપ્રધાન પણ છે. મનુષ્ય કશુંક શોધી રહ્યો છે. એ શોધ નિરંતર છે. એની મૂળભૂત ઝંખના સત્ય-અહિંસા-કરુણાની નથી. એ ત્રણે બાબતો માનવીના કલ્યાણ માટે ખૂબ મહત્ત્વની હોવા છતાંય માનવીય ઝંખના તો પ્રેમની જ છે. આવી ઊર્ધ્વમૂલ માનવીય ઝંખનાની રાજધાનીનું નામ ગોકુળ છે. ગોકુળ પ્રેમતીર્થ હતું અને વળી અશ્રુતીર્થ પણ હતું. એ એક એવું અનોખું ગામ હતું જ્યાં વિરહભક્તિ અને કૃષ્ણભક્તિ સમાંતરે વહેતી હતી. રાહી માસૂમ રઝાના શબ્દો છે :

*જબ મૈં આંસુઈ શબનમ સે*
*દિલ કે જખ્મો કો ધોતા હૂં*
*દિલ તખ્ત-એ-ગુલ બન જાતા હૈ !*

વેણુનાદનું સૌંદર્ય 'વેણુગીત'માં પ્રગટ થયું, પરંતુ આપણને એ કોસ્મિક સિમ્ફનીનો જાદુ સમજાય તે માટે આટલી પૂર્વભૂમિકા જરૂરી હતી. હવે આપણને 'વેણુગીત'માં પ્રવેશ પામવાની પાત્રતા પ્રાપ્ત થઈ હોય એમ બને. પાત્રતાની જ વાત નીકળી છે તો હજી વાત આગળ ચલાવીએ. આપણા ફળિયામાં આવેલા ઘરમાં કોઈ વાંસળી વગાડી રહ્યું છે. એના સ્વર આપણા કાન ઝીલે છે.

**પ્રથમ પ્રશ્ન :** આપણા કાને વાંસળીના સ્વર ઝીલ્યા કે વાંસળીમાંથી નીકળતો સ્થૂળ ધ્વનિ ? સંગીતનો પ્રત્યેક ધ્વનિ 'સ્વર' બનીને સાર્થક થાય જ એવું કાયમ નથી બનતું. વિખ્યાત વાંસળીવાદક હરિપ્રસાદ ચૌરસિયા હોય ત્યારે જે કાને પડે તે ધ્વનિ નહીં 'સ્વર' હોય છે.તેઓ કહે છે : 'હું જ્યારે વાંસળી વગાડું ત્યારે તે મારી પ્રાર્થના થઈ જાય છે. શબ્દ કરતાં સ્વર ભગવાન જલદી સાંભળે છે એવી મારી માન્યતા છે, અનુભૂતિ છે. એ સાધન છે, ઈશ્વરની નજીક જવાનું... સ્વર સાથે

* Baird Hersey : 'Nada Yoga', PARABOLA, (Fall 2014, Vol. 39, Number 3, New York, 10011) Pp. : 46-47

* અનુવાદ : મનસુખ સાવલિયા 'મહાકવિ કાલિદાસકૃત મેઘદૂત' (પાન : ૮૬)

ભગવાનને સીધો સંબંધ છે. કોઈપણ કલાકાર જ્યારે રિયાજ કરતો હોય ત્યારે એટલો સમય તે પ્રાર્થના કરતો હોય છે. એ ઈશ્વરપ્રાપ્તિની ઈબાદત છે.*

**બીજો પ્રશ્ન :** વાંસળીનો સ્વર ઝીલનારા કાન કોના છે? સ્થૂળ ધ્વનિ ક્યારેક સ્થૂળ કાન પર પણ 'અથડાઈ' શકે છે.

**ત્રીજો પ્રશ્ન :** વાંસળીના સ્વર કયા પર્યાવરણમાં વહેતા થયા છે ? પરમ શાંત અને એકાંતના સામ્રાજ્ય જેવી કોઈ વનસ્થલીમાં કે ઘોંઘાટવાળા, ભીડભર્યા અને ઉચાટથી આકુળ-વ્યાકુળ ફળિયામાં ? આ ત્રણે પ્રશ્નો પર વિચારીએ તો જ 'વેણુગીત'માં પ્રગટ થતા વેણુનાદનું કોસ્મિક રહસ્ય સમજાય તો સમજાય !

આપણે આપણા પર્યાવરણને પ્રદૂષિત કરી મૂક્યું છે. એમાં સતત પ્રસરતો ઘોંઘાટ કેટલા ડેસિબલનો ? આપણો ધર્મ ઘોંઘાટમૂલક છે. આપણી લેવડદેવડને આપણે માર્કેટિંગની દીક્ષા આપી છે. આપણી વ્યાજપ્રીતિ એટલી તો વધી ગઈ છે કે જીવનમાં કશુંક નિર્વ્યાજ(કપટરહિત, સાલસ, સરળ) પણ હોઈ શકે તેવી અનુભૂતિ અલોપ થવા માંડે એવી સ્વાર્થપરાયણ જીવનશૈલી નોર્મલ થતી જાય છે. ભોળપણથી શોભતી કોઈ નવોઢા કે મુગ્ધા મૂર્ખમાં ખપે તેવી સામાજિક આબોહવામાં ગોપીઓના કપટમુક્ત, સ્વાર્થમુક્ત, ગણતરીમુક્ત અને સમર્પણયુક્ત પ્રેમસંબંધની કલ્પના કરવા જેટલી પણ લાયકાત આપણી પાસે બચી છે ખરી ? તેમ છતાં એક શક્યતા છે. કૃષ્ણપ્રેમમાં મગ્ન અને સમર્પણભાવને કારણે કૃષ્ણ સાથે ઓતપ્રોત એવી વ્રજગોપીઓનું ભોળપણ એકાદ ક્ષણ માટે પણ આપણામાં સંક્રાંત થાય તો તે ચમત્કારને આવકારવા આપણા હૃદયને ખુલ્લું મૂકી દેવું જોઈએ.

'વેણુગીત'માં હવે પ્રવેશ કરીએ. શુકદેવજી પરિક્ષિતને+ કહે છે :

*ઈત્થં શરત્સ્વચ્છજલં પદ્માકરસુગન્ધિના ।*
*ન્યવિશદ્ વાયુના વાતં સગોગોપાલકોચ્યુતઃ॥*

(શ્રીમદ્ભાગવત દસમો સ્કંધ, અધ્યાય-૨૧, શ્લોક-૧)

હે પરિક્ષિત્ !
શરદ ઋતુને કારણે વૃંદાવન
અતિ સુંદર બની રહ્યું હતું.
જળ નિર્મળ હતું અને સરોવરમાં ખીલેલાં
કમળોની સુગંધનો સ્પર્શ પામેલો
પવન મન્દ મન્દ વહી રહ્યો હતો
(મુક્ત ભાવાનુવાદ)

આ વર્ણન હજી આગળ ચાલે છે. શુકદેવજી પરિક્ષિતને કહે છે :

*કુસુમિતવનરાજિશુષ્મિભૃંગ-*
*દ્વિજકુલઘુષ્ટસરઃસરિન્મહીધ્રમ્ ।*
*મધુપતિરવગાહ્ય ચારયન્ ગાઃ*
*સહપશુપાલબલશ્ચુકૂજ વેણુમ્ ॥*

(શ્રીમદ્ભાગવત, દસમો સ્કંધ, અધ્યાય-૨૧, શ્લોક-૨)

સુંદર સુંદર પુષ્પોથી લચી પડેલાં
લીલાંછમ વૃક્ષોની હારમાળામાં
મદમસ્ત ભ્રમરો જ્યાં-ત્યાં ગુંજારવ કરી રહ્યા હતા
અને સર્વત્ર જાતજાતનાં અને ભાતભાતનાં પંખીઓ
મધુર મધુર કલરવ કરી રહ્યાં હતાં.
પરિણામે વનમાં વહેતી સરિતાઓ અને ટેકરીઓમાં
પ્રસરી ગયેલા ગુંજનના મંગલધ્વનિ વચાળે
મધુરાધિપતિ કૃષ્ણે બલરામજી અને ગોપબંધુઓ સાથે
વ્રજમાં પ્રવેશ કર્યો અને બંસરીવાદન શરૂ કર્યું !

(મુક્ત ભાવાનુવાદ)

કૃષ્ણ વ્રજમાં પ્રવેશ્યા ત્યારે વ્રજમાં જે પર્યાવરણ તૈયાર થઈ ચૂક્યું હતું તેનું વર્ણન બે વાર વાંચવા જેવું છે. એ વેણુનાદ કોઈ રેલવે સ્ટેશનના પ્લેટફૉર્મ પરથી કે બજાર વચ્ચે આવેલી કોઈ દુકાનને ઓટલેથી કે જયજયકારથી છલકાતા કોઈ મંદિરના પ્રાંગણમાં વહેતો નથી થયો. કૃષ્ણની વાંસળીમાંથી જે કોસ્મિક સિમ્ફની વહેતી થાય તેની પૂર્વતૈયારી રૂપે જાણે આખું વૃંદાવન તૈયાર થઈને જ બેઠું છે ! આવી પૂર્વતૈયારી વચ્ચે જ્યારે વાંસળીના સ્વર વહેતા થાય ત્યારે નિર્મળ હૃદયની વ્રજવનિતા એ સ્વરની દિશામાં દોડતી થાય તેમાં કોઈ આશ્ચર્ય ખરું ? એ ગોપીનું દિવ્ય પાગલપન આપણી પાસે ક્યાંથી ? આપણે પણ દોડીએ તો છીએ, પરંતુ કઈ દિશામાં દોડવું એની ગતાગમ વિના બસ દોડતા રહીએ છીએ ! ગોપીઓની વાત ન્યારી ! શું એમને નિરતિશય આનંદ સમાધિની લગોલગ પહોંચે તેવો નહીં હોય ! અંગ્રેજીમાં trance શબ્દ છે, પણ ગોપીઓની ભાવદશા માટે કદાચ એ ટૂંકો પડે.

વ્રજમાં યશોદાનંદન કનૈયાનો પ્રવેશ થયો અને વેણુનાદ શરૂ થયો ત્યાં તો જાણે દિવ્ય ક્રાંતિ શરૂ થઈ ગઈ ! ગોપીઓની ભાવદશાનું તો પૂછવું જ શું ? ગોપીના ભીના શબ્દો હૈયે કોરાઈ જાય તેવા છે :

*વૃન્દાવનં સખિ ભુવો વિતનોતિ કીર્તિ*
*યદ્ દેવકીસુતપદામ્બુજલબ્ધલક્ષ્મી ।*

---

* 'નવનીત સમર્પણ'ના તંત્રી દીપક દોશીને આપેલી મુલાકાતમાં કહેવાયેલા શબ્દો. ('નવનીત સમર્પણ'. ફેબ્રુઆરી, ૨૦૦૯, મુંબઈ)

\+ પરિ+ઈક્ષનું કર્મણિ ભૂતકૃદંત 'પરીક્ષિત' થાય, પરંતુ અહીં પાત્રનું જે વિશેષનામ છે તે પરિ+ક્ષિત્ જેવા બે શબ્દોનું બનેલું છે. તેથી પરિક્ષિત જોડણી રાખી છે. આટલી સ્પષ્ટતા જરૂરી છે.

*ગોવિન્દવેણુમનુ મત્તમયૂરનૃત્યં*
*પ્રેક્ષ્યાદ્રિસાન્વપરતાન્યસમસ્તસત્ત્વમ્ ॥*
(શ્રીમદ્‌ભાગવત, દસમો સ્કંધ, અધ્યાય-૨૧, શ્લોક-૧૦)

અરે સખી ! આ વૃન્દાવન તો વૈકુંઠ સુધી વિસ્તરી રહ્યું છે
કારણ કે એ શ્રીકૃષ્ણનાં ચરણચિહ્નોથી
પાવન બની રહ્યું છે.
અરે સખી! જ્યારે શ્રીકૃષ્ણ મુનિઓને મોહિત કરનારો
વેણુનાદ વહેતો મેલે છે ત્યારે
મદોન્મત્ત મયૂરો નૃત્ય કરે છે.
આવું દશ્ય જોઈને
પર્વતોનાં શિખરો પર વિચરનારાં
બધાં પશુપંખીઓ ચુપચાપ
શાંત બનીને ઊભાં રહી જાય છે.

(મુક્ત ભાવાનુવાદ)

ગોપીઓ બંસરીના સ્વરના નશામાં અંદર અંદર જે વાતો કરે તેમાં રહેલી મુગ્ધતા પ્રગટ કરતા થોડા શબ્દો ટૂંકમાં પ્રસ્તુત છે :

હે સખી ! આ ગાયોને તું જોતી નથી ?
આ ગાયો જ્યારે વેણુનાદ સાંભળે છે
ત્યારે બંને કાનના પડિયા ઊંચા કરીને
જાણે કે અમૃતપાન કરી રહે છે !
એમનાં થાનમાંથી આપમેળે દૂધ સ્ત્રવતું રહે છે,
પરંતુ વાછરડાં જ્યારે દૂધ પીતાં પીતાં
અચાનક વેણુનાદ સાંભળે ત્યારે મોઢામાં
લીધેલો દૂધનો ઘૂંટડો મોઢામાં જ રહી જાય છે !
અરે સખી ! તું આ પક્ષીઓને જોતી નથી ?
આ પક્ષીઓ સુંદર વૃક્ષોની ડાળીઓ પર
ચુપચાપ બેસી જાય છે
અને આંખનું મટકું પણ માર્યા વિના તેઓ
કૃષ્ણના રૂપમાધુર્યને નીરખીને કૃતાર્થ થઈ જાય છે.
સાચું પૂછો તો તે સૌમાં કેટલાક તો ઋષિ મહાત્માઓ છે.
એમનું જીવન ધન્ય છે.
અરે સખી ! આ વાદળો તો જો !
જ્યારે તેઓ જુએ છે કે કૃષ્ણ બલરામજી સાથે
તડકામાં ગાયો ચરાવતી વખતે વેણુનાદ વહેતો રાખે છે
ત્યારે તેમના હૃદયમાં પ્રેમ ઊપજે છે અને એ
શ્યામઘન વાદળો પોતાના સખા શ્યામસુંદર
પર છવાઈ જઈને
ઝીણાં ઝીણાં ફોરાં વરસાવીને જાણે
પુષ્પવૃષ્ટિ કરવા લાગે છે !*
અરે ઓ સખી ! તું સાંભળ મારી વાત !
આ ગિરિરાજ ગોવર્ધન તો જો !
ધન્ય છે એના ભાગ્યને.
આપણા પ્રાણવલ્લભ શ્યામસુંદરનો
સંસ્પર્શ પામીને તે કેટલો આનંદમગ્ન રહે છે !
એ ગોવર્ધન ગોપબંધુઓ અને ગાયોને વહાલ કરે છે,
એમના સ્નાન-પાન માટે ઝરણાનું જળ આપે છે,
અને ગાયો માટે લીલું લીલું કુમળું ઘાસ પણ આપે છે!
એ ગોવર્ધન કૃષ્ણ-બલરામ અને ગોવાળિયાઓને
ખાવા માટેકંદમૂળ-ફળ આપે છે તથા
એ સૌન વિશ્રામ માટે ગુફાઓ પણ તૈયાર રાખે છે !
અરે સખી ! કૃષ્ણની વાંસળીના મધુર સ્વરનો બીજોતે શો
ચમત્કાર તને હું સંભળાવું ?

(શ્રીમદ્‌ભાગવત, દસમો સ્કંધ, અધ્યાય-૨૧,
શ્લોક : ૧૧-૨૦, મુક્ત ભાવાનુવાદ, સંકલિત)

'વેણુગીત'ના જાદુ વિશે થોડીક વાતો અહીં કર્યા પછી સંગીતના ચમત્કાર વિશે થોડીક વાતો કરવાનું અહીં અસ્થાને નહીતં ગણાય. ચીનના વિચારક કન્ફ્યુશિયસે સમાજની સ્વસ્થતા માટે સંગીતનો મહિમા કરીને કહેલું કે સમાજની કક્ષા કઈ તે હોય તો લોકોમાં કેવું સંગીત પ્રચલિત છે તે જાણવું રહ્યું! સંગીત આખરે શું છે ? એનો ઉદ્‌ભવ આદિ (Primordial) સ્વર ૐમાંથી થયો છે એવું ઋગ્વેદના બિંદુ-ઉપનિષદમાં કહેવાયું છે. એ બિંદુ તે જ 'ૐ' સંજ્ઞા પરનું ટપકું!* વાદળ પૃથ્વી પર વરસીને સ્વચ્છ કરે છે અને ભક્તિમાં તરબોળ એવું સંગીત આપણા ભાવજગતને સ્વચ્છ કરે છે. સંગીતમાં બધા જ કૉસ્મિક નિયમો સમાઈ જાય છે. કાર્લ પ્રિબ્રામ આ વાતને અત્યંત મૌલિક રીતે પ્રગટ કરે છે :

માણસ મૂળે તર્કપ્રધાન (લોજિકલ) નહીં,
પરંતુ સંગીતપ્રધાન (મ્યુઝિકલ) પ્રાણી છે.
સંગીતમાં તર્ક સમાઈ જાય છે.
તર્કનો સંબંધ શબ્દ સાથે હોય છે.

---

* 'વેણુગીત'માં પ્રગટ થતી કૉસ્મિક સિમ્ફનીના જાદુ વિષે ગોપીઓના ઉદ્‌ગાર સાથે અંગ્રેજ કવિ ...ની પંક્તિઓ... માંથી અહીં ઉલ્લેખવાનો લોભ ટાળી શકાય તેમ નથી. કવિ લખે છે.
Endless fountain of musical nectar, pouring unto us from heaven's brink.
સ્વર્ગની ધાર પરથી આપણી ઉપર વરસતો રહે, વરસતો રહે, વરસતો જ રહે સંગીતમય અમૃતનો અનંત ફુવારો ! - **લેખક**

જ્યારે સંગીતનો સંબંધ પ્રમાણ(ratio) સાથે હોય છે. ratio પરથી rational શબ્દ આવ્યો છે.

માણસ બુદ્ધિગમ્ય પ્રાણી છે. તે આવા ઊંચા અર્થમાં!

વ્રજભૂમિ આખરે કેવી હતી ? ભાગવતકારના લલિત વર્ણનમાંથી ઘડીભર બહાર આવીને વિનોબાજીના મૌલિક શબ્દો સાંભળીએ :

ભગવાન કૃષ્ણ કેવો શણગાર કરતા ? બહારથી સાંકળાં લાવી પહેરતા હતા ? વૃંદાવનમાં મોરનાં ખરી પડેલાં પીંછાં મળતાં તે વડે શણગાર કરતા. તે મોરનાં પીંછાં ખેંચી લાવતા નહીં. મોરનાં પીંછાં તે પહેરતા, તો શું એ ગાંડા હતા ? મારા ગામના આ મોર છે, તેમનાં પીંછાંથી હું પોતાની જાતને શણગારું તેમાં કશી હરકત નથી એમ તેઓ વિચાર કરતા. એમાં એ મોરની પણ પૂજા છે. તેઓ માથે મોરમુગટ ધારણ કરતા અને ગળામાં શું પહેરતા વારુ ? વનમાળા-યમુનાના તીર પરનાં ફૂલ ! એ બધાંને મળી શકે તેવાં છે. ગરીબોને પણ મળી શક્શે, તવંગરોને પણ મળી શક્શે. એ સ્વદેશી વનમાળા, ગામડામાં બનેલી વનમાળા તેઓ ગળામાં પહેરતા અને તેઓ વગાડતા શું ? મોરલી ! ગામમાં ઊગેલા વાંસની નળી. એ વાંસનો પાવો-બંસરી તેમનું વાદ્ય હતું.

એક ભાઈ જર્મની ગયા હતા. તેઓ ત્યાંની વાત કહેતા હતા : અમે બધા વિદ્યાર્થીઓ એકઠા મળ્યા હતા. ફ્રેંચ, જર્મન, અંગ્રેજ, જાપાની, રશિયન- બધા ભેગા બેઠા હતા. સૌએ પોતપોતાના દેશનાં રાષ્ટ્રીય વાદ્ય વગાડ્યાં. ફ્રેંચ વિદ્યાર્થીએ વાયોલિન વગાડ્યું. અંગ્રેજોએ પોતાનું વાદ્ય વગાડ્યું. મને હિંદુસ્તાનનું વાદ્ય વગાડવાનું કહેવામાં આવ્યું. હું ચૂપ બેઠો. તેઓ મને પૂછવા લાગ્યા, 'તમારું ભારતીય વાદ્ય કયું ?' હું કહી શક્યો નહીં. મેં એ ભાઈને કહ્યું : ભાઈસાહેબ, બંસરી આપણું રાષ્ટ્રીય વાદ્ય છે. એ લાખ્ખો ગામડાંમાં છે- સાદું પણ મીઠું ! કૃષ્ણ ભગવાને એ પાવન કરેલું છે. એક વાંસની નળી લીધી ને તેમાં કાણાં પાડ્યાં કે તૈયાર ! આવું વાદ્ય કૃષ્ણ વગાડતા. એ ગોકુળનું સ્વદેશી અને ગામડાનું વાદ્ય હતું.

વારુ, કૃષ્ણ શું ખાતા ? તે પોતાના ગોકુળનાં દૂધ-માખણ ખાતા. બીજાઓને એ ખાતાં શીખવતા. ગોકુળની આ લક્ષ્મી ગોવાલણો મથુરા લઈ જતી. કૃષ્ણ એ બધી લૂંટતા ને સૌને વહેંચી આપતા... ગોકુળના સુખને સીમા ન હતી...પ્રેમમસ્ત બાળકો દહીંભાત જમીને યમુનાના પાણીમાં હાથ ધોવા જતા ત્યારે દેવો માછલાં બનીને એ એઠા દાણા ખાવા જતા. દેવોના સ્વર્ગમાં એવો પ્રેમ હતો ખરો ? એ દેવોને કોઈ ચીજની ખોટ ન હતી, પણ એક પ્રેમની ખોટ હતી.

('જીવનદૃષ્ટિ, નવજીવન, પાન ૧૨૮-૧૩૦, સંકલિત)

'વેણુગીત' એટલે કોસ્મિક સિમ્ફનીનો ચમત્કાર ! એ ચમત્કાર ગોપીઓના નિષ્પાપ હૃદયને ભાવદશામાં પહોંચાડનારો હતો. એવી ભાવદશા પ્રાપ્ત કરવાની આપણી પાત્રતા ક્યાંથી ? આપણી પાસે અપ્રદૂષિત એવી શ્રદ્ધા ક્યાંથી ? આપણી પાસે એવું નિર્મળ હૃદય ક્યાંથી ?

વેણુગીતનો જાદુ આવી સહજ વ્રજભૂમિમાં
ન પ્રસરે, તો બીજે ક્યાં પ્રસરે ?
જ્યાં કૃત્રિમતા છે, ત્યાં કૃષ્ણ ન હોય.
જ્યાં કપટ છે, ત્યાં ગોપીઓ ન હોય.
જ્યાં અશ્રદ્ધા હોય, ત્યાં ગોકુળ ન હોય.
જ્યાં નિર્મળ મુગ્ધતા હોય
ત્યાં માધવ હોય જ !

*'ટહુકો', ૧૩૯,*
*વિનાયક સોસાયટી,*
*જુના પાદરા રોડ,*
*વડોદરા.*
*ફોન નં-૦૨૬૫-૨૩૪૦૬૭૩*

* Baird Hersey, PARABOLA, (Nada Yoga) વિષય પરનો ખાસલેખ, પાન-૪૭

નોંધ : આઠ ભક્તકવિઓ અષ્ટસખા તરીકે જાણીતા થયા. એ અષ્ટસખા હતા : સૂરદાસ, કુંભનદાસ, પરમાનંદદાસ, છીતસ્વામી, ગોવિંદસ્વામી, ચતુર્ભુજદાસ, કૃષ્ણદાસ અને નંદદાસ, મહર્ષિ વ્યાસ દ્વારા 'શ્રીમદ્ ભાગવત'ની રચના થઈ તે સમાધિભાષામાં લખાયું. અષ્ટસખા પણ એ જ કક્ષાના ગણાયા છે. એમાંના એક પરમાનંદ દાસે 'સહજપ્રીત' કાવ્ય લખ્યું :

સહજ પ્રીત ગોપાલહી ભાવે
મુખદેખે સુખહોય સખીરી
પ્રીતમ નૈન સો નૈન મિલાવે... સહજ પ્રીત
સહજ પ્રીત કમલ ઔર ભાને
સહજ પ્રીત કુમુદિની ચંદે
સહજ પ્રીતકોકિલ વસંતે
સહજ પ્રીતરાધા નંદનંદે... સજ પ્રીત
સહજ પ્રીત ચાતક ઔર સ્વાતે
સહજ પ્રીત ધરની જલધારે
મન-કર્મ-વચન દાસ પરમાનંદ
સહજ પ્રીત કૃષ્ણ અવતારે... સહજપ્રીત

**(પ્રેષક : બિપીન ઝવેરી)**

નોંધ : મુંબઈથી આવેલા ત્યારે બિપીનભાઈએ મારા બાગમાં સામે બેસીને રાગ વસંતમાં આ કાવ્ય ગાઈને સંભળાવ્યું હતું. તેઓ કૃષ્ણભક્તિમાં તરબોળ હતા. **- લેખક**

# પ્રયોગભૂમિ ગુજરાતમાં શબ્દયાત્રા...

*– વિષ્ણુ પંડ્યા*

**‘લ**ખવું એટલે પોતાની જાતને વીંખીપીંખી નાખવી પણ હું લખ્યા વિના રહી શકું નહીં...’ આમ કહ્યું હતું બોરિસ પાસ્તરનાકે. નોબેલ પારિતોષિકના વિજેતા પાસ્તરનાકની નવલકથા ‘ડૉ. ઝિવાગો’ હજુ તો કોઈએ વાંચી જ નહોતી કેમકે સામ્યવાદી શાસને તેના પર પ્રતિબંધ લાદી દીધો હતો અને ચારે તરફ તેની આલોચના શરૂ થઈ ગઈ ત્યારે લેખકને બહિષ્કૃત કરી દેવાયો; તેણે માત્ર એક જ વાક્યમાં - સર્જકના આત્માને - વ્યક્ત કરી દીધો : ‘શું કરું ? હું લખ્યા વિના રહી શક્તો નથી...’

વર્તમાન ભારતના લેખકની સ્થિતિ આવી નથી એટલે તેમનો સ્વાધીન શબ્દ પ્રત્યેનો પ્રેમ તદ્દન કૃત્રિમ દેખાડો બની જાય છે. આજે વિશ્વભરમાં પાસ્તરનાકની મનોદશાનું પુનરાવર્તન થાય તેવા દેશો કંઈ ઓછા નથી એટલે સર્જક, શબ્દ અને ઈતિહાસની ચેતનાના ત્રિભેટે તેના વિચારોનો અંદાજ મેળવવા જેવો છે.

વર્તમાનમાં શબ્દ પોતે જ બોદો બનવા લાગ્યો છે. ક્રાઉઝરે કહ્યું હતું તેમ સમાજ અનેક રીતે તેનો ઉપયોગ કરે છે. બજારનો શબ્દ, રાજકીય શબ્દ, યુદ્ધ અને શાંતિની મંત્રણાનો શબ્દ, મીડિયાનો શબ્દ ભણતરમાં પ્રચલિત શબ્દ, કેટલી બધી અર્થચ્છાયા હોય છે શબ્દની ?

એકવીસમી સદીનાં સોળ વર્ષ વીતી ગયાં. સાહિત્ય-પત્રકારત્વ-સમાજ-રાજકારણ-વિગ્રહ અને આંતર વિગ્રહ-આતંકવાદ- મઝહબી જેહાદ અને બજારવાદ એવી ગતિમાં છે કે માણસ જાણે કે, તેની સંવેદનાની સંપૂર્ણ અભિવ્યક્તિમાં પાછળ રહી ગયો ! ક્યારેક તે થાકેલો-હારેલો-કુંઠિત અવસ્થામાં દેખાય છે. સર્જક ઓગણીસમી સદીમાં તેનો ‘અવાજ’ હતો, આજે તે શક્ય નથી. જુઓને, મીડિયામાં પ્રકાશનની મોકળાશને લીધે સાહિત્યના નિમિત્તે ય કેવું અઢળક અને મોટાભાગે નિરર્થક છપાય છે ! હવે તેને જૂની શબ્દાવલિના ‘નીજાનંદ’ કે ‘શુદ્ધ પ્રેરણા’નાં પરિણામ ગણાવી ન શકો. દરેક લેખક અને લેખનની પાછળ એક પડછાયો ઊભો હોય છે. વાચક પણ પોતાની આસપાસનાં વાતાવરણને અનુરૂપ અને અનુકૂળ એટલું જ વાંચે છે અને તેનાથી ઓછું સમજે છે. હવે રાજ્યપરિવર્તન કે સમાજપરિવર્તનની ‘ક્રાંતિ’ની તાકાત આ લેખનમાં રહી નથી. બહુધા કાં તો તે ક્લિષ્ટ ગુચવાડો વ્યક્ત કરે છે અથવા તો છબછબિયાં કરે છે. વ્યવસ્થાપનના માધ્યમથી ધારો તેને ‘બેસ્ટ સેલર’ બનાવી શકો. પુલિત્ઝર પારિતોષિકોના એક નિર્ણાયકે થોડા જ દિવસો પહેલાં એવી ચિંતા વ્યક્ત કરી હતી કે શ્રેષ્ઠતા સાથેનું કમ્યુનિકેશન-એ માપદંડ પ્રયોજીએ તો આ પારિતોષિક જ આપવું બંધ કરી દેવું પડે. શું સાહિત્યજગતમાં યે આવું નથી બની રહ્યું ? બુકર અને નોબેલ પ્રાઈઝમાં સાહિત્યની પ્રશિષ્ટતાનો માપદંડ નબળો પડતો જાય છે. પરંતુ સારું લક્ષણ એ થયું કે, સામ્પ્રતની સમસ્યાને લેખકે કેવી રીતે વ્યક્ત કરી, રાજ્ય(સ્ટેટ)નાં આક્રમણોનો કેવોક અહેસાસ કરવામાં આવ્યો અને ટચૂકડા દેશોમાં- પોતાની ભાષામાં- લખનારાઓનો કેવો અંદાજ છે એ વિશેષતાઓ પર વધુ ભાર મૂકવામાં આવે છે. પરંતુ આ અપવાદ છે એવું કહેનારો લેખક ‘ધ પ્રાઈઝ’ જેવી નવલકથા આપે છે એય વાસ્તવિક્તા !

> **દરેક લેખક અને લેખનની પાછળ એક પડછાયો ઊભો હોય છે. વાચક પણ પોતાની આસપાસનાં વાતાવરણને અનુરૂપ અને અનુકૂળ એટલું જ વાંચે છે અને તેનાથી ઓછું સમજે છે. હવે રાજ્ય પરિવર્તન કે સમાજ પરિવર્તનની ‘ક્રાંતિ’ની તાકાત આ લેખનમાં રહી નથી**

એટલે જ્યારે તમે કંઈક લખવા ધારો છો - પછી તે નવલકથા, કવિતા કે નિબંધ અને સમસામયિક લખાણો પણ, તેમાં ‘સામ્પ્રત’ને તરછોડી શકો તેવી આ એકવીસમી સદી નથી. ‘ગોગોલના કોટમાંથી આધુનિક વાર્તા સરજાઈ છે’ એ ઉક્તિને થોડીક બદલાવી નાખીએં



તો શાસન-સમાજની અનેકરંગી ભીડમાં જ આપણી પીડા અને મહત્ત્વાકાંક્ષા છૂપાયેલાં છે, આપણે તેનો હાથ પકડીને કાગળ પરના શબ્દ કે કમ્પ્યુટર પરના લખાણ સુધી દોરી લાવીએ છીએ. ગુજરાતી ભાષામાં શબ્દયાત્રાના કેટલાક અનુભવો કહેવા છે.

સિડની- ઑસ્ટ્રેલિયામાં ઑગસ્ટ-૨૦૧૬માં એક 'વન મેન ગેસ્ટ પોયેટ'નો ચિત્રાત્મક પ્રદર્શનનો કાર્યક્રમ યોજાયો તે આખું વર્ષ ચાલશે. તેના આયોજકોએ આશ્ચર્યવત મારો સમાવેશ કરીને (આશ્ચર્ય એટલા માટે કે હું કંઈ કવિ નથી, મારું લેખનક્ષેત્ર નવલકથા, સર્જક, નિબંધ, ઇતિહાસ અને રાજકીય વિશ્લેષણનું છે. પણ તેમને 'નેટ' પર મૂકેલી કેટલીક કવિતાઓ પસંદ પડી એટલે એડ કાપરાસ મનિલાહ નામે અદ્‌ભૂત પરિભ્રમણકર્તા આયોજકે સ-ચિત્ર કવિતાના આ પ્રદર્શનમાં સામેલ કર્યો) પૂછ્યું- અને તે પણ વિગતે- કે તમે શા માટે લખો છો તેનો હિસાબ આપો!

'હિસાબ' શબ્દ અમારા સાહિત્યિકોને ઠીક નહીં લાગે પણ જિંદગી અને શબ્દ- દરેકનો પોતાનો ખોયા-પાયાનો અહેસાસ છે તેને હિસાબ શબ્દથી જ સમજાવી શકાય. એટલે સહજ સ્વીકાર તો કર્યો કે હા, હું લખું છું. ઉમાશંકર કહેતા તેમ એક નાનકડા નગરની ધૂળિયા શેરી (જયંતિ દલાલની 'શહેરની શેરી' નહીં !)માંથી શબ્દ લઈને જ નિકળ્યો હોઈશ. સર્જક નિબંધ-નવલકથા-કવિતાની છાવણીથી અલગ પડી જાય તેવું કાર્ય રાજકીય સમીક્ષા, ઈતિહાસ-સંશોધન અને બીજા લેખોનું છે. પણ ઘણીવાર એવું લાગે કે આ બધાંના અલગ-અલગ ખાનાં કે ભાગ (કંપાર્ટમેન્ટ) સંપૂર્ણપણે પાડી શકાય ? ૧૯૮૭માં મેં એક નવલકથાનો પ્રયોગ કર્યો હતો તે 'મુખ્યમંત્રી'નો. (તે સમયની ગુજરાતી સાહિત્ય અકાદમીએ, અનેક વિવેચકોની બનેલી સમિતિની મૂંઝવણ પછી, પ્રથમ પારિતોષિક આપેલું. તેમાં તે સમયના મુખ્યમંત્રીનું પરોક્ષ આલેખન પણ હતું. પરંતુ આપણે ત્યાં સમજદાર અને સહિષ્ણુ રાજનીતિની યે એક પરંપરા છે.) સ્વયં મુખ્યમંત્રીએ એ નવલકથા વાંચીને વખાણેલી !) આ નવલકથામાં બાહ્ય દૃષ્ટિએ તો તત્કાલીન રાજકીય પાત્રો હતાં, કેટલીક ઘટનાઓ પણ હતી, પરંતુ તેનું આંતરિક સત્ત્વ 'વ્યવસ્થા અને વ્યક્તિ વચ્ચેના અ-સામાન્ય વિદ્રોહ'નું હતું. સંવેદનશીલ રાજનીતિ પણ હોઈ શકે. તેનો અંદાજ આપતાં, કૈંક બિંદુનો વિસ્તાર બસ્તરનાં જંગલોમાં નકસલવાદથી લઈને વિયેતનામના અ-માનવીય જનસંહાર સુધીનો હતો. એટલે સર્જકતાની સાથે જોડાયેલું માનવીય સૌંદર્ય અને વર્તમાનનું સત્યઃ આ બંનેનું મિલનસ્થાન નવલકથામાં થઈ શક્યું, એ મથામણે એવા નિષ્કર્મ સુધી પહોંચવાનો મોકો આપ્યો કે શબ્દ મનોરંજનની હાટડીમાં વેંચાતી ચીજવસ્તુ નથી અને સામ્પ્રત મનુષ્યજીવનની ભીતરમાં જડેલી પરિવર્તનની પીડા કે મહેચ્છા- છૂપાયેલાં છે તેને ઉજાગર કરવી એ મોટો પડકાર છે. સર્જકનો અનુબંધ કોઈ નિત્યનૂતન અલ્પના(રંગોળી માટે બંગાળી ભાષાએ આવો સુંદર શબ્દ સર્જ્યો છે!) બનાવવા સાથેનો જ હોઈ શકે, ભલે તેમાં તે આંશિક સફળ થાય કે સંપૂર્ણ નિષ્ફળ જાય. આ કાર્ય આજે કે બસો-પાંચસો વર્ષ પહેલાં યે સરળ તો નહોતું જ. શબ્દોની ભીડ કેવી લલચામણી હોય છે તેનો સૌથી વધુ અંદાજ પત્રકાર અથવા સાર્વજનિક નેતૃત્ત્વ કરનારને હોય છે. ભલભલાને તે નિરર્થક વાણીવિલાસ તરફ દોરી જાય અથવા તદ્દન બનાવટી અનુકરણમાં બાંધી લે. પ્રચલિત અભિવ્યક્તિ જ દર્પણ બની જાય. પત્રકારત્વમાં આ જોખમ ઘણું મોટું છે. ફ્રેન્ક મોરાઈસે ત્રીસેક વર્ષ પહેલાં 'ઈન્ડિયન એક્સપ્રેસ'માં પહેલા પાને તંત્રીલેખનો પ્રયોગ કર્યો હતો. 'ધ મિથ એંડ રિયાલિટી' શીર્ષકના આ તંત્રીલેખો હતા તો તે સમયની ક્ષુબ્ધ અને અનૈતિક વ્યવસ્થા સામેના, પણ તે લખતાં પૂર્વે આ કુશળ પત્રકારે પુલિત્ઝરથી માંડીને દુનિયાના પાંત્રીસ જેટલા ખ્યાત પત્રકારોનાં જીવન અને લેખનનું અધ્યયન કરીને પછી જ આ તંત્રીલેખો લખવાનું સાહસ કર્યું હતું ! એ તો સાચું કે દરેક સમયે આવું કંઈ બની શકે નહીં અને અપેક્ષિત પણ ન હોય પણ, રાષ્ટ્રીય કે જનસમાજના સંકટ વખતે ફૂગાવા જેવા

**શબ્દ મનોરંજનની હાટડીમાં વેંચાતી ચીજવસ્તુ નથી અને સામ્પ્રત મનુષ્યજીવનની ભીતરમાં જડેલી પરિવર્તનની પીડા કે મહેચ્છા- છૂપાયેલાં છે તેને ઉજાગર કરવી એ મોટો પડકાર છે. સર્જકનો અનુબંધ કોઈ નિત્યનૂતન અલ્પના બનાવવા સાથેનો જ હોઈ શકે, ભલે તેમાં તે આંશિક સફળ થાય કે સંપૂર્ણ નિષ્ફળ જાય**




ચલણી શબ્દ સંસારથી અલગ હટીને પણ નિર્ણાયક બની શકાય. લેખકને શબ્દના એવા ફકીર બનવાનું નસીબ પણ આવે છે, જેમાં તેની ઝોળી પણ પસંદગીના શબ્દોથી ભરેલી હોય ! ત્યારે ?

આ 'ત્યારે'નો જવાબ આપણને અલગ-અજાણ્યા રસ્તાઓ ખૂલ્લા કરી આપે છે. શબ્દની પ્રક્રિયામાં સર્જકની ગતિ 'ધીમી ગતિનાં બૂલેટિન'થી યે મંદ હોય. ઘણું બધું તો રિયાઝ કરવા માટે હોય, પછી સ્વર બંધાય. ઈતિહાસ, ભૂગોળ, સમાજજીવન, કવિતા, નવલિકા, નવલકથા, જીવનદર્શન- આ બધાંની સુચારુ મિલનભૂમિ મેં સર્જક નિબંધોમાં અનુભવી છે. એકવાર સુરેશ જોશીએ કહ્યું હતું કે, મને તારા નિબંધો એટલા માટે ગમે છે કે તેમાં જાણ્યે-અજાણ્યે મારું અનુસરણ નથી ! આજેય સુ.જો.ની વાત એટલી જ સાચી છે કે સ્વાધીનપણે લખવું ભૂમિકા વ્યાપક હોય તો વધુ સહજ બને. 'ગુજરાતી ગદ્યની વિકાસરેખા' સંચયનું સંપાદન કર્યું તેમાં સુરેશ જોશીએ તે સમયના(૧૯૮૮) છેલ્લા પ્રતિનિધિ નિબંધ તરીકે મારા 'ઋતુચક્ર: ૧૯૭૫'ને સ્થાન આપ્યું હતું. આ શીર્ષક પોતે જ સૌંદર્ય અને સાંપ્રત- બંનેનું સૂચક છે એમ કહેતો તેમનો પત્ર મેં સાચવી રાખ્યો છે.

અનુવાદ એ પણ સર્જકતાની લીલયાનો જ એક વળાંક છે ! પાસ્તરનાકથી માંડીને જગતના ઘણાખરા ઉત્તમ લેખકોએ શરૂઆતમાં ઉત્તમ અનુવાદો જ આપ્યા હતા એ વાતનું આકર્ષણ કાયમ રહ્યું. મારો એક અનુવાદ-પ્રયોગ પંડિત દીનદયાળ ઉપાધ્યાયનાં જીવનદર્શન સરખા 'એકાન્ત માનવવાદ'નો, બીજા અટલબિહારી વાજપેયીના કાવ્યાનુવાદનો (આંધીઓંમે જલાયે બૂઝતે દિયે) અને ત્રીજો વિશ્વના ટચૂકડા દેશોના કવિઓની કવિતાના અનુવાદ 'આવશે દિવસો કવિતાના'નો. આજે છેલ્લે સંચય કર્યો તેમાં પોલેંડ, રશિયા, ચિલી, દક્ષિણ આફ્રિકા, ચેકોસ્લોવેકિયા, હંગેરી, પાકિસ્તાન, વિયેતનામ, બાંગ્લાદેશ, સ્વીડન, મ્યાંમાર, શ્રીલંકાના કવિઓનો સમાવેશ છે, દરેકની કવિતા અને તે કવિનો કવિતા-સંદર્ભ સાથેનો પરિચય. આનું નિમિત્ત થાઈદેશનો એસ. શિંભાનો હતો. આગ્રામાં ઈન્ટરનેશનલ પ્રેસ ઈન્સ્ટિટ્યૂટના પરિસંવાદમાં આવ્યો હતો. ૧૯૭૮ની આસપાસનાં બે વર્ષોમાં થાઈ દેશનો યુવાવર્ગ તત્કાલીન સૈનિકી શાસન અને ભ્રષ્ટાચારની ખિલાફ રણે ચડ્યો હતો. શિંભાનો કવિ અને 'છામ્બાન'(ગ્રામદેવતા) સામયિકનો તંત્રી હતો. આગ્રાની હોટેલ મુઘલના એક ખંડમાં તેણે પોતાની કવિતા 'તેઓ-'નું પઠન કર્યું પોતાની ભાષામાં, પછી અંગ્રેજીમાં. તેનું ગુજરાતીમાં અવતરણ કરતાં થાઈ ભાષાનોયે પરિચય થયો. ગુજરાતી, સંસ્કૃત અને થાઈ ભાષામાં ઘણું બધું સમાન છે ! બીજો અનુવાદ ૧૯૭૬માં આપાતકાળ-વિરોધના દિવસોમાં જયપ્રકાશ નારાયણની જન્મતિથિ નિમિત્તે બ્રિટીશ નવલકથાકાર બર્નાર્ડ કોપ્સે રચેલી કવિતાનો હતો, તે દુ:સાહસિક નીવડ્યો. કારણ, એ કવિતા લંડનના હાઈડપાર્ક પર કવિએ પઠન કર્યું ત્યારે જે.પી. જેલમાં. સેન્સરશિપ અને જેલની બોલબાલા. જે.પી. સ્વયં જેલવાસી. એટલે આ કવિતા આપણાં સામયિકો-અખબારોમાં પ્રકાશિત ક્યાંથી થાય? તેનો અનુવાદ તો કર્યો જ, ઉમાશંકરભાઈને બતાવ્યો(તેમણે સંસ્કારિત કરેલા લખાણને મેં જાળવી રાખ્યું છે.) પછી તે ભૂગર્ભ પત્રોમાં છપાયો, એટલે ઈન્ડિયન પીનલ કોડની સાતેક કલમ હેઠળ મારા પર મુકદ્દમો યે ચાલ્યો. ઓહ, એક કવિતા અને તેનો અનુવાદ આટલાં બળવાન હોઈ શકે?

**ઉમાશંકરે ભાવનગર જિલ્લાના પ્રવાસે ચાવંડ ગામ આવતાં મોટરકારમાંથી ઊતરીને ધરતીની ધૂળ માથે ચડાવી હતી, કારણ કે આ ગામે મહાનકવિ 'કાન્ત' આપ્યા હતા.**

એ પ્રશ્નનો ઉત્તર તો શોધી શકાયો નથી પણ, દૂરદર્શનમાં એકવાર મને પૂછવામાં આવ્યું ત્યારે ત્રણ શબ્દોને લેખનનું પ્રેરક બળ ગણાવેલા. પ્રયોગ, પરિવર્તન-પરિભ્રમણ. રાજકીય સમીક્ષા માટે અસમ, પૂર્વોત્તર અને પંજાબનો પ્રવાસ, નવલકથામાં બે યુવા પાત્રોને સમજવા માટે બસ્તર અને સીમા-પ્રશ્ન માટે કચ્છ સહિતની સરહદો : આ બધા પ્રવાસોએ મને સમજની દુનિયાનો પરિચય કરાવ્યો હતો. આવું જ 'ગુજરાતનાં ક્રાંતિતીર્થો' અને 'સૌરાષ્ટ્રનો સ્વાતંત્ર્ય સંઘર્ષ' બંને સંશોધન ગ્રંથો માટેનું ખેડાણ




દૂરસુદૂરનાં રણ, અરણ્ય, પર્વતો અને ગામડાં સુધીની યાત્રા તરફ દોરી ગયું. આજેય સ્મરણ છે કે, પોરબંદર નજીકના વછોડા ગામના પાદરે દલિતવાસના વૃક્ષોની ઓથે- સૂસવતા પવનની વચ્ચે- પાંચ બલિદાની માણેકોના પાળિયા ઊભા છે, મેં અને આરતીએ તેની તસવીરો લીધી ત્યારે હાથ ધ્રૂજી ઊઠ્યા કે ૧૮૫૭ના આ મૂળુ માણેક અને તેના સાથીદારોનાં મોતની એ કેવી રક્તરંજિત ઘટના હશે ? આવું જ ગીરના જંગલમાં કનરાડુંગર પર એક સાત વર્ષની કન્યા સહિતની એંસી જેટલી નિઃશસ્ત્ર મહિલાઓનાં માથા વઢાયા તે ‘સત્યાગ્રહ’ની ભૂમિને નિહાળવા જવાનું બન્યું ત્યારે અનુભવ્યું હતું. ૧૯૬૮માં માંડવી-કચ્છની ગલીમાં બિસ્માર હાલતમાં ઉભેલા, જગપ્રસિદ્ધ ક્રાંતિકાર પંડિત શ્યામજી કૃષ્ણવર્માનાં જન્મસ્થાનની હાલત જોઈને- જેમને આગ્રહપૂર્વક હું લઈ આવ્યો હતો તે- અટલબિહારી વાજપેયીની આંખોમાં ઝળઝળિયાં નિહાળ્યાં હતાં. ઓપરેશન બ્લૂસ્ટાર પછીનું અમૃતસરમાં ખંડિત સ્વર્ણમંદિર, અસમ-આંદોલન દરમિયાનનું ગુવાહાટી, કચ્છ-સત્યાગ્રહથી ૧૯૬૮નું ગાજતું-ગરજતું કચ્છ, મચ્છુનાં પ્રચંડ પૂરમાં ગરક થઈ ગયેલા મોરબીની તારાજી, ૧૯૭૭માં વિપક્ષોનાં વિલીનીકરણની યાદગાર સભાનો નવી દિલ્હી-મંચ-જ્યાં વાજપેયી, જયપ્રકાશ, મોરારજીભાઈ એક મંચ પર હતા, નાગાલેંડના વિદ્રોહીઓની તેની છાવણીમાં મુલાકાત અને સૂઈગામથી સિંધ પાકિસ્તાનના નગરપારકર સુધીના સત્યાગ્રહ દરમિયાન ધખધખતા રણનો લોહી નિંગળતા પગલે પ્રવાસ, વલસાડ નજીક નવનિર્માણ આંદોલન દરમિયાન ઘાતક હૂમલામાં મારી નખાયેલા યુવાનોનાં લોહીના ડાઘા સાથેનું મેદાન, પાલ ચિતરિયા અને માનગઢમાં ‘બબ્બે જલિયાંવાલા’થી મરાયેલા વનવાસીઓની શહીદ ભૂમિ... આ અને આવાં એકાધિક પરિભ્રમણે શબ્દને ઘડ્યો છે એમ કહું તો તેમાં જરીકેય અતિશયોક્તિ નથી. એક સ્મરણ ઉમેરી લઉં. ૨૦૦૮માં બ્રિટિશ ગુજરાતીઓનાં સંગઠન એન.સી.જી.ઓએ યોજેલા કાર્યક્રમમાં, લંડનથી પ્રકાશિત અખબાર-ગુજરાત સમાચાર અને એશિયન વોઈસના- સૂત્રધાર સી.બી.પટેલે આમંત્રણ આપ્યું એટલે બ્રિટિશ ભૂમિ પરના ભારતીય ક્રાંતિકારો વિષે બોલવાનું થયું પણ તે સ્થાનો ત્યારે જ નિહાળવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું. જ્યાં પંડિત શ્યામજીએ ક્રાંતિવીરોની પંક્તિ રચી આપી તે ‘ઈન્ડિયા હાઉસ’, યુવાન મદનલાલ ધિંગરાને ફાંસી મળી તે પેન્ટોનવિલા જેલ, શ્યામજીનું પોતાનું નિવાસસ્થાન, સાવરકરની ધરપકડને યાદ કરાવતું વિક્ટોરિયા સ્ટેશન... આ ઐતિહાસિક સ્થાનોનાં દર્શન થયાં અને નજર સામે એક આખો ઈતિહાસ દશ્યમાન થયો. ઉમાશંકરે ભાવનગર જિલ્લાના પ્રવાસે ચાવંડ ગામ આવતાં મોટરકારમાંથી ઊતરીને ધરતીની ધૂળ માથે ચડાવી હતી, કારણ કે આ ગામે મહાનકવિ ‘કાન્ત’ આપ્યા હતા. એવી જ સંવેદના, હાઈ ગેટ પરનાં ત્રણ મજલાનાં ‘ઈન્ડિયા હાઉસ’ને જોઈને જાગી. ત્યાં ધૂળ તો નહોતી પણ દરવાજા અને દીવાલનો સ્પર્શ પણ વીસમી સદીના પ્રારંભિક વર્ષોમાં લઈ ગયો !

શબ્દની પોતાની ભૂમિ હોય છે, રણભૂમિ. પત્રકાર-જીવનનાં સ્મરણોનું પુસ્તક લખી રહ્યો હતો ત્યારે તેને નામ આપ્યું- શબ્દની રણભૂમિ. તેમાં દૂ...ર સુધી ચાલવા-દોડવાની, પગમાં છાલાં પડે કે થાકી જવાય તો યે- એક મજા છે ! કારણ, ત્યાં એક ખોજનો ‘પ્રયાસ’ છે, ‘પ્રયોગ’ છે. આ નિરંતર ચાલતા પ્રયોગને પ્રિય સર્જક બોરિસ પાસ્તરનાકની એક કાવ્યપંક્તિ સાથે સંધાન કરવાનું મન થતું રહ્યું છે :

I want the heart of matter,
The meaning, cause,
Foundations, roots
And kernel,
of Vanished days....

(ઓસ્ટ્રેલિયન સામાયિક ‘ધ વર્લ્ડ’ને આપેલી મુલાકાતનો વિસ્તાર)

*સેક્ટર-૮, જી-૧,*
*૯૮૫/૧, ગાંધીનગર*
*મો. ૯૪૨૭૮૦૪૭૨૨*



# વિસરાયેલા ક્રાંતિવીર અને સાહિત્યિક પત્રકાર : નિરંજન વર્મા

– *ડૉ. બળવંત જાની*

**ભા**રતીય આઝાદીની લડતમાં ગાંધીજીથી પ્રભાવિત થઈને અહિંસક લડાઈને બદલે સશસ્ત્ર ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં વિશેષ અભિરુચિ ધરાવતું એક વૃંદ પણ ક્રિયાશીલ હતું. મારા સન્મિત્ર અનામિક શાહના પિતાશ્રી કાંતિભાઈ સાથે મારે વિશેષ સંવાદ રહેતો. એમનાં માતુશ્રી પ્રેમીલાબહેન પણ ઈ.સ. ૧૯૩૫થી ૧૯૪૫ના સત્યાગ્રહના ગાળાની વાત કહેતાં. એ દંપતિની સત્યાગ્રહની લડતમાં પ્રત્યક્ષ સામેલગીરી તો ખરી જ પણ એનું દસ્તાવેજી આલેખન, સ્મરણકથા ગ્રંથસ્થ અને પ્રકાશિત પણ. જયમલ્લભાઈ, નિરંજનભાઈ અને ઈશ્વરભાઈ -વિદ્યાબહેનની વાતો મને પહેલવહેલી સંભળાવેલી પ્રેમીલાબહેને. અનામિક સાથે અમારે બહાર નીકળવું હતું. પણ મને વિશેષ રસ પડેલો એમના મૈત્રીના કિસ્સાઓ સાંભળવામાં. નવપરણિતા વિદ્યાબહેન વિદ્યાપીઠમાં રહે અને કાંતિભાઈ-પ્રેમીલાબહેન જેવા નવદંપતિનું પ્રબોધન કરે. સમવયસ્ક અને આઝાદીની લડતનાં આ જોડલાંઓના સ્વાર્પણની કથાઓ મને કાંતિભાઈ પાસેથી સાંભળવા મળેલી. મોહનલાલ મહેતા 'સોપાન' અને લાભુબહેનની વાત. જયમલ્લભાઈ-નિરંજનભાઈની બોમ્બ બનાવવાની આવડત. જયમલ્લભાઈ કલકતા કાગળનો વેપાર કરતાં-કરતાં કેવાં-કેવાં પરાક્રમો-સાહસો કરીને અહીં-તહીં છટકે. છુપાય અને છાપા મરાય તો ઝડપાય નહીં. મોહનલાલ મહેતા-લાભુબહેન, નિરંજનભાઈ અસહ્ય બીમારી વચ્ચે પણ કેવા અણનમ રહીને લડત સાથે-સાથે લેખનરત રહ્યા એની પરાક્રમ ગાથાઓ અનામિકની સાથેની મૈત્રીને કારણે મને ઈ.સ. ૧૯૭૬ના સમયગાળા દરમિયાન એમનાં માતા-પિતા પાસેથી સાંભળવા મળેલી.

નવનિર્માણની લડત પછી હું રાજકોટ અભ્યાસ માટે નવો-સવો આવેલો. અનામિક ભાવનગરથી. અમે બધા કેમ્પસના મિત્રો. પછી તો મારા પ્રોફે. ઈશ્વરલાલ ર. દવેને કારણે મને 'સુરૂપ મુદ્રિકા'માં ધીરેન ગાંધીના પ્રેસમાં પ્રૂફરીડિંગનું કામ મળેલું. ધીરેનભાઈ ગાંધી શાંતિનિકેતનમાં નંદલાલ બોઝના વિદ્યાર્થી. એમની સાથે જુનાગઢ 'રૂપાયતન', 'પ્યારા બાપુ', 'કચ્છકલામ', 'ઊર્મિ-નવરચના' વગેરે સામયિકો ત્યાં છપાતાં હોઈને પ્રસંગોપાત પ્રૂફવાચનનું કામ કરતો રહું. એમાંથી જયમલ્લભાઈ પરમાર સાથે મેળાપ થયેલો જે પાછળથી ગાઢ સંબંધમાં પરિણમેલ. એમની પાસેથી નિરંજનભાઈ વર્માના વ્યક્તિત્વની વાતો પ્રસંગોપાત્ત સાંભળવા મળતી. ૧૯૭૪થી ૧૯૯૧ સુધીનાં અનેક સંસ્મરણો તરવરે છે....




પણ સવિશેષ સાંભરણ તો અહીં, રાજકોટમાં યજ્ઞેશ દવે અને અનામિક શાહ સાથે મૈત્રી બંધાયેલી, એ કારણે થયેલી-મળેલી વાતોનાં છે. સન્મિત્ર અનામિક શાહના 'ફૂલછાબ'ના નિવાસસ્થાને જ્યારે -જ્યારે જવાનું બનતું ત્યારે એમના પિતાશ્રી કાન્તિભાઈ અને માતુશ્રી પ્રેમીલાબહેન સાથે વાતચીતનો દોર પણ ચાલે. અનામિક તૈયાર થયો હોય તો પણ એમના માતા-પિતાએ આરંભેલી વાતચીત પૂરી થાય પછી જ વિદાય લઉં. તેમની વાતોમાં ધોલેરા સત્યાગ્રહ, ભારતી સાહિત્ય સંઘ, મોહનલાલ મહેતા 'સોપાન', જયમલ્લ પરમાર, ઈશ્વરલાલ મો. દવે, શ્રીમતી વિદ્યાબહેન, નિરંજન વર્મા, એમ ભાત-ભાતની વાતો ચાલે. મને અનેક પુસ્તકો પણ એ સમયનાં વાંચવા આપે.

મોહનલાલ મહેતા 'સોપાન'ની વાર્તાઓનું સંપાદન કરતો ત્યારે પણ મોહનલાલ મહેતાની, ઈશ્વરલાલ મો. દવે અને એ મિત્ર ત્રિપુટીની વાતો સાંભળેલી. જયમલ્લ પરમારને જ્યારે-જ્યારે મળ્યો હોઉં ત્યારે પણ એમના મૈત્રી સંબંધોની વાતોમાં નિરંજન વર્માની વિગતો અચૂક વચ્ચે-વચ્ચે આવે. જયમલ્લ પરમારના લોકસાહિત્યના લેખોના સંપાદન સમયે સન્મિત્ર રાજુલ દવે, ઈશ્વરભાઈ પાસેથી 'ઊર્મિ નવરચના'નો નિરંજન વર્મા વિશેષાંક મેળવીને વાંચેલો. આ બધામાંથી એટલું અવશ્ય ફલિત થતું હતું કે, આ મિત્રત્રિપુટીએ એમનાં વ્યક્તિત્વ પરસ્પર ઓગાળી નાખ્યાં હશે. સહિયારું જીવન જ નહીં, સહલેખન, ચિંતન અને ઉપાર્જનની પ્રવૃત્તિ પણ. કેવી મોટી બૌદ્ધિક પ્રતિભાઓ ત્રણેય ? વિચારજગત અને વિષયસામગ્રીને પામવાની-માપવાની શક્તિમત્તા પણ ઘણી ઊંચી કોટિની હશે ? અન્યથા રાષ્ટ્રપ્રેમ પ્રગટાવતી પ્રવૃત્તિઓમાં સમર્પિત થઈને કોઈની ઉપર અવલંબિત રહ્યા વગર, પરગજુ ન રહીને એવી સદ્પ્રવૃત્તિઓમાં ગુંથાઈ રહેવું કે જેમાંથી દેશસેવા, રાષ્ટ્રસેવા પ્રવૃત્તિ અને પોતાનાં યોગક્ષેમનું પણ વહન થાય.

પ્રારંભે 'સ્વસ્તિક ચર્માલય' નવો જ વિષય, સમાજ પ્રબોધન અને કૌશલ્ય પ્રબોધન, હરિજન બાળક સેવાશ્રમમાં સંચાલક થવું, ગૃહપતિ થવું, બાળકોને ઘડવાની-કેળવવાની પ્રવૃત્તિ તો ખરી જ! પણ એ સમયે અસ્પૃશ્યતા નિવારણ માટે કેવી મોટી વાતાવરણ નિર્માણની પ્રવૃત્તિઓ હાથ ધરી, પત્રકારત્વ, લોકસાહિત્યનું એકત્રીકરણ, પ્રસ્તુતિકરણ, પંખીસૃષ્ટિ, આકાશસૃષ્ટિ વિશે લોકજીવનમાં પ્રચલિત માન્યતાઓને એકત્ર કરીને એને શાસ્ત્રીય ઓપ આપીને એ વિષયના ગ્રંથોનું અધ્યયન કરીને પત્રકારત્વમાં નવી ભાત

પાડતું લેખન, 'નિજમ' તખલ્લુસથી પુસ્તક સમીક્ષાઓ અને સાહિત્યસર્જન, 'અશ્વિનીકુમાર' અને વિવિધ તખલ્લુસોથી પોતાના વ્યક્તિત્વને વિગલિત કરીને લેખન પ્રવૃત્તિ કરી. એમાં ક્યાંય નામ કમાવાની, લેખક તરીકે ઉપસવાની વૃત્તિ નથી કળાતી પણ સમાજને ચરણે, કશુંક ધરવું જેનાથી સમાજોત્થાન શક્ય બને. નિસર્ગોપચાર, રાજકીય-સામાજિક સેવા ક્ષેત્રે પ્રવૃત્ત નામાંકિત વ્યક્તિઓના સંદર્ભે કટાક્ષ કરતી 'ખંડિત ક્લેવરો', 'અણખૂટધરા' માટે તો ભારે મોટું કુતુહલ અઠવાડિક 'સૌરાષ્ટ્ર' દ્વારા જન્મેલું. 'ગગનને ગોખે' 'અલબેલાં પંખીઓ' અને 'કાઠિયાવાડના ઘડવૈયા' જેવામાં કતૃત્વ ઓગળી ગયું છે. જયમલ્લભાઈ કહેતા કે નિરંજનભાઈ પાસે સામગ્રી હોય, વિચાર હોય, દુહા હોય, ભજનો હોય. મારી બાલ્યાવસ્થા પણ એ જ રીતે એમની માફક વડિલો પાસેથી, સમાજ પાસેથી કંઠસ્થ પરંપરાની સામગ્રીમાં, સ્મૃતિમાં સંઘરાયેલી એટલે પૂરક વિગતોની વાતચીત કરીને પછી લખું. સીધું છપાય, પ્રુફ્સ વખતે પાછું ઉમેરાય. નિરંજનભાઈ રજૂઆતના આદમી વાતને લડાવીને કહે. મેઘાણી, પન્નાલાલ, ધૈર્યચંદ્ર બુદ્ધના લેખોમાંથી નિરંજનભાઈ વર્માની સાહિત્યસૂઝ, લોકસાહિત્યની જાણકારીની વિગતો મળે છે. પણ તેઓ લેખનમાં વિશેષ પરોવાય અને પ્રદાન કરે એ પૂર્વે તો જીવલેણ બીમારીમાં સપડાયા. મિત્રોએ ભારે મોટી સુશ્રુષા-સેવા ચાકરી કરી છે. ઈશ્વરભાઈ-વિદ્યાબહેન દૂર-સુદૂર દક્ષિણપ્રાંતમાં રહે. સ્પેશ્યલ રૂમમાં વર્ષો સુધી દર્દીને રાખવાની, દવાની વ્યવસ્થા કરવી. સગાભાઈ કરતાં પણ ભારે અદકેરા માનવીય સંબંધોનું જીવંત દૃષ્ટાંત છે નિરંજન વર્મા, જયમલ્લભાઈ અને ઈશ્વરભાઈ-વિદ્યાબહેન દંપતિ.

ચારણોની મારુ શાખાના બારહઠ્ઠ- બાદાણી અટકના પરિવારમાં નિરંજનભાઈનો વિ.સં. ૧૯૭૩ને ભાદરવા સુધી નોમને દિવસે જન્મ. ૨૬.૮.૧૯૧૭, વસંતભાઈ ગઢવી દ્વારા ખ્યાલ આવ્યો કે નાનભા બારહઠ્ઠ. પિતાશ્રીનું નામ માવલજી, માતાશ્રીનું નામ બાજીબા. મૂળ વતન નવાનગર રાજ્યના જામજોધપુર તાલુકાનું ગામ રાજડા. છ વર્ષની ઉંમરથી મૂળ વતન છોડીને મોસાળમાં વાંકાનેર આવવાનું- રહેવાનું થયું. મોસાળ પક્ષ સ્વામિનારાયણ સંપ્રદાયને ચૂસ્ત રીતે વરેલો. વહેલી સવારે ઊઠીને ઢોરને પહર ચારવા લઈ જાય. ભજન, પ્રભાતિયાં ગાય. પિતાશ્રી ભજનિક અને માતા લોકગીતોનાં ગાયક. પિતાના ભજન ગાનની હલક અને માતુશ્રી તરફથી લોકગીતો





ગાનના ઢાળ નાનપણમાં ઝીલેલા તે પોતાના ગળામાં અંત સુધી જાળવેલા. સ્વામિનારાયણના સાધુઓની સંગત, સત્સંગી જીવન એટલે અગિયાર વર્ષની કાચી વયમાં જ સ્વામિનારાયણના સાધુ થવા નીકળી પડેલા પણ માતુશ્રીએ પ્રયત્ન કરીને પાછા વાળ્યા. ધર્માભિમુખ તો રહ્યા જ . દંડી સંન્યાસીઓના સંપર્કમાં આવ્યા. વેદ, ઉપનિષદ, ભાષ્યનું અધ્યયન અને ચિંતનાત્મક પ્રવૃત્તિ થઈ ગયેલી, વ્યવહારમાં મનમોજીપણું પ્રગટે. નેતી-ધોતીન, થોડાં આસન ધ્યાન-પ્રાણાયમના પ્રયોગ કરે. ભણવાનું પણ ચાલે. તેજસ્વી એટલે સ્કોલરશિપ પણ મેળવે. ઘરખર્ચમાં માતુશ્રીને આપી દે. પ્રકૃતિપ્રેમને કારણે પગપાળા ગિરનારનો પ્રવાસ કરે. ૧૪મે વર્ષે તો છઠ્ઠી અંગ્રેજી પૂરી કરી. વાચન-લેખનથી શિક્ષકો પણ પ્રસન્ન રહેતા. ગાંધીજીની સત્યાગ્રહની લડતના પ્રભાવે ભણવાનું છોડીને લડતમાં ભળ્યા, ઘર છોડ્યું. માતુશ્રી પાછા લઈ આવેલાં પણ મક્કમ મનોબળથી પાછા નીકળી પડ્યા. પકડાયેલા પોલીસે કાચી ઉંમરના બાળક જાણીને છોડી મૂક્યા. ઘેર જવાને બદલે દક્ષિણામૂર્તિ ગયા. સોળના થયા ત્યાં પિતાશ્રીનું અવસાન થયું. ભાવનગરમાં-દક્ષિણામૂર્તિમાં વિનિતનો અભ્યાસ આરંભેલો. અહીં ચિત્રકાર સોમાલાલ શાહનો ગાઢ પરિચય થયો. ચિત્રકળામાં પણ પ્રાવીણ્ય પ્રાપ્ત કરેલું. ૧૯૩૪માં સત્યાગ્રહની લડત શમી ગઈ. અંગ્રેજ સરકારે કેદીઓને છોડી મૂકેલા. આ કેદીઓમાંના મોટાભાગના સૌરાષ્ટ્રને સમૃદ્ધ કરવા માટે ગાંધીમૂલ્યો-વિચાર ધારાને જીવનમાં ધારણ કરીને ગ્રામોત્થાનની -સમુદ્ધારની પ્રવૃત્તિમાં જોતરાયા. આવી પ્રવૃત્તિ માટે દક્ષિણામૂર્તિ છોડીને વાંકાનેરમાં સ્થપાયેલી હરિજન શાળામાં સેવા આપતા અને રાત્રે પ્રૌઢ શિક્ષણમાં પ્રવૃત્ત થવા માટે વાંકાનેર સ્થિર થયા. અહીં 'બંધુ સમાજ લાયબ્રેરી'ની સ્થાપના કરેલી. અહીંથી આ સમયે સત્યાગ્રહી લડતમાંથી છૂટા થઈને જયમલ્લ પરમાર, રતુભાઈ અદાણી અને ભીખુભાઈ ધ્રુવની ત્રિપુટીએ 'સ્વસ્તિક ચર્માલય' નામથી ગ્રામોદ્યોગનું કાર્ય આરંભેલું. ચર્મ ઉદ્યોગને વિકસાવવા માટે હરિજન બાળકોને કૌશલ્ય બક્ષીને રોજી રોટીના સાધન માટે કેળવતા. પ્રજાને સ્વાવલંબી બનાવતી, ચામડામાંથી ચપ્પલ નિર્માણની આ પ્રવૃત્તિ દ્વારા અસ્પૃશ્યતા નિવારણનું કામ પણ થતું. વાંકાનેરમાં જ ત્રેવીશ વર્ષના જયમલ્લભાઈની સાથે સત્તરવર્ષના લોકસંસ્કૃતિ, લોકગીતો, લોકકથા, ભજન, દુહાથી હરિજન તરુણોનું અને પ્રોઢોનું ઘડતર કરતા, લાયબ્રેરી ચલાવતા નિરંજનભાઈનો સંપર્ક થયો. સંપર્ક-મૈત્રીમાંથી ગાઢસંબંધમાં પલટાઈ ગયો.

ઈ.સ. ૧૯૩૫માં વાંકાનેરના ચર્મઉદ્યોગનું કાર્ય પ્રગતિશીલ ગાયકવાડી સત્તાના અમરેલીના તરવડા નામના ગામડામાં ફેરવાયું. આ બધા મિત્રો સાથે નિરંજનભાઈ પણ વાંકાનેર છોડીને તરવડા ગયા. તરવડામાં એકાદ વર્ષ ક્રિયાશીલ રહીને પછી સેવાકાર્યમાંથી નિવૃત્તિ મેળવીને જયમલ્લભાઈ પરમાર અને નિરંજનભાઈ ભાવનગર આવ્યા. અહીં બળવંતરાય મહેતાના પ્રોત્સાહનથી 'ઠક્કરબાપા હરિજન આશ્રમ'નું કામ

સંભાળ્યું. હરિજન બાળકોના ઘડતરમાં પ્રાણ રેડ્યો. એમને ગીતો ગવડાવે, વાર્તાઓ કહે, પ્રવાસે લઈ જાય. મંદિર પ્રવેશ કરાવરાવે. શિક્ષણની સાથે વ્યક્તિત્વ ઘડતરનું કામ ભારે દીપી ઊઠ્યું. એ સમયના પ્રવાસોની, અસ્પૃશ્યતા નિવારણના પ્રયત્નોની વિગતો વિશેના લેખો વાંચીએ ત્યારે એમના પ્રદાનનો ખરો પરિચય મળી રહે. નરસિંહ મહેતાએ કંડારેલી કેડીએ, ઠક્કરબાપાએ ચીંધેલા માર્ગને નિરંજનભાઈએ રાજમાર્ગ બનાવ્યો. પછીથી આ માર્ગ વધારે દીપી ઊઠ્યો, રાજકોટના છગનલાલ જોશીના કાર્ય અને પ્રવૃત્તિથી. અસ્પૃશ્યતા નિવારણને માટે ખપી ગયેલા આ બે કર્મશીલોના કાર્યની ગુજરાતે વિગતે વાત કરવાની બાકી છે. અહીં 'સંત્રી' નામનું હસ્તલિખિત અંકનું દર મહિને સંપાદન કરતા એમની લેખન, સંપાદનની કામગીરીનો એમાંથી પણ પરિચય મળી રહે છે.

ઈ.સ. ૧૯૩૬ મનુભાઈ પંચોળી સાથે જયમલ્લભાઈને ભારત પ્રવાસે નીકળવાનું થયું. જયમલ્લભાઈ અને નિરંજનભાઈનો લેખન પત્રવ્યવહાર અહીંથી આરંભાયો. એ બન્ને મિત્રો આઠ મહિના સુધી એકબીજાને પત્રો લખતા રહ્યા. પ્રવાસમાંથી પરત થયા. ભાવનગરમાં બળવંતરાય મહેતાનું રાજકીય-સામાજિક સેવાકાર્ય પ્રશંસનીય હતું. ઈ.સ. ૧૯૩૮ના હરિપુરા ખાતે યોજાયેલા કોંગ્રેસના એકાવનમાં વાર્ષિક અધિવેશનમાં જયમલ્લભાઈ, નિરંજનભાઈ ગયા. ૧૯૩૦થી સ્વાતંત્ર્યની લડતના સહયોગી ઈશ્વરભાઈ દવેએ મને અહીં મળ્યા. ત્રણેય મિત્રોએ નક્કી કર્યું. સંયુક્ત રીતે પરસ્પર ઉપયોગી થઈને દેશસેવાકાર્ય કરવું.

**નરસિંહ મહેતાએ કંડારેલી કેડીએ, ઠક્કરબાપાએ ચીંધેલા માર્ગને નિરંજનભાઈએ રાજમાર્ગ બનાવ્યો. પછીથી આ માર્ગ વધારે દીપી ઊઠ્યો, રાજકોટના છગનલાલ જોશીના કાર્ય અને પ્રવૃત્તિથી**

એ સમયગાળામાં ઈ.સ. ૧૯૩૮માં પાળિયાદ ધરતીકંપમાં રતુભાઈ અદાણીના સહયોગી બનીને પુનર્વાસના કાર્યમાં બન્ને મિત્રોએ ભરપૂર યોગદાન આપ્યું. પછીથી ૧૯૩૮ના અંતભાગમાં રાજકોટ સત્યાગ્રહમાં સામેલ થવા રાજકોટને થાણું બનાવ્યું. ૧૯૩૯માં ગાંધીજીના રાજકોટના ઉપવાસ પછી રચનાત્મક સેવા કાર્યોમાં ઓટ આરંભાયેલી. 'ફૂલછાબ'નું કાર્ય પણ પ્રજાકીય લડતને પ્રોત્સાહિત કરવાનું હતું. માર્ચ-૧૯૩૯થી બન્ને મિત્રો ઝવેરચંદ મેઘાણીના આગ્રહથી અઠવાડિક 'ફૂલછાબ'માં સેવા આપવા રાણપુર રહ્યા.

રાણપુરમાં જયમલ્લભાઈ- નિરંજનભાઈ એક ઘર ભાડે રાખીને સાથે રહેતા. અવાર-નવાર જયમલ્લભાઈનાં માતુશ્રી પણ અહીં આવતાં. બન્નેને રાંધી ખવડાવે. મિત્રોનો મેળાવડો જામે. રાણપુરમાં પ્રૌઢ શિક્ષણ, અસ્પૃશ્યતા નિવારણની પ્રવૃત્તિ ચલાવે, વાર્તા-કથા દ્વારા યુવાનોનું ઘડતર. લેખન, પ્રવાસ સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટેની લડતના લડવૈયા હોવાને કારણે એમની સામે પકડ વોરંટ હતું. ઈન્દુભાઈ નામ ધારણ કરીને ક્રિયાશીલ રહ્યા. પોલીસને હાથતાળી આપતાં આપતાં ઘવાયા. પીડાદાયક બીમારી ભોગવતાં પરિવ્રાજક મેઘાણીની છાયામાં જયમલ્લ પરમારની સંગતમાં સહિયારા લેખન સ્વરૂપે વિશિષ્ટ પ્રકારનું સાહિત્ય સર્જન કર્યું. અઠવાડિક પત્રકારત્વ સાથે સક્રિય રહ્યા, ત્યારે અને પછી 'ભારતી સાહિત્ય સંઘ'માટે કરેલું લેખન એમના શતાબ્દી વર્ષમાં પુનઃ મુદ્રિત થવું જોઈએ. ખાસ કરીને એમણે કાઠિયાવાડ, કચ્છ, ગૌડ બંગાળ, બુંદેલખંડ, પંજાબ અને રાજસ્થાનની લોકકથાઓ અનુદિત કરી. ઉપરાંત, ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદ દ્વારા પ્રકાશિત ગુજરાતી સાહિત્યના સાહિત્યકોશ(અર્વાચીન)ખંડ-૨માંથી એમનાં પ્રકાશનોની વિગત ક્રમબદ્ધ રીતે સાંપડે છે એ મુજબ બાળલોકકથાઓ જેવી કે 'સોનપદમણી', 'નાગકુમારી', 'ગંડુરાજા','પાકો પંડિત', 'નીલમણિ અને ફુલવંતી' જેવી બાળ લોકકથાઓની લોકકથા ગ્રંથાવલી ભાગ ૧,૨,૩(૧૯૪૪, ૪૫, ૪૬) ભારે મહત્ત્વની છે. પંખી જગતનો પરિચય કરાવતી કિશોર સાહિત્ય પ્રકારની 'આંગણાંના શણગાર', 'ઊડતાં પંખી', 'વગડામાં વસનારા', 'કંઠે સોહામણાં' અને 'પ્રેમી પંખીડાં', જેવી પક્ષી પરિચય ગ્રંથાવલી (૧૯૪૫) ચરિત્રલેખન ગ્રંથો પણ હૃદયસ્પર્શી છે. એમાં 'કાઠિયાવાડના ઘડવૈયા', 'જીવન શિલ્પીઓ'(૧૯૪૧) 'આચાર્ય પ્રફુલ્લચંદ રોય' (૧૯૪૫) 'શાહનવાજની સંગાથે' (૧૯૪૬), 'સુભાષના સેનાનીઓ' (૧૯૪૬) 'ઝવેરચંદ મેઘાણી' (૧૯૪૭). એમનું કટાક્ષ અને વ્યંગને ઉપસાવતું 'સાંબેલા'(૧૯૪૨) 'અમથી ડોશીની અવળવાણી' (૧૯૪૬) પણ સુખ્યાત છે. 'ગગનને ગોખે'(૧૯૪૪) 'આકાશપોથી'(૧૯૫૦) ખગોળવિદ્યાના એમના જ્ઞાનના દ્યોતક છે. 'સરહદપાર સુભાષ' (૧૯૪૬) અત્યંત લોકપ્રિય અનુવાદ છે. 'ખંડિત ક્લેવરો'(૧૯૪૨), 'અણખૂટ ધારા'(૧૯૪૫) 'કદમ કદમ બઢાએજા'(૧૯૪૬) જેવી નવલકથાઓ પણ ધ્યાનાર્હ છે. આ ઉપરાંત એમની સાથે એ સમયે એક ત્રીજા કાર્યકર્તા પણ ફૂલછાબ સાપ્તાહિકમાં સેવારત હતા. એનું નામ મગનભાઈ સતીકુમાર. 'નિજમ' નામથી આ ત્રણેયનું સાહિત્યિકપૃષ્ઠ પણ ભારે લોકપ્રિય હતું. મેઘાણી જન્મભૂમિનું સાહિત્યપૃષ્ઠ 'કલમ કિતાબ' નામથી સંભાળતા અને ફૂલછાબનું આ મિત્ર ત્રિપુટી. એમનાં અવલોકનો, ચયન કરેલી સામગ્રી પણ ભારે લોકપ્રિય બનેલી. ઈ.સ. ૧૯૪૧માં એક મહિનાથી વધુ સમય સુધી નિરંજનભાઈ કરાંચી પ્રવાસે ગયેલા ત્યાં લોકસાહિત્યની રસલહાણથી વધુ લોકપ્રિય થયા.

મેઘાણી બપોરનું ભોજન જયમલ્લભાઈ-નિરંજનભાઈ સાથે લેતા. બપોરનો આરામ પણ ત્યાં જ. સાંજે આ બન્ને મિત્રો રેલવે સ્ટેશન સુધી મેઘાણીને મૂકવા જાય. પછી નગરચર્યા, વાતો, સંસ્મરણો. ઈશ્વરભાઈનાં ૧૯૩૮માં વિદ્યાબહેન સાથે લગ્ન થયાં. એ દંપતિનું કુટુંબ તો વિશાળ પણ એમાં આ બન્ને મિત્રોની પણ સામેલગીરી પૂરી. પન્નાલાલ પટેલને, ઉમાશંકર જોશીને નિરંજનભાઈનો અલ્પપરિચય પણ અપાર આદર, એમનાં

લખાણો દ્વારા પ્રગટાવ્યો છે. 'અશ્વિનીકુમાર', 'જયવિજય' જેવાં તખલ્લુસોથી સહિયારું સર્જન ગુજરાતી સાહિત્યની અમીરાતની પરિચાયક છે.

આપણે જાણીએ છીએ કે સ્વાતંત્ર્ય પ્રાપ્તિની લડત બે પ્રકારે ચાલતી હતી. ગાંધીજીથી અનુપ્રાણિત સત્યાગ્રહીઓમાંથી પણ ઘણાંએ અહિંસક લડતને બદલે સશસ્ત્રક્રાંતિનો અભિગમ અપનાવેલો. નિરંજનભાઈ, જયમલ્લભાઈ અને બીજા વીશ-પચીસ મિત્રો બોમ્બ બનાવવાના કામમાં પાવરધા થઈને ૧૯૪૨થી વધુ સક્રિય થવા ફૂલછાબ છોડ્યું. ઈશ્વરભાઈ-વિદ્યાબહેનનું મુંબઈનું ઘર, બીજાં સ્થાનો એમનાં આશ્રયસ્થાનો. એમના ઉપર વોરંટ હતું અને પોલીસને હાથતાળી આપવામાં અને ન પકડાવવાની કુનેહને કારણે સતત નિરંજનભાઈને ભટકતું રહેવું પડતું. ૧૯૪૩માં એક વખત રાત્રે પોલીસના છાપાનો અણસાર આવી જતાં ભાગતા હતા. એમાં નિરંજનભાઈને મકાનની બારી છાતીની પાંસળીમાં વાગી ગઈ. પાંસળી તૂટી ગઈ. એમાં પ્લૂરસી થઈ. વધારામાં ટી.બી. લાગુ પડ્યો. વિદ્યાબહેનની સારવાર, સંતાનોની સંભાળ રાખે જયમલ્લભાઈ-રતુભાઈ અદાણી. એમને સાજા કરવા માટે દવા ચાલતી.

ઈશ્વરભાઈની 'ઊર્મિ'ના સંપાદનથી 'ભારતી સાહિત્ય સંઘ' દ્વારા પ્રકાશન અને એના વેચાણની કામગીરી ૧૯૪૫થી ઉત્તમ રીતે ચાલતી થઈ. કાન્તિભાઈ શાહ, રવાણી બંધુ સોપાન, માવળંકર જેવા સન્મિત્રોનો સહયોગ. સુંદર પરિણામદાયી નીવડેલો. આ દિવસોમાં સુભાષચંદ્ર બોઝ કલકત્તાથી ગુમ થયા. જર્મની ગયા તેની સીલસીલાબંધ હકીકત લાલા ઉત્તમચંદે ઉર્દૂમાં પ્રકાશિત કરેલી. એમને જયમલ્લભાઈ અને નિરંજનભાઈએ મુંબઈ બોલાવ્યા. 'સરહદપાર સુભાષ' નામથી અનુવાદ કર્યો. 'ભારતી સાહિત્ય સંઘે' એનું પ્રકાશન કર્યું. આ પુસ્તક ભારે લોકપ્રિય થયું. ખરીદવા માટે લાઈન લાગતી. ત્યાર પછી આ બન્ને મિત્રો ભાગતા-ફરતા પણ લેખનકાર્યમાં ગુંથાયેલા રહ્યા. 'સુભાષના સેનાનીઓ' અને 'શાહજવાજની સંગાથે' પુસ્તકો પ્રકાશિત કરીને લોકપ્રિયતા હાંસલ કરી. એ સમયે રચાયેલા 'હિંદી ફોજ' તથા 'જુનાગઢની આરઝી હકુમત', 'લાલકિલ્લાનો મુકદ્દમો' પણ મહત્ત્વનાં ગણાય છે.

૧૯૪૬ સુધી માંદગી ચાલુ જ રહેલી. ૧૯૪૭થી પાછા રાણપુર આવ્યા. પાછી તબિયત વધારે લથડી. મુંબઈ, પંચગની છ - સાત મહિના રહ્યા પણ કંઈ ફેર ન પડ્યો. ખબર પડી કે આંધ્રપ્રદેશમાં મદનપલ્લીના સેનેટોરિયમ 'આરોગ્યવરમ્'માં શ્રેષ્ઠ સારવાર મળી શકે છે. ત્યાં રાખ્યા. સ્પેશ્યલ વોર્ડમાં રહ્યા. જયમલ્લભાઈએ દવાના ખર્ચાને પહોંચી વળવા 'ફૂલછાબ'માં જોડાવાનો નિર્ણય કર્યો. વિદ્યાબહેન-ઈશ્વરભાઈ ઘર ભાડે રાખીને સારવાર માટે ત્યાં રહ્યા. જયમલ્લભાઈએ 'સમય સમયના રંગ'માં આ બધાં કરુણ સંભારણાં વિગતથી આલેખ્યાં છે.

નિરંજનભાઈનું અહીં પણ વાચન-લેખન ચાલતું હશે એમને 'રેખા'ના અંકો, નવાં પ્રકાશનો મોકલતા રહેતા, એમના પત્રો, એમાંથી નીખરતી એમની ખુમારી, ખમીર, ભાષાશૈલી, ચિંતન રાવજી પટેલના પૂર્વજ તરીકે નિરંજનભાઈને મુલવવા માટે પ્રેરે એ પ્રકારનું મને જણાયું છે. ૩૪ વર્ષના અલ્પ આયુષ્યમાં કેવું ગતિશીલ જીવન જીવીને એક ક્રાંતિવીર સત્ત્વશીલ સાહિત્યિક પત્રકારત્વ ખેડતાં-ખેડતાં વિશિષ્ટ પ્રદાન કરી ગયા.

અસહ્ય પીડા, સ્નેહ નીતરતી સારવાર, નિસર્ગના ખોળે રમણીય સ્થાને ઉત્તમ પ્રકારની દવાઓ, ઓપરેશન પછીની કાળજી વિશેની બધી વિગતો જયમલ્લભાઈના લખાણમાંથી પામીએ છીએ. દક્ષિણપ્રાંતની પ્રકૃતિના નિસર્ગશ્રીના અને સેનેટોરિયમના ત્યાં આવેલા લોર્ડ માઉન્ટબેટનનાં પત્ની એડવિનાં વિશેના આલેખનોથી એ સમયનું સળંગ ચિત્ર આપણાં મનઃચક્ષુ સમક્ષ પથરાય છે. રતુભાઈ અદાણી, બળવંતરાય મહેતા, કિશોરલાલ મશરૂવાળા, ઠક્કરબાપા, સ્વામી આનંદ, રવિશંકર મહારાજ, કાકાસાહેબ, ચં.ચી.મહેતા, છગનલાલ જોષી, ઝવેરચંદ મેઘાણી, મોહનલાલ મહેતા 'સોપાન', અમૃતલાલ શેઠ, ડૉ. જીવરાજ મહેતા. આમ કેટ-કેટલા મહાનુભાવો એ સમયના મોટા-મોટા લેખકો ઈશ્વરભાઈ, જયમલ્લભાઈ અને નિરંજનભાઈની મૈત્રીને આદર્શ મિત્ર ત્રિપુટી તરીકે ઓળખાવતા. તા. ૨૯-૮-૧૯૧૭માં જન્મ. તરુણાવસ્થામાં રાષ્ટ્રને સ્વાતંત્ર્ય પ્રાપ્તિ મળે એ માટે એક ચારણ તરુણ માતૃપ્રેમને ત્યજીને, માના ખોળાને ત્યજીને ભારતમાતાને પ્રેમ કરવા ચાલી નીકળે એમાં એમના ક્રાંતિપ્રેમી ચિત્તનો પરિચય મળી રહે છે. તા. ૯-૫-૧૯૫૧માં છેલ્લા શ્વાસ લીધા ત્યાં સુધી પત્રો તો અવિરતપણે લખતા જ રહેલા.

નિરંજનભાઈના ક્રાંતિવીરના યોગદાન આલેખતા-આલેખતા મને ક્રાંતિને ગળે લગાડનારા ચારણ નરપૂંગવો કેસરીસિંહ બારહઠ, જોરાવરસિંહ બારહઠનાં બલિદાનો સ્મરણે ચઢે છે. મધ્યકાળે બાંકીદાસ આસિયા અને સૂર્યમલ્લ મિશણ મોતને બથભરીને ક્રાંતિની મશાલ પકડીને, દુરિતને પડકારવા નીકળી પડેલા. આપણા કરશનદાસ મહેડુ અને દુરસાજી આઢાનાં બલિદાનોથી ચારણકુળ ભારતખ્યાત છે. આવી ચારણી ક્રાંતિવીરોની પરંપરામાં લગભગ ભૂલાઈ ગયેલું, ચૂપચાપ પોતાની નિર્મળ અને નિર્ભેળ દેશસેવાથી, ખૂમારીથી ક્રાંતિ લડત કરી, ક્રાંતિકારી સાહિત્ય અને પ્રકૃતિકેન્દ્રી મૂલ્યનિષ્ઠ સાહિત્ય સાધના અને સર્જનમાં સહયોગી બની, સહભાગી સહિયારી સાહિત્ય સર્જનનું ઉમદા ઉદાહરણ એટલે નિરંજનભાઈ. ખપી ગયેલું વ્યક્તિત્વ એટલે નિરંજન વર્મા. ઉપરાંત ચારણ પરંપરાનું તેજસ્વી અનુસંધાન એમના વ્યક્તિત્વમાંથી અને કર્તુત્વમાંથી પ્રગટેલું અનુભવાય છે. યુવાનવયે શહીદીને વ્હોરનારા ક્રાંતિવીરને અને શીલભદ્ર પત્રકાર સાહિત્યકારને શતાબ્દી વર્ષની પૂર્વવર્ષે વંદના....

*તીર્થ, ૨૭૪, જનકપુરી, યુનિવર્સિટી રોડ,*
*રાજકોટ-૫. મો : ૯૪૨૮૨૦૭૦૦૦*




" મણિ મંદિર, મોરબી "
- ભાટી એન.



“ વનરાજીનો વૈભવ ”

- બી. એલ. નિમાવત



“ વતન વારસાનું ”

- કિશોર પી. પીઠડિયા



“ વિહાર ”

- ઉર્દેશ વોરા

# પવિત્ર નગર પોરબંદર

*– ડૉ. નરોત્તમ વાળંદ*

**છે**ક પૌરાણિક અને ઐતિહાસિક સમયથી જાણીતું આ નગર ભગવાન શ્રીકૃષ્ણના પરમ સખા સુદામાની તપોભૂમિ હતી. દેશ અને વિદેશમાં વિચરણ કરીને ભારતીય સંસ્કૃતિનો પ્રકાશ ફેલાવનાર સ્વામી વિવેકાનંદની એ કર્મભૂમિ હતી. વિશ્વવિભૂતિ મહાત્મા ગાંધીજીની એ જન્મભૂમિ છે. નગરની અનેક સંસ્થાઓની સ્થાપના અને નિભાવ માટે મોકળા હાથે દાનનો પ્રવાહ વહેવડાવીને નગરની સંસ્કૃતિ અને સમૃદ્ધિ વધારનાર ‘રાજરત્ન’ શેઠ નાનજીભાઈ કાલિદાસ મહેતાની પુણ્યભૂમિ છે. આ બધાંનો સમગ્ર રીતે વિચાર કરીએ તો પોરબંદરને સહજ રીતે જ પવિત્ર નગર કહેવાનું મન થઈ આવે.


પોરબંદરનો ઉલ્લેખ ઈ.સ. ૯૮૯ના જેઠવા વંશના રાજવી બાલ્કન દેવ ઉર્ફે બાપુજીના તામ્રપત્રમાં ‘પૌરવેલાકુલ’ તરીકે મળે છે. એમના નગરની અધિષ્ઠાત્રી દેવી ‘પોરાવ’નું મંદિર દરિયાની ખાડીના કાંઠે આવેલું હતું. પોરબંદરનું પ્રાચીન નામ ‘વેલાકુલ’ અર્થાત્ ‘દરિયાકાંઠાની જગા’ હતું. આમ, બે શબ્દ જોડાઈને ‘પૌરવેલાકુલ’ શબ્દ બન્યો અને સમય જતાં તેનું નામ ‘પોરબંદર’ પડ્યું. ‘સ્કંદપુરાણમાં તેનું નામ ‘સુદામાનગરી’ અપાયું છે. દ્વારકાક્ષેત્ર અને પ્રભાસક્ષેત્ર એ બે વચ્ચેની સીમાઓ પોરબંદરમાં ભેગી થાય છે. ૨૧-૪૫ ઉત્તર અક્ષાંશ અને ૬૯-૩૩ પૂર્વ રેખાંશ પર આવેલા આ પ્રદેશ હાલાર તરીકે ઓળખાતો હતો. બરડા ડુંગરનો ઘણોખરો ભાગ અસ્માળતી નદી અને સાગર સંગમ પર આવેલો હતો.’


> **એ વખતે પોરબંદરના કિલ્લાને પાંચ દરવાજા હતા. પૂર્વમાં છાયા તરફનો મુખ્ય દરવાજો, બીજો બોખીરાનો દરવાજો, ત્રીજો વીરડીનો દરવાજો, ચોથો બંદરનો દરવાજો(પશ્ચિમ તરફનો) અને પાંચમો નાનો દરવાજો દક્ષિણ બાજુએ હતો. કિલ્લા પર કેટલાક કોઠાઓ હતા**


આ બરડા ડુંગરની ખીણની સમથળ જમીન પર જેઠવા વંશના રાણા શિયોજીએ ઘૂમલીમાં રાજધાની સ્થાપી હતી. વર્ષો પછી એ રાજધાની રાણપુરમાં ગઈ. એ વંશના રામદેવજી ચોથાના અમલ દરમિયાન નવાનગરના જામ સતાજીએ તેમની હત્યા કરી અને રાણપુર જીતી લીધું. જેઠવા રાજાઓની વંશાવળી અને તેમની રાજગાદી વિષે ભિન્ન ભિન્ન મતો પ્રવર્તે છે. ‘કાઠિયાવાડ સર્વસંગ્રહ’ અનુસાર આ રાજાઓ રાણા તરીકે ઓળખાતા હતા. તે પછી કુંવર ભાણજીએ રાણપુર છોડ્યું અને છાયામાં ગાદી સ્થાપી. તેઓ માત્ર ચાર માસ રાજ્ય કરીને અવસાન પામ્યા. તેમના પુત્ર ખીમોજી સગીર વયના હોવાથી રાજમાતા કલાવતીબાએ રાજવહીવટી સંભાળી લીધો. તેમણે છાયામાં રાજગઢ બંધાવ્યો. ખીમોજી ઈ.સ. ૧૬૨૬માં અવસાન પામ્યા.

આ અરસામાં મહમદ બેગડાએ ચડાઈ કરી અને સોમનાથનું મંદિર તોડીને લૂંટ કરી. પછી જૂનાગઢ જીતી લીધું. ત્યારબાદ પોરબંદરમાં પ્રવેશ કર્યો અને મુસ્લિમ લશ્કરની ટુકડી ત્યાં મૂકીને આગળ વધ્યો. મુસ્લિમ લશ્કરનું વાવાઝોડું શમી ગયું એટલે જેઠવા રાણા વિક્રમાતજીએ પોરબંદરથી થોડેક દૂર દરિયાકાંઠે આવેલા શ્રીનગરમાં રાજધાની ખસેડી. તેઓ ઈ.સ. ૧૬૩૧માં અવસાન પામ્યા. તેમના પછી કુંવર સરતાનજીએ ગાદી સંભાળી. તેમણે પોરબંદર ફરતે નાનો કિલ્લો બાંધ્યો અને દરબારગઢ બંધાવ્યો. તેની પાસે રાજપૂત શૈલીની ત્રણ માળની ‘સરતાનજી ચોરો’ નામની સમરવિલા (ગ્રીષ્મભવન) બંધાવી. ઈ.સ. ૧૬૯૯માં તેઓ અવસાન પામ્યા.

એમના પછી ભાણજી(અવસાન ઈ.સ. ૧૭૦૯), ખીમોજી(અવસાન ઈ.સ. ૧૭૨૮) અને વિક્રમાતજી(બીજા) આવ્યા. સરતાનજી (બીજા) ઈ.સ. ૧૭૫૭માં ગાદીએ બેઠા અને પોરબંદરમાં રાજધાની સ્થાપી. તેમના પછી હાલોજી, ખીમોજી અને વિક્રમાતજી(ત્રીજા) (ભોજરાજજી) રાજગાદીએ બેઠા. કુંવર આઠ વર્ષની સગીર વયના હોવાથી રાજમાતા રૂપાળીબાએ રાજવહીવટ સંભાળ્યો હતો. રાજ્યનું દીવાનપદ મોઢ વણિક ગાંધી કુટુંબના હાથમાં હતું. ઉત્તમચંદ (ઓતમ) ગાંધી અને તે પછી તેમના પુત્ર કરમચંદ(મહાત્મા ગાંધીના પિતાશ્રી) દીવાન તરીકે વહીવટ કરતા હતા. રૂપાળી બા ઈ.સ. ૧૮૪૧માં અવસાન પામ્યાં. તેમના સ્મરણાર્થે રૂપાળીબા હૉસ્પિટલ બંધાઈ.







એ વખતે પોરબંદરના કિલ્લાને પાંચ દરવાજા

હતા. પૂર્વમાં છાયા તરફનો મુખ્ય દરવાજો, બીજો બોખીરાનો દરવાજો, ત્રીજો વીરડીનો દરવાજો, ચોથો બંદરનો દરવાજો(પશ્ચિમ તરફનો) અને પાંચમો નાનો દરવાજો દક્ષિણ બાજુએ હતો. કિલ્લા પર કેટલાક કોઠાઓ હતા. તેમાં તોપખાનું અને બંદૂકધારી સિપાઈઓનાં થાણાં હતાં.



આ સમય દરમિયાન ઈસ્ટ ઈન્ડિયા કંપની દ્વારા ભારતમાં અંગ્રેજોનું આગમન થયું. તેમણે દેશી રાજ્યોના વહીવટમાં પગપેસારો શરૂ કર્યો. તેમણે રાજ્યોને જુદી જુદી કક્ષા આપી અને તે અનુસાર ખંડણીની રકમ લેવાનું નક્કી થયું. પોરબંદર ત્રીજા વર્ગનું રાજ્ય ગણાયું. પાંચમી ડિસેમ્બર, ૧૮૦૯માં એ બ્રિટિશ હકૂમત નીચે આવ્યું અને ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૦૦ સુધી રાજ્યનો વહીવટ મુંબઈ ઈલાકાની બ્રિટિશ એજન્સીએ કર્યો.

રાણા વિક્રમાતજીના સમયમાં એડમિનિસ્ટ્રેટર લેલીએ ઈ.સ. ૧૮૮૮માં પોરબંદરનો કિલ્લો પડાવી નાંખ્યો અને ઘણી મોટી તોપો સમુદ્રમાં નંખાવી દીધી. કિલ્લો પડ્યા બાદ શહેરના પૂર્વ અને ઈશાન ભાગો વિકસ્યા. તાર-ટપાલ ઓફિસ, દવાખાનું, દીવાદાંડી, લાયબ્રેરી, અને રેલવે સ્ટેશન બન્યાં. મીટરગેજ રેલ્વે 'પોરબંદર સ્ટેટ રેલવે' કહેવાઈ. આઝાદી પછી તે સૌરાષ્ટ્ર રેલવેમાં સમાઈ ગઈ. રાજવહીવટને બંધારણ મળ્યું. મહારાણી વિકટોરિયાની જ્યુબિલીની ઉજવણી નિમિત્તે ગુજરાતી તાલુકા શાળા, કન્યાશાળા અને અન્ય સંસ્થાઓ બની. મુંબઈમાં વસવાટ કરતા ભાટિયાઓએ વ્યવસાયમાં સારી કમાણી કરી, જેમાંથી પોરબંદરની સમૃદ્ધિ વધી. રાણા વિક્રમાતજી પોતાના નિભાવ અર્થે રાજ્યની તિજોરીમાંથી માત્ર એકસો રૂપિયા લેતા અને સાદાઈથી રહેતા. રાજભંડાર સમૃદ્ધ બન્યો અને છપ્પનિયા દુકાળમાં તથા પછીના આફતકાળમાં પ્રજાને ઉગારવા રાજભંડારનું દ્રવ્ય ખપમાં લાગ્યું.

**પોરબંદરના દરિયા કિનારાના ઉત્ખનન દરમિયાન મળેલા પુરાતન અવશેષો પરથી જાણવા મળ્યું છે કે અવશેષો દ્વારિકા પાસેના દરિયામાંના જેવા જ હતા. આ બાબત સાબિત કરે છે કે સૌરાષ્ટ્ર કિનારે હડપ્પીય સંસ્કૃતિ ફેલાયેલી હતી**

વિક્રમાતજી પછી ભાવસિંહજીનું શાસન આવ્યું.(ઈ.સ. ૧૮૫૭-૧૯૦૮) તેમના સમયમાં ૧૮૮૦માં કન્યાશાળા સ્થપાઈ. પાઘડીપને વસેલા શહેરની બાંધણી શોભાવર્ધક બની. ૧૯૧૫માં ભાવસિંહજીના સ્મરણ અર્થે હાઈસ્કૂલ, હૉસ્પિટલ અને ભાવેશ્વર મંદિર બન્યાં. રાણી સુંદરબાના સ્મરણાર્થે થાન-તરણેતરમાં ત્રિનેત્રેશ્વર મંદિર બંધાયું.

ઈ.સ. ૧૯૨૦માં મહારાજા નટવરસિંહજીનો રાજ્યાભિષેક થયો. તેમના સમયમાં ૧૯૨૫ અને ૧૯૪૫માં બે પ્રદર્શનો યોજાયાં. પ્રથમ પ્રદર્શનમાં કાષ્ટકલા કારીગરીના ઉત્તમ નમૂનાઓ રજૂ થયા. ૧૯૪૫માં મહારાજાની સિલ્વર જ્યુબિલી ઉજવાઈ ત્યારે ભાવસિંહજી હાઈસ્કૂલમાં કેળવણી અને વિવિધ કલાવિષયક તથા સિક્કાસંગ્રહ જેવી દુર્લભ ચીજો મૂકવામાં આવી હતી. તેમના સમયમાં સ્વદેશી રમત-ગમતનું ધોરણ ઉચ્ચ કક્ષાએ પહોંચ્યું હતું. મહારાજા ક્રિકેટના પણ શોખીન હતા. તેમણે સમગ્ર એશિયામાં પ્રથમ ગણાય તેવી દુલિપ સ્કૂલ ઓફ ક્રિકેટ સ્થાપી હતી અને સ્પોર્ટ્સ ક્લબ શરૂ કરી હતી. પછી બી.એડ્ કોલેજ શરૂ કરી. ઈ.સ. ૧૯૨૮માં તેમના પ્રયત્નોથી 'કાઠિયાવાડ રાજકીય પરિષદ' ભરાઈ. તેના પ્રમુખ ઠક્કરબાપા હતા. ગાંધીજી પણ એ સભામાં ઉપસ્થિત રહ્યા હતા.

પોરબંદરના દરિયાકિનારાના ઉત્ખનન દરમિયાન મળેલા પુરાતન અવશેષો પરથી જાણવા મળ્યું છે કે અવશેષો દ્વારિકા પાસેના દરિયામાંના જેવા જ હતા. આ બાબત સાબિત કરે છે કે, સૌરાષ્ટ્ર કિનારે હડપ્પીય સંસ્કૃતિ ફેલાયેલી હતી. પ્રાચીન જેટીઓના અવશેષો દર્શાવે છે કે, એક મોટું બંદર હતું અને દરિયાઈ વ્યવહારનું મથક હતું. આફ્રિકા અને અન્ય દેશોમાંથી મોટાં જહાજો આવતાં હતાં. અરબસ્તાનથી ખજૂર, ખારેક, ઈમારતી લાકડું, કોલસો વગેરેની આયાત થતી અને ડુંગળી, કપાસ, સોડા એશ, બોકસાઈટ અને સિમેન્ટની નિકાસ થતી. સૌરાષ્ટ્રમાં વપરાતું કેરોસીન પોરબંદર આવતું અને ત્યાંથી વિવિધ સ્થળોએ પહોંચતું. આ બારમાસી બંદરે બહારનાં અનેક નાનાં મોટાં જહાજોનું આવાગમન થાય છે. દરિયાના જુવાળ વખતે સામાન્ય સપાટીથી પાણી ૯ ફૂટ ઊંચે ચડે છે. તે વખતે મોટાં વહાણો ફુરજા નજીક આવે છે. અહીંથી અરબી સમુદ્ર અને હિંદી મહાસાગર બંને ઠેકાણે જવાની સુવિધા છે.

શરૂઆતના સમયમાં માત્ર પોર્ટ સુધીની રેલવે લાઈન હતી. દેશ આઝાદ થયો તે પછી એ લાઈન જેટી સુધી લંબાવવાનો નિર્ણય લેવાયો. દરિયાકિનારે બે લાખ ૪૧ હજાર સ્કેવર મીટરમાં ગોડાઉનો વિસ્તરેલાં છે.



આઝાદી પછી પોરબંદર વેપારમાં પાછળ પડી ગયું છે અને આયાત-નિકાસ પણ ઘટી છે. આમ છતાં પોરબંદરનું મહત્ત્વ નેવી, કોસ્ટ ગાર્ડ અને ગુજરાત મેરીટાઈમ બોર્ડ તરીકેનું રહ્યું છે. છેલ્લાં ૨૪ વર્ષથી તે કોસ્ટ ગાર્ડનું વડું મથક રહ્યું છે. દરિયાઈ

સરહદ અંગે તેને સુરક્ષિત બનાવવામાં આવ્યું છે. જમીન સરહદે ભલે કચ્છ પાકિસ્તાનની નજીક છે, પરંતુ દરિયાઈ સીમા જોતાં પોરબંદરથી કરાંચી ૮૦ નોટિકલ માઈલના અંતરે છે. નૌસેના માટે તે અગત્યનું મથક છે.


પોરબંદરના દરિયાકાંઠાના દરવાજા આગળ પથ્થરના મિનારા ઉપર ૮૫ ફૂટ ઊંચી દીવાદાંડી ઈ.સ. ૧૮૭૬માં પોરબંદરના રાણાએ બંધાવી હતી. તેના દીવાનું અજવાળું ૧૮ માઈલ દૂરથી દેખાય છે. પાસેનાં માધવપુર અને મિયાણી એ બે સારાં બંદરો છે. ચોમાસાની શરૂઆત થતાં બધાં બંદરો જૂનની૧૫મી તારીખે બંધ થાય છે અને સપ્ટેમ્બરની શરૂઆતમાં તે ચાલુ થાય છે.

પોરબંદરમાં જેઠવા રાજપૂતોનું રાજ્ય ઈ.સ. ૧૯૪૭ સુધી રહ્યું. તેના શાસક રાજાઓ 'હાઈનેસ' ગણાતા અને તેમને 'મહારાજ રાણા સાહેબ' કહેવાતા હતા. તેમને ૧૩ તોપોની સલામી આપવામાં આવતી હતી. ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭માં ભારતને આઝાદી મળી ત્યારે પોરબંદરનું રાજ્ય 'કાઠિયાવાડ યુનાઈટેડ સ્ટેટ'માં ભળી ગયું અને ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૪૮માં તેનું વિલીનીકરણ થતાં 'મહાગુજરાત'માં સમાઈ ગયું અને ભારતીય સંઘનું તે એકમ બની ગયું.

**જોવાલાયક સ્થળો :** પોરબંદરની બ્રિટિશકાલીન ઈમારતોમાં ૧૯મી સદીના પૂર્વાર્ધ સુધી ભારતીય પ્રાચીન શૈલી જણાય છે. ત્યારબાદ એકાએક પરિવર્તન આવ્યું અને તેના પર યુરોપીય શૈલીનો પ્રભાવ પડ્યો. 'હજૂર પેલેસ'એ પોરબંદરના વિખ્યાત મહેલોમાંનો એક છે. તે દરિયાકિનારે આવેલો છે. એ યુરોપિયન શૈલીથી બંધાયો છે. તેની છત ઢાળવાળી છે અને ઈમારતમાં સમુદ્રની દિશામાં ઘણી બારીઓ મૂકેલી છે. તેથી ઉનાળાની ઋતુમાં પણ દરિયાના પાણીનીં ઠંડી લહેરો અનુભવાય છે.

**ઉમાશંકરે ભાવનગર જિલ્લાના પ્રવાસે ચાવંડ ગામ આવતાં મોટરકારમાંથી ઊતરીને ધરતીની ધૂળ માથે ચડાવી હતી, કારણ કે આ ગામે મહાનકવિ 'કાન્ત' આપ્યા હતા.**

**કીર્તિમંદિર :** જે મકાનમાં ગાંધીજીનો જન્મ થયો હતો, તેની પાસે જ, લગભગ ૭૫૦ ચો.મી.ના ક્ષેત્રફળમાં 'કીર્તિમંદિર' નામે સ્મારક આકર્ષક શૈલીમાં બનાવાયું છે. તે નાનજીભાઈ કાલિદાસ મહેતાના દાનથી પુરુષોત્તમ મિસ્ત્રી દ્વારા સર્જાયું હતું. તા. ૨૭-૫-૧૯૫૦ના રોજ સરદાર વલ્લભભાઈ પટેલે તેનું ઉદ્‌ઘાટન કર્યું હતું. તેમાં બા-બાપુની આકર્ષક મોટી તસ્વીરો મૂકેલી છે.







**તારા મંદિર (નેહરુ પ્લેનેટોરિયમ) :** વર્તુળાકાર સિનેમાગૃહના જેવી એની રચના છે. છત તરફ જોવાથી વૈજ્ઞાનિક પદ્ધતિથી દૂરબીન વડે આકાશનાં નક્ષત્રો, તારા અને ગ્રહો દેખાય છે. ખુરશી પર બેઠાં બેઠાં ઊંચે જોવાથી સમગ્ર આકાશનું દશ્ય દેખાય છે.


**ચોપાટી (દરિયાકિનારો) :** શહેરથી અર્ધો કીલોમીટર દૂર દરિયાકિનારે આવેલી હરવા-ફરવાની, સહેલગાહ કરવાની આ જગા છે. ત્યાં દરિયાનો અને આજુબાજુના પ્રદેશનો નયનરમ્ય દેખાવ જોવા મળે છે. અહીં ખાવા-પીવાની હોટલો, ચગડોળ વગેરે આવેલાં છે. ઉત્તરાયણ, હોળી, ગણેશચતુર્થી અને દિવાળીના તહેવારોમાં લોકોની ભીડ થાય છે. જન્માષ્ટમી પ્રસંગે પાંચ દિવસ લગી મેળો ભરાય છે. (ઈ.સ. ૨૦૦૩ની સાલમાં ચોપાટી બની હતી.)

**દરબારગઢ :** કોટ પાસે દરબારગઢ આવેલો છે, જે રાણા સરતાનજીએ બંધાવ્યો છે. સખત પથ્થરની ઊંચી ભીંતો અને મજબૂત લાકડાના મોટા દરવાજાનો એ બનેલો છે. શરૂઆતમાં રાજાઓ અને તેમના પરિવારનો નિવાસ અહીં હતો. આ ગઢના સ્તંભો કોતરણીવાળા છે.

**ભારતમંદિર :** તેમાં ચિત્રો, શિલ્પો અને કોતરકામ દ્વારા ભારતીય સંસ્કૃતિ અને ધર્મનો પરિચય આપવામાં આવેલો છે. ભારતીય રીતરિવાજો, પોશાક, રહેણી-કરણી એ બધાંનું આબેહૂબ દર્શન અહીં જોવા મળે છે. પ્રાચીન ઋષિમુનિઓ, સાધુસંતો અને મહાપુરુષોની પ્રતિમાઓ તેમાં મૂકેલી છે.

**સુદામામંદિર :** પૌરાણિક સમયમાં કૃષ્ણ અને સુદામા એ બંને ગાઢ મિત્રો હતા અને સાંદિપની ઋષિના આશ્રમમાં સાથે વિદ્યા પ્રાપ્ત કરતા હતા. કૃષ્ણ રાજા બન્યા અને સુદામા દરિદ્ર બ્રાહ્મણ જ રહ્યા. કૃષ્ણની મૈત્રીથી સુદામાની દરિદ્રતા દૂર થઈ હતી. સુદામા મંદિર શહેર વચ્ચે આવેલું છે.

**પક્ષી અભયારણ્ય :** પોરબંદર હજી નવુંસવું શહેર હતું ત્યારે શહેરની બહાર મહારાજબાગ અને રાજવાડી- એ બે પક્ષીઓનાં ધામ હતાં. પોરબંદર ઋતુપ્રવાસી પક્ષીઓના





ધોરીમાર્ગ પર આવેલું છે. તેથી, સમુદ્રકાંઠો, તળાવ, ખેતર, ઝાડી, બગીચા વગેરે સ્થળે પક્ષીઓ જોવા મળે છે. સુલતાનબાગ અને રૂપાળીબા તળાવ એ બે શહેરની વચ્ચેનાં પક્ષીધામો હતાં. સુદામા મંદિરની આસપાસ ઉપવન હતું. ત્યાં પક્ષીઓના નિવાસ હતા. હવે જળાશયો સુકાઈ ગયાં છે. માત્ર શિયાળામાં જ પક્ષીમેળો જોવા મળે છે.

**મંદિરો અને આશ્રમો :** પોરબંદરમાં મંદિરો અને આશ્રમો ગણ્યા ગણાય નહિ એટલાં બધાં છે. જેઠવા રાજકુટુંબની કોઈ વ્યક્તિનું અવસાન થાય તે પછી તેના સ્મરણાર્થે દેવનું મંદિર બંધાતું. ભાણેશ્વર, ભોજેશ્વર, હનુમાન મંદિર, ગીતા મંદિર, ગાયત્રીમંદિર, રામધૂનમંદિર, સત્યનારાયણ મંદિર, ભૂતનાથ મંદિર, શ્રીહરિ મંદિર, સ્વામીનારાયણ મંદિર અને શનિદેવ મંદિર આવેલાં છે. આશ્રમોમાં સાંદિપની આશ્રમ અને રામકૃષ્ણ મિશન આવેલાં છે.

પોરબંદરની કેટલીક વિશિષ્ટ બાબતો જાણીએ. એ જમાનામાં રૂપિયે એક મણ બાજરી મળતી હતી, તે જમાનામાં પોરબંદરની પાઘડી ત્રીસ રૂપિયે વેચાતી હતી. આ રેશમી પાઘડીમાં સોનાની જરીનું વણાટકામ હતું. આ ઉપરાંત, પાનેતર, અતલસ અને બાંધણી પણ પોરબંદરનાં વખણાતાં હતાં.

સુદામાથી માંડીને મહાત્મા (ગાંધી)સુધીનાં અનેક માનવોને પોરબંદરે પોતાની ગોદમાં રમાડ્યાં છે. નાનજીભાઈ મહેતા, દેનાબેંકવાળા દેવકરણ નાનજી, નરોત્તમ મોરારજી અને ભાણજી લવજીએ પોરબંદરનું પયપાન કર્યું છે. સાહિત્યક્ષેત્રે નારાયણ ઠાકુર, ગુલાબદાસ બ્રોકર, વિજયગુપ્ત મૌર્ય(વાસુ), છગનલાલ પરમાર, ધૂમકેતુ, યજ્ઞેશ શુક્લ, મનસુખલાલ ઝવેરી, સુધાંશુ, રતિલાલ છાયા અને દેવજી મોઢાએ સાહિત્ય સર્જન કર્યું છે. પુરાતત્ત્વવિદ્ મધુસૂદન ઢાંકી, કલાવિવેચક ડી.જી. વ્યાસ અને સંશોધનક્ષેત્રે નરોત્તમ પલાણે કલમ ચલાવી છે. ચિત્રક્ષેત્રે રવિશંકર રાવળ (બાળપણમાં), જગન્નાથ અહિવાસી, નારાયણ ખેરે પીંછી વડે પોરબંદરને નામાંકિત કર્યું છે. ગીત-સંગીતમાં દમયંતી બરડાઈ, ગોસ્વામી ઘનશ્યામ લાલજી, રસિકરાય અને લોકગાયક મેરૂભા ગઢવીએ પોરબંદરને સંગીત-ગીતથી શોભા આપી છે. નૃત્યક્ષેત્રે મણિપુરી નૃત્યનિપુણ કુ. સવિતાદેવી મહેતા વગેરેએ આ નગરની ગરિમા વધારી છે. રવીન્દ્રનાથ ઠાકુર અને સ્વામી વિવેકાનંદે આ નગરની મુલાકાત લીધી હતી. પોરબંદર 'રાણો, ભાણો અને પાણો' એ ત્રણથી વધુ ઓળખાય છે. રાણો એટલે રાજા. પોરબંદરના રાજવીઓએ પ્રજાકીય ઘણાં કર્તવ્યો કર્યાં હતાં. ભાણો એટલે ભાણજી લવજીએ ઘીના વેપારમાં દેશભરમાં અને વિદેશ લગી પોતાનું નામ પહોંચાડ્યું અને પાણો એટલે પથ્થર. બરડા ડુંગરના ખડકો ચૂનાના બનેલા છે. તેના પથ્થરો બહુ મજબૂત ગણાય છે. વળી ઈમારત ચણવામાં સિમેન્ટની બહુ જરૂર પડતી નથી. ભેજ લાગતાં જ પથ્થરો એકબીજા સાથે કદી વિખૂટા ન પડે એ રીતે જોડાઈ જાય છે.

પુરાતત્ત્વવિદો, તામ્રપત્રો અને બારોટના ચોપડાઓને આધારે નક્કી થયું છે કે વિ.સં. ૨૦૪૯માં પોરબંદરે એક હજાર વર્ષ પૂરાં કર્યાં છે. સમય મુજબ ધૂમણીના મહારાજ બખુજી જેઠવાએ સવારે સવા નવ વાગ્યે શ્રાવણી પૂનમના દિને સમુદ્રમાં પ્રથમ વહાણ તરતું મૂક્યું હતું. તા. ૧૮મી ઑગસ્ટ, ઈ.સ. ૨૦૧૬ના રોજ પોરબંદર ૧૦૨૬ વર્ષ પૂરાં કર્યાં છે.

*૮, પ્રીતમ સોસાયટી-૧,*
*ભરૂચ - ૩૯૨૦૦૨*




# જેમણે પૂરા એશિયા-યૂરોપને સંસ્કાર બક્ષ્યા : જાતકકથા અને પંચતંત્ર

*– યશવંત મહેતા*

**ભા**રતમાં આધુનિક શિક્ષણનો પ્રારંભ થયો અંગ્રેજોને પ્રતાપે. પરિણામે છેક શરૂઆતમાં જે પાઠ્ય સામગ્રી મળી તે અંગ્રેજી પાઠ્ય પુસ્તકોમાંથી આવી. બ્રિટનની લોકકથાઓ, ચરિત્ર-કથાઓ, અંગ્રેજીમાં ઉતરેલ બાળસુલભ યુરોપીય લોકસાહિત્ય વગેરે આપણાં બાળકો સુધી આવવા લાગ્યાં. એમાં ઈસપકથાઓ અથવા ઈસપની નીતિકથાઓનું સાર્વત્રિક આકર્ષણ હતું. 'ગુલીવર્સ ટ્રાવેલ્સ' અને અરેબિયન નાઈટ્સ પણ બ્રિટનમાં પાઠ્ય પુસ્તકોમાં હતાં, એથી ભારતનાં પાઠ્યપુસ્તકોમાં આવવા લાગ્યાં. વાસ્તવમાં, ૧૮૫૦થી ૧૮૭૦ના ગાળામાં 'ગુલીવર્સ ટ્રાવેલ્સ'ના ચાર ગુજરાતી અનુવાદ પ્રગટ થયા હતા !

પણ વીસમી સદીના પ્રારંભથી રાષ્ટ્રીય નવજાગરણ શરૂ થયું. નજરો પશ્ચિમ તરફથી પાછી વળીને પૂર્વ (ભૌગોલિક અર્થમાં અને કાળક્રમના અર્થમાં) તરફ આવવા લાગી. ગહન અભ્યાસ-સંશોધન થયાં ત્યારે જણાયું કે ત્યાં પશ્ચિમ એશિયામાં અને યૂરોપમાં લોકપ્રચલિત કથાઓમાં ઘણીખરી કથાઓનાં મૂળ અહીં પૂર્વમાં હતાં ! સૌથી વધારે બૌદ્ધ જાતકકથાઓમાં અને કેટલેક અંશે પંચતંત્ર તથા હિતોપદેશમાં હતાં !


આ વિષયમાં આગળ લખતાં પહેલાં જાતકકથાઓનો પરિચય કરી લઈએ. ભારતમાં આજે પણ પંચતંત્ર, હિતોપદેશ અને ઈસપકથાઓનો મહિમા જાતકકથાઓ કરતાં વિશેષ છે. એનું ખાસ-કારણ એ છે કે જાતકકથાઓ બુદ્ધથી લોકવાદી વિચારસરણીને અનુસરે છે જ્યારે હજુયે ભારતનો બહુ મોટો જનસમૂહ પરલોકવાદી કે નિયતિવાદી છે.

જાતક શબ્દનો અર્થ છે જન્મસંબંધી. બૌદ્ધોની માન્યતા છેકે કોઈ માણસ અને જિંદગીમાં સર્વજ્ઞાનસંપન્ન(બુદ્ધ) બની શકે નહિ. એણે આ સ્થિતિ પામવા માટે અગાઉ અનેક જન્મ લેવા પડે અને ક્રમશઃ એની અંદર બુદ્ધત્વ પ્રગટ થાય. એમણે માન્યું કે ગૌતમ બુદ્ધ પણ અગાઉના આશરે ૫૫૦ અવતારોની પરિણતિરૂપ છે. ૫૫૦નો આંકડો કેમ ? સદીઓ પર્યન્ત જે જાતક-કથાઓ રચાઈ તેમનો આ આંકડો છે. જાતકકથાઓ એટલે ગૌતમ બુદ્ધના પૂર્વાવતારોની કથાઓ. આપણે જાણીએ છીએ કે મૂળ લોક સાહિત્ય પાલી અને સંસ્કૃત ભાષાઓમાં છે(સિંહાલીનો પણ મોટો ફાળો છે.) સંસ્કૃત લોક સાહિત્યમાં 'જાતકમાલા' નામનો ગ્રંથ છે. આર્યસૂરના આ ગ્રંથમાં ૩૪ જાતકકથાઓ છે. 'મહાવત્થુ' (મહાવસ્તુ) નામના ગ્રંથમાં ૮૦ કથાઓ છે. પાલી, સિંહલ, સિંયામી, બર્મી વગેરે ભાષાઓમાં મળતી જાતકકથાઓનો સંગ્રહ કરતાં ૫૫૦ જેટલી કથાઓ થાય. તિબેટ વગેરેમાં હજુ સંશોધન કરવામાં આવે તો સંખ્યા વધી શકે.

જાતકકથાઓ મૂળભૂત રીતે ગૌતમ બુદ્ધના પૂર્વાવતારોની કથાઓ છે, પરંતુ એમાં સમાવેશ પામેલી ઘણી કથાઓ એમના જન્મ અગાઉની લોકકથાઓ પણ હોઈ શકે. કથાઓ/વાર્તાઓ તો માનવી સમજણો થયો ત્યારથી રચાતી આવી છે. યુગે યુગે જે વિચારસરણી કે ધર્મસરણીનું પ્રવર્તન હોય એમ એને સાનુકૂળ વળાંક આપીને જૂની કથાને અપનાવી લેવામાં આવે છે. વળી, આ કથાઓનું ઈતર પરંપરામાં મિશ્રણ પણ થઈ જાય છે. જેમકે પંચતંત્રની ગણાતી કેટલીક વાર્તાઓનાં મૂળ જાતકકથાઓમાં અથવા એથી ઊલટે ક્રમે હોઈ શકે છે. એવું જ હિતોપદેશનું માની શકાય. અરે, વેતાળ-પચ્ચીશી કે સિંહાસનબત્રીસીમાં અને જૈન સાહિત્યમાં પણ મૂળ જાતકકથાને અપનાવવામાં આવી હોય એમ બની શકે. વાસ્તવમાં આ અર્ધી જિંદગી માંગી લે એવું સંશોધન છે.

પણ એક વાત નિશ્ચિત છે. આપણી જાતકકથાઓ, પંચતંત્ર, હિતોપદેશ વગેરે પરંપરાની અસંખ્ય વાર્તાઓ પૃથ્વીના લગભગ દરેક ખૂણા સુધી એક યા બીજી રીતે પહોંચી છે. છેક છઠ્ઠી સદીમાં પંચતંત્રનો એક અનુવાદ પ્રાચીન ઈરાનની પહેલવી ભાષામાં થયો હતો. ઈરાનના શહેનશાહ ખુશરૂ નૌશેરવાનના રાજવૈદે આ અનુવાદ કર્યો હતો. આ અનુવાદનો એક અનુવાદ સીરિયાઈ અરબીમાં થયો. એ મૂળ સીરિયાઈ કથા અને સામે પાને જર્મન અનુવાદ, એવો એક ગ્રંથ જર્મનીના લીપઝાઈગ નગરમાં ૧૮૭૬માં છપાયો હતો. આ જ રીતે, પંચતંત્રનો અરબી અનુવાદ ઈ.સ. ૭૫૦માં અલ મિકાફના પુત્ર અબ્દુલ્લાએ કર્યો. એણે આ અનુવાદનું શીર્ષક 'અલ કલેલા વ હમના' રાખ્યું. દેખીતું છે કે આ કલેલા અને દમના પંચતંત્રના પેલા બે ધૂર્ત શિયાળ બંધુઓ કરકટ અને દમનક છે. અરબોને આ કથાઓ ખૂબ ગમી અને તેઓ જેમ જેમ પશ્ચિમ એશિયા, ઉત્તર આફ્રિકા તથા યૂરોપમાં પ્રસરતા ગયા તેમ આ વાર્તાઓ પણ પ્રસરી. એમનાં રૂપાંતરો રૂમાનિયા, બલ્ગારિયા, વગેરે દેશોમાં પણ મળે છે. વાસ્તવમાં, સમગ્ર સ્લાવ પ્રજાઓએ આ કથાઓને અંકે કરી છે.

'અલ કલેલા વ દમના'નો અંગ્રેજી અનુવાદ ૧૮૧૯માં થયો. પણ જર્મન ભાષામાં તો અરબીમાંથી જ એનો અનુવાદ ૧૪૮૩માં થયો હતો. અરબીમાંથી ગ્રીક અનુવાદ ૧૦૮૦માં થયો હતો. મઝાની વાત છે કે, લેટિન જેવી જૂની ભાષામાં કલેલા અને દમનાની વાર્તાઓ ગ્રીકમાંથી ૧૮૬૬માં અનુદિત થઈ ! આ બાજુ. પૂર્વમાં, પંચતંત્રના અરબી અનુવાદનો ફારસી અનુવાદ ૧૫મી સદીમાં થયો, જેનું નામ અનવાર સહેલી છે. આ 'અનવાર સહેલી'નો ફ્રેન્ચ અનુવાદ ૧૬૪૪માં થયો. જેમ લેટિન તેમ હિબ્રુ ભાષા પણ પ્રાચીન છે. છતાં એ ભાષામાં પંચતંત્રનો અનુવાદ છેક ૧૮૭૨માં થયો !





આમ, છઠ્ઠીથી ઓગણીસમી સદી સુધી પંચતંત્રના અનુવાદ પશ્ચિમ

એશિયા અને યૂરોપની ભાષાઓમાં થતા રહ્યા છે અને વિદ્વાનો માને છે કે, ઈસપની નીતિકથાઓને નામે યૂરોપમાં જે કથાઓ પ્રચલિત થઈ તેમનાં મૂળ પંચતંત્ર અને જાતકકથાઓમાં છે. રહાઈસડેવિડ્સ પ્રાચીન સંસ્કૃતિઓના વરિષ્ઠ વિદ્વાન છે, અને એમના મત અનુસાર, ઈસપ નામ જ કલ્પિત છે, અને ઈસપની કથાઓ તરીકે કહેવાતી બધી જ કથાઓનાં મૂળ પૂર્વમાં છે. ભારતમાં છે.






બગદાદના એક વિખ્યાત ખલીફા અલ મનસૂર હતા અને એમના દરબારમાં એક ઈસાઈ દરબારી હતો, જે પછીથી સંન્યાસી બની ગયો અને ઈસાઈ પરંપરાએ એને સંત (Saint) ઠરાવ્યા. સેન્ટ જહોન ઓફ દમાસ્કસ નામે જાણીતા આ વિદ્વાને ગ્રીક ભાષામાં ઘણાં પુસ્તક લખ્યાં છે. એમાં 'બૌસત'ની કથા પણ છે. આ 'બૌસત' દેખીતું જ બોધિસત્ત્વનું રૂપ છે. સેન્ટ જહોનના 'બરલામ એન્ડ જોસેફ' પુસ્તકમાં તો રીતસર ગૌતમ બુદ્ધના જીવનચરિત્રના અંશો છે અને જાતકકથાઓ છે. મજાની વાત એ છે કે, કેથોલિકોના વડા ધર્મગુરુ પોપ સિક્સ્ટસ (૧૫૮૫-૯૦) દ્વારા બરલામ અને જોસેફને સંત જાહેર કરવામાં આવ્યા છે. આ જાતકકથાઓનો પ્રતાપ છે.

અરબી 'અલ કલેલા વ દમના'ના અનુવાદ લેટિન, ફ્રેન્ચ, ઈટાલિયન, સ્પેનિશ, જર્મન, અંગ્રેજી, સ્વીડિશ અને ડચ ભાષામાં પુસ્તકાલયોમાં પ્રાપ્ય છે. પૂર્વ યૂરોપની તમામ સ્લાવ ભાષાઓમાં તો છે જ, છેક અસિલેન્ડની ભાષામાં પણ એનો અનુવાદ છે.

આ બાજુ, અરેબિયન નાઈટ્સ (અલ્ફલેલા વલૈલા)માં ઘણી વાર્તાઓનાં મૂળ જાતકકથાઓમાં જોઈ શકાય છે. અને બૌદ્ધ દેશોમાં તો બુદ્ધના પૂર્વાવતારોની આ કથાઓ પ્રચલિત હોય જ !

પૂર્વની કથા પરંપરાઓમાં પણ જાતકકથાઓએ રીતે અલગ પડે છે કે એ બૌદ્ધિક છે, બુદ્ધિને પોષક છે. એક રીતે જોઈએ તો આ કથાઓ બુદ્ધિપરક (Rational) છે. લગભગ દરેક જાતકકથા બુદ્ધિનો (તર્કશક્તિનો ઉપયોગ પ્રેરે છે. આનું કારણ પણ એ છે કે સમગ્ર બૌદ્ધ વિચારધારા, બુદ્ધિપ્રધાન છે. રેશનાલિસ્ટ છે. બુદ્ધના એ શબ્દો તો સૌને યાદ છે કે, તેઓ પોતાનાં પ્રવચનોમાં બુદ્ધિનો ઉપયોગ કરવાનો અનુરોધ કરતા. એ કહેતા : પરાપૂર્વથી મનાય છે માટે માનશો નહિ, જૂની પોથીઓમાં લખ્યું છે માટે માનશો નહિં,વડીલો અને પંડિત-પુરોહિતો કહે છે માટે માનશો નહિં... તમારી પોતાની પ્રજ્ઞાથી પારખતાં જે માનવાયોગ્ય લાગે તે જ માનજો. જેનો મૂળ ઉપદેશ આવો હોય એમને લગતી કથાઓ પણ બુદ્ધિપરક હોય એમાં નવાઈ શી ?





અને પરલોક, દેવત્વ, ચમત્કાર વગેરે પરના આધાર વિનાની હોવાથી આ કથાઓ આમ આદમીને વધારે ગમે છે. એટલે જ તર્કપસંદ યૂરોપમાં પણ આવી વાર્તાઓ વધુ પ્રસાર પામી છે. એ જનતાનું સાહિત્ય બની છે.

અગાઉ લખ્યું તેમ, વીસમી સદીની શરૂઆતથી આપણા ભૂમિખંડમાં રાષ્ટ્રીય નવજાગરણ શરૂ થતાં જ કાલિદાસ, ભાસ, ભવભૂતિ સહિતના સંસ્કૃત સર્જકોની કૃતિઓ પ્રકાશમાં અને પ્રસારમાં આવી. તેમ લોકકથાઓનાં પંચતંત્ર વગેરે પણ ઝડપથી પુસ્તકવગાં બનવા લાગ્યાં. આમાં જાતકકથાઓ પાછળ રહી ગઈ. કારણ સ્વયંસ્પષ્ટ છે- એ બૌદ્ધ પરંપરાની કથાઓ છે, અને ધર્મ તરીકે બૌદ્ધ ધર્મ આપણે ત્યાં લગભગ ભૂંસાઈ ગયો હતો. પરંતુ પછી રાહુલ સાંકૃત્યાયન, ભદન્ત આનંદ કૌસલ્યાયન, સુશીલકુમાર વગેરે વિદ્વાનો અને ડૉ. ભીમરાવ આંબેડકર જેવાને પ્રતાપે બૌદ્ધ વિચાર અને બૌદ્ધ ધર્મમાં વધુને વધુ રસ અને વિશ્વાસ જાગવા લાગ્યાં. બુદ્ધિ-આધારિત વિચારસરણીના સમર્થ પ્રશંસક તરીકે પંડિત જવાહરલાલ નહેરુનો ફાળો પણ ઘણો મોટો છે. વળી, વર્ષ ૧૯૫૫માં ગૌતમ બુદ્ધના જન્મની ૨૫૦૦મી જયંતી દેશભરમાં ઉજવવામાં આવી અને ૧૯૫૬માં ડૉ. આંબેડકરે બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો તે પછી આ વિચાર અને એને લગતા સાહિત્યમાંનો રસ વધ્યો.

(વ્યક્તિગત નોંધ : ૧૯૫૫માં હું દસમા ધોરણમાં હતો અને ગૌતમ બુદ્ધની ૨,૫૦૦મી જયંતી ઉજવવાનું જાહેર થયું અને સમગ્ર ગુજરાતનાં નાનાંમોટા સૌને માટે બુદ્ધવિચાર વિશે વકતૃત્વસ્પર્ધાનું આયોજન થયું. ત્યારે મહિનાઓ સુધી ગુજરાત વિદ્યાપીઠના ગ્રંથાલયમાં પડેલું બૌદ્ધ સાહિત્ય વાંચીને સ્પર્ધામાં ભાગ લીધો. પ્રથમ નંબરે એક પ્રોફેસર, બીજે નંબરે કોલેજિયન અને ત્રીજે નંબરે શાળાનો વિદ્યાર્થી હું વિજેતા બન્યા. ખૂબ આનંદ સાથે યાદ છે કે મુંબઈ રાજ્યના તત્કાલીન મુખ્ય મંત્રી મોરારજીભાઈ દેસાઈને હસ્તે રૂ. ૧૫/નું માતબર ઈનામ મળેલું! બુદ્ધવિચારમાં તો એ પછી પણ સતત રસ જળવાઈ રહ્યો. ઘણું લખ્યું અને જાતકકથાઓ પણ લખી, જે પાંચ ભાષામાં પ્રગટ થઈ છે. વિખ્યાત શિક્ષણવિદ હરભાઈ ત્રિવેદીએ પણ જાતકકથાઓ ગુજરાતીમાં લખી છે, જે બે ભાગમાં પ્રગટ થઈ છે.

અંતમાં : આપણી પંચતંત્ર, હિતોપદેશ, જાતકકથાઓ વગેરે કથા પરંપરાઓનો ક્યાં ક્યાં (ખાસ કરીને પશ્ચિમ એશિયા તથા યુરોપમાં) પડઘો પડ્યો, એ વિશે ડોક્ટરેટ કક્ષાએ સંશોધન કરવાનો પડકાર પ્રબુદ્ધ ગુજરાતી વિદ્યાર્થીઓએ ઉપાડી લેવા જેવો છે.

---

*૪૭/એ, નારાયણનગર સોસાયટી,*
*પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭*
*મો. ૯૪૨૮૦૪૬૦૪૩*

# શ્રીમદ્ ભગવદ્ગીતા મારું પરમ રહસ્ય છે : શ્રીકૃષ્ણ

– ડૉ. ભરત ગરીવાલા

**શ્રી**મદ્ ભગવદ્ ગીતા એ પાંચ હજાર વર્ષ જૂનો મહર્ષિ વેદવ્યાસ રચિત આપણો આદિ ગ્રંથ છે. મહાભારતના ભાગરૂપી સંસ્કૃતમાં રચાયેલા આ ગ્રંથમાં ૧૮ અધ્યાય અને સાતસો શ્લોકો છે. અઢારે અધ્યાયમાં દરેકમાં અલગ યોગ વિશે અતિ ગૂઢ જ્ઞાન પ્રભુએ પોતાના શબ્દોમાં જ આપ્યું છે. તેમાંયે કર્મયોગ, ભક્તિયોગ તથા જ્ઞાનયોગ ત્રિવેણી સંગમ અદ્ભુત છે. વિશ્વની ૭૫થી વધુ ભાષાઓમાં તેનો અનુવાદ થયો છે, અંગ્રેજીમાં પ્રથમ અનુવાદ ૨૫૦ વર્ષ પહેલાં થયો હતો. તેના પર હજારો વ્યાખ્યાનો તથા લાખો લેખો લખાઈ ચૂક્યાં છે. આ મહાન ગ્રંથ વિશે સામાન્ય માનવી તો શું કહી શકે ? અહીં તેનું ગુણગાન કરવા જ આ લેખ લખવાનો પ્રયાસ કર્યો છે.

**ગીતા માહાત્મ્ય :** ગીતાની મહત્તા વિશે ભગવાન શ્રીકૃષ્ણ એ પોતે જ કહ્યું છે કે,

''ગીતા મારો ઉત્તમ સાર છે''
''ગીતા મારું અવિનાશી જ્ઞાન છે''
''ગીતા મારું શ્રેષ્ઠ નિવાસસ્થાન છે''
''ગીતા મારો પરમ ગુરુ છે''
''ગીતા મારું પરમ રહસ્ય છે''

જ્યારે પ્રભુ પોતે જ ગીતાને પોતાનું નિવાસસ્થાન તથા ગુરુ ગણાવતા હોય, ત્યારે માનવી માટે ગીતાને અનુસરવા સિવાય બીજો કયો માર્ગ હોઈ શકે ! ગીતા માહાત્મ્યમાં પૃથ્વીદેવી ભગવાન વિષ્ણુને પૂછે છે કે, મનુષ્યને એકનિષ્ઠ ભક્તિ કેવી રીતે પ્રાપ્ત થાય ? ત્યારે ભગવાન કહે છે, ''જ્યાં ગીતાનું પુસ્તક હોય ત્યાં સર્વ તીર્થ રહે છે, જે ગીતાના અભ્યાસમાં આસક્ત હોય તેને પાપ કદી સ્પર્શી શકતું નથી.''

**મહાપુરુષોનું ચિંતન :** ગીતા પર વિશ્વના શ્રેષ્ઠ મહાપુરુષો, સંતો, રાજપુરુષો, યુનિવર્સિટીઓએ અદ્ભુત વક્તવ્યો આપ્યા છે તથા ગ્રંથોની રચના કરી છે. આ જ્ઞાન વિષે મહાપુરુષોની કેટલીક ટિપ્પણીઓ જોઈએ.

**ગાંધીજી :** ''જ્યારે જ્યારે મને કોઈ ધર્મસંકટ આવે એટલે હું ગીતામાતાનું શરણ લઉં છું. મને એણે સદાયે પથદર્શન કર્યું છે, ગીતાર્થ ગ્રહીને બીજાં શાસ્ત્રો વાંચવા કોઈ પ્રયોજન નથી.''

**સ્વામી શિવાનંદજી :** ''ગીતા એ હિંદુ સાહિત્યનું અમૂલ્ય રતન છે.''

**ડૉ. અબ્દુલ કલામ :** ''હું મુસ્લિમ હોવા છતાં ભગવદ્ ગીતાનું નિયમિત વાંચન કરું છું તથા તેના શ્લોકોનું ગાન કરું છું.''

આઈનસ્ટાઈન : ''જ્યારે હું ભગવદ્ ગીતા વાંચું છું અને ભગવાને કેવી રીતે વિશ્વ રચ્યું છે તેનો વિચાર કરું છું, ત્યારે બીજું બધું ઉપરછલ્લું - સુપરફ્લ્પઅસ લાગે છે.''

**આદિ શંકરાચાર્યજી :** ''ભગવદ્ ગીતાના સંપૂર્ણ જ્ઞાનથી આ જીવનનાં તમામ લક્ષ્યો પૂર્ણ થાય છે.''

**સ્વામી વિવેકાનંદજી :** ''ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણએ શીખવ્યું છે કે ફળની આશા વગર કર્મ કરવું એ જ કર્મયોગનું રહસ્ય છે.''

**કોલંબિયા યુનિવર્સિટી (અમેરિકા) :** ''આ યુનિવર્સિટીએ પ્રકાશિત કરેલા ગીતા પરના ગ્રંથમાં ટિપ્પણી કરી છે કે, શ્રીમદ્ ભગવદ્ ગીતામાં જે છે તે બીજા બધા ગ્રંથોમાં જોવા મળશે અને જે આ ગ્રંથમાં નથી તે બીજે ક્યાંય જોવા નહીં મળે.'' આ ફિલોસોફી કેટલી ગહન છે !

આઝાદીની ચળવળ દરમિયાન શ્રી બાલ ગંગાધર તિલકે જેલમાં રહીને ગીતારહસ્ય ગ્રંથ રચ્યો હતો. ૧૯૨૯માં ગાંધીજી યરવડા જેલમાં હતા ત્યારે ગીતા પર ગુજરાતમાં ટિપ્પણી લખી હતી. વિશ્વના લગભગ તમામ મહાપુરુષોએ ગીતા પર ક્યાંક ને ક્યાંક વાત કરી છે. ભારતના વિદ્વાન રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણન, ભાસ્કરાચાર્ય, અરવિંદો, રામાનુજ, સ્વામી ચિન્મયાનંદ, માધવાચાર્ય (૧૨મી સદી), સંત જ્ઞાનેશ્વર (૧૩મી સદી-મરાઠીમાં જ્ઞાનેશ્વરી ગીતા રચનાર), ચૈતન્ય મહાપ્રભુ (૧૫મી સદી), મહેશ યોગી, સાધુ વાસવાની, બંકીમચંદ્ર ચટ્ટોપાધ્યાય, પ્રેસિડેન્ટ ઓબામા, પંડિત નહેરુ, રવિન્દ્રનાથ ટાગોર, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, વિનોબા ભાવે, ઈન્દિરા ગાંધી, સરદાર પટેલ જેવા તમામ મહાપુરુષો, રાજપુરુષો, મહાત્માઓએ ગીતાજ્ઞાન પર પોતાની શ્રદ્ધા વિશ્વ સમક્ષ મૂકી છે.

**વિશ્વભરમાં પ્રસાર :** વિશ્વની શ્રેષ્ઠ પ્રકાશિત સંસ્થાઓએ ગીતા પર ગ્રંથો પ્રસિદ્ધ કર્યા છે, તેમાં સામેલ છે : પેન્ગ્યુઈન, યુનેસ્કો, ચિન્મય મિશન, ઈસ્કોન, હાર્પર-કોલીન્સ, અદ્વૈત આશ્રમ, રામકૃષ્ણ મઠ, ન્યુયોર્ક સ્ટેટ યુનિવર્સિટી, કોલંબિયા યુનિવર્સિટી, કેમ્બ્રિજ યુનિવર્સિટી, ઓક્સફર્ડ યુનિવર્સિટી, નવજીવન તથા સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય જેની લાખો નકલો વેચાઈ ગઈ છે. ગીતા પ્રેસ, ગોરખપુર જેવી અનેક ભારતીય પ્રકાશન સંસ્થાઓએ શ્રીમદ્ ભાગવદ્ ગીતાની સંસ્કૃત, ગુજરાતી, હિન્દી, અંગ્રેજી તથા અન્ય ભારતીય ભાષાઓમાં સેંકડો ગ્રંથો પ્રકાશિત કરેલા છે.

**ગીતા દર્શન :** ગીતા જ્ઞાનનાં દર્શન કરવાં એ જીવનનો એક લ્હાવો છે. કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગનું મહાન દર્શન કરાવતી ગીતા, માનવીને જીવન જીવતાં શીખવાડે છે - જીવનને સાર્થક કરતાં શીખવાડે છે - જીવનને પ્રભુમય કરતાં શીખવાડે છે. શ્રીકૃષ્ણ કહે છે, ''હું ભૂત, વર્તમાન, અને ભવિષ્યના બધાં જીવોને જાણું છું પણ મને, કોઈ જાણતું નથી. હું બધા પ્રાણીઓના હૃદયમાં હાજર છું. જેને ગીતાજ્ઞાનમાં વિશ્વાસ નથી, તે મને પ્રાપ્ત કર્યા વગર જન્મમરણના ચક્રમાં

ફસાઈ જાય છે. મનુષ્યને જીવનના પથદર્શક તરીકે ગીતા સિવાય બીજા કોઈ માર્ગદર્શનની જરૂર નથી.''

**કર્મયોગ :** કર્મયોગ એ એક પરમ રહસ્ય છે. બુદ્ધિમાન વ્યક્તિએ આસક્તિ વિના સમાજ કલ્યાણ માટે કામ કરવું જોઈએ. ''હું અને મારું'' એ લાલસાથી જે મુક્ત થઈ જાય છે એને શાંતિ મળે છે. કર્મયોગ વિશે ગીતાના બીજા અધ્યાયનો સુડતાલીસમો શ્લોક સૌના મોઢે હશે.

**''કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન !''**

એટલે કે, તારો કર્મમાં જ અધિકાર છે, તેના ફળમાં કદી નથી. તું કર્મફળ હેતુવાળો ના થા. તેમજ કર્મ ના કરવામાં પણ તારી આસક્તિ ના થાઓ. એટલે માનવીએ આળસુ બેસી રહેવાને બદલે કર્મ કર્યા કરવું. આટલી નાનકડી વાત જીવનની દિશા બદલી શકે છે.

**જ્ઞાનયોગ :** જ્ઞાનયોગ જ્ઞાન અને બુદ્ધિમત્તાનો માર્ગ દર્શાવે છે. પ્રભુ કહે છે કે, બધી જ ઈચ્છાઓ ત્યજી દો. આ માર્ગ કપરો અને સીધા ચઢાણવાળો છે. તેને જાણ્યા પછી આ લોકમાં વિશેષ જાણવા જેવું કાંઈ બાકી રહેતું નથી. જ્ઞાનવિજ્ઞાન યોગના ત્રીજા અધ્યાયમાં ત્રીજા શ્લોકમાં ભગવાન કહે છે,

***''મનુષ્યાણાં સહસ્ત્રેષુ કશ્ચિત યતતિ સિદ્ધયે***
***યતતામપિ સિદ્ધાનાં કશ્ચિન્માં વેત્તિ તત્વતઃ ॥''***

એટલે કે હજારો મનુષ્યોમાં કોઈક જ સિદ્ધિ માટે યત્ન કરે છે અને આ સિદ્ધોમાં પણ કોઈક જ મને સત્તા સ્વરુપે જાણે છે. શ્રીકૃષ્ણ કહે છે કે, ''જ્ઞાનીને હું અત્યંત પ્રિય છું અને તે મને અત્યંત પ્રિય છે. જ્ઞાની તો મારો આત્મા છે.''

**ભક્તિયોગ :**

ભક્તિયોગ માનવીને પ્રભુને સંપૂર્ણ સ્વાર્પણ કરી દેવાનું માર્ગદર્શન આપે છે. જેનો અંત નથી એવી પ્રભુભક્તિ જ શ્રેષ્ઠ છે. ભક્તિયોગ સમજાવતાં પ્રભુ કહે છે,

**''જેનાથી લોકો ઉદ્વેગ પામતા નથી અને જે લોકોથી ઉદ્વેગ પામતો નથી,''**
**''જે હર્ષ, ક્રોધ અને ભયથી રહિત છે''**
**''જે સ્પૃહા વિનાનો, પવિત્ર, દક્ષ પક્ષપાત વગરનો છે''**
**''જે સુખદુઃખમાં સમાન ભાવવાળો, કોઈનો દ્વેષ નહીં કરનારો છે''**
**''જે મિત્રભાવે વર્તનાર, દયાળુ, ક્ષમાવાન, સંતોષી છે''**
**''જે અહંકારરહિત, મનને વશ રાખનારો, દઢ નિર્ણયવાળો છે''**
**''જે નિંદા અને સ્તુતિને સમાન માનનારો, આસક્તિ રહિત છે''**
**''જે રહેવાનાં સ્થાનની મમતા રહિત, અને સ્થિર બુદ્ધિવાળો છે''**
**''એ ભક્ત મને પ્રિય છે.''**

**જ્ઞાન વિશે :** જ્ઞાન કોને કહ્યું છે ? જ્ઞાન એટલે અહિંસા, ક્ષમા, સરળતા, પવિત્રતા, સ્થિરતા, સંયમ, વૈરાગ્ય, અનાશક્તિ, ભક્તિ, એકાંત, નિર્ભયતા, દાન, યોગનિષ્ઠા, સ્વાધ્યાય, સત્તા, અક્રોધ, ત્યાગ, શાંતિ, અદંભીપણું, દયા, મૃદુતા, અલોલુપતા, તેજ, ધૈર્ય, જે સર્વે દૈવી સંપત્તિ છે. આ અદ્‌ભુત જ્ઞાનને પચાવવા જન્મોજન્મ પણ ઓછા પડે તેમ છે. તેને જીવનમાં ઉતારવું એ જ સાચું જીવન છે - સાચું કલ્યાણ છે. પ્રભુ કહે છે બીજાનો ધર્મ સાચવવો સહેલો હોય અને પોતાનો ધર્મ વિગુણ હોય - ગમતો ના હોય - તો પણ પોતાનો ધર્મ-કર્મ જ વધુ કલ્યાણકારક છે. માનવી જેવી માન્યતાઓ ધરાવે છે તેવો જ તે બને છે. શ્રેષ્ઠ મનુષ્ય જે કર્મ કરે છે તેને બીજા અનુસરે છે. તે કહે છે માટે ત્રણે લોકમાં કાંઈ કરવાનું નથી, છતાં હું કર્મમાં વર્તુ છુ. માટે કર્મ કર.

**સર્વવ્યાપી પ્રભુ :** વિશ્વમાં સર્વસ્વરૂપે પ્રભુ વસે છે, પ્રભુ કહે છે કે, સમગ્ર જગતનો ઉત્પાદક અને સંહારક હું જ છું. સૂર્યમાં તેજ, વેદોમાં ઓમ, પ્રાણીઓમાં આત્મા, નક્ષત્રોમાં ગ્રંથ, આદિત્યોમાં વિષ્ણુ, દેવોમાં ઈન્દ્ર, રુદ્રોમાં શંકર, છંદોમાં ગાયત્રી, યજ્ઞોમાં કુબેર, પર્વતોમાં હિમાલય, વૃક્ષોમાં પીપળો, શસ્ત્રધારીઓમાં રામ, આકાશમાં શબ્દ, પુરુષોમાં પુરુષત્વ, મહર્ષિઓમાં ભૃગુ એ સર્વ મારામાં પરોવાયેલું છે. બુદ્ધિ, જ્ઞાન, ક્ષમા, સત્ય, સમભાવ, સંતોષ, દાન, યશ એ ભાવો મારાથી જ થાય છે. જે મારી આ વિભૂતીને જાણે છે, તે પરમગતિને પામે છે.

તું કોણ છે ? આત્મા છે ! : માટે તું પ્રભુને સમર્પિત થઈ જા. તેના એકલાનો જ આધાર છે. એ તને સંપૂર્ણ આનંદ અને મોક્ષ આપશે. શા માટે ભયભીત થાઓ છો ? તમને કોણ મારી શકે તેમ છે ? કારણ કે આત્મા જન્મતો નથી કે મરતો નથી. તે જે કાંઈ મેળવ્યું છે તે અહીંથી જ મેળવ્યું છે અને જે કાંઈ આપ્યું છે તે અહીંથી જ મેળવીને આપ્યું છે ! તું ખાલી હાથે જ આવ્યો હતો અને ખાલી હાથે જ જવાનો છે. જે બીજું છે તે સારા માટે જ બન્યું છે, જે બને છે તે સારા માટે જ છે, અને જે બનશે તે પણ સારા માટે જ હશે. જગતમાં અસત્યનું અસ્તિત્વ હોતું નથી અને સત્યનો નાશ થતો નથી. આજે જે તારું છે, તે ગઈકાલે બીજાનું હતું અને આવતીકાલે અન્ય કોઈનું હશે. તું ભ્રમમાં છે કે આ તારું છે. બદલાવ-ચેઈન્જ એ બ્રહ્માંડનો નિયમ છે એટલે તારું-મારું એવા વિચારો મનમાંથી કાઢી નાખ. પછી જો આ બધું જ તારું છે અને તું બધાનો છે, તું આ શરીર નથી. આ શરીર પંચતત્ત્વોનું બનેલું છે અને તે પોતપોતાના અંશોમાં ચાલી જશે, પણ આત્મા અમર છે.

**જ્ઞાનયોગ શ્રેષ્ઠ :** પ્રભુ કહે છે, આ જ્ઞાનમન યજ્ઞ શ્રેષ્ઠ છે. જેમ અગ્નિ લાકડાને ભસ્મ કરે છે તેમ જ્ઞાન કર્મોને ભસ્મ કરે છે. જગતમાં જ્ઞાન જેવું પવિત્ર બીજું કોઈ નથી. જ્ઞાનયોગ શ્રેષ્ઠ છે. આજના સમયમાં જ્યારે માનવી ભૌતિક સુખો પાછળ દોટ મૂકી રહ્યો છે. ત્યારે શ્રીમદ્ ભગવદ્‌ગીતા મનને શાંતિ આપશે, જીવવાનો સાચો રસ્તો દેખાડશે. નવા વર્ષે શ્રી ગીતા વાંચવી એ જ શ્રેષ્ઠ સંકલ્પ રહેશે.

*૩૨, જયશેફાલી પાર્ક, સેટેલાઈટ રોડ,*
*શિવરંજની ચાર રસ્તા,*
*અમદાવાદ-૩૮૦૦૧૫*
*મો : ૯૮૨૫૫૦૬૯૩૩*

# સ્વભાવથી સત્ય સુધીની સંતર્પક સ્વાધ્યાયયાત્રા

*– ડૉ. રસેશ જમીનદાર*

'વસુધૈવ કુટુમ્બકમ્' આપણી રાષ્ટ્રની સાંસ્કૃતિક ધરોહર છે. આ શબ્દદ્વંદ્વ આપણે વિશ્વને વરેણ્ય યોગદાન બક્ષ્યું છે, જેનો જોટો જડવો મુશ્કેલ છે. વિશ્વની કોઈપણ સંસ્કૃતિમાં એમની નીજી ભાષામાં આ પ્રકારનાં શબ્દદ્વંદ શોધવાં સંભવતઃ મુશ્કેલ છે. આ શબ્દદ્વંદ્વની પરંપરામાં આપણે મહાભારતને અવલોકવું જોઈએ. આપણા સન્માનીય વિદ્વાન ડૉ. ગુણવંતભાઈ શાહે આવાં અવલોકનાર્થે આપણને સહજ સુવિધા સંપડાવી આપી છે. એમના તાજેતરમાં (નવેમ્બર, ૨૦૧૫) પ્રગટ થયેલા બૃહદગ્રંથ દ્વારા- મહાભારતઃ માનવસ્વભાવનું મહાકાવ્ય. આર.આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ. તરફથી આ મહાગ્રંથ પ્રગટ થયો છે. એની કિંમત રૂ. ૭૫૦ છે અને પૃષ્ઠ સંખ્યા ૬૬૪ છે. આ મહાગ્રંથમાં નવ પ્રકરણ છે : (૧) સ્વભાવે જાય છે પ્રાણી : પ્રકૃતિં યાન્તિ ભૂતાનિ. (૨) ભીષ્મ : પ્રતિજ્ઞાથી પ્રતીતિ સુધી (૩) ધૃતરાષ્ટ્ર - ગાંધારી : પાપી તોય પુત્ર અમારો (૪) દુર્યોધન : આસુરિ સંપત્તિનો વંઠેલો વારસદાર (૫) દ્રૌપદી : તેજસ્વિની - ઓજસ્વિની- મનસ્વિની ગુણસુંદરી. (૬) કર્ણ : રુઆબદાર અને વફાદાર મૈત્રીનો મહારથી. (૭) અર્જુન : પાર્થ છે અપૂર્ણ, પૂર્ણ છે પાર્થ સારથિ. (૮) યુધિષ્ઠિર : મન્યુ વિનાનો ક્ષાત્રધર્મ મંદપ્રાણ? (૯) કૃષ્ણ : શાશ્વત લીલાપુરુષોત્તમ.

પ્રત્યેક પ્રકરણ પેટા મુદ્દાઓથી વિભાજિત અને વિભૂષિત છે. પ્રત્યેકનો પ્રારંભ 'શ્લોકતીર્થ' અને 'શબ્દતીર્થ'થી થાય છે, જેથી તે તે પ્રકરણને સમજવામાં આપણને સરળતા રહે છે. આ બંને તીર્થ આછી ભૂખેરી પાર્શ્વભૂમિથી શોભિત હોઈ સહજ નજરે પડે છે. વાંચકને એમ જણાય કે આ મહાગ્રંથમાં હકીકતો-માહિતીઓ-વાક્યવિધાન ઘણીવાર બેવડાતાં હોય છે. આથી લેખકે, આ બાબતથી સજાગ હોઈ, 'જ્યાં જ્યાં પુનરાવર્તન અનિવાર્ય જણાયું ત્યાં ત્યાં સંદર્ભ જાળવવા માટે જાણી જોઈને રાખ્યું છે.' (પૃષ્ઠ ૧૨) એવી સ્પષ્ટતા કરીને વાંચકને પાદનોંધની દખલગીરીથી મુક્ત રાખ્યો છે.

પ્રા. ગુણવંતભાઈનો આ મહાગ્રંથ એમના જીવનતપનું-વિચારતપનું-વાંચનતપનું નવનીત છે, કહો કે અર્ઘ્ય છે. સમગ્ર મહાગ્રંથ અભિનવ અર્થછાયાઓથી સભર છે. ન સમજાય એવા અટપટા કે સંકુલ પ્રશ્નોને સારદોહનરૂપે સહજ રીતે આપણી પ્રત્યક્ષ કરે છે, કહો કે લેખક એથી જાગૃત છે. 'દોલાચલ ચિત્તવૃત્તિ'ના અર્ક-મર્મથી આ મહાગ્રંથ મુક્ત રહ્યો છે. નિર્મળ જળ જેવી પારદર્શકતા બધે જ જોવી પ્રાપ્ત થાય છે. આમ તો આ યુગબોધનું મહાકાવ્ય છે. પૃથક્કૃત વિવરણ ગતિશીલ છે. જરૂરી કહી શકાય કે, શ્રીકૃષ્ણના દિવ્ય સૌંદર્યને પ્રસ્ફૂટ કરતો આ ગ્રંથ વિશેષ છે. બીજી રીતે સ્પષ્ટ કહીએ તો પરિસ્થિતિજન્ય ઉદ્‌ભુત સત્યનો સ્વીકાર એટલે આ મહાગ્રંથ. મહાભારત ત્રિગુણામયી - સત્ત્વ, રજત, તમસ - માયાની વિરાટ રંગભૂમિ ઉપર ભજવાતું આ મહાભારત છે, મહાવિશ્વ છે. પ્રા. ગુણવંતભાઈના લેખનકાર્યનું આ ગૌરીશિખર છે. લેખકનું આ ભાષ્યતીર્થ છે.

માનવીની અપૂર્ણતાનો સહજ સ્વીકાર એટલે આ મહાકાવ્ય, જેમાં માનવીના સ્વભાવનું ચિંતનપ્રેરક નિદર્શન અહીં સહજતાથી પ્રત્યક્ષ થાય છે. અહીં માનવસ્વભાવનું જે દર્શન સંતર્પક રીતે આપણને અનુભવાય છે તે કેવળ ભારતવર્ષનું નથી કે તેની ભૌગોલિક સરહદો સુધી સીમિત નથી, પરંતુ એ દર્શન વિશ્વસમસ્તને યથાતથ રીતે આવરી લે છે. આ દૃષ્ટિએ આ ગ્રંથ, એટલે કે મહાભારત, મહાવિશ્વદર્શનનો ગ્રંથ હોવાનું સૂચિત થાય છે. વિશ્વસમસ્તને પ્રત્યેક યુગે-કાલે-સમયે આભડી રહેલો પ્રશ્ન છે. ભદ્રતાનાં અને દુરિતાનાં પરિબળોનો, જેનો સદ્ય ઉકેલ અહીં હાથવગો થાય છે. હા, જરૂર છે રુચિ-વૃત્તિ-દૃષ્ટિનો.વિજ્ઞાન અને ધર્મનો સુંદર સમન્વય અહીં છે. માનવજાતને પજવતો મન્યુ (પુણ્ય-પ્રકોપ) અહીં અત્ર-તત્ર-સર્વત્ર ડોકાય છે. એટલે જ આ મહાગ્રંથ પ્રતિશોધ અને સ્વભાવવિશ્વનું મહાકાવ્ય છે, જ્યાં નિત્યસંન્યાસી કૃષ્ણનું મધુર સંગીત વાચકને શાતા અર્પે છે. 'સ્વભાવ' એ વૈશ્વિક છે, ભૌગોલિક સરહદોથી પર છે. સ્વભાવ અને મન્યુ એ મહાસાગર છે. તેથી આ બાબતે ઘણાંબધાંએ ઘણુંબધું લખ્યું છે, પરંતુ પ્રા. ગુણવંતભાઈ ચરિત્રાલેખનનો અભિગમ સ્વીકારીને આપણને ઘણી સરળતા સંપડાવી આપી છે. પ્રત્યેક ચરિત્રના બધા તાણાવાણાને સુઘટતાથી અને સુગ્રથિત રીતે અભિવ્યક્તિ આપી છે. વ્યક્તિવિશેષો વાસ્તે વિશ્લેષણનો આ અનોખો પ્રયોગ છે, જે ગુણવંતભાઈની મૌલિક્તા છે. સંકુલ અને અટપટી સમસ્યાઓને બહારથી અને ભીતરથી ભીનાશપૂર્વક આપણી પ્રત્યક્ષ કરતાં વિશ્વભરના ચિંતન-ગુરુઓનાં વાક્યવિધાનો સમર્થન નિમિત્તે રજૂ કરે છે અને આપણી વિશ્વાસપૂર્તિ સુદૃઢ કરે છે. લેખકે મહાકાવ્યને એક નવા પરિપ્રેક્ષ્યથી અને પરિદૃશ્યથી અવલોક્યું છે. વિચારદ્રવ્યથી આ મહાગ્રંથ ભરપૂર છે. મહાકાવ્ય અને લેખક વચ્ચે ઊર્જસ્વિતા ઊડીને નજરબંધી કરે છે.

**મહાભારત, મહાવિશ્વદર્શનનો ગ્રંથ હોવાનું સૂચિત થાય છે. વિશ્વસમસ્તને પ્રત્યેક યુગે-કાલે-સમયે આભડી રહેલો પ્રશ્ન છે. ભદ્રતાનાં અને દુરિતાનાં પરિબળોનો, જેનો સદ્ય ઉકેલ અહીં હાથવગો થાય છે. જરૂર છે રુચિ-વૃત્તિ-દૃષ્ટિનો**

શીર્ષકને વધુ પ્રસ્ફુટ કરવા આપણે સંસ્કૃતિનો સહારો સહજતાથી લઈ શકીએ તેમ છે. સ્વભાવ એ પ્રકૃતિ છે જે સંસ્કૃતિને ગતિશીલતા બક્ષે છે. એટલે તાત્પર્ય એટલું જ કે સંસ્કૃતિના કિનારે કિનારે સ્વભાવયાત્રા દ્વારા લેખક એમના સ્વાધ્યાયથી સત્ય સુધી આપણને સરળતાથી લઈ જવામાં માહેર જણાય છે. આ સંસ્કૃતિ-સ્વભાવ-સત્ય સરહદ-વિહીન હોઈ આપણને એથી તરબોળ થઈએ છીએ. માનવજીવનનો, કહો કે માનવસ્વભાવનો સર્વોત્તમ ઈતિહાસ આ મહાગ્રંથમાં પ્રસ્તુત થયો છે, જે અમર છે.

ઈતિહાસમાં સાદ્યન્ત યથાતથ વર્ણન અપેક્ષિત છે. આ માટે એના મુખ્ય સ્રોતમાં - જ્ઞાપકમાં આપ્તવાક્ય અર્થાત્ શબ્દોને- વાણી ઉચ્ચારિત શબ્દોને- પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આપણાં બંને મહાકાવ્ય-રામાયણ અને મહાભારત- આ પ્રકારના ગ્રંથ છે. તાત્પર્ય એટલું જ કે પ્રશ્નોના સમાધાનના ઉત્તરો રૂપે રચાયેલાં આ મહાકાવ્ય છે. આપણા દેશમાં માનવપ્રવૃત્તિના પ્રારંભથી શબ્દાશ્રિત જ્ઞાનની પરંપરાનાં મૂળ જોવા મળે છે. વેદના ગ્રંથો એ બાબતથી શાહેદી પૂરે છે. આ મૂળ-સ્રોતમાં ઈતિહાસની વિભાવના અથર્વવેદથી પ્રાપ્ત થાય છે. આપણી પ્રમાણમીમાંસા તપાસતાં તેમાં ઈતિહાસ અને ઐતિહ્ય પ્રમાણની વિગતથી ચર્ચા થયેલી જોવી પ્રાપ્ત થાય છે. ઈતિહાસ એ ઐતિહ્ય એટલે કે આપ્તવાક્ય ના હોય તો તેનો અસ્વીકાર કરવાનું આપણું વલણ સ્પષ્ટ વર્તાય છે. આમ, ભારતીય વિદ્યાપરંપરામાં ઈતિહાસને પુરાવૃત્તની વિદ્યા તરીકે- પુરાવૃત્તોને સમાવતા વેદ તરીકે વિદ્વાનોએ ઓળખ્યાં છે. આપણી પરંપરામાં ઈતિહાસ ફક્ત 'ઈતિવૃત્ત' ન રહેતાં ચાર-ધર્મ, અર્થ, કામ, મોક્ષ- પુરુષાર્થના ઉપદેશ તરીકે વધારે પ્રતિષ્ઠિત થયો છે. અર્થાત્ માનવજીવનની ફિલસૂફીને માનવ- જીવનના વર્તમાન અને ભવિષ્યના જીવનને માર્ગદર્શન આપનાર તરીકે ઈતિહાસની પ્રતિષ્ઠા થતી રહી.

**માનવજાતનું મનોજગત અને ભાવજગત વિરાટ હોઈ મહાભારતનો અભિગમ પણ વિરાટ છે. માનવીના મનની સંકુલતા અને સમગ્રતાને જે રીતે સુઘટ્ટ તાણાવાણાની જેમ ગૂંથી લેવાઈ છે તે બાબત જ અદ્‌ભુત અને અનન્ય છે**

પ્રસ્તુત ભૂમિકા સંદર્ભે મહાભારત સાહિત્યિક કૃતિ પ્રથમ નજરે હોવા છતાંય એ મહાકાવ્ય ખસૂસ ઈતિકૃતિગ્રંથ છે. એની રચના આપણા દેશમાં થઈ હોવા છતાંય એ વિશ્વગ્રંથનું કાઠું અવશ્ય ઉપસાવે છે. અને એથી આવા ઈતિકૃતિગ્રંથને આપણને સંપડાવી આપવા સજ્જ આપણે ડૉ. ગુણવંતભાઈના આભારી છીએ.

લેખકે આ મહાગ્રંથના પ્રથમ પ્રકરણના શ્લોકતીર્થ દ્વારા મહાભારતનાં અહીં પ્રસ્તુત ચરિત્રના ભાવ-સ્વભાવથી આપણને સુપરિચિત કર્યા છે. ધ્યાનથી સાંભળો -

દુર્યોધન એ મન્યુથી ભરેલું મહાવૃક્ષ છે, તો કર્ણ તેનું થડ છે, શકુનિ શાખા-સમૂહ છે, દુઃશાસન પરિપુષ્ટ પુષ્પ અને ફળ છે અને મૂર્ખ રાજા ધૃતરાષ્ટ્ર તેનું મૂળ છે.

યુધિષ્ઠિર એ ધર્મમય મહાવૃક્ષ છે, તેનું થડ અર્જુન છે, શાખા સમૂહ ભીમસેન છે, માદ્રીના બે પુત્રો પરિપુષ્ટ પુષ્પ અને ફળ છે અને કૃષ્ણરૂપી બ્રહ્મ અને બ્રાહ્મણો તેનું મૂળ છે.

તો 'શબ્દતીર્થ'માં ગાંધીજીનું બૃહદ અવતરણ કૃષ્ણના વિભૂતિમત્ત્વને સમજવામાં આપણને સહાયરૂપ થાય છે. આ છે ગાંધીજીના શબ્દો-

ગીતાના યુગમાં લડાઈઓ એટલી બધી સ્વાભાવિક ગણાતી હતી કે તે કરતાં છતાં અહિંસાધર્મને કોઈ હાનિ પહોંચે છે એમ માણસને તે વખતે નહોતું લાગતું એટલે ગીતામાં લડાઈનું દૃષ્ટાંત લેવાયું છે એ મને સાવ નિર્દોષ લાગે છે. પણ આખી ગીતાનું આપણે મનન કરીએ, સ્થિતપ્રજ્ઞનાં, બ્રહ્મભૂતનાં ભક્તનાં કે યોગીનાં લક્ષણ ગીતામાંથી તપાસી જઈએ, તો આપણે એક જ નિર્ણય ઉપર આવી જઈએ છીએ કે ગીતાના ઉપદેશક કે ગાનાર કૃષ્ણ એ સાક્ષાત્ અહિંસાનો અવતાર હતા અને અર્જુનને 'લડાઈ કર' એવો ઉપદેશ કરવામાં તેની અહિંસાને લેશમાત્ર ઝાંખપ નથી આવતી, એટલું જ નહીં, પરંતુ એ બીજો ઉપદેશ દેત, તો એમનું જ્ઞાન કાચું કહેવાત અને તેથી યોગેશ્વર તરીકે અથવા પૂર્ણાવતાર તરીકે કદી ન પૂજાત એવો મારો દૃઢ અભિપ્રાય છે.

આમ, પ્રથમ પ્રકરણનાં બંને તીર્થ- શ્લોકતીર્થ અને શબ્દતીર્થ દ્વારા સમગ્ર મહાભારતના કથયિત્વને સમજવામાં ઘણી સરળતા લેખકે અંકે કરી આપી છે. આ મહાગ્રંથ પ્રશ્નોપનિષદ પદ્ધતિનો આકર ગ્રંથ છે. પ્રશ્નો પૂછીને લેખક વાંચકને શાણપણ તરફ લઈ જવાનો અનાયાસપૂર્ણ પ્રયાસ કરે છે. પ્રશ્નો સહજ અને સદ્ય ઉત્તરોથી વાંચક મૂળ મુદ્દાથી અવગત થાય છે. વ્યક્તિવિશેષ સંદર્ભે લેખકે પ્રસ્તુત કરેલાં વિશેષણ કે લક્ષણ જે તે પાત્રને સંક્ષેપમાં આપણી પ્રત્યક્ષ કરે છે, જે આ મહાગ્રંથની મૌલિક્તા જણાય છે.

આમ તો આ મહાગ્રંથને અવલોકવાનું કાર્ય ઘણું અઘરું છે. પણ અવલોકનલેખની મર્યાદા જોતાં હવે એના સારદોહન રૂપે થોડુંક પૃથક્કરણ પ્રસ્તુત કરવાનો પ્રયાસ છે. ભાવવિશ્વ, વિચારવિશ્વ અને વિધાનવિશ્વ બધાં જ લેખકનાં છે. શબ્દાંતરણ અહીંતહીં અવલકોનકારનાં છે :

આ મહાગ્રંથમાં માનવસ્વભાવનો મહાસાગરીય વિસ્તાર છે તો વાંસોવાંસ મહાસાગરનું ઊંડાણ પણ અનુભવાય છે. માનવજાતનું મનોજગત અને ભાવજગત વિરાટ હોઈ મહાભારતનો અભિગમ પણ વિરાટ છે. માનવીના મનની સંકુલતા અને સમગ્રતાને જે રીતે સુઘટ્ટ તાણાવાણાની જેમ ગૂંથી લેવાઈ છે તે બાબત જ અદ્‌ભુત અને અનન્ય છે. પૃથ્વી એક રંગભૂમિ છે અને તે ખસૂસ દ્વન્દ્વાતીત નથી જ. અનાદિયુગથી ચાલ્યા આવતા આ દ્વન્દ્વમાં સત્ય-અસત્ય છે, શાંતિ-અશાંતિ છે, હિંસા-અહિંસા છે, દિવસ-રાત છે, કરુણા-ક્રૂરતા છે, રાગ-દ્વેષ છે,

સુખ-દુઃખ છે, મિલન-વિયોગ છે, પ્રશંસા-નિંદા છે, ઔચિત્ય-અનૌચિત્ય જેવી પરસ્પર વિરોધી મથામણો આ મહાકાવ્યમાં અડખેપડખે રમતીભમતી જોવા મળે છે. સમગ્ર મહાગ્રંથમાં આંતર વિરોધ છતાં સમન્વયથી, કહો કે અખિલત્વની-આરાધના પારદર્શક રીતે જોવી પ્રાપ્ત થાય છે. સમગ્રતયા ત્રણ ગુણોની-સત્ત્વ, રજસ, તમસ-ની મંથનપ્રક્રિયા ચાલતી રહે છે. શાશ્વત યુગબોધ આથી એટલો જ રહે છે કે સત્ય કદી પણ નિરપેક્ષ ના હોઈ શકે. છતાં પણ સરવાળે આ મહાકાવ્ય મૈત્રીભાવનું સુંદર પ્રાગટ્ય છે. પરિશુદ્ધ મૈત્રી દિવ્યતાથી મઢાયેલી પાવન ઘટના છે. જ્ઞાનની વિવિધતા, કર્મની વ્યાપક્તા અને ભક્તિની વિશાળતા આ મહાગ્રંથમાં અજોડ રીતે ગૂંથાઈ છે. આ મહાકાવ્યમાં કૃષ્ણના જીવનદર્શનનો મર્મ ચાર સોપાનથી પ્રસ્તુત થયો છે. : (૧) કાયરની અહિંસા કૃષ્ણને માન્ય નથી. (૨) નિર્માલ્ય સૌજન્ય કૃષ્ણને માન્ય નથી. (૩) પૃથ્વી ઉપર ઊગેલું માનવીય સત્ય આખરી હોતું નથી. (૪) મન્યુ વિનાનો નિસ્તેજ ધર્મ કૃષ્ણને માન્ય નથી. આથી જ ભગવદ્ગીતા મહાભારતનું બ્રેઈનટ્રસ્ટ છે. આત્મચેતના એ જ વિશ્વચેતના અને વિશ્વચેતના એ જ 'સર્વલોકમહેશ્વર' કૃષ્ણની પરમચેતના છે. તેથી લેખકના વરેણ્ય મતે મધુરાધિપતિમાંથી મથુરાધિપતિ અને છેલ્લે દ્વારકાધિપતિ બનેલા રાજેશ્વર કૃષ્ણને કોઈ છેતરી શકે તેમ નથી. કૃષ્ણ એટલે યશોદાનંદન, ગોપીવલ્લભ, રાધારમણ, વાંસળીવાદક અને ગોપાળકૃષ્ણ હતા.

**દ્રૌપદી મહાભારતનું સહુ ઉમદા પાત્ર બની રહેલું છે તો પણ પ્રસંગે પ્રસંગે તે મન્યુથી ભીનાશ પામેલું રહ્યું છે. સૌંદર્ય, માધુર્ય અને સાહચર્ય જેવાં તીર્થતત્ત્વો એક સાથે દ્રૌપદીમાં અનુસ્યૂત થયેલાં જોવાં પ્રાપ્ત થાય છે**

ભગવદ્ગીતા કેવળ ભારતવર્ષની જ કે માત્ર હિન્દુઓની જ ધરોહર નથી, એ સમગ્ર વિશ્વની માર્ગદર્શિની છે. આ વાત ગરિમાપૂર્વક રીતે હેન્રી ડેવિડ થોરો, દારા સિરોહ, વોર્ન હિસ્ટીંગ્સ, આલ્ડસ હકસલી, ટી.એસ. એલિયટ અને આઈન્સ્ટાઈન જેવા વિશ્વચિંતન ગુરુઓના ધ્યાનમાં આવી તે બાબત સ્વયં નોંધપાત્ર ગણવી રહી.

કૃષ્ણ લીલાપુરુષોત્તમ હતા, રાજેશ્વર હતા, દ્વારકાધીશ હતા અને છતાં તેઓ નિત્યસંન્યાસી હતા, તેથી નિત્યયુવાન હતા. એમનામાં કર્મસ્ફૂર્તિ(દેહભાવના), વિચારસ્ફૂર્તિ(મનોભાવના) અને વિવેકસ્ફૂર્તિ(આત્મભાવ) ભારોભાર હતાં. જીવનભર ઉઘાડેછોગ અને તેથી વિશેષ ખુલ્લા મનથી સજ્જનો પરત્વે પક્ષપાત દર્શાવતા રહ્યા. ખસૂસ તેઓ ઊર્ધ્વગામી પક્ષપાતના પરમાત્મા હતા. યુધિષ્ઠિરને વિનયપૂર્વક જે શબ્દો કહે છે તે યુગપુરુષ કૃષ્ણની શોભા વધારનારા છે, તો વિદુરજીને વિવેકપૂર્વક જે શબ્દો કહે છે તેમાં કૃષ્ણની ધર્મયુક્ત જીવનદૃષ્ટિ અનુભવાય છે. કૃષ્ણનું ક્ષત્રિયત્વ એટલે અપાર ધીરતા, અસીમ વીરતા, પરિશુદ્ધ મૈત્રી, અનંત કરુણા અને વિરોચિત ક્ષમા. કૃષ્ણની રાજનીતિ ધર્મરક્ષા અને ધર્મસંવર્ધન પરત્વેની હતી. તેઓ કૂટસ્થ, અચ્યુત અને સ્થિતપ્રજ્ઞ હતા તેથી સ્વસ્થ રહી શક્યા. સરવાળે સમગ્ર મહાભારત કૃષ્ણકેન્દ્રી હોવાનું સ્પષ્ટ થાય છે. કૃષ્ણ નથી તો મહાકાવ્ય નથી. ધર્મસુરક્ષાના પરિઘમાં મહાભારતનાં કાર્ય ફરતાં-ઘૂમતાં રહે છે.

દ્રૌપદી મહાભારતનું સહુ ઉમદા પાત્ર બની રહેલું છે તો પણ પ્રસંગે પ્રસંગે તે મન્યુથી ભીનાશ પામેલું રહ્યું છે. સૌંદર્ય, માધુર્ય અને સાહચર્ય જેવાં તીર્થતત્ત્વો એક સાથે દ્રૌપદીમાં અનુસ્યૂત થયેલાં જોવાં પ્રાપ્ત થાય છે. તે મહાભારત જેવા મહાકાવ્યની મહાનાયિકા છે અને તેથી જ તે એક તરફ મનસ્વિની છે તો તેજસ્વિની પણ છે. વાંસોવાંસ ઓજસ્વિની હોવાથી ગુણસુંદરી તરીકે વિશેષ ધ્યાનાર્હ છે. દ્રૌપદી યજ્ઞપુત્રી હોવાથી અગ્નિપુત્રી તરીકે પણ જાણીતી હતી. એના જેવી ગુણવંતી, શીલવંતી અને પતિપરાયણ સ્ત્રી શોધવી મુશ્કેલ છે. તે હકીકતે ક્ષત્રિયત્વની અને પ્રતિશોધની અનોખી પૂજારણ હતી. સ્વસ્થતા એ એનું અપરનામ સૂચવી શકાય. સામર્થ્યવાન દ્રૌપદી પરિસ્થિતિની જનક હતી અને તેથી મૂક બની રહે તેવી અબળા ન હતી.

માનવજાતનો ઉત્તમ પ્રતિનિધિ એ અર્જુન એના જેવો સરળ અને બુદ્ધિજીવી મનુષ્ય દુનિયામાં બીજો હોવા વિશે શંકા થઈ શકે નહીં. તે શ્રેષ્ઠ કોટીનો ધનુર્ધર હતો અને વીર યોદ્ધો હતો. તેની પાસે વિચારદ્રવ્યનો ખજાનો હતો. તેની અર્જુનતા અનન્ય હતી. વીરત્વ સાથે વિવેક સંલગ્નિત હોય ત્યારે જે ક્ષાત્રતેજ પ્રગટે તે જ ધર્મરક્ષા માટે ઉપાદેયી બને. કૃષ્ણ અને અર્જુન ધર્મરૂપી રક્ષાસિક્કાનાં બે પાસાં હતાં. હકીકતમાં અર્જુન ધર્મસુરક્ષામાં રસ ધરાવતો હતો તો કૃષ્ણ ધર્મસ્થાપનામાં. બંનેમાં સખાભાવે જોડનારો સેતુ ધર્મ હતો. સ્થિતપ્રજ્ઞ જેવો અલૌકિક શબ્દ સદીઓ પર્યંત આપણા કાને પડતો રહ્યો તેનો સઘળો યશ અર્જુનને ફાળે. કર્મના ક્ષેત્રે સ્વધર્મ, જ્ઞાનના ક્ષેત્રે સ્વરૂપ અને ભક્તિના ક્ષેત્રે સ્વભાવની ત્રિવેણી આપણે અર્જુનના જીવનમાં રમતી-ઝૂમતી-વહેતી જોઈ શકીએ છે. કાવ્યશાસ્ત્રમાં વર્ણિત બધા રસ અર્જુનના જીવનમાં એક યા બીજી રીતે પ્રગટ થતા રહ્યા છે તેમાં જ અર્જુનત્વ જોઈ શકાય છે.

યુધિષ્ઠિર ધર્માત્મા ખરા પણ નિર્ણયાત્મા નહીં. દ્યૂત પ્રત્યે એમને જબરું આકર્ષણ. મહાભારતના યુદ્ધનું એ એપીસેન્ટર ગણાય. મહાભારતમાંથી દ્યૂતની બાદબાકીથી કથા નિષ્પ્રાણ થઈ જાય છે. જુગારની રમતમાં યુધિષ્ઠિર બધું હારી ગયા, એમનો આત્મપ્રત્યય પણ ક્ષીણ થયો. ઋષિધર્મ અને રાજધર્મ વચ્ચે ભેળસેળ થાય ત્યારે જગતને યુધિષ્ઠિર પ્રાપ્ત થાય. એમની ક્ષમાવૃત્તિ એમની મોટી નબળાઈ. હરિશ્ચંદ્ર અને રામની પરંપરા આગળ વધારી ધર્મરાજ કહેવાયા, સત્યને પ્રતિષ્ઠિત કર્યું પણ સ્વભાવે અનિર્ણાયકતાના કેદી રહ્યા.

આથી વિપરીત માનસિકતા દુર્યોધનની. ઈર્ષ્યા, દ્વેષ અને

વૈરાગ્નિમાં સળગતો રહેલો તંતીલો અને ખંતીલો પામર મનુષ્ય એટલે દુર્યોધન. વિવેકહીન બુદ્ધિનો ખાળકૂવો એ દુર્યોધનનું જીવનદર્શન. તે મહાકાવ્યનો પ્રતિનાયક અને પ્રતિમાનવ હતો. અન્યના સુખને જોઈને દુઃખી થનારો વિઘ્નસંતોષી વિષધર હતો.દુર્યોધનનો વિજય એટલે સાક્ષાત્ અધર્મનું અભ્યુત્થાન. તમોગુણની તલાવડીનો એ મગર હતો. કર્ણ એ દુર્યોધનની યુદ્ધનજર હતો. તો પણ કર્ણને થયેલો અન્યાય એટલો નિર્લજ્જ અને નપાવટ છે કે કેવળ મનોવૈજ્ઞાનિક વિપ્લવ એનો પરિશુદ્ધ પ્રતિસાદ હોઈ શકે. દુર્યોધનની દુર્જનતા કર્ણને કોઠે પડી ગઈ હતી, કારણ તે પણ અર્થદાસ હતો. કર્ણનો આત્મપ્રત્યય મન્યુમૂલક હતો અને એ મન્યુ સકારણ અને સામર્થ્યમૂલક હતો. અલબત્ત, તે ઉદ્દંડ અને ખોટાબોલો હતો. તે એવાં કૃત્ય કરતો રહ્યો જેમાં પ્રતિશોધની માત્રા સવિશેષ હતી. આ દૃષ્ટિએ તે મિથ્યાભિમાની હતો. પરંતુ મહાભારતમાં કર્ણ-દુર્યોધનની જોડી વિઘાતક પરિણામો તરફની હતી.

વિદુર શાણપણથી સભર હતા અને ધર્મના અવતારી પુરુષ જેવા હતા. તેઓ વિચારે અને કર્મે સ્વચ્છ અને સ્વસ્થ મનુષ્ય હતા. કૃષ્ણના તેઓ આત્મીયજન હતા. ધર્માત્મા વિદુરનું આત્મવિલોપન અને ધર્મરાજ યુધિષ્ઠિરની સહોપસ્થિતિ મહાભારતકારે તીર્થક્ષણ દર્શાવીને વિદુરને કાવ્યમય અંજલિ આપી છે. રાજા યુધિષ્ઠિરનું આભિજાત્ય અને ધર્માત્મા વિદુરનો સથવારો કૃષ્ણ માટે આત્મપ્રત્યય સમાન હતો.

ભીષ્મમાર્ગ ગાંધીજીની ધર્મભાવનાને કદાચ પોષક હોય, તો કૃષ્ણમાર્ગ ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુરની ધર્મભાવનાની નજીક હતો. ધર્મજ્ઞ, શાસ્ત્રજ્ઞ અને પ્રતિજ્ઞાબદ્ધ ભીષ્મના મનોવલણનું તટસ્થ અવલોકન અન્યથા અન્યત્ર જોવું-શોધવું મુશ્કેલ છે. ભીષ્મના હૃદયભાવને લેખક વરેણ્ય રીતે ઉપસાવી શક્યા છે. દુર્યોધનની આસુરી સંમતિ, ધૃતરાષ્ટ્રની પુત્રાશક્તિ તથા ભીષ્મ પિતામહની અનિશ્ચિયાત્મક બુદ્ધિ એ યુદ્ધના વિનાશ માટે જવાબદાર હતી. કદાચ નિયતિને આમ મંજૂર હશે. બાણશૈયા ઉપર ઘાયલ હોવા છતાં ભીષ્મની સ્વસ્થતા ધ્યાનાર્હ જણાય છે, કારણ તેઓ આત્મસ્થ હતા, કૃષ્ણસ્થ હતા. બાણશૈયા ઉપર પોઢેલું જ્ઞાનવૃદ્ધ, વિવેકવૃદ્ધ અને વૈદગ્ધવૃદ્ધ ભીષ્મત્વ કૃષ્ણત્વમાં એકાકારના કિનારે સ્વસ્થ હતું. ભીષ્મને ભવ્યાતિભવ્ય મૃત્યુ સાંપડ્યું. મહાકાવ્યનો ચોથો ભાગ તો ભીષ્મનાં શાણપણયુક્ત વચનોથી સમૃદ્ધ છે.

ધૃતરાષ્ટ્ર મોહના ખાબોચિયામાં ક્યારેય બહાર ના આવી શક્યા, તે આ બાબતે સમજણ ધરાવતો હોવા છતાંય. તેથી સૂચિત થાય છે કે, મહાભારતનું યુદ્ધ અંતતોગત્વા પુત્રમોહનું અપરિહાર્ય એવું અંતિમ ચરણ હતું. ગાંધારી પણ પતિપરાયણને પગલે પુત્ર મોહ ત્યજી ના શકી. પતિના અંધત્વને અનુરૂપ થવા પોતે પણ અંધાપો સ્વીકારી લે છે. દુર્યોધન ઢીલો ના પડ્યો તે યુદ્ધનું મુખ્ય કારણ હતું.

અંતે, આત્મભાવ(વિદ્યા) અને દેહભાવ (અવિદ્યા) વચ્ચેના સમન્વયને સમજાય નહીં તો મહાભારતનો મર્મ સમજી શકાય નહીં. અસ્તિત્વ કક્ષાએ કૃષ્ણ રાજેશ્વર છે અને આત્મીય કક્ષાએ કૃષ્ણ યોગેશ્વર છે. કૃષ્ણ સત્ય અને અહિંસાના વિરોધી હતા જ નહીં, પરંતુ ધર્મના વિશાળ પરિપ્રેક્ષ્યમાં સત્ય-અહિંસાને નિરખનારા યુગપુરુષ હતા. તેથી આપદ્ધર્મની પરિસ્થિતિમાં હિંસા અપરિહાર્ય બને તો તે ધર્મવિરોધી ન ગણાય. આ પરત્વે પ્રથમ પ્રકરણના ગાંધીજીના શબ્દતીર્થને સહુએ ધ્યાનયોગ્ય ગણવું રહ્યું. પ્રા. ગુણવંતભાઈએ એમના મહાગ્રંથના મૌલિક સ્વાધ્યાય દ્વારા આપણને અનુગૃહિત કર્યા છે તે બાબત ધ્યાનાર્હ રહેવી જોઈએ. આખા સ્વાધ્યાયને અંતે તેમણે મહાભારતના મર્મને આપણી પ્રત્યક્ષ કરતાં જે પ્રસાદ ધર્યો છે તેમાંથી આચમન સ્વરૂપ અવલોકનકારને સમજાય તે રીતે અહીં પ્રસ્તુત છે :

કર્મ નથી છોડવાનું,કર્મના ફળનું વળગણ છોડવાનું છે. ભક્તિમય કર્મનો ઉદય થાય તેમાં કૃષ્ણ રાજી રાજી. ભક્તિમય જ્ઞાનનો ઉદય થાય તેમાં કૃષ્ણ રાજી રાજી. મનુષ્યે મનુષ્યે સ્વભાવ જુદા હોવાના. સ્થિતપ્રજ્ઞ પ્રસન્ન હોય તો કૃષ્ણ રાજી રાજી.

જ્યાં અને જ્યારે ધર્મ સામે અધર્મ અથડાય, સત્ય સામે અસત્ય અથડાય, ત્યાં અને ત્યારે જો સામાન્ય માણસ ખોંખારો ખાય અને વેચાતી લડાઈને (લેખકની જેમ) વહોરી લે તે ક્ષણે કૃષ્ણ રાજી રાજી कृष्णं वंदे जगद्गुरुम् ।

બાકી તો वादे वादे जायते तत्त्वबोधः । નિર્મળ સત્યનું અન્વેષણ જ આપણું પ્રધાન અને એકમેવ કર્તવ્ય હોવું જોઈએ, જેની પ્રતીતિ આ મહાગ્રંથથી થાય છે. વિવાદની ભૂમિકાએથી મૂઠી ઊંચેરા રહીને લેખકના આ મહાગ્રંથને અવલોકવો જોઈએ. કારણ सर्वः सर्वं न जानाति । વિવાદ-સંવાદ પ્રત્યેક પરિણામ પરત્વે સંલગ્નિત હોય છે. અહીં કવિ કાલિદાસનો એક શ્લોક ધ્યાનાર્હ બની રહે તેમ છે :

पुराळमित्येव न साधु सर्वम्,  
न चापि काव्यं नर्वामत्यवद्यम् ।  
सन्तः परीक्ष्यान्यतरद् भजन्ते,  
मूढः परप्रत्ययनेय बुद्धिः ॥

મતલબ કે જે પ્રાચીન હોય છે તે સઘળું સારું હોય તેવું નથી. વળી જે આધુનિક શાસ્ત્ર હોય તે દોષમુક્ત જ હોય એવુંય નથી. વિવેકી પુરુષો પૂર્ણ કસોટી કર્યા પછી જ તેનો સ્વીકાર કે વિનિયોગ કરે છે, જ્યારે મુર્ખ મનુષ્યો બીજાઓ ઉપર વિશ્વાસ મૂકીને પારકાની બુદ્ધિ પર કાર્યરત રહે. આપણને આ મહાગ્રંથના વાચન વખતે વિવેકી પુરુષ બની રહીએ તે જ અભ્યર્થના સાથે લેખવું પ્રા. ગુણવંતભાઈને સાધુવાદ અને પ્રકાશક આર.આર. શેઠને અભિનંદન. ગુજરાત રાજ્ય સ્થાપના દિન, ૨૦૧૬. અસ્તુ.

---

*બી/૧૦, વસુ એપાર્ટમેન્ટ, શ્રીજી પેલેસ સામે,*  
*નારણપુરા, અમદાવાદ-૧૩*  
*ફોન. : ૨૭૪૮૩૩૬૫*

# ઓખામંડળનો ઇતિહાસ

*– નરોત્તમ પલાણ*

**'ઓ**ખામંડળ' ગુજરાતનો એક વિશિષ્ટ ભૂ-ભાગ છે. હાલ 'દેવભૂમિ દ્વારકા' જિલ્લાનો તે એક તાલુકો છે. મુઠ્ઠી વાળીએ તો તેના આકાર જેવો સૌરાષ્ટ્ર છે અને અંગુઠાના સ્થાને ઓખામંડળ છે. ઓખામંડળની ત્રણ બાજુ દરિયો છે અને એક બાજુ ઓખામઢીનું રણ છે. આ રણની દરિયા તરફની ધારના પડખામાં વળાંક લઈને આજે આપણે મોટરમાર્ગ અને રેલમાર્ગ દ્વારા ઓખામંડળમાં પ્રવેશીએ છીએ.

ઓખામંડળનું ભૂસ્તર, આશરે ચાર કરોડ વર્ષ જૂનું 'ટ્રેપ'નું ભૂસ્તર છે. આ ભૂસ્તરને 'તૃતીય જીવયુગ' (માયોસીન) કહેવામાં આવે છે. આને 'દ્વારકા સ્તર' પણ કહે છે. આ સ્તર શંખલી, છીપલી અને નાના પરવાળાનો સેન્દ્રિય સ્તર છે. આ પછીના 'ચતુર્થ યુગ'માં માનવીનો પ્રાદુર્ભાવ થયો છે. આ ચતુર્થ યુગનો સમય આજથી ત્રીસ હજાર વર્ષ અને દશ લાખ વર્ષનો માનવામાં આવે છે. ઓખામંડળમાંથી હાલ પ્રાપ્ત પુરાવશેષો છેલ્લાં પચાસ હજાર વર્ષના છે. આજકાલ દરિયાઈ પુરાવશેષોની શોધખોળ ચાલી રહી છે. તેનાથી ભવિષ્યમાં વધુ સ્પષ્ટતા થશે.

ઓખામંડળમાં હાલ વસતીવાળાં ચાલીશ ગામો છે અને આ દરેક ગામમાં કોકને કોક પૌરાણિક અથવા ઐતિહાસિક કથાવાર્તા સાંભળવા મળે છે, તેમજ ઘણાં ગામોમાં પાળિયા, વાવ-કૂવા, ખંડેર મંદિર-મૂર્તિ તથા જૂનાં તળાવના સંખ્યાબંધ પુરાવશેષો પડ્યા છે.

ઓખામંડળ મુખ્યતયા 'દ્વારકા'- તીર્થધામના કારણે વિશ્વવિખ્યાત છે. શ્રીકૃષ્ણ પોતાના યાદવ પરિવાર સાથે મથુરાથી સ્થળાંતર કરીને આજના આ ઓખામંડળમાં આવ્યા તથા જુદા જુદા ટાપુઓ વચ્ચે ભરતી ભરીને જે જમીન સંપાદન કરી તે આ 'ઓખામંડળ' હોવાની આપણી પૌરાણિક માન્યતા છે. આ સમયને આજથી આશરે પાંચ હજાર વર્ષ પહેલાંનો માનવામાં આવે છે, તેની તુલનામાં ઓખામંડળના મનુષ્ય સંબંધી પુરાવશેષો પચાશ હજાર વર્ષના છે, જ્યારે ઓખામંડળ સંબંધી જે લિખિત-પુરાવાઓ છે તે માત્ર છેલ્લાં અઢી હજાર વર્ષના જ છે. આનું મુખ્ય કારણ લેખનની શોધ પ્રમાણમાં ઘણી અર્વાચીન છે, તેમજ અદ્યાપિ હજુ પૂરેપૂરા લેખો-શિલાલેખો આપણે શોધી શક્યા નથી તથા જે શોધાણા છે/પ્રકાશમાં આવ્યા છે તેની લિપિ ઉકેલી શક્યા નથી.

હિન્દુધર્મની ત્રણ મુખ્ય પરંપરા તે બ્રાહ્મણ, જૈન અને બૌદ્ધ છે. બ્રાહ્મણ પરંપરાના મહાભારત, હરિવંશ, વિષ્ણુપુરાણ અને શ્રીમદ્ ભાગવત ઓખામંડળ વિશે ઘણી માહિતી આપે છે, જ્યારે જૈનપરંપરાના 'વસુદેવ હિન્ડી' અને 'જૈન હરિવંશ' વગેરે તથા બૌદ્ધ પરંપરાની 'જાતકકથાઓ' પણ પોતપોતાની રીતે ઓખામંડળની વાતો કરે છે.

હિન્દુઓની આ ત્રણ પરંપરા ઉપરાંત ગ્રીસ દેશની પ્રાચીન પરંપરા પણ આ પ્રદેશની નોંધ લે છે. જેનો ગુજરાતી અનુવાદ થઈ ગયો છે તે ગ્રીક ભાષાનો 'પેરિપ્લસ' નામનો ઈ.સ.ના આરંભમાં લખાયેલો દરિયાઈ પ્રવાસવર્ણનનો ગ્રંથ 'બારાકી'(દ્વારકા)નો ઉલ્લેખ કરે છે. પેરિપ્લસ આ વિસ્તારનો નકશો પણ આપે છે.

છેલ્લાં અઢી હજાર વર્ષના આ સાહિત્યને આધારે આપણા ભૂગોળવેત્તાઓ અને પુરાતત્ત્વવિદોએ નકશો પણ તૈયાર કર્યો છે. મૂળમાં અહીં આઠ ટાપુઓ હશે, તેમાંથી છીછરી ખાડીવાળા સાત ટાપુઓને જોડીને 'ઓખામંડળ'ની આજની રચના થઈ છે. આઠમો ટાપુ 'અન્તર્દ્વિપ' અથવા 'બેટ શંખોદ્ધાર' આજે પણ ટાપુ છે. (જુઓ પાછળના પેજ ઉપર ગઈકાલની અને આજની ભૌગોલિક સ્થિતિની બે આકૃતિઓ)


**છેલ્લાં અઢી હજાર વર્ષના આ સાહિત્યને આધારે આપણા ભૂગોળવેત્તાઓ અને પુરાતત્ત્વવિદોએ નક્શો પણ તૈયાર કર્યો છે. મૂળમાં અહીં આઠ ટાપુઓ હશે, તેમાંથી છીછરી ખાડીવાળા સાત ટાપુઓને જોડીને 'ઓખામંડળ'ની આજની રચના થઈ છે**

આજે આપણે મુંબઈ, કોલકત્તા વગેરેની ખાડીઓનું પૂરાણ કરીને જમીન સંપાદન કરીએ છીએ. કંઈક આવી જ ઘટના દ્વારકાના નિર્માણ પાછળ બની હશે. હવે સૌથી મોટો સવાલ એ છે કે આવી રીતે તૈયાર થયેલા આ ભૂ-ભાગને 'ઓખામંડળ' એવું નામ ક્યા અને ક્યારે કારણથી મળ્યું હશે ? 'ઓખામંડળ' એવા નામાભિધાન પાછળ જુદી જુદી માન્યતા છે, પરંતુ બહુમતી એમ માને છે કે આ નામ શ્રીકૃષ્ણની પૌત્રવધૂ 'ઉષા' ઉપરથી આપ્યું છે.

ઉષા સુપ્રસિદ્ધ અસુર રાજવી બલીરાજાની પૌત્રી અને બલીપુત્ર બાણાસુરની દીકરી હતી. 'સોણિતપુર'માં (સંભવતઃ કચ્છના અખાતના આજના કોઈ ટાપુ ઉપર) રહેતી હતી. યૌવનના પ્રવેશ સાથે જ એની ઈચ્છા વધે છે અને સ્વપ્નામાં/દીવાસ્વપ્નમાં એક યુવાનની કલ્પના કરે છે. આપણાં પુરાણો નોંધે છે કે સ્વપ્નામાં તે પેલા યુવકનું અધરામૃતપામે છે. આથી લજ્જિત થયેલી ઉષાને તેની સખી ચિત્રલેખા કારણ પૂછે છે, તેના ઉત્તરમાં ઉષા પોતાની કથા કહે છે. ચિત્રલેખા એના નામ મુજબ ચિત્રકાર છે અને જુદા જુદા દેશના જુદા જુદા રાજકુમારોનાં તે ચિત્ર બનાવે છે. આમાંથી દ્વારકાના રાજકુમાર 'અનિરુદ્ધ'નું ચિત્ર જોઈને ઉષા તેને વળગી પડે છે ! ચિત્રલેખા તાંત્રિક પણ છે એટલે દ્વારકાના રાજમહેલમાં ઉંઘતા 'અનિરુદ્ધ'ને તે તેના પલંગ સાથે

ઉપાડીને સોણિતપુર લાવે છે. આમ 'ઉષાહરણ'નામની કથામાં ઉષાનું નહિ પણ અનિરુદ્ધનું હરણ થાય છે ! આપણાં પુરાણોએ આલેખેલો આ એક વિશિષ્ટ 'હરણ-પ્રસંગ' છે ! ઉષા પોતાના ઓરડામાં એક-બે મહિના અનિરુદ્ધને રાખે છે અને સગર્ભા બને છે. આ વાત બાણાસુરની નજરમાં આવે છે અને અનિરુદ્ધને કેદ કરે છે. આ સમાચાર દ્વારકા પહોંચતાં જ શ્રીકૃષ્ણ-બલરામ પોતાની યાદવ સેના સાથે સોણિતપુર ઉપર ચડી આવે છે. બાણાસુરનો પરાભવ અને રંગેચંગે ઉષા-અનિરુદ્ધ લગ્ન અને વરઘોડિયાનું દ્વારકામાં આગમન થાય છે. ઉષાનૃત્યાંગના પણ છે, આ પ્રદેશની મહિલાઓને તે ગરબે રમતાં શીખવાડે છે અને જોતજોતામાં લોકપ્રિય બને છે. આ ઉપરથી રાજા-પ્રજા હોંશે હોંશે દ્વારકાના વિસ્તારને 'ઉષામંડળ' એવું નામ આપે છે.

ઈ.સ.ની ચોથી સદીના 'હરિવંશ'માં ઉષામંડળ શબ્દ મળે છે. ઘણા વિદ્વાનો અહીં 'ઉષર' એટલે 'ઉજ્જડ પ્રદેશ'ના અર્થમાં 'ઉષામંડળ'ને સમજાવે છે. આમ હોય તો પણ 'ઉષામંડળ' એવો શબ્દ આ પ્રદેશને છેલ્લાં દોઢ-બે હજાર વર્ષથી મળેલો છે. 'ઉષામંડળ'નું 'ઓખામંડળ' ક્યારે થયું તેનો ખુલાસો આપણા લોકગીતોમાંથી અને મધ્યકાલીન ગુજરાતી આખ્યાન સાહિત્યમાંથી મળી રહે છે. આ પ્રદેશની સ્ત્રીઓ 'ઓખાબાઈના રાસડા' લે છે. જગજીવન નામના એક મધ્યકાલીન કવિએ 'ઓખાહરણીના ગરબા' લખ્યા છે. 'લોકગીત' તરતું સાહિત્ય છે એનો સમયનિર્ણય આપણે કરી શકતા નથી, પણ મધ્યકાલીન આખ્યાન સાહિત્ય લિખિત છે,



તેના આધારે તપાસ કરતાં ઈ.સ.ની સોળમી સદીના આરંભના 'માંડણ બંધારા' નામના કવિએ આ શબ્દ વાપર્યો હોવાનું જાણવા મળે છે.

આપણે કહી શકીએ કે છેલ્લાં પાંચસો વરસથી તો આ પ્રદેશ માટે 'ઓખામંડળ' શબ્દ મળે છે.

શ્રીકૃષ્ણ અને તેની પરિવારકથાઓના આધારે અનુમાન થઈ શકે છે કે છેલ્લાં પાંચેક હજાર વર્ષથી આ પ્રદેશ શિક્ષિત હશે. સંભવતઃ ઈ.સ. ૧૪૦૦ સુધી ઓખામંડળનુ શિક્ષિત, સમૃદ્ધ તથા સુખી પ્રદેશ રહ્યો હશે. ૧૪૦૦માં આ પ્રદેશ ઉપર ઝફરખાનની સત્તા આવે છે અને આ પ્રદેશની સમૃદ્ધિ તથા સુખશાંતિ છિન્નભિન્ન થઈ જાય છે.

**ઉત્તર સિન્ધુ સભ્યતા છેલ્લાં અઢી-ત્રણ હજાર વર્ષની છે, જેમાં બે ઐતિહાસિક મહાપુરુષો તે ભગવાન મહાવીર અને ભગવાન બુધ્દ છે. સામાન્ય ગણતરી એવી છે કે મહાભારત યુધ્દ પછી હસ્તિનાપુરની ગાદીએ આવેલા પરિક્ષિત અને ભગવાન બુધ્દ વચ્ચે એક હજાર વર્ષનો ગાળો છે**

ઈ.સ. પૂર્વે ૩૦૦૦થી ઈ.સ. ૧૪૦૦ સુધીનાં સાડા ચાર હજાર વર્ષમાં આપણે ત્યાં સિન્ધુ સભ્યતા છે. ગુજરાતમાં આવેલાં તેનાં મુખ્ય સ્થળો લોથલ, ધોળાવીરા, રંગપુર વગેરે છે. જે સ્થળોમાં સભ્યતાના ત્રણ થર મળ્યા છે તેમાં સોમનાથ અને દ્વારકા અતિ અગત્યનાં સ્થળો તેમજ મહાન તીર્થધામ પણ છે. સભ્યતાના ત્રણ થરમાં વચલો થર સિન્ધુ સભ્યતાનો આશરે પાંચેક હજાર વર્ષની આજુબાજુનો છે. નીચલો થર સિન્ધુ સભ્યતા પૂર્વેનો અને આશરે આઠ-દશ હજાર વર્ષ કે તેથી વિશેષ જૂનો છે. ઉપલા થરને ઉત્તર સિન્ધુ સભ્યતા કહે છે.

ઉત્તર સિન્ધુ સભ્યતા છેલ્લાં અઢી-ત્રણ હજાર વર્ષની છે, જેમાં બે ઐતિહાસિક મહાપુરુષો તે ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધ છે. સામાન્ય ગણતરી એવી છે કે મહાભારત યુદ્ધ પછી હસ્તિનાપુરની ગાદીએ આવેલા પરિક્ષિત અને ભગવાન બુદ્ધ વચ્ચે એક હજાર વર્ષનો ગાળો છે. પરિક્ષિતનો પ્રપૌત્ર અશ્વમેઘદાસ ઓખામંડળમાં આવે છે ત્યારે દ્વારકા ડૂબી ગઈ છે અને માત્ર સુવર્ણતીર્થનું શિખર દરિયાના પાણી વચ્ચે ઝગારા મારે છે ! આજે આ ભલે 'મિથ' ગણાતી હોય પણ તેને હસી કાઢતાં પહેલાં સો વખત વિચારવા જેવું છે.

ઓખામંડળના દરિયામાંથી ક્રમશઃ જે અવશેષો પ્રકાશમાં આવી રહ્યા છે, તેનું અર્થઘટન આ જાતની પૌરાણિક કથાઓના અનુસંધાને કરવા જેવું છે. કેન્દ્રના એસ.આર. રાવ અને ગુજરાતના પી.પી. પંડ્યા જેવા પુરાતત્ત્વવિદોને આ વિષયમાં સાંભળવા જેવા છે. અદ્યાપિ અપ્રગટ રહેલાં તેમનાં નિરીક્ષણો પ્રગટ કરવા જેવાં છે. આજથી માત્ર પચાસ વર્ષ પહેલાં આપણું વલણ દરેક પૌરાણિક કથાને 'ગપ્પાં' માનવા તરફનું હતું, પરંતુ હવે પરિસ્થિતિ બદલાઈ છે અને આજે સમગ્ર દુનિયા હિન્દુધર્મનું મહત્ત્વ સ્વીકારતી થઈ છે.

આ પરિપ્રેક્ષ્યમાં ઓખામંડળનો ઇતિહાસ ફરી તપાસવા

જેવો છે. હાલ ભલે પૌરાણિક કથા હોય પણ આ પ્રદેશમાં ભગવાન શ્રીકૃષ્ણ પોતાના આયુષ્યનાં વધારે વર્ષો રહ્યા છે. અંતિમ વર્ષોમાં અહીં જ યાદવાસ્થલી થઈ છે અને યાદવવંશ લગભગ નામશેષ થયો છે. આ 'યાદવાસ્થળી' અંદરોઅંદર કપાઈ મરવાની છે કે કાકા-બાપાના બે ભાઈઓ વચ્ચેનું 'મહાભારત' છે કે કોઈ વિદેશી સત્તા સાથેનો સંઘર્ષ છે- તેનો ઉત્તર હાલ દરિયામાં ચાલી રહેલી શોધખોળના પરિણામે મળશે.

અસ્તુ. ઈ.સ. ૧૪૦૦ સુધીમાં આ પ્રદેશનો ઈતિહાસ કેવો છે ? શ્રીકૃષ્ણ આવ્યા તેની પહેલાં આ પ્રદેશમાં અસુર અને નાગજાતિના કુટુંબો વસે છે. શ્રીકૃષ્ણના એક પિતરાઈ ભાઈનો પરિવાર પણ અહીં છે. આ પિતરાઈ ભાઈના વંશમાં જૈન તીર્થંકર નેમિનાથ થયા છે અને શ્રીકૃષ્ણની એક પટરાણી સત્યભામાના પિતા સત્રાજિત પણ અહીં છે. આ સત્રાજિત સૂર્ય ઉપાસક છે અને સૂર્યની કૃપાથી તેને 'સ્યમંતકમણિ' પ્રાપ્ત થયેલો છે. સત્રાજિતની સૂર્યોપાસના એવું સૂચવે છે કે તે સમયે અહીં સૂર્યપૂજા મુખ્ય છે. આ વારસો શ્રીકૃષ્ણપુત્ર સાંબને મળ્યો છે અને તેના દ્વારા ઈરાનના સૂર્યપૂજક(અગ્નિપૂજક) મગ બ્રાહ્મણો (પારસી લોકો) આ પ્રદેશમાં આવ્યા છે. આ માન્યતાના પુરાવા સમા સંખ્યાબંધ સૂર્યમંદિરો અને સૂર્યમૂર્તિઓ આજે ઓખામંડળમાં પ્રાપ્ત છે. સમજી શકાય તેવું છે કે હજાર-બે હજાર વર્ષનાં સૂર્યમંદિરોથી સાંબ કે સત્રાજિત ઐતિહાસિક સિદ્ધ થતા નથી, પરંતુ બે હજાર વર્ષ પૂર્વે અહીં આમ છે- એટલું તો સ્વીકારવું જ પડશે.

**મનુષ્યજાતિના સૌથી શ્રેષ્ઠ એક બુદ્ધિજીવી અને ભારતવર્ષના મહાન આચાર્ય, શ્રીઆદ્ય શંકરાચાર્યજી મહારાજ આજથી બારસો વર્ષ પહેલાં ઓખામંડળમાં 'શારદાપીઠ'ની સ્થાપના કરે છે તે -ઈતિહાસની દૃષ્ટિએ એક મહાન ઘટના છે**

અસુર જાતિમાં જેની ગણના થાય છે તે મધુદૈત્યનો પુત્ર લવણ આ પ્રદેશમાં છે. 'લવણ'ની કુળદેવી મનાતી 'લુણાઈ માતા'નું એક સ્થળ આજે ઓખામંડળમાં છે. આપણે કોઈ ભ્રમ સર્જવા નથી માગતા પણ ઓખામંડળમાંથી પિંડારા, લુણાઈ, પોશીત્રા, વસઈ વગેરે સ્થળોના ઉત્ખનનથી નૂતન પાષાણયુગના ઓજાર મળ્યાં છે - તેની નોંધ આપણા ઈતિહાસગ્રંથોમાં મળે છે. આ અવશેષો શ્રીકૃષ્ણ પૂર્વેના છે અને અસુર તથા નાગજાતિ સંદર્ભેના છે. આમ જુઓ તો 'ઓખામંડળ' એવું નામ પણ અસુર જાતિની એક કન્યાના સંદર્ભે આવેલું છે.



દ્વારકાના સપુત અને ૧૯૪૭ પહેલાં ગાયકવાડ સરકારના એક કેળવણી નિરીક્ષક સ્વ. કલ્યાણરાયભાઈ જોશીએ ઓખામંડળનો 'સાંસ્કૃતિક ઈતિહાસ' લખતાં નોંધ્યું છે કે સૂર્યપૂજા, શક્તિપૂજા, લિંગપૂજા અને પછી વૈષ્ણવી પ્રભાવ આ પ્રદેશમાં ફેલાયેલાં છે. મનુષ્યજાતિના સૌથી શ્રેષ્ઠ એક બુદ્ધિજીવી અને ભારતવર્ષના મહાન આચાર્ય, શ્રીઆદ્ય શંકરાચાર્યજી મહારાજ આજથી બારસો વર્ષ પહેલાં ઓખામંડળમાં 'શારદાપીઠ'ની સ્થાપના કરે છે તે -ઈતિહાસની દૃષ્ટિએ એક મહાન ઘટના છે.

શંકર પછીના રામાનૂજ, નિમ્બાર્ક, માધવ અને વલ્લભ આ ચારે આચાર્યો વૈષ્ણવ છે અને ઓખામંડળમાં આવી ગયા છે તથા પોતપોતાના ધર્મધામો સ્થાપી ગયા છે તે આજે પણ મોજૂદ છે. આ ધાર્મિક ધામોના કારણે જ ઓખામંડળ આજ સુધી જીવંત રહ્યું છે.

ઈસ્લામનો સ્વીકાર પણ આ પ્રદેશે કરેલો જણાય છે. આરંભડાની ૩૦/૩૦ ફૂટ લાંબી કબરો ઈસ્લામ-પૂર્વેના અવશેષો છે, પણ બેટના હાજી કીરમાણી, અશાબાપીર વગેરે મધ્યકાલીન મુસ્લિમ સ્થળો છે. ખ્રિસ્તનો પ્રવેશ ઈ.સ.ની ઓગણીસમી સદીમાં થયો છે. સ્થાનિક પ્રજાએ એનાં દેવળો ઊભાં થવાં દીધાં નથી પણ ૧૮૨૦નો કેપ્ટન મેરિએટનો દરિયાકિનારે ઊભેલો કીર્તિસ્થંભ તથા ૧૮૭૨ની મીસ એલિસની કબર એના અવશેષો છે. શીખ, સાંઈબાબા અને બ્રહ્માકુમારીનાં સ્થળો પણ અહીં છે.

શ્રીકૃષ્ણ બંસીવાદક, પુત્ર પ્રદ્યુમન જલતરંગ નિષ્ણાત, પૌત્રવધુ ઓખા લાસ્યનૃત્યમાં પારંગત- ઓખામંડળની આ મહાન કલા પરંપરા સુપ્રસિદ્ધ માણેક ત્રિપુટીમાંનો દેવા માણેક વાદ્યસંગીતનો જાણકાર હતો ત્યાં સુધી ચાલી છે. ૧૮૫૭નો આ સ્વાતંત્ર્ય સંગ્રામનો વીર ૧૮૬૭માં માછરડાની ધાર ઉપર અંગ્રેજ ગોળીઓનો ભોગ બનીને કાયમ માટે સૂઈ ગયો છે.

આ પણ નોંધવા જેવું છે કે, ગુજરાતમાં પ્રાપ્ત જૂનામાં જૂનો શિલાલેખ, જૂનાગઢ-ગિરિતળેટીમાં આવેલો સમ્રાટ અશોકનો લેખ છે, જ્યારે તે પછીના કાળનો ક્ષત્રપરાજવી રુદ્રસેન-પેલાનો શિલાલેખ ઓખામંડળના ગોપીતળાવ પાસેના મૂળવાસર ગામમાંથી મળેલો છે. આ વાત ઓખામંડળની પ્રજા શિક્ષિત છે, તે વાંચી શકે તેવી સાક્ષર છે- એની ઉપર પ્રકાશ પાડે છે એમ લાગે છે કે અગિયારમી સદીના વિધર્મી આક્રમણો સુધી આ પ્રદેશ શિક્ષિત અને સુસંસ્કૃત છે.

આમ જુઓ તો વલભીભંગ અને સોમનાથભંગ પછી હિન્દુસમાજ વેરવિખેર થવા લાગ્યો છે, એમાંય

ઈ.સ. ૧૪૦૦થી મુસ્લિમશાસન આવતાં, રાજસત્તાના રખવાડાં પણ ઘટ્યાં છે. રાજપૂત રાજ્યોના અંદર-અંદરના ઝઘડા અને ધર્મસત્તાથી પોષાતી અંધશ્રદ્ધા પણ ઓખામંડળના પતનમાં કારણભૂત રહેલી જણાય છે.

૧૪૦૦થી શરૂ થયેલા ઓખામંડળના પતનમાં જે કઈ રહીસહી સમૃદ્ધિ હતી તે ૧૮૧૯ના ભયંકર ધરતીકંપથી પૂરી થયેલી છે. આ ધરતીકંપની મુખ્ય ઘટના એ છે કે સદીઓથી સિંધુનદીની એક શાખાનાં પાણી જે કચ્છમાં વહેતાં હતાં તે પ્રવાહની વચ્ચે આડબંધ (અલ્લાહબંધ) ઊભો થઈ ગયો અને સિન્ધુ નદીની આ શાખાનું મુખ કરાંચી તરફ વળી ગયું ! સિન્ધુના આ પ્રવાહ પરિવર્તનથી કચ્છને મળતો મીઠા પાણીનો મોટો હિસ્સો બંધ થયો અને ક્રમશઃ આજનું મોટું રણ સર્જન પામ્યું. સૌરાષ્ટ્રના ઉત્તરકાંઠે 'સિન્ધુસાગર સંગમ તીર્થ' હતું તેનો પણ નાશ થયો. કચ્છ અને સૌરાષ્ટ્રને તથા સૌરાષ્ટ્ર અને ઓખામંડળને અલગ પાડતા રણપ્રદેશો પણ આ સમય પછી વધારે વિસ્તાર પામ્યા. સમજી શકાશે કે લાંબાગાળે આ ધરતીકંપની ઘણી મોટી અસર કચ્છ અને ઓખામંડળ સહિતના સૌરાષ્ટ્રના ઉત્તરભાગ ઉપર થઈ છે.

ઓખામંડળના અર્વાચીન ઇતિહાસની ઝલક કંઈક આવી છે : ૧૭૭૦થી ગાયકવાડની સત્તા ઓખામંડળ ઉપર આવી, ૧૭૯૪માં વડોદરાથી પોતાનો જીવ બચાવવા આનંદરાવ ઓખામંડળના આશ્રયે આવ્યા. ૧૮૦૦માં દુકાળ અને કચ્છના કોટેશ્વર મંદિરને ધરાશાયી કરતો ધરતીકંપ, ૧૮૦૧થી ૧૮૦૩ ઉપરાઉપરી ઓખામંડળમાં ત્રણ દુકાળ અને ભૂખે મરતી પ્રજા માટે વાઘેર આગેવાનોએ ૧૮૦૪માં દરિયામાં જતું એક માલવાહક વહાણ લૂંટ્યું ! આ વહાણ સરકારી નીકળ્યું એટલે ઓખામંડળ ઉપર સરકાર તૂટી પડી ! ઓખામંડળ ગુનેગાર જાહેર થયું.

૧૮૦૭માં વોકર સેટલમેન્ટ આવ્યું. ઓખામંડળમાં ખંડણી ઉઘરાવવાનો હક્ક કંપની સરકારને મળ્યો. કંપની સરકારે સૌરાષ્ટ્રમાં ખાસ પોલિટિકલ એજન્ટની સ્થાપના કરી. દુકાળ અને ૧૮૧૯નો ધરતીકંપ, બેહાલ થયેલા ઓખામંડળના વાઘેરોએ ૧૮૨૦માં બંડ પોકાર્યું. કંપની સરકારની સહાય લઈને જામનગરના વિભા જામે તેને કડક હાથે દાબી દીધું. ૧૮૨૨માં ગાયકવાડ સરકાર પાસેથી ઓખામંડળનો સંપૂર્ણ વહીવટ કંપની સરકારે પોતાના હસ્તક લીધો. ઓખામંડળનાં હિન્દુ ધર્મસ્થળોને મળતી સરકારી સવલતો બંધ થઈ. સ્થાનિક પ્રજાનો વિરોધ વધુને વધુ ઉગ્ર બનવા લાગ્યો. બીજી બાજુ આખા દેશમાં કંપની સરકાર સામે અસંતોષ વિપ્લવનું રૂપ લેવા લાગ્યો. ૧૮૫૭નો સંગ્રામ ફાટી નીકળ્યો એમાં ઓખામંડળ પોતાની રીતે સક્રિય રહ્યું. વાઘેર મિત્રોએ ઓખામંડળ સ્વાધીન કર્યું, ઠરાવ થયો કે 'રાજા' કોઈ નહિ ! માત્ર શ્રીરણછોડરાય માલિક- એમ સ્વીકારીને ઓખામંડળના આગેવાનોએ 'લોહીશાહી'ની સ્થાપના કરી. ૧૮૫૮માં કંપની સરકાર ગઈ અને બ્રિટિશ શાસન આવ્યું. ૧૮૫૯માં ગાયકવાડ અને બ્રિટિશ સેનાએ ઓખામંડળ ઉપર જમીન માર્ગે તથા સમુદ્રમાર્ગે હુમલો કર્યો. આ હુમલામાં બેટનાં પ્રાચીન મંદિરો ધરાશાયી થયાં. સંભવતઃ આ સમયે ૧૮૫૭ના સંગ્રામના એક વીરનાયક નાનાસાહેબ ઓખામંડળના આશ્રયે આવ્યા. દ્વારકાનું આજનું દક્ષિણામૂર્તિ શિવમંદિર એમનું નિવાસસ્થાન મનાય છે.

ઓખામંડળના માણેકબંધુઓ અને નાનાસાહેબ વિશે વિષ્ણુ પંડ્યાએ 'ગુજરાતનાં ક્રાન્તિતીર્થો'(૨૦૦૯)માં વિગતે લખ્યું છે, તેમજ છેક ૧૯૧૬માં 'બેટમાં બળવો અથવા રાજબા રણસુંદરી' નામની એક 'ઐતિહાસિક કાદંબરી' શ્રીયુત્ હરિપ્રસાદ રામનારાયણ મહેતાએ લખેલી છે.

૧૮૫૯ના તોપમારાથી છિન્નભિન્ન થયેલા વાઘેરમિત્રો રાજસત્તા સામે બહારવટે ચડ્યા. આ ખરેખર એમની સ્વાતંત્ર્ય ચળવળ હતી પણ અંગ્રેજ અને ગાયકવાડ એમને સુખેથી રહેવા દે તેમ નો'તા. ૧૮૬૨માં આગેવાન વાઘેરોને ઓખામંડળ છોડવું પડ્યું. હવે એમની આજીવિકાનો આધાર લૂંટફાટ હતી. ૧૮૬૬માં આ વાઘેરમિત્રોએ કોડિનાર લૂંટ્યું, ૧૮૬૭માં માછરડાની લડાઈ, ૧૮૬૮ના મે માસમાં ભાગતા ફરતા મૂળુ માણેકને પોરબંદર પાસેના વાછોડા ગામમાં ગોળીએ દેવાયો અને ૧૮૬૮ના ડિસેમ્બરમાં 'ટોબરાનો હત્યાકાંડ' થયો ! સ્ત્રી બાળકો અને આંગણે બાંધેલા ગાય, ભેંશ, બકરાં સાથે આખા ગામને સળગાવી દેવામાં આવ્યું ! જે કોઈ બહાર ભાગવા જાય તે ચારેબાજુ ગોઠવાઈ ગયેલા સૈનિકોની ગોળીનો ભોગ બને ! ૧૮૬૯માં અમરેલીની કોર્ટમાં આનો કેસ દાખલ થયો, ફેંસલો આવ્યો કે વાઘરોને અન્યાય થયો છે !

આમ કુદરતી અને રાજસત્તાથી પાયમાલ થઈ ગયેલા ઓખામંડળના ૧૯૦૦થી સુખના દિવસો શરૂ થયા. ૧૯૦૩માં સયાજીરાવ ગાયકવાડ દ્વારકાની યાત્રાએ આવ્યા. જગતમંદિર ઉપર સુવર્ણકળશ ચડાવ્યો અને ઓખામાં બંદર બાંધવાની જાહેરાત કરી. ૧૯૦૪માં સુપ્રસિદ્ધ ભાટિયા વેપારી અને 'સુવર્ણમાલા' નામનું સચિત્ર ગુજરાતી સામયિક શરૂ કરનાર પુરુષોત્તમ વિશ્રામ માવજીએ દ્વારકામાં 'સિન્ધુસદન' નામની ઐતિહાસિક ઈમારતનું નિર્માણ કર્યું. ૧૯૨૩માં રેલવે લાઈન નખાણી, ૧૯૨૬માં ઓખા પોર્ટનું ઉદ્‌ઘાટન થયું, ૧૯૩૯માં તાતા કેમિકલ્સ તથા મીઠાપુર, ૧૯૫૧માં દેશના પ્રથમ રાષ્ટ્રપતિ શ્રીરાજેન્દ્રપ્રસાદ શ્રીદ્વારકાધીશના દર્શને આવ્યા, ૧૯૫૭માં સહસ્રશાલિગ્રામની સ્થાપના, ૧૯૬૦માં ગુજરાત રાજ્ય અને ૨૦૧૩થી 'દેવભૂમિ દ્વારકા'નો સ્વતંત્ર જિલ્લો અસ્તિત્વમાં આવ્યો !

'ઓખો જગથી નોખો' આ કહેવત ઓખામંડળના ઇતિહાસની ચડતીપડતીમાં પણ નિહાળી શકાય છે.

---

*૩/વાડીપ્લોટ, પોરબંદર - ૩૬૦૫૭૫*
*ફોન. (૦૨૮૬) ૨૨૪૭૭૦૭*



" હેતની રંગોળી "
- અમૂલ પરમાર



" કુદરત સાથે વાત "
- જિગ્નેશ ઠાકર



" એ... હાલો... માદરે વતન "
- રેખાબહેન ચૌહાણ



" ધિંગા મસ્તી"
- રસિક ગલચર

# આદિમાનવની ચિત્રણ કલા અને ભીમબેટકાનો ગુફાચિત્ર ભંડાર

*– જોરાવરસિંહ જાદવ*



ડુંગરાની ગાળિયું જંગલને ઝાડિયુંમાં કુદરતના ખોળે ખેલતા ખેલતા વિકાસના કેડે ચડેલા આદિમાનવને ભીંત પર ચિતર કરવાની પ્રેરણા આદિકાળથી મળેલી માનવામાં આવે છે. હજારો વર્ષ પૂર્વેની પાષાણયુગની ગુફાઓમાં ફ્રાંસ, સ્પેન, આફ્રિકા, ચીન અને ભારતમાં માનવે પોતાના સમયની ભાવના અને સંસ્કારની એંધાણીઓ આપી છે. આ રીતે જોઈએ તો ભારતીય ચિત્રકળા પરંપરાનાં મૂળ પ્રાગૈતિહાસિક માનવના ગુફા-ચિંત્રાકન સુધી પહોંચે છે. આમ માનવ ઈતિહાસમાં ચિત્રકળાનો ઈતિહાસ માનવવંશ જેટલો પુરાણો ગણી શકાય.

ફ્રાંસની ગુફાઓમાંથી મળેલાં ભીંતચિત્રોને કારણ આજલગી એમ મનાતું કે ચિત્રકળા સહિતની કલાઓનો જન્મ યુરોપની ધરતી પર થયો હશે ! પરંતુ ભારત અને એશિયાના દેશો પણ આ કળાના જન્મદાતા છે એમ માનવા આજે પુરાતત્ત્વવિદો મજબૂર થયા છે. વર્લ્ડ હેરિટેઝમાં સ્થાન પામેલા મધ્યપ્રદેશના ભીમબેટકામાંથી (સને ૧૯૭૨થી ૭૭ના સમયગાળા દરમિયાન) ઉજ્જૈન વિક્રમ વિદ્યાલયના પ્રો. વાકણકરે જે ગુફાચિત્રો શોધી કાઢ્યાં છે તે ૩૦ હજાર વર્ષ જેટલાં પુરાણાં મનાય છે.


**આદિયુગનાં ગુફાચિત્રોમાં ગુજરાતનું નામ પણ ઉમેરાયું છે.**

આજસુધી આદિયુગના માનવના ચિત્રાવશેષો જાળવી રાખવામાં ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશનો સમાવેશ થતો હતો પણ સદ્‌ભાગ્યે આજે ગુજરાતનું નામ પણ એમાં ઉમેરાયું છે એ ગૌરવની વાત છે. ગુજરાતમાં પંચમહાલ જિલ્લામાં તરસંગ ગામે, અંબાજી પાસે સાંબલપાણી ગામ પાસે, ઈડર, નજીક લાલોડા, સાંપાવાડા, ગંભીરપુરા અને ભાવનગર રસ્તા પરના વલ્લભીપુર ગામ પાસેના ડુંગરાની ગુફા વગેરે અનેક સ્થળોએ હજારો વર્ષ પૂર્વેના આદિમાનવે દોરેલાં ગુફાઃશૈલચિત્રો વિપુલ સંખ્યામાં મળી આવ્યાં છે. આમ હજારો વર્ષ પૂર્વે આરંભાયેલા આદિમાનવનાં ગુફાચિત્રોમાંથી સંસ્કૃતિના વિકાસની સાથે સાથે ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં કમાંગરી, સલાટી શૈલીનાં ભીંતચિત્રોની કલા પ્રસન્નપણે પાંગરીને સમયની સાથે સાથે વિલીન થઈ ગઈ. જેમાં ૨૫૦-૩૦૦ વર્ષ જૂના અવશેષો શિહોર, જામનગર, ભાવનગર, વડતાલ, પાટણ, ભૂજ વગેરે નગરોમાં જોવા મળે છે.


**જગતની પ્રથમ રેખાનો જન્મ ચિત્રકળામાંથી થયો !**

ગુફામાં વસવાટ કરતા આદિમાનવે રમતરોળિયાં કરતાં કરતાં પથરાળ ગુફાની પોચી દીવાલો ઉપર નખથી ખોતરતાં લીટા પડી જતાં જગતની પ્રથમ રેખાનો જન્મ થયો હશે ! આવી રેખાઓ પડી જતાં તેને જલ્દી નહીં ભૂંસાતી જોઈને માનવને અવનવી આકૃતિઓ પાડવાની પ્રેરણા મળી હશે. પહાડની દીવાલો ઉપર કોતરાયેલી રેખાઓ કે રંગીન માટીના ટુકડા કે અણીદાર પથ્થરથી દોરાયેલી લાઈનો બીજી સવારે જોઈ શકાય છે તે ધ્યાન પર આવતાં કશુંક ચિરંજીવ બનાવવાનો વિચાર આવ્યો હશે. આમ શરૂઆતમાં અગડમબગડમ આકારોમાંથી ઓળખી શકાય એવી આકૃતિઓ પાડવાનું મન થયું હશે :

ગુફાની ભીંત પર જ્યાં કશું જ નહોતું તે જગ્યાએ કંઈક બનાવ્યાનો, મનમાં પડેલ સંસ્કારને સંકોરીને કશુંક કરવાનો, ચિતરવાનો આનંદ થયો હશે ત્યારે તે આશ્ચર્ય અને આનંદના ભાવાવેશમાં ચોક્કસ નાચી ઊઠ્યો હશે? દીવાલ પરના નવસર્જનનો આનંદ ખેડૂતને પોતાના પરિશ્રમથી બનેલું ખેતર પાકથી લહેરાતું જોવા મળે ને જેવો આનંદ થાય એવા આનંદની અનુભૂતિ એણે કરી હશે, એમ ચિત્રકાર શ્રી શાંતિ શાહ નોંધે છે. ગુફાચિત્રોએ










આદિમાનવના ઇતિહાસ અને સંસ્કૃતિને જાળવ્યા છે.

અનેક યુગો અને સૈકાઓ સુધી માનવ ઇતિહાસ, સંસ્કૃતિ અને તેની પરંપરાઓ જાળવી રાખવાનું અમૂલ્ય પ્રદાન આપણને આ ગુફાચિત્રકળા મારફત જ મળ્યું છે. પથ્થરયુગમાં ગુફાવાસી જીવન ગુજારનાર માણસોની જીવનચર્યાનો ખ્યાલ આજે હજારો વર્ષ પછી ગુફાચિત્રો જ આપી શકે છે. ચિત્રકળા મારફત માણસને ઘણુંબધું પ્રાપ્ત થયું છે. એમ કહેવાય છે કે માણસ માણસ વચ્ચેનો વ્યવહાર ચિત્રકળાએ જ શક્ય બનાવ્યો છે. બધી જ ભાષાઓ લિપિચિત્રમાંથી જન્મી હોવાથી ભાષાઓની જનની ચિત્રકળા જ કહેવાય છે. પથ્થરયુગના ગુફાવાસી માનવે કેવી કેવી આકૃતિઓ ક્યા કયા હેતુ માટે બનાવી તેનો ઇતિહાસ પણ રસપ્રદ છે.આદિકાળના તે ગુફાચિત્રો જોતાં તેની વિવિધ સરળતા સાથેની સચોટ રેખાઓ અને મનમાં પડેલા આકારના સંસ્કારો ઉપરથી કરેલું સીધું આલેખન આપણા મન પર અમીટ છાપ મૂકી જાય છે. વધારે પડતી વિગતો અને વાસ્તવિક્તાને બદલે મન દ્વારા થયેલું સબળ આલેખન, દોરાયેલાં પાત્રો પ્રાણીઓ અને વસ્તુઓનો સચોટ ખ્યાલ આપે છે. પ્રાણી શિકારની રમતો આ ચિત્રોમાં વારંવાર દેખાય છે. લોકકળા આદિવાસીઓની સરળ શૈલીની જનેતા હોવાથી આ ગુફાચિત્રો કલાનાં ઊંચા મૂલ્યો ધરાવે છે. એમાં આલેખાયેલા પ્રતીકો, ઓજારો, અસલી આભૂષણો, પહેરવેશ આયુધો, શિકાર પદ્ધતિઓ અને રમતો આ બધું આ ચિત્રો દ્વારા આજલગી જળવાયું હોવાથી એ માનવવિકાસના ઇતિહાસની ઝાંખી કરાવે છે.

**શિકાર ખેલતાં આદિમાનવો સાથે થયેલાં પ્રાણી ચિત્રો દાદ માંગી લે તેવી કુશળતાથી આલેખાયાં છે. વિશાળ શિંગડાં અને પુચ્છ ઊંચા કરીને દોડતાં પશુટોળાંની ગતિ આબાદ રીતે હજારો વર્ષ પુરાણી ગુફાઓમાં આલેખાઈ છે**

**ગુફાચિત્રો અત્યંત કુશળતાપૂર્વક આલેખાયાં છે.**

ગુફાચિત્રકળાના વિકાસ અને હથોટીની મર્યાદા હોવાથી તેમાં અજંતાનાં ચિત્રો જેવા ચોક્કસ ચહેરાઓ કે મનોભાવો આલેખવાનું શક્ય નથી. ચિત્રકળામાં આ પ્રકારનો વિકાસ તે સમયે થયો નહોતો તેમ છતાં પાત્રોની અદા, તેની ગતિ અને કાર્યશક્તિ દર્શાવતી ગતિશીલતા તેમાં ભરપટે પડી છે. શિકારીઓ અને દોડતાં પ્રાણીઓની છટા અને ત્વરિત ગતિ આલેખન અત્યંત કુશળતા માંગી લે તે કક્ષાનું છે. એક ટોળીનું બીજી ટોળી સાથેનું પથ્થરયુદ્ધ કે ભાલા લડાઈનું ચિત્રાંકન સુપેરે થયેલું જોઈ શકાય છે. વિશેષ કરીને



શિકાર ખેલતાં આદિમાનવો સાથે થયેલાં પ્રાણી ચિત્રો દાદ માંગી લે તેવી કુશળતાથી આલેખાયાં છે. વિશાળ શિંગડાં અને પુચ્છ ઊંચા કરીને દોડતાં પશુટોળાંની ગતિ આબાદ રીતે હજારો વર્ષ પુરાણી ગુફાઓમાં આલેખાઈ છે. આવાં ચિત્રાંકનોવાળાં ગુફાચિત્રો ન મળ્યાં હોત તો પથ્થરયુગના માનવજીવનના સાચો ખ્યાલ કદાચ આપણને ન મળ્યો હોત. આમ ચિત્રકળા જે તે યુગનું સમાજદર્શન સુપેરે કરાવે છે.

**ભીમબેટકાનો પ્રાગૈતિહાસિક ગુફાચિત્ર ભંડાર**

યુનેસ્કો તરફથી બહાર પડાયેલા ૮૦૦ જેટલી વિશ્વવિરાસત વર્લ્ડ હેરિટેઝમાં થોડાં વરસો પૂર્વે ભારત ગૌરવ લઈ શકે એવો ભીમબેટકાનો ગુફા ચિત્રભંડાર યશકલગીરૂપે ઉમેરાયો છે. ભીમબેટકાની શોધનો ઇતિહાસ પણ રસપ્રદ છે. ઈ.સ. ૧૯૫૭માં વિક્રમ યુનિવર્સિટીના પુરાતત્ત્વવિદ્ ડૉ. વિષ્ણુ વાકણકર રેલવે માર્ગે નાગપુર જઈ રહ્યા હતા. ભોપાલ ઈટારસીના રસ્તે રેલગાડી ઓબેદુલ્લાગંજથી આગળ વધી રહી હતી. ત્યાં એમને વિંધ્યપર્વતની હારમાળામાં વિશાળકાય દુર્ગ જેવા ખડકો દેખાયા. આ અપૂર્વ ભૌગોલિક રચનાને નજીકથી નિહાળવાની ઉત્કૃષ્ટ ઈચ્છા થઈ આવતાં ડૉ. વાકણકર આગળના બરખેડા સ્ટેશને ઊતરી પડ્યા અને બીજે દિવસે સવારે વિંધ્યપર્વતની વિશાળકાય ટેકરીઓ પર પહોંચી ગયા. ત્યાં એમને રોમાંચક આનંદ સાથે આશ્ચર્યનો પાર ન રહ્યો. દરેક ખડકમાં શૈલાશ્રયો હતાં તે બધાં ચિત્રિત હતાં. આવા ખડક વચ્ચે દુર્ગાદેવીનું મંદિર હતું. ત્યાં લગભગ શાલિગ્રામદાસજી નામના સાધુ મહાત્માનો પરિચય થયો. આ મહાત્માના અનન્ય સહકારથી વિશ્વવિખ્યાત પુરાતત્ત્વવિદ્ ડૉ. વાકણકરે અનેક ગુફાઓ અને શૈલાશ્રયોની ભાળ મેળવી.

**શૈલાશ્રયોમાં માનવ અસ્તિત્વનો ઇતિહાસ**

ઈ.સ. ૧૯૭૨થી ૧૯૭૭ના સમયગાળા દરમિયાન ઉજ્જૈનના વિક્રમ વિશ્વ વિદ્યાલયના નેજા નીચે ત્યાં સર્વેક્ષણ અને ઉત્ખનનનું કાર્ય હાથ ધરવામાં આવ્યું. એમાં ૭૧૦ શૈલાશ્રયો શોધી કાઢવામાં આવ્યાં. જેમાં ૫૦૦થી વધારે ચિત્રો દોરાયેલાં જોવા મળે છે. અહીં મનુપુત્રના ઉદ્ભવથી લઈને ૩૦૦ ઈ.સ. સુધીના પ્રાગૈતિહાસિક અવશેષોમાં માનવ અસ્તિત્વનો ક્રમબદ્ધ ઇતિહાસ સચવાયેલો પડ્યો છે.

**જ્યાં પૂર્વ પાષાણકાળથી ૧૫મી સદી સુધીના અવશેષો સચવાયા છે.**

વિંધ્યાચળની ટેકરીઓ વચાળે ભીમબેટકામાંથી મળી આવેલાં ગુફાચિત્રો જગતની

આદિમાનવ કળા કરતાં કોઈપણ રીતે ઉતરતાં નથી. યુરોપમાં લાસ્કાની કળા ઈ.સ. પૂર્વે ૩૦,૦૦૦ વર્ષે પુરાણી મનાય છે. ભારતનાં આ ચિત્રોને ડૉ. વાકણકર એટલાં જ પ્રાચીન હોવાનું અનુમાને છે. ભીમબેટકાનાં ચિત્રોમાંથી આદિમાનવના જીવનનું જેટલું સુરેખ ચિત્ર સાંપડે છે તેટલું દુનિયાભરમાં બીજે ક્યાંય જોવા મળતું નથી. પુરાતત્ત્વ સાથે જોડાયેલા જાણીતા પુરાતત્ત્વવિદ્ ડૉ. હસમુખ સાંકળિયા નોંધે છે કે વિશ્વભરમાં આ એક જ સ્થળ એવું છે જ્યાં પૂર્વ પાષાણકાળથી ૧૪મી, ૧૫મી સુધીના અવશેષો ઉત્ખનન સમયે ક્રમબદ્ધ રીતે મળે છે.'



### આદિમાનવ સંસ્કૃતિને સમજવા માટેનું સર્વોત્તમ સાધન ગુફાચિત્રો

ભીમબેટકાનાં શૈલાશ્રયોમાંથી પુરાતન પથ્થરયુગથી માંડીને મધ્ય પથ્થરયુગના માનવીનાં ઓજારો, ઘરેણાં અને અશ્મિભૂત અવશેષો મળી આવ્યાં છે. આ વાચાહીન સામગ્રી સર્જકનું કલાકૌશલ્ય અને આર્થિક જીવનની જાણકારી સુપેરે દર્શાવે છે. ભીમબેટકાનાં ગુફાચિત્રો દ્વારા આદિમાનવે પોતાનાં જીવન-અનુભવ, સમકાલીન પ્રાણીઓનું અસ્તિત્વ, તેમની સાથે માનવીનો સંબંધ. જીવનના ખ્યાલો, રહેણીકરણી ઈત્યાદિ ઘણુંબધું અંક્તિ કર્યું છે. આથી આ ચિત્રો આદિમાનવ સંસ્કૃતિ અને સભ્યતાને સમજવા માટેનું સર્વોત્તમ સાધન બની રહ્યાં છે.

**ભીમબેટ્કાનાં ચિત્રોમાંથી આદિમાનવના જીવનનું જેટલું સુરેખ ચિત્ર સાંપડે છે તેટલું દુનિયાભરમાં બીજે ક્યાંય જોવા મળતું નથી. પૂર્વ પાષાણકાળથી ૧૪મી, ૧૫મી સુધીના અવશેષો ઉત્ખનન સમયે ક્રમબધ્ધ રીતે મળે છે**

### ગોંડ આદિવાસીઓએ આપેલું નામ ભીમબેટકા

વિશ્વભરના પુરાત્ત્વવિદોનું ધ્યાન ખેંચાયું છે એવું આ સ્થળ ભીમબેટકા મધ્યપ્રદેશની રાજધાની ભોપાલની દક્ષિણે હોશંગાબાદના માર્ગ પર ૪૬ કિ.મી. ના અંતરે આવેલું છે અને ૧૦ કિ.મી. લાંબા અને ૫ કિ.મી. પહોળા ક્ષેત્રમાં વિસ્તરેલું છે. ડૉ. વાકણકરે 'સ્ટોન એજ પેઈન્ટિંગ ઓફ ઈન્ડિયા'માં અને યશોધર મઠ પાસે ભીમબેટકા' નામના પુસ્તકમાં એની વિશદ્ ચર્ચા કરી છે. ડૉ. વાકણકરે આ સ્થળને 'હોમોસેપિયન ભીમ' અથવા 'ભીમબેટકા' આ નામ વિંધ્ય પર્વતમાળમાં વસતા ગોંડ આદિવાસીઓ પાસેથી આવેલું છે.

### ભીમબેટકા કે ભીમવાટિકા !

ભીમબેટકા સાથે ઘણીબધી માન્યતાઓ, કલ્પના અને કિંવદંતીઓ પણ જોડાયેલી છે. ભારતનાં અન્ય પુરાત્તત્વીય સ્થળોનો સંબંધ મહાભારતના સમય સાથે સાંકળવામાં આવે છે એવું ભીમબેટકાની બાબતમાં પણ બન્યું છે. લોકો ગુજરાતના હોય કે મધ્યપ્રદેશના, વિચારસરણીનું સામ્ય સર્વત્ર એકસરખું જોવા મળે છે. ભીમબેટકાના વિશાળ ખડકો ભીમ સિવાય બીજા કોની બેઠક હોઈ શકે? કેટલાક એને 'ભીમવાટિકા' તરીકે પણ ઓળખે છે. ભીમબેટકાની આદિમ સંસ્કૃતિને પુરાતત્ત્વવિદો તો મહાભારતના સમય કરતાં ક્યાંયે વધુ પ્રાચીન ગણે છે. અહીંનાં સ્થળો પરથી મળી આવેલા 'ગોલાસ્મિ' અર્થાત્ સોહન શૈલીનાં ઉપસ્કરણો આદિ પુરામિયુગ-૧ એટલે કે પાંચ લાખથી ત્રણ લાખ પૂર્વેના ગણાય છે.

### ભીમબેટકાનો ચિત્રભંડાર

ડૉ. વાકણકર નોંધે છે કે, ભીમબેટકા ખાતેની ભૂગર્ભ ગુફાઓની સંખ્યા ૧૩૦૦ જેટલી છે. જેમાંથી ૧૦૦૦માં ચિત્રો મળી આવ્યાં છે. આ ગુફાઓ જમીનની સપાટીથી ૨૦થી ૩૦ મીટર નીચે આવેલી છે. આ ગુફાઓમાં વસવાટ કરનારા ગોંડ અને કોર જાતિના લોકોએ આશરે ૫૦૦ વર્ષ પૂર્વે મેદાનોમાં રહેવાનો પ્રારંભ કર્યો હશે, એમ ડૉ. એમ.સી. જૈન નોંધે છે, ભીમબેટકાનાં મોટા ભાગનાં ચિત્રો રંગમહલ, સભાગૃહ, ચિત્રવિથિકા, વૃષભ, શૈલ, હાથીગુફા, છત્રગુફા, લાખા જવાહરની ગુફાઓ તથા જેદ્દા ગામના કેટલાક શૈલાશ્રયોમાંથી મળી આવ્યાં છે.

ભીમબેટકાનાં ચિત્રોમાં આદિ શિકારીના જીવનને ચીતરવામાં આવ્યું છે. તેમાં શિકારીઓને ધનુષ, બાણ અને ભાલાં વડે શિકાર કરતાં દર્શાવવામાં આવ્યા છે. બળદો, ભેંસો, સુવ્વરો, કાચબા, માછલીઓ, વાંદર અને વિશાળકાય ગેંડાનાં પણ ચિત્રો મળે છે. આદિકાળના શિકારીએ જાદૂની મદદથી પોતાનો શિકાર પકડવાની વિધિ શોધી કાઢી હતી. જેમાં તે જાદૂગર બનતો હતો. આદિમાનવનું જાદૂગરનું રૂપમાં આવું દર્શન અન્યત્ર દુર્લભ છે. અન્ય ચિત્રોમાં ગર્ભવતી માતા, માતા અને બાળક. નગ્ન તરુણીઓ, પુરુષાકૃતિ, મહોરાધારી પુરુષ, સામુહિક નર્તક વૃંદો. ગાયક, મધુ સંચાયક, મૃત પશુઓને ઊંચકી જનારા સધ્મવેશી, આખેટક ઉપરાંત પશુપ્રાણીઓનું મનોહારી ચિત્રણ થયું છે. તેમાં ગેંડા, સિંહ, ચિત્તા, રીંછ, વનવરાહ, વનવૃષભ, વનમહિષ, ચિત્તળ, સાબર, નીલગાય, અશ્વ, વાનર, કૂતરાં, સારસ, શાહમૃગ, મરઘાં, મોર ઈત્યાદિ જોવા મળે છે. આબાચંદ નામની એક ગુફામાં બે વાઘનું દ્વંદ્વયુદ્ધ, એક જ હારમાં ઊભેલી સાત વ્યક્તિઓ, નાસી રહેલા કૂતરાને પકડવા દોડતો માણસ, બળદને દોરતો માણસ વગેરે દેખાય છે. જ્યારે બારખેડની ગુફાઓમાં

મૌર્યકાળનાં બલીના દશ્યો, શિવ, ગણેશ, કાર્તિકેય અને માતૃ દેવીઓનાં ચિત્રો, વૃક્ષપર રમતા વાનરો, વાજિંત્રો, સ્વસ્તિક, સૂર્ય, ચંદ્ર વગેરે અંકિત થયાં છે.

ભીમબેટકાની ગુફાઓમાંથી મળી આવેલાં બદામી અને લીલા રંગનાં ચિત્રોનો રચનાકાળ ૨૦ હજારથી ૧૫ હજાર વર્ષ પૂર્વેનો મનાય છે. એમાં અપાર વૈવિધ્ય પણ જોવા મળે છે. અહીંનાં કંદરાચિત્રોનો અભ્યાસ કરી આવેલા શ્રી ઓમપ્રકાશ મહેતા નોંધે છે કે ‘અહીંનું સૌથી પ્રાચીન ચિત્ર ઘેરા લીલા રંગનું છે. ઘેરા લાલ રંગના જંગલી પાડા, નૃત્ય કરતાં સ્ત્રીપુરુષો ગેંડાના મહોરાં ધારણ કરેલાં મનુષ્યો તથા પ્રાગૈતિહાસિક સાંઢસાં અત્યંત સુંદર ચિત્રો સુરેખ રીતે આલેખાયાં છે.’ આ બધાં ચિત્રોમાં બાળક અને કુટુંબ, શિકારમાં મૃત્યુ પામેલો માણસ, મૃત બાળકનો અંતિમ સંસ્કાર તેમજ કુટુંબીઓના રુદન કરતાં ચિત્રો કૌશલ્યપૂર્ણ અને અત્યંત ભાવવાહી છે.


**કંદરાચિત્રોનું ઐતિહાસિક મૂલ્ય**

વિશ્વના સૌથી મોટા ગુફાચિત્ર ભંડારનાં આ બધાં ચિત્રો હેમેટાઈટ પથ્થરને પીસીને તેમાં લાલ માટી ભેળવીને બનાવાયાં છે. તેમાં લીલો રંગ પ્રમાણમાં બહુ ઓછો છે. ક્યાંક ક્યાંક પીળો રંગ પણ દેખાય છે. ભીમબેટકાનાં આ ચિત્રોમાંથી કેટલાંક ચિત્રો જાણીતા ‘કંદરાશાસ્ત્રી શ્રી શંકર તિવારીએ પ્રસિદ્ધ પણ કરાવ્યાં છે.’ આ ગુફાચિત્રોની શોધની વાત સાંભળીને અમેરિકાના ડૉ. રોબર્ટ બ્રુક્સ, ઈંગ્લેન્ડના શ્રી આવીન અને ઓસ્ટ્રેલિયાના લોથર વાન્કે અહીં આવી આ ચિત્રોનો અભ્યાસ કરીને તેના ઐતિહાસિક મૂલ્યનો સ્વીકાર પણ કર્યો છે. આમ ભીમબેટકાનાં ગુફાચિત્રોની શોધથી પ્રાગૈતિહાસિક કાળનું માત્ર પગેરું જ નથી મળ્યું પણ ભારત વર્ષની કળા, ચિત્રકળા અને આદિ સંસ્કૃતિના ઈતિહાસમાં એક નવું ગૌરવપૂર્ણ સોનેરી પ્રકરણ ઉમેરાયું છે.

**મનુષ્યજાતિના સૌથી શ્રેષ્ઠ એક બુદ્ધિજીવી અને ભારતવર્ષના મહાન આચાર્ય, શ્રીઆદ્ય શંકરાચાર્યજી મહારાજ આજથી બારસો વર્ષ પહેલાં ઓખામંડળમાં ‘શારદાપીઠ’ની સ્થાપના કરે છે તે -ઈતિહાસની દૃષ્ટિએ એક મહાન ઘટના છે**

**ગુજરાતમાંથી મળી આવેલાં આદિમાનવે દોરેલાં ગુફાચિત્રો**

આદિમાનવ યુગના અવશેષો જાળવી રાખવામાં ગુજરાતનો નંબર પણ આવી શકે એમ છે. આદિમાનવે ગુફાની પથ્થરની દીવાલ પર દોરેલાં ગુફાચિત્રો ગુજરાતમાંથી મળી આવ્યાં છે. આ ચિત્રોનું સર્વેક્ષણ હાથ ધરાતાં વડોદરાની મ.સ. યુનિવર્સિટીના પુરાતત્ત્વ ખાતાએ પ્રથમ પંચમહાલ જિલ્લાના તરસંગ ગામે સંશોધન કરીને ગુફાચિત્રો શૈલાશ્રયો શોધી કાઢ્યા હતા.



**લાલોડા અને સાપાવાડાનાં ગુફાચિત્રો**

ગુજરાત રાજયના પુરાતત્ત્વખાતાએ પણ આ અંગે સંશોધન હાથ ધરેલું. આ ખાતાના અધિકારીઓ શ્રી રવિ હજરનીસે આ દિશામાં કામગીરી હાથ ધરીને સાબરકાંઠા જિલ્લામાંથી આદિમાનવનાં ચિત્રો શોધી કાઢ્યાં હતાં. હિંમતનગરથી ઈડર તરફ જવાના માર્ગ પર આવેલા લાલોડા અને સાપાવાડામાંથી ગુફાચિત્રો શોધી કાઢીને ગુજરાતનું નામ આદિમાનવયુગમાં દાખલ કરાવ્યું છે. ગેરૂના રંગથી દોરેલાં આ રેખાચિત્રો ગુફાની દીવાલોમાં છે. જેમાં આદિમાનવની શિકારવૃત્તિ અને પ્રવૃત્તિ નજરે પડે છે. આ પશુશિકાર યુગનાં ચિત્રો ઘણું મોટું ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે.

**ગંભીરપુરા અને ઈડરનાં ગુફાચિત્રો**

આ ઉપરાંત ઈડર પાસેના ગંભીરપુરા તથા ઈડરની દંડી(રૂઠિરાણી)ના મહેલના નામે ઓળખાતા સ્થળેથી સ્તૂપચિત્રો ગેરૂના રંગથી દોરેલાં મળી આવ્યાં છે. શૈલાશ્રયો ઉપર સ્તૂપ ચિત્રો ભારતના કોઈ અન્ય પ્રદેશોમાંથી મળી આવ્યાં નથી. સાબરકાંઠામાંથી તથા પંચમહાલમાંથી મળેલાં આદિમાનવ યુગનાં ભીંતચિત્રો, અને શિલાચિત્રોની સંખ્યા ૭૦થી ૮૦ જેટલી થવા જાય છે. ગંભીરપુરમાં મળેલાં સ્તૂપચિત્રોની સંખ્યા આઠ જેટલી છે. બ્રાહ્મીલિપિના અક્ષરોવાળું લખાણ પણ અહીંથી મળી આવ્યું છે.

સાપાવાડા અને લાલોડા ખાતેની ગુફાઓમાં મોર અને જંગલી વૃષભનાં ચિત્રો ગેરૂથી દોરેલાં છે, જેનાં શીંગડાં ઉપર ચંદ્રકળા પણ ચિત્રમાં છે. ગંભીરપુરાનાં સ્તૂપ ચિત્રો ત્રીજી ચોથી સદીનાં હોવાનું મનાય છે. જ્યારે લાલોડા અને સાપાવાડાનાં ગુફાચિત્રો આદિમાનવ યુગનાં છે. આ ગુફાઓમાંથી લઘુ અશ્વયુગના પથ્થરનાં ઓજારો પણ મળેલાં છે, જે દર્શાવે છે કે આદિમાનવ પશુ-પ્રાણીના શિકાર માટે આ ઓજારોનો ઉપયોગ કરતો હશે. સાંપાવાડામાં પક્ષીઓનાં ચિત્રો પણ મળ્યાં છે : જે તામ્ર અશ્મયુગનાં હોવાનું શ્રી દિનકર મહેતા અને શ્રી હજરની નોંધે છે. ટેકરીઓ અને પર્વતમાળની ગુફાઓમાં મળેલાં આ બધાં ચિત્રો આપણને પથ્થરયુગ-આદિમાનવ યુગ સુધી લઈ જાય છે. ગુજરાત માટે આ ગૌરવની વાત છે.

*૨, પ્રોફેસર્સ કોલોની, વિજય ચાર રસ્તા,*
*નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯*
*મો. ૯૮૨૪૦૨૮૩૨૬*

# જાતકકથાના માધ્યમે ભગવાન બુદ્ધની સમાજ-સમીક્ષા, ઉપદેશ

– ડૉ. હસુ યાજ્ઞિક

વિશ્વના મોટાભાગના ધર્મોપદેશકો જે વિશિષ્ટ ધર્મસંપ્રદાયના સંસ્થાપક પણ બન્યાં એ બધાની વિશેષતા એ છે કે, તેમણે વિવિધ કુળમૂળની કથાઓના માધ્યમે જ પોતાની અભિપ્રેત ધર્મવિચારણા, એનું તત્ત્વજ્ઞાન એમ જ એમને એમના સમાજના વ્યક્તિજીવન અને કુટુંબજીવની જે જે મહત્તા કે મર્યાદા દૃષ્ટિમાં આવી તે તેમણે માત્ર સંકુલ તત્ત્વજ્ઞાનનું શાસ્ત્ર રચીને નહીં, પરંતુ કથાના માધ્યમે સમજાવ્યું અને એ દ્વારા જ એમણે પોતાનાં મનહૃદયની વાત લોકો સુધી પહોંચાડી.

આવા ધર્મસંસ્થાપકોમાં ભગવાન બુદ્ધ, મહાવીર સ્વામી, ઈસુ ખ્રિસ્ત અને મહમ્મદ પયંગર સાહેબ વગેરેનો સમાવેશ થાય છે. આમાં સમયદૃષ્ટિએ ભગવાન બુદ્ધ પહેલા છે અને ભાષા માધ્યમે દસ્તાવેજરૂપ બનેલી તેમના મુખે કહેવાયેલી કથાઓ જે 'જાતકકથા' તરીકે ઓળખાઈ તેનો સમાવેશ થાય છે. આથી વિશ્વવ્યાપ્ત સંસ્કૃતિ અને તેની સાથે સંકળાયેલા સમાજ અને તેનાં પ્રશ્ન-પરિસ્થિતિનું પ્રાચીનતમ રૂપ આ કથાઓમાં ઝિલાયું છે. એની ખાસ બે વિશેષતાઓએ છે કે આવી કથાઓ ભગવાન બુદ્ધે એમનાં ધર્મદર્શનના સિદ્ધાંતોના સ્પષ્ટીકરણ-સરલીકરણ માટે જ નથી કહી, પરંતુ જ્યારે કોઈ સંસારી કે સાધુ બનેલી વ્યક્તિના જીવનમાં કોઈ પ્રશ્નો ઊઠ્યા, સમસ્યા સર્જાઈ ત્યારે જ એના કારણની મીમાંસા કરવાના હેતુએ જ આવી કથાઓ કહી, જેને અનુગામી પરંપરાએ શબ્દમાં બાંધી, સંચયરૂપે સંગ્રહિત કરી અને આ કથાઓ બુદ્ધના પોતાના જ કોઈ પૂર્વભવની છે, એવી શ્રદ્ધા દૃઢ કરવા માટે બુદ્ધના પૂર્વભવોની સાથે સાંકળી. એથી આવી કથાઓ 'જાતક-કથા' એટલે કે ભગવાન બુદ્ધે પોતાના જ પૂર્વભવ રૂપે કહેલી કથાઓ તરીકે ઓળખાવવામાં આવી.

કથાને એક મનોરંજનના સાધન તરીકે અથવા તો ધર્મના કોઈ એક સિદ્ધાંત તથા વ્રતનિયમાદિને સમજાવી તેને સ્પષ્ટ કરતા દૃષ્ટાંત કથાના માધ્યમે જ પ્રયોજવાને બદલે, આવી કથાઓને પણ સાધુ કે રાજવીના અન્ય ગૃહસ્થ એવી વ્યક્તિના જીવન સાથે સાંકળવી એને બાયોગ્રાફિકલ સ્ટોરીનું રૂપ આપીને સાંકળવાની એક અભૂતપૂર્વ, સંપૂર્ણ નવિનતમ એવી કથાસંકલન પદ્ધતિનો બૌદ્ધધર્મના સાહિત્યમાં આરંભ થયો. અન્ય ધર્મોના સંસ્થાપકો તથા તેના અનુયાયી એવા રાજવીઓ, મંત્રીઓ, સાધુ-સાધ્વીઓ વગેરે વગેરેનાં જીવન કે મુખ્ય જીવન ઘટના-આધારિત કથાઓ મળે છે, પરંતુ તે છૂટી છૂટી, કોઈ અમુક પ્રસંગે કે નિમિત્તે જ ! આવી રીતે બાયોગ્રાફિકલ સ્ટોરીના સંચયો આપવામાં પહેલ કરનાર પાલિભાષામાં મળતું બૌદ્ધધર્મનું કથાસાહિત્ય છે. એમાં કથાના વિવિધ સંચયો જ આવા બાયોગ્રાફિકલ-જીવનચરિત વિષયક શીર્ષકો આપીને સંપાદિત થયાં. બૌદ્ધકથાસાહિત્યમાં બુદ્ધના પૂર્વભવના જીવન સાથે સંકળાયેલી કથાઓને 'જાતક' કહેવામાં આવી, બૌદ્ધધર્મના સમર્થ અને નોંધપાત્ર એવા સારિપુત્ર મોગ્ગલાન, મહાપ્રજાપતિ, ઉપાલિ, જીવક વગેરે સાથે સંકળાયેલી કથાઓને 'પિટક' કહેવામાં આવી અને ત્રીજા 'અયદાન' એટલે કે સંસ્કૃત 'અવદાન' જેનો અર્થ 'નોટેબલ બાયોગ્રાફિકલ ઈન્સિડન્ટસ'- નોંધવા યોગ્ય જીવનકૃત્યો એવો છે તેમાં સાધ્વીઓ સાથે જે કથાઓ એમનાં જીવન સાથેનો સંબંધ જોડીને અપાઈ તેને 'થેરીગાથા' અને સાધુઓ સાથે સંકળાતી કથાઓને 'થેરાગાથા' (સ્થવિરનું પાલિભાષામાં થેરા થાય છે) તરીકે ઓળખવામાં આવી.

વૈદિક અને જૈન એ બંને ભારતીય ધર્મોમાં આદર્શ વીર એવી વ્યક્તિના 'ચરિત'ની પરંપરા હતી જ અને એ અન્વયે જ કેટલાંક પુરાણો, ચરિતગાથાઓ વગેરે રચાયાં અને જૈનસ્રોતમાં પણ તીર્થંકરો, શ્રેષ્ઠ રાજવીઓ અને મંત્રીઓ, વ્યાપારીઓ, શ્રેષ્ઠીઓનાં જીવનચરિત વિષયક કૃતિઓ રચાતી જ આવેલી અને ત્રિષષ્ઠિ સલાકા-પુરુષ તરીકે આવા કુલ ૬૩ પુણ્યશ્લોક પુરુષોનાં ચરિતો સંગ્રહિત બન્યાં. પરંતુ એમાં પૌરાણિક અને લોકકથાત્મક ચમત્કૃત ઘટનાઓ છે, જીવનના જ પ્રત્યક્ષ-પ્રગટ સંબંધનો ઓછો-આછો વાસ્તવિક સંબંધ છે. વળી, આવા વિષયાનુસારી સંચય ઉપરાંત બીજા પણ સંચયો છે જેમાં રાસ વગેરે સ્વરૂપમાં પણ કથાની, વિશેષતઃ લોકકથાની સામગ્રી છે. આ સામે બૌદ્ધસાહિત્યમાં તો જાતક, પિટક અને અવદાનઃ આ ત્રણ જ કથાસાહિત્યના સંચયના પ્રકારો છે. વળી, આ બધી જ કથાઓ, તેમાં પણ ખાસ તો 'જાતક' કથાઓનું સંકલન સૂત્ર જ કોઈ નિશ્ચિત એવી વાસ્તવિક પરિસ્થિતિ પાર્શ્વભૂમાં જ આ કથાઓની કહેણીને મૂકે છે. ભગવાન બુદ્ધ તેના આનંદ જેવા મુખ્ય શિષ્ય અને અન્ય સાધુઓ સાથે વિહાર કરીને જાય ત્યારે એમની ધર્મસભામાં જ કોઈ એક વ્યક્તિ કોઈ એક વ્યક્તિના જીવનની વિશિષ્ટ પરિસ્થિતિ અંગે પ્રશ્ન ઊઠાવે અને પૂછેઃ આવું શાથી છે? ત્યારે એના જવાબમાં, પ્રશ્નના ઉત્તરમાં શાસ્તા એટલે કે ભગવાન બુદ્ધ કોઈ કથા કહે છે અને તે દ્વારા આવી વિશિષ્ટ પરિસ્થિતિ કેમ છે, તે સ્પષ્ટ કરે છે. આમ દરેક કથા અહીં વિહાર સમયની જ કોઈ વાસ્તવિક ભૂમિકા સાથે સંકળાય છે અને કથા કહેવાના આ મૂળભૂત કારણે જ આ કથાઓમાં એક યા બીજી રીતે તત્કાલીન સમાજની જ કોઈ પરિસ્થિતિ અને તેની સાથે સંકળાતી હોવાને કારણ ભારતના પ્રાચીનકાળના કથા સાહિત્યમાં બૌદ્ધધર્મની કથાઓને સમાજ સાથે સીધો સંબંધ રહ્યો છે, એટલું જ નહીં કેટલીક કથાઓ એવી છે જેમાં ભગવાન બુદ્ધ સમાજના મહત્ત્વનાં અંગો-સંસ્થાઓની સમીક્ષા કરે છે. કહો કે તત્કાલીન સમાજના સમગ્ર સંસ્થારૂપ માળખાનાં વિવિધ અંગોને અને જેના પર આખો સમાજ રચાયો છે તેનાં પાયાની સમીક્ષા કરે છે. આવું સમાજશાસ્ત્રીય અવલોકન, એનાં વિવિધ અંગોની મહત્તા અને મર્યાદા સાથે બુદ્ધનાં પહેલાં કે પછી કોઈએ ચર્ચા કરી નથી અને સમાજમાં ક્યાં શું ખૂટે છે, શા કારણે અમુક સામાજિક સંસ્થાનાં પાયા નબળાં પડ્યા છે, આવી મર્યાદાનાં કારણો શું છે, તે બધું જ વાર્તાના માધ્યમે સમજાવે છે. જાતકની નાની મોટી ૫૪૭ કથાઓ છે તેનું આવા સમાજશાસ્ત્રીય દૃષ્ટિબિન્દુ સાથે જો લોકતાત્ત્વિક

અધ્યયનથી પૃથક્કરણ કરીએ તો આ વાત બરાબર સ્પષ્ટ થાય. આ માટે આ લઘુલેખમાં અવકાશ નથી તેથી એકાદ-બે કથાઓને આધારે આ સમજીએ.

બૌદ્ધ જાતકકથાની નિરૂપણ પદ્ધતિનું સ્વરૂપગત માળખું બે વિભાગમાં વહેંચાય છે. ૧. વર્તમાન સંદર્ભ ૨.તે સંદર્ભના આધારે જે કંઈ પ્રશ્ન-સમસ્યા હોય એના નિરાકરણ માટે ભગવાન બુદ્ધે કહેલી કથા. આનો જ પૂર્ણ નિષ્કર્ષ કથાના આરંભની ગાથામાં અપાય છે. સારભૂત તત્ત્વ, બોધ-ઉપદેશને કથાના આધારે સૂત્રાત્મક ઉપદેશરૂપે પદ્યમાં બાંધવાની ભારતીય કથાસાહિત્યની પદ્ધતિ જાણીતી છે. પંચતંત્ર-હિતોપદેશમાં એ રીતે અંતે કથાના સારરૂપે બોધ-ઉપદેશ-સુભાષિત તારવામાં આવ્યાં છે. જાતકમાં તો આરંભે જ બુદ્ધના મુખમાં ગાથા મૂકવામાં આવે છે અને તે પછી તરત જ આ ગાથા ભગવાન બુદ્ધે કોને, ક્યારે, કયા સંદર્ભમાં, કયા પ્રશ્ન-સમસ્યાના નિરાકરણની કથા કહેતાં ઉચ્ચારેલી તે વર્તમાન સંદર્ભ ઉમેરાય છે. ચોક્કસ એવા વિહાર, સ્થળ, પ્રશ્ન પૂછનાર વ્યક્તિના નામાદિ સાથે અહીં વિગત અપાય છે. સાધુઓ નગરમાં કશુંક જુએ, કોઈ વ્યક્તિનાં જીવનમાં કશુંક અસાધારણ જુએ કે સંઘમાં નવા ભળેલા સાધુની કોઈ તજવા જેવી કે ન કરવા જેવી ખાસિયત કે પ્રવૃત્તિ જુએ ત્યારે શાસ્તાને પ્રશ્ન કરે છે. બૌદ્ધ સંઘના સાધુઓ એટલા બૌદ્ધિક તાત્ત્વિક સ્વાતંત્ર્ય ધરાવે છે કે સંસારનો ત્યાગ કર્યો છે એવા ખુદ બુદ્ધ પણ જો સાધ્વી બનેલી યશોધરાને આમ્લપિત્ત (એસીડીટી) ને કારણે પેટમાં ચૂંક આવતાં કેરી વહોરવા જાય અને આમ્રરસ સાધ્વી બનેલી યશોધરાને પહોંચાડે તેવા સંદર્ભે પણ એક સંસારનો ત્યાગ કરેલા સાધુ માટે આવું વર્તન ઉચિત ગણાય કે કેમ, તે પણ પૂછી શકે છે અને બુદ્ધ એનો ખુલાસો પણ કરે છે. સંસાર ત્યાગ કર્યાથી કંઈ પૂર્વ પત્નીના દર્દને દૂર કરી કરુણાધર્મને અવગણવો યોગ્ય નથી. અત્યંત સુખસુવિધા ભોગવનારો શ્રીમંત વૈરાગ્ય પામીને સાધુ બને, પરંતુ જેનાથી પોતે આજીવન ટેવાયેલો છે એવી શરીરની સુવિધા-સુખ માટે પ્રવજ્યા પછી પણ સાથે ભંડાર અને અગ્નિશાળા રાખે, ઘી-ચોખા સંઘરે કે પહેરવા-ઓઢવા-પાથરવા માટેનાં પણ ત્રણ ઉપરાંતનાં ચીવર રાખે, તો એ વિશે પણ પ્રશ્ન પૂછવામાં આવે અને બુદ્ધ એ સંદર્ભે કથા કહી તેવા પ્રશ્ન-શંકાદિના ઉત્તર-સમાધાન આપે. ક્યારેક ભાગ્ય પલટે ત્યારે ભો'માંથી પણ ભાલાં વાગે એવી હાસ્યરસિક લોકકથા પણ ૨૫૭મી ગામણીમંડની કથામાં કહે.

આ બધી કથાઓમાં ભગવાન બુદ્ધે કરેલી સમાજની, સમીક્ષાની કથા અત્યંત માર્મિક છે. અગાઉ ક્યારેય કોઈએ પણ ન કર્યું હોય એવું સમાજનું અવનતિનું કારણ બુદ્ધ પહેલી જ વખત તેમની સમાજના સંસ્થારૂપ ત્રણ પાયાઓની સમીક્ષામાં કર્યો છે.

એમાં કથા એવી છે કે, એક નવયુવાન બૌદ્ધ સાધુ વારાણસીમાં આવ્યો અને એક ધાર્મિક નિઃસંતાન દંપતીએ તેમની સેવા કરી. આ સાધુના આશિષથી, કૃપાથી, પુત્ર જન્મ્યો. સાધુ વિહાર કરતાં આગળ ચાલ્યા ગયા. વર્ષો પછી આ જ સાધુ વારાણસીમાં ફરીથી આવ્યા ત્યારે કિશોર બનેલા, સાધુની જ આશિષથી જન્મેલા શેઠના પુત્રનું સર્પદંશથી મૃત્યુ થયું. દંપતિ અને નગર આખું શોકમાં ડૂબ્યું. પરંતુ બધાને દૃઢ શ્રદ્ધા કે જે સાધુ પોતાના તપથી પુત્ર આપી શકે તે મૃતને પણ સજીવન કરી શકે! આથી બધાએ ખૂબ વિનવ્યા સાધુને- તમારો આપેલો છે, તમે જીવાડો ! સાધુ મુંઝાયા. અશક્તિ દર્શાવી. પણ કોઈ માને? અંતે સાધુએ સતનો આશ્રય લીધો અને હાથમાં પાણી લઈ જાહેરમાં પોતાના સાધુત્વને એના મૂળરૂપમાં સ્વીકારી જણાવ્યું : 'હે મૃતક ! ક્ષણિક એવા વૈરાગ્યના ઊભરાથી હું સાધુ થયો, આ દંપતિને આશિષ આપ્યા ને તું જન્મ્યો ! પરંતુ સાચું જ કહું તો મારો વૈરાગ્ય તો તત્ક્ષણ ઊભરો હતો, એ શમી જતાં અંદરથી તો હું સંપૂર્ણ મોહ-માયા-વાસનાથી ભરેલો છું. પરંતુ સાધુ બન્યાં પછી હવે મારો છૂટકો નથી ! દંભથી જ હું હવે મારું સાધુ પણું નિભાવું છે. મારી આ કબૂલાતમાં જે સત્ય છે એના પ્રભાવે તું સજીવ થા !' આમ બોલી પાણીની અંજળી છાંટતાં મૃતના પગમાં ચેતન આવ્યું. પરંતુ બાકીનું અંગ તો મૃત જ રહ્યું, સાધુએ કહ્યું ; 'મારું હતું એટલું સત મેં મૂક્યું ! હવે બીજાનું સત જ શેષ ભાગ સજીવન કરી શકે !' ના ઈલાજે હવે શ્રેષ્ઠિએ હાથમાં પાણી લઈ કબુલાત કરી, 'હે સાધુ, નગરજનો, તમે સહુ મને ધર્મનિષ્ઠ, ઉદાર અને સદચરિત માનો છો. હકીકતે મનથી તો હું લંપટ છું, પાપી છું, બધાંનું શોષણ કરું છું પરંતુ મારા વેપારને વધારવા અને ટકાવવા જ હું દાનધર્મ કરું છું, સતસંગ ને સાધુસેવા કરું છું. આ વાતમાં જો સત્ય હોય તો હે મૃતક ! સજીવ થા !' આમ કહી પાણી છાંટતા ધડનો ભાગ ચેતનવંતો બન્યો પરંતુ ઉત્તમ અંગ-મસ્તકમાં ચેતન ન આવ્યું ! કોઈ આગળ ન આવ્યું પોતાના સતને મૂકવા. અંતે શ્રેષ્ઠિપત્નીએ હાથમાં પાણી લઈ કહ્યું : 'હે મૃતક! મારા વહાલાપુત્ર ! મને આખું નગર સતીસાધ્વી અને પતિને દેવરૂપે પૂજનારી હોવાનું માને છે. હકીકતે આ બધો મારો દંભ છે. મને મારો પતિ મનથી તો દીઠે ડોળે ગમતો નથી. હું એને અંદરથી સતત ધિક્કારું છું. સતીત્વ, ધર્મનિષ્ઠા, પતિનો પ્રેમ ને વફાદારી કશું નથી પરંતુ હું આ હોવાનો દંભ કરું છું. મારી આ કબુલાતમાં જો સત હોય તો હે મૃતક ! તું સજીવન થા.' આટલું બોલીને જેવી અંજલી છાંટી કે મૃતકના મસ્તકમાં ચેતન આવ્યું અને તે સજીવન થયો !

અહીં આ ઘટનાનો વિચાર કરતાં જ સ્પષ્ટ થશે કે સાધુત્વ, શ્રેષ્ઠિત્વ અને પતિવ્રતા ધર્મ આ ત્રણ જ આપણા સમાજના ત્રણ મુખ્ય પાયાઓ છે. આ સંસ્થારૂપ એવા સાધુત્વ અને દામ્પત્યનિષ્ઠા પર આખો સમાજ રચાયો છે. પરંતુ આ ત્રણે પાયાઓ તેનું મૂળરૂપ ગુમાવી ચૂક્યા છે, દંભરૂપી લૂણો આ મુખ્ય આધારસ્તંભોને નબળા પાડે છે. એને સજીવન કરવા હોય તો સત મૂકવું પડે, દંભથી મુક્ત થવું પડે. શાક્ય રાજકુમાર સિદ્ધાર્થે વૃદ્ધ, રોગી અને મૃતને જોયા અને સંસાર મિથ્યા જણાયો, શાશ્વત શોધ માટે સાધના કરવા નીકળી પડ્યા એ વાત જાણીતી છે. પરંતુ એ બુદ્ધ સંગ્રજ્ઞતા પ્રાથમિક છે, બાહ્ય છે, સ્થૂલ છે. હકીકતે તે માટે આ સંસાર રચાયો એનું સમગ્રરૂપ દંભ પોષતાં બદલાયું. બુદ્ધનું આ દર્શન છે અને તે એમના મુખે કહેવાયેલી કથાઓમાં પ્રયોજિત રૂપમાં છે.

*૧, પદ્માવતી બંગલોઝ,*
*ભાવિનસૂક્લ સામે, થલતેજ,*
*અમદાવાદ-૩૮૦૦૫૯*

# આદિવાસી લોકાખ્યાન

*– ડૉ. ભગવાનદાસ પટેલ*

**પૂર્વકાળમાં આદિવાસી લોકખ્યાનનાં મૂળ-કુળ**

કેટલાક વિદ્વાનોના મનમાં એ મત ઘર કરી ગયો છે કે આર્યોએ બહારથી (ખૈબરઘાટના રસ્તે) આવીને એક સર્વાંગ વિકસિત સભ્યતાનો નાશ કર્યો. ડી.ડી. કોસામ્બીએ પોતાના પુસ્તક 'ટુ દ સ્ટડી ઑવ ઈન્ડિયન હિસ્ટ્રી' માં આર્યોને યાયાવર અને બર્બર માનીને પ્રમાણ વિહીન કલ્પના કરી છે કે, ભારત પર તેમના આક્રમણથી હડપ્પા સભ્યતાની ખેતી ઉપયોગી બંધવ્યવસ્થાને ખોરવી નાખીને સમગ્ર પ્રદેશની કૃષિનો નાશ કરી દીધો...ઈંદ્ર અને વૃત્રના યુદ્ધને તેઓ હડપ્પા સભ્યતાના ધ્વંસ સાથે જોડે છે જે સાચા અર્થમાં વરસાદ અને વંટોળ કે વરસાદ કે વીજળીનું રૂપક છે. જેમાંથી ઈંદ્ર અને મરુતો જેવા પ્રાકૃતિક વૈદિક દેવો આવિર્ભાવ પામ્યા છે. ઈંદ્ર યુદ્ધનો દેવતા ગૌણરૂપે છે, મુખ્યત્વે તે વર્ષાનો દેવતા છે. ભીલ આદિવાસીઓ પણ વરસાદને એંદર(ઈંદ્ર) કહે છે અને 'રૉમ-સીતામાની વારતા'ની પ્રથમ પાંખડી 'ઈંદ્ર અને ગૌતમ ઋષિ' (એંદર નં ગોતમ રખી) વરસાદ, વીજળી અને વંટોળના ઉગ્ર રૂપમાંથી આવિર્ભાવ પામી છે. વેદોમાં પણ ઈંદ્રનો એક અર્થ 'ગર્જના સહિત વરસાદરૂપે પૃથ્વી પર આવનાર' થાય છે.

**વૈદિક્કાળમાં આર્યોનો વિસ્તાર સીમિત ક્ષેત્રમાં જ હતો. જે ક્ષેત્રમાં એમનો અધિકાર સ્થપાયો હતો ત્યાં પણ શતાબ્દીઓથી અન્ય જાતિઓના લોકો વસતા હતા, જેમની પોતાની ધાર્મિક માન્યતાઓ અને પરંપરાઓ હતી**

ઋગ્વેદના આર્યો પશુપાલક કૃષકો હતા માટે એમણે અનેક પ્રાકૃતિક રૂપકો-પ્રતીકો દ્વારા ઈંદ્ર-મેઘને આરાધ્યો છે અને તેનો વીરતાભર્યો મહિમા ગાયો છે. આ પહેલાં ચર્ચા કરી જ છે કે (જુઓ પ્રકરણ-૧) સભ્યતાનો વિકાસ પૂર્વથી પશ્ચિમ તરફ પ્રસર્યો છે.ખ્યાત પુરાવસ્તુવિદ્ ડો. ર.ના. મહેતા નોંધે છે કે, 'હિન્દુસ્તાનમાં સિંધુ નદીની સંસ્કૃતિના કાળ પછી આર્યોનું આગમન થયાની આપણી સદીની પૂર્વાર્ધની વિચારણા પ્રમાણાશ્રિત ન હોવાથી છોડી દેવી જોઈએ.' રામકૃષ્ણ વેદાન્ત મઠના સ્વામી શંકરાનંદ'હિન્દુ સ્ટેટ્સ ઓફ સુમેરિયા'માં નોંધે છે તે પ્રમાણે 'સમન્વયકારી ભારતીય સભ્યતાનાં, યુકેટિસના પટ પર અનેક હિન્દુ નગરરાજ્યો વિસ્તરેલાં હતાં.'

દાસ-દસ્યુ-દાનવ-દ્રવિડ, રાક્ષસ, સર્પનાગ, કિરાત, નિષાદ, પુલિંદ જેવી આર્યજાતિની સમકાલીન અનેક જાતિઓ ભારત જેવા વિશાળ ભૂખંડ પર ભિન્ન-ભિન્ન ભાગોમાં વસતી હતી. તેમાં આર્યોની સૌથી નજીક ત્રણ જાતિઓ વસતી હતી. સપ્તસિંધુમાં વસતી દ્રવિડ કે દસ્યુ-દાસ-દાનવ જાતિ, હિમાલયમાં વસતી કિરાત જાતિ અને સપ્તસિંધુથી થોડેક દૂર વસતી નિષાદ જાતિ. સિંધુ સભ્યતાના ઉત્ખનનમાંથી ત્રણ જાતિઓનાં હાડપિંજરો પ્રાપ્ત થયાં છે. ધર્માનંદ કોસામ્બી દૃઢતાપૂર્વક નિષાદોને ભીલ જાતિ માને છે.

પાસે વસતી આ જાતિઓ વચ્ચે સંઘર્ષો થયા છે, પરંતુ દીર્ઘ સહવાસના લીધે સંવાદ પણ સ્થપાયો છે. વૈદિક આર્યોનો જે સ્થાનો પર અધિકાર હતો ત્યાં પણ બધા વૈદિકધર્મમાં સામેલ નહોતા. આ ભૂ-ભાગમાં વસવાવાળાઓના પોતાના રીતિ-રિવાજ અને પોતાના લોકધર્મ હતા. તેઓ બહુસંખ્યક હતા. આર્યકુળોમાં પણ પોતા-પોતાના માન્ય દેવતા હતા; જેમને તે કુળમાં વિશેષરૂપે પૂજવામાં આવતા હતા. વૈદિકકાળમાં આર્યોનો વિસ્તાર સીમિત ક્ષેત્રમાં જ હતો. જે ક્ષેત્રમાં એમનો અધિકાર સ્થપાયો હતો ત્યાં પણ શતાબ્દીઓથી અન્ય જાતિઓના લોકો વસતા હતા, જેમની પોતાની ધાર્મિક માન્યતાઓ અને પરંપરાઓ હતી. વૈદિકયુગમાં પ્રચલિત લોકપરંપરાઓ વૈદિકધર્મની પરંપરાઓ કરતાં વધુ સશક્ત અને પ્રાણવાન હતી. શૈવ અને વૈષ્ણવધર્મ આર્ય વૈદિકધર્મમાં સમાવિષ્ટ થયા તે પહેલાં લોકધર્મ જ હતા. આ ધર્મોના ઉપાસક આદિવાસી લોકો હતા. નાગલોકો શૈવ હતા જ્યારે સુપર્ણ લોકો વૈષ્ણવ હતા. આજે પણ પૌરાણિક દેવતાઓની સાથે કેટલાક એવા દેવતાઓની પૂજા પ્રચલિત છે જે લોકદેવતા છે. લોકમાનસ એવા અનેક દેવતાઓની કથાનું સર્જન કરીને તેમનું સ્થાન નિશ્ચિત કરી લે છે. એક બૌદ્ધિક ધાર્મિક વિચારધારાની સમાન્તર એક લોકવિશ્વાસની ધારા નિરંતર ચાલતી રહે છે. દરેક કાળ અને દરેક યુગમાં તેનું અસ્તિત્વ રહ્યું છે. ધીમે ધીમે આ શિષ્ટ અને લોકનાં જીવનદર્શન પરસ્પર સંવાદ સ્થાપે છે, અને એકબીજામાંથી જીવનામૃત પામે છે.

અથર્વવેદમાં રુદ્રને વિનાશકારી કહ્યો છે, અને તેના માટે પહેલીવાર 'પશુપતિ' શબ્દનો પ્રયોગ થયો છે. હડપ્પામાંથી પશુપતિ શિવની મૂર્તિ પ્રાપ્ત થઈ છે. હડપ્પાની આર્યેતર સંસ્કૃતિમાં પૂજિત પશુપતિ શિવ આર્યોના દેવમંડળમાં જેવી રીતે સામેલ કરવામાં આવ્યા, તેવી રીતે આર્યેતર દેવીઓ પણ આર્યો દ્વારા પૂજિત થઈને દેવમંડળની શક્તિઓ બની ગઈ. શિવની શક્તિ કાલિ(કૃષ્ણવર્ણા) અને ગૌરી(ગૌરવર્ણા) આર્ય-આર્યેતર સંસ્કૃતિના સમ્મિલન તરફ સંકેત કરે છે. ભારતીય સંસ્કૃતિનાં મૂળ સુધી પહોંચવા માટે આદિવાસી પુરાકથાઓ અને દાર્શનિક

પ્રતીકો તથા પુરાણ પ્રતીકોને શોધવાની આવશ્યકતા છે. 'ભવિષ્ય પુરાણ'માં ઉલ્લેખ છે કે શિવે કાલિને કહ્યું :

एह्येहि त्वमितः कासि कृष्णांजन समन्विते ।
काल सुन्दरि मत्पार्श्वे धवले त्वमुपाविश ॥

"આવ, અહીં આવ, હે કૃષ્ણાંજન સમન્વિતે ! તુ કોણ છે? હે કાળસુંદરી ધવલે ! તું મારા પાર્શ્વમાં આવીને બેસ !" શિવના સંબોધનથી 'કાલિ' દુઃખી થઈ. તેણીએ વિચાર્યું કે "હું કેવી રીતે 'ગૌરી' બનું ?" પછી તેણે પોતાના કૃષ્ણદેહને હવનકુંડના અગ્નિને સમર્પિત કરી દીધો અને પર્વતરાજ હિમાલયના ઘેર ગૌર વર્ણવાળી 'ગૌરી'ના રૂપમાં જન્મ લીધો. ભીલોમાં પ્રચલિત પૃથ્વીની ઉત્પત્તિકથા (ધરણ નં મનખા અવતારની વઈ)માં પાર્વતી નવ વાર પોતાનું મસ્તક કાપીને નવ વાર શિવના ખોળામાં નાખે છે અને નવ વાર અગ્નિમાં બળે છે ત્યારે શિવ પાર્વતીને પત્ની તરીકે સ્વીકારે છે. આ 'કાલિ' અંગેનું પ્રતીક કે ચિંતન બે સંસ્કૃતિઓના સુભગ સમન્વયને પ્રામાણિત કરે છે. કૃષ્ણદેહને અગ્નિને સમર્પિત કરવાનો અર્થ એ થાય કે આર્યોની યજ્ઞ-વિધિના માધ્યમથી આર્યેતરોની દેવી 'કાલિ', 'ગૌરી' બનીને આર્યોમાં પૂજિત થઇ અને અહીંથી 'શક્તિ'ની સત્તાનો વિસ્તાર થયો.

કુબેરનાથરાય પોતાના પુસ્તક 'निषाद-बांसुरी'માં નોંધે છે, 'મહિષ-બલિ, મહિષમર્દિની દુર્ગાની પૂજા, શીતળાની પૂજાનો તેના આદિરૂપમાં નિષાદ-સંસ્કૃતિથી આરંભ થાય છે.'

આ નિષાદ કે શબર જેવી પ્રાકવૈદિક પ્રજાતિઓમાં પૂજિત કાલિ લાવણ્યમયી પાર્વતી બની અને આર્યોની પૂજ્યા બની ગઈ છે. માતૃ સત્તાક સભ્યતામાં પુત્રી જ કુળશક્તિનું કેન્દ્ર હતી. તેથી પ્રકૃતિના કરાલ રૂપમાંથી માનવીકરણ પામેલી 'કાલિ' જ આ દેશની મૂળ માતૃકાદેવી છે, અને તેનો નિષાદોની કે ભીલોની દેવી અંબાવ-ઉમિયા-સુંડ(ચામુંડા), ક્ષત્રિય કન્યા સીતા, દ્રૌપદી, જેઠુ, તોળાદે, ચર્મકાર કન્યા રૂપા કે દેયાળીબાઈમાં ક્રમિક વિકાસ થયો છે. માટે તો દેયાળીબાઈ જ સનાતન મહામાર્ગના અંતિમ લોકદેવ રામદેવથી સહાયક શક્તિ બની છે. આ દેવ-દેવીઓને આરાધવા-ઉપાસવા અનેક લોકાખ્યાનો આવિર્ભાવ પામ્યાં છે.

ડૉ. રાધાકૃષ્ણનનો મત છે કે 'વાસ્તવિક્તા તો એ છે કે વૈદિક આર્યોએ દ્રવિડોને આત્મસાત કરી લીધા. વેદોમાં વર્ણધર્મનું નિરૂપણ કરવામાં આવ્યું છે. તેનાથી વિપરીત સામાન્ય જનતા પોતાના પરંપરાગત દેવતાઓ, યક્ષ, નાગની જ પૂજા કરતી રહી. જનતામાં લોકપ્રિય વિશ્વાસ, ધર્મમતો અને અવતારવાદી પ્રવૃત્તિ ઊંડાણમાં મૂળ નાંખીને ફેલાયેલી હતી. વૈદિક ધર્મે પોતાનાથી પ્રાચીન ધર્મમતો આત્મસાત કરી લીધા. આ અન્તર્ભેદન એટલું જટિલ, એટલું સૂક્ષ્મ તથા એટલું અનવરત હતું કે તેની પરિણતિ એક સુસ્પષ્ટ હિન્દુ સભ્યતાના વિકાસમાં થઈ. જેને ન આપણે આર્ય કહી શકીએ, ન દ્રાવિડી અને ન આદિમ.' આમ પાસે વસતી જાતિઓમાં પરસ્પર સંવાદ સ્થપાતાં સમાજ-ધર્મ-જીવનદર્શન અને ભાષા-સાહિત્યનો સમન્વય સધાયો. ા સુભગ સમન્વયમાંથી હિંદુધર્મ કે હિંદુસંસ્કૃતિ, ભારતીય-સંસ્કૃતિ પ્રગટ્યાં. જાતિ-જાતિ વચ્ચેનો આ સમન્વય રાજપૂતયુગ કે મધ્યકાળ સુધી ચાલુ રહ્યો છે.

ભૂસ્તરની રીતે પૂર્વકાલીન અરવલ્લી પહાડી પ્રદેશમાં ભીલ આદિવાસીઓ ઉપરાંત સોખલા ગરાસિયા આદિવાસીઓ પણ વસે છે. તેઓ મધ્યકાળ કે રાજપૂતયુગમાં થયેલાં યુદ્ધોમાં હારીને ભયના માર્યા પહાડોમાં આવેલાં વનના ઊંડાણના વિસ્તારમાં ભરાઈ ગયા હોવાનું મનાય છે. પોતાની જાતને રાજપૂત તરીકે ઓળખાવતા સોખલા ગરાસિયા આદિવાસીઓ ધીમે ધીમે પૂર્વકાલીન જાતિ ભીલ આદિવાસીઓના સામાજિક-ધાર્મિક સંપર્કમાં આવ્યા છે. પરિણામે ભીલોની પ્રાગૈતિહાસિક સંસ્કૃતિ અને સોખલા ગરાસિયાઓની ક્ષાત્રસંસ્કૃતિનું પરસ્પર આદાન-પ્રદાન થયું છે. આ ઉપરાંત ગુજરાતમાં વસતા ડુંગરી ભીલ આદિવાસીઓ અને સોખલા ગરાસિયા આદિવાસીઓનો સામાજિક અને ધાર્મિક સંબંધ રાજસ્થાન-મારવાડના મેદાન પ્રદેશમાં વસતા ભીલો અને સોખલા ગરાસિયા સાથે પણ છે. રાજસ્થાનના ભીલો અને સોખલા ગરાસિયા રાજપૂત જાતિઓના ગ્રામપ્રદેશની પાસે વસે છે. આથી ક્ષત્રિય રાજપૂત જાતિઓના સાંસ્કૃતિક સંસ્કારોની અસરો ભીલ અને સોખલા ગરાસિયા આદિવાસીઓના મૌખિક સાહિત્ય પર થઈ છે. વળી સોખલા ગરાસિયા એ હારેલા રાજપૂત સૈનિકો કે રાજવંશના સામંતો હોવાને લીધે નગરસંસ્કૃતિના અંશો પણ આનુવંશિકરૂપે ઊતરી આવ્યા છે. આનો પ્રભાવ ભીલ સંસ્કૃતિ-સમાજ અને તેના મૌખિક સાહિત્ય પર પણ પડ્યો છે. આથી ભીલ આદિવાસીઓનાં પ્રાગૈતિહાસિક પ્રકૃતિધર્મી તત્ત્વો અને મધ્યકાળનાં ક્ષાત્રધર્મી તત્ત્વોમાંથી મોટાભાગનાં વહી-વારતા-લોકાખ્યાનો-લોકમહાકાવ્યો આવિર્ભાવ પામ્યાં છે.

**ભૂસ્તરની રીતે પૂર્વકાલીન અરવલ્લી પહાડી પ્રદેશમાં ભીલ આદિવાસીઓ ઉપરાંત સોખલા ગરાસિયા આદિવાસીઓ પણ વસે છે. તેઓ મધ્યકાળ કે રાજપૂતયુગમાં થયેલાં યુદ્ધોમાં હારીને ભયના માર્યા પહાડોમાં આવેલાં વનના ઊંડાણના વિસ્તારમાં ભરાઈ ગયા હોવાનું મનાય છે**

ભીલ આદિવાસીઓ નિષાદો સાથે સંબંધ ધરાવે છે, અને નિષાદો આ પૂર્વકાલીન દેશમાં દસ હજાર વર્ષ પહેલાં-પ્રાગૈતિહાસિક કાળથી વસતા હતા. ભીલોના ભોપા અને સાધુ દ્વારા કહેવામાં આવતી પુરાકથાઓ, ગાવામાં આવતાં લોકાખ્યાનો અને લોકમહાકાવ્યોમાં પ્રકૃતિ અને માનવનું ઘનિષ્ઠ તાદાત્મ્ય જોઈ શકાય છે. વિદ્વાનોના મત પ્રમાણે પુરાકથા(મિથ)ની રચના તે સમયે થઈ જ્યારે આદિમાનવ (પ્રાગૈતિહાસિક માનવ) અને પ્રકૃતિની વચ્ચે વિભાજક રેખાઓ સ્પષ્ટ ન હતી. બંને એક

સાર્વભૌમ જીવનમાં સહભાગી હતાં. ચેતન માનવનું મન અજ્ઞાનતરૂપે પ્રકૃતિની ઘટનાઓને પોતાના જીવનની ઘટનાઓ તથા અનુભવોના માધ્યમથી સમજવાનો પ્રયાસ કરતો હતો. સમષ્ટિ મન દ્વારા પ્રકૃતિનાં તત્ત્વો અને ઘટનાઓના માનવીકરણની આ અચેતન પ્રક્રિયા જ આદિવાસીઓના આદિધર્મ અને તેના સંલગ્ન પુરાકથા(મિથ), લોકાખ્યાનો અને લોકમહાકાવ્યોનું મૂળ છે. જેની ચર્ચા આ પહેલાં પણ કરવામાં આવી છે.

### લોકાખ્યાનોના ઉદ્‌ભવ માટે સમાજનો દૃષ્ટિકોણ

મૌખિક સાહિત્યનાં સ્વરૂપો લોકના પ્રયોજન અને આનંદ માટે હોય છે. આ સ્વરૂપો લોકના સામૂહિક મનના સૌંદર્યબોધ અને ભાવબોધમાંથી સ્વરૂપ ધરતાં હોય છે. આથી જે તે લોકના દૃષ્ટિકોણ અને અભિપ્રેત અર્થને પ્રાથમિક્તા આપીને તેમના સ્વરૂપોને સમજવાં જોઈએ.

### સમાજના દૃષ્ટિકોણથી સૃષ્ટિનું સમયપત્ર

ભીલ સમાજના સાધુ-ભોપા સૃષ્ટિના સમયપત્રકને ચાર ભાગમાં વિભાજિત કરે છે : (૧) ધંધુકાર (૨) જળુકાર (૩) દેવિયાવાળો અને (૪) મનખીવાળો

ધંધુકારમાં સમગ્ર બ્રહ્માંડમાં ફક્ત અંધકાર હતો. જડ-ચેતન પદાર્થ કંઈ જ નહોતું. ઘોર અંધકાર હતો (કોરઅતાર અતા).

જળુકારમાં બધે જ જળ હતું. ભગવાન કીડાના અવતારે હતા. આ સમયે જ ભગવાન ઉમિયા, શિવ જેવાં દેવદેવી જળમાંથી આવિર્ભાવ પામ્યાં. ભગવાન અને ઉમિયાએ સાથે મળીને સૃષ્ટિની રચના કરી. 'ધરણ નં મનખા અવતારની વઈ', 'શિવ નં પારવતીની વઈ' જેવી વહીઓ આ સમયથી કહેવાતી થઈ એમ ભીલ સાધુ અને ભોપાનું માનવું છે.

દેવિયાવાળામાં જળમાંથી જ અંબાએ કાળા-ગોરા ભેરવ, ગુણકો (ગણપતિ) વગેરે પુરુષ દેવતાનું સર્જન કર્યું છે. આ સમયે જ કુવારકા, ચામુંડા, હીરું, રાંપું, ટુટી, ટાવરી ખાંડી, ખાપરી જેવી નવલાખ દેવીઓ ઉત્પન્ન થઈ અને પૃથ્વી પર પાતાળમાં વસતા વાસુકિનાગના ફણમાંથી વડ અને વાંસનાં બીજ લઈ આવી તથા પૃથ્વી પર વનસ્પતિ સૃષ્ટિનો આરંભ કર્યો. આ સમયથી 'નવલાખ દેવીઓની વઈ', 'દેવરાની વારતા', 'કોબરિયા ઠાકોરની વારતા' વગેરે વહી-વારતા કહેવાતી થઈ.

માનખીવાળામાં ભૂચર, ખેચર જીવસૃષ્ટિ-પ્રાણીઓ, પક્ષીઓ, મનુષ્યસૃષ્ટિ જન્મી. આ સમયે 'કરમીરાનો અરેલો', 'મરણનો અરેલો', 'ગુજરાંનો અરેલો', 'પોળી પમરૂલીનો અરેલો', 'વઝિયા હીરોઈયાનો અરેલો', 'રણમોલનો અરેલો', 'ઈડરના રાય પોણનો અરેલો', 'વડેરાંનાં અરેલો', 'ખાતરા ઝાલાનો અરેલો', 'રાઝુકોદરવણનો અરેલો' વગેરે મૌખિક સાહિત્ય કહેવાતું થયું.

આમ ભીલોનો આરંભનો ધંધુકાર, જળુકાર, દેવિયાળાળો પ્રાગૈતિહાસિક-યુગનું સૂચન કરે છે. તેને ભીલ સમાજ 'સતજુગ' પણ કહે છે. આ સમયમાં મૌખિક મંત્રો, વહીઓ, પુરાકથાઓ (જેને આ વિદ્યાશાખાના વિદ્વાનો પુરાકથા-દંતકથા કહે છે તેને ભીલ સાધુ વહી-વારતા કહે છે) વગેરેનું મૌખિક રૂપે સર્જન થયું છે.

મનખીવાળો ઐતિહાસિક અને વર્તમાન સમયનો નિર્દેશ આપે છે. તેને 'કળજુગ' પણ કહે છે. આ સમયમાં ઐતિહાસિક અરેલા, કોણીઓ(લોકકથાઓ), વાતો વગેરેની રચના થઈ.

વિષયની દૃષ્ટિએ ભીલ સમાજના મૌખિક સાહિત્ય (લોકસાહિત્ય) ને મોટા બે વિભાગમાં વહેંચી શકાયઃ સામાજિક સાહિત્ય અને ધાર્મિક સાહિત્ય. ધાર્મિક સાહિત્ય મોટા ભાગે ઋતુચક્ર પ્રમાણે આવતા પર્વ-પ્રસંગો-જેવા કે હોળી, ગોર, દિવાળી, દૂળાનો પાટ(મહામાર્ગી પાટ), કોબરિયા ઠાકોરનો પાટ ઈત્યાદિ સંલગ્ન હોય છે. સામાજિક સાહિત્ય મોટા ભાગે જીવનચક્ર પ્રમાણે આવતા જન્મ, લગ્ન, મૃત્યુ જેવા સામાજિક પ્રસંગો સાથે વધુ સંબંધ ધરાવે છે. આ પ્રસંગે ગવાતા ગેય કથાશ્રયી સાહિત્ય માટે ઈલો(હાલરડું), બેઠોરગીત, રૂંગાં(મરસિયા) જેવા શબ્દો મૌખિક પરંપરામાં પ્રચલિત થયા છે. જે શબ્દો વિષય અને સ્વરૂપનું સૂચન કરે છે. ધાર્મિક પ્રસંગે ગવાતા અને કહેવાતા કથાશ્રયી લઘુસ્વરૂપ માટે 'મતર'(મંત્ર), 'ઝારો', 'વઈ'(વહી, 'રેરી'(રેડી) અને મધ્યમ કદ (લોકાખ્યાન જેવા) અને અત્યંત દીર્ઘ (લોકમહાકાવ્ય જેવા) સ્વરૂપ માટે વારતા, ભજન-વારતા, અરેલો જેવા શબ્દો ભીલી મૌખિક પરંપરામાં રૂઢ થયા છે. મનોરંજન અને સમય નિર્ગમન માટે કહેવાતા કથાશ્રયી ગદ્યમય લઘુ સ્વરૂપ માટે 'ટોળકું', 'કોણી', અને મધ્યમ કદના સ્વરૂપ માટે 'વાત' શબ્દો રૂઢ થયા છે.

### લોકાખ્યાન સંલગ્ન લોકવાદ

ભીલી મૌખિક સાહિત્યમાં 'કથા' શબ્દ પ્રચલિત નથી. પણ 'વારતા' શબ્દ પ્રચલિત છે. ભીલ સમાજમાં આખ્યાન કે મહાકાવ્યને મળતી આવતી મધ્યમ કે દીર્ઘ સંગીતપ્રધાન પદ્ય-ગદ્યના સાયુજ્યવાળી વારતાઓ પરંપરિત રીતે પ્રચલિત છે. તેઓમાં આવી વારતાઓ સ્વર તંતુવાદ્ય તંબૂર કે તાલ ચર્મવાદ્ય સાંગની સંગતમાં ગાવાનું કામ વૈદિકયુગના ઐતિહાસિક અને પૌરાણિકોની જેમ સાધુ(સાધ) અને ભૂવા(ભોપા) ચોખ્ખાં (શુદ્ધ) મેલાં (અશુદ્ધ અનુષ્ઠાન જેમાં પશુબલિ આપવામાં આવે છે) ધાર્મિક અનુષ્ઠાનો સમયે કરે છે.

આગળ જેનો ઉલ્લેખ કર્યો છે એ લોકકથાને મળતા આવતા સ્વરૂપ માટે ભીલી મૌખિક સાહિત્યમાં 'કોણી' શબ્દ પ્રચલિત છે. કોણ 'કહેણી' શબ્દનું પરિવર્તિત રૂપ છે. જે 'કહેવાની રીત', 'કહેવું તે' કે 'કહાણી'ના અર્થનો દ્યોતક છે. ભીલ પ્રદેશમાં કોણી શિયાળા-ઉનાળાની હૂંફાળી રાતો પસાર

કરવાની કે લાંબો પંથ કાપવા માટેની લોકરંજક-ચિત્તરંજક કથાઓ છે. આવી કોણીઓ કે વાતો કોઈ સામાજિક-ધાર્મિક પર્વ પ્રસંગ સાથે જોડાયેલી હોતી નથી. જ્યારે ધાર્મિક પર્વ-પ્રસંગે ગવાતા-કથાના ધર્મમૂલક કથા સાહિત્ય માટે 'વારતા' શબ્દ પ્રચલિત છે. કોણીના મૂળમાં કહેવું છે અને વારતાના મૂળમાં 'વૃત્ત' એટલે કે બનેલું છે. ભીલ સમાજની માન્યતા પ્રમાણે જે ખરેખર ભૂતકાળમાં બનેલું છે તેને અત્યારે વારતારૂપે કહેવાય છે. વારતા માંડવાના આરંભમાં સાધુ કહે છે, "વારતા વાંચીએ છીએ સતજુગની અને કળયુગનાં માનવી સાંભળે છે."

વારતા શબ્દ કથાનો દ્યોતક છે. વારતાને જાતિવાચક(Genre) સંજ્ઞા ગણીએ તો કથા-કથનમાં સમાતાં ગેય અને પાઠ્યસ્વરૂપો જેવાં કે ભજનવારતા (લોકાખ્યાન-લોકમહાકાવ્ય), બેઠોરગીત અને અરેલાનો સમાવેશ વારતામાં કરી શકાય છે.

**ગુજરાતી આખ્યાનથી ભિન્ન ભીલી લોકાખ્યાન(વારતા)નું સ્વરૂપ :**

**આદિવાસી સમાજનું અત્યાર સુધીનું જીવન પ્રકૃતિ અને તેમાંથી પ્રાપ્ત ચીજ-વસ્તુઓ પર આધારિત હોવાથી તથા એમનો આદિધર્મ પ્રકૃતિ તત્ત્વોમાંથી આવિર્ભાવ પામ્યો હોવાથી મૌખિક પરંપરા માટે 'પ્રાકૃતિક ધર્માશ્રિત પરંપરા' એવું નામકરણ સાર્થક ગણાય**

ગુજરાતમાં આદિવાસી સાહિત્યની મુખ્ય પરંપરા મૌખિક રૂપે છે. અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરેલા આદિવાસી વર્ગમાં લિખિત પરંપરાનાં હજી તો બીજમાંથી અંકુર ફૂટી રહ્યાં છે. લિખિત પરંપરા હજી પોતાના સત્ત્વશીલ સાહિત્ય સાથે સ્થિર થઈ શકી નથી. મૌખિક પરંપરાનો વિશેષ સંબંધ લોકવિદ્યા કે હસુ યાજ્ઞિક 'લોકજીવનવિદ્યા' કહે છે એ સાથે છે. એની એક શાખા એવા લોકસાહિત્ય સાથે છે. લિખિતમાં પંથ આશ્રિત વૈદિક અને જૈન પરંપરા છે એવી પરંપરા સ્પષ્ટ રૂપમાં આદિવાસી મૌખિક સાહિત્યમાં નથી. આદિવાસી સમાજનું અત્યાર સુધીનું જીવન પ્રકૃતિ અને તેમાંથી પ્રાપ્ત ચીજ-વસ્તુઓ પર આધારિત હોવાથી તથા એમનો આદિધર્મ પ્રકૃતિ તત્ત્વોમાંથી આવિર્ભાવ પામ્યો હોવાથી મૌખિક પરંપરા માટે 'પ્રાકૃતિક ધર્માશ્રિત પરંપરા' એવું નામકરણ સાર્થક ગણાય.

આદિવાસી લોકસાહિત્યની ધારાને આપણે લિખિત પંથ આશ્રિત વૈદિક અને જૈન પરંપરાના વિભાગમાં મૂકી નહીં શકીએ કારણ કે આદિવાસી સમાજ ગ્રામીણ અને નગર સમાજથી ધર્મ અને સમાજથી ઘણી બધી રીતે અલગ પડે છે. સાહિત્ય-લોકસાહિત્ય જે તે સમાજ-જીવનમાંથી આવિર્ભાવ પામે છે. આથી સમાજ પ્રમાણે તેનું લોકસાહિત્ય પણ ભિન્ન રૂપ-સ્વરૂપ લેવાનું. આથી જે તે સમાજના જીવનદર્શનને દૃષ્ટિમાં રાખીને જે તે સમાજના લોકસાહિત્યનું અધ્યયન કરવું જોઈએ. અલબત્ત, પાસે વસતા સમાજોનો પ્રભાવ પણ પરસ્પર પડે છે. જેમકે ગુજરાતની સંતવાણીની ધારામાં નાથપંથ, બીજમાર્ગી પાટ ઉપાસના, કબીરપંથ વગેરેનો પ્રભાવ પરસ્પર જોઈ શકાય છે.

મધ્યકાલીન સાહિત્યના ઉપલબ્ધ ઇતિહાસમાં જૈન, સંતવાણી, ચારણી ઉપરાંત લોકસાહિત્યને સ્થાન અપાયું છે. હવે ભગવાનદાસ પટેલના આદિવાસી લોકસાહિત્યના વિપુલ સંશોધન-સંપાદનને લીધે આદિવાસી પરંપરાને ઉમેરવાની આવશ્યક્તા ઊભી થઈ છે. તેનો ઉલ્લેખ હસુ યાજ્ઞિકે પોતાના પુસ્તક લોકવિદ્યા-વિજ્ઞાનમાં કર્યો છે અને તેને અલગ પાડી તેનો સ્વતંત્ર અભ્યાસ કર્યો છે.

પ્રાચીન અને મધ્યકાલીન ગુજરાતી આખ્યાનના સ્વરૂપની ચર્ચા કરતાં હસુ યાજ્ઞિક કહે છે, 'લિખિત રામકથા, પાંડવકથા કે ભાગવત કે પુરાણમાંથી કથાના ધીરોદત્ત નાયકના જીવનની કોઈ સ્વયં પર્યાપ્ત, પૂર્ણ અને સ્વતંત્ર કથા બની શકે એવો કોઈ મહાકથાનો ખંડ અથવા તો આવી કથામાં દૃષ્ટાંત રૂપે કે અન્ય રીતે આવતી કથાને જ્યારે કોઈપણ એક ગ્રંથકાર પોતાની રીતે પદ્યમાં સ્વતંત્ર કૃતિના રૂપમાં બાંધે છે અને આવું પદ્યનું માધ્યમ જ્યારે ગેય ઢાળની દેશીનું બનેલું હોય છે, ત્યારે એને સ્વરૂપની દૃષ્ટિએ આખ્યાન કહેવામાં આવે છે.'

આ પરિભાષા સાથે ભીલી વારતા કે ભીલી લોકાખ્યાનની તુલના કરતાં ભીલી આખ્યાન ઘણી-બધી બાબતોમાં અલગ પડે છે. ભીલ સમાજમાં લિખિત પરંપરાનો વિકાસ થયો ન હોવાથી ભીલી વારતા કે આખ્યાનની રચના માટે કોઈ લિખિત ગ્રંથ કે હસ્તપ્રતનો આધાર હોતો નથી. તે મૌખિક પરંપરામાં પૂર્વકાળમાં રચાઈને નિયત થયેલું હોય છે તેનો રચયિતા અજ્ઞાત હોય છે.

હસુ યાજ્ઞિક ગુજરાતી લિખિત આખ્યાનને કથાશ્રયી પ્રબંધાત્મક કાવ્યથી જુદાં પાડનારાં તત્ત્વો કે લક્ષણો બે ગણાવે છે, 'એક પુરાણકથામાંથી લીધેલી સામગ્રી અને એનું ગેય ઢાળની દેશીઓમાં થતું આલેખન.'

હસુ યાજ્ઞિકે નિર્દેશેલું પહેલું લક્ષણ ભીલી વારતા કે ભીલી આખ્યાનને પૂર્ણ રૂપે લાગુ પડતું નથી. ભીલી વારતા મૌખિક પુરાણકથા પણ હોઈ શકે છે. જેમકે 'અરણાકસની વારતા' (હિરણ્યકશિપુની વારતા), 'હરસનરાજાની વારતા'(હરિશ્ચન્દ્રરાજાની વારતા), 'રાતા નં સોમળાની વારતા' (રાધા અને શામળાની વારતા) જેવી મૌખિક પુરાણકથાઓ ઉપરાંત 'ખૂતાંનો રાઝવી-દેવોલ-ગુઝરણ, હપિયાદે હોખલી, 'હાલદે હોળંગીની વારતા'(હાલદે સોલંકીની વારતા) જેવી ઐતિહાસિક પ્રસંગો આધારિત વારતાઓ પણ હોઈ શકે છે.'

પૌરાણિક, ઐતિહાસિક ઉપરાંત નજીકના ભૂતકાળમાં બનેલા પ્રસંગો-ઘટનાઓ પણ લોકશ્રદ્ધાનું ભાજન બની, દેવત્વ પામી ભીલી લોકાખ્યાનોમાં પરિણમે છે. 'રૂપાંરોણીની વારતા',

'તોળીરોઈની વારતા', 'સતિયા ખાતુની વારતા', 'હાલા-હૂરાની વારતા' જેવાં ભક્ત-ચરિત્રો પણ મહામાર્ગી ભક્તિના પ્રભાવ તળે ભીલી લોકાખ્યાનોનું સ્વરૂપ ધારણ કરે છે. આવાં ઐતિહાસિક ચરિત્રોનો વિકાસ મહામાર્ગી ધર્મદર્શન પ્રગટ કરવા માટે થાય છે.

કેટલીક વખતે તો સાંપ્રત સમાજમાં નજીકના ભૂતકાળમાં બનેલી હૃદયસ્પર્શી ઘટનાઓ કે પ્રસંગો પણ લોકશ્રદ્ધાના બળે લોકાખ્યાનોનું સ્વરૂપ ધારણ કરે છે. જેમ કે 'રાજુ કોદરવણનો અરેલો'ને તો એક સૈકો પણ પૂરો થયો નથી. છતાં લોકમાનસમાં રાજુ અને આભલો બંને પ્રેમી પાત્રો દેવત્વ પામી શ્રદ્ધાનું ભાજન બન્યાં છે. અત્યાર સુધીનું આ છેલ્લું લોકાખ્યાન છે. આ પછી કોઈ બીજું લોકાખ્યાન મૌખિક રૂપે રચાયું નથી. તેનું મહત્વનું કારણ હવે લોકશ્રદ્ધા પરંપરિત ધાર્મિક ઉત્સવો પરથી ઊઠવા લાગી છે. જ્યાં દિવાળીના અરેલા ગાવાની પરંપરા જ બંધ થઈ છે ત્યાં નવા અરેલા રચવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી.

મધ્યકાલીન ગુજરાતી આખ્યાનનું બીજું કે વ્યાવર્તક(જુદું પાડતું) લક્ષણ હસુ યાજ્ઞિક દર્શાવે છે એ, "આવું આખ્યાન કડવાની ગેય દેશીમાં આલેખવામાં આવે છે." આ પણ અન્ય સ્વરૂપોથી જુદું પાડતું ભીલી વારતાનું લક્ષણ નથી. ભીલી વારતા કે ભીલી આખ્યાન પદ્ય અને લયાત્મક ગદ્યમાં તંબૂર નામના સ્વર તંતુવાદ્ય કે સાંગ નામના તાલ ચર્મવાદ્યમાં રજૂ કરવામાં આવે છે. મોટા ભાગે લયાત્મક ગદ્યને ગેય ઢાળ પર ગાવામાં આવે છે. ભીલી વારતા સ્વર કે તાલવાદ્ય સંલગ્ન હોય છે. સંગીતની રીતે ભીલી વારતામાં લયાત્મક-રાગાત્મક ગેય તત્ત્વ અને નૃત્ય મહત્ત્વનાં લક્ષણ છે. વારતાની પરાકાષ્ટાએ પ્રસંગ સાથે તદરૂપ બનેલો કથક અને કેટલાક પ્રસંગોમાં શ્રોતા-દર્શકો પણ અભિનય દ્વારા પ્રસંગને બહેલાવે છે. આવાં ભીલી આખ્યાનો લોકવાદ્યોની સંગતમાં કથક કે ગાયકના કથનો દ્વારા સ્વરૂપ ધારણ કરે છે.

ગુજરાતી પ્રાચીન કે મધ્યકાલીન આખ્યાનથી અલગ પડતું ભીલી વારતાનું પ્રમુખ લક્ષણ તો એ છે કે આવી વારતાઓની રચના ભલે ભૂતકાળમાં થઈ હોય, પરંતુ, તેમનો અનુબંધ-પ્રત્યક્ષ સંબંધ વર્તમાન ભીલી સમાજજીવન લોકજીવન સાથે હોય છે. આવી વારતાઓ સાંપ્રત સમાજ સાથે ઓતપ્રોત હોય છે. આવી વારતાઓનો મહત્ત્વનો ઉદ્દેશ્ય ઋતુચક્ર અને જીવનચક્ર અનુસાર સામાજિક-ધાર્મિક પર્વ-પ્રસંગો, ધાર્મિક અનુષ્ઠાનો અને સામાજિક સંસ્કારોને ક્રિયાશીલ કરવાનો અને સંરક્ષવાનો હોય છે.

લિખિત મહાકાવ્યને સર્ગ કે પર્વમાં અને આખ્યાયિકાને ઉચ્છવાસમાં વિભાજિત કરવામાં આવે છે. એમ ભીલી વારતાને ફૂલની પાંખડીઓમાં (પ્રસંગો-ઘટનાઓમાં) વહેંચવામાં આવે છે. આ પાંખડીઓ સમાજ-જીવનના પર્વ-પ્રસંગો સંલગ્ન હોય છે. ભાદરવા માસમાં મહામાર્ગી પાટની ભક્તિનું વાતાવરણ હોય છે. આવા પ્રસંગે રૂપારાણી, તોળીરાણી, સતિયો ખાતુ વગેરે ભક્તિપ્રધાન વારતાઓ અને 'ભારથ'(ભીલી મહાભારત)માંથી પાંડવો પાતાળમાં ભક્તિ આમંત્રવા ગયા એ પાંખડી ગાવામાં આવે છે.

**ભીલી મૌખિક સાહિત્ય બે મોટા વિભાગમાં વિભાજિત કરી શકાય. સામાજિક સાહિત્ય અને ધાર્મિક સાહિત્ય. ધાર્મિક સાહિત્યને પણ બે પેટા વિભાગોમાં વહેંચી શકાય ચોખ્ખાં અનુષ્ઠાનો સંલગ્ન સાહિત્ય અને મેલાં અનુષ્ઠાનો સંલગ્ન સાહિત્ય**

આસો માસમાં સમાધિ, શંખોદ્ધાર (હખાઢોર) જેવી મરણોત્તર ધાર્મિક ક્રિયા-વિધિઓ કરવામાં આવે છે. સ્વજનોનો શોક અને રુદન એક વિશેષ પ્રકારનું વૈરાગ્યભર્યું વાતાવરણ સર્જે છે. આવા પ્રસંગે સંસાર અસાર છે એવું સમજી સમગ્ર રાજપાટ છોડીને વૈરાગ્ય ધારણ કરતા ગોપીચંદની વારતા અને ભરથરીની વારતાની પાંખડીઓ તથા કર્મ પ્રમાણે સ્વર્ગમાં હંસદેવના જીવનનાં લેખાંજોખાં અને સ્વર્ગમાં થતી તેની ગત વિષેની પાંખડીઓ ગાવામાં આવે છે.

શૂરો(હૂરો) સ્થાપવાના પ્રસંગે શૂરાની મૂર્તિ સમક્ષ પડેલું શત્રુનું મસ્તક અને રુધિર, વેર વળ્યું હોવાના કારણે મદિરા-પાન કરેલા લોકોના માનસમાં વિજયનો ઉન્માદ જન્માવે છે. ઉત્સાહિત લોકો આનંદની કિકિયારીઓ પાડે છે આથી એક વિશેષ પ્રકારનું ઓજપૂર્ણ વાતાવરણ સર્જાય છે. આવા સમયે ગાયક સાધુ 'હોનોલ હોટીની વારતા' (સોનલ મોઢીની વારતા), 'હપિયાદે હોખલીની વારતા' (હપિયાદે સાંખલીની વારતા), 'ઝગદે પરમારની વારતા' (જગદેવ પરમારની વારતા), 'રોમ-સીતામાની વારતા'(ભીલી રામાયણ)માંથી રાવણવધ અને 'રાઠોરવારતા'માંથી સાધુ ખીંચી અને રાઠોડ વચ્ચે વેરના કારણે થતાં યુદ્ધો અને વીરરસ ભરેલી પાંખડીઓ ગાય છે. આવાં લોકાખ્યાનો કોઈ ગોત્રનું વેર વળ્યું ન હોય તો ગોત્રના માણસોને વેર લેવા માટે ઉત્તેજિત પણ કરે છે. વર્ષનું ઋતુચક્ર પૂરું થાય છે અને પ્રત્યેક પાંખડી ખૂલી જતાં વારતારૂપી ફૂલ પૂરું વિકસે છે. સાધુની શ્રદ્ધા છે કે ફૂલ તો કરમાઈ જાય છે, પરંતુ વારતા સુવાસ રૂપે પૃથ્વી ઉપર અમર થઈ જાય છે. વારતા કાલજયી બની જાય છે.

આવી વારતાઓનું વ્યાવર્તક લક્ષણ ઋતુચક્ર અને જીવનચક્ર પ્રમાણે આવતા પર્વ-પ્રસંગોનાં ધાર્મિક અનુષ્ઠાનો અને સામાજિક પ્રસંગોને ક્રિયાશીલ કરીને વ્યક્તિજીવનને સામાજિક જીવનમાં ગોઠવવાનું છે. વર્તમાન લોકજીવનને ધાર્મિક અને સામાજિક પર્વ-પ્રસંગો સાથે જોડવાનું છે. જ્યારે ગુજરાતી લિખિત આખ્યાનોનો ઉદ્દેશ્ય પ્રાચીન કથાના પ્રસંગોનાં રસસ્થાનોને બહેલાવી-વિકસાવીને શ્રોતાજનોને રસનિમગ્ન કરી આનંદ આપવાનો હોય છે. વર્તમાનમાં જીવાતા લોકજીવન સાથે તેનો સીધો સંબંધ હોતો નથી.

**ભીલી લોકાખ્યાન : સમાજની સંપદા**

વારતા સાધુ કે ભોપો ગાય કે કથે છે, પરંતુ વારતા કોઈ એક વ્યક્તિની નહીં પરંતુ તેની માલિકી વારતા સાંભળવા ભેગા થયેલા લોકસમૂહની ગણાય છે. તેનો ભાગીદાર એકઠો થયેલો સમુદાય ગણાય છે. આથી ભેગો થયેલો લોકસમુદાય અનુષ્ઠાનની વિધિ અને તેની સાથે જોડાયેલી વારતામાં સહભાગી થાય છે. સાધુ કે ભોપાની સન્મુખ હંમેશા તેના શ્રોતા-દર્શક રહે છે. તેઓ વારતાનું શ્રવણ કરે છે, ગાય છે, નાચે છે અને વારતા કહેવામાં સાધુ કે ભોપાને મદદ કરે છે. આમ સામુદાયિક્તા અને સહભાગિતા એ ભીલી વારતા કે ભીલી આખ્યાનનાં બીજાં મહત્ત્વનાં લક્ષણ છે.

આ પહેલાં પણ નોંધ્યું છે કે, ભીલી મૌખિક સાહિત્ય બે મોટા વિભાગમાં વિભાજિત કરી શકાય. સામાજિક સાહિત્ય અને ધાર્મિક સાહિત્ય. ધાર્મિક સાહિત્યને પણ બે પેટા વિભાગોમાં વહેંચી શકાય : ચોખ્ખાં(શુદ્ધ) અનુષ્ઠાનો સંલગ્ન સાહિત્ય અને મેલાં (અશુદ્ધ) અનુષ્ઠાનો સંલગ્ન સાહિત્ય. ભાદરવા માસમાં ઊજવાતો ધૂળાનો પાટ(મહામાર્ગી પાટ) એ એમનું ચોખ્ખું અનુષ્ઠાન છે જ્યારે મહામાસમાં આવતો કોબરિયા ઠાકોરનો પાટ એ મેલું અનુષ્ઠાન છે. વારતાનો સંબંધ આ બંને પ્રકારનાં અનુષ્ઠાનો સાથે છે. બંને અનુષ્ઠાનો પ્રસંગે એક જ પ્રકારની વારતા કે તેની પાંખડી ગાવામાં આવે છે. પરંતુ બંને પ્રસંગે ધાર્મિક વાતાવરણ અલગ હોવાથી અનુષ્ઠાન, ગાયક, વાદ્ય, ગાવાની રીત, સંગીતના રાગ-ઢાળ, નૃત્ય બદલાતાં હોવાથી બંને પ્રસંગે વારતા અલગ-અલગ સ્વરૂપ ધારણ કરે છે.

ધૂળાનો પાટ અને કોબરિયાની કોળી વખતે ગવાતી અને કહેવાતી વારતા(લોકાખ્યાન)નું સ્વરૂપ :

આગળ નોંધ્યું છે એ પ્રમાણે ભીલ વિસ્તારમાં વારતા બે અલગ-અલગ માસ, ભાદરવો અને મહા માસમાં ભિન્ન-ભિન્ન પ્રસંગોએ ગાવામાં આવે છે. આ વિસ્તારની વારતાની મૂળ ઘટનાઓ એક હોવા છતાં માસ અને પ્રસંગ બદલાતાં તત્કાલીન ધાર્મિક વાતાવરણ પણ બદલાય છે. જેથી લોકસમુદાયની મનઃસ્થિતિમાં પણ પરિવર્તન આવે છે.

ભાદરવા માસમાં નદીનાળાં જળથી ઊભરાય છે. સારા પાકથી લોકો પણ સંતૃપ્ત થાય છે. આ બધી સમૃદ્ધિ પરમાત્મા અને કુદરતની અસીમ કૃપાને લીધે આવી હોવાના કારણે તેમનાં સામૂહિક મન કૃતજ્ઞભાવથી ભરાઈ જાય છે. ધીમે ધીમે વનપ્રાંતરોમાં અધ્યાત્મ અને ભક્તિનું વાતાવરણ ફેલાય છે. પરિણામે ભીલો કુટુંબની સુખાકારી માટે ભાદરવા માસમાં ધૂળાનો પાટ પૂરે છે.

મહામાસની ઠંડી ઋતુમાં કોઈ ખાસ વ્યક્તિથી થયેલા અન્ય વ્યક્તિના અપરાધના નિવારણ અર્થે કોબરિયાના કોપથી બચવા માટે કોબરિયા ઠાકોરનો પાટ પૂરે છે.

આમ ધૂળના પાટ સાથે ધૂળાના ઠાકોર કે પરમાત્મા તરફનો કૃતજ્ઞભાવ અને ભક્તિ જોડાયેલાં છે જ્યારે કોબરિયાના પાટ સાથે વ્યક્તિ કે કુટુંબનો ભય અને કોબરિયા ઠાકોરનો કોપ જોડાયેલા હોય છે. પરિણામે બંને પ્રસંગોએ વારતા વાહકો પણ અલગ અલગ હોય છે. ધૂળાના પાટના અનુષ્ઠાન પ્રસંગે વારતા તંબૂર અને મંજીરાની સંગતમાં ભીલ સાધુ દ્વારા ગવાય છે અને કથાય છે જ્યારે કોબરિયાના પાટના પ્રસંગે રામ-સીતામા, ભારથ જેવી વારતા કે લોકાખ્યાન સાંગ, સારંગી, વાંસળી અને મંજીરાની સંગતમાં ભોપા દ્વારા ફક્ત ગાવામાં જ આવે છે, કથવામાં આવતી નથી.

ધૂળાનો ઠાકોર એ ચોખ્ખો દેવ છે જ્યારે કોબરિયો ઠાકોર એ મેલો દેવ છે. આથી બંનેની ઉપાસના પદ્ધતિ પણ ભિન્ન-ભિન્ન પ્રકારની હોય છે. ધૂળાના પાટના અનુષ્ઠાન સમયે ધૂળાના ઠાકોરને ગોળ, ઘઉંનો લોટ અને ઘીમાંથી બનાવેલું ચૂરમું બીજના મંત્રોચ્ચાર સાથે ચડાવવામાં આવે છે જ્યારે કોબરિયા ઠાકોરને રાંધેલા ચોખા સાથે બલિ ચડાવવામાં આવે છે. આ વિધિ સમયે મંત્રોચ્ચાર થતો નથી.

ધૂળાના પાટના પવિત્ર અનુષ્ઠાન પ્રસંગે દારૂ અને માંસ આરોગવાનો નિષેધ હોય છે જ્યારે કોબરિયાના મેલા અનુષ્ઠાનમાં છૂટથી વપરાય છે. આથી એક જ સમાજના લોકસમુદાયનાં ચિત્ત બંને નોખાનોખા પ્રસંગોએ જુદી જુદી મનઃસ્થિતિ ધરાવે છે. જેથી બંને પ્રસંગે ગવાતી કંઠસ્થ વારતાની રજૂઆત અને સ્વરૂપમાં ઘણો તફાવત હોય છે. ધૂળાના પાટના પવિત્ર અનુષ્ઠાન પ્રસંગે શ્રોતાઓનાં ચિત્ત શાન્તરસથી તરબોળ બને છે જ્યારે કોબરિયા ઠાકોરના અનુષ્ઠાન પ્રસંગે શ્રોતાઓનાં ચિત્ત મોજથી ભરેલાં હોય છે.

ધૂળાના પાટ સમયે ભક્તિનું વાતાવરણ હોવાથી તંબૂર પર જે વારતા ગવાય છે તે ખાસ કરીને બેઠકિયા ભજન તરીકે વિલંબિત સ્વરે ગવાય છે. સાધુ કે બાણિયા(રાગિયા)ના માથે દેવ ઊતરતો ન હોવાથી તેઓ ખાસ કરીને રામના પૂર્વ જીવનના પ્રસંગોને શાન્ત ચિત્તે વિસ્તારીને ગાય છે. પરિણામે ભજનના સ્વરો નાભિમાંથી ફૂટવા લાગે છે.

જ્યારે કોબરિયા પાટની કોળી વખતે રોમ-સીતમાં જેવી વારતા ભોપાઓના આવેશમાંથી જન્મે છે. દારૂ આ આવેશને વધુ પોષે છે અને આવેશ ક્રોધ અને દર્પમાં બદલાય છે. સાંગ જેવાં ચર્મ વાદ્યો, સારંગી જેવાં તંતુવાદ્યો, વાંસળી અને શંખ જેવા સુષિરવાદ્યોની સંગત આ ક્રોધ અને આવેશને વધુ સહાયક અને પોષક બને છે, અને નૃત્યના ઠેકાને વધુ બળ આપે છે. ઉદાહરણ તરીકે રોમ-સીતમાની વારતા લઈએ તો લોકવાદ્યોની સંગતથી રામવારતા નૃત્ય સાથે દ્રુત સ્વરો ધારણ કરે છે. આ કથા ઝડપી અને આવેશપૂર્ણ હોવાથી સીતાહરણ, રાવણવધ અને અમરજ્યોતના પ્રસંગોની સાથે સાથે રામના ઉત્તર જીવનના

વીરરસ સભર પ્રસંગો ઓજપૂર્ણ સ્વરોમાં ગાવામાં આવે છે.

આ પ્રસંગોએ બ્રાહ્મમુહૂર્તમાં કરવામાં આવતી વિધિઓ વધુ સહાયક નીવડે છે. રાંધેલા ચોખા(અહુરી)ના મેરુસુમેરુ (મેર-સિમેર) અને ધૂનાગર પર્વતોની રચના, પહાડો પર કોડિયાં જેવાં ખામણાં(ખાડા) કરી ઘી ભરી અનેક જ્યોતોની રચના, રાવણવધની સાથે મૂર્છિત લક્ષ્મણ માટે અમરજ્યોત લેવા જતા બાવાના વેશમાં રહેલા હનુમાનની મેરુ-સુમેરુ (મેર-સિમેર) તરફ દોટ મૂકવી અને રાંધેલા ચોખાનો પહાડ આરોગવો, ભસ્મકાંકણથી બાહુ ફાડીને ચેલા-ચેલી બનાવવાં, શ્રીફળ વધેરવાં, આ સાથે સાંગ, સારંગી, વાંસળી, મંજીરાની સંગત અને શંખઘોષ ભરવો, ભોપાના દેહમાં આધિભૌતિક તત્ત્વ-કોબરિયાનું અવતરણ થવું અને પીઠ પર ગુરુજ અને સાંકળો મારવી- આવા વિશેષ ધાર્મિક વાતાવરણ વચ્ચે રામાવારતા એક લાક્ષણિક નાટ્યાત્મક રૂપ ધારણ કરે છે અને નૃત્ય અને સંગીતની તેની રજૂઆત વધુ દ્રુત અને પ્રભાવી બને છે.

**ભીલી બેઠોરગીતથી ભિન્ન ભીલી લોકાખ્યાનનું સ્વરૂપ**

ભીલ સમાજમાં આ ઉપરાંત આવું બીજું મધ્યમ કદનું ફક્ત ગેય વારતા સ્વરૂપ પ્રચલિત છે. જેનો સંબંધ જીવનચક્ર સંલગ્ન આવતા સામાજિક પ્રસંગ વિવાહ સાથે છે. ભીલ સમાજજીવનમાં લગ્ન પ્રસંગે વહેલી સવારે કૂકડો બોલે વર કે કન્યાને જગાડવા આ વારતાઓ ગાવામાં આવે છે, જેને ‘કુક રિયું ગાવું’ કહેવામાં આવે છે. આ ગેય વારતાઓ પરોઢે વર-કન્યાને જગાડવા માટે ગાવામાં આવે છે એટલું જ નહીં પરંતુ તેમાં આવતા પ્રસંગો દ્વારા જીવનબોધ આપી નવજીવનમાં પ્રવેશ કરતાં તેમને ભવિષ્યમાં આવનાર જીવન-સંઘર્ષોનો પ્રતિકાર કરવા માટે જાગ્રત કરવા ગાવામાં આવે છે. આથી વિષયને ધ્યાનમાં રાખીને આવી ગેય વારતાઓને ‘કુકરિયાં ગાવાં’ કહેવામાં આવે છે. આવી વારતાઓ સ્ત્રીઓ દ્વારા બેસીને ગાવામાં આવતી હોવાથી તેમની સાથે નૃત્ય કે વાદ્ય જોડાયેલું હોતું નથી. આથી ભીલ સમાજમાં આ ગેય વારતાઓ સ્વરૂપની દૃષ્ટિએ ‘બેઠોરગીતો’ તરીકે પ્રચલિત છે.

ભીલી વારતા કે ભીલી આખ્યાનથી અલગ પાડતાં તત્ત્વો: ભીલી વારતા ધાર્મિક પ્રસંગ સંલગ્ન હોય છે જ્યારે બેઠોરગીત સામાજિક પ્રસંગ સાથે જોડાયેલું હોય છે. ભીલી વારતા ઋતુચક્ર સાથે જોડાયેલી હોય છે જ્યારે બેઠોરગીત જીવનચક્ર સંલગ્ન હોય છે. ભીલી વારતા ધાર્મિક અનુષ્ઠાન સાથે જોડાયેલી હોય છે જ્યારે બેઠોરગીત લગ્ન જેવા સામાજિક સંસ્કાર સંલગ્ન હોય છે. ભીલી વારતા સાથે ધાર્મિક વિધિ-વિધાન જોડાયેલાં હોવાને લીધે તે દૃશ્ય-શ્રવ્ય હોય છે જ્યારે બેઠોરગીતમાં વર કે કન્યાને જગાડવા સિવાય કોઈ વિધિ કરવાનો ન હોવાથી તે શ્રાવ્ય વધુ હોય છે. ભીલી વારતા ધાર્મિક શ્રદ્ધા સંલગ્ન હોવાથી શ્રોતા-દર્શકો અનુષ્ઠાનમાં સહભાગી બને છે અને વારતાને ગંભીર બનીને સાંભળે છે જ્યારે બેઠોરગીત લગ્ન જેવા આનંદદાયક પ્રસંગ સંલગ્ન હોવાથી તેમા મનોરંજક તત્ત્વ વધુ હોય છે.

બેઠોરગીતોને રજૂ કરવાનું માધ્યમ ગદ્ય હોતું નથી પરંતુ ગેય પદ્ય કે ગીત હોય છે. તે ગેય ‘લોકવાર્તા’ કે ‘પદ્યવાર્તા’ની વધુ નજીક હોય છે. આથી તેને સમજવા ‘ગીતકથા’ કે ‘કથાગીત’ શબ્દસમૂહ પ્રયોજી શકાય. પરંતુ ભીલી મૌખિક પરંપરામાં ‘કથા’ શબ્દ પ્રચલિત નથી પરંતુ ‘વારતા’ શબ્દ રૂઢ થયો છે. આથી તેના સ્વરૂપને સ્પષ્ટ કરવા માટે ‘વારતાગીત’ કે ‘ગીતવારતા’ શબ્દસમૂહ પણ પ્રયોજી શકાય. ગુજરાતી લોકસાહિત્યના આ પ્રકારનાં સ્વરૂપો સાથે તુલના કરવા અને સમજવા માટે ‘વારતાગીત’ કે ‘ગીતવારતા’ નામકરણ પણ યોગ્ય લાગે છે. આ સ્વરૂપ મધ્યકાલીન ગુજરાતી ‘પદ્યવારતા’ને વધુ નજીક છે. પદ્યવારતાનાં લક્ષણોઃ જેવાં કે વિશિષ્ટ પાત્રસૃષ્ટિ, સંવાદ, વાતાવરણ, ચમત્કાર, મનોરંજન કરવાનો હેતુ, જીવનબોધ જેવાં તત્ત્વો આમાં પણ છે. આમ છતાં ભીલ સમાજમાં આ ગેય સ્વરૂપ માટે ‘બેઠોરગીત’ કે ‘કુકરિયું’ પ્રચલિત હોવાથી આ નામાભિધાનો કાયમ રાખી આ સ્વરૂપને વધુ સ્પષ્ટ કરવા બીજાં નામકરણોનો ઉપયોગ કરવો જોઈએ.

આમ લગ્ન પ્રસંગે સ્ત્રીઓ દ્વારા ગવાતાં ‘લોકવાર્તા’ને મળતાં આવતાં ‘ખૂંતાંનો રાઝવી : દેવોલ ગુઝરણ’, ‘ઢોલામારુણી’, ‘અરહી કુવોર’, ‘હાલદે હોળંગી’, ‘હોટીરોણી’ વગેરે ગેય સ્વરૂપો ‘બેઠોરગીતો’ કે ‘કુકરિયાં’ને નામે પ્રચલિત છે, પરંતુ આ જ બેઠોરગીતો ભાદરવા માસમાં ધૂળાના પાટ(મહામાર્ગી પાટ) પ્રસંગે સ્વરવાદ્ય તંબૂર પર અને મહામાસમાં કોબરિયા ઠાકોરના પાટ પ્રસંગે તાલવાદ્ય સાંગ પર સાધુ કે ભોપા દ્વારા સંગીત-નૃત્યની સંગતમાં ગવાય છે ત્યારે ગેય ભજનનું રૂપ ધરે છે. તત્કાલીન વાતાવરણ ચોખ્ખાં-મેલાં ધાર્મિક અનુષ્ઠાનોનું હોવાથી શ્રોતાદર્શકો ધાર્મિક શ્રદ્ધાથી પ્રભાવિત હોય છે. કેટલાક પ્રસંગો દેવી-દેવતાનાં ચરિત્રો સંલગ્ન હોવાથી આ ગીતવારતાઓ પુરાકથા-આખ્યાનનું રૂપ લે છે. તેમાં અનેક ઘટના-પ્રસંગો જોડાતાં મૌખિક મહાકાવ્યનું સ્વરૂપ ધારણ કરે છે.

**ભીલી લોકમહાકાવ્યથી ભિન્ન ભીલી લોકાખ્યાનનું સ્વરૂપ**

ધાર્મિક સાહિત્ય-કથાગીત, લોકાખ્યાન, લોકમહાકાવ્ય જેવાં મૌખિક સ્વરૂપો તો ગાયક કે વાહકના ચિત્તમાં પહેલેથી જ સ્થિત હોય છે. તેમને બહાર લાવવામાં સામાજિક-ધાર્મિક પર્વ- પ્રસંગોનું વાતાવરણ ઉદ્દીપકનું કામ કરે છે. જન્મ, લગ્ન કે મેળા જેવો થોડા દિવસ ચાલતો સામાજિક પ્રસંગ હોય તો સામાજિક સંસ્કારો ગાથે ગવાતાં ગીતો કે ગીતકથાઓ ટૂંકું સ્વરૂપ લે છે. ધાર્મિક પ્રસંગ હોય તો ગીત ધાર્મિક અનુષ્ઠાન અને લોકની પ્રબળ આસ્થા સંલગ્ન થઈ પ્રસંગ-ઘટના સાથે જોડાઈ ગીતાત્મક પુરાકથાનું સ્વરૂપ ધારણ કરે છે. દિવાળીગોર, ધૂળાનો પાટ, કોબરિયા ઠાકોરનો પાટ જેવા ધાર્મિક ઉત્સવ અનેક દિવસ ચાલતા હોવાથી પુરાકથા દીર્ઘસ્વરૂપ ધારણ કરી મહાકાવ્યમાં પરિણમે છે.

દીર્ઘ વારતા કે મૌખિક મહાકાવ્યનાં સ્વરૂપમાં બે-ચાર પેઢીઓની ઘટના કે પ્રસંગની અનેક પાંખડીઓ હોય છે જે કથકના ગેય કથન દ્વારા ભિન્ન - ભિન્ન ચરિત્રોના વિકાસ કરતી અને અનુષ્ઠાનોના સાંનિધ્યમાં ધાર્મિક આસ્થાથી પ્રભાવિત શ્રોતા-દર્શકોને રસાનંદ આપતી વિકસે છે તથા પ્રાચીન અને સાંપ્રત સમાજના રીતિ-રિવાજો, વિધિ-વિધાનો, ધાર્મિક આસ્થાઓ તથા સામાજિક પરંપરિત વિશ્વાસોને પ્રસ્તુત કરીને જે તે જાતિના વર્તમાન લોકજીવનને ક્રિયાશીલ કરે છે. માટે આવા સમગ્ર જીવનને લઈને ચાલતા સ્વરૂપ માટે 'લોકમહાકાવ્ય' કે 'મૌખિક મહાકાવ્ય' નામાભિધાન યોગ્ય ગણાય. ભીલ સંસ્કૃતિ-સમાજ-સાહિત્યના સંદર્ભમાં વિચારતાં તેમની દીર્ઘ મૌખિક પરંપરામાં પ્રચલિત આવા સ્વરૂપ માટે 'ભજનવારતા' કે 'વારતા' નામકરણ પણ સાર્થક ગણાય.

જ્યારે મધ્યમ કદના ધર્મમૂલક વારતા સ્વરૂપમાં પ્રમુખ વ્યક્તિજીવનના મહત્ત્વના પ્રસંગો કે ઘટનાઓની મર્યાદિત પાંખડીઓ હોય છે જે કથક કે ગાયકના ગેય કથન દ્વારા ખાસ ખાસ જીવનના અંશોનો વિકાસ કરતી મેલાં-ચોખ્ખાં ધાર્મિક અનુષ્ઠાનોના સાંનિધ્યમાં ધાર્મિક આસ્થાથી પ્રભાવિત શ્રોતા-દર્શકોને રસાનંદ આપતી વિકસે છે. આવા મધ્યમ કદના વારતા સ્વરૂપમાં ઘટના-પ્રસંગોનો કાર્યવેગ ઝડપી હોય છે. વ્યાપની દૃષ્ટિએ મધ્યમ સ્વરૂપમાં લોકમહાકાવ્ય કે મહાકાવ્યમાં હોય છે એવું વિવાહ, રાજકચેરી, આક્રમણ, યુદ્ધ, નાયક-નાયિકા રૂપ વર્ણન, જલાશય વગેરેના વર્ણનનો અવકાશ વારતાકથક કે ગાયકને હોતો નથી. મૌખિક મહાકાવ્યમાં વારતાકથક-ગાયક એક એક પ્રસંગ-ઘટનાની પાંખડીઓને વિસ્તારથી કથતો આગળ વધે છે. આરંભમાં શ્રોતા-દર્શકોની જિજ્ઞાસાને સતેજ કરી મૂળ વિષય પર લાવવા મનોરંજક ટૂંકાં ટોળકાં પણ કહે છે. આવો સમય મધ્યમ કદના સ્વરૂપ માટે કથકને હોતો નથી. તે પોતાની ગેય પદ્ય અને રાગાત્મક ગદ્ય કથનકળાનો ઉપયોગ વારતાનાં ચરિત્રોના જીવનના મહત્ત્વના અંશોને કથવામાં કરે છે. આથી વારતાકથક આરંભે ગણપતિ અને શારદાના સ્મરણ પછી સીધો વારતાના મુખ્ય વિષય ઉપર આવે છે જ્યારે મહાકાવ્યમાં મુખ્ય ગાયક હોંકારિયા, રાગિયાઓને ઉત્સાહિત કરવા અને દર્શક-શ્રોતાઓને મૂળ વારતામાં રસનિમગ્ન કરવા આડકથા પણ કથે છે. સુદીર્ઘ સ્વરૂપ હોવાથી મૌખિક મહાકાવ્યો અનેક દિવસો સુધી ગાવામાં આવે છે. જ્યારે મધ્યમ કદના આ સંગીતપ્રધાન વારતા સ્વરૂપને ધૂળાના પાટ(મહામાર્ગી પાટ)ના પ્રસંગે તંબૂર અને મંજીરાની સંગતમાં કે કોબરિયા ઠાકોરના પાટ પ્રસંગે સાંગ નામના તાલ ચર્મવાદ્ય પર ચોખ્ખાં-મેલાં ધાર્મિક અનુષ્ઠાનોને પોષક મહત્ત્વની પાંખડીઓ (ઘટના-પ્રસંગો)ને લક્ષ્યમાં રાખી એક રાત માટે ગાવામાં આવે છે. આથી ધર્માશ્રયી આવા વારતામૂલક સંગીતપ્રધાન સ્વરૂપને સમજવા 'લોકાખ્યાન' કે 'મૌખિક આખ્યાન' શબ્દસમૂહ પ્રયોજી શકાય. ભીલ સમાજમાં આવા સ્વરૂપ માટે 'ટૂંકી ભજનવારતા' (ટૂંકી પઝનવારતા) કે 'ટૂંકી વારતા' (ટૂકી વારતા) શબ્દસમૂહ પ્રચલિત છે. ભીલ સમાજ જીવનના સંદર્ભમાં વિચારતાં તેમની મૌખિક પરંપરામાંથી સહજ આવેલાં નામકરણો કાયમ રાખવાં જોઈએ. ભીલ સમાજનાં 'રૂપાંરોણીની વારતા', 'તોળીરોણીની વારતા', 'દેવરાની વારતા', 'કોબરિયા ઠાકોરની વારતા' વગેરે તથા દિવાળીના પર્વ-પ્રસંગે ગવાતાં 'નવલાખ 'દેવીઓનો અરેલો', 'કરમીરાનો અરેલો' વગેરે આવાં લોકાખ્યાનો છે જે આ સંશોધક-સંપાદકે સમયે સમયે પ્રસિદ્ધ કર્યા છે.'

**દીર્ઘ વારતા કે મૌખિક મહાકાવ્યનાં સ્વરૂપમાં બે-ચાર પેઢીઓની ઘટના કે પ્રસંગની અનેક પાંખડીઓ હોય છે જે કથકના ગેય કથન દ્વારા ભિન્ન - ભિન્ન ચરિત્રોના વિકાસ કરતી અને અનુષ્ઠાનોના સાંનિધ્યમાં ધાર્મિક આસ્થાથી પ્રભાવિત શ્રોતા-દર્શકોને રસાનંદ આપતી વિકસે છે**

સંદર્ભ :


૧. 'રોમ-લીકામાની વાપકા' : ડૉ. ભગવાનદાસ પટેલ, પૃ. ૫૦૬

૨. '૨૦મી સદીના ગુજરાતમાં થયેલાં પ્રાગ અને આદ્ય-ઐતિહાસિક અન્વેષણો એ ઉત્ખનનો' - વકતાઃ ડૉ. રમણલાલ ના. મરેતા અને ડૉ. વિશ્વાસ એચ. સોનવણે-ગુજરાત ઇતિહાસ પરિષદ, ૧૧મું જ્ઞાનસત્ર, કેશોદ

૩. ૧-૨ મઙ્ઈ-૨૦૦૦, संपादक: डॉ. कालीचरण यादव. १३४

૪. અરવલ્લી પહાડની આસ્થા, ભગવાનદાસ પટેલ, પૃ., ૧૫-૧૬

૫. ૧-૨ મઙ્ઈ-૨૦૦૦, संपादक: डॉ. कालीचरण यादव. १३४

૬. ગોપીચંદ-ભરથરીની વારતા, ડૉ. ભગવાનદાસ પટેલ, પૃ., ૩૭

૭. એજન, પૃ., ૪૯

૮. અરવલ્લીની વહી-વાતો, સં., ડૉ. ભગવાનદાસ પટેલ અને વીરચંદ પંચાલ, પૃ., ૧

૯. એજન પૃ., ૨૦

૧૦. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય પ્રવાહ અને સ્વરૂપ, હસુયાજ્ઞિક, પૃ., ૧૨૫

૧૧. એજન, પૃ., ૧૨૦


*૩૦૪, મિથિલા, વિજયા બેંકની ઉપર,*
*જજિસ બંગલા ચાર રસ્તા,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૧૫*
*ફોન. ૦૭૯-૨૬૮૭૧૬૦૪*
*મો. ૯૪૨૮૧૦૯૫૭૯*

# કચ્છનું રજવાડું

*– યાસીન દલાલ*

ગુજરાતનો સૌથી મોટો જિલ્લો કચ્છ છે પણ ત્યાં વસતી ઓછી છે. કચ્છના લગભગ બધા ડુંગરો ઉપર મંદિરો, દરગાહો કે કિલ્લા જેવાં મકાનો આવેલાં છે. પુરાતન કાળથી કચ્છીઓ સ્થાપત્ય કળામાં કુશળતા ધરાવતા હતા. ભાવિકો આવા સ્થળો બાંધવા માટે ડુંગરની ટોચો પસંદ કરતાં. સંતો અને મહાત્માઓ માટે પોતાની કાર્ય સિદ્ધિ માટે જે એકાંત જોઈએ તે ડુંગર ઉપર જ પ્રાપ્ત થાય. આવા શિખરો ઉપર નાના જાગીરદારોએ આજુબાજુના વિસ્તારો ઉપર પોતાનું વર્ચસ્વ ચાલુ રાખવા કિલ્લાઓ બાંધ્યા હતા. કચ્છના રાવની સત્તાને પડકારવા આ કિલ્લો ઉપયોગી બનતા. ભૂજનો ભૂજિયો કિલ્લો મશહૂર છે. ૧૭૨૭માં મહારાવ શ્રી દેશળજી પહેલાનાં અમલ દરમિયાન ભૂજના રક્ષણ માટે આ કિલ્લો બાંધવામાં આવેલો. એ કાળા પથ્થરનો ગઢ ગણાય છે. એમાં થોડે થોડે અંતરે ઊંચા બૂરજો રાખવામાં આવ્યા છે. કચ્છ અને બ્રિટિશ સરકાર વચ્ચે કરાર કરવામાં આવ્યા ત્યારે આ કિલ્લો બ્રિટિશ સરકારને સોંપી દેવાયો. મહારાજ લગભગ દરરોજ આ રસ્તે ફરવા જતા. ભૂજ શહેરના દરવાજાને રાત્રે તાળાં લાગી જતાં. બીજા દિવસની પરોઢ સુધી લોકો આવનજાવન કરી શકતા નહીં. ખેંગારજી ત્રીજાના અમલ સુધી રાત્રે ચાવીઓ તેમને સુપ્રત થતી જે સવારે ખુલતી. કચ્છનું ચલણ પણ પોતાનું હતું. રૂપિયા આના પાઈને બદલે અહીં પાંચિયા, કોરી, ઢીંગલા અને દોકડાઓ વપરાતાં. એના સિક્કા કચ્છની પોતાની ટંકશાળમાં છપાતા.

**કચ્છની આગવી સંસ્કૃતિ છે એની પોતાની કચ્છી બોલી છે. જે ગુજરાતી લિપિમાં લખાય છે. કચ્છી ભાષામાં સિંધિને મળતી આવે છે. એમાં નાન્યતર જાતિ જ નથી. તાજેતરમાં કચ્છ લિપિ શોધવામાં આવી છે, પણ હજી એ ચલણી નથી બની**

કચ્છની આગવી સંસ્કૃતિ છે એની પોતાની કચ્છી બોલી છે. જે ગુજરાતી લિપિમાં લખાય છે. કચ્છી ભાષા સિંધિને મળતી આવે છે. એમાં નાન્યતર જાતિ જ નથી. પરિણામે ‘માથું’ને ‘માથો’ કહેવામાં આવે છે. અને ‘તાળું’ને ‘તાળો’ કહેવામાં આવે છે. તાજેતરમાં કચ્છ લિપિ શોધવામાં આવી છે, પણ હજી એ ચલણી નથી બની.

ગુપ્ત સામ્રાજ્યની પડતી પછી કચ્છ ઉપર ગંભીર અસર થઈ. ઈ.સ. ૫૦૦ની આસપાસ મૈત્રક સરદારોએ કાઠિયાવાડમાં સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી અને તેની રાજધાની વલ્લભીમાં રાખી, એનો સ્થાપક ભટારક નામનો અમલદાર હતો. પ્રથમ તે સુબા તરીકે નિમાયો અને પછી પોતે પોતાનું રાજ્ય સ્થાપ્યું અને પોતાના આશ્રિત સરદારોને પણ વંશ પરંપરાગત બનાવી દીધા. તેણે માળવા અને ગુજરાતના અમુક ભાગો તથા કચ્છ ઉપર રાજ્ય ચલાવ્યું. બીજી અસર એ થઈ કે સિંધમાં પણ એક સ્વતંત્ર શાસન ઊભું થયું. ૬૦૬માં કનોજના રાજા હર્ષે તે વખતના સિંધુ રાજ્યના રાજા ઉપર હુમલો કર્યો પણ તે નિષ્ફળ ગયો. વલ્લભી રાજ્ય અનેક રીતે શક્તિશાળી હતું. હર્ષ રાજાના હુમલા સામે તેણે બરાબર ટક્કર ઝીલી. ૭૨૫માં આરબોએ હુમલા કર્યા ત્યાં સુધી તે બળવાન રાજ્ય હતું. તેનો નાશ આંતરિક હુલ્લડોને કારણે થયો. જાણીતા ચીની ઈતિહાસકાર યુ.એન. સાંગે ઉપરોક્ત શાસનની પ્રશંસા કરી છે. કચ્છને તેણે સિંધનો એક ભાગ ગણ્યો છે અને તે વલ્લભીની હકૂમત નીચે હોવાનું પણ કહ્યું છે. સિંધની તે સમયની રાજધાની આલોરપી સિંધુ નદી ઉપર ભાખર નજીક આવેલી હતી ત્યાં પહોંચતા ર૬૭ માઈલની મુસાફરી કરવી પડતી. તેના મુખ્ય શહેરનું નામ લખપત પાસે આવેલા કોટેશ્વરને મળતું આવે છે. યુ.એન.સાંગે કચ્છ ઉપર સિંધુ રાજ્યનું વર્ચસ્વ ક્યારે આવ્યું તે જણાવ્યું નથી પણ, અનુમાન છે કે વલ્લભી વંશની સત્તા કચ્છ ઉપર એક સદીથી પણ ઓછા સમય સુધી ટકી હતી. છઠ્ઠા સૈકાના અંતમાં સિંધના રાજા સાહીરાએ કચ્છ જીતી લીધું. યુ.એન. સાંગે જણાવ્યું છે કે કોટેશ્વર કચ્છની પશ્ચિમ સરહદે હતું. તેમાં ૮૦ જેટલા બૌદ્ધ વિહારો હતા. પાંચ હજાર ભિક્ષુઓ હતા. ૧૨ જેટલાં હિંદુ મંદિરો હતાં. સિંધુ રાજ્યના પ્રખ્યાત બ્રાહ્મણ રાજા છાછ તથા તેના અનુગામીઓને જાગીરદારો મુશ્કેલીમાં મૂકતા. સિંધ રાજ્યના ચાર પ્રાંતો હતા. કચ્છના એક અલગ બેટ તરીકેના વિશિષ્ટ સ્થાનને લઈને કોઈપણ મહત્ત્વાકાંક્ષી સરદારને અહીં સ્વતંત્ર રાજ્ય સ્થાપવાનું પ્રલોભન થઈ જ જાય. પરંતુ કચ્છનો ધીખતો વેપાર જોઈને આલોરની સત્તાએ પોતાની હકૂમત બને ત્યાં સુધી ટકાવી રાખી, પણ સાતમી સદીના અંત ભાગમાં આલોરની સત્તા તૂટવા લાગી. કાઠી લોકો સિંધ છોડીને કચ્છ મારફત કાઠિયાવાડ તરફ જવા લાગ્યા અને તેમણે કચ્છનો મધ્ય અને દક્ષિણ ભાગ ઝૂંટવી લીધો. પૂર્વ તરફથી ચારણો અને આહીરો કચ્છમાં પ્રવેશવા લાગ્યા. આ પરદેશીઓએ કચ્છના ભાગલા પાડી દીધા અને દરેક જૂથનો સરદાર જાગીરદાર બની ગયો. ૬૪૩ની આસપાસ આરબોએ દરિયાઈ હુમલો કર્યો જે પાછો હટાવાયો, એ પછી આરબોએ વારંવાર હુમલા કરીને મકરાણ જીતી લીધું. ૭૦૮માં મહમદ કાસમની સરદારી નીચે સિંધ ઉપર હુમલો થયો અને તેણે એક પછી એક જીત મેળવવા માંડી. સિંધનો રાજા ડામર યુદ્ધમાં માર્યો ગયો. આ પછી કચ્છ ઉપર આલોરની સત્તા સંપૂર્ણ નાબૂદ થઈ ગઈ.

દરમિયાન ગુજરાતમાં પાટણ પાસે અણહીલવાડ નામના ચાવડા વંશનું રાજ્ય ઊભું થતું હતું. આ ચાવડા રજપૂતોએ

કચ્છના પૂર્વ ભાગમાં જમાવટ કરી. કાઠી લોકોએ મધ્ય ભાગમાંથી આગળ વધી પૂર્વમાં વાગડમાં સત્તા જમાવી અને કંથકોટમાં રાજધાની રાખી. ૮મી સદીમાં ચાવડાઓએ કંથકોટનો કબજો કાઠીઓ પાસેથી છીનવી લીધો. બે સૈકા બાદ સોલંકી સરદારોએ ચાવડા પાસેથી અણહીલવાડ જીતી લીધું. છતાં વાગડ ઉપરની અણહીલવાડની સર્વોપરી સત્તા ચાલુ રહી. સોલંકીઓએ જે ચાવડાઓ સાથે લડાઈ કરી એ દરમિયાન ઘણાં સોલંકી કુટુંબો કચ્છમાં આવીને વસ્યાં સાથે વાઘેલા રજપૂતો પણ આવ્યા. કચ્છમાં ચાવડાઓની સત્તા ચાલુ રહી. સોલંકી તથા વાઘેલાઓના ધસારાને લીધે ચાવડાઓએ કચ્છના પશ્ચિમ ભાગમાં આશરો લીધો. ચાવડાઓએ માક પ્રદેશમાં મોટગર નામે એક શહેર સ્થાપ્યું જે ભૂજથી નજીક આવેલું છે.

આમ ગુજરાતના રજપૂત જાગીરદારો વચ્ચે કચ્છની હકુમત વહેંચાઈ ગઈ. કાઠી લોકોને હાંકી કાઢી આખા પ્રદેશ ઉપર રજપૂત સત્તા સ્થપાઈ ગઈ. સમા સરદારો સિંધના વસવાટ પહેલાં મુસ્લિમ ધર્મના સંપર્કમાં આવ્યા. હજી પણ કેટલાક મુસ્લિમ સમાઓ સિંધમાં છે અને કહે છે કે પોતે આરબોના વંશજો છે. બધા સમા સરદારોએ ઈસ્લામ ધર્મ અંગિકાર નથી કર્યો. લગ્ન વહેવાર બાંધી શકાય તેવા ચાવડા, સોલંકી અને વાઘેલા રજપૂતોનું પ્રમાણ સારું હતું. સમાઓની એક શાખા કચ્છ ઉપર રાજ કરવા લાગી ત્યારે હિંદુ સમાઓ પ્રત્યેનો એમનો વહેવાર સદ્‌ભાવપૂર્ણ હતો. હિંદુ સમા રજપૂતોમાં સૌથી બળવાન સરદાર લાખિયાર ભડતો પુત્ર લાખો ગુરારો હતો. તેણે કચ્છમાં બે લગ્ન કર્યાં એક લગ્ન પાટગઢના ચાવડા સરદાર વાઘમની કુંવરી બૌદ્ધિ સાથે અને બીજું લગ્ન કેરાના ગોહેલ સરદારની કુંવરી ચંદ્રકુંવરબા સાથે થયાં. લાખા ગુરારાના મૃત્યુ બાદ તેનો પાટવી કુંવર ઉન્નળ ગાદીએ બેઠો. પરંતુ તેના જ ભાઈઓએ કાવત્રું કરીને એને મારી નાંખ્યો. રાણી ગૌડે પોતાના પૌત્ર સમાને ગાદી અપાવી પરિણામે એના વેરમાંથી બચવા મોડ અને મનાઈ ભવિષ્યના વસવાટ માટે દરિયાપાર નાસી ગયા. એમણે પોતાના મામા વાઘમ ચાવડાને ત્યાં આશ્રય લીધો. આ શહેરનો વિસ્તાર બે માઈલનો છે. લખપતની નૈઋત્યમાંથી આવેલું છે. આ બંને ભાઈઓ મુલકમાં ચારેબાજુ ફર્યા. પોતાના મામાને એક દિવસ એકલા જોઈને એમણે એમનું માથું ઊડાવી દીધું. આ પછી એમણે પાટનગર અને આજુબાજુના વિસ્તારો જીતી લીધા. સ્થાનિક ચાવડાઓ એમને શરણે આવી ગયા. પાટગઢની જાગીર હજી વાઘેલાઓના વર્ચસ્વ નીચે હતી. એમણે મોડ અને મનાઈને સખત ધમકીઓ મોકલી. પરિણામે એમણે કબૂલ કર્યું કે ખંડણી તરીકે ચોક્કસ ચીજવસ્તુઓ આપશે. મનાઈને ગુંતરીમાં હળવા ચોકી પહેરા હેઠળ રાખવામાં આવ્યા. મોડ સાથે એણે ગુપ્ત વ્યવહાર રાખ્યો.

**સોલંકીઓએ જે ચાવડાઓ સાથે લડાઈ કરી એ દરમિયાન ઘણાં સોલંકી કુટુંબો કચ્છમાં આવીને વસ્યાં સાથે વાઘેલા રજપૂતો પણ આવ્યા. કચ્છમાં ચાવડાઓની સત્તા ચાલુ રહી. સોલંકી તથા વાઘેલાઓના ધસારાને લીધે ચાવડાઓએ કચ્છના પશ્ચિમ ભાગમાં આશરો લીધો**

ધીમે ધીમે મોડ અને મનાઈએ ગુંતરી શહેર તેમજ આજુબાજુના વિસ્તારનો કબ્જે લઈ લીધો. જ્યારે એમના પિતા અને કાકાની જાગરીનો વારસો મળ્યો ત્યારે વાગડમાં રહેવાનું પસંદ કર્યું અને કંથકોટને મુખ્ય શહેર બનાવ્યું. નવમી સદીના અંત ભાગમાં બંને ભાઈઓ મરણ પામ્યા. તેના પુત્ર જામ સાડની સત્તા પણ નબળી પડી ગઈ. એનો કુંવર છ માસનો થયો ત્યારે વાઘેલાને સમાનું કૂળ કચ્છમાંથી ઉખેડી નાંખવાની તક મળી ગઈ. એણે સાડનું ખૂન કરાવ્યું. એના કુંવરનું પણ ખૂન કરાવ્યું. કુંવર ફુલ બચી ગયો. દુલારા નામના એક રાજવીએ ફુલને રક્ષણ આપ્યું. ફુલ મોટો થઈને કચ્છ આવ્યો. વાઘેલાએ સમય પારખીને પોતાની કુંવરી ફુલને પરણાવી. ફુલને કોઈપણ મુશ્કેલી વગર પિતાનું રાજ્ય પાછું મળ્યું.

**લાખો ફુલાણી :** જામ ફુલે એક રબારી કન્યા સાથે લગ્ન કર્યા અને એને એક લાખો નામનો પુત્ર જન્મ્યો. લાખા ફુલાણીમાં પ્રથમથી જ સાહસ અને શૌર્ય હતાં. કચ્છનું રણ ઓળંગી અણહીલવાડ પહોંચી ગયો અને ત્યાં એક સૈનિક તરીકે તથા રાજ નેતા તરીકે કીર્તિ મેળવી લીધી. ચાવડા રાજવંશને તે વફાદાર હતો. સોલંકી વંશના મૂળ રાજ ચાલુક્ય સાથે તેની દુશ્મનાવટ હતી. મૂળરાજે પોતાના કાકા અને પાલક પિતા ચાવડા સામંતસિંહનું ખૂન કરી પાટણનો કબજો લઈ લીધો. અને ચાવડા વંશનો અંત થયો. લાખો ફુલાણી ગાદીએ બેઠો અને ઘાઆના કુંવર ખુસરાને દત્તક લીધો. તેણે લાંબા સમય સુધી રાજ કર્યું. થોડા સમય પૂરતો લાખો ફુલાણી મૂળરાજનો ખંડિયો રાજા હતો. મૂળરાજે ઘણા બળવાન રાજાઓની દુશ્મનાવટ વહોરી લીધી. રાજા વિગ્રહ રાજે ઉત્તર તરફથી હુમલો કર્યો. મૂળરાજ કચ્છ નાસી આવ્યો અને કંથકોટના કિલ્લામાં ભરાઈ ગયો. તેણે તમામ ખંડણીદારોને બોલાવ્યા અને એમની મદદ માંગી અને વિગ્રહ રાજ સાથે સમજૂતી કરી.

લાખાનું મૃત્યુ ૯૭૯માં થયું. એની પાંચમી પેઢીએ થતી દાદી લાખા ઘૂરારાની બીજી રાણી એક સમયે આ કેરામાં રહેતી હતી. ભૂજથી મુંદરા જતાં ૧૨ માઈલના અંતરે આ શહેર આવેલું છે. આ લાખો ફુલાણીએ એને પાટનગર બનાવેલું. પ્રાચીન કેરાનું દૃશ્ય આજે ગમગીની પેદા કરે છે. લાખા ફુલાણીએ બંધાવેલા ગઢ અને મંદિરોના પથ્થરો ઉપાડી જઈ લોકોએ એના મકાન બાંધવામાં ઉપયોગ કર્યો છે. જો કે શિવ મંદિરનો ઘુમ્મટ તથા જીન મંદિર ટકેલાં છે. ધરતીકંપથી નુકસાન થયેલું એ પુરાતત્વ ખાતાએ રીપેર કરાવી લીધું છે. લાખા પ્રત્યેના લોકોના ભક્તિભાવને લીધે સમય જતાં એની કીર્તિ વધારેને વધારે ફેલાતી ગઈ. એણે જે ઈમારત ન બંધાવી હોય એ પણ એના નામે ચડતી ગઈ.

લાખાનું મોત મૂળરાજે છોડેલા ભાલાના ઘાથી જ થયું હતું.



" કનૈયો "
- ભનવાડી રાજપૂત



“ નજર ન લાગે ”
- એન. પી. વૈશ્યક


“ કૃષ્ણં વંદે જગદગુરૂ ”
- ચંદ્રકાન્ત કંસારા



" અનાહત "
- આર્ય ક્રિષ્ના એન.

મારવાડના ભાટ ચારણો કહે છે કે, ઈડરના રાજકુટુંબના મોવડી મારવાડના સિયાજી રાજાએ જ યુદ્ધમાં લાખાને માર્યો હતો. આટકોટના રણમાં બે પાળિયા ઊભા કરાયા છે તેમાં લાખાના મૃત્યુની તારીખ ૯૭૯-૮૦ વંચાય છે પણ કચ્છના વિદ્યાધિકારી દલપતરામ ખખ્ખરે તપાસ કરી તો જાણવા મળ્યું કે આવો કોઈ પાળિયો ત્યાં નથી.

લાખાનો ભત્રીજો પુઅરો તેના પછી ગાદીએ આવ્યો. તેણે પોતાની રાજધાની કેરાથી ખસેડીને પથ્થરગઢમાં બનાવી. પથ્થરગઢ ભૂજથી ૧૭ માઈલ દૂર છે. પુઅરો કોઈ વિરોધ વગર લાખાની ગાદીએ આવ્યો પણ એની કારકિર્દી ખરાબ ગણાય છે. એણે પથ્થરગઢના બાંધકામ પૂરા થયા પછી શિલ્પીના હાથ કપાવી નાંખ્યા. પુઅરાના મૃત્યુ બાદ પથ્થરગઢનો નાશ થયો. પુઅરો નિઃસંતાન મૃત્યુ પામ્યો ત્યાર પછી અહિવનરાજ ચાવડા નામના એક શૂરવીર સરદારે પથ્થરગઢ ઉપર તોપનો મારો ચલાવ્યો અને શહેરનો નાશ કર્યો. પાટણના રાજા સામંતસિંહનો તે પૌત્ર થાય. ચાવડા વંશના નાશ પછી તેને અણહીલવાડમાંથી દેશવટો દેવાયો હતો અને કચ્છમાં તે બહારવટું કરી રહ્યો હતો. તે એક સિહસ્ત લડવૈયો હતો. તેણે ભૂજની બાજુમાં આવેલા મોરગઢ ઉપર કબજો કર્યો અને ત્યાં ગાદી સ્થાપી. મોરગઢની બાજુમાં આવેલા ચાવડકા તળાવનું નામ કદાચ ચાવડા પરથી પડ્યું હોય. પુઅરાના મૃત્યુ પછી જે અંધાધૂંધી ફાટી નીકળી તેના લાભ ઉઠાવવા અને કચ્છમાંથી સમાઓની સત્તા તે તોડી પાડવા ઈચ્છતો હતો. તેણે એકસોથી પણ વધારે ગામ જીતી લીધાં હતાં. કચ્છમાં સમાઓના ત્રાસમાંથી જે ચાવડા ભાયાતો બચવા પામ્યા તેની મદદથી નાનું રાજ્ય તેને સ્થાપવું હતું. અને તેમાં એ સફળ થયો. સમા રાજ્યનો મધ્ય અને પશ્ચિમ કચ્છમાંથી લોપ થઈ ગયો. પૂર્વ કચ્છમાં અણહીલ પાટણના સોલંકીઓનું વર્ચસ્વ ચાલુ રહ્યું. કચ્છનો કબજો મેળવવા ગુજરાત, સૌરાષ્ટ્ર અને સિંધના રાજાઓ વચ્ચે લાંબો સમય તીવ્ર હરીફાઈ ચાલી જેના પહેલા દાવમાં ગુજરાત સૌરાષ્ટ્રનો વિજય થયો. પુઅરાના મૃત્યુ બાદ સમાઓના યુગનો અસ્ત થયો અને જાડેજા યુગનો ઉદય થયો.

**ભૂજથી મુંદરા જતાં ૧૨ માઈલના અંતરે આ શહેર આવેલું છે. આ લાખો ફુલાણીએ એને પાટનગર બનાવેલું. ધરતીકંપથી નુક્સાન થયેલું એ પુરાતત્વ ખાતાએ રીપેર કરાવી લીધું છે. લાખા પ્રત્યેના લોકોના ભક્તિભાવને લીધે સમય જતાં એની કીર્તિ વધારેને વધારે ફેલાતી ગઈ. એણે જે ઈમારત ન બંધાવી હોય એ પણ એના નામે ચડતી ગઈ**

લાખાએ કચ્છમાં ફરીથી સ્થાપેલું રાજ્ય તેના વારસ રાયઘણે સંભાળ્યું. તે બળવાન રાજા હતો અને લગભગ આખા કચ્છ ઉપર તેણે વર્ચસ્વ જમાવ્યું. રાયઘણનું મૃત્યુ ૧૨૧૫ આસપાસ થયું ત્યારે તેના રાજ્યની વહેંચણી તેના ચાર કુંવરો વચ્ચે થઈ. સૌથી મોટા કુંવર દેદાને કંથકોટ અને આસપાસ વાગડનો વિસ્તાર મળ્યો, બીજો કુંવર ઓઠાને લાખિયાર વીરામાં ચાલુ રાખ્યો. પશ્ચિમ કચ્છમાં તેના નજીક આવેલું બારાગામ ત્રીજા કુંવર ગજણને અપાયું. ચોથા કુંવર હોથીને પુનડી નજીક બાર ગામની એક જાગીર મળી. આ વહેંચણીથી ભાઈઓમાં કડવાશ પેદા થઈ અને એવી લાગણી થઈ કે ઓઠા પ્રત્યે પક્ષપાત બતાવવામાં આવ્યો. ઓઠાના વંશજોમાંથી કચ્છના હાલના મહારાવ ઊતર્યા છે. કુંવરોના વંશજોમાં વેર બહુ વધી ગયું. ૧૩, ૧૪ અને ૧૫મી સદીનો કચ્છનો ઈતિહાસ ચોરી, લૂંટ, ધાડ અને ઝપાઝપીથી ભરેલો છે. દિલ્હીના જૂના સત્તાધિશોને કચ્છ ખંડણી ભરતું હશે. જાડેજાઓ વચ્ચે એકતા નહોતી. મુખ્ય ત્રણ જાડેજા પોતપોતાના કિલ્લાઓની અંદર સ્વતંત્ર રીતે વર્તતા. ૧૩મી સદીમાં કચ્છમાંથી કાઠીઓને હાંકી કાઢવા તેઓ એક થઈ ગયા. કાઠીઓ રણની બીજીબાજુ વસ્યા ત્યારથી કાઠિયાવાડ નામ પડ્યું. સમા રજપૂતો પોતાને હિંદુ માનતા હતા, પણ સહિષ્ણુ હતા. હિંદુઓ અને મુસ્લિમો બંનેને તેઓ સરખું માન આપતા. ગજણ પછીના જાડેજા રાજવી હાલાજી જે તેના વડીલ થાય તે હાલાના નામ પરથી હાલાર જાહેર થયું અને કાઠિયાવાડમાં એક મોટું રાજ્ય સ્થપાયું. સમગ્ર કચ્છ ઉપર જાડેજા વંશની એક સૂત્રી સત્તા સ્થાપનાર ખેંગારજી પહેલાના પિતા તરીકે હમીરજીનું નામ કચ્છમાં યાદગાર રહ્યું છે. સૈકાઓથી જાડેજાઓ આશાપુરા દેવીને પોતાની કુળદેવી ગણતા. હમીરજીના વખતમાં આ દેવીને વિશિષ્ટ સ્થાન મળ્યું. જામ હમીરજીના પિતરાઈ ભાઈ જામ રાવલના તેના તરફના વેરનો સામનો તેણે કરવો પડ્યો. દેદો કે જે તે વખતે કંથકોટની જાગીરવાળા ભાયાતોમાં મુખ્ય હતો તેની સાથે રાવલે હમીરજી વિરુદ્ધ સહકાર આપ્યો. ૧૫૦૬માં રાવળે કુટુંબના વેરઝેરનું સમાધાન કરવાની ઈચ્છા દર્શાવી અને કહ્યું કે ત્રણેય એક જ વંશની શાખાઓના મોવડીઓએ ભેગા થઈને સમાધાન કરાવવું જ જોઈએ. જામ રાવલના પિતાનું ખૂન કરવામાં પોતાના કુટુંબમાંથી કોઈનો હાથ નથી એમ સમજીને હમીરજીએ આમંત્રણ સ્વીકાર્યું. જામ રાવળે દગાબાજી કરી અને તેની ભેઠના આડિયામાં એક જીવતી ચકલી સંતાડી પોતાની છાતી ઉપર હાથ મૂકતો હોય તે રીતે ચકલી ઉપર હાથ રાખી પ્રતિજ્ઞા લીધી. હમીરજી છેતરાઈ ગયા. મજલીસમાં ભાગ લેવા જેવા દાખલ થયા કે તરત જામ હમીરજી અને રસાલાના એક એક માણસને જામ રાવળના માણસોએ મારી નાખ્યા. રાવળે હમીરજીના વંશની એક એક વ્યક્તિનો નાશ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. સૌથી મોટા કુંવર અલિયાજી હતા અને અમદાવાદ રહેતા હતા. નાના કુંવરો ખેંગારજી સાહેબજી અને રાયળજી રાજકુમારો હતા. એ ત્રણેયને તાબડતોડ પકડી પાડવાનું નક્કી થયું. આમંત્રણ ગયું પણ તેઓ આવ્યા નહીં.

કુંવરો શાપર ગામે પહોંચ્યા ત્યારે જણાયું કે એમની પાછળ દુશ્મનો નજીક આવતા હતા. ભીયા કકલ નામના ચોકીદારે એમના પ્રત્યે લાગણી બતાવી અને ડુંગરમાં સંતાઈ જવા રવાના કરી દીધા. રાવળના પગીઓએ સગડ મેળવી લીધા હતા. એણે

ભીયા કકલને અનેક ધમકીઓ આપી પણ ભીયાએ કહ્યું કે હું કુંવરો વિશે જાણતો નથી. તેના સાત દીકરાઓને ઘરમાંથી બહાર કાઢવામાં આવ્યા અને જેમ જેમ ના પાડતો ગયો તેમ તેમ દીકરાઓની હત્યા થતી ગઈ. છોકરાઓની મા જરાય લાગણીવશ થઈ નહીં. રાવળે સાતમા દીકરાને જીવતો રહેવા દીધો. બીજે દિવસે બે કુંવરને સાથે લઈ કચ્છના રણને પેલે પાર જવાનો પ્રવાસ શરૂ કર્યો. અમદાવાદ પહોંચીને એમણે એમના ભાઈ અલિયાજીને શોધી કાઢ્યો અને નક્કી કર્યું કે હમણાં સુલતાનને મળવું નહીં. ખેંગારજી અને તેના ભાઈ અમદાવાદના લશ્કરી તાલીમ કેન્દ્રમાં દાખલ થયા અને ત્રણ વરસ સુધી તાલીમ મેળવી. ખેંગારજી ૧૪ વરસના થયા ત્યારે પોતાના ઘોડાને સજ્જ કરી એક શાહી શિકાર પાર્ટી ગોઠવાતી હતી એમાં દાખલ થઈ ગયા. એમાં એક વિકરાળ સિંહે સુલતાનના હાથી પર છલાંગ મારી અને સુલતાન પાસે પહોંચી ગયો. ખેંગારજીએ પોતાનો ઘોડો આગળ વધારીને સિંહને ભાલો માર્યો, તે જ વખતે સિંહ મરી ગયો. સુલતાન મહમદે ખુશ થઈને એનું સન્માન કર્યું. અલિયાજીએ સુલતાન પાસે પોતાની ઓળખ રજૂ કરી દીધી. સુલતાન ખેંગારજીને ભેટી પડ્યા. ખેંગારજીએ કહ્યું કે મારે કચ્છનું રાજ્ય પાછું મેળવવું છે મને મોરબી આપો, જેથી હું મારી યોજના અમલમાં મૂકી શકું. સુલતાને એ માંગણી મંજૂર રાખી. ખેંગારજી એક વરસ સુધી સુલતાનના લશ્કર સાથે મોરબીમાં રહ્યા. ત્યાંથી કંથકોટ ઉપર હુમલા ચાલુ રાખ્યા. વાગડના મુખ્ય શહેર શાપર ઉપર ચડાઈ કરી. પોતાના પ્રતિનિધિ તરીકે માણસોને શાપર મોકલ્યા પણ ત્યાં અલીયાજીનું ખૂન થઈ ગયું. રા'ખેંગારજીની ધાક વધતી ગઈ. એની પાસે પુષ્કળ પૈસો એકઠો થયો. અબડાએ એમાંથી ભાગ માંગ્યો, સમાધાન થયું. પછી ખેંગારે અબડાને દરબારમાં બોલાવીને મારી નાખ્યો. શાપર અને વાગડનો ઘણો ખરો ભાગ એના કબજામાં આવી ગયો. શાપરનું નામ હવે રાપર થઈ ગયું. ખેંગારજીએ અંજાર શહેર કબજે કર્યું. યુદ્ધના મેદાનમાં તે અત્યંત કડક હતા. છેવટે રાવળને લાગ્યું કે ખેંગારજીના બળ સામે તેનું કાંઈ ચાલે તેમ નથી. એટલે તે રણ પાર કરીને કાઠિયાવાડ પહોંચ્યો અને નવાનગર રાજ્યની સ્થાપના કરી. રાવળની વિદાય પછી રા'ખેંગારજી સમગ્ર કચ્છના ધણી બન્યાં. સિંધ તરફના હુમલાનો ભય ઓછો થાય એવા આશયથી એમણે સિંધના રાજકારણમાં પણ દખલ કરી અને લશ્કર મોકલી આપ્યું. સુલતાન મહમદ બેગડો ૧૫૧૧માં મૃત્યુ પામ્યા.

**સમગ્ર કચ્છ ઉપર જાડેજા વંશની એક સૂત્રી સત્તા સ્થાપનાર ખેંગારજી પહેલાના પિતા તરીકે હમીરજીનું નામ કચ્છમાં યાદગાર રહ્યું છે. સૈકાઓથી જાડેજાઓ આશાપુરા દેવીને પોતાની કુળદેવી ગણતા. હમીરજીના વખતમાં આ દેવીને વિશિષ્ટ સ્થાન મળ્યું**

કચ્છની પ્રજામાં રા'ખેંગારજીનો ખૂબ આદર થાય છે. એમણે અનેક યુદ્ધો ખેલ્યાં અને ૭૬ વરસ રાજ કરી, ૧૫૮૬માં ૯૦ વરસની ઉંમરે સ્વર્ગવાસી થયા. જામ રાવળ કાઠિયાવાડમાં હતા, પણ દુશ્મનાવટ કરતા રહ્યા પણ દૂર હોવાથી એમનું કાંઈ ચાલ્યું નહીં. ૧૫૮૬માં ખેંગારજી પછી તેમના કુંવર રા'ભારમલજી ગાદીએ આવ્યા ત્યારે રાજકીય વાતાવરણ શાંત હતું. અરબી સમુદ્રમાં કચ્છી વહાણવટાનું સ્થાન તે વખતે ઘણું ઊંચું ગયું. મોગલ સમ્રાટ જહાંગીરે એમની પ્રશંસા કરી હતી. ગુજરાતના ભૂતપૂર્વ રાજા મુઝફર ત્રીજાએ નવાનગરના જામની મદદથી શાહી સૂબા કોકા સામે બંડ કર્યું ત્યારે સંબંધ બગડવાની શરૂઆત થઈ. મોગલ લશ્કર બળવાન હતું. મુઝફરે પોતાનું છેલ્લું આશ્રયસ્થાન જુનાગઢ પણ ગુમાવ્યું. કચ્છ આવીને તેણે ભારમલનું શરણું માંગ્યું. પરિણામ એ આવ્યું કે કચ્છની મોરબીની જાગીર જપ્ત થઈ ગઈ અને ૧૫૯૦ અને ૧૫૯૧માં લડાઈમાં હાર થઈ. મુઝફરને પાછો સોંપી દેવો પડ્યો. ૧૬૦૯માં તેમણે પચ્ચીસો માણસોના લશ્કર સહિત પોતાના કુંવરને ગુજરાતના બીજા ખંડિયા રાજ્યની સાથોસાથ ધરમપુર મોકલવાની ફરજ પડી. ૧૬૧૭માં એમના શાસનને ૩૨ વરસ થઈ ગયા. અમદાવાદમાં બાદશાહ જહાંગીરને તેઓ મળ્યા અને જાતજાતની ભેટો સાથે લઈ ગયા. એના બદલામાં કચ્છમાંથી વસૂલ થતી ખંડણી માફ થઈ ગઈ. બદલામાં ભારમલે વચન આપ્યું કે મક્કા જતાં હજ યાત્રીઓને કચ્છી વહાણોમાં કંઈપણ ભાડું લીધા વગર મોકલાશે. ૧૬૩૨માં ભારમલનું અવસાન થયું. એમના પછી એમના ભત્રીજા ખેંગારજી બીજા ગાદીએ બેઠા. દરમિયાન મોગલ વંશમાં ઝઘડા થતા હતા. પરિણામે કચ્છ અલગ પ્રદેશ તરીકે ઝાઝો વખત રહી શક્યું નહીં. ૧૬૫૫માં તમાચી શાસન ઉપર આવ્યા. એમણે ઔરંગઝેબના ભાઈ દારાને આશ્રય આપ્યો અને ભૂજના એક બગીચામાં રાખ્યા. થોડા સમય પછી દારા અમદાવાદ જતો રહ્યો. દારાએ થોડીક કુનેહ વાપરી હોત તો પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપી શક્યો હોત, પણ ઔરંગઝેબે લુચ્ચાઈ વાપરી એને ફાવવા ન દીધો. ૧૬૬૬માં તમાચીજીનું અવસાન થયું. એમના પછી રાયઘણજી શાસન ઉપર આવ્યા. એમને ૧૧ કુંવરો હતા. પાટવી કુંવર નોંઘણજી જુવાનીમાં જ મરી ગયા. એ પછીના કુંવર રવાજીનું પણ ખરાબ સંજોગોમાં મોત થયું જેમાં ત્રીજા કુંવર પ્રાગમલજીનો હાથ હતો. એણે કાવત્રા કરીને ખજાનો કબજે કરી લીધો અને કચ્છની ગાદી પચાવી પાડી, એના શાસનમાં કચ્છની સત્તા કમજોર બની ગઈ. સગા સંબંધીઓ વફાદારી બદલ મોટી મોટી બક્ષીસો માંગવા લાગ્યા. નોંઘણજીના કુંવર હાલાજીને મનાવવા માટે મુંદ્રાનું બંદર આપી દેવું પડ્યું. ઈ.સ. ૧૭૧૫માં પ્રાગમલજીનું અવસાન થયું. એમના પછી યુવરાજ શ્રી ગોડજી સત્તા ઉપર આવ્યા.

શ્રી ગોડજી અત્યંત શક્તિશાળી અને ચૂનંદા સેનાપતિ પૂરવાર થઈ ચૂક્યા હતા. તેઓ લાંબું જીવ્યા હોત તો અત્યંત ઉમદા રાજવી તરીકે એમની ગણના થઈ હોત. ચાર વરસની ટૂંકી કારકિર્દીમાં પ્રાગમલજીએ કચ્છને જે નુકસાન પહોંચાડ્યું હતું તે સુધારવાની શરૂઆત એમણે કરી હતી. હાલાજીને મુંદરાની જાગીર આપી દેવાઈ હતી. એનો કબ્જો એમણે પાછો

મેળવી લીધો. એ જ રીતે કાઠી અને અંજાર ચોવીસી પણ પાછા લીધાં. તેઓ વધારે જીવ્યા હોત તો આ નીતિ આગળ વધી હોત. ૧૭૧૯માં તેમનું અવસાન થયું અને કોઈ જાતના વિવાદ વગર દેશળજી ગાદીએ આવ્યા. એમણે પ્રજાનો મહત્તમ પ્રેમ સંપાદન કર્યો. તેઓ મળતાવડા અને ભલા હતા. મોચી જાતિનો ઝઘડો પતાવવા જમવાનું અધૂરું મૂકીને ઊઠી ગયા હતા. મોગલ સામ્રાજ્ય તૂટવાં લાગ્યું એ પછી કચ્છ ઉપર ભય ઊભો થયો. સુબાઓ વધુને વધુ સ્વતંત્ર બનવા લાગેલા. ભૂજના ગઢને વધારે મજબૂત બનાવાયો. ૧૭૩૦માં દેવકરણ શેઠ કચ્છના દીવાન બન્યાં. ૧૭૨૧માં શાહી સૂબાએ ખંડણીની માંગણી કરી, પણ ભૂજની મજબૂત કિલ્લેબંધીથી ડરી જઈને લશ્કર બહુ દૂર રહ્યું અને અબડાસા તાલુકામાં લૂંટફાટ ચલાવી. દેશળજીના યુવરાજ લાખાજી અને બાપ વચ્ચે મતભેદો થયા. લાખાજી ખર્ચાળ પ્રકૃતિના હતા. મહારાજે એમના વર્ષાસન ઉપર કાપ મૂક્યો. વિરોધમાં યુવરાજે ભૂજ છોડી દીધું. પાછળથી સમાધાન થયું અને વર્ષાસન ચાલુ થયું. એને એમ લાગ્યું કે દીવાન દેવકરણ આને માટે જવાબદાર હતા. એટલે દેવકરણ શેઠનું ખૂન થઈ ગયું. બે વરસ આમ જ ચાલ્યું. યુવરાજે પોતાના મહેલમાં એક ભોજન સમારંભ યોજ્યો. પીરસવામાં અત્યંત ઢીલ થઈ. લાખાજી બહાનું કાઢીને રસોડા તરફ ગયા. તુરંત દરવાજાઓ બંધ કરી દેવામાં આવ્યા અને રાજા તથા તેમના માણસોને કેદ કરી લેવાયા ત્યારે લાખાજીની ઉંમર ૩૪ વરસની હતી. એમનું શાસન સ્વીકારાઈ ગયું. મહારાજા દેશળજી શાંતિપૂર્વક જીવન જીવ્યા. એમણે એકઠું કરેલ અઢળક ધન લાખાજીના કબજામાં આવી ગયું.

> **૧૫૮૬માં ખેંગારજી પછી તેમના કુંવર રા'ભારમલજી ગાદીએ આવ્યા ત્યારે રાજકીય વાતાવરણ શાંત હતું. અરબી સમુદ્રમાં કચ્છી વહાણવટાનું સ્થાન તે વખતે ઘણું ઊંચું ગયું. મોગલ સમ્રાટ જહાંગીરે એમની પ્રશંસા કરી હતી**

તેરાના ઠાકોર સુમરોજી સ્પષ્ટવક્તા હતા. લાખાજીએ એમને નમાવવાનો નિશ્ચય કર્યો. અસાધારણ શક્તિશાળી પુરુષ હતા. એમણે ભૂજમાં પહેલીવાર અદાલતની સ્થાપના કરી. ઓખા મંડળના રામસિંહ નામના વાઘેર કલાકારને એમણે આશ્રય આપ્યો. રામસિંહે કચ્છમાં અનેક કલાકૃતિઓ બનાવી અને આયના મહેલનું બાંધકામ કર્યું. ૧૭૬૦-૬૧માં મહારાજશ્રીની તબિયત બગડી ગઈ. ધમડકાના ઠાકોરે એક જાગીરના લોકોને બહુ હેરાન કર્યા. મહારાજે સિંધ અને પારકરમાં કચ્છની સત્તા છોડી દીધી અને એમનું અવસાન થયું. એમના પછી ગોડજી બીજા ગાદીએ આવ્યા. તેમની ઉંમર ૨૯ વરસની હતી. સિંધ અને કચ્છ વચ્ચે લડાઈ થઈ. જેમાં દિવાન જીવણ શેઠ, ઠાકોર લાખોજી, નરાના ઠાકોર તથા તેના ત્રણ કુંવરો માર્યા ગયા. આ લડાઈ ઝારાની લડાઈ તરીકે વખણાઈ છે. તેમાં કુલ એક લાખ માણસો માર્યાં ગયાં કચ્છી લશ્કરનો સંપૂર્ણ નાશ થયો. મહારાવ ગોડજી લશ્કર સહિત હજી ભૂજમાં જ હતા. પરંતુ પોતાના લશ્કરનો અને અમીર ઉમરાવોનો નાશ થઈ ગયો હોવાથી આ ભાડૂતી લશ્કર તેમને વફાદાર રહે એ સંભવ નહોતું. આથી સિંધીઓ સાથે સમાધાનનો એક જ રસ્તો હતો. પૂંજા શેઠને ફેરવી નાંખવામાં આવે તો જ કામ થાય. એમની માતાએ પૂંજા શેઠને પત્ર લખ્યો. મહારાવે સ્વીકાર્યું કે મેં પૂજા શેઠ પ્રત્યે અયોગ્ય વર્તાવ કર્યો છે. પૂંજા શેઠને સંતોષ થયો પણ તેણે સિંધી લશ્કર સામે લડવા પોતાની ટુકડી મોકલવાની ના પાડી. બીજી બાજુ ગુલામ શાહ પણ કચ્છમાંથી પાછો ફરવા આતુર હતો. એનું લશ્કર રણ ઓળંગીને પાછું ગયું. પૂંજા શેઠ ભૂજ આવ્યો. મહારાવે એનો સત્કાર કર્યો. પૂંજા શેઠે એમની કુંવરી માંગી. ૧૭૬૫માં પૂંજા શેઠને એકાએક ગીરફતાર કરી લીધો અને ઝેર આપી દીધું. એ પછી કચ્છનું રાજતંત્ર બહુ ખરાબ રીતે ચાલતું હતું. એક પછી એક નબળા દીવાન આવતા હતા. મહારાવશ્રીનો સ્વભાવ અસ્થિર થઈ ગયો. એમણે પોતાના રક્ષણ માટે હબસી લોકોની ભરતી કરી. ભાયાતોએ એ મળીને હબસીઓને હાંકી કાઢ્યા અને મહારાવને પૂરી દીધા. એ ભૂજ છોડીને માંડવી વસ્યા. મીર બીજરે કચ્છ ઉપર હુમલો કર્યો. સિંધી લશ્કર અબડાસાને માર્ગે આવ્યો. આ લશ્કર પીછેહઠ કરવા લાગ્યું અને મહારાવના લશ્કર સાથે ભળી ગયું અને તેરા વાસીઓ તેના ઉપર તૂટી પડ્યા. મીર બીજરની ભારે ખુવારી થઈ. આ જીતથી મીરજા કુરપાબેગ ફુલાઈ ગયો અને ઉદ્ધત બની ગયો. અસ્થિરતાનો ઢોંગ કરી મહારાજે રાજવહીવટમાં ભાગ લેવાનું બંધ કર્યું. બલુચીઓએ વિચાર્યું કે તેઓ મહારાવોના અતિથિ છે. બેગ ઉપર વેર લેતાં પહેલાં મહારાવનો સંપર્ક કરવો જોઈએ. મહારાવે આ તક ઝડપી લીધી. મીરજાએ આ બંને શરણાગતોને પાસે બોલાવીને મોટી રકમની માંગણી કરી. એમણે ઈન્કાર કર્યો, ઝઘડો થયો. તેઓ મીરજા બેગ ઉપર તૂટી પડ્યા અને એની હત્યા કરી નાંખી. મહારાવ ખુશ થયા અને પુષ્કળ જમીન બક્ષીસમાં આપી. આ પછી તુરત એમનું અવસાન થયું. તેઓ કદમાં ઠીંગણા પણ પ્રભાવશાળી હતા. તેમણે એક પછી એક વીસ દીવાનોને મારી નાંખીને મિલકત એકઠી કરી હતી.

**બ્રિટીશ સત્તાનું આગમન**

ગોડજી બીજા પછી તેમના મોટા કુંવર રાયધણજી બીજા ગાદીએ આવ્યા. તેઓ સગીર હતા એટલે એમના વતી મહારાણી શાસન કરતાં. દેવચંદ શેઠ નામના કારભારી હતા. એમને દીવાન પદે સ્થાપવા મહારાવશ્રીને સમજાવ્યા. એમણે ગોડજીના સમય દરમિયાન પણ દીવાનપદ ભોગવેલું. દીવાનના ત્રણ ભાઈઓ ઉપર એમને પૂરો ભરોસો હતો પણ મહારાજ હજી તેમનાં બાનું કહ્યું માનતા હતા. દેવચંદ શેઠને હલકા પાડવા અફવાઓ ફેલાતી અને એમની હત્યાના કાવતરાં થતાં. કાવતરાંખોરો જમાલ નામના એક મિયાણાનો ઉપયોગ કરતા. માનસંગ નામનો નોકર વિશ્વાસુ હતો, તેની પણ ધરપકડ થઈ. ચારેય ભાઈઓને મારી નાખવાનો નિશ્ચય થયો અને એમને મારી નાંખવામા આવ્યા.

દેવચંદનું ખાલી પડેલું સ્થાન સંભાળવા કોઈ તૈયાર નહોતું. મરીચ નામના હબસીએ બધી સત્તા હાંસલ કરી લીધી. આમ સગીર અવસ્થામાં જ રાજાનું ભાગ્ય નોકરોના હાથમાં આવી ગયું. બાની તબિયત પણ લથડતી હતી. મુંબઈથી ડોક્ટરને બોલાવાયા. કચ્છની ભૂમિ ઉપર પગ મૂકનાર તે પહેલા અંગ્રેજ હતા, પણ એમની દવા પણ ફાવી નહીં. મહારાણીનું અવસાન થયું. રાજાની આસપાસ દુષ્ટ લોકોની ટોળી ગોઠવાઈ ગઈ. રાજા માનસિક રીતે અસ્થિર થઈ ગયા. મરીચની સત્તા સર્વોપરી હતી. પાટનગરમાંથી આવતાં ફરમાનોની તાલુકાઓમાં અવગણના થવા લાગી. તાલુકદારો જાગીરદારો બની ગયા. ભાયાતો પણ નાના રાજા બની ગયા. ચાંચિયાખોરીઓ દરિયાકાંઠે રાજ કરવા લાગી. મરીચે વાઘા પારેખ નામના એક વાણિયાની મદદ લીધી, પણ તેનામાં કુનેહ નહોતી. પારેખે બે જાડેજા ભાયાતના મુખ્ય ગામ પત્રી ઉપર હુમલો કર્યો, એ ગેરડહાપણ ભરેલું કામ હતું. મરીચે વાઘા પારેખ ઉપર તલવારથી હુમલો કર્યો. પારેખ ભાગી ગયો. સીદીઓને ધીમે ધીમે દેશ નિકાલ કરાયા. ૧૭૮૧માં સિંધ ઉપર ચડી ગયેલી ખંડણી વસૂલ કરવા અફઘાન લશ્કર ચડી આવ્યું. મીર બીજરે અહીં હુમલાખોરોને હટાવવામાં સેનાપતિ તરીકે સારી છાપ પાડી. સિંધી હમીર નબીખાનને ભય લાગ્યો કે બીજરની સત્તા વધી જશે. એણે બીજરનું ખૂન કરાવ્યું. છેલ્લે સિંધી રાજા ખેલાત તરફ ભાગી ગયો. નબીખાન સિંધમાં ફરી આવ્યો અને જોધપુરમાં આશ્રય લીધો. જોધપુર નરેશના લશ્કરે રાધનપુરના રસ્તે કચ્છમાં પ્રવેશ કર્યો. કચ્છે તેને આવકાર આપ્યો.

**૧૭૮૧માં સિંધ ઉપર ચડી ગયેલી ખંડણી વસૂલ કરવા અફઘાન લશ્કર ચડી આવ્યું. મીર બીજરે અહીં હુમલાખોરોને હટાવવામાં સેનાપતિ તરીકે સારી છાપ પાડી. સિંધી હમીર નબીખાનને ભય લાગ્યો કે બીજરની સત્તા વધી જશે. એણે બીજરનું ખૂન કરાવ્યું**

મીર ફતેલ અલી તાલ પૂરે હુમલો કર્યો અને જોધપુરના લશ્કરની વ્યવસ્થા તોડી નાંખી. ઝપાઝપી થઈ પણ પરિણામ આવ્યું નહીં. જોધપુરનું લશ્કર વેરવિખરે થઈ ગયું. કચ્છના રાજા મહમદ સૈયદ નામના ફકીરની અસર નીચે આવી ઈસ્લામ તરફ વળતા થયા. મહારાજ ઉઘાડી તલવારે ભૂજની શેરીઓમાં નીકળી પડતા અને રસ્તામાં જે મળે તેને મારી નાખવાની બીક બતાવતા. એકવાર ઓધવજી નામના બ્રાહ્મણને જેલમાં નાખ્યો. એના વિશે અરજ કરવા એના જ્ઞાતિબંધુઓ આવ્યા ત્યારે રાજા એમના ઉપર તૂટી પડ્યા અને તેને ઘાયલ કરી નાખ્યા. વાઘેશ્વરીની મૂર્તિ પણ ખંડિત કરી નાંખી. મોટી સંખ્યામાં માંડવીના રહેવાસીઓ એકઠા થયા અને મહારાજ ઉપર હુમલો કર્યો. મહારાજ નાસી છૂટ્યા. મહારાજને કેદ કરવાનું નક્કી થયું. વાઘા પારેખ અને તેના સાથીદારોએ મહેલ ઉપર હુમલો કર્યો પણ તેઓ પોતે જ માર્યા ગયા. રાજ્યમાં અંધાધૂંધી છવાઈ ગઈ. મહારાજ પાસે જરા પણ પૈસો હતો નહીં. તેમની ઘેલછાના ઉન્માદમાં તેણે નિર્ણય કર્યો કે ધર્મગુરુ પન્ના અને જમાદાર મસુદ બંનેને દેશનિકાલ કરવા પણ મહારાજ આમ કરવા જતાં એકલા પડી ગયા. હિંદુઓના મંદિર અને મૂર્તિઓમાં ભાંગફોડથી લોકો એમના તરફ કચવાતા મનના થઈ ગયા. રાણીઓ અને સગાઓએ પણ એમને કાબૂમાં લેવાના પ્રયત્ન કરવા માંડ્યા. અંજારથી ભૂજ ઉપર હલ્લો કરવાનું ઠરાવાયું. મેઘજી શેઠ દેખાયા ત્યારે તેમને આવકારવામાં આવ્યા અને ભૂજે એમની સત્તા સ્વીકારી લીધી. મહારાજા મહેલમાં ભરાઈ ગયા. ત્રણ દિવસની લડાઈ બાદ મહારાજાને કેદ કરવામાં આવ્યા. એમના સાવકા ભાઈ પૃથ્વીરાજને ગાદી ઉપર બેસાડવામાં આવ્યા. રાજાની બધી સત્તા રીઝનસી કાઉન્સિલમાં કેન્દ્રીત થઈ જતી હતી. જેમાં બાર ભાઈઓ હતા. તેઓ અંદર અંદર ઝઘડવા માંડ્યા. મેઘજી શેઠ અને ડોસલ વેણ મુખ્ય સભ્યો હતા. મેઘજી શેઠે રોહા ઠાકોર સામે લશ્કર મોકલ્યું. ઠાકોરે કબૂલાત લખી આપી. બાર ભાઈઓએ મેઘજી શેઠને ઠપકો આપ્યો. આ ટીકાથી મેઘજી શેઠ ગુસ્સે થયા. એમણે બધાને પોતાને ત્યાં ભોજનનું આમંત્રણ આપી મારી નાખવાનું કાવતરું કર્યું એ નિષ્ફળ ગયું. શેઠે અંજાર ભાગી જઈને પોતાનો સ્વતંત્ર કારોબાર ત્યાંથી ચલાવવાનું શરૂ કર્યું. તેના ગયા પછી કાઉન્સિલ નિર્બળ બની ગયું. માંડવીવાળા રામજી ખવાસ સાથે તે ભળી ગયા. પૂર્વયોજિત ગોઠવણ પ્રમાણે રામજી ખવાસે માંડવીનો કબજો મહારાણીને સુપરત કરવા સંમતિ આપી દીધી. મહારાણી માંડવીમાં દાખલ થયાં કે તરત તેણે માંડવીના ગઢના દરવાજા બંધ કરાવી દીધા અને બાર ભાઈઓને સત્તાવિહિન જાહેર કર્યા. બાર ભાઈઓએ શું કરવું એ સુઝ્યું નહીં. તેઓ નાસી છૂટ્યા અને માંડવીના થાણેદાર તરીકે રામજી ખવાસ સ્થાપિત થયા. મહારાણી માંડવીમાં જ રહેવા લાગ્યાં. બાર બાઈઓ ભૂજ પાછા આવ્યા અને પાછા લડવા માંડ્યા. તેઓ તકરાર થતાં જુદાં જુદાં સ્થળે નાસી ગયા. મહારાજને વહેમ ગયો કે મેઘજી શેઠ પોતાને પદભ્રષ્ટ કરવા માંગે છે એટલે તેમણે જમાદાર ફતેહ મહંમદને પસંદ કરીને તેને પોતાનુ કૃપાપાત્ર બનાવ્યુ. સિંધમાંથી ઊતરી આવેલા નોતિયાર કુટુંબનો યુવાન હતો. તેની શારીરિક શક્તિ અદ્‌ભુત હતી. તેના પ્રયત્નોથી રાજાના હાથમાં ઘણીખરી સત્તા પાછી આવી ગઈ. જો મહારાજા અસ્થિર મગજના ન થયા હોત તો પૂરી સત્તા આવી જાત. એક દિવસ જમાદાર નિયમ મુજબ સલામ મારવા ગયો તો મહારાજ ખંજરથી તેની ઉપર તૂટી પડ્યા. જમાદાર ભાગી ગયો અને એક કોઠામાં ભરાઈ ગયો. તે ડોસલ વેણના પક્ષમાં ભળી ગયો. ડોસલ વેણને ભૂજ ઉપર ચડી આવવા સૂચના કરી. ડોસલ વેણે શહેર ઉપર કબ્જો મેળવ્યો. મહારાજા ફરીથી કેદ થયા અને ફતેહ મહમદ સર્વોપરી સરદાર બની ગયા. જાગીરદારોને તેણે પોતાના મિત્રો બનાવી લીધા. ભૂજ જઈને ભાયજી બાવાને કચ્છના શાસક તરીકે જાહેર કર્યા અને બધી સત્તા પોતે લઈ લીધી. જાડેજા ભાયાતોને તે પૂરું માન આપતો. આ ૧૭૮૬ની વાત છે. તેણે ભૂજને ફરીથી સારું શાસન આપ્યું. ખંડણીઓની વસૂલાત કરવામાં આવી. વાગડમાં ભૂજની સર્વોપરી

સત્તાનો ફરીથી સ્વીકાર થયો. મુંદરાનો વહીવટ હંસરાજ નામના વણિકને સોંપી દીધો. વાગડમાં આખો ભચાઉ તાલુકો જીતી હકૂમતમાં ઉમેરી દીધો. લખપતને સમૃદ્ધ બંદર બનાવ્યું. જેથી સિંધ તરફથી આવતી ચડાઈઓનો સામનો કરી શકાય. માંડવી બંદર ફરીથી પાટનગરની સત્તા નીચે આવ્યું. જેમને જમાદારનું કડક શાસન પસંદ નહોતું તેવા લોકો ભાયજી બાવાના પક્ષમાં જોડાવા લાગ્યા. લશ્કર ઊભું કરી લીધું. ચતુર જમાદારે સંધિ કરી લીધી અને અંજાર અને ભચાઉના બદલામાં ભૂજ સોંપી દીધું અને રાયઘણજીને મુક્ત કરી દીધા. ૧૮૦૧ની સાલ પૂરી થઈ તે પહેલાં ભાયજી બાવાનું અવસાન થયું. રાયઘણજીએ ફરીથી વહીવટ ચલાવવાનો આગ્રહ કર્યો. ઝનૂની બની દીવાન હંસરાજને ઈજા પહોંચાડી. દીવાન માંડવી નાસી ગયો પણ સંજોગવસાત એને પાછો ભૂજ બોલાવી લીધો પણ મહારાજે એને અટકાયતમાં લઈ લીધો. ઈસ્ટ ઈન્ડિયા કંપની પોતાનું વર્ચસ્વ સ્થાપી રહી હતી. દીવાને કુનેહ વાપરીને કંપની સાથે વાટાઘાટ શરૂ કરી.

એણે મુંબઈ રાજ્ય પાસે એવી દરખાસ્ત મૂકી કે જો તેઓ ફતેહ મહમદ અને પોતાની વચ્ચેના ઝઘડામાં વચ્ચે પડી સમાધાન કરાવી આપે તથા મહારાજને વર્ષાસન બાંધી આપે તો કચ્છનો પ્રદેશ કંપનીને સોંપી દેવા તે તૈયાર છે પણ એનું પરિણામ આવ્યું નહીં. બ્રિટિશરોને કચ્છમાં પડવું નહોતું. ૧૮૦૪માં જમાદાર અને હંસરાજે સંયુક્ત રીતે તે ફરીથી રજૂ કર્યું પણ મુંબઈ સરકારે તેનો અસ્વીકાર કર્યો. આ પછી ફતેહ મહમદ શાંતિથી અંજારમાં રહેવા લાગ્યો. તે જબરદસ્તીથી નાણાં કઢાવવા લાગ્યો. આસકરણ નામના ધનિકને ગુસ્સો આવ્યો અને અંજાર પર હલ્લો કરવા હંસરાજને કહેણ મોકલ્યું, પણ ફતેહ મહમદના બળવાન લશ્કર સામે તેને પીછેહઠ કરવી પડી. આસકરણને નાણાંની તંગી સતાવવા માંડી. ભૂજના સંખ્યાબંધ ધનિકોની મિલકત જપ્ત કરવાનું શરૂ કર્યું. પરિણામે લોકોએ બંડ કર્યું. આસકરણ સિદ્ધ તરફ નાસી છૂટ્યો. આ બાજુ જમાદાર ભૂજ તરફ આગળ વધ્યો અને શહેરને તાબે કર્યું. મહારાવે સામનો કર્યો એમના પગમાં ગોળી વાગી. જમાદારની સત્તા ફરીથી ભૂજ ઉપર સ્થાપિત થઈ ગઈ. ૧૮૧૩માં જમાદારનું અવસાન થયું. કુદરતી આફતોને લીધે તેનું મન ખાટું પડી ગયું. ૧૮૦૯માં હંસરાજ શેઠ મૃત્યુ પામ્યા. ૧૮૦૯ની સાલ જાડેજાઓ અને ઈસ્ટ ઈન્ડિયા કંપની વચ્ચે રીતસરના સંબંધ માટે જાણીતી છે. કર્નલ વોકર વડોદરામાં રેસિડન્ટ તરીકે કામ કરતો હતો. કંપનીની નજરમાં કચ્છનું મહત્ત્વ વધતું ગયું. કચ્છમાં ચાલતી બાળહત્યા અને ગુલામીની પ્રથા સામે કર્નલ વોકરે કાઠિયાવાડના રાજાઓની સંમતિ મેળવી. જમાદારને આ ઘાતકી રિવાજ બંધ કરવાનો સંદેશો આપી દીધો. ૧૮૦૯માં જમાદાર તથા દીવાન હંસરાજ સાથે કેપ્ટન ગ્રીનવુડે જુદા જુદા કરાર કર્યા પણ જમાદાર પોતાની રીતે આગળ વધ્યે જતો હતો. કેટલાક નામચીન ધાડપાડુઓનો ત્રાસ વધતો ગયો. એની ધીરજ ખૂટવા લાગી. ૧૮૧૨માં એક અંગ્રેજ અધિકારીને માંડવી મોકલાવાયા. તેણે ફતેહ મહમદને સ્પષ્ટ જણાવી દીધું કે જો ચાંચિયાઓનો ત્રાસ નાબૂદ નહીં થાય તો દુશ્મની શરૂ થશે. ૧૮૧૩માં કંપનીએ જમાદારને આકરી ચેતવણી આપી, પણ એનો અમલ થાય એ પહેલાં જ જમાદારનું પ્લેગના રોગમાં અવસાન થયું. સમગ્ર કચ્છમાં પ્લેગનો કોપ ઊતર્યો.

મહારાજની સૂચના અનુસાર ઈબ્રાહિમ મિયાંએ એમના દફનની તૈયારી કરી, પરંતુ જગજીવન મહેતાના નેતૃત્વ હેઠળના ભાયાતોએ મૃતદેહનો જબરદસ્તીથી કબજો લઈ લીધો અને અગ્નિસંસ્કાર કર્યા. આથી મુસ્લિમો અને રજપૂતો વચ્ચે વૈમનસ્ય વધતું ગયું અને રાયઘણજી પછી કોણ સત્તા પર આવે એની ચર્ચાએ જોર પકડ્યું. સાધારણ રીતે કુંવર માનસિંહ અથવા ભાયજી બાવાના કુંવર લઘુભા આવે એમ હતા. લઘુભા ૧૨ વરસના હતા અને માનસિંહજીની ઉંમર ૧૮ વરસની હતી. ૧૮૦૯માં કર્નલ વોકરે કરેલા કરાર મુજબ રાયઘણજી અને તેના વારસદાર તરીકે લઘુભા નિયુક્ત થયા હતા પણ આખરી નિર્ણય લેવાયો નહોતો. ઈબ્રાહિમના હાથમાં સત્તા આવી કે તરત તેણે માનસિંહના હક્કને ટેકો આપવાનું વલણ લીધું. ૧૮૧૪માં માનસિંહજીને ગાદી પર બેસાડવામાં આવ્યા. જગજીવન મહેતા અને ભાયાતો નારાજ થયા. કંપનીએ એક મરાઠા અમલદારને ભૂજ મોકલ્યા. ભૂજમાં એમનું સન્માન કરવામાં આવ્યું. મેકમર્ડોએ બધા પ્રશ્નોની ચર્ચા હુસેન મિયાં સાથે કરી લીધી.

દરમિયાન મુંદરાવાળા મહમદ મિયાં સાથે ઈબ્રાહિમ મિયાંએ અંજાર ઉપર હુમલો કર્યો. આંતરવિગ્રહ ચાલુ થયો. વાગડના ધાડપાડુઓએ પોતાની ધાડને પ્રવૃત્તિ વધારી દીધી. ઈસ્ટ ઈન્ડિયા કંપની નારાજ થઈ અને સખત શબ્દમાં ચેતવણી આપી પણ અમલ ના થયો. એટલે પ્રજાને લાગ્યું કે કંપની ધમકી જ આપે છે. મહારાજશ્રીની અંતિમક્રિયા વખતે ઝઘડો થયો. ઈબ્રાહિમના હુકમથી તેને ઠાર કરવામાં આવ્યો. યુવા મહારાજની આસપાસ જે જૂથ જામી રહ્યું હતું તેનાથી મુક્ત થવા શિવરાજને માંડવીથી ભૂજ બોલાવ્યો. શિવરાજે લશ્કર એકઠું કરીને તે ભૂજ આવી પહોંચે તે પહેલાં એક મારવાડી સિપાહીએ ઈબ્રાહિમને કતલ કરી નાંખ્યો હતો. આથી શિવરાજનાં લશ્કરનો સામનો કરવા જેવી સ્થિતિ ન રહી. શિવરાજના લશ્કરમાં આસકરણ શેઠ અને કેટલાક ભાયાતો ભળી ગયા. આરબ લશ્કર સહિત તેણે ભૂજ છોડી દેવાનું વચન આપવું પડ્યું અને અંજાર, ભચાઉ તથા કંથકોટની જાગીર તેને આપી દેવામાં આવી. મહારાજે શિવરાજ અને આસકરણ શેઠને પ્રધાન તરીકે નિમ્યા. બ્રિટિશ સત્તાએ અંતે કચ્છમાં દરમિયાનગીરી કરી. મહારાજા એમ માનતા હતા કે કંપની કાંઈ કરી શકશે નહીં. કંપની અને ગાયકવાડનું લશ્કર જોડિયા ઉપર ચડી આવ્યું. ૧૮૧૫માં વાગડમાંથી ધાડપાડુઓની એક મોટી ટોળીએ રણ ઓળંગી મેકમર્ડોની છાવણી ઉપર હુમલો કર્યો. કંપનીના લશ્કરે ઝડપથી જોડિયાને કબજામાં લીધું. મહારાજશ્રીને એક પત્ર મોકલાવ્યો જેમાં કહ્યું હતું કે, આપ અમારી શરતો નહીં સ્વીકારો તો કચ્છમાં અમે દાખલ થશું. આ શરતોનો મહારાજાએ ચોક્કસ જવાબ આપ્યો નહીં. ૧૮૧૫ના ડિસેમ્બરની ૧૪મી

તારીખે ચાર હજાર સૈનિકોનું એક લશ્કર અંજારથી આશરે ૫૦ માઈલ દૂર વેણાસર પાસે પહોંચી ગયું. મેકમર્ડોની યોજના રાજા સાથે સંધિ કરવાની હતી પણ હુસેન મિયાંના કેટલાક ભાડૂતી માણસોએ ભૂજ તરફ આવેલા કૂવાઓના પાણીમાં ઝેર નાંખી દીધું હતું. ડિસેમ્બરની ૨૫મી તારીખે એ અંજારના ગઢ ઉપર તોપમારો થયો અને અંજાર શરણે આવ્યું. તરત જ મહારાજાએ કંપનીને સમાધાનનો પત્ર લખ્યો અને કંપની સાથે મૈત્રી કરાર કરવાનું કબુલ કર્યું. કંપનીની બધી જ શરતો રાજાએ સ્વીકારી લીધી. ૧૮૧૬ના જાન્યુઆરીમાં કરાર ઉપર સહી થઈ ગઈ. આમ ૫૦૦થી વધુ રાજ્યોમાંથી પહેલાં ૪૦ની અંદર કચ્છને સ્થાન મળ્યું. આ પછી કંપનીનું લશ્કર પૂર્વમાં વાગડ તરફ રવાના થઈ ગયું. મુંદરા, ભચાઉ, ગઢશીશા વગેરે શહેરો શરણે થયાં છતાં ૧૮૧૬થી ૧૮૧૯ના ગાળામાં કચ્છને ઘણી બધી રીતે સહન કરવું પડ્યું જેને માટે ભારમલજી જવાબદાર હતા. મહારાજ અને ભાયાતો વચ્ચેના સંબંધો પ્રથમથી જ તંગદિલીભર્યા હતા. ભાયાતો પોતાની સત્તા અને અધિકારો પાછા લઈ લેવા પણ મક્કમ હતા. આથી અથડામણો થતી રહી. ભારમલજી અને એજન્સી વચ્ચે ઘણી ગેરસમજ પેદા થઈ. ભારમલજી સાથે કોઈ વ્યક્તિ લાંબો સમય સુમેળ રાખી શકે એમ હતું જ નહીં. તેમને પુત્ર પ્રાપ્તિ થઈ પણ તેઓ ખુશામતખોરોથી ઘેરાયેલા જ રહ્યા અને નશામાં બડાશ મારવા માંડ્યા કે હું અંગ્રેજોને કચ્છમાંથી હાંકી કાઢીશ. અંતે અંગ્રેજોએ કચ્છમાં પડવાનું ફરીથી નક્કી કર્યું. સર વિલિયમ ગ્રાન્ટની સરદારી નીચે અંજારમાં લશ્કર એકઠું થયું. ૧૮૧૯ના માર્ચમાં પાટનગર ઉપર ચડાઈ કરી. રાજા તદ્દન અશક્ત બની ગયા હતા. મૂરખ કારભારીઓએ બ્રિટિશરો સામે લડવાની યોજના તૈયાર કરી એની સામે બ્રિટિશરોએ ભૂજિયાના કિલ્લા ઉપર ચડીને કબ્જો લઈ લીધો. મહારાજા તાબે થઈ ગયા, પણ બીમારીને કારણે કંઈ બોલી શકતા જ નહોતા. મહારાજને કંપનીએ પદભ્રષ્ટ જાહેર કરી દીધા.

આ પછી જાડેજા ભાયાતો અને બ્રિટિશરો વચ્ચે કેટલીક ગેરસમજણો ઊભી થઈ. અધિકારો માટેની ખેંચતાણમાં જાડેજાઓની જીત થઈ. ભારમલજીના ઉત્તરાધિકારીની પસંદગીમાં ગડબડ થઈ. ભારમલજીના કુંવર દેશળજીને ભાયાતોએ ચૂંટ્યા.

દરમિયાન કર્નલ ટોડનું કચ્છમાં આગમન થયું. મહારાજા શ્રી ભારમલજી પદભ્રષ્ટ થયા હતા અને બ્રિટિશ સત્તા સાથે સંધિ થઈ હતી. ૧૮૨૭માં કર્નલ પુંટીજર કચ્છમાં રેસિડન્ટ તરીકે કામ કરતા હતા. ૧૮૩૦માં મુંબઈથી માલકમ મુંબઈના ગર્વનર તરીકે કચ્છની મુલાકાતે આવ્યા અને નોંધ્યું કે કચ્છના ગરાસદારો મહારાજની નીતિમાં વિઘ્નો નાખતા હતા. એમણે જાડેજા ભાયાતોને એકઠા કર્યા અને એમને ઠપકો આપ્યો. દેશળજી બહુ સંભાળથી શાસન ચલાવતા. ધીમે ધીમે એમને રાજકારભારની તાલીમ મળી ગઈ હતી. તેઓ અંગ્રેજી લખી વાંચી શકતા. ૧૮૩૫ના ઓગસ્ટ મહિનામાં તેઓ ૨૦ વરસના થઈ ગયા અને તેમને પૂર્ણ અધિકાર સોંપાઈ ગયો. એક બ્રિટિશ અધિકારીના નેજા હેઠળ પંચ નિમાયું. તેણે ચૂકાદો આપ્યો કે અધોઈને મોરબીની હકૂમત હેઠળ મૂકવું જોઈએ. દેશળજીએ એ સામે વિરોધ નોંધાવ્યો. દેશળજીએ એ અધિકાર પાછો મેળવ્યો. એમના શાસનમાં ગુનાખોરી ઓછી હતી. કોમી ઝઘડા પણ નહોતા થતા. એમના છેલ્લા દિવસો દરમિયાન કુંવર પ્રાગમલજી સાથેના એમના સંબંધો બગડતા ગયા. પિતા હયાત હોય અને યુવરાજ પુખ્વત થઈ જાય ત્યારે શું કરવું એની પરંપરા નહોતી. રાજ સત્તામાં ભાગલા પાડવાની પણ પરંપરા પડી નહોતી. દેશળજીનો સ્વર્ગવાસ થયો કે ૧૮૬૦માં એમના કુંવર પ્રાગમલજી ગાદીનસીન થઈ ગયા. એમના અમલમાં શાંતિ રહી. તેમના પિતાની માફક કરારને સહકાર આપનારા રાજવી હતા. ૧૫-૧૫ વરસ લાંબાં લાંબાં લખાણો અને તુમારો ચાલ્યા. કચ્છની પ્રજાને લાભદાયક એવા અનેક સુધારા એમણે કર્યા. મહારાણી વિકટોરિયાએ એમની સી.એસ.આઈ.નો ખિતાબ આપ્યો. ૧૮૭૧માં સ્ટાર ઓફ ઈન્ડિયાના સમારંભમાં ભાગ લેવા તેઓ ગયા હતા. ૧-૧-૭૬ના રોજ માત્ર ૧૫ વરસ રાજ કરીને તેઓ અવસાન પામ્યા. તેમના પાટવી કુંવરની ઉંમર માત્ર ૧૦ વરસની હતી. તેઓ ખેંગારજી ત્રીજાના નામથી ગાદી ઉપર આવ્યા. ૧૯૪૨ સુધી તેમણે રાજ કર્યું. તેઓ અંગ્રેજી ઉપર પ્રભુત્વ ધરાવતા હતા અને અસાધારણ બુદ્ધિમતાવાળા હતા. ૧૮ વરસની ઉંમરે તેમને સંપૂર્ણ અધિકાર મળી ગયા. ૧૯૩૯માં બીજુ વિશ્વયુદ્ધ થયું. કચ્છના રાજાની ઉંમર ૭૦ વરસ હતી અને ગાદી ઉપર બેઠે ૬૩ વરસ થઈ ગયાં હતાં. એમના પાટવી કુંવર વિજયરાજજીની ઉંમર ૫૦ વરસની હતી. પિતા પ્રત્યે વિજયરાજને ભક્તિભાવ હતો. ૧૯૪૨માં ખેંગારજીનું અચાનક અવસાન થયું. ૧૬માં વંશ જ તરીકે વિજયરાજજી ગાદી ઉપર બેઠા તેમની ઉંમર ૬૦ વરસની હતી. રાજ્યની પરિસ્થિતિ વણસેલી હતી. પિતાએ જળસિંચાઈ યોજનાના પાયા નાંખ્યા હતા. તેમની તબિયત એટલી બગડી ગઈ કે સારવાર માટે યુરોપ જવું પડ્યું. મિત્રો એમને ઠપકો આપતા. ૪૮માં ૬૦ વરસ રાજ્ય કરીને તે સ્વર્ગવાસી થઈ ગયા. તેઓ કચ્છ બહાર જતા ત્યારે શાસનની જવાબદારી યુવરાજ મદનસિંહ સંભાળતા. મદનસિંહ કારભારની કેળવણી પામેલા હતા. કચ્છની રાજ્ય સત્તા ભોગવનાર તેઓ છેલ્લા રાજવી હતા. હિંદી સંઘમાં કચ્છનું વિલીનીકરણ થયું. પ્રથમ એવી દરખાસ્ત હતી કે સૌરાષ્ટ્રનું જુદું રાજ્ય બનાવીને કચ્છ તેની સાથે જોડી દેવું અને જામસાહેબને રાજપ્રમુખ તરીકે નીમવા. મદનસિંહે તેનો વિરોધ કર્યો અને અભિપ્રાય આપ્યો કે કચ્છને કેન્દ્રની હકૂમત નીચે મૂકવું. આ અભિપ્રાયનો સ્વીકાર થયો પાછળથી ૧૯૫૬માં મુંબઈ રાજ્યમાંથી ગુજરાત અને મહારાષ્ટ્ર જુદાં થયાં ત્યારે કચ્છને જુદો જિલ્લો બનાવાયો. ૧૯૪૮માં જૂનની પહેલી તારીખે કેન્દ્ર સરકારે કચ્છની હકૂમત પોતાના હાથમાં લઈ લીધી.

---

*'આશિયાના', ૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,*
*નિર્મલા કોન્વેન્ટ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૭*
*ફોન. ૦૨૮૧-૨૫૭૫૩૨૭ મો. ૯૯૧૩૫૫૨૬૦૯*

# નિઃશુલ્ક નિવાસી વિદ્યાધામ હેમચંદ્રાચાર્ય સંસ્કૃત પાઠશાળા

*– દોલત ભટ્ટ*

**ઈ**.સ. ૧૮૪૦ના વર્ષમાં અંગ્રેજ સરકારે “બોર્ડ ઓફ એજ્યુકેશન”ની રચના કરી, મુંબઈ ઈલાકામાં કેળવણી ક્ષેત્રે હસ્તક્ષેપ શરૂ કરેલો.

તે સમયે પાઠશાળાઓ ચાલતી હતી તેમાં “જ્યોતિષ વિદ્યા’નો વિષય તરીકે સમાવેશ હતો. આમ પ્રાચીન વિદ્યાની પરંપરા ચાલતી હતી તેમાં હસ્તક્ષેપ થયો. ક્રમશઃ અંગ્રેજ પ્રણાલિ દાખલ કરવાના ધીરજપૂર્વકના પ્રયત્નો થયા. આપણું ગુજરાત તે સમયે મુંબઈ ઈલાકામાં ગણાતું હતું.

સુરત અને અમદાવાદમાં નવી શાળાઓની શરૂઆત થયેલી. તે સમયે કન્યાઓ માટે અલગ શાળાનું ધોરણ હતું. તેને છોડિયુંની નિશાળ તરીકે ઓળખવામાં આવતી. આમ, પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા અને પછી કોલેજો શરૂ કરવામાં આવેલી. “ગુજરાત કોલેજ” રાજકુમારો માટે રાજકોટમાં રાજકુમાર કોલેજ, રાજસ્થાનમાં મેયો કોલેજ, શિક્ષકો માટે ઈંટર ટ્રેનિંગ કોલેજ. આમ, તમામ વિભાગોમાં અંગ્રેજ પદ્ધતિ પ્રમાણેના શિક્ષણનો વ્યાપ વધારી દીધેલો. જે ગાંધીજીના આગમન સુધી ચાલુ રહેલો(આજે પણ ચાલુ છે).

**ગાંધીજીને નૂતન વિચાર સ્ફૂર્યો. રાષ્ટ્રીય ભાવના અને સ્વાલંબન પ્રત્યે અભ્યાસુની વૃત્તિ કેળવાય એવા હેતુથી તેમણે ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી. તે સાથે સમગ્ર ગુજરાતમાં તે વિચારનાં વર્તુળો રચાયાં, પરિણામે “ઘરશાળા” ભાવનગર, રાષ્ટ્રીયશાળા, રાજકોટ-શારદાગ્રામ(કરાંચી), ગ્રામદક્ષિણામૂર્તિ ભાવનગર જેવી સંસ્થાઓ શરૂ થઈ**

ગાંધીજીને નૂતન વિચાર સ્ફૂર્યો. રાષ્ટ્રીય ભાવના અને સ્વાલંબન પ્રત્યે અભ્યાસુની વૃત્તિ કેળવાય એવા હેતુથી તેમણે ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી. તે સાથે સમગ્ર ગુજરાતમાં તે વિચારનાં વર્તુળો રચાયાં, પરિણામે “ઘરશાળા”, ભાવનગર, રાષ્ટ્રીયશાળા, રાજકોટ-શારદાગ્રામ(કરાંચી), ગ્રામદક્ષિણામૂર્તિ, ભાવનગર જેવી સંસ્થાઓ શરૂ થઈ. તેમાં સંપૂર્ણ સ્વદેશીને પ્રધાન્ય આપવાનું શરૂ થયેલું જે આજે પણ શિક્ષણ ક્ષેત્રે કાર્યરત છે.

અહીં જે વાત કહેવાની છે તે તદ્દન અલગ પ્રકારના શિક્ષણની બાબત છે. એક સમયે ઉત્તમભાઈને વિચાર આવ્યો કે આપણી મૂળભૂત પ્રાચીન પદ્ધતિનું શિક્ષણ મળવું જોઈએ. તેમાં ઋષિ પરંપરાની તમામ કળાઓનો સમાવેશ હોય. તેમણે અમદાવાદના સાબરમતી વિસ્તારના રામનગરમાં હેમચંદ્રાચાર્ય સંસ્કૃત પાઠશાળાનો પ્રારંભ કર્યો અને તેમાં તેમનું સારુંયે કુટુંબ સામેલ થઈ ગયું. આ નિઃશુલ્ક નિવાસી પાઠશાળામાં વિદ્યાર્થીઓ તમામ પ્રકારની તાલીમ પામે છે. તમામ ક્ષેત્રે વિદ્યાર્થીઓ નિપુણ થાય છે. સંગીત, જ્યોતિષ, ઘોડેસવારી, કસરત, કાગળ, સોનેરી શાહીનું ઉત્પાદન, ચિત્રકળા આમ બોંતેર કળાઓમાં પારંગત થતા વિદ્યાર્થીની કુશળતા અને કાબેલિયત નજરે નિહાળીને દેશ વિદેશના મહાનુભાવો તાજુબ પામીને પોતાના ક્ષેત્રમાં આવો પ્રયોગ કરવા પ્રેરાય છે. એના અનેક દાખલા આજ સુધીમાં સામે આવ્યા છે.

સ્થાપક અને સંચાલક ઉત્તમભાઈનું એક જ લક્ષ્ય છે. આપણો આ ભવ્યાતિભવ્ય વારસો જળવાઈ રહેવો જોઈએ.


એક વિદેશી મહેમાન તો એવું આમંત્રણ આપીને ગયા છે કે તમામ વિદ્યાર્થીઓને અમારે ખર્ચે અમારા દેશમાં આવવાનું આમંત્રણ છે.

આ કદાચ ભારતમાં એક એવી શિક્ષણ પદ્ધતિનો પ્રથમ પ્રયોગ છે. જે દેશ-વિદેશના મહાનુભાવોને પ્રભાવિત કરીને પ્રેરણાનો પીયૂષ પિયાલો પાય છે.

**સફળતાના દાખલા**

વૈદિક ગણિતના વિષયમાં ૫૩૦૦ હરીફોમાં ત્રણ મિનિટ અને ૩૦ સેકન્ડમાં ૭૦ દાખલાની ગણતરી કરી, આપી તુષાર તલાવટ પ્રથમ ક્રમે આવેલા. આવાં તો અનેક ઉદાહરણો નોંધી શકાય તેમ છે. આ સંસ્થાની કાર્ય શૈલી દરિયાપારના દેશોમાં પણ પ્રસંશાને પાત્ર બની છે.

*૨૫/૪, ઘ-ટાઈપ,*
*સેક્ટર-૨૨, ગાંધીનગર*
*મો. ૯૮૨૫૫૨૬૨૫૫*



# ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક


રોજગાર સમાચાર
ગુજરાત જાહેર સેવા આયોગ

- ❖ માહિતી ખાતા દ્વારા પ્રતિ બુધવારે પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી માહિતી આપતું સાપ્તાહિક.
- ❖ શહેરી વિસ્તારો તેમજ રાજ્યના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં રોજગાર અને ભરતીવિષયક જાહેરાતોની અધિકૃત માહિતી પહોંચાડતું અસરકારક માધ્યમ.
- ❖ રાજ્યભરમાં હજારોથી વધુ ગ્રાહકોનું વિશ્વસનીય સાપ્તાહિક.
- ❖ રોજગાર-સ્વરોજગાર વિષયક વિપુલ માહિતીનો ભંડાર.
- ❖ રાજ્ય સરકારના વિવિધ વિભાગો, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, ગુજરાત જાહેર સેવા આયોગ, ગૌણ સેવા પસંદગી મંડળ, પંચાયત સેવા પસંદગી બોર્ડ સહિત કેન્દ્ર સરકારનાં વિવિધ મંત્રાલયો, નિગમો, જાહેર સાહસો, બેંક, રેલવે રિક્રુટમેન્ટ બોર્ડ, સંરક્ષણ દળોમાં ભરતીવિષયક જાહેરાતોનું સંકલન.
- ❖ ભરતી ઉપરાંત સ્વરોજગારવિષયક લેખ, જનરલ નોલેજ ક્વિઝ કોર્નર તેમજ વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ સંબંધી વિજ્ઞાપનો.

**લવાજમ ભરવા માટે આપના જિલ્લાની માહિતી કચેરીનો આજે જ સંપર્ક કરો અને રોજગાર સમાચાર પરિવારના સભ્ય બનો.**

**વાર્ષિક લવાજમ માત્ર રૂ. ૩૦/-**

# ચારણો અને ચારણી સાહિત્યનો પ્રજાજીવન સાથે સંબંધ

*– શિવદાન ગઢવી*

**ચા**રણી સાહિત્યના અમારા સંશોધન ગ્રંથ ‘કવિરાજ કહે’ ના તા.૨૬મી જાન્યુઆરી, ૨૦૦૮ના રોજ વિમોચન ટાણે મંગળ પ્રવચન કરતાં લબ્ધપ્રતિષ્ઠ સાહિત્યકાર ડૉ. કુમારપાળ દેસાઈએ ઉચ્ચારેલા શબ્દો ઉપરોક્ત વિષયને પુષ્ટિ કરતા હોવાથી અહીં ટાંકુ છું. તેમણે જણાવેલ કે “ચારણી સાહિત્ય લોકોનું હૃદય છે. લોકબાનીનું સાહિત્ય છે. કંઠ, કહેણી એકલાં જ નહિ તેમાં હું ‘કરણી’ શબ્દ ઉમેરું છું. ચારણ કવિ પોતાના ગૌરવ માટે બધું છોડી દેતાં અચકાયો નથી ! તે પ્રજાની પ્રકૃતિ અને પરિવેશની ઓળખ છે. ચારણી સાહિત્ય ચારણના કંઠમાં રહેલા પ્રજાજીવનનો દસ્તાવેજ છે. માનવ સ્પર્શવાળા આ સાહિત્યમાં ક્યાંય નમાલી વાત તો આવી જ નથી.”

**દુહો એ ચારણી સાહિત્યની દેન છે. તે લોકાદર પામ્યું છે તેમાં સચવાયેલ ઈતિહાસ, જીવન વ્યવહારની રીતિનીતિ, જીવાતા જીવનનો સંદેશ અને ડિંગળની વિશિષ્ટ બાનીથી લોકજીવન સાથે એને ઘરોબો છે**

ચૌદમી સદી અગાઉનાં ગુજરાતી સાહિત્યનાં તળિયાં તપાસી જોઈશું તો ખ્યાલ આવશે કે, એ સચવાયું છે ચારણ, બારોટોના ચોપડે, કંઠસ્થ તેમજ જૈન મુનિઓના ગ્રંથોમાં. પ્રબોધ ચિંતામણી નામના જૈન ગ્રંથના રચયિતા વિદ્વાન જૈનમુનિ મેરૂતુંગાચાર્યે નોંધ્યુ છે કે, ‘શ્વેતાંબર સંપ્રદાયના આચાર્ય ચારણ જાતિના મુનિવ્રજસેન હતા.’ (ઈ.સ.૧૩૬૧-પાન ૨૦ની ફૂટનોટ) રાજા વિક્રમના સમયે કેટલાક ચારણ વિદ્વાનોએ જૈન ધર્મ અંગીકાર કરેલો. આવા કારણે તેમના ગ્રંથોમાં ચારણી સાહિત્યના દુહાઓ જોવા મળે તે સ્વાભાવિક છે. દુહો એ ચારણી સાહિત્યની દેન છે. તે લોકાદર પામ્યું છે તેમાં સચવાયેલ ઈતિહાસ, જીવન વ્યવહારની રીતિનીતિ, જીવાતા જીવનનો સંદેશ અને ડિંગળની વિશિષ્ટ બાનીથી લોકજીવન સાથે એને ઘરોબો છે, લોકવચાળે બોલાતું આવ્યું છે. લોકજીવનના ધબકાર અને પરખ અન્ય સાહિત્યમાં ઓછાં જોવા મળશે. પ્રજાજીવન સાથે એના સંબંધોનાં સોપાન ઉપર આપણે ક્રમશઃ કદમ મૂકીએ.

**ક્ષત્રિય ધર્મનો પ્રોત્સાહક : પ્રજાજીવનનું ખમીર ટકાવી રાખ્યું.**

મનુસ્મૃતિમાં જણાવેલ ચાર વર્ણો પૈકી ક્ષત્રિય માટે તે માનતો આવ્યો છે કે, ‘પોતાની ભૂમિ, રૈયત, નારી, શરણાર્થી વગેરેનું રક્ષણ કરવું તે ક્ષત્રિયની જવાબદારી અને ફરજ છે. ક્ષત્રિયો શાસન કરતા હોવાથી ચારણે આ બાબતને નીતિમત્તાની દૃષ્ટિએ મૂલવી છે.’

વિધર્મી આક્રમણ સમયે, પોતાની ભૂમિ ઉપર કોઈ ચડી આવે, માનવીય કે ક્ષત્રિય ધર્મને પડકાર હોય ત્યારે ચારણ એની પડખે રહ્યો છે. એની મુશ્કેલીમાંય સાથ છોડ્યો નથી. આવાં બધાં કારણોને લીધે ક્ષત્રિયો માટે તે આદરને પાત્ર બન્યો. નીતિમત્તાનાં રખવાળાં થાય તે જોવાને ચારણ પોતાનો ધર્મ માનતો. પ્રજાનો અવાજ રાજવી સુધી પહોંચાડતો. અગાઉ સમાચારપત્રો હતાં નહિ ત્યારે ચારણની વાણી સમાચાર પત્રનું કામ કરતી.

રણસંગ્રામે તે પ્રોત્સાહક તેમજ પ્રશંસક રહ્યો છે. ખૈબરઘાટ બોલનઘાટના માર્ગેથી પરદેશીઓનાં ધાડેધાડાં આવેલાં ત્યારે તેને રોકવા ચારણે યોદ્ધાઓમાં વીરરસનું ખમીર રેડેલું. બળિયો રાજા નાના રાજવીને દબાવી ભૂમિ હડપ કરવા માગે, પ્રજાને રંજાડે, ત્યારે શાસન કરતા ક્ષત્રિયની ફરજ એના રક્ષણની છે. તે નીતિમત્તાને ચારણે દૃષ્ટિ સમક્ષ રાખેલી.

તેથી રણસંગ્રામે ચારણે યુદ્ધવીરોને મર્દાનગીના કસુંબા પાયા. જો તે તેમનો પ્રોત્સાહક અને પ્રશંસક રહ્યો નહોત, ન કેવળ શાસનકર્તાનું, પરંતુ પ્રજાનું ખમીર પણ ખૂટી ગયું




હોત. પ્રજા માટે કોઈ રણીધણી ન રહેતાં વારંવાર જીવન છિન્નભિન્ન બનત. માતૃભૂમિ માટે રણશિંગું ફૂંક્યું. આઝાદી અગાઉની એક ઘટના જોઈએ.

**દુહાએ દિલ પલટાયું :**

લૉર્ડ કર્ઝને તા.૧-૨-૧૯૦૩ના રોજ ભારતમાં અંગ્રેજોનો દબદબો બતાવવા દરેક રાજવીને ખિતાબ આપવાના બહાને નોંતરેલા. વાયસરોય ઉપસ્થિત રહેનાર છે તેવી જાણ કરેલી. ચિત્તોડ રાજવી ફત્તેસિંહ તે દરબારમાં હાજરી આપવા ઉપડ્યા ત્યારે કોટાના ચારણ કવિ કેસરીસિંહજીનું કાળજું કપાયું ! મહારાજા દિલ્હી દરબારમાં હાજરી આપે તે પહેલાં તેમના હાથમાં કેસરીસિંહજીના તેર દુહા પહોંચ્યા.

ચિત્ત વીંધી નાખે તેવા દુહાઓનો મુખ્ય સંદેશ એવો હતો કે, 'મહારાણા ચિત્તોડની પ્રજા તમને હિંદના સૂરજ માને છે અને તમે અંગ્રેજોના તારા ('તારાનો' ખિતાબ) બનવા જાઓ છો ? ચિત્તોડ નમશે તો ભારત પાસે ગૌરવ લેવા જેવું શું બચશે.' (અંગ્રેજો સાથે ચિત્તોડ રાજ્યની વિશિષ્ટ શરતો હતી) બન્યું એવું કે તા.૧-૨-૧૯૦૩ના ભરાયેલા લોર્ડ કર્ઝનના દરબારમાં ચિત્તોડ રાજવીની ખુરશી ખાલી રહેતાં કર્ઝનના મોં ઉપર જાણે કાળી શાહી ઢળી ગઈ ! ભૂમિના ગૌરવ માટેનું ક્રાંતિકારી ચારણનું આ કદમ નીતિમત્તાનું જ હતું. આ ક્રાંતિકારી કવિના પુત્ર, જમાઈ, ભાઈ, આખું કુટુંબ આઝાદી જંગમાં હોમાયું હતું. અખિલ ભારત ચારણ સભાના તે પ્રમુખ હતા. રાજસ્થાનનાં કોટા શહેરમાં તેમની મૂર્તિ મૂકાયેલી છે. કચ્છનાં માંડવીમાં પણ તેમની મૂર્તિ મૂકવા નિર્ણય લેવામાં આવ્યો છે.



**રણસંગ્રામે યોદ્ધો :**

ચારણો એ રણસંગ્રામમાં સિંધૂડો જ સંભળાવ્યો છે અગર યુદ્ધ મેદાનમાં દૂરથી ઊભેલો દૃષ્ટા હતો તેવું નથી, એ યોદ્ધા તરીકે રણમેદાનમાં હોમાયો પણ છે.

તે સમયના દિલ્હીપતિ બાદશાહ અકબરે જૂનાગઢના નવાબ તાતરખાનને નમાવવા મુઝફ્ફરને મોકલ્યો હતો. જૂનાગઢને જામનગરની મદદ મળતાં મુઝફ્ફર ભાગ્યો. તેના ઉપર બાદશાહ અકબરની કરડી નજર થતાં તે જામનગરના રાજવી જામ સત્તાજીના શરણે આવેલો. તેને સોંપવા અકબર બાદશાહના કહેણને જેસા વજીરે ઠુકરાવીને જણાવ્યું કે, 'અકબર, દિલ્હીના બાદશાહ છે તો જામ સત્તાજી પશ્ચિમ હિંદના પાદશાહ છે તે સમજી લેજો.' ધૂંઆધાર યુદ્ધ થયું. જેમાં હજારેક તુંબેલ ચારણ યોદ્ધાઓ હતા. રાજકવિ ઈશરદાનનો પુત્ર ગોપાલ ગઢવી ય હતા. વરસડા શાખાના પરબતના નામના ચારણે રણસંગ્રામમાં કેવી વીરવાણી ઉચ્ચારી તે જુઓ, તેણે તલવારથી યુદ્ધ ભૂમિ પર કુંડાળું કર્યું અને મોગલસેનાને પડકાર કર્યો કે, 'આ ધર્મયુદ્ધ છે, જેનામાં ખમીર હોય તે આ કુંડાળામાં આવી મારી સામે લડે.' પરબતની તલવાર ભાંગી તોય બથોબથ આવી દુશ્મન સૈનિકને મારી નાખેલ, ત્યારે અકબર સેના પતિ કોકો બોલ્યો કે, 'જેની પાસે આવા વીર યોદ્ધા હોય તેને કઈ રીતે જીતાશે?' (ભૂચર મોરી સંગ્રામ સંવત ૧૬૪૮ શ્રાવણ વદ ૮)

**ચારણો એ રણસંગ્રામમાં સિંધૂડો જ સંભળાવ્યો છે અગર યુદ્ધ મેદાનમાં દૂરથી ઊભેલો દૃષ્ટા હતો તેવું નથી, એ યોદ્ધા તરીકે રણમેદાનમાં હોમાયો પણ છે**

**રાજવી પ્રત્યે વફાદારી :**

રાજકોટના મહારાણા મહેરામણજીના રાજકવિ જેસો લાંગો હતા. શિયાળાના દિવસોમાં એક સવારે સગડીની આજુબાજુ મહેરામણજી અને જેસા લાંગા સહિત બીજા બેઠા હતા. ત્યાં રાજવીના ઘોડા ફેરવનાર જુવાન પઠાણ શાલ ઓઢીને આવ્યો. "આવ, પઠાણ" તેવો આવકારો મહારાજા આપે છે તેટલી ક્ષણોમાં તો પઠાણે તેની પત્ની ઉપર મેરામણજીએ કુદૃષ્ટિ કરી છે તેવી શંકાથી સળગતાં, તલવારનો ઘા ઝીંકવા હાથ ઊઠાવ્યો. તે સાથે જ જેસા લાંગાએ સિંહ તરાપ મારી એનો હાથ પકડી બીજા હાથેથી ભેટે બાંધેલી કટારી પઠાણને એવી મારી કે એનાં આંતરડાં નીકળી ગયાં ! ડાયરો સ્તબ્ધ બની ગયો. જેસા લાંગાએ તે સમયે નૈતિકતાનાં રખોપાં કર્યાં. મહેરામણજી કવિ હતા. તેમના કંઠેથી ચારણી સાહિત્યના ભલકારા ઊઠ્યા. કેવા છે એ શબ્દો ? સાંભળો.

*ભલી વેંડારી કટારી લાંગા, એતા દી કળાકા ભાણ,*
*સંભારી ક્યારી માંહી, હોય તે સંગ્રામ*
*હેમ જરી નસરી, વનારી શાત્રવાં હીયાં,*
*અજા બીજા માગે, થારી દો ધારી તલવાર.*

(હે લાંગા, શાખાના ચારણ ! તારા કુળના સૂર્ય જેવા તેં સારી રીતે કટારીને નિભાવી છે. કચેરીમાં સંગ્રામ થતાં તારી સોને જડેલી કટારીએ શત્રુનું હૈયું ફાડી નાખ્યું. તારા દાદા અજા બીજા જેવો શુરવીર તું છે, તારી બેધારી તલવાર જેવી કટારી ઈનામ માગે છે.) પ્રવીણ સાગર નામના ગ્રંથની રચનામાં અન્ય કવિઓ સાથે જેસા લાંગા પણ હતા.

ચારણ કવિની ઉચ્ચ આશયવાળી વાણી, વફાદારી, ખાનદાની તેમજ નીતિમત્તાના કારણે એના જીવનનિર્વાહ માટે ગામગરાસ મળેલાં, જ્યારે કડવાં સત્યો ઉચ્ચારતાં ખોફ પણ વહોરેલો છે.

ચારણો પૈકીના માંડ ૧૦ ટકા જ રાજદરબારે બેસતા, મોટાભાગના ચારણો તો પશુપાલન ખેતી, વેપાર (કચ્છના ચારણો) ઉપર નિર્ભર હતા. કાવ્યરચનાએ વ્યવસાય નહિ એના હૃદયોર્મિમાંથી ફૂટતી ધારાઓ હતી.

**પાળિયા બોલતા કરીએ તો એનો પ્રત્યુત્તર મળશે કે, ચારણે જે કંઈ કર્યું છે તે સમાજજીવનની નીતિમત્તાનાં મૂલ્યો માટે. ભૂમિ ઉપરના કોઈના આક્રમણ ટાણે, ધર્મ જોખમમાં હોય, લાજ લૂંટાતી હોય ત્યારે ચારણી સાહિત્યે આભ ગર્જના કરી છે**

**ચારણ સંધી દૂત - સિંહોનો જામીન**

વીર ગાથાઓ દ્વારા રાજવીઓનું ખમીર-ઝમીર ટકાવ્યું રાખ્યું. આંતરિક લડાઈઓ અટકાવવા તે સંધી દૂત બનેલ છે. કવિ નાનાલાલે ઈ.સ.૧૯૩૮ની એક સભામાં ચારણો-બારોટો અંગે શબ્દો ઉચ્ચારેલા કે, 'ચારણોના બોલ બાણે મુગટધારીઓ કંપતા, એકબીજાં રજવાડાં માટે ચારણોએ જામીનગીરી આપેલી, તેથી જ તેમણે ઉચ્ચારેલું કે, 'સિંહોના જામીન 'બનવામાં તમારા જેવાંનો જગત ઈતિહાસમાં જોટો નહિ જડે.'

આ બધું ચારણે કેમ કર્યું ? આઝાદી અગાઉના પતિયાલા સ્ટેટના ઈતિહાસવિદ્ કિશોરસિંહ બાર્હસ્પત્યે નોંધ્યું છે કે, 'ચારણનાં આ કદમ સમાજ જીવનની નીતિમત્તાનાં રખોપાં માટે જ હતાં.'

**રોમ રોમ ખડાં કરતો સિંધૂડાનો સાદ**

એ વીર રસનો વારિધિ છે જેનો પ્રવાહ આઝાદી પછીયે વહેતો આવ્યો છે. મેઘાણીજીને વાર્તાઓનો ખજાનો ખોલી આપનાર, કહેવાની લઢણ બતાવનાર સનાળીના ગગુભાઈ લીલાના પુત્ર મેકરણભાઈનો ત્રિભંગી છંદમાંનો આ સિંધૂડો સ્વંય બોલે છે કે ચારણે કોને રંગ દીધા છે.

*ખેલ જંગ ખેલાતે, શરણ કે આ તે, ગામ ભંગાતે, ગોકીરે,*
*જર જમીનને જાતે, લાજ લૂંટાતે, ગાય હરાતે પડકારે,*
*તંઈ ભલીય ભાતે, મન મલકાતે, પંડ વેચાતે વેર કરે,*
*ધર ધરમની ધરવા, પરદુખ હરવા, મરદો મરવા તેગ ધરે.*

ગામે ગામ ઘટેલી ઘટનાઓ ઉપરથી આપણે પડદો ઊઠાવીએ, પાળિયા બોલતા કરીએ તો એનો પ્રત્યુત્તર મળશે કે, ચારણે જે કંઈ કર્યું છે તે સમાજ જીવનની નીતિમત્તાનાં મૂલ્યો માટે. ભૂમિ ઉપરના કોઈના આક્રમણ ટાણે, ધર્મ જોખમમાં હોય, લાજ લૂંટાતી હોય ત્યારે ચારણી સાહિત્યે આભ ગર્જના કરી છે. માનવીનાં રોમેરોમમાં શૌર્ય ઘૂઘવાટા કરે એવી વાણી ચારણોને કંઠે ગર્જના કરતાં, ખમીર ટકાવી રાખેલું. જુઓ કેટલાક દુહાઓઃ

*ધર જાતાં, ધ્રમ પલટતાં, ત્રિયા પડતાં તાપ,*
*તીનો અવસર મરણરા, (પછી) કોણ રા કોણ રંક.*

....... ....... ....... ....... .......

*તું મ ભાગે કંથડા, તું ભાગે મું ખોડ,*
*સાહેલી હાંસી કરે, તાલી દે મુખ મોડ.*

....... ....... ....... ....... .......

*સામ સામા ભડ આફળે, ભાંગે કેતારા ભ્રમ,*
*તે ટાણે કશ્યપ તણા, સૂરજ રાખે શરમ્મ.*

હાલમાં રાજસ્થાનમાં આવેલા અગાઉના સમયના ઝાલોર રાજ્ય ઉપર આક્રમણ થયું. યુદ્ધના મેદાનમાં સામ સામા યુદ્ધવીરો લડતા હતા. ત્યાં કોઈએ સમાચાર વહેતા કર્યા કે, 'દુશ્મન દળોએ ઝાલોરનો કિલ્લો કબજે કર્યો છે!' ઝાલોરના યોદ્ધાએ રણસંગ્રામે હાજર રહેનાર ચારણ કવિને આ બાબતે પૂછ્યું, ત્યારે કવિએ કેવો જવાબ આપ્યો ?

*આભ ફટે, ધર ઊલટે, કટે બગતરાં કોર,*
*તૂટે શિર, ધડ તડફડે, જદ છૂટે ઝાલોર*

(ઝાલોરનો કિલ્લો ક્યારે કબજે આવે, ખબર છે. આભ ફાટી જાય, ધરા ઊલટ સૂલટ બને, ભીડયાં બખ્તરોની કોરો તૂટે, શિર તૂટે, ધડ તડફડતાં હોય ત્યારે જ કિલ્લો કબજે આવે.) આ પ્રત્યુત્તરે વીરોમાં જોમ ઉછળેલું.

આ બધાં પાછળ એની પાસે એક જ મંત્ર હતો; નીતિમત્તાનાં રખવાળાંનો.યોદ્ધાઓનું જોમ ટકાવી રાખવાનો.

**ચારણ્ય આઈઓએ સમાજ જીવનમાં મહેંક પ્રસરાવીઃ**

ચારણે નારીશક્તિની વંદના કરી છે. શક્તિને તે સહુથી ઊંચી કોર્ટ માનતો આવ્યો છે. કુદરત કહો કે જગનિયંતા અગર શક્તિ બધું જ એક જ. તેથી કવિ દુલા કાગે કાવ્યવાણી સંભળાવી છે કે,

**કુદરતી કોર્ટે ચડ્યો માનવી ભણેલી સર્વ વિદ્યા નકામી**

ચારણ્ય આઈઓનો ગુજરાત, સૌરાષ્ટ્ર, રાજસ્થાનના સમાજ જીવનમાં ભારે પ્રભાવ રહ્યો છે. પ્રજા માનસમાં તેઓ નૈતિકતા, સમભાવ, માનવતાનું ઝરણું વહેવડાવતાં આવ્યાં છે.

કેટલીક ઐતિહાસિક ઘટનાઓનાં પડ ઊલેચીએ, જે સમયે હળાબોળ અસ્પૃશ્યતા ખદબદતી હતી ત્યારે અમરેલી જિલ્લાનાં દેરડી ગામનાં આઈ જાનબાઈએ તમામ લોકો માટે પાણી ભરવા પોતાની વાવ ખુલ્લી મૂકેલી (ઈ.સ.૧૭૯૫ આજુબાજુ)

**ચારણે નારીશક્તિની વંદના કરી છે. શક્તિને તે સહુથી ઊંચી કોર્ટ માનતો આવ્યો છે. કુદરત કહો કે જગનિયંતા અગર શક્તિ બધું જ એક જ**

સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ તાલુકાના ખોડ ગામે આઈ વરવડીએ ચિત્તોડના રાણા હમીરની નેકટેક માટે નાણાં, લશ્કરની સહાય અને હૂંફ આપી ચિત્તોડ ઉપર ફરી સૂર્યવંશી ધ્વજ ફરકતો કરાવ્યો હતો. આઈ ખોડિયારની લોકો પ્રત્યેની અનુકંપા, પ્રેમ લાગણીને કારણે શ્રદ્ધાથી આજેય પૂજાય છે. (જન્મ ઈ.સ.૮૩૭ આજુબાજુ)

ઊગતા સૂરજનાં ભામણાં લઈ દીવાધૂપની મહેંકે અને ચરજોને સૂરે સવાર સાંજ ચારણ્ય આઈઓનાં આંગણાં લોકોથી ઉભરાતાં. ગામડામાં દિલ ખોલીને વાત કરવાનાં એ ઠેકાણાં હતાં-છે. જૂનાગઢથી નજીકના કેશોદ તાલુકાના મઢડા ગામે આઈ સોનલ નામનાં ચારણ્ય આઈ તો હજુ હમણાં જ થઈ ગયાં. સમગ્ર વિસ્તારમાં અંધશ્રદ્ધા, વહેમો, વ્યસનો દૂર કરવા તેમજ કન્યા કેળવણી માટે જિંદગી ખર્ચી નાખેલી. ગામે ગામનાં વેરઝેરને અળગાં કરાવતાં લોકો આજેય પૂજે છે. (આઈ સોનલ ઈ.સ.૧૯૨૪-૧૯૭૪).કવિ દુલા કાગે ગિરથી વાળાક સુધીનાં ગામોમાં લોકો દારૂ ન છોડે ત્યાં સુધી પાઘડી નહિ બાંધવાની પ્રતિજ્ઞા લીધેલી.(ઈ.સ.૧૯૫૮. રામનવમી)

છત્રાવાના ચારણ કવિ પીંગળશીભાઈ મેઘાણંદજીની ચારણી સાહિત્યની ભવ્ય કલ્પના સભર ચરજની આ પંક્તિઓ સાંભળો :

માડી તેં તો *માથેરે ઓઢી, આભની ચૂંદડી,*
*માડીએમાં ટાંકેલા ઝબકે છે નવલખ તારા રે,*
*માડી તેં તો કાળી રે વાદળીનું પેર્યું કાપડું,*
*માડી તારી છાતીથી વરસે છે જળની ધારા રે,*
*માડી તારી જ્યોતમાં ચાંદો ને સૂરજ ઝળહળે,*
*માડી તારી ઝાલરું* વગાડે બારે મેઘ રે...

**ચારણોનાં વિશિષ્ટ ધરણાં :**

એક સમય એવો હતો કે ચારણો જ્યારે લાંઘણ કરતા, ધરણાં કે ત્રાંગુ કરતા, ત્યારે ન ફક્ત જે તે વિસ્તારમાં પણ સૌરાષ્ટ્ર, ગુજરાત, સમગ્ર રાજપૂતાનામાં હાહાકાર મચી જતો, સાડાત્રણ દિનની લાંઘણે સમાજ જીવન કંપી ઊઠતું, કટારીથી મોતને આહ્વાન કરે ત્યારે ભૂપતિઓ ખળભળી ઊઠતા. એની પાછળ નીતિમત્તાનું પ્રબળ બળ હતું.

પૂ.મહાત્મા ગાંધીજીએ આઝાદી માટે ચારણોનું આ ભૂમિનું શસ્ત્ર ઉઠાવેલું. ભલે પ્રેરણા જયાંથી મળી હોય ત્યાંથી ઐતિહાસિક ઘટનાઓ ચારણોના આ સત્યાગ્રહની શાખ પૂરે છે.

દુઃખદ બાબત તો એ છે કે, અત્યારે લોકશાહીમાં કોઈને કોઈ મુદ્દો આગળ ધરીને છાસવારે યોજાતાં ધરણાંઓએ, ચારણો દ્વારા યોજાતાં ધરણાંઓમાં રહેલું નૈતિકબળ, એની ગરિમાને હાંસીપાત્ર કરી નાખ્યાં છે !

ચારણ જે દી એ રસ્તે જવાનાં પગરણ માંડતો ત્યારે અન્યાય કરનાર સામે પ્રજા માનસમાં ફિટકાર વરસતો !

અત્યારે તો આ રીતે એલાન કરી રાષ્ટ્રીય મિલકતોનો ખુડદો બોલાવે છે ! ચારણે ક્યારેય આવું કર્યું નથી. એણે માનવીય વેદનાને વાચા આપી, સામી વ્યક્તિના હૃદયપરિવર્તનનો પંથ લીધેલો. કેટલીક ઘટનાઓ ટૂંકમાં મૂકું છું.

જગત ઈતિહાસમાં જોવા ન મળે તેવી રાજસ્થાનમાં એક અજોડ ઘટના બની ગઈ. તે સમયે આટલાં પ્રસાર પ્રચારનાં સાધનો હોત તો દુનિયાભરના ખૂણે ખૂણેથી રાજસ્થાનના એ આઉવા ગામે મીડિયા સહિત અનેક લોકો ઉભરાયાં હોત.

જોધપુર મહારાજા ઉદયસિંહનાં માતુશ્રી દ્વારકાધીશનાં દર્શન કરવા નીકળેલાં, તેમના રથના બળદને રસ્તામાં સપર્દંશ થયો. તેમના અંગરક્ષકોએ વગડામાં બળદોને ચારતા છોકરા પાસેથી એક બળદ આંચકી લીધો. ઝાલોરથી દક્ષિણ બાજુ

આ ઘટના બની. ચારણ આવી પહોંચ્યો, એણે રાજમાતા સાંભળે તેમ શબ્દો ઉચ્ચાર્યા, "મને પૂછ્યા વિના મારો બળદ કેમ લીધો?" "તમારા બળદની જે કિંમત થાય તે આપીશું." રાજમાતાએ જવાબ દીધો.

"બા સાહેબ, કિંમત તો મારે કંઈ લેવી નથી, પરંતુ રાજનો ધણી મારા દીકરા જેવા બળદને આ રીતે અણહક્કે મને પૂછ્યા વિના આંચકી લે તો રાવ કોને કરવી?" (અગાઉના રાજવીએ આ ગામ ચારણોને અઘાટ ભોગવટે આપેલું હતું.) આ શબ્દોમાં સંભળાય છે, નીતિમત્તાનો અવાજ. ચારણની વેદના ! સામાન્ય માનવીની હૈયા બળતરા !

આ અન્યાય સામે સમગ્ર રાજપૂતાનાના ચારણો ખળભળી ઊઠ્યા. રાજવીએ મચક ન આપતાં, આઉવા ગામે ૭૦૦ ઉપરાંત ચારણો આત્મબલિદાનની વેદી પર હોમાયા ! (ઈ.સ.૧૫૮૫-૮૬) એમાં બળદની કિંમતનો પ્રશ્ન ન હતો. રાજવી, પ્રજાની સંપત્તિ અણહક્કે આંચકીને અન્યાય કરતા હતા, તે અનીતિનાં કદમ સામેનો પ્રશ્ન હતો.

રાજવી સામે કોઈ પ્રજા અવાજ કરી શકતી નહિ. ઉદયસિંહ ઉપર ભારતભરમાંથી ફિટકાર વરસ્યો ! સત્તા પલટાણી.

બીજી આ ઘટના સાંભળો, મહેસાણા જિલ્લાના કલોલ તાલુકા મથકેથી પાંચ-છ કિમીના અંતરે આવેલા છત્રાલ ગામની પુરાણી વાવને તોડીને તેના પથ્થરો કડીના સુબા મલ્હારરાવના માણસો લઈ જતા હતા તે અટકાવવા, અનર્ગળ પાણી ધરાવતી સમગ્ર ગામની વાવને, બચાવવા ચારણ્ય આઈ માવલે આત્મબલિદાન આપેલું. આજેય લોકો એમનું ખાંભીએ પૂજન કરે છે. (ઘટના ઈ.સ.૧૭૮૫ આજુબાજુ)

વઢિયાર વિસ્તારમાં આવેલું, સુરેન્દ્રનગર જિલ્લાના સરહદી ગામ નામે ઝાડિયાણા, તે દી ઝીંઝુવાડાના ક્ષત્રિયોના તાબામાં. ઝાડિયાણાના પાવરા શાખાના રાજપૂતો કાઠા વરસને કારણે ખેતીની ઉપજનો રાજભાગ આપી ન શકતાં, એમના દીકરાઓને બાનમાં લેતા, ઝાડિયાણા ગામનાં ફુઈબા નામનાં ચારણ્ય આઈ તેમની વ્હારે ચડે છે. ગામના જુવાનોને છોડાવવા આત્મબલિદાન આપ્યું. (જુઓ લેખકનો ગ્રંથ, ખાંભીએ નમે શિર, પાન-૬૮ થી ૭૮)

મહેસાણા નજીકમાં આવેલા દેવરાસણ નામના ગામે વેણબાઈ નામનાં ચારણ્ય આઈએ વિરમગામ પરગણાના ઠાકોર ક્ષત્રિયોની પંદર જેટલી દીકરિયુંને ત્યાંના સિંધીઓના જાસાથી બચાવવા રક્ષણ આપેલું. ઉપરા ઉપરી દુષ્કાળના કારણે લ્હેણું ન ભરાતાં જાસા મોકલેલ. સિંધીઓએ ઊંટ ઉપર આવી દીકરિયું ને ઉપાડતાં દસેક ગાઉના અંતરે દેવરાસણના સિંહઢાયચ શાખાના ચારણો અને સિંધીઓ વચ્ચે ધીંગાણું થયું. વેણબાઈના આત્મબલિદાને સિંધીઓ દીકરિયું મૂકીને ભાગેલા. (ઘટના ઈ.સ.૧૭૦૦ આજુબાજુ)

**એક સમય એવો હતો કે ચારણો જ્યારે લાંઘણ કરતા, ધરણાં કે ત્રાંગુ કરતા, ત્યારે ન ફક્ત જે તે વિસ્તારમાં પણ સૌરાષ્ટ્ર, ગુજરાત, સમગ્ર રાજપૂતાનામાં હાહાકાર મચી જતો**

મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકાના સુરપુરા ગામે જીવાભા ચારણે ગામની વ્યક્તિની જમાનતમાં પોતાનો વહાલસોયો બળદ વાણિયાને દોરી દીધો ! અહીં પણ નીતિમત્તાની બાબત હતી. ચારણની જીભાનની જામીનગીરી એ બ્રહ્માક્ષર કહેવાતા. (ઘટના ઈ.સ.૧૯૫૧-૫૨)

હાલના પાટણ જિલ્લાના સમી તાલુકા મથકે વાંટાવાસમાં ચારણોનો વસવાટ હતો. વરસો અગાઉ દુષ્કાળ સમયે બનાસકાંઠાના દિયોદર તાલુકામાંથી સમી ગામનાં ચારણ્ય આઈ વેણબાઈના વિશ્વાસે સમીના ગામ લોકો ગાડામાં અનાજ ભરીને પરત આવતાં હતાં. વચ્ચે મોઝરુ નામના ગામ નજીક બહારવટિયાઓનો ભેટો થયો ! તેમના વિશ્વાસે આવેલાં ગામલોકોનાં અનાજનાં ગાડાં બચાવવા વેણબાઈએ આત્મબલિદાન આપેલું. (ઈ.સ.૧૭૪૦ આજુબાજુ)

લોકશાહી પછીની એક ઘટના વાચકો સમક્ષ મૂકું. હાલના બેચરાજી તાલુકાનું કાલરી નામનું ગામ, સિદ્ધરાજ સોલંકીના સમયે કલ્હરીનગર તરીકે જાણીતું હતું.



ઈ.સ.૧૯૮૪ના સમયે આ ગામના સોલંકી ગિરાસદારોમાં એવા કોઈ પ્રશ્ને વિવાદ વકર્યો. ક્યારે અગ્નજવાળા પ્રગટી ઊઠે એ નક્કી જ ન હતું. એક વહેલી સવારે પાંચ દાયકાની ઉંમરને આંબવા આવેલાં ચારણ્ય આઈબાબેને ઉઘાડી કટારીએ આવીને ગામના ચૉરે લાંઘણ આદરી જાહેર કર્યું કે, 'સોલંકીઓ સમાધાન નહિ કરે તો ત્રણ દિવસ પછી હું આત્મબલિદાન આપીશ !' જોતજોતામાં આ વાત ગામમાં પ્રસરી ગઈ ! બીજે દિન ગામના ડાહ્યા માણસો ચૉરે આવ્યા ને તેમની હાજરીમાં સમાધાન થયું !

ઘટનાઓ જ કહે છે કે, આમાં ક્યાં છે ચારણનો અંગત સ્વાર્થ ? પ્રજાજીવનનાં ઝરણાં નિર્મળ રીતે વહે એવી એની ખેવના હતી. ચારણી સાહિત્યનો પ્રવાહ આ આધાર ઉપર વહેતો આવ્યો છે.

**ચારણી સાહિત્યનો પ્રજાજીવન સાથે સેતુ**

જીવન સંદેશ આપતા કેટલાક દુહાઓ ઉપર દૃષ્ટિ કરીએ. મૂળ દુહા જે ડિંગળમાં હતા તે કાળક્રમે અપભ્રંશ થઈ લોકબોલીમાં આવી ગયા.

હાલના બનાસકાંઠા જિલ્લાના વાવ તાલુકામાં આવેલ મમ્માણા નામનું ગામ સિદ્ધરાજ જયસિંહના સમયે ચારણ કવિ પિતા-પુત્રની બેલડી આણંદ-કરમાણંદને બક્ષિસમાં મળેલું. (ઈ.સ.૧૦૭૪-૧૧૫૦) તેમણે લોકજીવનને સ્પર્શતા દુહાઓ વહેતા કરેલા. મૂળ ડિંગળના આ દુહાઓ અપભ્રંશિત થઈને લોકબાનીમાં બોલાતા થયા છે. આજેય કંઠસ્થ સંભળાય છે.

***આણંદ કહે કરમાણંદા, મોટામાં જવું થોડું,***
***કામ કરાવે ઠુસ કઢાવે, પછી કે છે ઓડું.***
***આણંદ કહે કરમાણંદા, આવો ડોળ કેમ રાખે;?***
***અંતરમાં નહિ ઉમળકો, મોઢે મીઠું ભાખે!***
***આણંદ કહે કરમાણંદા, ભેદૂ ક્યું ભૂલંત;?***
***દી ઊઠે, દશા ફરંત, અવળા ખોપ કરંત***

(આણંદ પોતાના પુત્ર કરમાણંદને ઉદ્દેશીને પૂછે છે કે, 'જીવનના ભેદ જાણનાર માણસ કેમ ભૂલો પડે છે ? ત્યારે કરમાણંદે જવાબ આપ્યો, 'જેની બુદ્ધિ ફરે, ઊંધી દિશાએ ચાલે, અવળાં કામ કરે ત્યારે ભેદ જાણવા વાળોય ભૂલો પડે છે !)

મીઠપવાળાં અને મેલા મનનાં માનવીઓની ભેદરેખા કવિ કાગે દુહામાં આ રીતે વણી લીધી છે.

***"મીઠપવાળા માનવી, જગ છોડી જાશે,***
***કાગા એની કાણ ઘરઘર મંડાશે."***

***કરીએ સંપ કુટુંબમાં, શત્રુથી શું થાય,***
***ઝાડ ટકે છે ઝૂંડમાં, એકલ ઉખડી જાય!***
***સોજાં જેના ચિત્ત એનાં વરણ કાં વખાણીયે ?***
***પ્રહલાદે પવિતર, દાનવ હતો દાદવા.***
*(સંત ઈશરદાસ)*

***કાંસુ, પિત્તળ, નીચનર, થોડું વગાડ્યે ગાજે,***
***(પણ) હેમ ન ગાજે, હે સખી, (ઈ) ગાજે તો લાજે***

***અંધશ્રદ્ધા, વહેમ વગેરે અળગાં કરતા સંદેશાઓ આપતા દુહાઓ:***

***મંત્ર તંત્ર ને મેલડી, તે તો તૂતમ તૂત,***
***વિશ્વ વિષે વળગે વળી, ભોળા જનને ભૂત***
*(બ્રહ્માનંદ)*

***પંદર દીએ પાધરા, સાતેય વાર સુવાર,***
***જે દી પંડ્ય પડિયો, તે દી વાર કવાર !***

*માનવી પ્રાણી માટે મૃત્યુ નિશ્ચિત છે, એનો સંદેશો આ રીતે દુહામાં વ્યક્ત થાય છે.*

***માયા ઝાઝી મેળવ્યે, ઝાંઝુ જો જીવાય,***
***નંદ તણા ન થાત, મસાણે ડેર માંડણાં***

મેઘાણીએ જેનાં ઉર દ્વાર ખોલાવેલ તે પાલરવભા નામના માલધારી અભણ ચારણનો  આ દુહો જીવનની વાસ્તવિકતા ચીંધે છે.

***આવે નહીં, અસ્તરી, બોન જનેતા કે બાપ,***
***પૂણ્ય ને ભેગું પાપ, સરગાપરમાં શામળા***

પાલરવભાના પોતાની ભોમકાનું ગૌરવ લેતા નીચેના દુહાએ તો વિશ્વના સીમાડા ઓળંગ્યા છે. (પાલરવભા રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના લાલકા ગામના ઈ.સ.૧૮૬૦-૧૯૪૦)

***કાઠિયાવાડમાં કોક દી, ભૂલો પડ્ય ભગવાન,***
***થાને મારો મહેમાન, તને સ્વર્ગ ભૂલાવું શામળા.***

*૩૭, શાકુંતલ બંગ્લોઝ,*
*સોલા રોડ, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧*
*ફોન : ૦૭૯-૨૭૪૮૦૧૮૨*

# ટાગોર અને ઓકામ્પો

*– પ્રસાદ બ્રહ્મભટ્ટ*

રવીન્દ્રનાથ ટાગોર (૭ મે, ૧૮૬૧- ૭ ઑગસ્ટ, ૧૯૪૧) વિશ્વના સર્વકાલીન શ્રેષ્ઠ સાહિત્યકારો પૈકીના એક છે. તેમના સાહિત્યસર્જનમાં વૈવિધ્ય અને વૈપુલ્ય છે. એમના જીવનમાં અનેક સ્ત્રીઓએ મહત્ત્વની ભૂમિકા અદા કરી છે. કલાકાર અને સાહિત્યકાર તરીકેના તેમના ઘડતરમાં તેમનાં પત્ની મૃણાલિની દેવીનો ફાળો નગણ્ય છે. સાહિત્યસર્જક રવીન્દ્રનાથના જીવન પર પહેલો અને પ્રગાઢ પ્રભાવ તો તેમનાં પ્રિય ભાભી કાદમ્બરીદેવીનો હતો. રવીન્દ્રનાથના મોટાભાઈ જ્યોતિન્દ્રનાથ સાથે લગ્ન કરનારાં કાદમ્બરીદેવી રવીન્દ્રનાથના લગભગ સમવયસ્ક હતાં. ભાભી-દિયર વચ્ચે મૈત્રી સંબંધ હતો. બંનેને એકમેક વિના ચાલતું નહિ. કાદમ્બરીદેવી પોતે સાહિત્યસર્જક ન હતાં પણ રસિક ભાવક જરૂર હતાં. તેમને વાચનનો શોખ હતો. સમકાલીન સાહિત્યકારોનું સાહિત્ય તેઓ રસપૂર્વક વાંચતાં હતાં. રવીન્દ્રનાથ જે કંઈ લખતા તે સૌથી પહેલાં કાદમ્બરી ભાભીને વંચાવતા. ભાભી અન્ય લેખકો અને કવિઓની પ્રશંસા કરતાં પણ દિયરની પ્રશંસા કરવામાં તેઓ સાવધ રહેતાં. આશાસ્પદ પ્રિય દિયર અકાળે ચગી ન જાય એમ તેઓ ઈચ્છતાં હતાં. બાવીસ વર્ષની વયે રવીન્દ્રનાથે પોતાનાથી બાર વર્ષ નાની અબુધ અને અભણ કન્યા ભવતારિણી સાથે લગ્ન કર્યાં એ પછી પાંચેક મહિનામાં કાદમ્બરીદેવીએ આત્મહત્યા કરેલી. એનો આઘાત કવિને જીવનભર રહેલો.

**ચોત્રીસ વર્ષીય વિક્ટોરિયા ઓકામ્પો એ દિવસોમાં આર્જેન્ટિનાના સાહિત્યજગતમાં કાઠું કાઢી રહી હતી. મેડ્રિડમાં તેનું એક પુસ્તક પ્રગટ થઈ ગયું હતું. બ્યુનોસ એરિસના અગ્રણી દૈનિકમાં તે લખતી હતી. તેણે દાન્તે, રસ્કિન, ગાંધીજી વગેરે વિશે લેખો લખ્યા હતા.**

રવીન્દ્રનાથને ભણવા માટે પરદેશ મોકલવાનું નક્કી થયું ત્યારે તેમના મોટા ભાઈ સત્યેન્દ્રનાથને થયું કે પરદેશને પણ દેશ જેવો બનાવી મૂકે એવી રસિક સ્ત્રીઓ સાથે કોઈ સંસ્કારી પરિવારમાં જો તેને રાખવામાં આવે તો તેને ઘરનો વિયોગ ઓછો સાલે અને અંગ્રેજી ભાષા શીખવામાં પણ એને સહાય સાંપડે. એવું વિચારીને તેમણે રવીન્દ્રને મુંબઈના તેમના મરાઠી મિત્ર ડૉ. આત્મારામ પાંડુરંગ તુરખુડના સુશિક્ષિત અને સંસ્કારી પરિવારમાં રાખવાની વ્યવસ્થા કરી. એ પરિવારમાં રવિની સમવયસ્ક કન્યા હતી. એનું નામ અન્નપૂર્ણા હતું, પણ સૌ એને અન્ના કહેતાં. તે ઈંગ્લેન્ડમાં રહી આવી હતી અને તે સમયનાં ધોરણો મુજબ તે ખૂબ સોફિસ્ટિકેટેડ હતી. થોડા દિવસોમાં જ રવિ સાથે તેની દોસ્તી થઈ ગઈ. રવિ અન્નાને અવારનવાર પોતાનાં સ્વરચિત ગીતો-કાવ્યો સંભળાવતો. તેણે અન્નપૂર્ણાને નવું નામ 'નલિની' આપ્યું હતું અને તે નામ કાવ્યમાં ગૂંથીને તેને રીઝવી હતી. ભૈરવી રાગમાં જ્યારે રવિએ એ ગીત ગાયું ત્યારે અભિભૂત થઈને તેણે કહેલું, 'કવિ, મને લાગે છે હું મૃત્યુશૈયા પર હોઈશ ત્યારે પણ તારાં ગીતો મને જીવનમાં પાછાં લાવશે.' આ કન્યા સાથે કવિને પછી ક્યારેય મળવાનું થયું ન હતું, તો પણ એના સ્નેહ સહવાસનાં સુમધુર સ્મરણો કવિ ઉત્તરવયમાં પણ ભૂલ્યા નહોતા.

નોબેલ પ્રાઈઝ પ્રાપ્ત થયા પછી કવિની કીર્તિ દુનિયાભરમાં પ્રસરી. તેમની વિદેશયાત્રાઓ દર વર્ષે થવા લાગી. ૧૯૧૬માં તેઓ કેલિફોર્નિયા ગયા ત્યારે શાંતિનિકેતનને વિશ્વવિદ્યાલય બનાવવાનો વિચાર તેમને સ્ફુરેલો. ૧૯૧૮ના અંત ભાગમાં તેમણે તેને ક્રિયાન્વિત કર્યો. વિશ્વભારતી વિશ્વવિદ્યાલય માટે ભંડોળ એકઠું કરવા તેઓ દેશ-વિદેશમાં પ્રવાસ કરવા લાગ્યા. ૧૯૨૪ના એપ્રિલમાં તેઓ ચીન ગયા. ત્યાંથી જાપાન ગયા. ત્યાં તેઓ દોઢેક માસ રોકાયા. એ દરમિયાન લેટિન અમેરિકાથી પેરુનું આમંત્રણ મળ્યું. સ્પેનની ગુલામીમાંથી સ્વતંત્ર થયાના શતાબ્દી દિવસની ઉજવણીમાં સહભાગી થવા રવીન્દ્રનાથને આમંત્રણ આપ્યું હતું. ત્યાંથી તેમણે મેક્સિકો પણ જવાનું હતું. બંને દેશોએ વિશ્વભારતી માટે એક એક લાખ ડોલર આપવાનું સ્વીકાર્યું હતું.

ઓક્ટોબર, ૧૯૨૪માં રવીન્દ્રનાથ ભારતથી પેરુ જવા નીકળ્યા. એટલેન્ટિક ઓસન પાર કરી તેઓ દક્ષિણ અમેરિકા પહોંચે તે પહેલાં રસ્તામાં જ તેમની તબિયત બગડવાથી તેમણે અધવચ્ચે આર્જેન્ટિનામાં ઊતરી જવું પડ્યું. ત્યાં ડૉક્ટરી સારવાર લઈ એકાદ અઠવાડિયા પછી પેરુ જઈ શકાશે એવી એમની ધારણા હતી. પરંતુ હાર્ટ સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરે તેમને સંપૂર્ણ આરામ કરવાની સલાહ આપી. એને લીધે એમણે આર્જેન્ટિનાના બ્યુનોસ એરિસમાં પચાસ દિવસ રોકાવું પડ્યું. પરિણામે પેરુનો પ્રવાસ પડતો મૂકવો પડ્યો. પરંતુ આ આકસ્મિક રોકાણ દરમિયાન કવિના જીવન-સંબંધોમાં એક નવું અને અનેરું પ્રકરણ ઉમેરાયું.

ડૉક્ટરે ટાગોરને સંપૂર્ણ આરામ કરવાની સલાહ તો આપી પણ પ્રવાસમાં તેમના સાથી અને મંત્રી તરીકે આવેલા એમ્હર્સ્ટને બ્યુનોસ એરિસમાં કોઈ પરિચય ન હતો. આ અજાણ્યા દેશમાં લાંબો સમય હોટલમાં રોકાવું તેમને આર્થિક દૃષ્ટિએ પરવડે એમ ન હતું. વિકટોરિયા ઓકામ્પો નામની એક યુવાન લેખિકા ટાગોરની ખૂબ મોટી ચાહક(ફેન) હતી. અને આર્જેન્ટિનાની રાજધાની બ્યુનોસ એરિસની બહાર સાન ઈસીદ્રોમાં રહેતી હતી.

તેને જ્યારે જાણવા મળ્યું કે ટાગોર પેરુ જવા બ્યુનોસ એરિસથી પસાર થવાના છે ત્યારે તેની ખુશીનો પાર ન રહ્યો.

ચોત્રીસ વર્ષીય વિક્ટોરિયા ઓકામ્પો એ દિવસોમાં આર્જેન્ટિનાના સાહિત્યજગતમાં કાઠું કાઢી રહી હતી. મેડ્રિડમાં તેનું એક પુસ્તક પ્રગટ થઈ ગયું હતું. બ્યુનોસ એરિસના અગ્રણી દૈનિકમાં તે લખતી હતી. તેણે દાન્તે, રસ્કિન, ગાંધીજી વગેરે વિશે લેખો લખ્યા હતા. રવીન્દ્રનાથ પસાર થવાના હતા તે વખતની પૂર્તિમાં તેણે 'રવીન્દ્રનાથ વાંચવાનો આનંદ' વિશે લેખ લખ્યો હતો. રવીન્દ્રનાથની જેમ તે પણ શાળામાં ઝાઝું ભણી ન હતી. જોકે ઘરે રહી તે ઘણું શીખી હતી. તે ફ્રેન્ચ અને સ્પેનિશ સારું જાણતી હતી. અંગ્રેજી પણ ખપ પૂરતું જાણતી હતી. તેને સાહિત્યમાં સાચો રસ હતો. દસેક વર્ષ પહેલાં તેના લગ્નજીવનની ટ્રેજેડી વખતે 'ગીતાંજલિ'ના ફ્રેન્ચ અનુવાદે તેને શાતા અને સ્થિરતા આપી હતી. તેણે ટાગોર સાહિત્યના યેટ્સે કરેલા અંગ્રેજી, જીદે કરેલા ફ્રેન્ચ અને ઝેનોબિયા(હિમેનેથની પત્ની)એ કરેલા સ્પેનિશ અનુવાદો વાંચ્યા હતા.

વિક્ટોરિયા બ્યુનોસ એરિસની બહાર ત્રીસેક કિ.મી. દૂર સાન ઈસીદ્રોમાં રહેતી હતી. જ્યારે તેને જાણ થઈ કે રવીન્દ્રનાથે નાદુરસ્ત સ્વાસ્થ્યને કારણે રોકાવું પડે તેમ છે ત્યારે તેણે પોતાનું ઘર વિલા મિરાલરિયો રવીન્દ્રનાથને રહેવા માટે આપ્યું અને પોતે પોતાના પિતાના ઘરે નજીકમાં રહેવા ચાલી ગઈ. ચોત્રીસ વર્ષની વિક્ટોરિયાને પોતાનાથી ત્રીસેક વર્ષ મોટા રવીન્દ્રનાથ માટે માત્ર આદર ન હતો, પ્રેમ પણ હતો. તેણે તેમની ખૂબ સેવાચાકરી કરી. તે દરરોજ વિલા મિરાલરિયો આવતી અને કવિવરની નાની મોટી જરૂરતોનું ધ્યાન રાખતી.

**સાઠેક પત્રોની રવીન્દ્રનાથ અને વિજ્યા વચ્ચે આપલે થઈ છે જે તેમની વચ્ચેના નિકટના ને નાજુક સંબંધની ચાડી ખાય છે. ઓકામ્પોના આવાસમાં ટાગોર જે આરામ-ખુરશી પર બેસતા હતા તે વિશાળ ખુરશી વિજ્યાએ તેમને તેઓ સ્વદેશ પાછા ફરી રહ્યા હતા ત્યારે ભેટ આપી હતી**

વિક્ટોરિયા આર્જેન્ટિનાની નવી સાંસ્કૃતિક ચળવળની નેતા હતી. લોકો તેને પ્રેરણામૂર્તિ દેવી તરીકે જોતા હતા. કાઉન્ટ કેસરલિંગે તેના વિશે લખ્યું હતું, "મારા પૃથ્વી પરના પરિભ્રમણ દરમિયાન મેં તેના જેવી સુંદર, અખૂટ શક્તિસભર, સૂક્ષ્મ બૌદ્ધિક અને સૌન્દર્યાત્મક સંવેદનશીલ સ્ત્રી ક્યાંય જોઈ નથી. વળી તે નોંધપાત્ર રીતે વ્યવહારુ અને ઉચ્ચ સામાજિક સ્તરની છે." આવી અતુલનીય નારીના હાથમાં ભારતીય કવિની સેવાશુશ્રૂષાની જવાબદારી આવી પડી જે તેણે સુપેરે નિભાવી. સેવામાં તે સહેજ પણ કસર રહેવા દેતી નહિ. ભક્તિથી તો ભગવાન પણ પ્રસન્ન થાય છે તો રવીન્દ્રનાથ તો માણસ હતા. થોડા દિવસમાં જ બંને વચ્ચે સરસ, સુંદર, સૂક્ષ્મ લાગણીસંબંધ બંધાયો.રવીન્દ્રનાથનાં ઘણાં વર્ષોના શુષ્ક, એકાકી, વેરાન વગડા જેવા જીવનમાં વિક્ટોરિયાના રૂપમાં સ્નેહ-પ્રેમની મીઠી વીરડી ફૂટી. પ્લેટ નદીને કાંઠે આવેલો વિલા મિરાલરિયો અને ફૂટડી સાહિત્યરસિક સંવેદનસભર વિક્ટોરિયા કવિને કામણ કરી ગયાં. ઘણા સમયે નવાં રસમધુર ગીતોનો ફાલ ઊતર્યો. પેરુ ન જઈ શક્યાનો અફસોસ અદશ્ય થઈ ગયો. કવિએ પ્રિય પાત્રને પોતીકું નામ આપવાની રસમ મુજબ વિક્ટોરિયાને વહાલથી 'વિજયા' કહી સંબોધવા માંડી. અગાઉ એમણે પ્રિય ભાભી કાદમ્બરી દેવીને 'હેકેટ' અને મુંબઈની અન્નાને 'નલિની' નામ આપ્યાં હતાં. આર્જેન્ટિનાના આ ઉષ્માભર્યા સુંદર પરિવેશમાં સર્જાયેલાં ગીતો-કાવ્યો પછી 'પૂરવી'(૧૯૨૫) સંગ્રહમાં ગ્રંથસ્થ થયાં. કવિએ એ સંગ્રહ 'વિજયા'ને અર્પણ કર્યો છે.

રવીન્દ્રનાથ વિજયાના ઘરમાં બે મહિના રહ્યા. વચ્ચે તેમને પેરુ જવાની ઈચ્છા થયેલી, પણ વિજયાએ તેમને જવા દીધા નહિ, તેમની પાટા પર ચડેલી તબિયત બગડવાના અને પોતાને પ્રાપ્ત થયેલું સાહચર્ય છીનવાઈ જવાના ડરે જ. પરંતુ રવીન્દ્રનાથ જેવા યાયાવર પક્ષીને વિજયા ક્યાં સુધી સોનાના પિંજરમાં પૂરી રાખી શકે ? ૪ જાન્યુઆરી, ૧૯૨૫ના દિવસે વિજયાની વિદાય લઈ ટાગોર તથા તેમના સાથી એમ્હર્સ્ટ ભારત રવાના થયા. તેમને લાગેલું કે દેશને તેમની સેવાની જરૂર છે. ભારત પાછા ફર્યા પછી તેમનું ભ્રમનિરસન થયું. ૧૯૨૫ના ઑગસ્ટમાં વિક્ટોરિયાને લખેલા પત્રમાં ટાગોરે પોતાની મનઃસ્થિતિ પ્રગટ કરી છે, "ગ્રીષ્મના અંત સુધી નદી કિનારાના પેલા રમણીય આલયમાં હું રહી ન શક્યો તે બદલ તેં તારા પત્રમાં અફસોસ પ્રગટ કર્યો છે. તને ખબર નથી કે અવારનવાર મને થાય છે કે જો એમ થયું હોત તો સારું થાત. ફરજની ઘેલછા મને નિરર્થક આદર્શ માટેની દેખીતી પ્રેરણા સાથે પેલા મધુર ખૂણેથી દૂર ઘસડી ગઈ. પરંતુ આજે મને સમજાય છે કે હું જ્યારે ત્યાં હતો તે વખતની મારી છાબ રોજેરોજ આળસુ કલાકોની છાયામાં શરમાળ પુષ્પોથી ભરાઈ હતી. હું તને ખાતરીપૂર્વક કહી શકું કે, તેમાંનાં મોટા ભાગનાં (કાવ્યપુષ્પો) શ્રમપૂર્વક બંધાયેલા મારા ઉપયોગી કૃત્યોના મિનારા કડડભૂસ થયા પછી દીર્ઘકાળ પર્યંત તાજાં રહેશે."

આવા સાઠેક પત્રોની રવીન્દ્રનાથ અને વિજયા વચ્ચે આપલે થઈ છે જે તેમની વચ્ચેના નિકટના ને નાજુક સંબંધની ચાડી ખાય છે. ઓકામ્પોના આવાસમાં ટાગોર જે આરામ-ખુરશી પર બેસતા હતા તે વિશાળ ખુરશી વિજયાએ તેમને તેઓ સ્વદેશ પાછા ફરી રહ્યા હતા ત્યારે ભેટ આપી હતી. રવીન્દ્રનાથ તેને કાળજીપૂર્વક પોતાની સાથે શાંતિનિકેતન લઈ ગયા હતા. જીવનભર એ ખુરશી તેમને વિજયાની યાદ આપતી રહેલી.

૧૯૨૮માં અડસઠ વર્ષની વયે ટાગોરે ચિત્રકલા પર હાથ અજમાવ્યો. બે વર્ષમાં તેમણે ઘણાં ચિત્રો દોર્યાં. ૧૯૩૦માં તેઓ ફ્રાન્સ ગયા ત્યારે પસંદ કરેલાં ચારસો ચિત્રોનો પોર્ટફોલિયો


“ લેવડી ”
- ધનરાજ કોઠારી



" દ્વારકાધિશ "
- રક્ષા ભટ્ટ



" કચ્છી ભરતની કમાલ "
- કે. કે. કડીયા



" સપ્તપદી "
- અશોક જી. પટેલ

સાથે લઈ ગયેલા. તેમણે 'ગીતાંજલિ' કાવ્યસંગ્રહ જેમને અર્પણ કર્યો છે એ ચિત્રકાર મિત્ર રોધેન્સ્ટાઈને રવીન્દ્રનાથનાં ચિત્રો વિશે ગંભીરતાથી લખ્યું. તેમને એ ચિત્રોમાં અસાધારણ જીવંતતા અને જોમ જણાયાં હતાં. વિક્ટોરિયાની સહાયથી અને પેરિસની આધુનિક ગેલેરી પીગાલેમાં ટાગોરનાં ચિત્રોનું પ્રદર્શન ખુલ્લું મૂકાયું. વિક્ટોરિયા, તેના મિત્રો, અન્ય સાહિત્યકારો અને ટાગોરના ચાહકોને લીધે ઉદ્‌ઘાટન અતિભવ્ય બન્યું. કલાજગતના મહારથીઓ પોલ વાલેરી, કાઉન્ટેસ નાઓલીસ, માર્ગારિટ મિલવર્ડ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. ગેલેરી પચરંગી કલાપ્રેમીઓથી ખીચોખીચ હતી. ટાગોરનાં ચિત્રોની પુષ્કળ પ્રશંસા થઈ. આ ચિત્રપ્રદર્શનની સફળતાની પાછળ વિક્ટોરિયા ઓકામ્પોનો પ્રેમ અને પુરુષાર્થ અછતો ના રહ્યો.

રવીન્દ્રનાથે ઓકામ્પોના આવાસમાં જે કાવ્યો કર્યા હતાં તેમાંના એક કાવ્યનું શીર્ષક છે 'આશંકા'. ૧૭ નવેમ્બર, ૧૯૨૪ના રોજ લખાયેલું આ કાવ્ય 'પૂરવી'માં પ્રગટ થયું છે. તેમાં કવિ પ્રેમિકાને કહે છે :

*વિજનપથે ચલેછિલેમ,*
*તુમિ એલે મુખે આમાર નયન મેલે.*
*ભેબેછિલેમ બલિ તોમાય,*
*સંગે ચલો, આમાય કિછુ કથા બલો.*
*હઠાત્ તોમાર મુખે ચેયે કી કારણે*
*ભય હલ યે આમાર મને.*
*દેખેછિલેમ સુપ્ત આગુન લુકિયે જ્વલે*
*તોમાર પ્રાણેર નિશીથ રાતેર*
*અન્ધકારેર ગંભીર તલે.*

(નિર્જન માર્ગે હું ચાલ્યો જતો હતો ત્યાં તું મારા મુખ ઉપર દૃષ્ટિ કરતી આવી. વિચાર્યું કે તને કહું : 'સાથે ચાલ, મારી સાથે કશીક વાત કર.' પરંતુ તારા મુખ તરફ જોતાં, કોણ જાણે કેમ મને મનમાં ભય લાગ્યો. તારા પ્રાણની મધ્યરાત્રિના અંધકારને ઊંડે તળિયે મેં સૂતેલા અગ્નિને સંતાઈને બળતો જોયો હતો.)

કાવ્યની અંતિમ કડીમાં કવિ વિદાય વેળાની પોતાની મનઃસ્થિતિ પ્રકટ કરતાં વિષાદપૂર્વક વહે છે :

*તપસ્વિની, તોમાર તપેર શિખાગુલિ*
*હઠાત્ યદિ જાગિયે તુલિ,*
*તબે યે સેઈ દીપ્ત આલોય આડાલ ટુટે*
*દૈન્ય આમાર ઉઠબે ફુટે.*
*હવિ હબે તોમાર પ્રેમેર હોમાગ્નિતે*
*એમન કી મોર આછે દિતે.*
*તાઈ તો આમિ બલિ તોમાય નતશિરે*
*તોમાર દેખાર સ્મૃતિ નિયે*
*એકલા આમિ યાબ ફિરે.*

(તપસ્વિની, તારા તપની શિખાને હું એકાએક જગાવી બેસું તો એના જ દીપ્ત પ્રકાશમાં આવરણ હટી જતાં મારું દૈન્ય પ્રકટ થઈ જશે. તારા પ્રેમના હોમાગ્નિમાં હવિ થાય એવું મારી પાસે આપવા જેવું શું છે ? તેથી તો તને નતશિરે હું કહું છું કે તારા દર્શનની સ્મૃતિ લઈને હું એકલો પાછો ફરી જઈશ.)

રવીન્દ્રનાથનો વિક્ટોરિયા પ્રત્યેનો ગહન પ્રેમ આ કાવ્યમાં સુપેરે અભિવ્યંજિત થયો છે. વિક્ટોરિયાને સ્થૂળ સ્વરૂપે મળવાનું તો ૧૯૩૦ પછી બન્યું ન હતું પણ, પત્રવ્યવહાર ચાલુ રહ્યો હતો અને કવિના હૃદયમાં તે તેની મધુર સ્મૃતિ જીવનના અંત સુધી અકબંધ રહેલી. મૃત્યુના ચારેક માસ પૂર્વે કવિનું સ્વાસ્થ્ય કથળ્યું ત્યારે ઓકામ્પોએ આપેલી આરામખુરશી જોઈ કવિ 'શૂન્ય ચૌકિ' (ખાલી ખુરશી) નામક કાવ્ય તા. ૨૬ માર્ચ, ૧૯૪૧ના રોજ લખે છે જે 'શેષ લેખા' સંગ્રહમાં પ્રકાશિત થયું છે. આ કાવ્ય ટાગોર અને ઓકામ્પો વચ્ચે કેવો અંતરંગ સંબંધ હતો એનો સ્પષ્ટ સંકેત કરે છે. આખા કાવ્યનો ગુજરાતી અનુવાદ આસ્વાદીએ.

**રવીન્દ્રનાથનો વિક્ટોરિયા પ્રત્યેનો ગહન પ્રેમ આ કાવ્યમાં સુપેરે અભિવ્યંજિત થયો છે. વિક્ટોરિયાને સ્થૂળ સ્વરૂપે મળવાનું તો ૧૯૩૦ પછી બન્યું ન હતું પણ પત્રવ્યવહાર ચાલુ રહ્યો હતો અને કવિના હૃદયમાં તે તેની મધુર સ્મૃતિ જીવનના અંત સુધી અકબંધ રહેલી**

*ખાલી ખુરશી*
*જનહીન મધ્યાહ્નની વેળાએ*
*ધખી રહ્યો તડકાનો તાપ.*
*નિરખું છું ખાલી ખુરશી પ્રતિ,*
*નથી ત્યાં સાન્ત્વનાનો લેશ પણ.*
*તેના હૃદયમાં ભરેલી હતાશની ભાષા*
*જાણે કરી રહે છે હાહાકાર.*
*ઊઠે છે કરુણાસભર વાણી શૂન્યતાની,*
*નથી પકડાતો તેનો મર્મ.*
*માલીક ગુમાવેલો શ્વાન જુએ છે કરુણ દૃષ્ટિએ જેમ,*
*હાય હાય કરે છે અબૂઝ મનની વ્યથા તેમ,*
*શું થયું, કેમ થયું, સમજતી નથી કંઈ,*
*દિનરાત વ્યર્થ આંખે શોધે છે ચારે કોર.*
*ખુરશીની ભાષા જાણે એથી ય વધુ છે કરુણ અને કાતર,*
*શૂન્યતાની મૂક વ્યથા વ્યાપી વળે છે પ્રિયહીન ઘર*

ટાગોરની પહેલીવાર વિક્ટોરિયા ઓકામ્પો મળી ત્યારે તો તે નવોદિત, ઊગતી લેખિકા હતી પણ પછીથી તેણે સ્પેનિશ અને ફ્રેન્ચ સાહિત્યમાં સિદ્ધહસ્ત સાહિત્યકાર તરીકે નામના મેળવેલી. તેના જીવન અને કવન પર જેવો ટાગોરનો પ્રભાવ પડ્યો તેવો જ પ્રભાવ ટાગોરના જીવન અને કવન પર તેનો પણ પડ્યો છે, એ 'પૂરવી'ની અને એ પછીની કવિની કૃતિઓ પરથી જણાય છે. ટાગોરના જીવનમાં આવેલી સ્ત્રીઓમાં ઓકામ્પો જ સૌથી વધુ બુદ્ધિમાન, રસિક, સાહિત્યપ્રેમી અને કવિવરના બરની હતી. ઓકામ્પો સાથેનો સંબંધ ટાગોરના વૈવિધ્યસભર જીવનનું એક અનેરું આહ્‌લાદક પ્રકરણ છે.


*૧૦, શુકન વિલાસ, બકેરી સિટી,*
*ટાગોર માર્ગ, વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૫૧*
*ફોન. ૨૬૮૨૯૯૧૧ મો. ૯૯૨૫૧૫૯૭૫૧*



ગુજરાત
ગુજરાતીઓનું
વિશ્વસનીય પાક્ષિક

ગુજરાત પાક્ષિક કાર્યાલય
માહિતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય,
બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર -૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦
ઈ-મેઈલ :
gujaratmagazine@gmail.com
વેબસાઈટ :
www.gujaratinformation.net

વાર્ષિક લવાજમ ફક્ત
₹ ૫૦.૦૦

**મીડિયાની સકારાત્મક ભૂમિકા ભજવતું**

- ગુજરાત પહોંચ્યું ગામડે ગામડે...
- ગુજરાત વસ્યું લોકહૈયે...

**કારણ ?**

- સામયિકની લોકાભિમુખ નીતિ,
- સરકારનું નહિ, છ કરોડ ઉપરાંત ગુજરાતીઓનું પાક્ષિક...

**જેમાં,**

- નવી દિશા, નવી કલમ, નવા વિચાર,
- અધિકૃત માહિતી અને સતત સત્ય સમાચાર...

**પરિણામ ?**

- લોકોનો અદમ્ય ઉત્સાહ,
- વાંચકોનો અસરકારક પ્રતિભાવ,
- વિવેચકોનો ઉમદા અભિપ્રાય...

**અને ફેલાવો ?**

- ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ થતાં સામયિકોમાં સૌથી વધુ...!
- કરી રહ્યું છે વિકાસની વાતો...
- સમસ્યા અને સંવેદનાની વાતો...
- જનકલ્યાણની યોજનાની વાતો...
- લોકોની અપેક્ષાઓ અને સરકારના નિર્ણયોની વાતો...
- કાર્યસિદ્ધિઓ અને અવનવી અનેક વાતો...

**કઈ રીતે...?**

**અતિથિની કલમે, મંત્રીશ્રીની કલમે...**
**ઉત્તમ પત્રકાર અને કટારલેખકોની કલમે...**
**કર્મયોગીની કલમે, વાચકોની કલમે...**

ગુજરાત

છેલ્લામાં છેલ્લી વાત લઈને આવે છે આપના સુધી...

ગુજરાત

ઘટનાઓની વણઝાર વચ્ચે નિયમિત પહોંચે છે આપના સુધી...

ગુજરાત

સત્ય અને નિષ્ઠાના માર્ગે કર્તવ્ય નિભાવે છે આપના સુધી...

**ગુજરાત પાક્ષિક પ્રતિ પખવાડિયે લઈને આવે છે**
**લોક કલ્યાણની વાત, આમ જનતાને ઉપયોગી જાણકારીની વાત,**
**સરકારી યોજનાઓની વાત અને ગુજરાતના સ્વર્ણિમ વિકાસની વાત**

# ભક્તિનું વૈશિષ્ટ્ય

*– પરમાનંદ મા. ગાંધી*

**ભ**ક્ત કવિ નરસિંહ મહેતાએ તેમના એક ભજનમાં ગાયું છે. 'ભૂતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાહી રે.'

તો ભક્તિનું એવું શું વૈશિષ્ટ્ય છે કે નરસિંહ મહેતાએ તેને બ્રહ્મલોકમાં શ્રેષ્ઠ ગણાવ્યું ?

ભક્તિનું એ જ વૈશિષ્ટ્ય છે કે ભક્તિ એ વિશ્વના બધા જ ધર્મોનું અંગ છે. બધા જ ધર્મોમાં સૃષ્ટિનો સર્જનહાર પરમાત્મા-ઈશ્વર એક જ છે. તેમાં કોઈ મતમતાંતર નથી અને પ્રત્યેક ધર્મની તેની શ્રદ્ધા અને ભાવના મુજબ પૂજા, પ્રાર્થના, ભજન, કીર્તિન ઈત્યાદિ દ્વારા ભક્તિ કરે છે. વિનોબાજીએ પણ આ જ વાત તેમની સર્વધર્મની પ્રાર્થના - 'ૐ તત્સત્ શ્રી રાનાયણ તૂં...'માં વણી લીધી છે. તો ભક્તિનું આટલું મહત્ત્વ છે તો ભક્તિ એટલે શું ? તેના માટે જુદા જુદા મહાનુભાવોએ તેમની સમજણ મુજબ તેની વ્યાખ્યા કરી છે. 'પરમેશ્વરના સ્વરૂપનો પ્રેમથી સાક્ષાત્કાર કરી તેમાં તદ્રુપ થવું એટલે ભક્તિ(લોકમાન્ય ટિળક)

सा भक्तिः पराडनुक्तिरीश्वेरः (શાંડિલ્ય ભક્તિસૂત્ર-૨)

'ઈશ્વરમાં પરમ અનુરાગ એ ભક્તિ છે.

सा त्वस्मित् परमप्रेमस्वरूपा । (નારદ ભક્તિસૂત્ર-૨)

'ભગવાનમાં પરમ પ્રેમનું પ્રાગટ્ય તે ભક્તિ'

આદ્ય શંકરાચાર્યે भक्तिरेव गरीयसी । ભક્તિ એ (બધાં શાસ્ત્રોમાં શ્રેષ્ઠ છે.) તો મહર્ષિ નારદે તેમના સૂત્રમાં લખ્યું છે -

त्रिसत्यस्थ भक्तिरेव गरीयसी भक्तिरेव गरीयसी ।

'ત્રણે કાળમાં સત્યસ્વરૂપ ભગવાનની ભક્તિ શ્રેષ્ઠ છે, શ્રેષ્ઠ છે. 'પરમેશ્વરમાં નિરતિશય અને નિર્હેતુક પ્રેમ રાખી તેમાં વૃત્તિ સદાકાર કરવી તેનું નામ ભક્તિ-' જુદા જુદા ધર્મોમાં પણ તેમની પદ્ધતિ મુજબ ભક્તિની જુદી જુદી સમજણ છે.

જો કે કાળક્રમે ખ્રિસ્તી, ઈસ્લામ, બૌદ્ધ, જૈન, ઈત્યાદિ ધર્મોમાં ઉપાસનાના વિવિધ પ્રકારો જોવામાં આવે છે.

આપણે ત્યાં પણ પરમેશ્વરને નિર્ગુણ નિરાકાર, સગુણ નિરાકાર તથા સગુણ સાકાર એમ ત્રણ પ્રકારે માનવામાં આવ્યા છે અને તેની તે પ્રમાણે ઉપાસના-ભક્તિ કરવામાં આવે છે અને એ બધી ઉપાસનાનું લક્ષ્ય પરમેશ્વરની પ્રાપ્તિનું છે. પરંતુ સગુણ સાકાર ભક્તિ વધુ સરળ છે, વધુ પ્રચલિત છે તેથી આ લેખમાં તેની વિસ્તૃત વિચારણા છે.

અવ્યક્ત સ્વરૂપ પરમેશ્વરમાં મનને સ્થિર કરી તેની ઉપાસના કરવાનું સામાન્ય મનુષ્ય માટે અતિકઠણ છે. પરંતુ સગુણ સાકાર ભગવાનની મૂર્તિમાં યા પ્રતીકમાં મનુષ્ય મનને સરળતાથી એકાગ્ર કરી શકે છે.

રામતાવનીય તથા અન્ય ઉપનિષદોમાં પરમાત્માને મનુષ્યધારી રૂપમાં ઉપાસના કરવા જણાવ્યું છે.

પરમેશ્વર મનુષ્યરૂપમાં હોય તો ઉપાસક તેના હૃદયની ભાવના વ્યક્ત કરી શકે. આ જ પ્રકારની ભાવના ભગવાને ગીતામાં વ્યક્ત કરતાં કહ્યું છે - गतिर्यर्ता प्रभु साक्षी... (અ.૯-૧૮) 'મારી ગતિ, મારા અન્નદાતા, મારો આધાર, મારો મિત્ર એવા સગુણ પ્રેમભાવ વ્યક્ત કરતા પરમેશ્વર ભક્તિ માટે સ્વીકાર્ય છે.'

આમ પણ ગીતાનો બધો જ ઉપદેશ જે ભગવાને અર્જુનને આપ્યો છે, તે અર્જુનની સામે પ્રત્યક્ષ મનુષ્યરૂપે ઊભા છે ને ! તેથી તો અર્જુનને આ સગુણ સાકાર ભક્તિનું મહત્ત્વ સમજાયું છે.

બારમા અધ્યાયમાં ભગવાને પોતે જ કહ્યું છે

कलेशोऽधिकतरस्तेषाचव्यक्तासकत चेतसोय् । (૧૨-૫)

'અવ્યક્ત નિરાકાર પરમેશ્વરમાં મનને એકાગ્ર કરવું કઠણ છે. તેથી આગળના શ્લોકમાં તેની સ્પષ્ટતા કરતાં તેમણે કહ્યું છે, 'ભક્તજનો બધાં જ કર્મોને મારામાં અર્પણ કરીને મારા સગુણ પરમેશ્વરના સ્વરૂપને જ અનન્ય ભક્તિયોગથી નિરંતન ચિંતન કરતાં ભજે છે. (અ. ૧૨-૬)

અને તેવા ભક્તોને 'હે પાર્થ! હું મૃત્યુરૂપી સંસારમાંથી ઉદ્ધાર કરી દઉં છું.(અ.૧૨-૭)

ગીતાના નવમા અધ્યાયમાં આ જ વાતનો ઉલ્લેખ કરતાં ભગવાને કહ્યું છે -

सततं कीर्तयन्तोयाम यतन्तश्च द्रढव्रताः । (૯-૧૪)

'એ દૃઢ નિશ્ચયથી ભક્તો નિરંતર મારા નામ અને ગુણોનું કીર્તન કરતાં, મારી પ્રાપ્તિ માટે સદા મારું ધ્યાન કરી અનન્ય પ્રેમથી મારી ઉપાસના કરે છે ... એ જ અધ્યાયમાં આગળ ભગવાન કહે છે यन्यना भव मधक्तो (૯-૩૪) 'મારામાં મનને પરોવ, મારો ભક્ત બની મારું પૂજન કરનારો થા...' આ રીતે આત્માને મારામાં પરોવી મારા પરાયણ થયેલો તું મને જ પામીશ.'

અર્થાત્ ભક્તિયોગની મહત્ત્વની વાત એ છે કે, ભગવાનમાં અવિચલ શ્રદ્ધા અને ઉત્કંટ ભક્તિ હોવી આવશ્યક છે.

સગુણ સાકાર ભક્તિનું આ મહત્ત્વ હોવાથી શુદ્ધાદ્વૈતના આદ્ય શંકરાચાર્ય मम भवतु कृष्णोऽक्षिविषयः । 'મારા નેત્રોનો વિષય બને એમ कृष्णाष्टकम स्तोત્રમાં ભગવાનના પ્રત્યક્ષ દર્શનની પ્રાર્થના કરી છે.'

શુદ્ધાદ્વૈતના પ્રકાંડ પંડિત મધુસૂદન સરસ્વતીએ બંસીધારી પિતાંબર પહેરેલા ભગવાન માટેની તેમની અનુભૂતિ વ્યક્ત કરતાં કહ્યું કે कृष्मात्परं किमऽपि तत्वेमहंन जाने । ભગવાન શ્રીકૃષ્ણથી બીજું કોઈ શ્રેષ્ઠ તત્ત્વ હોય તે મને જ્ઞાત નથી.

અને મહાપ્રભુ વલ્લભાચાર્યે ભગવાન સાથેની તેમની તદ્રુપતો ''અધરં મધુરં''માં અભિવ્યક્ત કરી છે - આ અને બીજા આચાર્યોએ પોતાના સ્તોત્રમાં સગુણ સાકાર ભગવાન સાથેની અનુભૂતિ વ્યક્ત કરી છે. તો જ્ઞાનેશ્વર, તુકારામ, નરસિંહ, મીરાં, તુલસી, સુરદાસ ઈત્યાદિ ભક્તોએ તેમની ભક્તિની અનુભૂતિ પ્રાકૃત ભાષામાં ભજનો દ્વારા વ્યક્ત કરી છે.

મહાભારતમાં શાંતિપર્વમાં અનુશાસન વિભાગમાં ભીષ્મે યુધિષ્ઠિરને ભક્તિનું મહત્ત્વ સમજાવતાં કહ્યું છે. 'ભગવાનનું શરણું આ સંસારના બંધનોમાંથી છોડાવે છે.' અનન્યભાવથી ભક્તિ કરનારને ભગવાને અનેક આશ્વાસનો આપ્યાં છે. અપિ ચેત્ક્ષુપુરાચાર્યે (૯-૩૦)માં 'અનન્ય ભાવથી મારા શરણમાં કોઈ દુરાચારી પણ આવે છે તો તે મારો ભક્ત બની મને ભજે છે. તે 'સાધુ' બનવા યોગ્ય છે કારણ કે તેણે નિશ્ચય કરી લીધો છે કે પરમેશ્વરના ભજન જેવું બીજું કશું જ નથી. અને તે...'

क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छांक्ति मित्रच्छति । (૯-૩૧)

... આગળના શ્લોકમાં ભગવાન જણાવે છે - 'તે સત્વરે ધર્માત્મા બની જાય છે અને શાશ્વત શાન્તિ પામે છે એમ કૌંતેય તું જાણકે મારો ભક્ત કદી નાશ પામતો નથી.'

આટલું ઓછું હોય તેમ આગળના શ્લોકમાં(૯-૩૨) ભગવાન બધા જ માટેની સમદૃષ્ટિ રાખીને કહે છે स्त्रियो वैश्यास्तया शुद्धास्तोऽयि यान्ति परां गतिम ॥

'સ્ત્રીઓ, વૈશ્યો, શુદ્રો તથા પાપયોનિ આદિમાં જે કોઈ પણ હોય તેઓ પણ મારા શરણે આવી જઈને પરમ ગતિને જ પામે છે.' ભગવાનનાં આશ્વાસનોની પરાકાષ્ઠા તો અઢારમા અધ્યાયમાં 'सर्वधर्मान्परित्यज्य'માં છે. (૧૮-૬૬)

'બધાં જ તારા ધર્મોને એટલે કે કર્તવ્ય કર્મોને ત્યજીને તું મારા શરણમાં આવી જા. હું તને બધાંય પાપોમાંથી મુક્ત કરી દઈશ. તું શોક કરમાં.' ભક્તિનું આ જ મહત્ત્વ છે કે ભગવાનના શરણે ગયા પછી તે મનુષ્યને આવાં શ્રેષ્ઠ આશ્વાસનો આપે છે.

બીજા કોઈપણ પ્રકારની આ ઉપાસના કરતાં આ સરળ છે. એટલા માટે કે યજ્ઞવિધિ યા અન્ય કોઈ ઉપાસનામાં પૂજાના સાહિત્ય આદિની આવશ્યક્તા છે. પરંતુ આ ઉપાસનામાં ભગવાન પોતાના સ્વમુખે જ કહે છે पत्रंपुष्पं फलं तोयं.... (ગી. ૯-૨૬)

'જે કોઈ ભક્ત મને પ્રેમથી પત્ર, પુષ્પ, ફળ, વગેરે આપે છે, એ શુદ્ધબુદ્ધિના નિષ્કામ પ્રેમી ભક્તનું પ્રેમપૂર્વક આપેલું એ પત્ર(પાન)-પુષ્પ આદિ હું સગુણરૂપે પ્રગટ થઈને ઘણા પ્રેમથી આરોગું છું.' ભગવાનની ભક્તિનાં પરિણામોનો વિચાર આગળ કર્યો જ છે. પરંતુ કેટલાક લોકોના મનમાં ગૂંચવાડો છે કે 'તમારામાં ભગવાન વિષ્ણુ, શિવજી, ગણપતિ, અંબાજી, રામ, કૃષ્ણ ઈત્યાદિ છે તો ઉપાસના કયા ભગવાનની કરવી ? તો તેની સમજણ આપતાં કઠોપનિષદ તથા અન્ય ઉપનિષદોમાં एको वशी सर्वमूतान्तरात्मा । (૨.૨.૧૨)

'એક જ પરમેશ્વર બધાં જ પ્રાણીઓમાં વસ્યો છે.''

જો બધામાં એક જ પરમેશ્વર વ્યાપ્ત છે તો મનુષ્ય તેની શ્રદ્ધા પ્રમાણે કોઈ પણ ભગવાનની મૂર્તિ, ઉપાસના માટે લેશે તો તેમાં એ જ પરમેશ્વર છે કે જે બીજી મૂર્તિમાં પણ છે. તો પછી કઈ મૂર્તિ ઉપાસના માટે લેવી તેમાં મુંઝવણનો સવાલ જ નથી.

હા, પણ મનુષ્ય કોઈપણ ભગવાનની ઉપાસના માટે લે ત્યારે તેણે યોગદર્શનમાં (યો.દ. ૧/૨૮) જણાવવા મુજબ તદ જપસ્તદર્પતત્ભાવના તે મૂર્તિમાં તે ભગવાનને (જેની ઉપાસના કરવી હોય તેને) નજર સમક્ષ રાખી તેનો જપ કરવો જરૂરી છે. જે પ્રકારની ભાવના હશે, તે પ્રમાણેનું ચોક્કસ ફળ મળશે. તેથી મૂર્તિ કઈ છે, કોની છે, શાની બનેલી છે તેનું મહત્ત્વ નથી. મહત્ત્વ તેમાં મૂકેલી ભાવનાનું છે. તેથી પેલી ઉક્તિ પ્રચલિત છે भावो हि विधर्त देवः न मृण्मय च पाषाण ।

જેણે ભક્તિનો આસ્વાદ ચાખ્યો છે તેના માટે મહર્ષિ નારદે તેમના સૂત્રમાં લખ્યું છે, यत्प्राप्य न क्रिश्चिद वाञ्छसि, न सोचति न द्रष्टि, न रमते नोत्साही भवति (ના.સૂ.૫) 'ભગવાનનો અનુરાગ પ્રગટે એટલે ઝંખના, શોખ, દ્વેષ, અને રાગ શમી જાય છે તેને સંસારમાં સ્વાર્થ સાધનાનો ઉત્સાહ નથી રહેતો.'

ઉપનિષદોમાં વ્યક્ત કિંવા અવ્યક્ત ઉપાસનાનું મહત્ત્વ સમજાયું છે. પરંતુ આધ્યાત્મિક દૃષ્ટિએ વિચારવાનું હોય તો તેનો ઉપનિષદમાં મંત્ર છે -

यन्मनसा न मनुते येनाहुर्मनो मतम ।

तदेव ब्रह्म त्व विधि वेदं यजिदमुपासते (૧-૧-૫)

'જેનું મન વડે મનન થઈ શક્તું નથી પણ મન જેના લીધે જેનું ચિંતન કરી શકે છે તે બ્રહ્મ-પરમેશ્વર છે, તે તું જાણ ? તેથી જે પ્રકારની નિર્ગુણ આ સગુણ ઉપાસના કરતી વખતે ઉપાસકના ધ્યાનમાં રહેવું જરૂરી છે કે અંદર રહેલા એ ઈશતત્ત્વની શક્તિથી જ તે ઉપાસના કરી શકે છે.'

ભક્તિની આ 'ભાવના'ના અંતમાં એટલું જણાવવાનું કે મહર્ષિ વેદવ્યાસે ગીતામાં ભગવાનની શ્રેષ્ઠ વાતોનું સંકલન કર્યા પછી પણ તેમનું મન શાંત અને સ્વસ્થ ન બન્યું. આખરે તેમણે ભગવાનની ભક્તિ કરી. તેમનું મન પ્રસન્ન થયું અને ભગવાનના મહિમા ગાતાં પુરાણોમાં શ્રેષ્ઠ એવા અતિ મધુર ભાગવત પુરાણની રચના કરી, તેમાં તેમણે જણાવ્યું ध्येयो नारायण सदा । હંમેશા ભગવાનનું સ્મરણ કરવું.

ગીતામાં પણ આખરે ભગવાનનું સાધન બની निमित्त मात्र मूव सव्यसाचिन (૧૨-૩૩) પોતાનું કર્તવ્ય નિષ્કામભાવે કરવાનો આદેશ આપ્યો છે. ટૂંકમાં, મનુષ્યને ભગવાનના સાધન બનીને પોતાનું કર્તવ્ય કર્મ કરતાં આવડવું જોઈએ.

સંત તુલસીદાસજીએ તેમની ચોપાઈમાં ભગવાનના નામસ્મરણનું આધ્યાત્મિક દૃષ્ટિએ વર્ણન કરતાં લખ્યું છે.- રામનામમણિદીપધરું જીદદેહરી દ્વારે.

તુલસી ભીતર બાદ રહું મૈં આહસિ ઉજીયાર.

'મકાનના ઉંબરા ઉપર દીવો રાખો તો પ્રકાશ મકાનની બહાર અને અંદર પણ પડે. તેમ આ શરીર પણ એક મકાન છે, મુખ મકાનનું દ્વાર છે અને જીભ તેનો ઊંબરો છે. તો ઉંબરા ઉપર ભગવાનનું નામ રાખો તો બહાર અને અંદર પણ પ્રકાશ પડે. બે દ્વારના પ્રકાશથી આત્માના સ્વરૂપની અનુભૂતિ થાય.'

આખર, જીવ અને શિવના અદ્વૈતની સમજ આપનારું ગીતાનું તત્ત્વજ્ઞાન પણ 'અદ્વૈતામૃતવર્ષિણી' જ છે ને ? ભગવાનની સગુણ સાકાર ભક્તિનો દ્વૈતમાંથી પ્રારંભ થાય છે અને અદ્વૈતમાં પરિણત થયેલું તેનું તત્ત્વજ્ઞાન-એનો કળશ છે.

---

*૧૦૦૬,બી, કલાસાગર*
*રત્નમણિ કોમ્પ્લેક્ષની પાછળ,*
*જોધપુર ચાર રસ્તા, અમદાવાદ-૧૫ ફોન. ૨૬૭૪૩૫૮૬*

# સોળ આની ટચ જેવું -સોલા

*– ડૉ. માણેક પટેલ 'સેતુ'*

**અ**મદાવાદના સરખેજ-ગાંધીનગર હાઈવે ઉપર આવેલી ભાગવત વિદ્યાપીઠની પાછળ અને સાયન્સસિટી રોડ ઉપર આવેલી પાણીની ટાંકી સામે ૩૮૦૦૬૦ પીનકોડ નંબર ધરાવતું સોલા ગામ આવેલું છે.

સોલા ગામની સ્થાપના ઈ.સ.૭૦૧માં થઈ હતી. એ સમયે ગામની મુખ્ય વસ્તી કડવા પાટીદારો અને બીજા નંબરે ઠાકોરોની હતી. ગામના વડીલો આજે પણ કહે છે કે સોળ જેટલી જાતિઓનું ગામ હોવાથી 'સોલા' તરીકે ઓળખાયું છે !

ગામના વસવાટની શરૂઆતથી સૂઝ, સંપ અને શાણપણથી બધા લોકો સુમેળથી રહેતા હોવાથી 'સોળ આની ટચ' જેવું ગામ 'સોલા' કહેવાયું !

**સોલા ગામની ભાગોળે નજીકમાં 'દેવગઢ' ટેકરી હતી. ત્યાં બાલાનંદ સરસ્વતી નામના બ્રહ્મનિષ્ઠ આધ્યાત્મિક યોગી રહેતા હતા. એમણે શરૂઆતમાં ગોપાલેશ્વર મહાદેવ અને તે પછી હનુમાનજીની સ્થાપના કરી હતી**

**રામજી મંદિર :** ઈ.સ. ૧૧૦૧માં ગામમાં રામજી મંદિર બંધાયેલું. આ પૌરાણિક મંદિરના પ્રવેશદ્વાર ઉપર ૧૮૭૯માં મેડો બાંધવામાં આવ્યો. આઝાદીની ચળવળમાં આ મેડો ખૂબજ ઉપયોગી સાબિત થયો. સાબરમતી આશ્રમથી આશરે ૬ કિ.મી. દૂર સોલા ગામ દૂર હશે. સોલા ગામવાસીઓ આઝાદીના રંગે રંગાયેલા હતા. ગ્રામજનોએ  પરદેશી કાપડની હોળીમાં ભાગ લીધો હતો. તેમજ ૧૯૩૦માં દાંડીકૂચના દિવસોમાં ખૂબ સક્રિય રહ્યા હતા. સાબરમતી નદીની રેતીમાં ભરાતી મિટિંગોમાં ગ્રામજનો હાજરી આપતાં હતાં. બહારગામના ૪૦ જેટલા સ્વયંસેવકોને રામજી મંદિરના મેડા ઉપર રહેવાની અને જમાડવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ગામમાં 'નવગઢ' નામનો ખારા પાણીનો કૂવો હતો. ખારાપાણીને ઉકાળીને તેનું મીઠું બનાવીને અને તેનાં પડીકાં વેચીને રાષ્ટ્રીયફાળો ઉઘરાવ્યો હતો. ૧૯૪૮માં અને ૨૦૦૦માં તે રામજી મંદિરનો જિર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો.



સોલા ગામમાં 'ગુબી' તળાવ હતું. તે પુરાઈ જતાં ત્યાં સોસાયટીઓ બની ગઈ છે. હાલમાં ગામમાં મોટું તળાવ જોવા મળે છે, ત્યાં ૪-૫ મોટા વડ છે ! તેની નજીકમાં ૧૯૪૮માં અને ૧૯૭૬માં નવા કૂવા કરવામાં આવ્યા હતા. આ તળાવના વિકાસની યોજના તૈયાર થઈ રહી છે. મહાકાળી માતાજીના મંદિરને ગામના તોડાના માતાજી તરીકે માનવામાં આવે છે.

સોલા ગામમાં ૧૮૭૧માં ગામઠી શાળા શરૂ કરવામાં આવી હતી. ૧૮૭૩માં તેનું સરકારી શાળામાં રૂપાંતર થયું. ૧૯૪૬માં ગાંડાભાઈ જુગલદાસ પટેલ શિક્ષક તરીકે જોડાયા અને ૧૯૪૮માં શાળાના આચાર્ય થયા. ૧૯૬૦માં શાળાનું નવું મકાન બાંધવામાં આવ્યું. જે હાલમાં અસ્તિત્વ ધરાવે છે. ૧૯૬૯માં ભારત સરકારે ગાંડાભાઈને 'શ્રેષ્ઠશિક્ષક' તરીકેનો એવોર્ડ એનાયત કર્યો હતો. એમનું ગામના વિકાસમાં મોટું યોગદાન હતું.

**દેવગઢ ટેકરી :** સોલા ગામની ભાગોળે નજીકમાં 'દેવગઢ' ટેકરી હતી. ત્યાં બાલાનંદ સરસ્વતી નામના બ્રહ્મનિષ્ઠ આધ્યાત્મિક યોગી રહેતા હતા. એમણે શરૂઆતમાં ગોપાલેશ્વર મહાદેવ અને તે પછી હનુમાનજીની સ્થાપના કરી હતી. હાલના ભાગવત વિદ્યાપીઠના મુખ્ય મંદિરની ડાબી બાજુએ હનુમાનજીની પ્રતીમા જોવા મળે છે.

**શ્રીકૃષ્ણધામ-શ્રી ભાગવત વિદ્યાપીઠ :**

ભાગવત વિદ્યાપીઠના સ્થાપક અને પ્રણેતા શ્રીકૃષ્ણશંકર શાસ્ત્રીજીને આ ભૂમિ પ્રથમ દષ્ટિએ પવિત્ર અને ઊર્જાવાળી લાગતાં પસંદ કરી હતી. ગુજરાત સરકાર દ્વારા ૬૪ એકરમાં પથરાયેલી આ જમીન શ્રીકૃષ્ણશંકર શાસ્ત્રીજીને 'કૃષ્ણધામ-શ્રી ભાગવત વિદ્યાપીઠ માટે ફાળવવામાં આવી. ૧૯૬૯માં પરમ પૂજ્ય ડૉંગરેજી મહારાજના વરદ હસ્તે તેનો શિલાન્યાસ કરવામાં આવ્યો. એ સમયે રૂપિયા એક કરોડના ખર્ચે ૧૯૮૩માં 'કૃષ્ણધામ' નિર્માણ પામ્યું. મંદિરની દીવાલો ઉપર શ્રીમદ્ ભાગવતના ૧૮,૦૦૦ શ્લોકોને આરસ પથ્થરમાં કોતરવામાં આવ્યા છે. સંસ્કૃત ભાષા અને વેદ સાહિત્યના અભ્યાસ માટે ભારતનું પ્રથમ કક્ષાનું મહાવિદ્યાલય અહીં છે, જે ભાગવત વિદ્યાપીઠ તરીકે નામકરણ પામ્યું છે ! પરંતુ આમ જનતા તેને સોલા ભાગવત તરીકે ઓળખે છે.'



**સાયન્સ સિટી :** ગુજરાત સરકારનું લેન્ડમાર્ક જેવું સર્જન- 'સાયન્સ સિટી' સોલા, સાંતેજ અને હેબતપુર એમ ત્રણ ગામોની સીમમાં આવેલું છે. ૧૦૭ હેક્ટર જમીનમાં નિર્માણ પામેલા સાયન્સ સિટીમાં મનોરંજન દ્વારા સાયન્સ અને ટેકનોલોજીનું શિક્ષણ આપવામાં આવે છે. તેમાં વિવિધ સાયન્સનાં પેવેલિયનો, આઈફોક્સ ઉડી થિયેટર અને ડાન્સિંગ ફુવારા જોવા મળે છે. ગુજરાત સરકારના અગાઉના 'વાઈબ્રન્ટ ગુજરાત' ના કાર્યક્રમોમાં સાયન્સ સિટી વેન્યું હતું.

**ગ્રામપંચાયત :**

તા. ૧૩-૧૦-૧૯૫૧ના રોજ સોલા ગ્રામ પંચાયતની શરૂઆત થઈ. અને તેના પ્રથમ સરપંચ ડાહ્યાભાઈ જોઈતારામ પટેલે ૨૦ વર્ષ સુધી સરપંચ તરીકે ઉમદા સેવાઓ આપી. ગાંડાજી ધુળાજી ઠાકોર, આશાભાઈ અંબાલાલ પટેલ અને રમતાજી આતાજી ઠાકોર સરપંચ પદે આવેલા. છેલ્લી સાત પેઢીથી સોલા ગામના રહેવાસી કનુભાઈ નારાયણભાઈ પટેલે વર્ષ ૧૯૯૫થી ૨૦૦૦ દરમિયાન સરપંચ તરીકે ઉલ્લેખનીય કામ કર્યું. તેઓ આ સમયગાળા દરમિયાન ૧૪,૨૫૫ ગ્રામ પંચાયતોના સંગઠનના, અધ્યક્ષપદે હતા. તાજેતરમાં કનુભાઈની આગેવાની હેઠળ સાયન્સ સિટી રોડ ઉપર અષ્ટમંગલ મહાદેવ નિર્માણ પામ્યું છે. તેની પાછળ આશરે રૂપિયા બે કરોડનો ખર્ચ થયો છે. તા. ૨૧મી જુલાઈ, ૨૦૦૬ના રોજ સોલા ગ્રામપંચાયતનો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં સમાવેશ થયો.

**સોલા હોસ્પિટલ :** સોલા ગામની ઉત્તર એસ.જી. હાઈવેથી ઓવરબ્રિજ ઉતરતાં ૧૯૮૬માં જિલ્લા કક્ષાની ૫૬ પથારીવાળી સોલા હોસ્પિટલ શરૂ થઈ. સમય જતાં તેનો ખૂબ વિકાસ થયો. ૨૦૦૯માં ૧૫૦ સીટવાળી મેડિકલ કોલેજ શરૂ થતાં, અત્રે ૫૩૦ પથારીઓની હોસ્પિટલમાં સગવડ ઉપલબ્ધ થઈ.



**સર્વાંગી વિકાસ :** સોલા ગામની ચારે દિશામાં ખૂબ નોંધપાત્ર વિકાસ થઈ રહ્યો છે. સોલા બ્રિજની નજીકમાં ગુજરાત હાઈકોર્ટની નવી અદ્યતન ઈમારત નિર્માણ પામી છે. જાણીતા સ્થપતિ હસમુખ પટેલનું આ નિર્માણ છે. ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૯થી ગુજરાત હાઈકોર્ટ અત્રે કામ કરતી શરૂ થઈ છે !

ભાગવત વિદ્યાપીઠની નજીકમાં મહિપતરામ રૂપરાવ આશ્રમની ધર્માદા જમીન હતી. તેમાં ઉમિયા મંદિર ટ્રસ્ટ, ઊંઝા દ્વારા 'ઉમિયા કેમ્પસ' વિકાસ પામ્યું છે અને વિવિધ પ્રવૃત્તિઓ શરૂ કરી છે. સોલા ગામની પડખેથી પસાર થતો સાયન્સ સિટી રોડ આજની તારીખમાં 'હાઈ ડિમાન્ડ'વાળો એરિયા છે. આ રોડ ઉપર SIMS અને HCG જેવી હોસ્પિટલો શરૂ થઈ છે ! SAL એન્જિનિયરીંગ ઈન્સ્ટિટયૂટ પણ છે. આ માર્ગ ઉપર દુનિયાભરના ફુડનાં આઉટલેટ શરૂ થયાં છે. આજુબાજુમાં આશરે ૩૦૦ જેટલી સોસાયટીઓ નિર્માણ પામી છે. પોલીસ ચોકી બહાર 'May I help you'ના બોર્ડ જોવા મળે છે. તેની જેમ સાયન્સ સિટી રોડ ઉપર 'એડ્રેસની પૂછપરછ' માટેનાં ઘણાં બોર્ડ જોવા મળે છે. તેમાં ૮૯૮૦૦૧૦૦૬૮ ઉપર રોહિત પટેલનો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે. રોહિતભાઈ સાયન્સ સિટી રોડ ઉપર આવેલી બધી સોસાયટીના લોકેશનની અપટુડેટ માહિતી આપવાની ઉમદા સેવા બજાવે છે.

સોલા સામાજિક, ધાર્મિક, વૈજ્ઞાનિકદૃ, ન્યાયલક્ષી અને આરોગ્ય સારવાર વગેરે પ્રવૃત્તિઓથી ધમધમી રહ્યું છે. આ રીતે જોતાં ગામના વડીલોના કથન મુજબ 'સોળ આની ટચ જેવું' સોલા કહી શકાય !

*૮૪, શંકર સોસાયટી, વિભાગ-૨*
*અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ-૧૩*
*મો. ૯૮૨૫૦૪૨૨૩૧*

# સામાજિક વિષમતા સામે સ્વામી વિવેકાનંદનો આક્રોશ...

*– કિશોર મકવાણા*

**કે**વું ભારત જગતનું આધ્યાત્મિક ગુરુ બની શકે ? કેવું ભારત વિશ્વને ધાર્મિક સદ્‌ભાવનું શિક્ષણ આપવાની ક્ષમતા ધરાવે છે ? પરાધીન ભારત ? સ્વાભિમાન શૂન્ય ભારત ? કચડાએલું ભારત ? બિચારું - બાપડું ભારત ? અંદરથી તૂટી રહેલું ભારત ? સામાજિક રીતે માંદલું-દૂબળું ભારત ?

આવા સેંકડો પ્રશ્નો વારંવાર સ્વામી વિવેકાનંદને વિચલિત કરી મૂકતા. તેઓ રાતોની રાતો ઊંઘી નહોતા શકતા. ભારત વિશે વિચારતાં વિચારતાં તેઓ ગહન ચિંતનમાં ડૂબી જતા. તેમની આ પીડા જ તેમના ભારતચિંતનનું મુખ્ય કારણ હતી. આવી મનોદશા જ એક સંન્યાસીને વારે વારે ભારતચિંતન માટે વિવશ કરી મૂકતી.

સ્વામી વિવેકાનંદનાં વ્યાખ્યાનોમાં, તેમના પત્રોમાં, તેમની સાથે થયેલા વાર્તાલાપોમાં અભિનવ ભારતની એક સ્પષ્ટ છબિ ઊપસીને સામે આવે છે.

આવો, સ્વામી વિવેકાનંદના સ્વપ્નના આ અભિનવ ભારતનાં દર્શન કરીએ.

પરાધીન ભારતમાં સ્વામી વિવેકાનંદ પ્રથમ વ્યક્તિ હતા, જેમણે બે-ત્રણ શબ્દોમાં જ ‘ભારતની પૂર્ણ સ્વાધીનતા’ની વાત કરી. તેઓ કોઈ રાજકારણી નહોતા, સામાજિક નેતા નહોતા, કોઈ રાજકીય પક્ષ સાથે જોડાવા પણ ઇચ્છતા નહોતા. એક સંન્યાસી અને સંપૂર્ણ ધર્મપુરુષ હોવા છતાં તેમણે સૌ પ્રથમ વખત ભારત માટે સંપૂર્ણ સ્વાધીનતા અત્યંત જરૂરી હોવાની ઘોષણા કરી. ભારતમાં બ્રિટિશશાસનની તેમણે ઈંગ્લૅન્ડ અને અમેરિકામાં જે કઠોર ભાષામાં નિંદા કરી હતી, એવી કઠોર ભાષા બોલવાની હિંમત પછીનાં પચાસ વર્ષો સુધી કોઈ પણ નેતાએ પણ કરી નથી.

ભારતીય રાજનેતાઓ પૂર્ણ સ્વાધીનતાની માગણી કરી, તેનાં બત્રીસ વર્ષ પહેલાં સ્વામી વિવેકાનંદે ધર્મના માધ્યમથી ભારત માટે પૂર્ણ સ્વાધીનતાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું હતું. તેઓ સ્પષ્ટ શબ્દોમાં કહેતા હતા કે વિદેશીશાસન ભલે ગમે તેટલું સારું હોય, તો પણ કદી કલ્યાણકારી નથી હોતું.

એમણે ભારતીય પ્રજાને લલકાર કર્યો : ‘ઓ કેસરી સિંહો,

ઊઠો ! તમે ઘેટાં છો એવી ભ્રમણા દૂર કરો. તમે તો અમર આત્મા છો.’

સ્વામી વિવેકાનંદે કહ્યું હતું :

‘સ્વતંત્રતાની ભાવના વિના તમે હાલીચાલી કે જીવી શકો નહીં. આપણી બધી ચેષ્ટાઓનો હેતુ ઉત્તરોત્તર સ્વાધીન થવાનો છે, કારણ પૂર્ણ સ્વાધીનતા પ્રાપ્ત કર્યા પછી જ આપણે પૂર્ણતા પામી શકીશું. આપણને એ વાતનું જ્ઞાન હોય કે ન હોય, સ્વતંત્રતા મેળવવાની આ ચેષ્ટા જ બધા પ્રકારની ઉપાસના પદ્ધતિનો આધાર છે.’

તેમણે એમ પણ કહ્યું : ‘આપણે જ્યારે પણ સ્વાધીનતા મેળવવી હશે ત્યારે પ્રકૃતિને જીત્યા પછી જ આપણે તે મેળવી શકીશું, પ્રકૃતિથી ભાગીને નહીં. કાયર પુરુષ ક્યારેય પણ વિજેતા થઈ શકતો નથી.

આપણે ભય, કષ્ટ અને અજ્ઞાનની સામે યુદ્ધ કરવું પડશે ત્યારે જ તે આપણી સામેથી

દૂર ભાગશે.’

સ્વામીજીની દેશદાઝથી ઝલકાતી એક આકાંક્ષા હતી... એક સ્વપ્ન હતું કે, ભારતીયો મા ભારતીને હૃદયસિંહાસને સ્થાપીને આ દેશને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત કરે. તેમણે દેશની પ્રજાને ગુલામીની જંજીરો તોડી નાખી ભારતમાતાને મુક્ત કરવા આહ્‌વાન કરતાં કહ્યું : ‘ગુલામોએ હવે શેઠ બનવું જ જોઈએ ! ગુલામ થવાનું છોડી દો. આવતાં પચાસ વરસ સુધી આપણો આ એક જ મુખ્ય સ્વર બનવો જોઈએ : આપણી મહાન માતૃભૂમિ ભારત ! એટલા સમયને માટે બીજા-ત્રીજા દેવોને આપણા મનમાંથી રજા આપી દઈએ.’



તેઓ સ્પષ્ટ શબ્દોમાં કહેતા હતા કે, પ્રાર્થનાઓ કરવાથી કે ઠરાવો પસાર કરવાથી સ્વાધીનતા નહીં મળે. સ્વાધીનતા માટે પ્રત્યેક માણસને જગાડવો પડશે. તેને સ્વાવલંબી, સ્વાભિમાની અને શક્તિશાળી બનાવવો પડશે. તે સિવાય બીજો કોઈ રસ્તો નથી.

તેમણે કહ્યું : 'તમારામાંના દરેકે મહાન શક્તિશાળી બનવું જ જોઈએ. બનવું જ જોઈએ એવા શબ્દો હું વાપરું છું. દરેક પ્રજાનો ઈતિહાસ સાક્ષી છે કે જે વ્યક્તિઓમાં આત્મશ્રદ્ધા હતી એ જ મહાન અને શક્તિશાળી થઈ છે. ભારતવર્ષને અત્યારે ઓછામાં ઓછા એક હજાર યુવાનોની જરૂર છે. ધ્યાન રાખો યુવાનોની જરૂર છે, પશુઓની નહીં.'

તેમણે આધુનિક ભારતના નિર્માણમાં સૌથી પહેલાં 'લોકશક્તિ'ના વિચારનું પ્રતિપાદન કર્યું. તેમણે કહ્યું કે અભિનવ ભારતનું નિર્માણ, સ્વાધીન ભારતનું નિર્માણ લોકશક્તિના જાગરણથી જ થશે. ચેન્નાઈમાં ભાવિ ભારતનું ચિત્ર રજૂ કરતાં સ્વામી વિવેકાનંદે કહ્યું :

'રાષ્ટ્રમાં આજે પ્રગતિ શા માટે નથી ? તે શા માટે આપણે જડ અવસ્થામાં સબડીએ છીએ ? તમારી ત્રીસ કરોડની ઈચ્છાશક્તિ હોવા છતાં એમાંની પ્રત્યેક વ્યક્તિ બધા અલગ-અલગ રાગ આલાપે છે. પોતપોતાના કોચલામાં બંધ છે. એક મહાન ભાવિ ભારત સર્જવાનું સઘળું રહસ્ય સંગઠનમાં, સૌની ઈચ્છાશક્તિને એકત્ર કરવામાં સમાયેલું છે. ઋગ્વેદની એક અદ્‌ભુત ઋચા સાંભરી આવે છે : 'તમારા સર્વેનાં મન એક થાઓ, સર્વેના વિચાર એક થાઓ.' એક મનવાળા થવું તે સમાજની સફળતાનું રહસ્ય છે. ભારત માટે રાષ્ટ્રીય સંગઠન જરૂરી છે. આપણા માટે રાષ્ટ્રીય સંગઠન એટલે જેનાં હૃદયો એકસમાન આધ્યાત્મિક સૂર સાથે તાલ મિલાવીને ધબકતાં હોય તેવા ભારતવાસીઓનું સંગઠન.' તેમણે લંડનથી લખેલા એક પત્રમાં પણ આ વાતનો ઉલ્લેખ કરતાં કહ્યું : 'સંગઠન એક શક્તિ છે. આપણે સંગઠનની જરૂર છે.'

આ ભાષા કોઈ મહાન સ્વપ્નદ્દષ્ટા ક્રાંતિકારીની ભાષા નથી ? એક એવો સ્વપ્નદ્દષ્ટા, જે ભારત અને હિન્દુ સમાજને નૂતનમાર્ગે લઈ જવા માટે પૂરા આક્રોશથી લલકારી રહ્યો હોય.

સ્વામીજી કહે છે : 'હું છાપામાં વાંચું છું કે જ્યારે કોઈ એક અંગ્રેજ આપણા એકાદ માણસને મારી નાખે છે કે તેના પ્રત્યે ખરાબ વર્તન દાખવે છે ત્યારે આખા દેશમાં હો હા મચી જાય છે. એ હું વાંચું છું અને મને રડવું આવે છે, પરંતુ બીજી જ ક્ષણે મારા મનમાં પ્રશ્ન ઊઠે છે કે એના માટે જવાબદાર કોણ ? હિન્દુ તરીકે હું મારી જાતને એ સવાલ પૂછ્યા વગર રહી શકતો નથી. હિન્દુ અંતર્મુખ સ્વભાવનો માણસ છે, ઘટનાઓને એ પોતાની અંદર અને પોતાના દ્વારા અંતર્મુખ દૃષ્ટિથી જોવા ઈચ્છે છે. એટલા માટે, હું મારી જાતને પૂછું છું કે આના માટે જવાબદાર કોણ છે ? દરેક વખતે જવાબ આવે છે કે અંગ્રેજો નહીં, જવાબદાર તેઓ નથી. આપણાં બધાં દુઃખો અને આપણી બધી અધોગતિ માટે જવાબદાર આપણે સ્વયં જ છીએ. આ સ્થિતિમાંથી બહાર આવવાનો માર્ગ કયો છે ? ભારતની આ અધોગતિ, આ દુઃખોનું નિવારણ કઈ રીતે થઈ શકે ?' આવા સવાલોના જવાબ આપીને સ્વામીજી માર્ગ ચીંધતા કહે છે :

'જો વંશપરંપરાની દલીલવાળી ભૂમિકા ઉપરથી તમે કહેવા માગતા હો કે બ્રાહ્મણમાં વિદ્યા માટેનું વલણ શૂદ્રો કરતાં વધુ પ્રમાણમાં છે, તો પછી બ્રાહ્મણના શિક્ષણ માટે વધુ પૈસા ખરચવાનું બંધ કરી દઈ બધો પૈસો શૂદ્રોના શિક્ષણ માટે ખર્ચો. નબળાને સહાય આપો, ખરી મદદની જરૂર જ ત્યાં છે.'

એક હિન્દુ પોતાના જ હિન્દુ બાંધવને અડે નહીં, એને સાવ તુચ્છ-હલકો ગણીને એની સાથે પશુથી પણ બદતર વ્યવહાર કરે એ કઈ રીતે ચાલે ? આ માનસિકતામાં બધા એક-એકાત્મ-એકરસ કઈ રીતે બને ? વંચિત બાંધવોની અજ્ઞાનતા-ગરીબાઈ આ બધું જોઈ સ્વામીજી રાતોની રાત ઊંઘી શકતા નહીં. ભારતના છેવાડાના માનવીના ઉત્થાનની ચિંતા કરતાં સ્વામીજીએ અમેરિકાથી પોતાના શિષ્ય શશીને લખેલા એક પત્રમાં લખ્યું : 'ઉચ્ચ વર્ણના લોકો નીચા વર્ણના લોકોને જે રીતે પજવે છે, તેના ભયંકર અનુભવો મને થયા છે, જે ધર્મ ગરીબોનાં દુઃખ દૂર ન કરે અને માનવને દેવ ન બનાવે એને શું ધર્મ કહેવાય ? આપણો ધર્મ એટલે કેવળ 'અડશો નહીં, અડશો નહીં છે'....જે દેશમાં લાખ્ખો લોકો મહુડાનાં ફૂલ ખાઈને જીવે છે.... તેમની ઉન્નતિના પણ પ્રયત્ન થયા નથી, તેને દેશ કહેવો કે નરક ? આ બધાંનો તેમજ ગરીબાઈ અને અજ્ઞાનનો વિચાર કરતાં હું ઊંઘી શકતો નથી. ભારતના અંતિમ ભૂમિપ્રદેશ પર મા કન્યાકુમારીના મંદિરમાં બેસીને મેં એક યોજના વિચારી છે. આપણે કેટલાય સંન્યાસીઓ ભટકીએ છીએ અને લોકોને અધ્યાત્મવિદ્યા શીખવીએ છીએ, પણ આ બધું ગાંડપણ છે. આપણા ગુરુદેવ કહેતા કે 'ભૂખ્યે પેટે ધર્મ ન થાય.'...કેટલાક પરહિતકારી નિઃસ્વાર્થી સંન્યાસીઓ ગામડે ગામડે જાય અને કેળવણીનો પ્રચાર-પ્રસાર કરે, ચાંડાલ સુધીના તમામ વર્ગોની સ્થિતિ સુધારવા માટે સાચા દિલથી સક્રિય બનો. મૌખિક શિક્ષણ, નકશા, ચિત્રો આદિ સાધનો વડે શિક્ષણ ફેલાવવાનો પ્રયાસ કરે, તો શું સમય જતાં કંઈ સારું પરિણામ ન આવે ?

પોતાના જીવનના અંતિમ દિવસોમાં સ્વામીજી મઠમાં રહેતા ત્યારે કેટલાંક ગરીબ મજૂરો જમીનને સમથળ કરવાનું કામ કરતા. શારીરિક રીતે ક્ષીણ સ્વામીજી ક્યારેક એમની પાસે જઈને એમના પરિવાર અને જીવન વિશે પૂછતા. એમનાં દુઃખદર્દ જાણી સ્વામીજીનું હૈયું રડી ઊઠતું. એમણે પોતાના સંન્યાસીઓને એ પછી કહ્યું : 'જુઓ, આ ગરીબ અભણ લોકો કેવા ભોળા છે ? તમે એ લોકોનું થોડું પણ દુઃખ ટાળી શકશો ? જો એવું ના કરી શકીએ તો આ ભગવાં વસ્ત્રો પહેરીને ફરવાનો શો અર્થ છે ? બીજાના કલ્યાણ માટે સર્વસ્વનો ત્યાગ કરવો એનું નામ જ સંન્યાસ. અફસોસ ! આપણા દેશભાઈઓને જ્યારે પૂરતું અન્ન કે વસ્ત્રો મળતાં નથી, ત્યારે આપણા ગળે કોળિયો કેમ ઊતરે છે ? આપણી વિદ્વત્તાનો અહંકાર, શાસ્ત્રોનો અભ્યાસ અને મુક્તિની સાધનાને એકબાજુ મૂકીને ગરીબોની સેવામાં મગ્ન થઈને ગામેગામ ફરીએ. આપણે આપણાં ચારિત્ર્ય, આધ્યાત્મિકતા અને કઠોર તપસ્યાથી અમીરોને પ્રજા પ્રત્યેનો એમનો ધર્મ સમજાવીએ અને દીન-દુઃખી લોકોને સહાય કરવા માટે એમને પીગળાવીએ.

અરેરે ! આ દેશમાં દીન-દુઃખી અને નીચલી જાતિના લોકોનો કોઈને વિચાર આવતો નથી ! આ લોકો રાષ્ટ્રનો આધાર સ્તંભ છે. એમના પરિશ્રમથી અનાજ પાકે છે. એમના પ્રત્યે સહાનુભૂતિ દાખવી, એમનાં સુખ-દુઃખમાં ભાગ લે એવા આપણા દેશમાં કોણ છે ? એમના વટલાવાનું સાચું કારણ તો એ છે કે તમે તેમના પ્રત્યે સહાનુભૂતિ - મમતા દાખવતા નથી ! શું આ દેશમાં ભ્રાતૃભાવ કે ધર્મભાવના જેવી કોઈ વસ્તુ રહી નથી ? કેવળ 'આભડછેટ'નો વાદ ચાલી રહ્યો છે. મને તો એમ થઈ આવે છે કે આવી આભડછેટનાં બંધનોને તોડીફોડી નાંખુ અને બધાંને ભેગાં કરીને બૂમો પાડું કે દીનહીન, પતિત અને પદદલિત લોકો ! આવો! આપણે રામકૃષ્ણના નામે એક જ છીએ.

જ્યાં સુધી આ લોકો ઊંચે આવશે નહીં ત્યાં સુધી માતૃભૂમિ જાગશે નહીં.' દેશભક્તિનો માપદંડ કયો હોઈ શકે ? સ્વામીજી કહે છે : 'દેશભક્ત થવાનું પહેલું પગલું એ છે કે ભૂખે મરતાં લાખ્ખો દેશબંધુઓ માટે લાગણી ધરાવવી.'

શિકાગોથી પોતાના ગુરુભાઈ રાખાલને સ્વામીજીએ ૧૯ માર્ચ, ૧૮૯૪ના રોજ એક પત્ર લખ્યો હતો, તેમાં પણ તેમણે લખ્યું હતું- આપણી જાતિ પોતાની સ્વતંત્રતા ખોઈ બેઠી છે અને એ જ ભારતની બધી આપત્તિનું કારણ છે. આપણે આપણી જાતિને તેની ખોવાયેલી સ્વતંત્ર સત્તા પાછી અપાવવી પડશે.'

તેમણે ઉચ્ચવર્ણના લોકોને આહ્‌વાન કર્યું કે સમાજની નીચલી જાતિઓ પાસે જઈને કહો કે 'તમે જ રાષ્ટ્રનો પ્રાણ છો. તમારી અંદરની પ્રચંડ શક્તિને જાગ્રત કરી દુનિયાને ઉલટાવી દો ! ઊઠો અને બંધનો ફગાવી દો. તેમની વચ્ચે જઈને નિશાળો ખોલો.'

સામાજિક સમરસતા, સમતા-મમતાની વાતની સાથોસાથ સ્વામીજીએ ભારતની મહાન સાંસ્કૃતિક પરંપરાની પણ વારંવાર ઘોષણા કરી, હિન્દુઓને એ મહાન પરંપરાનું ગૌરવ લઈ એથી પણ વધારે મહાન પરંપરા સર્જવાનું આહ્‌વાન કર્યું.

તેઓ કહેતા : 'પ્રાચીન પુરુષો મહાન હતા, પણ આપણે એથીયે વધુ મહાન થવાનું છે. ભૂતકાળમાં તેમણે મહાન કાર્ય કર્યું, આપણે એથીયે વધુ મહાન કાર્ય કરી બતાવવાનું છે. પ્રાચીન ભારતમાં સેંકડો ઋષિઓ હતા, આપણે લાખ્ખો થઈશું અને તમારામાંનો દરેક આ બાબતમાં જેટલો વહેલો શ્રદ્ધા રાખે તેટલું ભારતને માટે અને સમગ્ર દુનિયાને માટે ભલું છે. જેવી તમારી શ્રદ્ધા, તેવા તમે થશો. જો તમે પોતાને ઋષિ માનશો તો ભવિષ્યમાં તમે ઋષિ થશો. તમારી આડે આવે એવું કશું જ નથી.'

તેમણે કહ્યું છે : 'જ્યારે ભારતનો સાચો ઇતિહાસ પ્રગટ થશે ત્યારે એ પુરવાર થશે કે ધર્મની બાબતમાં તેમજ સૂક્ષ્મકળાના વિષયમાં પણ ભારત સમસ્ત વિશ્વનો આદિ ગુરુ છે.'

સ્વામીજીના સ્વભાવનું એક વિશિષ્ટ પાસું એ હતું કે, તેઓ લોકોમાં એવો જુસ્સો પ્રેરી શકતા કે એ લોકોને એમ જ થતું કે ગમે તેવું મુશ્કેલ કાર્ય પણ સિદ્ધ થઈ શકશે. મનુષ્યનું ગૌરવ કાર્યસિદ્ધિમાં નહીં પણ એની ભાવનામાં રહેલું છે,



એ સત્યનો એમને પૂરેપૂરો ખ્યાલ હતો. મનુષ્યના આત્મામાં અનંત શક્યતાઓ રહેલી છે એમ તેઓ દઢપણે માનતા હતા. જેનામાં આત્મશ્રદ્ધા હોય એવા મનુષ્ય માટે કોઈ વસ્તુ અશક્ય હોતી નથી. તેઓ કાયમ કહેતા કે, 'વિશ્વનો ઈતિહાસ એટલે થોડાક આત્મશ્રદ્ધાવાન મનુષ્યોનો ઈતિહાસ. શ્રદ્ધા મનુષ્યની અંદર રહેલા દેવત્વને જાગ્રત કરે છે. એનાથી તમે કોઈ પણ કાર્ય સિદ્ધ કરી શકો છો. જયારે તમે એ અનંત શક્તિને પ્રગટાવવાનો પ્રયત્ન પૂરતી રીતે ન કરો ત્યારે જ તમે નિષ્ફળ જાવ છો. પહેલાં તમારા પોતાનામાં શ્રદ્ધા રાખો અને પછી ઈશ્વરમાં...મુઠ્ઠીભર શક્તિશાળી મનુષ્યો આખી દુનિયાને ધ્રુજાવી શકે.'

મનુષ્યની મહાનતા, તેના સામર્થ્ય પર ભાર મૂકતાં સ્વામીજી કહે છે : 'આજે આપણા માટે આત્માની અદ્‌ભુત ભાવનાની, તેની શાશ્વત શક્તિની, તેના શાશ્વત સામર્થ્યની તેની શાશ્વત પવિત્રતાની અને તેની શાશ્વત પૂર્ણતાની આવશ્યકતા છે.' આ આત્મવિશ્વાસ, સામર્થ્ય, શક્તિ કેવી રીતે આવે ? તે માણસની અંદરથી જ પ્રગટે છે. સ્વામીજી આ વાતને વધુ સ્પષ્ટતાથી સમજાવવા રાણી મદાલસાની કથા કહે છે : 'આપણા એક પુરાણમાં મનની શક્તિની આ વાત લખેલી છે. રાણી મદાલસાએ પોતાને બાળક જન્મતાં જ એને પોતાના હાથે પારણામાં સુવડાવ્યું અને પારણું ઝુલાવતાં હાલરડું ગાવા લાગી કે, 'તું શુદ્ધ છે, તું પવિત્ર છે, તું નિરંજન છે, તું જ્ઞાનમય છે, તું મહાન છે, તું શક્તિમાન છે.' મદાલસાની આ વાતમાં ઘણું તથ્ય સમાયેલું છે. તમે મહાન છો, સામર્થ્યશાળી છો એવી મનમાં ગાંઠવાળો, દઢ સંકલ્પ કરો, એટલે તમે જરૂર મહાન થશો જ.'

'મારાં બહાદુર બાળકો ! તમે મહાનકાર્ય કરવા જ સર્જાયાં છો, એવી શ્રદ્ધા રાખો.'

'ત્યાગ એ જ ભારતનું નિશાન છે, એ જ વિશ્વ ઉપર ફરકી રહેલો ભારતનો ધ્વજ છે. મરતી પ્રજાઓને ચેતવણીરૂપે, દરેક પ્રકારના જુલમને ચેતવણીરૂપે, જગતમાંની દુષ્ટતાને ચેતવણીરૂપે, એ જ અવિનાશી ભાવના ભારત વારંવાર મોકલી રહ્યું છે. ઓ હિંદુઓ ! એ ધ્વજ પરની તમારી પકડ ઢીલી થવા દેશો નહીં. એને ઊંચો રાખજો. તમે નબળા હો અને ત્યાગ ન કરી શકો તો પણ આદર્શને નીચા પાડશો નહીં.'

સંન્યાસી હોવા છતાં પણ સંન્યાસ પરંપરાનો રાષ્ટ્રપુરુષ શિકાગોમાં બેસીને રાષ્ટ્ર માટે ખોવાયેલી 'સ્વતંત્ર સત્તા' પાછી મેળવવાની વાત કરી રહ્યો હતો. આ આપણા સૌ માટે સુખદ આશ્ચર્ય અને ગૌરવની વાત નથી ? આ રાષ્ટ્ર છે ક્યાં ? એનું સરનામું કયું છે ? '

શિકાગોથી ૨૪ જાન્યુઆરી, ૧૮૯૪ના રોજ પોતાના ચેન્નઈના શિષ્યોને સ્વામી વિવેકાનંદે પત્રમાં લખ્યું હતું :

'યાદ રાખો કે રાષ્ટ્ર ઝૂંપડીઓમાં વસેલું છે, પરંતુ અફસોસ ! સમાજના કહેવાતા અગ્રણીઓએ એ દિશામાં ક્યારેય કાંઈ ના કર્યું..... શું તમે સમાજના એક મોટા વર્ગની ઘોર ઉપેક્ષા કરીને પ્રજાની ઉન્નતિ કરી શકો છો ? તેમની આધ્યાત્મિક વૃત્તિના વિકાસ વગર શું તેમનું ખોવાયેલું વ્યક્તિત્વ પાછું લાવી શકો છો ?'

ભારત શક્તિશાળી બનશે કેવી રીતે ? જ્યાં સમાજના એક મોટા વર્ગને અસ્પૃશ્ય માનીને તેમની સાથે પશુઓ જેવો વ્યવહાર કરવામાં આવતો હોય ત્યાં સમાજ કેવી રીતે શક્તિશાળી બની શકે ? અસંગઠિત સમાજ કેવી રીતે આફતોનો મુકાબલો કરી શકે ?

સ્વામીજી જાણતા હતા કે આપણા સમાજના સ્વભાવમાં સંગઠનશક્તિની મોટી ખોટ છે. એથી જ એમણે કહ્યું : 'સંગઠિત થયા વગર છૂટકો જ નથી.'

સ્વામી વિવેકાનંદે કહ્યું કે સમાજના કોઈ પણ અંગની અવગણનાને હું અધમમાં અધમ રાષ્ટ્રીય પાપ સમજું છું અને એ જ આપણા અધઃપતનનું કારણ છે. આપણે જો ભારતનું પુનર્નિર્માણ કરવું હશે તો આપણે આપણા પીડિત બંધુઓ માટે કામ કરવું જ પડશે. સ્વામીજીની બહુ સ્પષ્ટ માન્યતા હતી કે અસ્પૃશ્યતા એક અભિશાપ છે, એક મહાપાપ છે અને એટલે જ સ્વામીજીએ કહ્યું, 'આપણા પતનનું સૌથી મોટું કારણ એ જ છે. સ્વામી હરિપદને લખેલા એકપત્રમાં તેમણે કહ્યું હતું : 'શું આપણે મનુષ્યો છીએ ? જો આપણા દેશમાં કોઈ વ્યક્તિ નીચલી જાતિમાં જન્મ લે છે, તો તેને કાયમ માટે તિરસ્કૃત સમજવામાં આવે છે. તેના માટે કોઈ આશા-વિશ્વાસ રહેતો નથી. ડગલેને પગલે તેને હડધૂત કરવામાં આવે છે. શું આ ઓછો અત્યાચાર છે ?...ભારતના આવા લાખ્ખો તરછોડાએલાં માટે કેટલા લોકો અશ્રુ વહાવે છે ? હે ભગવાન ! શું આપણે મનુષ્યો છીએ ? તમારાં ઘરોની ચારેબાજુ પશુવત્ મનાતા જે શૂદ્ર-અસ્પૃશ્ય છે. તેમની ઉન્નતિ માટે તમે શું કરો છો ? તેમના મુખમાં ખાવાનો એક કોળિયો દેવા માટે શું કરો છો ? તેમને અડતા પણ નથી અને તેમને 'હડ્....'-'હડ્...' કહીને ભગાડી દો છો. હજારો સાધુ-બ્રાહ્મણો ભારતની દલિત, ગરીબ પ્રજા માટે શું કરે છે ? 'અડીશ નહીં', 'અડીશ નહીં' બસ, એક રટણ લગાવે છે. હવે ધર્મ ક્યાં રહ્યો ? તમે હજારો કે લાખો મતમતાંતરની ચર્ચા કરો, સેંકડો સંપ્રદાયોની સ્થાપના કરો, પણ જયાં સુધી સમાજના છેવાડે બેઠેલા માણસ માટે લાગણી નહીં હોય ત્યાં સુધી બધું જ નકામું છે. ગરીબ તથા ધનિક, ઉચ્ચવર્ણ કે

નિમ્ન વર્ગ, પુણ્યવાન કે પાપી - બધા જ તમે જેને બ્રહ્મ કહો છો એ એક-અનંતના જ ભાગ છે.'

આ મહામાનવના હૃદયમાં ભભૂકતી વેદના હતી. એ સમયના સમાજમાં અસ્પૃશ્યોની દશા જોઈને એમનું કાળજું પીડાથી વલોવાઈ જતું હતું. જરાયે શબ્દો ચોર્યા વગર એમણે પોતાની વેદનાને શબ્દોમાં વ્યકત કરી. દંભી સમાજની પરવા કર્યા વગર હૈયામાં જે સાચી લાગણી હતી એને પૂરી નિષ્ઠાથી નીડર બનીને વ્યકત કરી. ઉચ્ચવર્ણની શેખી મારનારાઓનો ઊધડો લેતાં એમણે કહ્યું : 'કુલીનતાની શેખી મારનારા આપણા પૂર્વજો દેશના સામાન્ય જનસમાજને એડી નીચે કચડતા જ ગયા. એમના પર એટલા અત્યાચારો ગુજારવામાં આવ્યા કે પોતે માણસ છે એ ભાન પણ એમનામાંથી ચાલ્યું ગયું.'

સ્વામી વિવેકાનંદ સ્પષ્ટ માનતા હતા કે અસ્પૃશ્યતા અને અમુક લોકોને નીચા સમજવા એ પૂરેપૂરું ધર્મવિરુદ્ધ છે. તેમણે કહ્યું કે વેદોમાં એવું એક પણ વાક્ય નથી કે જેમાં કહેવાયું હોય કે બધા લોકો વેદપાઠ ના કરી શકે. વેદ બધા માટે છે. જ્ઞાન સર્વ માટે છે. કોઈપણ વ્યક્તિ વેદજ્ઞાતા વિદ્વાન બની શકે છે. કોઈ પણ વ્યક્તિ ઋષિ બની શકે છે. શૂદ્ર પણ બ્રાહ્મણત્વ પ્રાપ્ત કરી શકે છે.

ઢાકામાં અત્યંત પ્રભાવશાળી ભાષણ દેતાં સ્વામીજીએ કહ્યું હતું : 'વાત્સ્યાયન કહે છે : જેણે યથાશક્ય ધર્મની પ્રત્યક્ષ અનુભૂતિ કરી હોય, એ જ કેવળ ઋષિ થઈ શકે છે. ભલે જન્મથી તે મલેચ્છ પણ કેમ ના હોય ! તેથી જ પ્રાચીનકાળમાં નીરજ પુત્ર વસિષ્ઠ, ધીવરતનય વ્યાસ, દાસીપુત્ર નારદ મહાન ઋષિઓ કહેવાતા હતા. સાચી વાત એ છે કે સત્યનો સાક્ષાત્કાર થયા પછી કોઈ પણ પ્રકારનો ભેદભાવ નથી રહેતો.' મહાન ભારતની કલ્પના રજૂ કરતી વખતે સ્વામીજીએ જ્ઞાતિગત અહંકાર અને આભડછેટનું પાપ કરનારાઓને ફિટકાર આપ્યો.

સ્વામીજીનો તર્ક એવો હતો કે જો તથાકથિત નિમ્ન કુળમાં જન્મ લઈને વ્યાસ, વાલ્મીકિ, વસિષ્ઠ અને નારદ જેવી વ્યક્તિઓ ઋષિ ગણાય છે, તેમને પૂજ્ય માનવામાં આવે છે તો સ્પષ્ટ છે કે આ જ્ઞાતિપ્રથા જન્મગત નથી.

શ્રી રામકૃષ્ણ પરમહંસના એક જન્મોત્સવ પ્રસંગે સ્વામી વિવેકાનંદે સમાજની કહેવાતી પછાત જાતિના યુવકોના ઉપનયન સંસ્કાર કર્યા. તેમને બ્રાહ્મણ બનાવીને તેમની પૂજા કરી અને સમાજમાં પ્રતિષ્ઠિત બનાવ્યા. કેટલાક લોકો દ્વારા વિરોધ થયો ત્યારે તેમણે કહ્યું કે હું જે કરી રહ્યો છું, તે પૂરેપૂરું શાસ્ત્રસંમત છે. આવા ક્રાન્તિકારી હતા વિવેકાનંદ. સચ્ચાઈ માટે સામા પૂરે તરવાની તાકાત હતી એમની પાસે.અસ્પૃશ્યો-શોષિતોની પીડા તેમનાથી જોઈ શકાતી નહોતી. સ્વામીજી સામાજિક સમાનતાની દૃષ્ટિએ પૂરેપૂરી સામાજિક સમરસતાના હિમાયતી હતા. સોવિયેત સંઘની સામ્યવાદી ક્રાંતિનાં વીસ વર્ષ પહેલાં અને ભારતમાં સામ્યવાદી પક્ષની સ્થાપનાનાં પચાસ વર્ષ પૂર્વે સ્વામી વિવેકાનંદે ઘોષણા કરી હતી કે સામાજિક સમાનતાની દૃષ્ટિએ 'હું સમાજવાદી છું.' જો કે એ દુઃખદ આશ્ચર્ય જ છે કે આવા ક્રાંતિકારી અને યુગપ્રવર્તક ચિંતક અને વિચારકને ભારતના સામ્યવાદીઓ વર્ષો સુધી પ્રતિક્રિયાવાદી કહીને તેમની ઉપેક્ષા અને અનાદર કરતા રહ્યા.

ભારતમાં હરિજનોના ઉદ્ધાર અને ઉત્થાન માટે વીસમી સદીમાં મહાત્મા ગાંધી અને ડૉ.ભીમરાવ આંબેડકરે જે અભિયાન ચલાવ્યું હતું તે પૂર્વે પચીસ વર્ષ પહેલાં તે અભિયાનના શ્રીગણેશ સ્વામી વિવેકાનંદ કરી ચૂક્યા હતા. એમણે ઉગ્ર શબ્દોમાં હિન્દુ સમાજમાં વ્યાપેલી નાત-જાતની હીન ભાવનાની આકરા શબ્દોમાં ટીકા કરી હતી અને અશ્પૃશ્યોને લઘુતાગ્રંથિનો ત્યાગ કરી શક્તિશાળી બનવા આહ્‌વાન આપ્યું હતું.

સ્વામીજીની આકાંક્ષા હતી-સમાજના છેવાડાના માનવીની ઉન્નતિ. એમણે રાષ્ટ્રના યુવાવર્ગને ભારતના કરોડો દલિત-પીડિતજનોની સેવામાં લાગી જવા આહ્‌વાન કર્યું. એમણે કહ્યું, 'અસ્પૃશ્યો, શૂદ્રો અને એવા બીજા લોકોની પાસે જાઓ અને એમને કહો, 'તમે સૌ રાષ્ટ્રના પ્રાણ છો અને જગતમાં ક્રાંતિ લાવે એવી અનંત શક્તિ તમારામાં ભરેલી છે. ઊભા થાઓ અને બેડીઓ તોડી નાખો, એટલે આખું જગત તમારું થઈ જશે.'

તેમણે કહ્યું : 'ઉપનિષદો તો સામર્થ્યની મોટી ખાણ છે. એ ઉપનિષદો દરેકે દરેક જ્ઞાતિના દુર્બળોને, દુઃખીઓને અને દલિતોને રણશિંગું ફૂંકીને ઘોષણા કરે છે કે તમારા પગ પર ઊભા રહો અને મુક્ત થાઓ ! ઉપનિષદોનો મૂળ મંત્ર છે મુક્તિ - શારીરિક મુક્તિ, માનસિક મુક્તિ અને આધ્યાત્મિક મુક્તિ.'

અસ્પૃશ્યતા નાબૂદ કરવાનો અને દલિત ઉત્થાન કરવાનો સર્વશ્રેષ્ઠ રસ્તો કયો છે ? શું વર્ગસંઘર્ષ કરવો તે? એ તો સમાજને તોડવા સમાન થશે, તો પછી ? સ્વામી વિવેકાનંદે રસ્તો બતાવ્યો : 'તે માટે બે દિશાઓમાં કાર્ય થાય. એક તો અવારનવાર સાધુ સંતો, સંન્યાસીઓ દ્વારા અસ્પૃશ્યતાના વિરોધમાં વિચારો વ્યક્ત કરવામાં આવે. ધર્મગુરુઓ વારંવાર જનતાની વચ્ચે જઈને સમજાવે કે અસ્પૃશ્યતા પાપ છે, સનાતન ધર્મની વિરુદ્ધ છે. બીજું, કહેવાતા અસ્પૃશ્યોને સુશિક્ષિત કરવામાં આવે. તેમના માટે

મોટા પ્રમાણમાં શાળાઓ ખોલવામાં આવે. તેમને ધર્મશાસ્ત્રો ભણાવવામાં આવશે તો જ તેમનો આર્થિક અને સામાજિક સ્તર ઊંચો આવશે. જો આ લોકો વિદ્વાનો અને પંડિતો હશે અને સમાજમાં તેઓ ઊંચા હોદ્દાઓ પર હશે તો તેઓ પણ બ્રાહ્મણોની જેમ ઉચ્ચ સ્થાને જઈ શકશે. બધા જ તેમને પણ પ્રતિષ્ઠા આપશે. બ્રાહ્મણત્વ કર્મગત છે, જન્મગત નહીં. વ્યક્તિ કર્મથી બ્રાહ્મણ અને પૂજ્ય હોય છે. જન્મથી નહીં.' દીનહીન લોકોને જાગ્રત કરતાં સ્વામીજીએ કહ્યું, 'ભણો, ભણો અને બ્રાહ્મણ થઈ જાઓ. સંસ્કૃત શીખો, બ્રાહ્મણો પાસેથી તેમનો એકાધિકાર છીનવી લો. વિદ્વત્તા કોઈની અંગત મિલકત નથી. તમે પણ વિદ્વાન થઈને આદરપાત્ર બની શકો છો.'

સ્વામી વિવેકાનંદે ખૂબ જ આકરા શબ્દોમાં સામાજિક વિષમતાની ટીકા કરી. ધર્મના નામે ઘર કરી ગયેલાં દૂષણો અને કુપ્રથાઓ જ મહાન ભારતના નિર્માણમાં અડચણરૂપ છે એવી એમણે ઘોષણા કરી, સમાજની એકાત્મતા, સમરસ સમાજ અને રાષ્ટ્રના ભલા માટે વાહિયાત કુરિવાજોને ફગાવી દેવા તેમણે હિન્દુઓને આહ્‌વાન કર્યું.

સ્વામીજી જાણતા હતા કે ભારતમાં ઘણી રૂઢિચુસ્તતા છે. જાતજાતની કુપ્રથાઓ અને કુરિવાજોની બેડીઓ પ્રજાના પગમાં પડેલી છે. તેઓ કહેતા હતા : 'આ બેડીઓને તોડી નાખવી પડશે. મનુષ્યને જ ભગવાન માનીને તેની સેવા કરવી જોઈશે.' તેઓ કહેતા હતા : 'આ બેડીઓને તોડી નાખવી પડશે. મનુષ્યને જ ભગવાન માનીને તેની સેવા કરવી જોઈશે.' પોતાના એક ગુરુભાઈને તેમણે એક પત્રમાં લખ્યું હતું : 'જો ભારતમાતાનું ભલું ચાહતા હો તો ઘંટ વગેરેને ગંગાજીમાં પધરાવી દઈ સાક્ષાત્ ભગવાન નારાયણના વિરાટ સ્વરૂપની અને સ્વરાષ્ટ્રની - માનવ દેહધારી પ્રત્યેક મનુષ્યની પૂજામાં તત્પર રહો. આ રાષ્ટ્ર જ ભગવાનનું વિરાટ સ્વરૂપ છે અને તેમની પૂજાનો અર્થ છે તેમની સેવા. વાસ્તવમાં એનું જ નામ કર્મ છે, નિરર્થક વિધિ, ઉપાસના કે પ્રપંચ એ ધર્મ નથી. બીજા પ્રાણીઓની સરખામણીમાં માનવી વધારે ઊંચો છે. દેવો કરતાં પણ તે વધારે ઊંચી પંક્તિનો છે. મનુષ્યથી વધારે ઊંચું કોઈ નથી. દેવોએ પણ મોક્ષ મેળવવા માનવદેહ ધારણ કરવો પડે છે. માનવમાત્રને ઈશ્વરસ્વરૂપે જુઓ. દીનહીન-શૂદ્રને નારાયણ સ્વરૂપ માની એની સેવા કરો. દુઃખી, દરિદ્ર અને નિર્બળ જ તારાં દેવ છે.' આવા શબ્દો ઉચ્ચારતી વખતે સ્વામીજીના હૃદયમાં આનંદ નહોતો. સમાજની દંભી તાસીર જોઈને એમનું હૃદય કકળતું હતું. સમાજનો દંભ જોઈને એ સાચી લાગણીથી એ હૃદયનો ઉભરો ઠાલવતા હતા.

પહેલી મે, ૧૮૯૭નો દિવસ સ્વામીજીનો જીવનનો યાદગાર દિવસ બની રહ્યો. એ દિવસે સ્વામીજીએ પોતાના વિચારોને સાકાર કરવા શિષ્યો-સંન્યાસીઓ અને હિતેચ્છુઓની હાજરીમાં 'શ્રી રામકૃષ્ણ મિશન'ની સ્થાપના કરવાનો સંકલ્પ જાહેર કર્યો. મિશનનો ઉદ્દેશ્ય હતો : માનવકલ્યાણ, વેદાંત અને આધ્યાત્મિકતાનો પ્રચાર-પ્રસાર, સામાજિક સમરસતા અને દરિદ્રનારાયણની સેવા. આ મિશને માનવમાત્રની સેવા કરવાના સંકલ્પ સાથે ઉપેક્ષિત, શોષિત, પીડિત લોકોની સેવાની શરૂઆત કરી. સંન્યાસીઓની એક પરંપરા, એક શૃંખલા તૈયાર થવા લાગી. સ્વયં સ્વામીજી તેમને શિક્ષણ આપતા, પ્રશિક્ષણ આપતા અને માનવસેવાના માધ્યમથી મોક્ષ પ્રાપ્ત કરવાનો માર્ગ સમજાવતા. તેમણે કહ્યું : 'સામાન્ય માણસની ઉપેક્ષા એ જ મારી નજરે આપણી પ્રજાનું મહાન પાપ છે. આપણી અધોગતિનું પણ એ મુખ્ય કારણ છે. જ્યાં સુધી છેવાડાના આ વર્ગને સારી કેળવણી, સારો ખોરાક નહીં મળે - એની સંભાળ નહીં રાખીએ ત્યાં સુધી ગમે તે કરીએ કોઈ અર્થ નથી.'

સ્વામી વિવેકાનંદે રૂઢિચુસ્તતા અને કુપ્રથાઓ ત્યાગીને ભારતમાતાને દેવી સ્વરૂપે જાણીને ફક્ત તેની જ આરાધના કરવાનો આગ્રહ કર્યો. તેમણે કહ્યું :

'આગામી પચાસ વર્ષ માટે આ જગદ્ જનની જન્મભૂમિ ભારતમાતાને જ આરાધ્યદેવી માનો. પોતાનું બધું જ ધ્યાન આ એક જ દેવી માટે કેન્દ્રિત કરો. આપણો દેશ જ આપણા જાગ્રત દેવતા છે. સમજો કે બીજા દેવીદેવતા સૂઈ ગયાં છે. જે વિરાટ દેવતાને આપણી ચારેબાજુ જોઈ રહ્યા છીએ, તેમની જ પૂજા આપણે કરીએ !'

સ્વામીજી દેશમાં રહેનારાં કરોડો દીનહીન મનુષ્યોને 'દરિદ્રનારાયણ' કહે છે. એ લોકો જ ભગવાનનાં સાક્ષાત્-સાકાર રૂપ છે. બધી કુપ્રથાઓ, કુરિવાજો ત્યજીને આ દરિદ્રનારાયણની પૂજા કરો. આ દેશની જનતા જ રાષ્ટ્ર છે. આ જ રાષ્ટ્ર વંદનીય છે. આવી દેશભક્તિ જ પરમાત્માની સર્વશ્રેષ્ઠ આરાધના છે.

એમણે તો ત્યાં સુધી કહ્યું કે દરિદ્રનારાયણો, અંધનારાયણો અને ક્ષુધાર્તનારાયણોને દરરોજ દરેકે ઘેર બોલાવવા અને જેવી રીતે ભગવાનની પ્રતિમાની પૂજા કરીએ છીએ તેમ એમને અન્ન-વસ્ત્ર વગેરે દ્વારા તૃપ્ત કરીને, પૂજા કરીએ. શિવસ્વરૂપ સમજીને કરેલી જીવોની સેવા એ પૂજાનો સર્વોચ્ચ પ્રકાર છે અને અત્યારે ભારતમાં સૌથી વધુ આવશ્યક હોય તો એ આ પ્રકારની નારાયણ પૂજા છે.

આ વિચારો ધાર્મિક-સામાજિક જરૂર હતા, પણ એ સંપૂર્ણપણે અભિનવ વિચારો હતા. સ્વામી વિવેકાનંદના

આધ્યાત્મિક વિચારોમાં રાષ્ટ્રવાદનો ધ્વનિ નિરંતર સંભળાઈ રહ્યો હતો. તેઓ માનતા હતા કે સંપૂર્ણ જનતાના જાગરણથી જ નવા રાષ્ટ્રનો અભ્યુદય થશે, તેથી જૂની જડવાદી ઈર્ષ્યાઓ અને કુપ્રથાઓને સમાપ્ત કરવી પડશે.

ભારત પાસે પ્રચંડ શક્તિ ધરબાયેલી છે. અખૂટ કુદરતી સંપત્તિ તથા વિપુલ માનવપ્રતિભા હોવા છતાં તે એક હજાર વર્ષ વિદેશીઓના હાથે ગુલામ કેમ રહ્યું ? આ પતનના મૂળમાં અસંગઠિત હિન્દુ સમાજ, અસ્પૃશ્યતાનું ઘોર પાપ, વ્યક્તિગત સ્વાર્થ તથા એકબીજા પ્રત્યેની ઈર્ષ્યા વૃત્તિ જવાબદાર રહ્યાં. આ વાતનો ઉલ્લેખ સ્વામીજીએ અવારનવાર કર્યો. તેમણે અમેરિકાથી લખેલા એક પત્રમાં કહ્યું છે :

'પોતાની પાસે અદ્‌ભુત બુદ્ધિ તથા ગુણો હોવા છતાં ક્યા કારણે હિન્દુ રાષ્ટ્ર વેરવિખેર થઈ ગયું ? હું કહું છું - ઈર્ષ્યા. આ અભાગી હિન્દુ જાતિ જેવી હીનભાવથી ઈર્ષ્યાગ્રસ્ત તથા એકબીજાના યશથી દ્વેષ પામનારી બીજી કોઈ જાતિ મેં જોઈ નથી.'

સ્વામી વિવેકાનંદ માનતા હતા કે ભારતની મોટાભાગની સમસ્યાઓનું સમાધાન સારું શિક્ષણ છે. ભારતમાં વ્યાપેલી દરિદ્રતા અને ભયંકર ગરીબીનું નિવારણ પણ કેવળ શ્રેષ્ઠ શિક્ષણ દ્વારા જ સંભવ છે. દરિદ્રતાનું મૂળ કારણ અશિક્ષણ અને અજ્ઞાન જ છે. જેમ જેમ લોકો શિક્ષિત અને જ્ઞાની થતાં જશે, તેમ તેમ તેમની ગરીબી દૂર થતી જશે.

**સ્વામી વિવેકાનંદે ભારતની અધોગતિ થઈ એના માટે જાતિવાદ અને અસ્પૃશ્યતાને જણાવી. ધર્મશાસ્ત્રોની મનઘડત વ્યાખ્યા કરી અસ્પૃશ્યો પર કરેલા અત્યાચારો જોઈ એમનું હૈયું પીડાથી વલોવાઈ જતું. આ અત્યાચારો જોઈ એમનો ક્રોધ ભભૂકી ઊઠતો. ધર્મના પ્રાખંડ સામે સ્વામીજીએ આક્રોશ વ્યક્ત કર્યો આ બધું એમણે એમના શિષ્યોને પત્રમાં વ્યક્ત કર્યું છે.** જરાયે શબ્દો ચોર્યા વગર એમણે પોતાની વેદનાને શબ્દોમાં વ્યકત કરી. **અહીં એમણે લખેલા પત્રોના થોડાક અંશો આપ્યા છે. વાંચો...**સામાજિક વિષમતાથી દુઃખી **સ્વામી વિવેકાનંદ**ની વેદના -

★ ★ ★

મુંબઈ, ૨૪મી મે, ૧૮૯૩

વહાલાં માતાજી (શ્રીમતી ઈન્દુમતી મિત્ર)

આ જ્ઞાતિ વગેરેના ભેદો તો આપણા આધુનિક ચતુર બ્રાહ્મણોની શોધ છે. કોણ કોનો દાસ છે ? બધા ભગવાન હરિના દાસ છે.

★ ★ ★

શિકાગોથી ૩જી માર્ચ, ૧૮૯૪ના રોજ 'કીડી' ને લખેલો પત્ર)

આપણે માનીએ છીએ દરેક વ્યક્તિ દિવ્ય છે, ઈશ્વર છે. દરેક આત્મા જ્ઞાનનાં વાદળોથી ઢંકાયેલા સૂર્ય જેવો છે; આત્મા આત્મા વચ્ચેનો ભેદ આ વાદળોનાં થરોની ઘનતાને લીધે છે. આપણે માનીએ છીએ સ્પષ્ટ કે અસ્પષ્ટ પણ ધર્મોનો પાયો આ છે. અને ભૌતિક, બૌદ્ધિક કે આધ્યાત્મિક ભૂમિકામાં થયેલા માનવ પ્રગતિના સમગ્ર ઈતિહાસનો અર્થ આ છે - ભિન્ન ભિન્ન ભૂમિકામાં એક જ આત્મા પ્રગટ થાય છે.

કોઈપણ રીતે અન્યનો ધિક્કાર કરવો, તિરસ્કાર કરવો, તેની નિંદા કરવી કે તેને હાનિ પહોંચાડવી ન જોઈએ. માત્ર સંન્યાસીઓનું જ નહીં, પરંતુ દરેક સ્ત્રીપુરુષનું આ જ કર્તવ્ય છે.

આત્મામાં નથી લિંગ, નથી વર્ણ કે નથી અપૂર્ણતા...

હિંદુ ધર્મમાં જે ંકઈ ભવ્ય એ સુંદર છે તે બધાંના સર્જક તેઓ હતા, ઉપનિષદો કોણે લખ્યાં ? રામ કોણ હતા ? કૃષ્ણ કોણ હતા ? બુદ્ધ કોણ હતા ? જૈનોના તીર્થકરો કોણ હતા ? જ્યારે જ્યારે ક્ષત્રિયોએ ધર્મનો ઉપદેશ કર્યો છે ત્યારે ત્યારે તેઓએ તે સહુ કોઈને કર્યો છે; અને જ્યારે જ્યારે બ્રાહ્મણોએ કંઈ પણ લખ્યું છે ત્યારે ત્યારે તેઓએ બીજાના કોઈપણ હક્ક સ્વીકાર્યા નથી. ગીતા કે વ્યાસનાં સૂત્રો તમે વાંચો, અગર કોઈની પાસે વંચાવો.

મારી પાસેથી કશાની પણ આશા રાખશો નહીં. પણ મેં તમને લખ્યું છે અને કહ્યું છે તેમ મારી ખાતરી થઈ છે કે ભારતનો ઉદ્ધાર ભારતવાસીઓ દ્વારા જ થશે. માટે



માતૃભૂમિના ઓ યુવાનો ! આ નવા આદર્શ માટે તમારામાંથી શું ડઝનબંધ યુવકો લગભગ જેવા બની શકશે ખરા ?

★ ★ ★

ગાઝીપુર,

ફેબ્રુઆરી, ૧૮૯૦

પ્રિય અખંડાનંદ,

ઉપનિષદમાં ધર્મ એક જ જ્ઞાતિ માટે મર્યાદિત હતો તેના વાડા તોડી નાખવાનું કામ ભગવાન બુદ્ધે કર્યું. તેમનો નિર્વાણનો સિદ્ધાંત તેમને કઈ ખાસ મહત્તા આપે છે ? તેમની મહત્તા તો તેમની અસામાન્ય કરુણામાં છે. તેમના ધર્મને ગૌરવ આપનારી સમાધિ આદિની ઉચ્ચ ભૂમિકાઓ લગભગ બધી જ વેદોમાં પણ છે. વેદોમાં જે નથી તેની બુદ્ધિમત્તા અને હૃદયની કરુણા; અને એનો તો જગતમાં ઈતિહાસમાં કદી જોટો મળ્યો નથી.....ભગવાન બુદ્ધ મારા ઈષ્ટદેવ છે, ઈશ્વર છે. તેમણે ઈશ્વરતત્ત્વ વિશે કોઈ મતનો પ્રચાર કર્યો નથી - તે પોતે જ ઈશ્વર હતા. મને એ વાતમાં પૂરી શ્રદ્ધા છે. પરંતુ ઈશ્વરના અનંત મહિમાને સીમા બાંધવાની કોઈ શક્તિ નથી. અરે ખુદ ઈશ્વરને પોતાને પણ પોતાની શક્તિ મર્યાદિત કરવાની શક્તિ નથી. 'સુત્તનિપાત'માંથી 'ગંદાર-સુત્ત' તેમાં પણ તેનો જ વિચાર છે. ધમ્મપદમાં પણ ઘણા ફકરાઓ આવા જ વિચારવાળા છે. પરંતુ એ છેલ્લે આવે છે, કે જ્યારે માણસ જ્ઞાન અને અનુભૂતિથી પૂર્ણપણે સંતોષાઈ જાય છે, બધા સંયોગોમાં અચલ રહે છે અને પોતાની ઈન્દ્રિયો પર સ્વામિત્વ મેળવે છે.

તાંત્રિક વિધિવાદનો અતિરેક કે જે દેશના સર્વ પ્રકારના લોકોને આકર્ષી રહ્યો હતો, તેની સામે વૈદિક ધર્મની શુદ્ધતાનો બચાવ કરવાની ચિંતામાં, વૈદિકોએ જેમને શુદ્ર તરીકે તિરસ્કારેલો તે વર્ગની સમસ્યાની શંકરે ઉપેક્ષા કરી. કદાચ સ્વામીજીને આ અર્થ અભિપ્રેત છે. એમ લાગે છે કે બ્રહ્મસૂત્રો પરના પોતાના ભાષ્યમાં શંકરે, શૂદ્રોને વૈદિક કર્મકાંડનો અધિકાર નથી એવી દલીલને ઊઠાવીને શુદ્રોને 'ઉપાસના' જેવી ઉચ્ચ પ્રકારની સાધનાના અને જ્ઞાનમાં અધિકારના વધુ આધુનિક પ્રશ્ન પર લાગુ કરી તે માટે સ્વામીજી શંકરને કોઈ દિવસ માફી આપી શક્યા નહી.

★ ★ ★

ગાઝીપુર,

ફેબ્રુઆરી, ૧૮૯૦

પ્રિય અખંડાનંદ,

જે ધર્મ ઉપનિષદમાં એક જ જ્ઞાતિ માટે મર્યાદિત હતો તેના વાડા તોડી નાખવાનું કામ ભગવાન બુદ્ધે કર્યું. તેમનો નિર્વાણનો સિદ્ધાંત તેમને કઈ ખાસ મહત્તા આપે છે? તેમની મહત્તા તો તેમની અસામાન્ય કરુણામાં છે. તેમના ધર્મ ગૌરવ આપનારી સમાધિ આદિની ઉચ્ચ ભૂમિકાઓ લગભગ બધી જ વેદોમાં પણ છે. વેદોમાં જે નથી તે તેમની બુદ્ધિમત્તા અને હૃદયની કરુણા; અને એનો તો જગતના ઈતિહાસમાં કદી જોટો મળ્યો જ નથી.

આ દુનિયામાં તો જાણવા જેવું કાંઈ જ નથી, આ સાપેક્ષ જીવનને પેલે પાર-ભગવાન બુદ્ધ જેને 'પ્રજ્ઞાપાર' - ઈન્દ્રિયાતીત કહે છે, તેવું જો કંઈ હોય તો મારે તો ફક્ત તે જ જોઈએ છે. તેની સાથે સુખ સંકળાયેલું છે કે દુઃખ તેની મને પરવા નથી.' કેવો ઉદાત્ત વિચાર ! કેટલો ભવ્ય ! બુદ્ધનો ધર્મ પણ ઉપનિષદો વડે પોષાયો છે, અને શંકરાચાર્યનું તત્ત્વજ્ઞાન પણ તેના વડે જ પોષાયું છે. ફક્ત શંકર પાસે બુદ્ધના અદ્‌ભુત હૃદયનો એક અંશ પણ ન હતો, કેવળ શુષ્ક બુદ્ધિમત્તા જ હતી ! તંત્રોના ભયથી અને ટોળાંવાદની બીકથી, હાથ પરનું ગૂમડું મટાડવાનો પ્રયત્ન કરવામાં તેણે આખો હાથ કાપી નાંખ્યો. ભગવાન બુદ્ધ મારા ઈષ્ટદેવ છે, ઈશ્વર છે. તેમણે ઈશ્વરતત્ત્વ વિશે કોઈ મતનો પ્રચાર કર્યો નથી - તે પોતે જ ઈશ્વર હતા. મને એ વાતમાં પૂરી શ્રદ્ધા છે. પરંતુ ઈશ્વરના અનંત મહિમાને સીમા બાંધવાની કોઈ શક્તિ નથી. અરે ખુદ ઈશ્વરને પોતાને પણ પોતાની શક્તિ મર્યાદિત કરવાની શક્તિ નથી.

★ ★ ★

માઉન્ટ આબુ, ૩૦મી એપ્રિલ,૧૮૯૧

પ્રિય ગોવિંદ સહાય,

ધર્મનું રહસ્ય સિદ્ધાંતોમાં નહીં પરંતુ આચરણમાં છે. ભલા થવું અને ભલું કરવું, એ જ પૂર્ણ ધર્મ છે. 'જે 'પ્રભુ, પ્રભુ' રટ્યા કરે છે તે નહિ, પણ જે પરમ પિતાની ઈચ્છા અનુસાર વર્તે છે તે જ મહાન છે.'

★ ★ ★

જ્યોર્જ ડબલ્યુ હેયલ્,

૫૪૧, ડીયરબૉર્ન એવ્યુ, શિકાગો,

૧૯મી માર્ચ, ૧૮૯૪

પ્રિય શશી,

'જ્યાં સ્ત્રીઓનું માન જળવાય છે ત્યાં દેવો ખુશ રહે છે' એમ મનુ કહે છે. આપણે ભયંકર અપરાધી છીએ. સ્ત્રીઓને 'હલકું પ્રાણી' 'નરકનું દ્વાર' વગેરે કહેવાથી જ આપણું પતન થયું છે. દયાળુ પ્રભુ ! સ્વર્ગ અને નરકા ઘણો ફેર હોય છે ! દરેકના 'ગુણ પ્રમાણે તે દરેકને દાન આપે છે.' વ્યર્થ વાતો કરવાથી ઈશ્વરને બનાવી શકાશે ? વેદ ભગવાને તો કહ્યું છે, 'તું સ્ત્રી છો, તું જ પુરુષ છો,

છોકરો અને છોકરી પણ તું છો (શ્વેતાશ્વેતર ઉપનિષદ). જ્યારે આપણે બૂમો પાડીએ છીએ- હે ચંડાળ ! આઘો ખસ, 'માયારૂપી આ નારી કોણે સર્જી ?' વગેરે. તમે માનો છો કે આપણો ધર્મ 'ધર્મ'ના નામને લાયક છે ? આપણો ધર્મ એટલે કેવળ 'અડશો નહિ,' 'અડશો નહિ' છે. અને ભગવાન ! જ દેશના નેતાઓ છેલ્લાં બે હજાર વર્ષથી 'જમણા હાથે જમવું કે ડાબા હાથે,' 'જમણી બાજુથી પાણી લેવું કે ડાબી બાજુથી,' એવી બાબતોની ચર્ચા કરતા આવ્યા છે તે દેશનો વિનાશ ન થાય તો કોનો થાય ? 'બધા સૂતા હોય ત્યારે પણ કાળ જાગતો હોય છે; ખરેખર કાળ અજેય છે !' ઈશ્વર બધું જાણે છે. મિત્ર ! તેની આંખમાં ધૂળ કોણ નાખી શકશે ?

જે દેશમાં લાખો લોકો મહુડાનાં ફૂલ ખાઈને જીવે છે અને દશ-વીશ લાખ સાધુઓ અને એકાદ કરોડ બ્રાહ્મણો આ ગરીબ લોકોનું લોહી ચૂસે છે અને તેમની ઉન્નતિનો લેશ પણ પ્રયત્ન કરતા નથી, તેને દેશ કહેવો કે નરક ? આ તે ધર્મ કહેવાય કે પિશાચનું તાંડવ !

'બધાં શાસ્ત્રો અને પુરાણોમાં વ્યાસનું આ વચન સત્ય માનજો કે 'બીજાનું ભલું કરવું તે પુણ્ય છે, બીજાને સંતાપવા તે પાપ છે.' શું આ સાચું નથી ?

આ બધાનો તેમજ ગરીબાઈ અને અજ્ઞાનનો વિચાર કરતાં હું ઊંઘી શકતો નહિ. કન્યાકુમારીમાં ભારતના છેલ્લા ભૂમિપ્રદેશ પર મા-કન્યાકુમારીના મંદિરમાં બેસીને મેં એક યોજના વિચારી. આપણે કેટલાય સંન્યાસીઓ ભટકીએ છીએ અને લોકોને અધ્યાત્મવિદ્યા શીખવીએ છીએ - પણ આ બધું ગાંડપણ છે. આપણા ગુરુદેવ કહેતા કે, 'ભૂખ્યે પેટે ધર્મ ન થાય !' આ ગરીબ માણસો પશુ જેવું જીવન ગાળે છે તે કેવળ અજ્ઞાનને લીધે જ. દરેક યુગમાં આપણે તેમનું લોહી ચૂસ્યું છે અને તેમને પગ તળે છૂંદ્યા છે.

....કેટલાક પરહિતકારી નિઃસ્વાથી સંન્યાસીઓ ગામડે ગામડે જાય અને કેળવણી ફેલાવે,. ચાંડાલ સુધીના વર્ગોની સ્થિતિ સુધારવા મૌખિક શિક્ષણ, નક્શા, ચિત્રો આદિ સાધનો વડે શિક્ષણ ફેલાવવા પ્રયાસ કરે, તો શું સમય જતાં કંઈ સારું પરિણામ ન આવે ? યોજનાની વિગતો આ નાના પત્રોમાં ન લખી શકાય, ટૂંકમાં અર્થ એ છે કે 'પર્વત મહંમદ પાસે ન જાય, તો મહંમદે પર્વત પાસે જવું.' લોકો એટલા બધા ગરીબ છે કે શાળા-પાઠશાળાઓમાં જઈ ન શકે. વળી ફક્ત કાવ્યો વગેરે વંચાવવાથી તેમને કંઈ ફાયદો થશે નહિ. રાષ્ટ્ર તરીકે આપણે આપણું વ્યક્તિત્વ ગુમાવ્યું છે, અને ભારતનાં બધાં દુઃખોનું એ જ કારણ છે. દેશની અદશ્ય થઈ ગયેલી વિશિષ્ટતા આપણે દેશને પાછી મેળવી આપવાની છે.

★ ★ ★

શ્રી જ્યોર્જ ડબલ્યુ. હેય્લ એસ્કવાયર,
૫૪૧, ડિયરબોર્ન એવન્યુ, શિકાગો,
૨૪મી જાન્યુઆરી, ૧૮૯૪

મને કિડીના પત્રો મળ્યા છે, જ્ઞાતિભેદ જાય કે રહે એ પ્રશ્ન સાથે મારે કશી લેવાદેવા નથી. મારો વિચાર તો એવો છે કે, ભારતમાં અને ભારતની બહાર, મનુષ્યજાતિએ જે જે ઉચ્ચ વિચારોનો વિકાસ કર્યો છે તે બધાનો પરિચય ગરીબમાં ગરીબ અને દીનમાં દીન મનુષ્યોને પણ કરાવવો અને તેમને સ્વતંત્ર રીતે વિચાર કરતા કરી મૂકવા. જ્ઞાતિપ્રથા રહેવી જોઈએ કે નહિ અથવા સ્ત્રીઓ પૂર્ણ સ્વતંત્ર હોવી જોઈએ કે નહિ એ પ્રશ્નો સાથે મને નિસ્બત નથી. જીવનના વિકાસ અને કલ્યાણ માટે એકમાત્ર આવશ્યક બાબત છે વિચાર અને કાર્યની સ્વતંત્રતા. જ્યાં આનો અભાવ હોય છે ત્યાં મનુષ્ય, પ્રજા કે રાષ્ટ્ર ગમે તે હો, તેની અવશ્ય પડતી થાય છે.

જ્ઞાતિ રહે કે ન રહે, સંપ્રદાય રહે કે ન રહે, પરંતુ જે કોઈ મનુષ્ય, વર્ગ, જ્ઞાતિ, રાષ્ટ્ર કે સંસ્થા, કોઈપણ વ્યક્તિના વિચાર કે કાર્યની સ્વતંત્રતાના અધિકારને રૂંધે તે આસુરી છે, અને તેની અધોગતિ થવી જ જોઈએ.

મારા જીવનની સમગ્ર અભિલાષા એ છે કે એક એવી યોજના અમલમાં મૂકી દેવી કે જેથી પ્રત્યેક વ્યક્તિને ઊંચામાં ઊંચા વિચારો સુલભ બને. ત્યારબાદ ભલે સ્ત્રીઓ અને પુરુષો પોતપોતાનું ભાગ્ય નક્કી કરે...★ સખત પરિશ્રમ કરો, દઢ બનો અને પરમેશ્વરમાં શ્રદ્ધા રાખો, કામે લાગી જાઓ. હું વહેલો કે મોડો આવવાનો જ છું. તમારી સમક્ષ આ મુદ્રાલેખ ધ્યાનમાં રાખો : 'ધર્મને હાનિ પહોંચાડ્યા વગર જનતાની ઉન્નતિ.'

યાદ રાખજો કે સાચું રાષ્ટ્ર તો ઝૂંપડાંઓમાં વસે છે. પરંતુ અફસોસ ! કોઈએ આ ઝૂંપડાંવાસીઓ માટે કદાપિ કશું કર્યું નથી. આપણા હાલના સુધારકો તો વિધવાનાં પુનર્લગ્નનાં કાર્ય પાછળ જ મંડી પડ્યા છે. અલબત્ત, પ્રત્યેક સુધારા પ્રત્યે મારી સહાનુભૂતિ છે. પણ રાષ્ટ્રનું ભાવિ તેની કેટલી વિધવાઓને પતિ મળ્યા તેની સંખ્યા ઉપર નિર્ભર નથી, પરંતુ આમવર્ગની 'સ્થિતિ' ઉપર નિર્ભર છે. એમનો તમે ઉદ્ધાર કરી શકશો ? એમનામાં રહેલી આધ્યાત્મિકતાનો લોપ થવા દેવા વગર એમનું ખોવાયેલું વ્યક્તિત્વ તમે એમને પાછું અપાવી શકશો ? સમાનતા, સ્વતંત્રતા, શ્રમ અને ઉદ્યમની ભાવનામાં ચુસ્તમાં ચુસ્ત પશ્ચિમવાસી બનવાની અને સાથેસાથ ધાર્મિક સંસ્કારો અને વૃત્તિઓની બાબતમાં

પૂરોપૂરા હિંદુ બની રહેવાની તમારામાં શક્તિ છે ? આપણે કરવાનું આ છે અને 'એ આપણે કરવાના જ.' એ કરવા માટે જ તમારા બધાનો 'જન્મ થયો છે.' આત્મશ્રદ્ધા રાખો. દઢ શ્રદ્ધામાંથી જ મહાન કાર્યો જન્મે છે. હંમેશા આગળ ધસો. જીવનની છેલ્લી ઘડી સુધી ગરીબો અને પદદલિતો પ્રત્યે અનુકંપા, એ છે આપણો મુદ્રાલેખ. આગળ ધસો, વીર યુવાનો !

★ ★ ★

બ્રીઝી મેડોઝ,
મેટકાફ, મેસેચ્યુસેટ્સ,
૨૦મી ઓગસ્ટ, ૧૮૯૩
પ્રિય આલાસિંગા,

ભારતમાં આપણે ગરીબો અને નીચલા થરના લોકો વિશે ખ્યાલ રાખીએ, તેનો વિચાર કરતાં મારા હૃદયમાં શી શી વેદના થતી હતી ! પોતાના વિકાસ માટે તેમને કોઈ તક, છૂટવાનો આરો કે ઉપર આવવાનો રસ્તો મળતો નથી. ભારતમાં ગરીબો, નીચલા થરના લોકો તેમજ પતિતોને મિત્રો કે મદદ મળતાં નથી; ગમે તેટલો પ્રયત્ન કરે તો પણ તેઓ ઊંચે ચડી શક્તાં નથી. તેઓ દિનપ્રતિદિન નીચે ને નીચે ઊતરતાં જાય છે; ક્રૂર સમાજે વરસાવેલા ફટકા તેમને લાગે છે, પણ એ ક્યાંથી આવે છે તેની તેમને ખબર નથી. પોતે મનુષ્યો છે એ હકીકત પણ તેઓ ભૂલી ગયા છે ! આ બધાંનું પરિણામ છે ગુલામી. છેલ્લાં થોડાં વર્ષોમાં વિચારશીલ લોકોએ આ વસ્તુસ્થિતિ જોઈ છે, પણ દુર્ભાગ્યે તેમણે આ માટેની જવાબદારી હિંદુ ધર્મ ઉપર નાખી; અને તેમની દૃષ્ટિએ તો પરિસ્થિતિ સુધારવાનો એક જ માર્ગ છે કે જગતના આ ભવ્યમાં ભવ્ય ધર્મનો નાશ કરવાનો ! મારા મિત્ર ! સાંભળ. પ્રભુની કૃપાથી એ રહસ્ય મેં શોધી કાઢ્યું છે. આમાં દોષ ધર્મનો નથી. ઊલટું, તમારો ધર્મ તો તમને એમ શીખવે છે કે પ્રાણી માત્ર અનેકરૂપે રહેલું તમારું જ આત્મસ્વરૂપ છે; પરંતુ દોષ છે ધર્મને આચરણમાં ઉતારવાની અશક્તિનો, સહાનુભૂતિ અને પ્રેમના અભાવનો. ઈશ્વર ફરી એકવાર તમારી પાસે બુદ્ધરૂપે આવ્યા અને દયાનો અનુભવ કરતાં તથા દીન, દુઃખી તેમજ પતિતો પ્રત્યે સહાનુભુતિ રાખતાં એણે તમને શીખવ્યું; પણ તમે એને દાદ દીધી નહિ. તમારા પુરોહિતોએ ભયંકર વાત ઉપજાવી કાઢી ખોટા મતોનું પ્રતિપાદન કરીને કે, રાક્ષસોને ભ્રમમાં નાખવા માટે પ્રભુએ એ અવતાર ધારણ કર્યો હતો ! વાત સાચી છે; પણ એ રાક્ષસો આપણે છીએ, જેમણે એ મત માન્યો તેઓ મહિ અને જેમ યહૂદીઓએ ઈશુ ભગવાનનો ઈન્કાર કર્યો અને ત્યારથી દરેક જુલમનો ભોગ બનીને ઘરબાર વગરના ભિખારીઓ તરીકે તેઓ જગતમાં રખડી રહ્યા છે; તેમ તેમ લોકો, જે રાષ્ટ્ર તમારા ઉપર પ્રભુત્વ ભોગવવાનું મુનાસિબ ધારે તેના ગુલામ રહો છો. ઓ અત્યાચારીઓ ! તમને ખબર નથી કે સિક્કાની બાજુએ જુલમ છે ને બીજી બાજુએ ગુલામી. અત્યાચાર અને ગુલામ શબ્દનો એક જ અર્થ થાય છે....★

★....બાલાજી અને જી. જી. ને પોંડિચેરી ખાતેની એક સાંજ યાદ હશે. એક પંડિત સાથે અમે દરિયાઈ સફરની ચર્ચા કરી રહ્યા હતા. તેના તે વખતના પશુ જેવો હાવભાવ અને તેમનું ૦૦૦૦ મને હંમેશા યાદ રહેશે. એ લોકોને ખ્યાલ નથી કે ભારત એ જગતનો ઘણો જ નાનકડો ભાગ છે, અને આખું જગત ભારતની સુંદર ભૂમિ પ્રત્યે તિરસ્કારની નજરે જોઈ રહ્યું છે. આ પ્રકારની પરિસ્થિતિનો અંત લાવવો જોઈએ : અને તે ધર્મનો નાશ કરીને નહિ, પણ હિંદુ ધર્મના મહાન ઉપદેશોનું આચરણ કરીને, તથા તેના એક ભાગ તરીકે ન્યાયી રીતે વિકસેલા બૌદ્ધ ધર્મની અદ્‌ભુત કરુણાને તેની સાથે જોડીને.

પવિત્રતાની પ્રબળ ભાવનાથી પ્રજ્વલિત થયેલાં, ઈશ્વરમાં અનંત શ્રદ્ધા રાખીને દઢનિશ્ચયી બનેલાં દીન, અધઃપતિત તથા પદદલિત લોકો પ્રત્યેની સહાનુભૂતિ ધરાવતા સિંહના જેવી હિંમત રાખીને મુક્તિ, સહાય, સામાજિક ઉત્થાન અને સમાનતા બોધ આપતા એક લાખ સ્ત્રી પુરુષોએ દેશના એક છેડાથી બીજા છેડા સુધી ઘૂમી વળવું જોઈએ.

હિંદુ ધર્મ જેટલા ઉચ્ચ સ્વરે બીજા કોઈપણ ધર્મે પૃથ્વી ઉપર મનુષ્યત્વના ગૌરવને પ્રચાર કર્યો નથી; ઈશ્વરે મને બતાવ્યું છે કે તેમાં ધર્મનો દોષ નથી, પણ દોષ છે હિંદુ ધર્મમાં ઘૂસી ગયેલા પેલા રૂઢિજડ અને પંડિતાઈનું ઘમંડ ધરાવતા કપટીઓનો, કે જેઓ 'પારમાર્થિક' અને 'વ્યાવહારિક' સિદ્ધાંતોને નામે દરેક પ્રકારનાં જુલમી સાધનો શોધી કાઢે છે...★કહેવાતા ધનિકોનો વિશ્વાસ કરશો નહિ; તેઓ જીવતા કરતાં મરેલા વધારે છે. મને વિશ્વાસ છે તમારા જેવા નમ્ર, ગરીબ છતાં નિમકહલાલ મનુષ્યોમાં ઈશ્વરમાં શ્રદ્ધા રાખો; ચાલાકી કરશો નહિ, એમાં કશું વળશે નહિ. દુઃખી મનુષ્યો પ્રત્યે સાહનુભૂતિ રાખો અને સહાય માટે ઊંચે-અર્થાત્ ઈશ્વર પ્રત્યે - નજર કરો. એ સહાય 'અચૂક આવી મળશે.' મારા હૃદય પર આ બોજો ધારણ કરીને અને મગજમાં આ વિચાર રાખીને બાર બાર વર્ષો સુધી હું ભટક્યો છું. કહેવાતા ધનિકો અને મોટા માણસોને ઘેર ઘેર ધક્કા ખાધા છે. સહાયની શોધમાં, લોહીનીંગળતા હૃદયે, અર્ધી દુનિયા ઓળંગીને હું આ પરદેશની ભૂમિ ઉપર આવેલો છું. ઈશ્વર મહાન છે;

હું જાણું છું કે તે મને સહાય કરશે. આ ભૂમિમાં ટાઢથી કે ભૂખથી ભલે મારું મૃત્યુ થાય; પણ યુવાનો, ગરીબ, અજ્ઞાન અને દલિતો માટેનો આ જંગ અને સહાનુભૂતિની ભાવના હું તમને વારસામાં સોંપું છું..★એ એક દિવસનું કાર્ય નથી; અને એનો માર્ગ ભયંકર મુશ્કેલીઓથી ભરેલો છે. પણ આપણે જાણીએ છીએ તે ભગવાન પાર્થસારથિ આપણા સારથિ થવાને તૈયાર છે અને તેના નામથી અને તેનામાં અખૂટ શ્રદ્ધા રાખીને, યુગોથી ભારત ઉપર જમા થયેલા વિપત્તિઓના ડુંગરો સળગાવી મૂકો; એ બળીને ભસ્મ થઈ જશે. તો, બંધુઓ ! આવો ને તે પરિસ્થિતિનો સામનો કરો. એ કાર્ય વિરાટ છે અને આપણે ઘણા નિર્બળ છીએ. પણ આપણે જ્યોતિના પુત્રો છીએ, પરમેશ્વરનાં સંતાનો છીએ. પ્રભુની જય હો ! આપણે સફળ થશું જ. જંગમાં સેંકડો ખપી જશે, પણ બીજા સેંકડો એ કાર્યને હાથ ધરવા તૈયાર થઈ જશે. સફળતા પ્રાપ્ત કર્યા વગર કદાચ મારું મૃત્યુ થાય, તો પણ બીજો એ કાર્ય હાથ ધરશે.

★ ★ ★

શિકાગો,

૨જી નવેમ્બર, ૧૮૯૩

પ્રિય આલાસિંગા,

હિંદુઓએ પોતાનો ધર્મ ન જ છોડવો જોઈએ, પણ ધર્મને એવી યોગ્ય મર્યાદામાં રાખવો જોઈએ અને સમાજને વિકાસ કરવા માટેની સ્વંતત્રતા આપવી જોઈએ. ભારતના બધા સુધારકોએ પુરોહિતવાદ અને અધઃપતનમાંથી જન્મેલાં સઘળાં અનિષ્ટો માટે ધર્મને જવાબદાર ગણવાની ગંભીર ભૂલ કરી, અને એની અભેદ્ય ઈમારતો તોડી પાડવા એ બધા દોડી ગયા. પણ પરિણામ શું આવ્યું ? કેવળ નિષ્ફળતા ! બુદ્ધથી માંડીને છેક રામમોહન રાય સુધી, દરેક જણે જ્ઞાતિને એક ધાર્મિક સંસ્થા તરીકે ગણવાની ભૂલ કરી અને જ્ઞાતિ અને ધર્મ બંનેને જમીનદોસ્ત કરી નાખવા પ્રયાસો કર્યા, અને તેઓ બધા નિષ્ફળ થયા. પુરોહિતો ભલે ગમે તેટલો બકવાસ કરે, પરંતુ જ્ઞાતિ તો કેવળ જરઠ થઈ ગયેલી સામાજિક સંસ્થા છે, અને પોતાનું કાર્ય બજાવી લીધા બાદ હવે એ ભારતના વાતાવરણને પોતાની બદબોથી ગંધાવી રહી છે. લોકોને તેમનું ખોવાયેલું સામાજિક વ્યક્તિત્વ પાછું આપવાથી જ એ બદબોને દૂર કરી શકાય. અમેરિકામાં જન્મેલો દરેક માનવી જાણે છે કે હું સ્વતંત્ર છું, જ્યારે હિંદમાં જન્મેલો દરેક માનવી માને છે કે હું સમાજનો ગુલામ છું. એ તો દીવા જેવું છે કે વિકાસ માટેની એકમ માત્ર અનુકૂળ પરિસ્થિતિ છે સ્વાતંત્ર્ય; એને ખૂંચવી લો, તો પરિણામ અધઃપતન જ આવશે. હવે આધુનિક હરીફાઈ દાખલ થતાં, જુએ કે જ્ઞાતિપ્રથા કેવી ઝપાટાબંધ અદશ્ય થતી જાય છે ! એનો નાશ કરવા માટે હવે કોઈ ધર્મની જરૂર નથી. હજારો માણસો અધમ સ્થિતિમાં સબડ્યા કરવાને બદલે જેને માટે તેઓ જન્મ્યા હતા તે સર્વોચ્ચ સ્થિતિએ પહોંચી જવાનો પુરુષાર્થ કરી રહ્યા છે.

★ ★ ★

શિકાગો,

૨૦મી જૂન, ૧૮૯૪

પ્રિય દીવાન સાહેબ,

પૂર્વ અને પશ્ચિમ વચ્ચે તફાવત છે. સમૃદ્ધિ, સંસ્કૃતિ, શિક્ષણ વગેરે અહીં પશ્ચિમમાં સહુને મળે છે, આમજનતા સુધી પહોંચી જાય છે. ભારતના અને અમેરિકાના ઉચ્ચ વર્ગો તો એક જ પ્રકારના છે; પણ બંને દેશોના નીચલા વર્ગોના લોકો વચ્ચેનું અંતર અગાધ છે. અંગ્રેજોને ભારત જીતવું એટલું સરળ કેમ થઈ પડ્યું ? તેનું કારણ એ છે કે તેઓ એક રાષ્ટ્ર છે, આપણે નથી. જ્યારે આપણો કોઈ મહાન પુરુષ મૃત્યુ પામે છે, ત્યારે આપણે સૈકાઓ સુધી તેવા બીજા માટે રાહ જોવી પડે છે; તેમને ત્યાં તો મરતાંની સાથે સાથે - બીજા નવા ઉત્પન્ન કરી શકે છે.★...આમ જનતાને કેળવણી આપીને ઊંચે લાવો; આ રીતે જ પ્રજા તૈયાર થવી શક્ય છે. સઘળી ખામી અહીં છે : સાચી પ્રજા કે જે ઝૂંપડીમાં રહે છે, તે પોતાનું મનુષ્યત્વ, પોતાનું વ્યક્તિત્વ ભૂલી ગઈ છે. તેમની ગુમાવેલી આત્મપ્રતિષ્ઠા તેમને પાછી આપવાની છે. તેમને શિક્ષણ આપવાનું છે. મૂર્તિઓ રહે કે નહીં, વિધવાઓને પૂરતા પતિઓ મળે ન મળે, જ્ઞાતિપ્રથા સારી છે કે ખરાબ, વગેરે પ્રશ્નોની હું ભાંજઘડમાં પડતો નથી. પોતાની મુક્તિ માટે દરેકે જાતે મહેનત કરવી જોઈએ...★ધારી લઈએ કે આપણે દરેક ગામડામાં મફત શિક્ષણ આપતી નિશાળો ઉઘાડી શકીએ; તો પણ ગરીબ વિદ્યાર્થીઓ તમારી શાળાઓમાં આવવાને બદલે રોજી કમાવા, ખેતી કરવા જ જશે. આપણી પાસે નથી પૈસા, તેમ જ કેળવણી લેવા આવવાની આપણે તેમને ફરજ પાડી શકીએ એમ પણ નથી. આમ પ્રશ્ન તદ્દન આશા વિનાનો દેખાય છે. પણ આ અશક્ય દેખાતા પ્રશ્નને શક્ય બનાવવાનો માર્ગ મેં શોધ્યો છે, તે આ છે. જો પર્વત પ્રેમજી પાસે ન જાય તો પ્રેમજીએ પર્વત પાસે જવું. જો ગરીબો ભણવા ન આવી શકે તો આપણે તે ગરીબ લોકો પાસે તેમનાં ખેતરમાં, કારખાનામાં અને દરેક સ્થળે ભણતર પહોંચાડવું જોઈએ. કેવી રીતે ? આપે મારા ગુરુભાઈઓને તો જોયા છે. હવે ભારતમાંથી આવા સારા, નિઃસ્વાર્થ અને કેળવાયેલા સેંકડો યુવાનો હું મેળવી શકું તેમ

છું. આવા માણસો ગામડે ગામડે જાય; ત્યાં તેઓ માત્ર ધર્મ નહીં પણ શિક્ષણ પણ ઘેર ઘેર ફરીને આપે. એ જ પ્રમાણે આપણી સ્ત્રીઓને કેળવવા માટે મારી પાસે શિક્ષિકાઓ તરીકે વિધવાઓને વ્યવસ્થિત કરવાનું પણ એક કેન્દ્ર છે.

હવે ધારો કે ગામડાના લોકો દિવસનું કામ પૂરું કર્યા પછી ગામમાં આવ્યા છે, અને ચોકમાં કે કોઈ ઝાડ તળે કોઈ અન્ય સ્થળે બેસીને તેઓ ત્યાં તમાકુ પીતા હોય છે અગર વાતોના તડાકામાં વખત પસાર કરતા હોય છે. ધારો કે આવા કેળવાયેલા સંન્યાસીઓમાંના બે જણા ત્યાં તેમની પાસે પહોંચી જાય અને જાદુઈ ફાનસની સહાય વડે જુદી જુદી પ્રજાઓ, તેમના ઈતિહાસ, તેમજ ખગોળશાસ્ત્રનાં કે બીજાં ચિત્રો બતાવે. તથા આમ પૃથ્વીના નકશા વગેરે દ્વારા, અને મોંએથી જ આ બધું જ્ઞાન આપે તો આ રીતે, દીવાનજી, કેટલું બધું થઈ શકે ? ...તમારા સિદ્ધાંતો કે મતવાદોને બાજુએ મૂકી દો; તેમનાથી કંઈ વળતું નથી.

★ ★ ★

૨૩મી જૂન, ૧૮૯૪,

શિકાગોથી મૈસૂરના મહારાજાને લખેલો પત્ર

ભારતનાં બધાં અનિષ્ટોનું મૂળ ત્યાંના ગરીબોની સ્થિતિમાં છે. પશ્ચિમમાં ગરીબો શયતાનો છે; તેને મુકાબલે આપણે ત્યાંના ગરીબો દેવતાઓ જેવા છે. તેથી આપણા ગરીબોને ઊંચા લાવવાનું કામ વધારે સરળ છે. આપણા નીચલા વર્ગને માટે એક જ સેવા કરવાની છે : ગરીબોને કેળવણી આપવાની અને તેના ગુમાવેલા વ્યક્તિત્વને પાછું વિકસાવવાની. આપણા લોકો અને રાજાઓ સમક્ષ આ એક જ મહાન કાર્ય છે. આજ સુધી તે દિશામાં કંઈ જ કરાયું નથી. બ્રાહ્મણોની સત્તા અને પરદેશી આક્રમણે સૈકાઓ સુધી તેમને ચગદી રાખ્યા છે; પરિણામે ભારતના ગરીબ લોકો પોતે જીવતા જાગતા મનુષ્યો છે એ હકીકત જ ભૂલી ગયાં છે. તેમને નવા વિચારો આપવાની અને દુનિયામાં ચોપાસ શું ચાલી રહ્યું છે તેના તરફ તેમની આંખો ઉઘાડવાની જરૂર છે. એમ થશે તો પછી તેઓ પોતાનો ઉદ્ધાર પોતે જ સાધી લેશે. દરેક પ્રજાએ, દરેક પુરુષે અને દરેક સ્ત્રીએ પોતાનો ઉદ્ધાર પોતે જાતે જ કરવો જોઈએ. તેમને વિચાર કરતા બનાવો. તેમને એટલી જ સહાયની જરૂર છે; બાકીનું, પરિણામરૂપે આપોઆપ બહાર આવશે જ...★ આ જીવન ટૂંકું છે અને તેના તુચ્છ મોજશોખો ક્ષણિક છે. જેઓ બીજા માટે જીવે છે તેઓ જ ખરેખર જીવે છે, બાકીના તો જીવતા કરતાં વધુ મરેલા છે.

★ ★ ★

શિકાગો,

૨૯મી જાન્યુઆરી, ૧૮૯૪

પ્રિય દીવાન સાહેબ.

દરેક વ્યકિતને, દરેક પ્રજાને મહાન બનાવવા માટે ત્રણ બાબતો આવશ્યક છે :

(૧) શુભની શક્તિ વિશેની સંપૂર્ણ ખાતરી.

(૨) ઈર્ષ્યા કે આશંકાનો અભાવ.

(૩) જે લોકો સારા થવા કે સારું કરવા પ્રયત્ન કરતા હોય તેમને મદદ કરવી.

પોતામાં અદ્‌ભૂત બુદ્ધિ અને બીજી શક્તિઓ હોવા છતાં હિંદુ જાતિ કેમ છિન્નભિન્ન થઈ ગઈ ? તેનો હું આપને ઉત્તર આપું : ‘ઈર્ષ્યાથી.’ એકબીજા વિશે ઈર્ષ્યા સેવતી, એકબીજાની નામના કે કીર્તિની અદેખાઈ કરતી અધમ હિંદુ પ્રજા જેવી પૂર્વ બીજી કોઈ પ્રજા ન હતી. અને કદી આપ પશ્ચિમના દેશોમાં આવો, તો પાશ્ચાત્ય પ્રજામાં આ વાતનો અભાવ સૌથી પ્રથમ જોશો.

ભારતમાં ત્રણ માણસો ફક્ત પાંચ મિનિટ માટે પણ સાથે મળીને કામ નહી કરી શકે. દરેક વ્યક્તિ સત્તા માટે ધમપછાડા કરે છે, અને લાંબે ગાળે આખી સંસ્થાને પસ્તાવાનો વખત આવે છે. ઓ પ્રભુ ! ઈર્ષ્યા ન કરવાનું અમે ક્યારે શીખશું ! આવી પ્રજામાં, અને ખાસ કરીને બંગાળમાં, મતભેદ હોવા છતાં, એકબીજા સાથે અતૂટ સ્નેહપૂર્વક એકતાના સૂત્રથી બંધાયેલા માનવીઓનું એક મંડળ ઊભું કરવું, તે એક અદ્‌ભુત કાર્ય નથી ? આ મંડળ જરૂર મોટું થશે. અદ્‌ભુત ઉદારવૃત્તિ સાથે શાશ્વત શક્તિ અને પ્રગતિનો આ વિચાર સમગ્ર ભારતમાં ફેલાઈ જવો જોઈએ. પ્રજામાં એણે વિદ્યુત સમી ચેતના આણવી જોઈએ, અને આ ગુલામ પ્રજાના વારસારૂપ ભયંકર અજ્ઞાન, ખુન્નસ, જ્ઞાતિપ્રથા, જરીપુરાણી રૂઢિચુસ્તતા અને ઈર્ષ્યા ભરેલાં હોવા છતાં આખી પ્રજાના હાડેહાડમાં તેણે પહોંચી જવું જોઈએ.

★ ★ ★

શિકાગો,

૨૮મી મે, ૧૮૯૪

પ્રિય આલાસિંગા,

‘બધુંય પાણી ખૂટી જશે ત્યારે નદી ઓળંગીશું’, એમ વાટ જોતા બેસી ન રહો. ...દરરોજ સાંજે ગરીબ તેમજ નીચલા વર્ગના લોકોને એકત્ર કરો; ભંગીઓને સુદ્ધાં. અને પહેલાં તો તેમની સમક્ષ ધર્મ વિશે પ્રવચન આપો; અને ત્યારબાદ જાદુઈ ફાનસ તેમજ અન્ય સાધનો દ્વારા એ લોકોની ભાષામાં જ એમને ખગોળ, ભૂગોળ આદિ વિષયોનું જ્ઞાન આપો. ઉત્સાહથી થનગનતા યુવકોની એક ટુકડીને તાલીમ આપીને તૈયાર કરો. એમનામાં તમારી ધગશ પ્રગટાવો

અને ઉત્તરોઉત્તર તેનું ક્ષેત્ર વિશાળ કરો. એમનામાં તમારી ધગશ પ્રગટાવો ...શરૂઆત નાની છે એથી ડરી જતા નહિ; ભવિષ્યમાં મહાન કાર્યો થશે.હિંમતવાન બનો, તમારા બંધુઓ ઉપર હુકમ ચલાવીને એમને દોરવાનો પ્રયત્ન કરશો નહિ, પરંતુ એમની સેવા કરજો. અન્યને દોરવાના પાશવી ઉન્માદે જીવનસાગરમાં અનેક મહાન નૌકાઓને ડૂબાવી દીધી છે.

★ ★ ★

યુ.એસ.એ.

૨૯મી સપ્ટેમ્બર, ૧૮૯૪

પ્રિય આલાસિંગા,

તમારા પૂર્વજોએ આત્માને તમામ પ્રકારની સ્વતંત્રતા આપી; પરિણામે ધર્મનો વિકાસ થયો. પરંતુ એ પૂર્વજોએ શરીરને તમામ પ્રકારનાં બંધનોમાં જકડી રાખ્યું અને પરિણામે સમાજનો વિકાસ અટકી ગયો. પશ્ચિમના દેશોમાં આથી ઊલટું બન્યું. તેમણે સમાજને દરેક પ્રકારની સ્વતંત્રતા આપી, પણ ધર્મને કંઈ નહિ. હવે એવો સમય આવવા લાગ્યો છે કે જ્યારે પૂર્વના સમાજની આસપાસની તેમજ પશ્ચિમના ધર્મની આસપાસની બેડીઓ તૂટવા માંડી છે.

પરંતુ પૂર્વ પશ્ચિમ, બંનેનો આદર્શ આગવો અને ભિન્ન રહેશે; ભારતનો આદર્શ ધાર્મિક અથવા અંતર્મુખી; અને પશ્ચિમનો વૈજ્ઞાનિક અથવા બહિર્મુખી. પશ્ચિમ આધ્યાત્મિકતાનો એકેએક કણ સામાજિક સુધારણા દ્વારા ઈચ્છે છે.

★ ★ ★

બાલ્ટીમોર, યુ. એસ. એ.

તા. ૨૨મી ઓક્ટોબર, ૧૮૯૪

પ્રિય રામકૃષ્ણાનંદ,

આપણું ધ્યેય જગતનું હિત કરવાનું છે, આપણા નામનો ઢંઢેરો પીટવાનું નહિ. સિલોનમાં નિરંજન પાલી ભાષાનો અભ્યાસ કરીને બૌદ્ધગ્રંથોનો અભ્યાસ કેમ નથી કરતો ? ધ્યેય વિના ભટકવાથી શો લાભ થશે તે જ મને સમજાતું નથી. જેઓ ઈશ્વરના રક્ષણ નીચે આવે છે, તેમને સદ્‌ગુણો, સંપત્તિ અને વાંછિત વસ્તુઓ પ્રાપ્ત થાય છે, સ્વતંત્રતા તેમનાં ચરણમાં જ છે.

★ ★ ★

આલાસિંગ પૈરૂમલ ઉપર ૧૯મી નવેમ્બર, ૧૮૯૪ના રોજ ન્યૂર્યોર્કથી લખાયેલો પત્ર

...પ્રેમ કરનાર સિવાય કોઈ જીવંત નથી. મારાં બાળકો! અન્ય માટે લાગણી રાખતાં શીખો; ગરીબ, અજ્ઞાની અને કચડાયેલા માટે લાગણી રાખો; એટલી હદ સુધી લાગણી રાખો કે તમારું હૃદય બંધ પડી જાય, મગજ ઘૂમ્યા કરે અને તમને લાગે કે તમે પાગલ થઈ જશો; અને પછી ઈશ્વરને ચરણે હૃદયની વ્યથા ધરી દો. ત્યારે પછી આવશે શક્તિ, સહાય અને અદમ્ય ઉત્સાહ !

...ગરીબોને કામ આપવા માટે ભૌતિક સંસ્કૃતિ, અરે, ભોગવિલાસ સુદ્ધાં જરૂરી છે. 'રોટી ! રોટી !' જે ઈશ્વર આપણને અહીં રોટી આપી શકતો નથી તે સ્વર્ગમાં શાશ્વત સુખ આપશે તેમ હું માનતો નથી. છટ્ટ, ભારતને ઉન્નત બનાવવું છે, ગરીબોને રોટલો પહોંચાડવો છે, શિક્ષણનો વિસ્તાર કરવો છે. અને પુરોહિત પ્રથાનાં અનિષ્ટને દૂર કરવાં છે. પુરોહિતપ્રથા ન જોઈએ ! સામાજિક જુલમો ન જોઈએ! વધારે અન્ન, બધા માટે વધારે તક ! અંગ્રેજો માત્ર હસે છે. જે બીજાને સ્વતંત્રતા આપવા તૈયાર નથી તેવા કોઈ સ્વતંત્રતાને પાત્ર નથી. માનો કે અંગ્રેજોએ તમને બધીય સત્તા આપી દીધી; તો ત્યારે જેઓ સત્તા ઉપર હશે તેઓ લોકોને દબાવી રાખશે, તેમને સ્વતંત્રતા આપશે નહીં. ગુલામો બીજાને ગુલામો બનાવવા સારું જ સત્તા માંગે છે.

હવે, આ બધી પ્રગતિ આપણે ધીરે ધીરે લાવવાની છે, અને તે પણ આપણાં ધર્મ માટેનો આગ્રહ રાખીને અને સમાજને સ્વતંત્રતા આપીને. પુરાણા ધર્મમાંથી પુરોહિતપ્રથાનો નાશ કરો, એટલે તમને દુનિયામાંનો શ્રેષ્ઠ ધર્મ સાંપડશે.

...ઉત્સાહ રાખો અને સૌમાં પ્રેમ પ્રેરો. કામ, બસ કામ કરો ! નેતા હોવા છતાં સૌના સેવક બનો. નિઃસ્વાર્થ બનો. એક મિત્ર ખાનગીમાં બીજા ઉપર આક્ષેપ કરે તે કદી ન સાંભળો. અખૂટ ધીરજ રાખો; અંતે તમને વિજય મળવાનો છે.

★ ★ ★

વોશિંગ્ટન,

૨૭મી ઓક્ટોમ્બર, ૧૮૯૪

ભાગ્યવંત અને પરમ પ્રિય,

હું તો કેવળ શોભાનું પૂતળું છું. હું તો એક ત્યાગી સાધુ છું; મને તો માત્ર એક જ વસ્તુની ઝંખના છે. જે ઈશ્વર અગર જે ધર્મ વિધવાનાં અશ્રુઓ લૂછી ન શકે કે અનાથના મુખમાં રોટલાનું બટકું આપી ન શકે એવા ઈશ્વર કે ધર્મમાં હું માનતો નથી. સિદ્ધાંતો ગમે એટલા ઉચ્ચ હોય, કે તત્ત્વજ્ઞાન ગમે એટલું સુસંબદ્ધ હોય, પરંતુ જ્યાં સુધીએ પુસ્તકો અને જડ નિયમોમાં પુરાયેલાં હોય ત્યાં સુધી હું એને ધર્મ કહેતો નથી. આંખ કપાળમાં હોય છે, પીઠમાં નહિ. આગળ ધપો અને જેને તમે તમારો ધર્મ કહેવાનું ગૌરવ અનુભવો છો તેને આચરણમાં ઉતારો...બેટા ! પ્રેમ કદાપિ નિષ્ફળ જતો નથી; આજે, આવતીકાલે કે યુગો પછી પણ સત્યનો જ જય થવાનો છે. વિજય પ્રેમનો જ છે. તમને તમારા જાતિભાઈઓ પ્રતિ પ્રેમ છે ? ઈશ્વરને

શોધવા તમારે ક્યાં બીજે જવું છે ? શું આ બધાં દરિદ્ર, દુ:ખી અને દુર્બળ મનુષ્યો પોતે જ દેવ નથી ? પહેલાં એમની સૌની પૂજા શા માટે ન કરવી ? ગંગાકિનારે કૂવો ખોદવા શા માટે જવું ? પ્રેમની સર્વ સમર્થ શક્તિમાં શ્રદ્ધા રાખો...★અંતિમ વિજયની ખાતરી જ્યારે હોય ત્યારે તો મૂર્ખાઓ પણ પોતાની કીર્તિનાં બણગાં સંભળાવા માટે વ્યાખ્યાનો આપવા ખડા થઈ જાય, અને બાયલાઓ સુદ્ધાં વીરની વાનર નકલ કરે; પરંતુ સાચો વીર તો મૌન રહીને કાર્ય કર્યે જાય છે....કોઈપણ મનુષ્ય કે કોઈપણ રાષ્ટ્ર અન્યને હડધૂત કરીને ટકી શકે નહિ. જે દિવસે ભારતવાસીઓ 'મ્લેચ્છ' શબ્દ કાઢ્યો અને બીજાઓ સાથેનો સંપર્ક તોડી નાખ્યો, તે જ દિવસે ભારતવર્ષનો વિનાશ નિશ્ચિત થઈ ચૂક્યો. આ વિચાર તમારા મનમાં પોષણ પામે નહિ તેની કાળજી રાખશો. વેદાંત વિશે મોટી મોટી વાતો કરવી એ સહેલું છે પરંતુ એના ઉપદેશોનું થોડુંક પણ આચરણ કરવું એ કેવું દુષ્કર છે !

★ ★ ★

૪૧, ડીઅરબોર્ન એવન્યૂ,
શિકાગો,
નવેમ્બર (?) ૧૮૯૪

પ્રિય દીવાન સાહેબ

ભારતના ગરીબોમાંથી આટલા બધા મુસ્લિમો શા માટે છે ? તેમને બળજબરીથી વટલાવવામાં આવ્યા હતા એમ કહેવું અર્થ વગરનું છે. માત્ર જમીનદારો અને પુરોહિતોના સકંજામાંથી મુક્તિ મેળવવા માટે જ તેમ થયું હતું. પરિણામે તમે જુઓ છો કે બંગાળમાં ખેડૂતોમાં હિંદુઓ કરતાં મુસલમાનો વધારે છે, કારણ કે ત્યાં જમીનદારો ઘણા હતા. આ ભોંયે પડેલા, ચગદાયેલા લાખો લોકોને ઊંચે લાવવાનો વિચાર સરખોય કોણ કરે છે ? થોડાક હજાર સ્નાતકોથી કે થોડાક પૈસાદાર માણસોથી પ્રજા બનતી નથી. એ ખરું છે કે આપણને તકો ઓછી મળે છે; છતાંયે ત્રીસ કરોડને ખાવાનું આપવા તથા કપડાં પહેરાવવા, અરે વિશેષ સુખસગવડ અને એશઆરામ આપવા પૂરતું પણ ઘણું છે. આપણી પ્રજાના નેવું ટકા લોકો અભણ છે; તેનો વિચાર જ કોણ કરે છે ?

★ ★ ★

૧૮૯૪

પ્રિય ગુરુબંધુઓ,

આપણા રાષ્ટ્ર માટે કંઈ જ આશા નથી. કોઈના મગજમાં એક પણ મૌલિક વિચાર સ્ફુરતો નથી. બધા એની એ જ ફાટીને ગાભો થઈ ગયેલી ગોદડી માટે લડ્યા કરે છે કે 'રામકૃષ્ણ પરમહંસ આવા હતા, ને તેવા હતા !' - બધી માથાં પૂંઠડાં વિનાની અજબગજબની વાતો ! અને પ્રભુ ! તમે લોકો સામાન્ય માણસથી કોઈપણ બાબતમાં કંઈક વિશેષ છો તેટલું બતાવવા માટે પણ તમે કંઈ નહિ કરો ? ફક્ત ગાંડાઈમાં જ મસ્ત... આજે તમે ઘંટડી વગાડો, પછી તેમાં એક વગાડવાનું શીંગડું ઉમેરો, ત્રીજે દિવસે તેને ચામર ઢોળતા પાછળ ચાલો; અથવા આજે એક પાટ બેસાડો, બીજા દિવસે તેના પાયા ચાંદીથી મઢાવો, પછી લોલો દૂધપાક-પ્રસાદ ખાય, અને તમે તેમાંથી હજારોની સંખ્યામાં ન માની શકાય તેવી અજબગજબની વાતો જોડી કાઢો ! ટૂંકમાં, બાહ્ય વિધિઓ સિવાય કશું જ નહિ. અંગ્રેજીમાં આને 'નામર્દાઈ' કહે છે. જેમના મગજમાં રાત દિવસ આવી આવી મૂર્ખાઈ પ્રવેશે છે તેઓ નામર્દ કહેવાય છે. ઘંટી જમણી તરફ વગાડવી કે ડાબી તરફ, ચંદન કપાળ પર કરવું કે બીજે સ્થાને, આરતી બે વાર ઉતારવી કે ચાર વાર આવા આવા પ્રશ્નોથી દિવસ રાત પોતાના મગજને તકલીફ આપ્યા કરે છે, તેઓ 'કાંગલાં' કહેવડાવવાને જ લાયક છે. આવા વિચારોને લીધે જ આપણે ભાગ્ય દેવતાના અસ્પૃશ્યો છીએ, લાતો અને ડફણાં ખાઈએ છીએ. જ્યારે પશ્ચિમના લોકો આખી દુનિયાના સ્વામી છે... આળસ અને ત્યાગ વચ્ચે દરિયા જેટલો તફાવત છે.

તમારે કલ્યાણ સાધવું હોય તો તમારી ક્રિયાવિધિઓ ફેંકી દો અને જીવતા ઈશ્વરને કે માનવ-ઈશ્વરને ભજો; માનવશરીરધારી દરેક જીવને પૂજો. ઈશ્વરના વિશ્વરૂપ તેમજ માનવરૂપમાં તેને ભજો. તેનું વિશ્વરૂપ એટલે આ જગત; અને તેને ભજવું એટલે તેની સેવા કરવી. આ જ ખરો ધર્મ છે, વિધિઓમાં રચ્યાપચ્યા રહેવું એ નહિ. ભગવાન સમક્ષ ભોગ દસ મિનિટ ધરાવવો કે અર્ધો કલાક એવો વિચાર કરવો તે ધર્મ નથી, એ ગાંડાઈ જ છે. કાશી અથવા વૃંદાવનનાં મંદિરનાં દ્વાર આખો દિવસ ઉઘાડતી અને બંધ કરાતી વખતે સંગીતના સૂરો છેડાય તે માટે લાખો રૂપિયા ખર્ચાયા છે ! અત્યારે ભગવાન સ્નાન કરે છે, હવે તે ભોજન લે છે, હવે તે અમે નથી જાણતા તેવા બીજા કામમાં પ્રવૃત્ત છે... જ્યારે જીવંત ઈશ્વર ખોરાક વિના અને કેળવણી વિના મરે છે ત્યારે બધું ચાલ્યા કરે છે ! મુંબઈના વાણિયાઓ માંકડ માટે ઈસ્પિતાલો બંધાવે છે, જ્યારે માણસો મરતાં હોય તો પણ તેમને માટે તેઓ કશું નહિ કરે, આવી સાદી બાબત સમજવાને તમારામાં મગજ નથી કે આ જ આપણા દેશની મરકી છે, અને બધે સ્થળે આવી ગાંડાની ઈસ્પિતાલો વધતી જ જાય છે... તમારામાંના કેટલાક આગની પેઠે ફરી વળો અને ઈશ્વરના આ વિશ્વરૂપના પૂજનનો પ્રચાર કરો. આવું

કાર્ય અગાઉ કદીયે આ દેશમાં આરંભાયું નથી. આપણે લોકો સાથે ઝઘડવું નહિ; આપણે બધાના મિત્ર થવું છે...

વિચારોનો પ્રચાર કરો; ગામડે ગામડે જાઓ, ઘેર ઘેર ફરો, તો જ ખરું કામ થશે. નહિતર આત્મ સંતુષ્ટ રહી પથારીમાં પડ્યા પડ્યા ઘંટ વગાડ્યા કરીએ એ તો ચોખ્ખી બીમારી જ છે... સ્વતંત્ર થાઓ અને સ્વતંત્ર નિર્ણય લેતાં શીખો. 'અમુક તંત્રના આટલામાં પ્રકરણમાં લખ્યું છે કે ઝાલરના હાથાની લંબાઈ આટલી જ હોવી જોઈએ'-તેનું મારે શું ? ઈશ્વરની કૃપાથી તમારા મોઢામાંથી જ કરોડો વેદો, તંત્રો અને પુરાણો નીકળશે... હવે તમે આ વાત આચરણમાં મૂકી શકો, અને એક વર્ષમાં ભારતમાં ત્રણચાર લાખ શિષ્યોને તૈયાર કરી શકો, તો જ મને કંઈક આશા બંધાય...

...ગામડે ગામડે જાઓ,માનવજાતનું અને દુનિયા આખીનું ભલું કરો. બીજાને માટે મુક્તિ મેળવવા સારુ તમારે નરકમાં જવું પડે તો જાઓ. માણસ જેને પોતાની જ કહે તેવી મુક્તિ આ દુનિયામાં છે જ નહિ. જ્યારે તમે પોતાનો જ વિચાર કરો ત્યારે તમે જરૂર અસ્વસ્થ લાગવાના. વત્સ ! તમારે શાંતિનું શું કામ છે ? તમે સર્વસ્વ છોડી દીધું છે. ચાલો, હવે શાંતિ અને મુક્તિ માટેની ઝંખના ત્યજવાનો વારો છે ! લેશમાત્ર ચિંતા ન કરો. સ્વર્ગ કે નરક, ભક્તિ કે મુક્તિ, કશાની દરકાર ન કરશો. પરંતુ મારા વત્સ ! બારણે બારણે જઈને ઈશ્વરના નામનો પ્રચાર કરો ! અન્યનું કલ્યાણ કરવાથી જ પોતાનું કલ્યાણ થાય છે. બીજાને ભક્તિ અને મુક્તિને પંથે દોરવાથી જ પોતાને તે બંને મળે છે. તમારી જાતને ભૂલી જઈને એક વિચાર પકડી લો અને તેની પાછળ ગાંડા બનો.

**આટલી બાબત યાદ રાખજો :**

(૧) આપણે સંન્યાસી છીએ. આપણે બધું છોડી દીધું છે : ભક્તિ, મુક્તિ, ભોગ, સર્વસ્વ.

(૨) આપણી પ્રતિજ્ઞા આ પ્રમાણે છે : હલકામાં હલકા મનુષ્ય સુધી જગતનું ઉચ્ચમાં ઉચ્ચ હિત કરવું. તેમ કરતાં મુક્તિ મળે કે નરક; તેને આવકારો.

(૩) તેને જે પ્રણામ કરશે તે તત્ક્ષણ શુદ્ધ કાંચન બની જશે. મારા શિષ્યો ! આ સંદેશ સાથે બને તો બારણે બારણે જાઓ એટલે તમારી બધી અશાંતિ નાશ પામશે. ડરો નહિ; ભય માટે અવકાશ જ ક્યાં છે ? કશાની પણ દરકાર ન કરવી એ તો તમારા જીવનનો એક ભાગ છે. ભગવાન તમારી સાથે છે; હિંમત રાખો !

★ ★ ★

૫૪૧, ડિયરબોર્ન એવન્યુ,

શિકાગો, ૧૮૯૪

પ્રિય આલાસિંગા,

...આપણે પ્રાર્થના કરીએ કે : 'પ્રેમળ જ્યોતિ તારો દાખવી, મુજ જીવનપંથ ઉજાળ' એટલે અંધકારમાંથી પ્રકાશનું કિરણ આવશે અને આપણને દોરી જવા માટે એક હાથ આગળ લંબાશે. હું તમારે માટે નિત્ય પ્રાર્થના કરું છું. અને તમારે મારા માટે અવશ્ય પ્રાર્થના કરવી. ગરીબાઈ, પુરોહિતોની ચાલબાજી અને સામાજિક અત્યાચારો દ્વારા સખત જકડાઈ રહેલા, ભારતવર્ષના લાખો પદદલિત લોકો માટે આપણે દરેકે અહર્નિશ પ્રાર્થના કરવી જોઈએ. એમને માટે અહર્નિશ પ્રાર્થના કરજો. કુલીન અને ધનિક લોકો કરતાં આવા લોકોને ધર્મનો ઉપદેશ આપવાની હું વધુ પરવા કરું છું. હું નથી કોઈ તત્ત્વજ્ઞાની, કે નથી કોઈ ફિલસૂફ કે નથી કોઈ સંત, કેવળ એક ગરીબ છું. ને હું ગરીબને ચાહું છું. હું તો જોઈ રહ્યો છું કે આ દેશના લોકો પોતાના ગરીબ ભાઈઓને શી રીતે બોલાવે છે અને કેટલા બધા લોકો એમને માટે લાગણી ધરાવે છે ! ભારતવર્ષમાં આના કરતાં કેવી જુદી જ પરિસ્થિતિ પ્રવર્તી રહી છે ! ગરીબાઈ અને અજ્ઞાનમાં સદાને માટે ગરક થઈ ગયેલાં વીસ કરોડ જેટલાં નરનારીઓ માટે ત્યાં કોણ લાગણી ધરાવે છે ? તેઓ બિચારાં જ્ઞાનનો પ્રકાશ કે કેળવણી પામી શકતાં નથી. તે લોકોને જ્ઞાનનો પ્રકાશ કોણ આપશે ? એમને ભણાવવા માટે બારણે બારણે કોણ ભટકશે ? આ ગરીબ માનવીઓને જ તમે ઈશ્વર સમજો. તમે એમના વિશે વિચાર કરો, એમને માટે જ કાર્ય કરો, એમને માટે સતત પ્રાર્થના કરો. પરમેશ્વર તમને માર્ગ સૂઝાડશે. ગરીબ લોકો માટે જેનું હૃદય દ્રવે તેને હું 'મહાત્મા' કહું છું, નહિ તો એ 'દુરાત્મા' છે. એમના ભલા માટે સતત પ્રાર્થના કરવાનો દૃઢ સંકલ્પ આપણે એકસાથે જ કરીએ. કોઈની સહાનુભૂતિ વગર કે પાછળ મુદ્દલ આંસુ સાર્યા વગર, કશી પ્રસિદ્ધિ પામ્યા વગર, તદ્દન અજ્ઞાત પણ કદાચ આપણું મૃત્યુ થાય, તો પણ આપણે વહેતો મુકેલો એક પણ વિચાર નિષ્ફળ જવાનો નથી. વહેલો કે મોડો એ વિચાર અવશ્ય ફલીભૂત થવાનો છે. મારું હૃદય એટલું બધું ભરાઈ આવ્યું છે કે મારી લાગણીઓને હું વ્યક્ત કરી શકતો નથી. તમે એ જાણો છો; તમે એની કલ્પના કરી શકશો. જ્યાં સુધી લાખો મનુષ્યો ભૂખમરા અને અજ્ઞાનની દશામાં જીવે છે ત્યાં સુધી એ ગરીબોના ભોગે શિક્ષણ પામીને જે માણસ તેમના પ્રત્યે જરા પણ ધ્યાન આપતો નથી એવા દરેકેદરેકને હું દેશદ્રોહી ગણું છું ! ગરીબોને પીસીને પોતાનો તમામ પૈસો કમાનારા, ફૂલફટાક થઈને દમામભેર ફરનારા લોકો

જ્યાં સુધી ભૂખ્યા જંગલીઓની કોટિમાં આવી રહેલા આ વીસ કરોડ લોકો માટે કશું કરતા નથી, ત્યાં સુધી એવા લોકોને હું અધમ કહીશ.'

★ ★ ★

સ્વામી વિવેકાનંદનો આદર્શ તો હતો - 'વિશ્વવિજયી ભારત.' તેમણે પોતાની ઓજસ્વી વાણીમાં કહ્યું હતું, 'હવે ઈંગ્લૅન્ડ, યુરોપ અને અમેરિકા ઉપર વિજય મેળવવો એ જ આપણું મહાવ્રત હોવું જોઈએ. એનાથી જ દેશનું ભલું થશે. વિસ્તાર જ જીવનનું કેન્દ્ર છે. આપણે આખી દુનિયામાં આપણા આધ્યાત્મિક વિચારોનો પ્રચાર કરવો જ જોઈએ.' તેઓ વારંવાર કહેતા હતા : 'કાયરતા છોડો, નિદ્રા ત્યાગો, આ વીરભોગ્યા વસુંધરા છે, વીર બનો. યાદ રાખો, આપણે આખી દુનિયા જીતવાની છે. હા આપણે એ કરવું જ પડશે. ભારતે આખા વિશ્વ ઉપર ધર્મ અને અધ્યાત્મ દ્વારા અચૂક વિજય પ્રાપ્ત કરવો જ પડશે. તેના મુકાબલે કોઈ નાનકડા આદર્શથી મને ક્યારેય પણ સંતોષ નહીં થાય.... તે સિવાય કોઈ વિકલ્પ નથી.'


તેમણે કહ્યું કે આપણા કૂવાઓમાં રહીને આપણે મહાન નહીં બની શકીએ. આપણા કિલ્લાઓમાં બેઠા રહીને લડવું એટલે પરાજયને નિમંત્રણ આપવા બરાબર છે. તેઓ કહેતા હતા -

'નવયુવકો, હું ખાસ કરીને તમને જ યાદ કરવાનું કહું છું, આપણે બહાર જવું જ પડશે. બીજો કોઈ રસ્તો નથી, આ કરો અથવા મરો. સતેજ અને પ્રબુદ્ધ રાષ્ટ્રીય જીવન માટે બસ એક જ શરત છે કે ભારતીય વિચાર વિશ્વ ઉપર વિજય પ્રાપ્ત કરે.'

સ્વામી વિવેકાનંદ જાણતા હતા કે ભારતના વિશ્વવિજયી બનવાના માર્ગમાં સૌથી મોટો અવરોધ આપણી અંદરોઅંદરની ફૂટ છે. આ સમાજ વિભિન્ન જાતિ, સાંપ્રદાયિક અને ભાષાકીય ક્ષુદ્રતાઓમાં વહેંચાઈ ગયો છે. રાષ્ટ્રીય ગૌરવ અને મહાનતાનો મહામંત્ર છે સાંસ્કૃતિક એકાત્મતા....ભારતીય હોવાનું ગૌરવ. સંકુચિત સ્વાર્થોની ઉપર ઊઠીને, બધી જાતિઓને સમાન માનીને, બધા પંથ-સંપ્રદાયોનો પૂરી નિષ્ઠા સાથે આદર કરીને આપણે સૌ ગૌરવપૂર્વક કહીએ કે અમે ભારતીય છીએ. એક સ્વરમાં 'મા ભારતીનો જય જયકાર' કરીએ.

સ્વામી વિવેકાનંદનો જયઘોષ હતો : 'ભારતવાસી ! માત્ર બીજાઓના પડઘા પાડીને, બીજાઓનું અધમ અનુકરણ કરીને, બીજાઓ ઉપર આધાર રાખીને ગુલામને છાજે એવી આ નિર્બળતાનું, આ અધમ અને તિરસ્કારપાત્ર ક્રૂરતાનું પાથેય લઈને શું તું સંસ્કૃતિ અને મહત્તાના સર્વોચ્ચ શિખરે પહોંચવાનો છે ? તારી આવી શરમભરી કાયરતાથી બહાદુરો અને શૂરવીરોને લાયક એવું સ્વાતંત્ર્ય શું તું મેળવી શકીશ ? ઓ ભારતવાસી ! તું ભૂલતો નહીં કે સ્ત્રીત્વનો તારો આદર્શ સીતા, સાવિત્રી અને દમયંતી છે. તું ભૂલતો નહીં કે તારો ઉપાસ્ય દેવ મહાન, તપસ્વીઓનો તપસ્વી, સર્વસ્વ ત્યાગી ઉમાપતિ શંકર છે. તું ભૂલતો નહીં કે તારો જન્મ જગદંબાની વેદી પર બલિદાન થવા માટે થયો છે. તું ભૂલતો નહીં કે તારી સમાજવ્યવસ્થા અનંત વિશ્વવ્યાપી માતૃત્વનું પ્રતિબિંબ માત્ર છે. તું ભૂલતો નહીં કે ભારતનો નીચલો વર્ગ, અજ્ઞાની ભારતવાસી, ગરીબ ભારતવાસી, અભણ ભારતવાસી, ભારતનો ઝાડુ મારનારો તારા રક્તમાંસનાં સગાંઓ છે ! તારા ભાઈઓ છે. હે વીર ! તું બહાદુર બન, હિંમતવાન થા અને અભિમાન લે કે તું ભારતવાસી છે અને ગર્વપૂર્વક ગર્જના કર, 'હું ભારતવાસી છું. પ્રત્યેક ભારતવાસી મારો ભાઈ છે.' તું પોકારી ઊઠ, 'અજ્ઞાની ભારતવાસી, ગરીબ ભારતવાસી, કંગાલ ભારતવાસી, બ્રાહ્મણ ભારતવાસી, અંત્યજ ભારતવાસી, દરેક ભારતવાસી મારો ભાઈ છે !' તારી કમર પર પહેરવા ભલે માત્ર એક લંગોટી જ રહી હોય તો પણ ગર્વપૂર્વક બુલંદ અવાજે તું ઘોષણા કર, 'ભારતીય સભ્યતા મારો ભાઈ છે, ભારતીય સભ્યતા મારું જીવન છે, ભારતનાં દેવદેવીઓ મારો ઈશ્વર છે, ભારતનો સમાજ મારી બાલ્યાવસ્થાનું પારણું છે, મારા યૌવનનું આનંદવન છે. મારી વૃદ્ધાવસ્થાની મુક્તિદાયિની કાશી છે.' ભાઈ ! પોકારી ઊઠ કે 'ભારતની ધરતી એ મારું સર્વોચ્ચ સ્વર્ગ છે. ભારતનું કલ્યાણ એ મારું કલ્યાણ છે.'

*આઈ-૭, મધુરમ કોમ્પલેક્ષ,*
*પેટ્રોલ પંપ પાછળ, જીવરાજ પાર્ક,*
*અમદાવાદ-૧૭, મો : ૯૮૨૫૦૪૪૭૩૪*



# સૌરાષ્ટ્રનાં નાગસ્થાનકો અને નાગકુળના વહીવંચા નાગમગાં

*– ભૂપેન્દ્ર મો. દવે*

**ના**ગજાતિ વિશે જનસમાજમાં જુદી જુદી માન્યતાઓ જોવા મળે છે. તેને સમજવા માટે પ્રાચીન કાળ સુધી પહોંચવું પડે. 'મોહેંજો દડો અને 'હડપ્પા'ના ખોદકામમાંથી મળેલાં માટીનાં વાસણો પર, સિક્કાઓ પર અર્ધનાગ અને અર્ધમનુષ્ય ની આકૃતિઓ જોવા મળી છે. તેમાં ઉપરનો ભાગ મનુષ્યોના પેટ સુધીનો અને નીચેનો ભાગ નાગનો છે. આ બધાથી સ્પષ્ટ થાય છે કે, પ્રાચીન કાળમાં પણ 'નાગપૂજા અને નાગ પ્રત્યે આદરભાવ હતો.

યજુર્વેદ અને અથર્વવેદમાં નાગ પૂજાની પ્રાર્થનાઓ મળે છે. યજુર્વેદે નોધ્યું છે કે,

**'નમોસ્તુતો સર્પેભ્યો, યે કે ચ પથવ્યામનુ**

પૃથ્વી પર જે સર્પો છે, તેમને નમસ્કાર.

**આદિકાળમાં નાગ સર્પ સ્વરૂપે નહોતા જ. તેઓ મનુષ્ય સ્વરૂપે જ હતા. તેઓ પોતાને સૂર્યપુત્ર અથવા સૂર્યવંશી માનતા હતા. એમની જાતિનું ઓળખચિન્હ નાગછત્ર હતું. વૈદિક સાહિત્યમાં તો ધૃતરાષ્ટ્રનો પણ નાગ તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે**

તથાગત બુદ્ધની તપસ્યા વખતે તેમને છાંયડો કરી દેનાર ફણીધર 'મચ્છલીદ નામે વર્ણવ્યો છે. જૈન ધર્મના ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથનું ચિહ્ન નાગ છે. તેમનું એક નામ સર્પેશ્વર પણ કહ્યું છે. કૃષ્ણ ભગવાને કાળીનાગ સાથે ખેલેલું યુદ્ધ એ નાગજાતિના એક શકિતશાળી અને માથાભારી માનવી સાથેનું યુદ્ધ હતું. અર્જુને નાગકન્ય ઉલુપી સાથે લગ્ન કરેલાં. મહાભારતની કથા કહે છે કે, પાંડવપુત્ર ભીમને નાગલોકોએ પોષ્યો હતો. તેના પેટમાં સાપનું ઝેર ગયું હતું, તેમાંથી તેને મુકત કર્યો ને પુષ્ટિકારક ઔષધ પીવા આપતાં તેનામાં એક હજાર નાગનું જોર આવ્યું. કૃષ્ણના મોટાભાઈ બલરામ શેષનાગનો અવતાર હતા. અર્જુન અને કર્ણના યુદ્ધ સમયે વાસુકિ અર્જુનની સહાયમાં હતા. જયારે અન્ય સર્પ કર્ણની સહાયમાં હતા તેમ ડૉ. હરિરામ જેષ્ટો લખે છે. આ બધાં ઉદાહરણોમાં પણ નાગજાતિ પ્રત્યે આદરભાવ વ્યક્ત થાય છે.

નાગજાતિની ઉત્પતિ વિશે ભાગવત પુરાણમાં એક કથા મળે છે.: કશ્યપ મુનિને બે પત્નીઓ હતી; એકનું નામ વનિતા અને બીજી પત્નીનું નામ કદ્રુ. એકવાર ઋષિએ પ્રસન્ન થઈને બંને પત્નીઓને વરદાન માંગવાનું કહ્યું. કદ્રુએ તે એક હજાર વીર નાગોની માતા બને એવું વરદાન માંગ્યું. જયારે વનિતાએ પોતાને બે પુત્રો થાય તેવું વરદાન માંગ્યું. આમ કદ્રુને જે પુત્રો થયા તે નાગ અને વનિતાને જે પુત્રો થયાં તે એક વરુણ અને બીજા ગરુડજી.

વિદ્વાન અંગ્રેજ પુરાતત્ત્વવિદ્ ઓલ્હાગમનો મત એવો છે કે આદિકાળમાં નાગ સર્પ સ્વરૂપે નહોતા જ. તેઓ મનુષ્ય સ્વરૂપે જ હતા. તેઓ પોતાને સૂર્યપુત્ર અથવા સૂર્યવંશી માનતા હતા. એમની જાતિનું ઓળખચિહ્ન નાગછત્ર હતું. વૈદિક સાહિત્યમાં તો ધૃતરાષ્ટ્રનો પણ નાગ તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. નાગ રાજાઓનો પણ ઉલ્લેખ આપણને મળે છે. જો કે ધનંજય, નળ, અંબરિષ વગેરે જૂના કાળના ભારતના ઉત્તર ભાગમાં આવેલી તક્ષશિલા (જે હાલ પાકિસ્તાનમાં છે.) નાગ રાજાઓની રાજધાની હતી. રાજા જનમેજયે તક્ષશિલાનો પરાજય કરીને પોતાના પુરોહિતો સાથે ચર્ચાવિચારણા કરી નાગ વહિનો આરંભ કર્યો ત્યારે યુદ્ધમાં બંદીવાન બનાવાયેલા નાગ સૈનિકોને નાગકોટી યજ્ઞમાં આહૂતિ આપવામાં આવી. તેમને જીવતા જલાવી દેવામાં આવ્યા હતા. આ ઉપરથી એક હકીકત જાણવા મળે છે કે, આર્ય જાતિને નાગ જાતિ સાથે દુશ્મનાવટ હતી, પરંતુ દીર્ઘકાળ બાદ આર્ય  નાગજાતિ વચ્ચે સુમેળ પણ સાધવામાં આવ્યો હતો.

આમ, નાગપ્રજા પણ ખૂબ જ પ્રાચીન કાળની પ્રજા છે. આ પ્રજા મૂળ અસુર પ્રજામાંથી ઊતરી આવી હોવાનું પંડિત વિશ્વેશ્વરનાથે ''ઋગ્વેદ પર ઐતિહાસિક દૃષ્ટિ'' પાન ૨૪૦ ઉપર જણાવ્યું  છે. તેઓનો સંબંધ અસુરો, પણિઓ અને દસ્યુઓ સાથે હતો. સૌરાષ્ટ્રે તો આ પ્રજાનું મોટું થાણું હતું. સમગ્ર ભારતવર્ષમાં પણ તેઓનાં મહાન રાજયો હતાં. કુશસ્થલીનો રાજા રૈવત મૂળ તક્ષક નાગ હતો અને બ્રાહ્મણના શાપથી પ્રભાસમાં રાજા થયો હોવાનું સ્કંદપુરાણના નાગરખંડમાં નોંધ્યું છે. (સ્કંદપુરાણ, નાગરખંડ, અં. ૧૧૬) અને તેની પુત્રી શેષાવતાર બલરામને પરણાવી હતી. નાગલોકો નાગપૂજાના હિમાયતી હતા. આ



પ્રજા નાગ અવટંક ધારણ કરેલી ક્ષત્રિયોને મળતી બહાદુર પ્રજા હતી, એ નિર્વિવાદ છે.

મહાભારતમાં એક કથા છે : ખાંડવ વનને બાળવામાં અર્જુનને અગ્નિ દેવે સહાય કરી હતી. આ વનમાં તક્ષક નાગ અને તેના પુત્ર અશ્વસેનનો નિવાસ હતો. આ વનમાં અનેક નાગ મૃત્યુ પામ્યા, તે કારણે તક્ષકને અર્જુન પ્રત્યે વેરભાવ ઊભો થયો હતો.

એકવાર રાજા પરીક્ષિત વનમાં શિકાર માટે ગયા. તેઓ જયાં શમીક ઋષિ તપ કરતા હતા ત્યાં ગયા. રાજાએ પોતાના શિકાર માટે ઋષિને પૃછા કરી. પરંતુ તપમાં લીન ઋષિ તરફથી કંઈ પ્રત્યુત્તર મળ્યો નહી તેથી ક્રોધિત થઈ પરીક્ષિત રાજાએ ઋષિ નજીક જે મરણ પામેલો સાપ પડ્યો હતો તે લઈ ઋષિના ગળામાં પહેરાવી પોતાના માર્ગે ચાલ્યો ગયો. થોડા સમય બાદ ઋષિનો પુત્ર આ સ્થળે આવ્યો. તેને પોતાના પિતાના ગળામાં મૃત્યુ પામેલો સાપ જોઈ ક્રોધિત થઈ શાપ આપ્યો કે જેણે આ મરેલો સાપ મારા પિતાના ગળામાં નાંખ્યો છે તેનું સર્પદંશથી મૃત્યુ થાય. શમીક ઋષિ જયારે સમાધિમાંથી બહાર આવ્યા ત્યારે તેમણે પોતાના પુત્ર તરફથી શાપ આપ્યાના સમાચાર જાણ્યા. ઋષિએ દુઃખી થઈ શાપની વાત રાજા પરીક્ષિતને પહોંચાડી. રાજા પરીક્ષિતે પોતાને કોઈપણ રીતે સર્પદંશ ન થાય તે માટે કાચનો મહેલ બનાવ્યો . આ તરફ જેણે વર્ષોથી ખાંડવ વન બાળવાના કારણે વેર હતું તે તક્ષક નાગ એક ફળમાં સૂક્ષ્મરૂપ ધારણ કરી રાજા પરીક્ષિતના મહેલમાં પહોંચી ગયો અને રાજાને દંશ દઈ વેર વાળ્યું.



> **નાગજાતિના અવશેષો એક યા બીજા સ્વરૂપે આજે પણ સૌરાષ્ટ્રમાં જળવાઈ રહ્યાં છે. નાગલોક હંમેશા પાતાળમાં ગણાય છે. જેમ નવખંડ ગણાય છે, તેમ સપ્ત પાતાળ ગણાય છે. આ પાતાળ સિંધુ મુખે આવેલું ગણાય છે. સિંધુના મુખ આગળ કચ્છ અને સૌરાષ્ટ્ર વચ્ચે પાતાળ નગર હતું, તેવા ઘણા પુરાવા છે**

પરીક્ષિતનો પુત્ર જનમેજય આથી ખૂબ જ ક્રોધિત થયો અને સમસ્ત નાગકુળનો નાશ કરવા માટે સર્પયજ્ઞનો આરંભ કર્યો. આ યજ્ઞમાં અનેક નાગ હોમાયા, પરંતુ તક્ષક નાગ ઈન્દ્રના સિંહાસન નીચે સંતાઈ ગયો. આ બાજુ પુરોહિતોએ યજ્ઞમાં તક્ષકને હોમવા માટે આહ્વાન કર્યું ત્યારે ઈન્દ્રનું ઈન્દ્રાસન ડોલવા લાગ્યું . તક્ષક ઈન્દ્રના શરણે આવ્યો હતો. આ વખતે નારદજી જનમેજય પાસે આવ્યા અને છેલ્લી આહૂતિનું દાન પોતે માંગી લીધું. તેથી તક્ષકનો જીવ બચી ગયો. નારદે જનમેજયને શિખામણ આપી કે તેં નાગવંશનો નાશ કરવા માટે જે સંહાર કર્યો છે તે ઘોર પાપ છે. તેનું તારે પ્રાયશ્ચિત કરવું પડશે. આ ઘોર પાતકના નિવારણ માટે તારે અને તારી પ્રજાએ પ્રતિવર્ષ નાગપૂજા કરવી પડશે. એમ કહેવાય છે કે, ત્યારબાદ ભારતમાં નાગપૂજા પ્રચલિત થઈ અને ઠેરઠેર નાગ સ્થાનકો અસ્તિત્વમાં આવ્યાં.

સૌરાષ્ટ્રમાં ગામેગામ નાગપૂજા થાય છે. નાગજાતિના અવશેષો એક યા બીજા સ્વરરૂપે આજે પણ સૌરાષ્ટ્રમાં જળવાઈ રહ્યાં છે. નાગલોક હંમેશા પાતાળમાં ગણાય છે. જેમ નવખંડ ગણાય છે, તેમ સપ્ત પાતાળ ગણાય છે. આ પાતાળ સિંધુ મુખે આવેલું ગણાય છે. સિંધુના મુખ આગળ કચ્છ અને સૌરાષ્ટ્ર વચ્ચે પાતાળ નગર હતું, તેવા ઘણા પુરાવા છે. સૌરાષ્ટ્રને એક વખત પાતાળ પ્રદેશ ગણવામાં આવતો હતો. પુરાણો કહે છે કે, પાતાળમાં ભોગવતી નામે નદીના કાંઠે ભોગવતી નગરી હતી અને વાસુકિ નામે તેના રાજા હતા. વૈદિક સરસ્વતીનું એક નામ ભોગવતી હતું. આ સરસ્વતી ધરતીકંપ કે અતિવૃષ્ટિના કારણે ફેરફાર પામી કયાંક લુપ્ત બની કે પ્રવાહ બદલી બેઠી અગર તો ટૂકડા થયાં. આજનો ભોગાવો એ ભોગવતીનું બીજું નામ હોઈ શકે અને એ વૈદિક સરસ્વતીનો એક ભાગ હોઈ શકે. આ ભોગવતીને કાંઠે નાગલોકોની ભોગવતી નગરી કાં ન હોય ? તેવું ‘આપણી લોક સંસ્કૃતિના પાન. ૧૬ ઉપર શ્રી જયમલ્લ પરમારે નોંધ્યું છે. પુરાણોમાં અતલ, વિતલ, નિતલ, ગર્ભાસ્તલ, મહાતલ, સુતલ અને રસાતલ એમ સાત પાતાળ કહ્યાં છે. આ સાત પાતાલો પૈકી સૌરાષ્ટ્રનો સાગર કિનારો અથવા તેનો એક ભાગ પાતાલ ગણાતું. પૌરાણિક વર્ણનોમાં કહ્યું છે કે, પાતાળ નગરીમાં બહુ ટાઢ કે તાપ નથી. એટલે એવો સમશિતોષ્ણ ગુજરાત અને કાઠિયાવાડનો દરિયાકિનારો ગણી શકાય તેમ ‘સર્પપૂજા અને પરંપરા’માં શ્રી જોરાવરસિંહ જાદવ નોંધે છે.

સૌરાષ્ટ્રના જાણીતા વિદ્વાન શ્રી મણીભાઈ વોરાએ પણ તેમના ‘સંસ્કૃતિ પૂજા’ નામના પુસ્તકમાં નોંધેલું છે કે,

''પુરાણકાળમાં પાતાળ પ્રદેશનો એક ભાગ તે સૌરાષ્ટ્ર એવો અભિપ્રાય ઉચ્ચારાયેલ છે. અહી નાગપ્રજાનું રાજય હતું. આર્યોની સાથે  તે એકત્વ પામ્યું. કૃષ્ણની એક પટરાણી નાગકન્યાલ હતી. નાગજાતિની સંસ્કૃતિનો પ્રભાવ એકસરખો સૌરાષ્ટ્રમાં પથરાયેલો છે. નાગપૂજા એનો એક લોકોત્સવ બની રહ્યો છે. કચ્છના અખાતમાં જામનગરના કાંઠે એકબાજુ નાગના બંદર હતું ત્યાં આજે નાગનાથ મંદિર છે. અરબી સમુદ્રમાં જાફરાબાદ પાસે નાગેશ્રી ગામ છે. ચોટીલા તાલુકામાં શાપર ગામ છે. પ્રાચીન જાતિઓમાં તો આજે ય નાગાજણ, નાગરાજ, નાગરવ, નાગજી, નાગદાન, નાગદેવ, નાગમદે, નાગબાઈ વગેરે નામો પડાય છે. ઢાંક અને બગવદરનો નાગાર્જુન નાગેન્દ્રયનો પુત્ર હતો.

નાગપાંચમ એ તો સૌરાષ્ટ્રનો પ્રસિદ્ધ ઉત્સવ છે. શ્રાવણ માસની સુદિ પાંચમના દિવસને નાગ પંચમી કહે છે. આ દિવસે નાગની પૂજા કરવામાં આવે છે. નાગ પાંચમે અને કોઈ કોઈ પોતાના પૂર્વજની તિથિએ નાગના સ્થાનકે દીવો કરે છે. પાણિયારા પાસે નાગલા ચીતરે છે. બાજરાના લોટની કુલેર, દૂધ, તલવટ તથા શ્રીફળ ધરે છે. કૃષ્ણે કાલીનાગનો પરાજય કર્યો હતો તે દિવસ શ્રાવણ સુદિ પાંચમનો હતો. તે ઉપરથી નાગની પૂજા પ્રચારમાં આવી તેમ કેટલાકનો મત છે. નાગ પંચમીનો દિવસ વિદ્યારંભ કરવા માટે શુભ ગણાતો હોવાથી તે દિવસે છોકરાંઓ પાસે ગણેશ પૂજન કરાવી બ્રાહ્મણો પાસે તેમના અભ્યાસનો આરંભ કરાવવામાં આવે છે. વરાહ પુરાણમાં લખ્યું છે કે, આ પાંચમની તિથિએ જ નાગોને બ્રહ્માએ શાપ અને વરદાન આપેલું, તેથી તે તિથિ તેને અત્યંત પ્રિય છે. આ તિથિએ નાગની પૂજા ભારતભરમાં સ્ત્રીઓ લગભગ સર્વત્ર કરે છે. કેટલેક સ્થળે શ્રાવણ વદિ પાંચમે નાગની પૂજા થાય છે. નાગ અને આર્યોની વચ્ચે લાંબા સમય સુધી લડાઈ ચાલી. આખરે સુલેહ થઈ અને આર્યોએ તેમના ઉપર હુમલો કરવો નહીં, તેમજ નાગોએ આર્યોને ઈજા કરવી નહીં એવું ઠર્યુ. આ સલાહસૂચક નાગ પંચમીનો તહેવાર છે.

**પુરાણો અનુસાર વાસુકિને પાતાળ અથવા નાગલોકના રાજા માનવામાં આવે છે. સુરેન્દ્ર નગર જિલ્લાના થાનગઢમાં વાસુકિ નાગનું પ્રાચીન મંદિર છે. થાનના તે ગ્રામદેવતા ગણાય છે. લોકભાષામાં થાનને 'બાપનું સ્થાન ક્હેવામાં આવે છે**

સૌરાષ્ટ્રના લોકજીવનમાં નાગપૂજા વણાઈ ગઈ છે. તેનો બીજો ઉત્સવ તે ઘોઘા બાપજી. થોડાં વર્ષો પૂર્વે આ ઉત્સવ ગામડે ગામડે ઉજવાતો. નવરાત્રિના દિવસોમાં ગારમાટીની સર્પાકારની બેઠાઘાટની પ્રતીમા છોકરાઓ બનાવે. તેની ફેણ નીચે માટીનું કોડિયું મૂકે. એમાં દીવો કરી નવ દિવસ સુધી પ્રતીમા લઈ ઘેર ઘેર ફરી ગાતા જાય

**ઘોઘા ઘોઘા ઘોઘસલામ**
**નાથીબાઈના વીર સલામ,**
**પડે પટોળાં ઓઢે ચીર,**
**ગોદડિયાની ગોળી લાગી,**
**ટોકરીના ટમકાર,**
**ઘૂઘરીના ઘમકાર,**
**આગલા બંધૂકદાર,**
**પાછલા ચોકીદાર,**
**તેલ દે, ધૂપ દે,**
**બાવાને બદામ દે,**
**તેરા બેટા જીતા રે.**

લોકજીવનમાં નાગને સંતતિ દાતા, સંપત્તિ રક્ષક, પાણી સાચવનાર અને સમૃદ્ધિનું પ્રતીક માનવામાં આવ્યો છે. નાગપૂજાની સાથે શ્રદ્ધા જોડાયેલી છે. સૌરાષ્ટ્રમાં નાગપૂજા કયારથી શરૂ થઈ તેના ચોક્કસ નિર્દેશો મળતા નથી. પણ નાગ પ્રજાની સાથે જ આવી હશે તેમ લાગે છે.

કચ્છના ભૂજ શહેરનું નામ ભૂજંગનાથ ઉપરથી પડ્યું છે. છેલ્લાં એકાદ હજાર વર્ષથી ભૂજિયા નાગની ત્યાં પૂજા થાય છે. ભૂજિયો ડુંગર અને તેના પરની ભૂજંગનાથની દેરી કચ્છમાં સુવિખ્યાત છે. લોકકથા પ્રમાણે ભૂજિયા (ભૂજંગનાથ) નાગ પાછળ ભેરિયો ગારુડી પડ્યો ત્યારે દરિયો ઓળંગી એ કચ્છતમાં ગયેલા. ભૂજિયા ડુંગરમાં ભૂજંગનાથ સંતાયેલા અને ત્યાં તેમણે ભેરિયાને ડંખ દીધેલો.

ભાવનગર જિલ્લામાં મહુવા તાલુકાના ખુંટવડા ગામે માલણ નદીના કાંઠા પર ખુંટવડિયા નાગનું સ્થાનક છે. સાવરકુંડલા પાસેના વંડા ગામમાં મોઢિયા નાગનું સ્થાનક છે. ભાવનગર જિલ્લાના તણસા ગામે નાગનું



મંદિર છે. શિહોરમાં પણ નાગનું સ્થાનક છે. ધંધુકા પાસેના ખસ્તા ગામમાં ઘોઘા નાગનું મંદિર છે. ગામ આખું તેની પૂજા કરે છે. કહેવાય છે કે, ગામમાં સાપ કરડવાથી કદી કોઈનું મરણ થતું નથી. ઘોઘાદેવ ગામનું રક્ષણ કરે છે. જૂનાગઢ જિલ્લાના માંગરોળ પાસે નાગહ્રદ નામનું પ્રાચીન સ્થળ છે. જામનગર જિલ્લાના ધ્રોળની પશ્ચિમે તંબોળિયા નાગનું પ્રાચીન સ્થાનક છે. પડધરી પાસેના સરપદડ ગામના પાદરમાં વાંટપડા નાગનું સ્થાનક છે.

પુરાણો અનુસાર વાસુકિને પાતાળ અથવા નાગલોકના રાજા માનવામાં આવે છે. સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢમાં વાસુકિ નાગનું પ્રાચીન મંદિર છે. થાનના તે ગ્રામદેવતા ગણાય છે. લોકભાષામાં થાનને 'બાપનું સ્થાન કહેવામાં આવે છે. વાસુકિ નાગના સ્થાનક ઉપરથી આ નામ પડ્યું છે. ઝાલાઓના રાજમાં થાન લખતર તાબે હતું. લખતરના રાજવી અભેરાજજીએ એક વખત લખતરથી વાંકાનેર જતાં માર્ગમાં થાનની સીમમાં પડાવ નાંખ્યો હતો. થાન પર તે સમયે મહિયાઓનું શાસન હતું. લોકોકિત પ્રમાણે અભેરાજજીને વાસુકિ સ્વપ્નામાં આવ્યા. ઝાલાઓ અને મહિયાઓ વચ્ચે યુદ્ધ થયું. તેમાં અભેરાજજીનો વિજય થયો. પોતાના સ્વપ્નની પરિપૂર્તિ માટે તેમણે વાસુકિનું થાનનું મંદિર બંધાવ્યુ. અભેરાજજીએ મંદિર બંધાવતાં વાસુકિને રાજની પ્રતિષ્ઠા મળી. થાન હતું લખતર તાબે. પણ થાનની ગાદી પર વાસુકિ દેવની સ્થાપના કરી, સમગ્ર ચોવીસીમાં તેમના નામનો વહીવટ ચાલતો. લખતરથી રાજવી જયારે થાન આવે ત્યારે પ્રથમ વાસુકિ મંદિરનાં દર્શન કરી પછી દરબાર ગઢમાં જાય તેવી પ્રણાલી હતી. વાસુકિ મંદિરની સમગ્ર જગ્યા પર કુદરતી ઘુંમટની જેમ છવાયેલું રાયણનું એક અજાઝુડ વૃક્ષ ઊભું છે. મંદિરની પાછળ આવેલી વાવ 'વાસુકિ વાવ' તરીકે જાણીતી છે. ઈશ્વરની ત્રિગુણાત્મક ચેતન શકિતના પ્રતીક સમી ત્રણ ફેણવાળી વાસુકિ નાગદેવની મૂર્તિ મંદિરની મુખ્ય પ્રતીમા છે. નવકૂળ નાગમાં શ્રેષ્ઠ એવા બાંડિયા બેલીની મનુષ્ય સ્વરૂપની



મૂર્તિ પણ મંદિરમાં આવેલી છે. હાલમાં વાસુકિ મંદિરના મહંત તરીકે શ્રી ભરતગીરી છે.

થાન એ પાંચાળ પ્રદેશનું હૃદય ગણાય છે. પાંચાળ એ સૌરાષ્ટ્રનો પ્રાચીન પ્રતિનિધિ પ્રદેશ છે. આ પ્રાચીન સમયમાં પાંચાળ વિસ્તારમાં નાગજાતિનું નિવાસસ્થાન હતું. અહીં શિવપૂજા બધાથી ઘણી પ્રાચીન છે. શિવપૂજા નાગપૂજાથી પણ પ્રાચીન છે. એમ કહેવાય છે કે, શિવનું શરણ લેવા જ શિવને વિંટળાઈને નાગ જાતિ રહેલી છે. શિવને નાગ વિંટાળવામાં આવે છે એ નાગજાતિનો સંસ્કાર છે. એમ તો સૂર્યપૂજા પણ પાંચાળનો પ્રાચીન સંસ્કાર છે. દંતકથા એમ કહે છે કે, સૂરજના રથને પાંચાળમાં ખેંચી લાવનાર સાત નાગભાઈઓ હતા. દસમી અગિયારમી સદીનાં સૂર્ય સ્થાનકોના અવશેષો પાંચાળમાં છે. થાનથી બાર કિલોમીટર દૂર બાંડિયા બેલી નાગનું સ્થાનક છે.

વઢવાણમાં નાગનાં ત્રણ સ્થાનકો છે. તળાવ પાસે અને ધોળીપોળ પાસે આવેલી દેરીઓનું મહત્ત્વ વિશેષ છે. લીંબડીમાં ચરમાળિયા નાગનું સ્થાનક છે. ધ્રાંગધ્રામાં તળાવ પાસે નાગમંદિર છે તેને ચરમાળિયા કહે છે. ચુડા પાસેના ચોકડી ગામે ચરમાળિયાજીનું અને તલસાણામાં તલસાણિયા નાગનું સ્થાનક છે. આ ઉપરાંત ઝાલાવાડમાં આવેલા નાગસ્થાનકો ઉપરથી માની શકાય કે, આ જિલ્લામાં પણ કોઈ એક સમયે નાગપૂજા અધિક પ્રમાણમાં હશે.

''ભારત મેં નાગપૂજા ઔર પરંપરા'' નામના હિંદી પુસ્તકના લેખક ડૉ. હરિરામ જષ્ટા લખે છે કે, ''ભારતના પશ્ચિમ વિસ્તારમાં આજે પણ નાગપૂજા થાય છે. આજે નાગ સંપ્રદાયનો પ્રભાવ અને વિસ્તાર ઘટી ગયો છે. કાઠિયાવાડ આજ સુધી નાગ સંપ્રદાયનું કેન્દ્ર મનાતું રહ્યું છે. વાસુકિ અને તેના ભાઈ બંડુકના મંદિરમાં નાગમાં શ્રદ્ધા ધરાવનારા પ્રતિદિન દર્શનાર્થે જાય છે. એક દંતકથા અનુસાર આ બંન્ને ભાઈઓએ મળીને ભીમાસુરને મારી પ્રજાને તેના નિરંતર ત્રાસમાંથી છોડાવી હતી. આથી આ બંને લોકોનાં કષ્ટ દૂર કરનારા કસ્ટભંજક તરીકે પૂજાય છે.

સુરેન્દ્રનગર ધ્રાંગધ્રા વચ્ચે ખાંભડા ગામે ખાંભડિયા નાગનું મંદિર છે. આ ઉપરાંત શિયાણી, દેવ ધોલેરા (ભાલ), તાવી, બેચરા અને ઢવાણા ગામે નાગ સ્થાનક છે. થાન વગડીયા વચ્ચે ચાંદરેલીયા ગામે પણ નાગનું સ્થાનક છે.

ખાંભડિયા નાગના મંદિર સાથે લોકકથા જોડાયેલી છે. ખાંભડા ગામને દરવાજા નથી. નાગદેવતા ગામનું રક્ષણ કરે છે તેવી લોકમાન્યતા છે. આ ગામમાં કોઈને હજુ સર્પદંશ થયો નથી. લોકકથા એવી છે કે, એક જમાનામાં ચાવડા રજપૂત કુટુંબના સાત ભાઈઓ ભાલમાં રહેતા હતા. તેમને લાછુબાઈ નામની એક બહેન હતી. એક વખત લૂટારૂં ગામની ઉપર ચડી આવ્યા અને ગામનાં ઢોરને વાળી ગયા. તે વખતે આ સાતેય ભાઈઓ ગામની વહારે ચડ્યા અને લૂટારૂઓને નસાડ્યા. પણ સાતેય કામ આવી ગયા અને તે બધા નાગ થયા ! આ સાત

નાગમાંથી કોઈનું પણ આહ્વાન કરવુ હોય તો તેને લાછુબાઈના પાળિયે સાતભાઈ એ નામથી આહ્વાન કરવામાં આવે છે.

ભાવનગરનું નાગધણીબા ગામ છે. આ ગામનું મૂળ નામ તો નાગધ્વની. એક મત એવો પણ છે કે, નાગધણીબા ગામ એક સમયે નાગપતન (નાગ પાટણ) નામે મોટી નગરી રૂપે હતું. નાગધણીબા ગામ ભાવનગર તળાજા વચ્ચે છે. અહીં ડુંગરમાં એક નાગ રહેતો હતો. જે વર્ષમાં એકવાર ભક્તોને દર્શન આપતો હતો અને નાગમગાને પુષ્કળ ધન આપતો હતો.

નાગ જાતિની જેમ નાગમગાનું તથ્ય શોધવા પણ આપણે વેદકાળ સુધી નજર લંબાવવી ઘટે.

સપ્તસિંધુને તીરે વસીને વેદ રચનારા ઊંચા અને ઉજળા આર્યો મૂર્તિપૂજક નહોતા. સૂર્ય, વરુણ, મરૂત અને ઈંદ્રની સ્તુતિની રુચાઓ રચનાર આર્યો નિરાકાર ઈશ્વરમાં માનતા. આ સાહસિક આર્યો દક્ષિણ તરફ વળ્યા પણ દક્ષિણવાસી અનાર્યોએ તેમને અટકાવ્યા. આર્યો અને અનાર્યો વચ્ચે ભીષણ યુદ્ધ થયાં. આર્ષદ્રષ્ટા ઋષિ વિશ્વામિત્રે યુદ્ધમાં થતો માનવ સંહાર અટકાવવા આર્યો અને અનાર્યો વચ્ચે સમાધાન કરાવ્યું. આર્યોએ શામળી પણ નમણી અનાર્ય કન્યાઓ અપનાવી. આર્ય અને અનાર્ય લોહીનું મિશ્રણ થતાં ઠાવકી અને ઘઉંવર્ણી પ્રજા પેદા થઈ.

અનાર્યો મંત્રતંત્રજંત્ર વિદ્યામાં તો આર્યોથી યે આગળ હતા. આર્યો અનાર્યોની આ મંત્રતંત્રજંત્ર વિદ્યા ભણ્યા. સાથે મૂર્તિપૂજા ય અપનાવી. લિંગપૂજા, વૃક્ષપૂજા અને નાગપૂજા અનાર્યોની દેણગી છે.

આર્યોમાં ય માતૃસંસ્થા હતી. સમાજમાં સ્ત્રી સર્વોપરી હતી. પણ કાળે કરીને આર્યસમાજ પુરુષ પ્રધાન બની ગયો. ધીરે ધીરે સ્ત્રી સમાજની અવગણના થવા લાગી. પણ અનાર્યોએ માતૃસંસ્થા ટકાવી રાખી. સ્ત્રી સન્માન અકબંધ રાખ્યું. પરાપૂર્વથી પ્રચલિત પ્રથા અનુસાર દક્ષિણમાં આજે ય વારસો દીકરીને મળે છે. ઘરમાં અને સમાજમાં સ્ત્રીનું સ્થાન પુરુષથી ઊંચું છે.

મૂર્તિપૂજક અનાર્યો દસ્યુ અથવા દ્રાવિડ કહેવાયા. દ્રાવિડોનાં ઓગણીસ પુરાણ છે. ઓગણીસમું પુરાણ છે નાગપુરાણ.

આપણા પુરાણોએ પૃથ્વીનો ભાર ઉપાડનાર શેષનાગને સાત ફેણવાળો કલ્પ્યો છે. ત્યારે દ્રાવિડના નાગપુરાણમાં એને નવ ફેણવાળો લખ્યો છે.

શેષનાગની નવ ફેણમાંથી નવકુળ નાગ પેદા થયા. નોખા નોખા ગોત્રવાળા એ નવકુળ નાગો કચ્છ કાઠિયાવાડમાં જુદા જુદા સ્થાનકે વસ્યા. મૂળ ગોત્ર ભૂલાઈ ગયું ને સ્થાનના નામે એ ઓળખાવા લાગ્યા.

**આપણા પુરાણોએ પૃથ્વીનો ભાર ઉપાડનાર શેષનાગને સાત ફેણવાળો કલ્પ્યો છે. ત્યારે દ્રાવિડના નાગપુરાણમાં એને નવ ફેણવાળો લખ્યો છે. શેષનાગની નવ ફેણમાંથી નવકુળ નાગ પેદા થયા. નોખા નોખા ગોત્રવાળા એ નવકુળ નાગો કચ્છ કાઠિયાવાડમાં જુદા જુદા સ્થાનકે વસ્યા. મૂળ ગોત્ર ભૂલાઈ ગયું ને સ્થાનના નામે એ ઓળખાવા લાગ્યા.**

ભૂજિયા ડુંગરમાં વસેલો નાગ ભૂજિયો ભોરીંગ કહેવાયો. ખાંભડામાં રહેનારો ખાંભડિયો નાગ કહેવાયો. થાનનો વાસુકિ અને બાંડિયાબેલીના નામે પ્રસિદ્ધ થયો. ચરમાળિયાના સ્થાનકો તો ઘણાં બધાં છે.

શેષનાગના દંશોદીના નવ પુત્રો નવકુળ નાગના નાગમગા બન્યાં.

**ડાડમગા પણ જાણજો, નાગમગા નિરાધાર,**
**દેવવંશી તે હોય છે, કહીએ વારંવાર.**
**નાગમગાંને નાગ, ક્રોધથી કરડે નહિ,**
**પડે અજાણી પાગ, સરપર સૂરજ પાલીઆ.**

આમ નાગમગો એટલે નાગની પાસેથી ઉપાસના વડે ઈચ્છિત વસ્તુ જીવનમાં એક જ વાર પ્રાપ્ત કરનાર એક જાતિનો માણસ. નાગના નવકુળનો ઉપાસક પુરુષ અને નાગમગાં બારોટ એટલે નાગના કુળની વંશાવળી નાગને વાંચી સંભળાવનાર માણસ.

આ નાગમગાની જુદી જ જાતિ છે. ભાટ, ચારણ અને બારોટને મળતી આવતી છતાંય એ અલગ જાતિ છે. અનું અલગ અસ્તિત્વ છે.

કચ્છ અને કાઠિયાવાડમાં જ વસેલા અને સ્થાનિક નામ પામેલા નવકુળના નાગના નાગમગા મારવાડમાં જઈ વસ્યા. એનું કારણ જડતું નથી.

નાગમગા મારવાડમાં વસે છે. એમનો પહેરવેશ અને બોલી, રીતરીવાજો અને રહન સહન મારવાડી છે.

કચ્છ અને કાઠિયાવાડમાં વસેલા પોતાના જજમાનને યાચવા મારવાડથી આવનારા નાગમગાનો દોર અને દમામ જબરો હોય છે. એનો ઠાઠ ઠાકોર જેવો હોય છે. એની સાથે સાંઢણીઓ અને ઘોડીઓ હોય છે. પણ જજમાનને યાચવા આવનારો નાગમગો અડવાણા પગે હોય છે. વાહન પર બેસતો નથી. નાગમગો યાચીને હાલીને પાછો ફરે છે. અન્ય બારોટ પેઠે નાગમગા પાસે પોતાના જજમાનની પેઢીનો ચોપડો નથી હોતો. બાપ દીકરાને જણાવે છે. નાગમગો પોતાના જજમાનની વહી મોટેથી બોલે છે.

નાગમગા પાસે વહીવંચા પેઠે ચોપડા નથી હોતા. પણ પોતાના જજમાનના સ્થાનના નકશા હોય છે ખરા. આ નકશાની મદદથી અજાણ્યો નાગમગો ય પોતાના જજમાન નાગનું સ્થાન શોધી કાઢે છે.

ઠાકોર જેવા ઠઠારાવાળો નાગમગો નાગના સ્થાનક

નજીક ઉતારો કરે છે. પંથનો થાક ઉતારે છે. જોષીએ આપેલા મૂરતે એ નાહી ધોઈ પવિત્ર થઈને નાગના રાફડા પાસે પલાંઠી વાળીને બેસે છે. રાફડા પાસે ધૂપ દીપ કરે છે. પછી નાગની વહી વાંચે છે મોંટેથી.

ત્રણ દિવસ આ ક્રિયા ચાલે છે. નાગમગાના મોંઢેથી પોતાના વડવાની પરાક્રમ ગાથા સાંભળીને ખુશ થયેલો નાગ પોતાના યાચક નાગમગાને મોકળા મને નવાજે છે.

એવું ય બને છે : ત્રણ દિવસ વહી વાંચ્યા છતાંય જો નાગ રીઝતો નથી, દેખાતો ય નથી ત્યારે નાગમગો લાંઘો નાખે છે, યાને અનશન પર ઊતરે છે. ત્રણ દિવસના ઉપવાસ પછીય જો નાગ રિઝતો નથી તો નાગમગો ત્રાગું કરે છે. પણ આવું તો કયારેક જ બને છે. રિઝેલો નાગ પોતાના યાચક નાગમગાને મોકળા મને નવાજે છે.

નાગ અને નાગમગા વચ્ચે એક વણલખી શરત છે. નાગે આપેલું ધન ખૂટે નહી ત્યાં સુધી નાગમગો માગવા આવતો નથી. ને આવે તો નાગ દાન દેતો નથી. આ પરથી સાબિત થાય છે કે નાગ સર્વજ્ઞ છે.

લોકવાયકા છે કે, નાગના ઝેરમાંથી પ્રકાશ પાથરતો પદાર્થ પેદા થાય છે. જેને નાગમણી કહેવાય છે. નાગમણી ખૂબ કિંમતી હોય છે.

મારવાડમાં વસેલા નાગમગા સાંઢણીઓ ઉછેરે છે. સાંઢણીઓના ટોળાને વરધી કહેવાય છે.

**લોકવાયકા છે કે, નાગના ઝેરમાંથી પ્રકાશ પાથરતો પદાર્થ પેદા થાય છે. જેને નાગમણી કહેવાય છે. નાગમણી ખૂબ કિંમતી હોય છે. મારવાડમાં વસેલા નાગમગા સાંઢણીઓ ઉછેરે છે. સાંઢણીઓના ટોળાને વરધી કહેવાય છે.**

ઈતિહાસમાં નાગમગાનો ઉલ્લેખ મળે છે. સામતસિંહ ચાવડાનો ઘાત કરીને પાટણની રાજગાદી હડપ કરનાર મૂળરાજ સોલંકીએ રુદ્રમાળ બાંધવાનો નિર્ધાર કર્યો. એટલે ઉત્તરમાંથી વિદ્વાન બ્રાહ્મણોને બોલાવ્યા. ઉત્તરવાસી વિદ્વાનો ઉદિચ. ઉદિચમાંથી બન્યું ઔદીચ્ય.

રુદ્રમાળના ખાતમૂરત વખતે ધ્રોબેલી લોઢાની મેખ શેષનાગની ફેણ સાથે ધ્રોબાઈ છે. એવું જયોતિષનું કથન મૂળરાજ સોલંકીના ગળે ઊતર્યુ નહિ. એણે ધરતીમાં ખોડેલી લોઢાની મેખ ખેંચી કાઢી. મેખની અણી લોહીવાળી હતી. મૂળરાજે ઉતાવળથી મેખ પાછી ધરબી પણ શેષનાગ સરકી ગયો તો મેખ શેષનાગની પૂંછડી પર ખોડાઈ.

આ ક્રિયા જોનાર નાગમગાએ શાપ આપ્યો'તો કે આ રુદ્રમાળનો ધ્વંશ થશે. મૂળરાજ સોલંકીના સમયમાં નાગમગાનો આટલો જ ઉલ્લેખ મળે છે.

લોક વાર્તાકાર કાનજી ભૂટા બારોટે નાગકુળના વહીવંચા નાગમગાની કથા લખી છે. તેમાં કચ્છના ભૂજિયા નાગે નાગમગાનું દુ:ખ દૂર કર્યુ અને નાગમગાના નાનાભાઈને જીવતો કર્યો તેની હ્રદયસ્પર્શી કથા છે.

નાગમગાને ઘણા બધા નિયમો પાળવા પડે છે. એ જાતે શાકાહારી છે. દારૂ પીતો નથી. પર સ્ત્રી સાથે આડો વહેવાર રાખી શકતો નથી. નાગમગા પેશાબનો રેલો ઓળંગતો નથી. ભૂલેચૂકે એવું બન્યું હોય તો ત્રણ દિની લાંઘણ ખેંચે છે. નાગમગા નાગના આકારની કાળા રંગની ચીજવસ્તુ ખાતા નથી. નાગના આકારની કાળી મોગરી નથી ખાતા. રીંગણા અને કાળા તલ પણ નથી ખાતા. નાગમગાને બીજા કોઈનું કાંઈ ખપતુ નથી. કૂવા કે વાવમાંથી પાણી લે તોય પાઈ પૈસો નાંખે છે. ધરતી પરથી કાંકરો લે તો જમીન ઉપર દોકડો મૂકી દે છે.


નાગ જાતિ છે. એના નવ સાહસિકો સૌરાષ્ટ્ર કચ્છમાં આવી વસ્યા હોય એવું બને અને એના દશોંદી નાગમગા હોય એવો સંભવ ખરો.

નાગ પોતાના યાચકને કંઈ આપી શકે એ આજનો વિજ્ઞાનયુગ માનવા તૈયાર નહીં થાય. પણ નાગને માણસ લેખશું તો પરાપૂર્વની માન્યતાને ઠેસ લાગશે.

**સંદર્ભ :**

- ભારતમે નાગપૂજા ઔર પરમ્પરા : ડો. હરિરામ જષ્ટા
- સુરેન્દ્રનગર જિલ્લાનાં યાત્રાધામો અને પ્રવાસ સ્થળો : અરવિંદ આચાર્ય અને ભૂપેન્દ્ર મો. દવે
- વન્ડર ધેર વોઝ ઈન્ડિયા : એ. એલ. બાશમ
- સંસ્કૃતિ પૂજા : શ્રી મણીભાઈ વોરા
- સેવા ધરમના અમરધામ : નાગપૂજા : જયમલ્લ પરમાર અને રાજુલ દવે

*'પૂર્વાલય', ૮, પરિમલ સોસાયટી,*
*દાળમીલ રોડ, સુરેન્દ્રનગર.*
*મો : ૭૫૭૪૮૦૯૦૨૬*



# પત્રકાર ડૉ. બાબાસાહેબ આંબેડકર

*– નટુભાઈ પરમાર*

**મ**રાઠી પત્રકારત્વનો ઈતિહાસ લખનાર શ્રી આર. કે. લેલે લખે છે : '૬ જાન્યુઆરી, ૧૮૩૨માં શ્રી બાલશાસ્ત્રી જામ્બેકરના તંત્રીપણા હેઠળ શરૂ થયેલું 'દર્પણ' મહારાષ્ટ્રનું સૌ પ્રથમ સામયિક પત્ર હતું. તે પછીના સમયમાં લોકમાન્ય તિલક, ડૉ. બાબાસાહેબ આંબેડકર, નામ જોષી, ચિપળુલકર અને અગરકર જેવા મહાન માણસોએ સામયિક પત્રો શરૂ કર્યા. તેમનો આશય સ્થાપિત અંગ્રેજ સરકાર સામે અવાજ ઉઠાવવાનો, ગુલામીની બેડીઓ તોડવાનો અને પ્રજાસમૂહને શિક્ષિત કરી તેમને જાગૃત કરવાનો હતો. આ મહાનુભાવોએ એમના સામયિક પત્રોનો ઉપયોગ એક હથિયાર તરીકે કર્યો હતો.'

ડૉ. બાબાસાહેબ આંબેડકરનું નામ પણ મરાઠી પત્રકારત્વના ઈતિહાસમાં આમ ગૌરવભેર દર્જ થયું છે, તેના હાશકારા અને સંતોષ સાથે, મહામાનવ ડૉ. બાબાસાહેબે એક નિષ્ઠાવંત પત્રકાર તરીકે ભજવેલી ભૂમિકા અને કરેલા પ્રદાનની વાત મારે માંડવી છે.

એ હકીકત છે કે, ડૉ. બાબાસાહેબના જીવન અને કર્મ પર મીમાંસા કરતાં હજ્જારો પુસ્તકો પ્રાપ્ય છે, કિન્તુ 'મૂકનાયક', 'બહિષ્કૃત ભારત', 'સમતા', 'જનતા', અને 'પ્રબુદ્ધ ભારત' જેવા તેમણે શરૂ કરેલા સામયિક પત્રો અને એમાંના લખાણો વિશે કે એમની પ્રખર પત્રકાર તરીકેની પ્રતિભા વિશે ચર્ચા થઈ નથી.

**નીડર અને સાહસિક પત્રકાર :**

૩૧મી જાન્યુઆરી, ૧૯૨૦ના રોજ છત્રપતિ શાહુ મહારાજના રૂા. ૨૫૦૦/- ના અનુદાનથી, મનોરંજન પ્રેસ, ગિરગાંવ, મુંબઈમાં છપાઈને, મુંબઈથી જ પ્રસિદ્ધ થતાં 'મૂકનાયક' સામયિકમાં પોતાનો આશય સ્પષ્ટ કરતાં ડૉ. બાબાસાહેબે લખ્યું : 'બહિષ્કૃત સમાજ પર થઈ રહેલા અને ભવિષ્યમાં થનારા અન્યાય સામેના ઉપાયો શોધવા અને એ માટેના ઉત્તમ માર્ગોની સાચી ચર્ચા માટે સામયિક જેવું ઉત્તમ માધ્યમ એકેય નથી. મુંબઈથી નીકળતાં મોટાભાગનાં સામયિકો કોઈ ચોક્કસ જાતિ-સમુદાયની સેવામાં ચાલતાં હોય તેમ જણાય છે. એમાં બહિષ્કૃત સમાજની સમસ્યાઓને સ્થાન મળે એ સંભવ ન હોઈ, બહિષ્કૃત વર્ગોના પોતાના એવા સામયિક 'મૂકનાયક'નો જન્મ થયો છે.'

દલિત સમાજ માટેની સાચી ચિંતા અને સટીક દર્શન સાથે 'મૂકનાયક'ની શરૂઆત કરનારા ડૉ. બાબાસાહેબની ઉંમર ત્યારે માત્ર ૨૯ વર્ષની હતી. પ્રખર વિચારક અને એક કાળના તેજસ્વી સાંસદ મધુ લિમયે લખે છે તેમ, અમેરિકામાં તારીખ ૯મી મે, ૧૯૧૬ના રોજ 'ભારતમાં જાતિ - એનો ઉદ્‌ભવ, વિકાસ અને સ્વરૂપ' એવો ભારેખમ અને અત્યંત વિદ્વતાપૂર્ણ સંશોધન નિબંધ રજૂ કરનારા ડૉ. બાબાસાહેબની ઉંમર ત્યારે માત્ર ૨૫ વર્ષની હતી. આ નિબંધમાં એમણે એમની ઉંમરની તુલનામાં આશ્ચર્યજનક પરિપક્વતા અને અદ્‌ભૂત મૂલ્યાંકનશક્તિનાં દર્શન કરાવ્યાં છે. ડૉ. બાબાસાહેબમાં 'સ્પષ્ટતા' અને 'સાહસ'ના અદ્‌ભૂત ગુણોના થયેલા સમન્વયનાં અહીં આપણને દર્શન થાય છે.

પત્રકારત્વનું બીજું નામ સાહસ જ રહ્યું છે. એક સાચા પત્રકારમાં હોવા જોઈતા 'સાહસ'ના ગુણો સાથે ડૉ. બાબાસાહેબે વિદેશથી પરત આવીને પત્રકારત્વમાં ઝંપલાવ્યું હતું, અને તે પછીનો ઈતિહાસ આપણી નજર સામે છે.

'મૂકનાયક' (૧૯૨૦) બાદ, ૩ એપ્રિલ, ૧૯૨૭ના રોજ 'બહિષ્કૃત ભારત', તા.૨૯ જૂન, ૧૯૨૮ના રોજ 'સમતા' અને ૨૪ નવેમ્બર, ૧૯૩૦ના રોજ 'જનતા' સામયિકો ડૉ. બાબાસાહેબે શરૂ કર્યાં હતાં. આ પૈકીનું 'જનતા' ૪ ફેબ્રુઆરી, ૧૯૫૬થી 'પ્રબુદ્ધ ભારત'નું નામકરણ પામ્યું હતું.

એક પ્રતિભાવંત પત્રકારમાં હોવા જોઈતાં સાહસ, હિંમત, અભ્યાસનિષ્ઠા, અન્વેષણાત્મક અને આધારભૂત લેખનશૈલી, ધીરજ, પ્રામાણિકતા, સત્યવક્તાપણું, નૈતિકતા, નેતૃત્વના અને કોઈની પણ શેહ-શરમથી પર રહી, પત્રકારત્વના અંતિમ ધ્યેય - પ્રજાસેવાને સિદ્ધ કરવાનાં તમામ લક્ષણો ડૉ. બાબા સાહેબ આંબેડકરમાં મોજૂદ હતાં. વ્યવસાયે કાયદાવિદ્ હોવાને કારણે સંપાદકીય અને અહેવાલ નિરૂપણમાં એમની તર્કશક્તિ - દલીલશક્તિ ભારે અસર પેદા કરતી. નિર્ભિક્તા હંમેશા એમનો સ્થાયી ભાવ રહ્યો છે. ડૉ. બાબાસાહેબે જ્યારે પણ કલમ હાથમાં લીધી છે, તેમણે કશું જ મોઘમ કે અસ્પષ્ટ રીતે નથી લખ્યું. જેને માટે લખ્યું છે, હંમેશા એના નામના ઉલ્લેખ સાથે લખ્યું છે. એક પત્રકાર તરીકે ડૉ. બાબાસાહેબને ક્યારેય કોઈને સાચવી લેવાની કે કશું પણ છૂપાવવાની જરૂર નથી લાગી. ડૉ. બાબાસાહેબની ભાષા એક જવાંમર્દ પત્રકારની ભાષા રહી છે. જેટલાં તેઓ એમનાં જાહેર વક્તવ્યોમાં ખીલતા એથીય અનેકગણા વધુ એમનાં સામયિકોમાં એમની તેજાબી કલમમાં તેઓને ખુલતા અનુભવી શકાય છે.



તે કાળે ગાંધીજી, રાજાજી, સરદાર પટેલ, જવાહરલાલ નહેરુ, લોકમાન્ય તિલક અને બીજી અનેક પ્રતિભાવંત અને દબદબો ધરાવતી વ્યક્તિઓને ડૉ. બાબાસાહેબે જે રીતે - જે ભાષામાં લલકારી છે, એ એમનાં આ બધાં સામયિકોમાં એવી જ બેબાક શૈલીમાં ઊતરી આવી છે.

દલિતોના પ્રશ્ને પોતાનાં સામયિકોના માધ્યમથી સચોટ, આકરી અને સત્ય રજૂઆતો કરતા ડૉ. બાબાસાહેબ આંબેડકરમાં આપણને એક મેધાવી પત્રકારનાં દર્શન થયા વિના નથી રહેતાં.

એવું નથી કે, આ સામયિકોમાં એમણે જે લખ્યું એના પડઘા નથી પડ્યા કે એનો વિરોધ નથી થયો. કિન્તુ જ્યારે જ્યારે પણ એમની કલમ સામે વિરોધનો સૂર ઊઠ્યો છે, બમણા જોરથી, પૂરેપૂરી તર્કશક્તિ અને બુદ્ધિમત્તા સાથે એમણે એનો, એમાંનાં અન્વેષણાત્મક સત્યો સાથે પ્રત્યુત્તર વાળ્યો છે. ચાહે ગોળમેજી પરિષદ હોય, ભારતમાંથી પાકિસ્તાનને નવું રાષ્ટ્ર બનાવવાની માંગણી હોય, અસ્પૃશ્યોનો તળાવમાંથી પાણી લેવાનો કે મંદિર પ્રવેશનો કે ધર્મ પરિવર્તનનો કે મનુસ્મૃતિને બાળી મૂકવાનો પ્રસંગ હોય, ડૉ. બાબાસાહેબે પોતાના વિચારોના સમર્થનમાં જે કંઈ લખ્યું છે, એની ત્યારના મીડિયા જગતમાં ભારે ચર્ચા ઊઠી છે.

એમ કહેવામાં લેશમાત્ર અતિશયોક્તિ નથી કે ડૉ. બાબાસાહેબના એક પત્રકાર તરીકેના આ મર્દાના અંદાજના ભારતીય અને વિદેશી પત્રકારો દીવાના હતા. તે કાળે દેશ આખો જ્યારે સ્વતંત્રતા માટેની ચળવળના પ્રત્યેક પગલાંનો ટેકેદાર હતો અને ધર્માધારિત જાતિવાદી જડતા જ્યારે એની ચરમ સીમાએ હતી ત્યારે, 'સ્વરાજ્ય નહિ, પણ સુરાજ જોઈએ'ના તથા 'અસ્પૃશ્યો પણ હિન્દુત્વનો જ હિસ્સો છે, એમનેય સમાન અધિકાર મળવા જોઈએ'ના બુલંદ પણ વિરોધી નારા સાથે, આખા દેશમાં એક માત્ર અને અનોખો એવો અવાજ ઉઠાવનારા, ડૉ. બાબાસાહેબ એમના Counter View - વિરોધી અભિપ્રાયને કારણે કાયમ તે કાળના પત્રકારોના હોટ ફેવરિટ બની રહ્યા હતા. ડૉ. બાબાસાહેબની જીવનસફર અને એમની પત્રકાર તરીકેની યાત્રાને તપાસતાં એવાં અસંખ્ય ઉદાહરણો મળી આવે છે, જેમાં ન માત્ર દેશના કિન્તુ વિદેશના અખબારોમાં, રેડિયો વાર્તાલાપોમાં, સ્વતંત્ર કોલમોમાં, એમણે ડૉ. બાબાસાહેબના Anti-religion (ધર્મ વિરોધી) અને Anti-establishment (શાસન વિરોધી) મંતવ્યોની નોંધ લેવાની ફરજ પડી હોય.

**પત્રકાર ડો. આંબેડકરની લેખિની : આગના અક્ષર :**

અહીં આ લેખમાં આવી જ કેટલીક બાબતોને તપાસવાનો મારો ઉપક્રમ છે. સૌ પ્રથમ વાત કરીએ, ડૉ. બાબાસાહેબ આંબેડકરના વડપણ હેઠળ ચાલેલાં આ સામયિકોમાં નિરૂપાયેલી વાંચનસામગ્રી વિશે.




પ્રથમ સામયિક 'મૂકનાયક'ના પ્રથમ તંત્રીલેખ (તા.૩૧-૦૧-૧૯૨૦)માં અસ્પૃશ્યો (દલિતો)ની વેદનાને સ્થાન નહિ આપતાં, તે વખતના ઉચ્ચવર્ગોના પ્રતિનિધિ સામયિકોને ચીમકી આપતાં ડૉ. બાબાસાહેબ લખે છે : 'માનવ સમાજ એક નાવ છે જો એમાંનો કોઈ યાત્રી એમાં છેદ કરવાનો પ્રયાસ કરશે, તો આખી નાવ જ ડૂબી જશે. આથી સ્વહિતસાધક સામયિકો બીજાને નુકસાન કરી, પોતાનો હેતુ પાર પાડવાના મૂર્ખતાપૂર્ણ વર્તનથી દૂર રહે !'

'મૂકનાયક'ના તા.૧૪-૦૨-૧૯૨૦ના અંકમાં 'સ્વરાજની તુલના સુરાજથી ન થાય' હેઠળ 'જો જો, સ્વતંત્રતા સ્વછંદતામાં ન પરિણમે', એવી ઓર એક ચીમકી ઉચ્ચારતાં ડૉ. બાબાસાહેબ લખે છે : 'સ્વરાજ કોનું અને શા માટે ?' એ સમજ્યા વગર, બહિષ્કૃત સમાજ કોઈ નિષ્કર્ષ પર નહિ આવે.'

આ જ અંકમાં ડૉ. બાબાસાહેબના વિચારોની વિરુદ્ધ આલેખન કરનારા, 'કેસરી' સામયિકના તંત્રી લોકમાન્ય તિલકને ડૉ. બાબાસાહેબ આ શબ્દોમાં પ્રત્યુત્તર વાળે છે : 'કેસરીકાર જો પ્રજ્ઞાવાન થઈ અગ્રલેખો લખશે તો બ્રાહ્મણેત્તર અને બહિષ્કૃત એમ બેય વર્ગોમાં એમનું સન્માન જળવાશે અને 'કેસરી'નો ફેલાવો પણ વધશે !'

'મૂકનાયક' (તા. ૨૮-૦૨-૧૯૨૦)ના સંપાદકીયમાં 'સ્વરાજ આપો તો એવું આપો કે, એમાં બહિષ્કૃતોનું પણ થોડું ઘણું રાજ હોય' એવો લલકાર કરી, ડૉ. બાબાસાહેબ લખે છે : 'આજકાલ બ્રાહ્મણોની મુશ્કેલી વધી ગઈ છે, કારણ સ્વતંત્રતાપ્રાપ્તિ માટેની દલીલમાં એમણે અંગ્રેજોને એવો જે સવાલ કર્યો છે કે, 'એક દેશે બીજા દેશ પર રાજ શા માટે કરવું જોઈએ?' તે સામે અંગ્રેજો જો એવું બ્રાહ્મણોને પૂછશે કે 'તમારે ત્યાં એક જાતિનું બીજી જાતિ પર રાજ કેમ છે ?' તો આ કાલિમાભર્યા ચહેરે એનો જવાબ શું દેવો ?!'

તા. ૩૧-૦૭-૧૯૨૦ના 'મૂકનાયક'ના અંકમાં 'વર્ણાશ્રમનું વૃક્ષ ગમે તેટલું પાણી પીવડાય તોય ધરાશાયી થવાનું જ છે.' એવો ટંકાર કરતા તંત્રીલેખમાં ડૉ. બાબાસાહેબ લખે છે : 'પુરાણકાળમાં વ્યક્તિ પોતાના કર્મ થકી એક વર્ણમાંથી બીજા વર્ણમાં જઈ શકતી. વિશ્વામિત્ર, વાલ્મિકી, વશિષ્ટ, ટંક એનાં ઉદાહરણો છે. પરંતુ તે પછી સ્વાર્થી, દંભી, પાખંડી લોકોએ એક આખી કાંટાની વાડ ઊભી કરી.'

તા. ૧૪-૦૮-૧૯૨૦ના 'મૂકનાયક'ના 'સિંહ પ્રતિબિંબ' હેઠળના તંત્રીલેખમાં બહિષ્કૃતોને સિંહ સાથે સરખાવીને ગર્જના કરવા ડૉ. બાબાસાહેબ હાકલ કરે છે તો, તા. ૨૩-૧૦-૧૯૨૦ના અંકમાં

જાતિબંધનોને ફગાવી દેવાની અપીલ કરતાં લખે છે : 'ઊઠો, જાગો અને તમારા પર થઈ રહેલા અત્યાચારોનો સામનો કરો. અનિષ્ટ જાતિ બંધનમાંથી બહાર આવો-અને તમારી ભાવિ પેઢીને પણ બહાર લાવો.'

'મૂકનાયક'ના તા. ૨૮-૦૮-૧૯૨૦ના અંકમાં જાતિવાદીઓની પાપલીલા સામે તોતીંગ સવાલ ઉઠાવતા ડૉ. બાબાસાહેબ લખે છે : 'જાતિવાદી ભેદભાવની ભારેખમ શિલા માથે રાખીને દુર્બળ બની ગયેલા બહિષ્કૃત સમાજને, એની મેળે ઊભા થવાને કહેવું, શું તમને શોભે છે ?'

એપ્રિલ,૧૯૨૩માં માત્ર ત્રણ વર્ષનું ટૂંકું આયુષ્ય ભોગવીને 'મૂકનાયક' બંધ થયું, તે પછી લગભગ ચાર વર્ષના વિરામ બાદ તા. ૩ એપ્રિલ, ૧૯૨૭ના રોજ 'બહિષ્કૃત ભારત' સામયિકની ડૉ. બાબા સાહેબે શરૂઆત કરી. સામયિકના ટાઈટલ ઉપર સાંકળોથી બાંધેલાને તોયે ત્રાડ નાખતા બે સિંહોના પ્રતીક સાથે પ્રસિદ્ધ થયેલા પ્રથમ અંકના તંત્રીલેખમાં, અંગ્રેજો દ્વારા ભારતને આઝાદી મળવાની સંભાવનાને લક્ષમાં રાખીને ડૉ. બાબાસાહેબે લખ્યું : 'હિન્દુઓના હાથમાં સત્તા આવતાં, તેમના દલિત વિરોધી માનસથી આપણો કોઈ ઉદ્ધાર થવાનો નથી, માટે અત્યારથી જ લડાઈ માટે તૈયાર રહીએ.'

ઐતિહાસિક મહાડ તળાવ સત્યાગ્રહ જેણે આખા દેશના દલિતોમાં સ્વમાન માટેની લડતની ચિનગારી ચાંપી, તેના પર 'બહિષ્કૃત ભારત'ના ૨૨ એપ્રિલ, ૬ મે અને ૨૦ મે-૧૯૨૭ના ત્રણ અંકોમાં ઉપરા-ઉપરી આ એક જે વિષય પરના ત્રણ સંપાદકીય લેખોમાં ડૉ. બાબાસાહેબે લખ્યું : 'હિન્દુ ધર્મનો એક અભિન્ન હિસ્સો હોવા છતાં, શું આપણને તે અધિકારો મળ્યા છે ખરા, જે અન્ય હિન્દુને મળ્યા છે ? જો હિન્દુઓ એમ માનતા હોય કે અસ્પૃશ્યતા એક કલંક છે, તો તેને ધોવાની જવાબદારી પણ તેમની જ છે. નહિતર આ કલંકને અમારા લોહીથી કે અમારો જીવ આપીને પણ અમે સાફ કરી નાખવાના છીએ. જ્યાં સુધી તમે (હિન્દુઓ) એમ જાહેર નહિ કરો કે અમે પણ માનવ છીએ અને તમારા જેવા જ શુદ્ધ અને પવિત્ર છીએ, ત્યાં સુધી અમે ઝંપીને બેસવાના નથી.'

અન્યાયી અસ્પૃશ્યતાની ચાલી આવતી પરંપરા પર વિદ્વતાપૂર્ણ ચર્ચા હાથ ધરતાં ડૉ. બાબાસાહેબ આગળ લખે છે : 'જાહેર મિલકતોને ભોગવવાનો ઈજારો પ્રજાના કોઈ એક વર્ગનો જ કેવી રીતે હોઈ શકે ? અસ્પૃશ્યો જો કોઈ તળાવેથી પાણી ભરે છે કે કોઈ મંદિરમાં પ્રવેશ કરે છે તો તેનો અર્થ એ નથી કે, તે સ્થળનો તેમને કબજો જોઈએ છે. હકીકતમાં આ તો અધિકારપ્રાપ્તિ માટેની લડાઈ છે. એ અધિકારો જે સવર્ણ હિન્દુઓએ છીનવી લીધા છે, તે અમારે પાછા મેળવવા છે.'

સવર્ણ હિન્દુઓની સાન ઠેકાણે લાવવાના મિજાજ સાથે, જો તમારા (સવર્ણ હિન્દુઓના) ત્રાસ સામે અસ્પૃશ્યો ઈસ્લામ ધર્મ અંગીકાર કરી લેશે તો તમારી આર્યસંસ્કૃતિ બચશે કેવી રીતે ?

હિંમતપૂર્વક હંમેશા નામજોગ લખતા ડૉ. બાબાસાહેબે તા. ૨૯-૭-૧૯૨૭ના અંકમાં લોકમાન્ય તિલક વિશે લખ્યું : 'જો તિલક અસ્પૃશ્ય તરીકે જન્મ્યા હોત તો, તેઓએ 'સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે'ને બદલે 'અસ્પૃશ્યતા નાબૂદી મારો જન્મસિદ્ધ અધિકાર છે' તેમ કહ્યું હોત.'

સ્વમાન અને અધિકારપ્રાપ્તિની લડતની - મહાડ સત્યાગ્રહની થઈ રહેલી તૈયારીઓ દરમિયાન 'બહિષ્કૃત ભારત' (તા. ૧૨-૮-૧૯૨૭)ના સંપાદકીયમાં ડૉ. બાબાસાહેબે લખ્યું : 'આ એવો સત્યાગ્રહ છે, જે તલવાર, બંદૂક, બોમ્બ કે હથિયારો વિના આપણે લડવાનો છે. મહાડ તળાવને સૌના માટે ખુલ્લું મૂકવાનો નિર્ણય મહાડ મ્યુનિસિપાલિટીએ ફેરવી તોળ્યો છે, એનું મને જરાપણ આશ્ચર્ય નથી, કારણ તેમાં જે સભ્યો છે તે બધા સવર્ણ હિન્દુઓના પ્રતિનિધિઓ છે. તેમની પાસેથી સારી અપેક્ષા રાખવી વ્યર્થ છે.'

આજ અનુસંધાને 'બહિષ્કૃત ભારત' (તા. ૨૫-૧૧-૧૯૨૭)માં મહાડ સત્યાગ્રહને માનવગરિમા જાળવી રાખવાના પ્રયાસ તરીકે આલેખીને, અધિકારપ્રાપ્તિ માટે જીવ ગુમાવવાની પણ તૈયારી રાખવાનું દલિતોને આહ્‌વાન કરીને ડૉ. બાબાસાહેબે લખ્યું : 'અસ્પૃશ્યોમાં હવે ભારે પરિવર્તન આવ્યું છે અને તેઓ પોતાના અધિકારો માટે સવાલો કરતા થયા છે.

તા.૦૨-૦૯-૧૯૨૭ના અંકમાં અમરાવતી મંદિર પ્રવેશ માટેના સત્યાગ્રહની, તા.૩૦-૦૯-૧૯૨૭ના અંકમાં અસ્પૃશ્યોના આ મંદિર પ્રવેશને રોકવા સવર્ણો દ્વારા શું શું કરવામાં આવ્યું તેની તથા તા. ૨૫-૧૧-૧૯૨૭ના અંકમાં મંદિર પ્રવેશ પાછળના આશયની વાત ડૉ.બાબાસાહેબે વિસ્તૃત રીતે કરી છે. તેમણે લખ્યું : 'અસ્પૃશ્યો મંદિરમાં જઈ પૂજા નથી કરવા માંગતા, તેઓ તો એ જ પુરવાર કરવા માંગે છે કે, એમના પ્રવેશથી નથી તો મંદિર અપવિત્ર થતું કે ન મૂર્તિ.'



અસ્પૃશ્ય એવા મહારોને ૧૮૭૪ના મહાર વતનદારના કાયદા હેઠળ જે ગુલામીની ખીણમાં ધકેલી દેવાયા હતા, તેમાં ક્રાંતિકારી ફેરફારો સૂચવવાને મુંબઈ વિધાનસભામાં ડૉ. બાબાસાહેબે કરવા ધારેલી દરખાસ્ત અને તે સામે ઉઠેલા વિરોધ-વંટોળનો જિકર 'બહિષ્કૃત ભારત'ના તા. ૦૨-૦૯-૧૯૨૭, તા. ૧૬-૦૯-૧૯૨૭, તા. ૩૦-૦૯-૧૯૨૭, તા. ૪-૧૧-૧૯૨૭ અને તા. ૨૩-૧૨-૧૯૨૭ના લેખો, અહેવાલો, તંત્રીલેખોમાં જોવા મળે છે. આ અંકોમાં ડૉ. બાબાસાહેબ લખે છે : 'આ કાયદા હેઠળ સવર્ણ હિન્દુઓની સેવા (વેઠ) કરવાનું મહારો માટે ફરજિયાત ઠરાવાયેલું છે. એક નાનકડી જમીનના ટૂકડા સામે પાટિલો અને કુલકર્ણીઓ તેઓ ઈચ્છે તેવી વેઠ મહારો પાસે કરાવે છે. આ કાયદામાં મહારોના કામના કલાકો ઈરાદાપૂર્વક સ્પષ્ટ નથી કરાયા, તેથી તે નિયમો રદ થવા જ જોઈએ.'

૧૯૧૯ના કાયદામાં સુધારો કરવા બ્રિટિશ સરકારે સર જોન સાયમનની આગેવાનીમાં નિમેલી સ્ટેચ્યુટરી કમિટિમાં એક પણ ભારતીયની નિમણૂક ન થતાં કોંગ્રેસ પાર્ટીએ સાયમન કમિશનનો પ્રચલિત (સાયમન, ગો બેક) વિરોધ કર્યો તે પછીના ઘટનાક્રમમાં, પ્રોવીન્સિયલ લેજિસ્લેટિવ કાઉન્સિલે નીમેલા મધ્યસ્થ સમિતિમાં ડૉ. આંબેડકરે સાયમન કમિશન સમક્ષ ઉપસ્થિત થઈને, અસ્પૃશ્યોના અલગ પ્રતિનિધિત્વ અને અનામત બેઠકોની, અસ્પૃશ્યોના સામાજિક, આર્થિક, રાજકીય અને શૈક્ષણિક વિકાસ માટે વિશેષ જોગવાઈઓની કરેલી માંગનો વિસ્તૃત અહેવાલ 'બહિષ્કૃત ભારત' (તા. ૧૬-૧૧-૧૯૨૮) માં જોવા મળે છે.

અસ્પૃશ્યોને સમાન અધિકાર તો ઠીક, માનવ તરીકેના અધિકારો માટે પણ મનાઈ ફરમાવતી 'મનુસ્મૃતિ'ને ડૉ. બાબાસાહેબ અને હજારો અનુયાયીઓએ સળગાવી ત્યારે, ત્યારના 'સ્વરાજ્ય' સામયિકે આનાથી શું હેતુ સિદ્ધ થશે ? અસ્પૃશ્યોને એનાથી શો ફાયદો થશે ?' એવા સવાલો ઉઠાવ્યા એટલે, 'બહિષ્કૃત ભારત' (તા. ૦૩-૦૨-૧૯૨૮)માં એનો સણસણતો જવાબ આપતા ડૉ. બાબાસાહેબે લખ્યું : 'મનુસ્મૃતિ બાળવી એક પ્રતીકાત્મક કૃત્ય છે, તમારા દ્વારા વિદેશી ચીજવસ્તુઓને બાળીને તેનો વિરોધ કરવા જેવું જ. અમારો હેતુ બ્રાહ્મણવાદ અને જાતિવાદી કુપ્રથાનો વિરોધ કરવાનો છે.

તા.૧૫-૧૧-૧૯૨૯ના 'બહિષ્કૃત ભારત'ના અંતિમ અંકમાં દલિતોને અધિકાર માટે વિદ્રોહ તરફ દોરતાં ડૉ. બાબાસાહેબે એમના સંપાદકીયમાં લખ્યું : 'જો સ્વરાજ્યનો હેતુ દબાયેલા-કચડાયેલા વર્ગની ગુલામી ચાલુ જ રાખવાનો હોય તો, તેનો સામનો કરવો એ તમામ અસ્પૃશ્ય વર્ગની ફરજ બની રહેવી જોઈએ.'

દલિત જાગૃતિના એક મહત્ત્વપૂર્ણ તબક્કામાં યશસ્વી યોગદાન આપીને 'બહિષ્કૃત ભારત' આ અંક પછી કાયમ માટે બંધ થઈ ગયું. 'બહિષ્કૃત ભારત' સાથેની પોતાની પત્રકાર તરીકેની યાત્રાને સંભારતાં ડૉ. બાબાસાહેબે લખ્યું : 'રૂઢિચુસ્ત ધર્મ અને રીતરિવાજોને ઉઘાડા કરવાનું ભયાનક કામ હાથમાં લેવાને કારણે દેશાભિમાની અને ધર્માભિમાની કહેવડાવતા લોકો તરફથી આપણે ઘણી ગાળો સાંભળવી પડી છે. મિત્રોના રોષના ભોગ પણ બન્યાં છીએ, તો પણ 'બહિષ્કૃત ભારત' દ્વારા મેં એનાં પાનાંનાં પાનાં ભરીને જાગૃતિનું કાર્ય કર્યું છે. તે કરતી વેળાએ મેં મારા સુખ, ચેન, આરામ અને ખુદ મારા સ્વભાવની પણ ચિંતા કરી નથી.'

બંધ થવાની તૈયારીમાં એવા 'બહિષ્કૃત ભારત'ને ચલાવવા ડૉ. બાબાસાહેબે અસ્પૃશ્ય સમાજ સામે નાણાકીય મદદની પણ ટહેલ નાંખી હતી, પરંતુ તે નિષ્ફળ રહી હતી. આવી સ્થિતિમાં જ તા. ૨૯ જૂન, ૧૯૨૮ના રોજ સમતા સંઘના નેજા હેઠળનું 'સમતા' પાક્ષિક ડૉ. બાબાસાહેબે શરૂ કર્યું હતું. 'સમતા' એક શુક્રવારે તો 'બહિષ્કૃત ભારત' એ પછીના શુક્રવારે પ્રકાશિત થતું. આવું થોડોક સમય ચાલ્યું. કિન્તુ અંતે ૧૯૨૯માં આ બંને સામયિકો એક સાથે જ અસ્ત પામ્યાં. તા. ૧૫-૦૩-૧૯૨૯નો અંક એ 'સમતા'નો છેલ્લો અંક હતો.

ખાસ્સા દોઢ-પોણા બે વર્ષના વિરામ બાદ તા.૨૪-૧૧-૧૯૩૦ના રોજ ડૉ. બાબાસાહેબે 'જનતા' સામયિકની શરૂઆત કરી હતી. 'જનતા' સામયિકને આગળના તમામ સામયિકો કરતાં વધુ દીર્ઘ આયુષ્ય મળ્યું હતું. પાક્ષિક તરીકે શરૂ થયેલું 'જનતા' સામયિક એકાદ વર્ષ પછી તા.૩૧-૧૦-૧૯૩૧થી સાપ્તાહિક રૂપે પ્રકાશિત થવા લાગ્યું હતું. અગાઉ 'સમતા'ના જ તંત્રી એવા દેવરાવ નાયકને જ 'જનતા'નું સૂકાન સોંપાયું. તેમના તથા બીજા સહયોગીઓના અથાક પરિશ્રમને કારણે છેક ૧૯૫૫ સુધી 'જનતા' સાપ્તાહિક બહિષ્કૃત - દલિત સમાજનો અવાજ બની રહ્યું. બાબા સાહેબના જ સલાહ અને માર્ગદર્શન હેઠળ તેનું નામાભિધાન 'પ્રબુદ્ધ ભારત' રૂપે થયું. 'જનતા' જ એ સામયિક હતું. જેમાં ૧૯૩૦ થી ૧૯૩૩ દરમિયાન ડૉ. બાબાસાહેબે લંડનથી જે લાંબા પત્રો લખ્યા, તે તમામ પ્રસિદ્ધ થયા હતા. આ પત્રો આજે અમૂલ્ય દસ્તાવેજો બન્યાં છે.

એપ્રિલ, ૧૯૩૩ના 'જનતા'ના અંકમાં કોલ્હાપુરના માણગાંવમાં ડૉ. બાબાસાહેબના અધ્યક્ષસ્થાને મળેલી અસ્પૃશ્યોની પ્રથમ પરિષદમાં ઉપસ્થિત છત્રપતિ શાહુ મહારાજે ડૉ. બાબાસાહેબ માટે કરેલા ઐતિહાસિક અને સમયની ધારામાં ખરા પુરવાર થયેલા ઉદ્‌ગારોનો ઉલ્લેખ છે. શાહુ મહારાજે કહેલું : 'મારા રાજ્યના બહિષ્કૃત પ્રજાજનો, તમે તમારા સાચા નેતાને શોધી કાઢ્યા છે, તે માટે હું તમને અંતઃકરણપૂર્વક અભિનંદન આપું છું. મને ખાતરી થઈ છે કે, ડૉ. આંબેડકર તમારો ઉદ્ધાર કર્યા વિના જંપશે નહિ, એટલું જ નહિ, એક સમય એવો આવશે કે તેઓ આખાય ભારતના નેતા બનશે. મારું મન મને આવું કહે છે.'

ગોળમેજી પરિષદના સમયે ૧૪-૦૮-૧૯૩૧ના રોજ મુંબઈના ગામદેવીમાં આવેલા મણિભવનમાં ડૉ. બાબાસાહેબની ઐતિહાસિક મુલાકાત મહાત્મા ગાંધી સાથે થઈ, તેની તંતોતંત

વિગતો 'જનતા' (તા. ૧૭-૦૮-૧૯૩૧)ના અંકમાં, તો એડન બંદરે પહોંચીને ઉછળતા સમુદ્રનાં મોજાંના અવાજથી જહાજમાં બેઠાં બેઠાં અંતરમુખ બનેલા ડૉ. બાબાસાહેબે 'જનતા' સામયિકને જે પત્ર લખ્યો અને જે તેના તા.૨૪-૦૯-૧૯૩૧ના અંકમાં પ્રસિદ્ધ થયો, અને જે એમનામાં રહેલી કાવ્યાત્મકતાનો દ્યોતક દસ્તાવેજ બની ગયો, તેની વિગતો છે. ડૉ. બાબાસાહેબે એમાં લખ્યું હતુંઃ 'મારા મિત્રો અને પરિચિતોને એવું લાગે છે કે, મારો સ્વભાવ કાવ્યમય નથી. હું પણ એવું જ સમજું છું, તો પણ મારું જીવન અને મારું આયુષ્યકાળ પોતે જ શું એક અપૂર્વ મહાકાવ્ય જેવાં નથી બની ગયાં ? હિન્દુસ્તાનનો એક અસ્પૃશ્ય છોકરો ભવિષ્યમાં ગોળમેજી પરિષદમાં બેસી રાષ્ટ્રના ભાવિ નિર્માણની ચર્ચામાં મહત્ત્વનો ભાગ લેશે, એ કોઈને પણ શું શક્ય લાગ્યું હશે ખરું ? કલ્પનાનું ઉંડાણ પણ ઓછું પડે એવી આ ઘટના ચમત્કારિક ને કાવ્યમય નથી શું ? જેને અદ્‌ભૂત રમ્ય કાવ્ય કહેવામાં આવે છે, તે મારા આ આયુષ્યકાળ કરતાંય શું વધુ અભૂતપૂર્વ હોઈ શકે ખરું ?'

'જનતા' (તા. ૨૯-૦૧-૧૯૩૨)ના અંકમાં દલિતો પ્રતિની અપ્રતીમ સેવાઓ બદલ ૧૧૪ જેટલી સંસ્થાઓએ ડૉ. બાબાસાહેબનું સન્માન કર્યું ત્યારે તેમણે આપેલો પ્રતિભાવ આ શબ્દોમાં રજૂ થયો છે : 'ગોળમેજી પરિષદમાં જે સફળતા મળી છે, તેનું શ્રેય મને નહિ, પરંતુ મારા અસંખ્ય ભાઈઓ-બહેનો એવા આપને છે. ખરેખર તો મારા બાંધવોને ગુલામીમાંથી મુક્ત કરવાના મારા પ્રયાસોનો પોતાને મહાત્મા કહેવડાવનાર વ્યક્તિ વિરોધ કરે એનું આખી દુનિયાને આશ્ચર્ય થાય છે. ભવિષ્યની પેઢી મારી કામગીરીને અણીશુદ્ધ રાષ્ટ્રસેવા તરીકે જોશે એવો મને વિશ્વાસ છે. મારી તમને પણ સલાહ છે કે મને દેવપદે ચઢાવતા નહિ, આ તો કમજોરીનું લક્ષણ કહેવાય.'

'જનતા' (તા. ૧૫-૦૬-૧૯૩૨)ના અંકમાં આ જ વાતને દોહરાવતાં ડૉ. બાબાસાહેબે લખ્યું : 'અસ્પૃશ્ય સમાજનું કાર્ય એ જ મોટી દેશસેવા છે.'

અસ્પૃશ્યોના ધર્મપરિવર્તન અંગે તથા ગાંધીજીએ અસ્પૃશ્યોના ઉત્થાન માટે શરૂ કરેલા 'હરિજનનિધિ' અંગે પ્રતિક્રિયા આપતાં 'જનતા' (૧૪-૦૪-૧૯૫૧)માં ડૉ. બાબાસાહેબે લખ્યું : 'આપણે મુસલમાન બની જઈએ એટલે આપણામાંનો દરેક જણ નવાબ બની જશે અથવા ખ્રિસ્તી ધર્મમાં જઈએ તો આપણો વ્યક્તિ પોપ બની જશે, એ સમજી લેવું એ મૂર્ખતા છે. હકીકતમાં આપણે ગમે ત્યાં જઈએ, સંઘર્ષ એ જ આપણી નિયતિ છે.'

'હરિજનનિધિ' વિશે તેમણે લખ્યું : 'આ નિધિનો ઉપયોગ અસ્પૃશ્ય વર્ગને સ્પૃશ્ય વર્ગના ગુલામ બનાવવા માટે જ થશે. અમે ધર્માંતરનો નિર્ણય લીધો છે તેથી પ્રત્યક્ષ પરમેશ્વર આવીને હિન્દુ ધર્મ ન છોડવા સમજાવે તો પણ અમે અમારા નિર્ણયમાંથી તસુભાર પણ પાછા ફરવાના નથી.'

સામ્યવાદની પોતાના પર ભારે અસર હોવા છતાં તેની આલોચના કરવાનું પણ ડૉ.બાબાસાહેબ ચૂક્યા નથી. 'જનતા' (તા. ૧૫-૦૧-૧૯૩૨)માં તેમણે લખ્યું : 'સામ્યવાદ અંગેનાં જેટલાં પુસ્તકો મેં વાંચ્યા છે તેની સંખ્યા હિન્દુસ્તાનના સર્વ સામ્યવાદીઓએ સામ્યવાદ અંગેનાં વાંચેલાં પુસ્તકો કરતાં પણ મોટી હશે. તો પણ, મારા મત મુજબ સામ્યવાદીઓ કોઈ પણ પ્રશ્નની વ્યાવહારિક બાબતોને કદી પણ જોઈ શકતા નથી.'

(આ જ અનુસંધાને અહીં વિચક્ષણ સાંસદ મધુ લિમયેને પુનઃ યાદ કરવા પડે. તેમણે કહેલું : 'ભારતીય ડાબેરી બુદ્ધિજીવીઓએ એ વિચારવાની જરૂર હતી કે વર્ગસિદ્ધાંત ભારતીય સમાજમાં લાગુ પાડી શકાય તેમ નથી. કારણ ભારતમાં તો સમાજ જન્મઆધારિત અસંખ્ય જાતિઓમાં વહેંચાયેલો છે. સમાજવાદીઓ અને અન્ય ડાબેરીઓએ ભારતીય સમાજની આ વિશિષ્ટતાને ઓળખી નથી, એ એમના કાર્યનું ઋણાત્મક પાસું છે, એમ કહેવું પડે છે.')

'જનતા' (તા. ૧૩-૧૧-૧૯૩૧)માં ગાંધીજીના વલણની આલોચના કરતા ડૉ. બાબાસાહેબના નિવેદનનો આ ઉલ્લેખ છે : 'મિ. ગાંધી અસ્પૃશ્યોનાં અલગ મતદારક્ષેત્રોના જ નહિ તેમના અલગ પ્રતિનિધિત્વના પણ વિરોધી છે. તેઓ માને છે કે અસ્પૃશ્યો હિન્દુ ધર્મનો જ એક હિસ્સો છે. તેથી આવી કોઈ વિશેષ જોગવાઈઓની જરૂર નથી. પરંતુ અમારો તેમના આ વલણ સામે સખત વિરોધ છે.'

બ્રિટિશ શાસન સામેની સ્વતંત્રતાપ્રાપ્તિની લડાઈમાં એકજૂટ થવા ડૉ. બાબાસાહેબને કોંગ્રેસ પક્ષમાં જોડાઈ જવાની વિનંતી થઈ, ત્યારે તેમણે આપેલો પ્રતિભાવ 'જનતા' (તા. ૩૧-૧૨-૧૯૩૮)માં પ્રસિદ્ધ થયો હતો. તેમાં તેમણે કહ્યું : 'કોંગ્રેસે સામ્રાજ્યવાદ વિરૂદ્ધ લડત ઉઠાવી હોત તો હું તે પક્ષમાં જોડાયો હોત. પરંતુ વસ્તુસ્થિતિ આવી નથી. કોંગ્રેસ તો તેના હાથમાં આવેલી બંધારણીય સત્તાનો ઉપયોગ મૂડીવાદીઓ અને સ્થાપિત હિતોને મજબૂત બનાવવા માટે કરી રહી છે, અને તે માટે ખેડૂતો અને કામદારોના હિતોનો ભોગ લઈ રહી છે. આથી હું કોંગ્રેસમાં જોડાઈ શકું નહિ.'

કુટિલનીતિના ભાગ રૂપે ડૉ. બાબાસાહેબની સામે અસ્પૃશ્ય નેતાઓને જ ઊભા કરવાના પ્રયાસો સામે આકરી પ્રતિક્રિયા આપતાં 'જનતા' (તા. ૦૮-૦૭-૧૯૩૮)માં ડૉ. બાબાસાહેબે લખ્યુંઃ 'કેટલાક અસ્પૃશ્ય નેતાઓને મારા પક્ષ સામે ઊભા કરી કોંગ્રેસ દલિત સમાજમાં ફાટફૂટ પાડવા પ્રયાસ કરી રહી છે, પણ તેનાથી તમે છેતરાશો નહીં. હું કોંગ્રેસમાં નથી તેથી જ આ નેતાઓ અન્ય દલિત નેતાઓની ખુશામત કરે છે.'

દુનિયાના મજદૂરો બધા એક છે, એવું ભલે કહેવાતું હોય, કિન્તુ દલિત મજદૂરો અને બિનદલિત મજદૂરો વચ્ચે આભ-જમીનનું અંતર છે, એવા પોતાના મતના સમર્થનમાં 'જનતા' (તા. ૧૨-૦૨-૧૯૩૮)ના અંકમાં ડૉ. બાબાસાહેબે લખ્યું : 'જો બધા મજદૂરો એક છે, એ હકીકત હોય તો પછી શા માટે દલિત કામદારોને રેલવે કેન્ટિનોમાં ભોજન લેતાં રોકવામાં આવે છે ? શા માટે તેમને રેલવેની ટાંકીઓ અને નળોમાંથી પાણી પીવા દેવામાં

આવતું નથી ? શા માટે કેટલાંક રેલવે સ્ટેશનોના બ્રાહ્મણ સ્ટેશન માસ્તરો દલિત કુલીઓનો વિરોધ કરે છે ? શા માટે રેલવેના સવર્ણ ઓફિસરો દલિત કામદારોના પ્રમોશનમાં અડચણો ઊભી કરે છે ?'

'જનતા' (તા. ૧૦-૦૬-૧૯૫૦)ના અંકમાં બૌદ્ધ ધર્મ પર કોલંબો ખાતે ડૉ. બાબાસાહેબે આપેલા વિદ્વતાપૂર્ણ પ્રવચનને સમાવવામાં આવ્યું છે.

'જનતા'માંથી 'પ્રબુદ્ધ ભારત' નામ પામેલા સામયિકમાં - ડૉ. બાબાસાહેબ આંબેડકરના અંતિમ વર્ષોમાં અને તે પછી— દલિત ચળવળની ચર્ચા ઓછી પણ બૌદ્ધધર્મને લગતા સમાચારો અને અહેવાલો જ પ્રસિદ્ધ થતા રહ્યા. એક અર્થમાં 'પ્રબુદ્ધ ભારત' બૌદ્ધધર્મનું એક મુખપત્ર બની રહ્યું.

**દલિત પત્રકારત્વની બેમિસાલ ઘટના :**

જોઈ શકાય છે કે, છેક ૧૯૨૦થી પોતાના જીવનના અંતિમ પ્રવાસ સુધી, ડૉ. બાબાસાહેબે ૩૬ વર્ષના સુદીર્ઘકાળ સુધી અસ્પૃશ્યો માટેના કાંટાળા પથ સમા પત્રકારત્વની સફર, પારાવાર પડકારો અને આર્થિક મુશ્કેલીઓ વચ્ચે પણ સફળતાપૂર્વક ખેડી હતી. સત્યની રાહ પર ચાલતાં, પોતાના ગરીબ દલિત સમાજના શ્રેય અર્થે, એકલપંડે ડૉ. બાબાસાહેબ જે રીતે ઝઝૂમ્યા છે, તે ભારતીય દલિત પત્રકારત્વની એક બેમિસાલ ઘટના છે. ડૉ. બાબાસાહેબની લેખિની દ્વારા અક્ષરો નહિ પણ આગ ઠાલવી છે.આજે ભારતભરમાં સર્વત્ર દલિત સાહિત્ય અને પત્રકારત્વની જ્યોત સામયિકો—પત્રોના માધ્યમથી ઝળહળી રહી છે, તેના નેપથ્યમાં ડૉ. બાબાસાહેબનું પત્રકારત્વ અને એક નીડર પત્રકાર તરીકે તેમણે આપેલું યોગદાન જ કારણભૂત રહ્યું છે. એક કાળે માત્ર પોત-પોતાની જ્ઞાતિઓના ઉદ્ધાર માટે જ ચાલતા અને તે પછી સ્વતંત્રતા પ્રાપ્તિના કાળે ગાંધીના રંગે રંગાયેલા ભારતીય પત્રકારત્વને અસ્પૃશ્યો - બહિષ્કૃતો - દલિતો માટેના પત્રકારત્વની એક નવી જ દિશા જો કોઈએ ચિંધી હોય તો તે ડૉ. બાબાસાહેબ આંબેડકરે અને એમના એકાધિક સામયિકોએ.

અસ્પૃશ્યો - બહિષ્કૃતોની સમસ્યાઓના નિરૂપણ અને તેના ઉકેલ માટે ડૉ. બાબાસાહેબે ખેડેલા આ પત્રકારત્વની અસરો ખૂબ જ દૂરોગામી રહી હતી. એમના સામયિકોમાં રજૂ થયેલા ડૉ. બાબાસાહેબનાં મોટાભાગનાં લખાણોએ દેશના તંત્રીઓ— પત્રકારો - અખબારોનું ધ્યાન ખેંચ્યું છે. ડૉ. બાબાસાહેબે એક રીતે પત્રકારત્વની આખી વ્યાખ્યા અને વિભાવના જ બદલી દીધી હતી. પરિણામે દલિત ઉત્થાનના મહાયજ્ઞ દરમિયાન ડૉ. બાબાસાહેબે શું કહ્યું છે - શું લખ્યું છે, તેનાથી ત્યારનાં અખબારો અને પત્રકારોને સતત વાકેફ રહેવાની ફરજ પડતી હતી. આનાં અસંખ્ય ઉદાહરણો ડૉ. બાબાસાહેબની આ પત્રકારત્વયાત્રામાંથી પસાર થતાં મળી આવે છે.

અંગ્રેજી ભાષા પરના એમના પ્રભુત્વની પરાકાષ્ઠા તો જુઓ કે, પોતે જન્મે મહારાષ્ટ્રિયન હોવાં છતાં, પ્રારંભના એમના સામયિકોમાં એમના લેખો - તંત્રીલેખો ડૉ. બાબાસાહેબ પહેલાં અંગ્રેજીમાં લખતા અને પછી તેના મરાઠી તરજૂમા આ સામયિકોમાં પ્રકાશિત થતા ! પાંચ-સાત માસ સુધી મરાઠી સાહિત્યના વિશદ્ અભ્યાસ બાદ, તેમણે મરાઠી ભાષામાં લેખન કૌશલ્યપ્રાપ્ત કર્યું હતું. તેઓ માનતા કે જેમની સામે લડવાનું છે, તેમને તેમનાં જ હથિયારો અને તેમની જ ભાષાથી મહાત કરવા પડશે.

મરાઠી વિદ્વાન વસંત વાસુદેવ દેશપાંડે લખે છે : 'ગાંધીના વિચારોને જાણવા 'હરિજન' અને 'યંગ ઈન્ડિયા' તથા લોકમાન્ય તિલકના વિચારો જાણવા 'કેસરી' વાંચવું પડે, તેમ ડૉ. બાબાસાહેબના વિચારોને જાણવા તેમના સામયિકોનો અભ્યાસ કરવો પડે. તર્કશાસ્ત્રના ઊંડા અભ્યાસી હોવાના કારણે, એમના લેખોમાં તર્કવાદ અને યુક્તિવાદ મુખર બની રહેતા. જડતાવાદી વલણો સામે આકરી ટીકા કરતાં તેઓ લેખનશૈલીમાં ઉપહાસનો પ્રયોગ કરતા. દા.ત. મહાડ તળાવ અસ્પૃશ્યોથી અભડાયું છે, એમ માની આજુબાજુનાં ગામડાંના સવર્ણ હિન્દુઓએ સ્વતંત્ર કૂવાઓ ખોદ્યાં ત્યારે એમના સામયિકમાં ડૉ.બાબાસાહેબે ઉપહાસ કરતાં લખ્યું : 'તળાવની પાસેની જ જમીનોમાં કૂવાઓ ખોદવાથી ત્યાં પાણી ફિલ્ટર થઈને આવશે. જેથી જીર્ણમતવાદીઓનો ધર્મ ડૂબવાથી બચી જશે, એનો અમને પણ સંતોષ છે !'

શ્રી દેશપાંડેના મતે ડૉ. બાબાસાહેબનું વ્યક્તિત્વ જેવું નિર્ભય હતું તેવી જ નિર્ભીક તેમની કલમ હતી. તેથી લખતી વખતે તેઓ સીધા સંબોધનથી જ શરૂઆત કરતા. તેઓ લખતા : 'આ ડાંડાઈ કરનારાઓને અમારે કહેવું છે......આ અંગ્રેજ અધિકારીને અમારે સ્પષ્ટપણે એ કહેવું છે' વગેરે...વગેરે.

શ્રી દેશપાંડેના મતે ડૉ. બાબાસાહેબ સામયિકો માટેનાં તેમનાં લખાણોમાં અર્થવાહી શબ્દો, કહેવતો, રૂઢિપ્રયોગોનો છૂટથી ઉપયોગ કરતા. શંકરાચાર્ય - સંકરાચાર્ય, રડ અને ડર જેવા ઉપાલંભો તેમને સહજ હતા. ડૉ. બાબાસાહેબ સામયિકોના એમના લેખોનાં મથાળાં પણ ખૂબ જ સૂચક અને અર્થપૂર્ણ રાખતા. જેવાં કે 'હિન્દુ ધર્મને નોટિસ', 'અસ્પૃશ્યતા નિવારણની બાળરમત', 'અરીસો છે ? નાક છે ? હોય તો મોઢું જોઈ લ્યો', 'સાયમન કમિશનને સાંષ્ટાંગ પ્રણામ કરનારા બ્રાહ્મણો' વગેરે. આમ છતાં - રૂઢિપ્રયોગો - કહેવતો - સંસ્કૃત સુભાષિતોની મદદ વિના પણ ડૉ. બાબાસાહેબની આગ ઝરતી લેખિનીએથી જે વાક્યો સર્જાયાં છે, તે પણ ઈતિહાસમાં દીવાલ પરના હસ્તાક્ષરની જેમ કોઈ સુભાષિત સરીખાં અમર બની રહ્યાં છે.

**મીડિયાના માનીતા, કાર્ટૂનિસ્ટોના પ્રિય :**

ડૉ. બાબાસાહેબના દલિત ઉત્થાન માટેના અવિરત સંઘર્ષના એક સાક્ષી એવાં, તે કાળનાં અખબારો, સામયિકો, રેડિયો પ્રસારણોએ ડૉ. બાબાસાહેબનાં મંતવ્યોને હાઈ-લાઈટ કરવાની એક પણ તક જતી નથી કરી. ગોળમેજી પરિષદોમાં જવા નીકળ્યા ત્યારે મુંબઈના અને લંડન ઊતર્યા ત્યારે લંડનના પત્રકારો,

વિશેષ સમાચાર (Scoop) મેળવવા ડૉ. બાબાસાહેબને ઘેરી વળતા હતા. તે કાળે ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, બોમ્બે ક્રોનિકલ, ટ્રિબ્યૂન, સ્ટેટસમેન ફ્રિ પ્રેસ જર્નલ, હિન્દુસ્તાન ટાઈમ્સ, ગ્લોબ જેવાં દૈનિકો, ઈલેસ્ટ્રેટેટ વિકલી જેવાં સામયિકો અને 'લંડન ટાઈમ્સ', 'ન્યૂયોર્ક ટાઈમ્સ' જેવાં વિદેશી દૈનિકો 'વોઈસ ઓફ અમેરિકા' અને 'બી.બી.સી. - લંડન' જેવાં રેડિયો પ્રસારણ માધ્યમોએ ડૉ. બાબાસાહેબની લંબાણ મુલાકાતો અને અભિપ્રાયોને વ્યાપક પ્રસિદ્ધિ આપી હતી.

એક પત્રકાર તરીકેની ખ્યાતિને કારણે ડૉ. બાબાસાહેબને તા.૦૨-૦૧-૧૯૪૫ના રોજ 'પીપલ્સ હેરલ્ડ' દૈનિકનો શુભારંભ કરાવવા કલકત્તા પણ જવું પડ્યું હતું. અહીં પણ પત્રકારો એમને ઘેરી વળેલા. તો ૧૧-૪-૧૯૪૩ના રોજ મુંબઈમાં લેબર ફેડરેશને જ્યારે ડૉ. બાબાસાહેબનું સન્માન કર્યું ત્યારે - તે અવસરે, દૈનિક 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' એ એમની ખાસ મુલાકાત લેવાની તક ઝડપી લીધી હતી.

અખબારોમાં ને સામયિકોમાં ડૉ. બાબાસાહેબની ચળવળ વિશે જ્યારે જ્યારે વિરોધી અહેવાલો આવ્યા છે ત્યારે ડૉ. બાબાસાહેબે એક પત્રકાર-તંત્રીની હેસિયતથી એના ખુલાસા કર્યા છે અને રદિયા આપ્યા છે. ગોળમેજી પરિષદ ટાણે 'ડૉ. બાબાસાહેબ દલિતોના સાચા પ્રતિનિધિ નથી' તેવા અખબારી અહેવાલ સામે ડૉ. બાબાસાહેબે કરેલી સ્પષ્ટતા **તા.૧૨-૧૦-૧૯૩૧**ના 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' દૈનિકમાં પ્રસિદ્ધ થઈ હતી. તો ગાંધીજી પ્રેરિત 'હરિજન બંધુ', લોકમાન્ય ટિળક પ્રેરિત 'કેસરી' તથા અન્ય સંખ્યાબંધ દૈનિકો / સામયિકોને એમના વિરોધી અહેવાલો સામે વળતો જવાબ આપવાનું ડૉ. બાબાસાહેબ ચૂક્યા નથી.

અખબારોએ આલેખેલી તે કાળની મહત્ત્વની એક પણ સાંપ્રત ઘટના કદાચ એવી નહિ હોય, જેને ડૉ. બાબાસાહેબના નિષ્ણાત અભિપ્રાય વિના ચાલ્યું હશે. દેશની તે કાળની જાગતિક સમસ્યાઓને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં સમજવા માટે અખબારોએ મહાન સમાજશાસ્ત્રી ડૉ. બાબાસાહેબ પર આધાર રાખવો પડે એવી એ સ્થિતિ હતી. એથી જ આંધ્રપ્રદેશને ૧૯૫૩માં ભાષાવાર રાજ્યનો દરજ્જો આપવાની વાત આવી ત્યારે, દલિતોના કામે ઔરંગાબાદ પહોંચેલા ડૉ. આંબેડકરને ઘેરી વળીને આ બિનદલિત મુદ્દે પણ પત્રકારોએ ડૉ. બાબાસાહેબના જ મંતવ્ય પર મદાર રાખ્યો હતો !

એક અર્થમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરના અખબારો સાથેના સંબંધો Love - Hate (પ્રીતિ - દુશ્મની)ના રહ્યા છે. જાતિવાદના ધોરણે જો એમણે ડૉ. બાબાસાહેબની આલોચના કરી છે, તો એમના પ્રદાનને લક્ષ્યમાં રાખીને ખોબલે ખોબલે પ્રશંસા પણ કરી છે. કારણ આખરે તો ડૉ. બાબાસાહેબ જેવા અભ્યાસુ અને જાણકાર કોમેન્ટેટર ગુમાવવાનું તેમનેય પરવડે તેમ નહોતું! આથી જ તા.૯-૧૨-૧૯૪૩ ના રોજ સંવિધાન સમિતિમાં નિયુક્ત થયા પછી, જ્યારે ડૉ. બાબાસાહેબે સૌને અભિભૂત કરતું વક્તવ્ય રજૂ કર્યું ત્યારે, દેશ અને વિદેશનાં અખબારોએ એક અવાજે તેને આવકાર્યું હતું. ઘણા ભારતીય અખબારોએ ડૉ. બાબાસાહેબના સમર્થનમાં તંત્રીલેખો પણ લખ્યા હતા. એક અત્રે નામક મહાનુભાવે તો આ વક્તવ્ય પછી કદાપિ ડૉ. બાબાસાહેબની વિરુદ્ધ કશું પણ ન લખવાના શપથ લીધા હતા.

કાર્ટૂન્સ - કટાક્ષચિત્રો કાયમ અખબારોની વિશિષ્ટ શોભા બની રહ્યાં છે. કટાક્ષચિત્રમાં જે તે વ્યક્તિ તેની વ્યક્તિગત (સારી કે નરસી) પ્રતિભાને જોરે જ સ્થાન પામતી હોય છે. એમાંય ડૉ. બાબાસાહેબને તે કાળનું એક બહુચર્ચિત નામ અને બીગ સેલિબ્રિટી હતા. પછી કટાક્ષચિત્રકારો એમને બક્ષે ખરા ?!'

ભારતમાં કટાક્ષચિત્ર કલાનો પાયો નાખનાર અને ખુદ જવાહરલાલ નહેરુએ જેમને 'Don't Spare me — મને પણ છોડતા નહિ !' એમ કહી બિરદાવેલા, એ વિખ્યાત કાર્ટૂનિસ્ટ - 'શંકર્સ વિકલી' ફેઈમ કાર્ટૂનિસ્ટ શંકર ઉર્ફે કેશવ શંકર પિલ્લાઈએ ડૉ. બાબાસાહેબ આંબેડકર પર એકાધિક કટાક્ષચિત્રો સર્જ્યાં હતાં. જેમાં બંધારણ ઘડતરની ગોકળગાય ગતિથી નારાજ જવાહરલાલ નહેરૂ અને ડૉ. બાબાસાહેબનાં ઠઠ્ઠા ચિત્રો સાથેનું છેક ૧૯૪૯માં સર્જાયેલું કાર્ટૂન, હજુ હમણાં જ વિવાદોમાંથી બહાર આવ્યું છે !

શંકરે એમના બીજા એક કાર્ટૂનમાં બંધારણ ઘડવા બેઠેલા ડૉ. બાબાસાહેબ સામે, હાથીના સ્વરૂપમાં રહેલી વિરાટ પ્રતિભા એવા ગાંધીને તિરછી નજરે ગુમાનથી જોઈ રહેલા દર્શાવાયા છે, તેની નીચે લખાણ છે : 'The Elephant Never Forgets - હાથી કદાપિ ભૂલતો નથી'. અહીં ડૉ. આંબેડકરથી ગાંધીને લાગેલા ડંખ અને ગાંધી-આંબેડકરના પ્રસિદ્ધ વિવાદ પ્રતિ ઈશારો થયો છે !

એક કટાક્ષચિત્રમાં શંકરે - 'હિંદુ કોડ બિલ' લખેલું બેનર બે છેડેથી પકડીને ઊભેલા ડૉ. બાબાસાહેબ અને એક મહિલાની સામે ધુંવાપુંવા થયેલા કર્મકાંડી બ્રાહ્મણને દર્શાવીને, આ બિલ પાછળના ડૉ. બાબાસાહેબના મહાન આશયને ઉજાગર કર્યો છે !

શંકરના વધુ એક કટાક્ષચિત્રમાં વર્ણાશ્રમના ગઢની એક તરફ એને સાચવવા ઊભેલા ગાંધી અને બીજી તરફ એમાં હથોડાથી ગાબડાં પાડી રહેલા ડૉ. આંબેડકરને દર્શાવીને કાર્ટૂનિસ્ટે કશું જ લખ્યા વિના, ઘણુંબધું કહી નાખ્યું છે !

'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'માં આર. કે. લક્ષ્મણના એક કાર્ટૂનમાં કાંટાળી પથારીમાં તકલીફો સાથે સૂઈ રહેલા પ્રતીક રૂપ હિન્દુ સમાજને, 'હિન્દુ કોડ બિલ' રૂપી સુંવાળી ગાદીમાં આવી જવાનું સમજાવતા જવાહરલાલ નહેરૂને દર્શાવાયા છે !

'ટ્રિબ્યુન' દૈનિકના એક કાર્ટૂનમાં હિન્દુ કોડ બિલના સહારે એક મહિલાનો હાથ પકડીને જડવાદી હિન્દુઓથી તેને બચાવીને સહીસલામત લઈ જઈ રહેલા ડૉ. આંબેડકર પર હુમલો કરવા એક ખૂણે છૂપાઈને ઊભેલા એક હથિયારધારી કર્મકાંડી બ્રાહ્મણને દર્શાવાયો છે !

દૈનિક 'હિન્દુસ્તાન ટાઈમ્સ' (તા.૨૪-૦૧-૧૯૫૦)માં પ્રસિદ્ધ થયેલા એક કાર્ટૂનમાં ભારતમાતાની કુખેથી સ્વતંત્રતા

નામનું બાળક જન્મ્યું છે, તેની પ્રસૂતિ કરાવનાર તબીબ તરીકે ડૉ. બાબાસાહેબને દર્શાવાયા છે. તેમની આજુબાજુ તે સમયની ભારતીય રાજકીય પ્રતિભાઓને પણ ઊભેલી દર્શાવાઈ છે !

દલિત ક્રાંતિના અપ્રતિમ યોદ્ધા ડૉ. આંબેડકરને જનોઈધારી બ્રાહ્મણના વેશમાં, હાથમાં બંધારણ સાથે તેમના દલિત ટેકેદારો સાથે ચાલતા દર્શાવીને એક કટાક્ષચિત્રકારે તેમની સામે કર્મકાંડી બ્રાહ્મણોને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા દર્શાવ્યા છે ! કટાક્ષચિત્રનું શીર્ષક આપ્યું છે : 'Modern Manu - આધુનિક મનુ !'

બંધારણ ઘડવાના ભગીરથ કામને સાકાર કરી રહેલા ડૉ. આંબેડકર પરના એક કટાક્ષચિત્રમાં, જેના પર સૂચકરૂપે 'બંધારણ' લખ્યું છે તેવી મસમોટી - લાલચોળ લોઢાની પાટને, ભારેખમ ઘણ વડે ટીપી રહેલા ડૉ. આંબેડકરને દર્શાવ્યા છે. કાર્ટૂનનું શિર્ષક છેઃ 'Dr. Ambedkar : Taking Shape !'

**પત્રકારત્વ યાત્રાના સાથીઓ :**

ડૉ. બાબાસાહેબ આંબેડકરે પાંચ-પાંચ સામયિકો દ્વારા બહિષ્કૃતોની નવજાગૃતિ અર્થે જે ઝુંબેશ ચલાવેલી તેના દેશભરમાંથી અગણિત સાથીઓ હતા. તેમાં બિનદલિતો પણ હતા.

આ સાથીઓમાં સમાજ સમતા સંઘના પ્રસ્થાપક અને થોડો સમય 'જનતા' પાક્ષિકના સંપાદક રહેલા શ્રી ગંગાધર સહસ્ત્રબુદ્ધે, 'બ્રાહ્મણ - બ્રાહ્મણેતર' સામયિકના સ્થાપક અને પાછળથી 'સમતા' અને 'જનતા' સામયિકના સંપાદક તરીકે કાર્યરત રહેલા શ્રી દેવરાજ વિષ્ણુ નાયક, છેક ૧૯૨૪થી ડૉ. બાબાસાહેબના સંપર્ક અને પ્રભાવ હેઠળ રહેલા, બુદ્ધભૂષણ પ્રિન્ટીંગ પ્રેસના માલિક અને 'પ્રબુદ્ધ ભારત' સામયિકના મેનેજર એવા સીતારામ અણ્ણાજી ઉપાસમ, 'જનતા' સામયિકની શરૂઆતના સૌથી મોટા સહયોગી અનંત વિનાયક ચિત્રે ઉલ્લેખનીય છે.

આ ઉપરાંત 'જનતા' સામયિક માટે જગ્યા અને કમાટીપુરા (મુંબઈ)માં પ્રિન્ટીંગ પ્રેસ પૂરું પાડનારા તથા તેને માટે આર્થિક મદદ પૂરી પાડનારા શ્રી શંકર પરાસા, 'જનતા' અને 'પ્રબુદ્ધ ભારત'નું સંપાદન - પ્રકાશન કાર્ય સંભાળનારા અને ડૉ. બાબાસાહેબના મોટાભાગનાં પુસ્તકોના છાપકામની જવાબદારી નિભાવનારા ભાસ્કર રઘુનાથ કાજરેકર, એક સમયે મહાત્મા ગાંધીના ટેકેદાર અને ડૉ. બાબાસાહેબ સામે ૧૯૩૭માં ચૂંટણી હારી ગયા પછી, ડૉ. બાબાસાહેબના ટેકેદાર બનેલા, 'સમતા' સામયિકના સહયોગી શ્રી પાંડુરંગ નથુજી રાજભોગ, 'મૂકનાયક', 'બહિષ્કૃત ભારત' અને 'જનતા' સામયિકોના પ્રકાશનકાર્યના મહત્ત્વના સહયોગી શ્રી સીતારામ નામદેવ શિવતકર, જાણીતા ધારાશાસ્ત્રી અને ૧૯૪૮થી ૧૯૫૨ દરમિયાન 'જનતા' સામયિકના સંપાદક રહેલા શ્રી બાપુસાહેબ ચંદ્રસેન કામ્બલે, ઉપરાંત 'મૂકનાયક' ના સંપાદનકાર્યના સહયોગીઓ સર્વશ્રી પાંડુરંગ ભાટકર અને બાલારામ ખંડકર, બાલારામ આંબેડકર, સંભાજી ગાયકવાડ, સંભાજી સંતુજી, વાઘમારે સૌ ડૉ. બાબાસાહેબની આ દીર્ઘ પત્રકારત્વ યાત્રાના નોંધપાત્ર સાથીઓ રહ્યા છે.

એક વીરલ સમાજશાસ્ત્રી, નૃવંશશાસ્ત્રી, અર્થશાસ્ત્રી, ઈતિહાસકાર, કાયદાવિદ્ હોવાની સાથે ડૉ. બાબાસાહેબ આંબેડકર એક નીડર પત્રકાર પણ હતા, તેની પ્રતીતિ એમની આ સુદીર્ઘ પત્રકારત્વની યાત્રા કરાવે છે.

અસ્પૃશ્યો - બહિષ્કૃતો - દલિતોના ઉદ્ધારક - માર્ગદર્શક - મસીહા અને શોષિત - મહિલા વર્ગના સાચા શુભચિંતક મહામાનવ ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની યશસ્વી પત્રકારત્વ યાત્રાને અહીં જ વિરામ આપી, પત્રકારત્વ અંગેના એમના આ ઉદ્ગારો સાથે હુંય અટકું છું.

'હું આલોચનાને આવકારું છું. મહાન માણસ શોધવો એ દુષ્કર કાર્ય છે. કારણ આજે વર્તમાનપત્રોનો સહારો મળે તો મહાપુરુષ બની શકાય છે. વર્તમાનપત્રો મહાપુરુષો પેદા કરે છે. વર્તમાનપત્રો લોકમત ઘડનારું માધ્યમ છે. સાચી અને જવાબદારીપૂર્ણ સલાહ આપવી એ તેમની ફરજ છે. ખોટો, અન્યાયી, વિઘાતક માર્ગ અખત્યાર કરનાર ગમે તેટલો મોટો હોય, તેને સુધારવો અને ખુલ્લો પાડવો, એ વર્તમાનપત્રની ફરજ છે. **- ડૉ. બાબાસાહેબ આંબેડકર**

**સંદર્ભ :**

(૧) Dr. Baba Saheb Ambedkar, Lokvangmay Griha, Mumbai.
(૨) ડૉ. આંબેડકર જીવન અને કાર્ય - ધનંજય કીર (અનુ. કર્ણિક - ખુમાણ)
(૩) Dr. Ambedkar and Social Justice, Volume-I
(૪) વિદ્રોહી વિભૂતિ ડૉ. આંબેડકર (સં.: ડૉ. રમેશચંદ્ર પરમાર)
(૫) ડૉ. બાબાસાહેબ આંબેડકર (વસંત મુન)
(૬) મૂકનાયક (સં.: શ્યોરાજસિંહ બેચૈન)
(૭) પત્રકાર ડૉ. બાબાસાહેબ આંબેડકર (ગંગાધર પાન્તાવણે)
(૮) દલિત વિમર્શ કી ભૂમિકા (કંવલ ભારતી)
(૯) Thoughts of Dr. Babasaheb Ambedkar (Y.D. Sonatakke)
(૧૦) Pakistan or Partition of India (Dr. B.R.Ambedkar)
(૧૧) ડૉ. બાબાસાહેબ આંબેડકર પરની વિવિધ વેબસાઈટ્સ.

*'છાંયડો', પ્લોટ નં. ૧૬૮/૨,*
*સૂર્યનારાયણ સોસાયટી, સેક્ટર-૨૫,*
*ગાંધીનગર-૩૮૨૦૨૪. મો. ૯૮૨૫૬૩૨૮૩૮*

# ચિનુ મોદી કૃત ''ભાવચક્ર'' નાટ્યસદૃશ નવલકથા

*– વિજય શાસ્ત્રી*

૧૯૬૭માં જ્યારે 'શૈલા મજમૂદાર' પ્રથમ વાર પ્રકાશિત થઈ ત્યારે ગુજરાતી સાહિત્યમાં સુરેશ જોશી નામની ઘટના પૂરા બળપૂર્વક આકાર પામી ચૂકી હતી. બે મહાયુદ્ધોએ સમગ્ર વિશ્વના સર્જકો-ચિંતકોને વ્યક્તિ અને વિશ્વ વચ્ચેનાં સંબંધોને નવેસરથી તપાસવા ફરજ પાડી હતી. સ્વથી ઈતર જગતનો ઘટનાક્રમ વ્યક્તિના આંતરિક સંવેદનજગતને કઈ રીતે પ્રભાવિત કરે છે તે તપાસતો અસ્તિત્વવાદ પ્રસાર પામી ચૂક્યો હતો. શૈલા, અનિમેષ, પૂર્ણ આ બધાં પાત્રો આ નવ્ય વિશ્વનાં આત્માઓ છે. દરેક પોતાના વિશે જે કંઈ બની રહ્યું છે તેનું ભોક્તા તો છે જ વત્તા સાક્ષી પણ છે. સ્વને પોતાની રીતે ગોઠવવાની મથામણ કરતાં પાત્રોની કથા અહીં ચિનુ મોદીએ આલેખવાનો ઉદ્યમ આદર્યો છે. શૈલા કોલેજમાં અધ્યાપક છે. વિદગ્ધતા તેનામાં છે, તેથી સ્તો તે અર્ધદગ્ધતાનો પણ ભોગ બને છે. બીજું પાત્ર કવિ અનિમેષનું છે, તેનામાં વિદગ્ધતા સાથે કવિસહજ મુગ્ધતા છે. ત્રીજું પાત્ર પૂર્ણેન્દુ શર્માને નિવેદનમાં લેખકે 'આભાસી ખલનાયક' કહ્યો છે કારણ કે પ્રણય ત્રિકોણનો એ ત્રીજો ખૂણો છે. 'આભાસી' વિશેષણ સૂચક છે. સામાન્ય દૃષ્ટિકોણથી તે નાયક નાયિકાના સંબંધમાં આડખીલીરૂપ બને છે માટે ખલનાયક ! પણ તેની શૈલા પ્રત્યેની સંવેદનાના સાચુકલાપણાને ધ્યાને લઈએ તો એ એક સ્વાભાવિકતાથી વર્તતો-પ્રવર્તતો જણાય માટે તેની ખલતા આભાસી બની રહે.

**સ્વને પોતાની રીતે ગોઠવવાની મથામણ કરતાં પાત્રોની કથા અહીં ચિનુ મોદીએ આલેખવાનો ઉદ્યમ આદર્યો છે. શૈલા કોલેજમાં અધ્યાપક છે. વિદગ્ધતા તેનામાં છે તેથી સ્તો તે અર્ધદગ્ધતાનો પણ ભોગ બને છે**

ચિનુ મોદી મોટા ગજાના નાટ્યકર્મી પણ છે. નાટકનું માધ્યમ જ્યાં ખોડંગાતું થાય ત્યાં નેરેટર પ્રવેશ કરે, એ જરૂરી લાગતાં નવલકથાની કથનપ્રયુક્તિનો આશ્રય લેવાનું તેમને યોગ્ય લાગ્યું. છતાં નાટ્યસંદૃશતા અને નાટ્યસહજતા વારંવાર અહીં કામે લાગે છે એની નોંધ સુ-જ્ઞ વાચકે લેવી રહી. પડદો ઊપડે ને મંચદૃશ્ય સામે આવે તેમ, પ્રથમ પ્રકરણ શરૂ થતાં, કવિ અનિમેષ શૈલાને વિદેશી કવિતા સંભળાવતો દૃશ્યમાન થાય છે. દૃશ્યવિધાન કેવું છે કે અનિમેષ પૂરેપૂરો કાવ્યવિશ્વમાં ડૂબેલો છે. જ્યારે શૈલા તે(ના)થી વિરુદ્ધ પોતાની એકલતાનાં વિશ્વમાં અકળાતી ગુંગળાતી હોય છે. શૈલાને 'દિવસની દીવાલ પર ચોપડાતી કાળાશ' અકળાવે છે. સૂર્યપ્રકાશિત દિવસ પણ કાળાશ પ્રગટાવે એ સરરિયલ તત્ત્વ વૈયક્તિ વિશ્વની બલિહારી છે. શૈલા એક સ્ત્રી છે પણ માત્ર સ્ત્રી તરીકે પોતે પોતાને જોતી નથી અને બીજા પણ એને કેવળ સ્ત્રી તરીકે જ જુએ, વર્તે તે એને કબૂલ નથી. સ્ત્રીત્વમાં સ્વનું હ્રસ્વીકરણ-(અં : Reduction) એને મંજૂર નથી. સ્ત્રી રહીને સ્ત્રીત્વને વટાવી જવાની તેની ઝંખના છે. આ પ્રકારનું Dangling અગાઉ સુરેશ જોષીની 'વિદુલા'માં સુ-જ્ઞ વાચકોએ જોયું અને માણ્યું હતું. નાયિકાની એકલતા અંધકારમાં ભળે/ઓગળે છે ત્યારે પ્રકાશ પણ તેને દૂર કરી શકે તેમ નથી. આવી નિરન્ધ્ર એકલતાથી પીડિત શૈલાને પ્રથમ પ્રકરણમાં લેખકે મેગ્નિફાય કરીને દર્શાવી છે.

પછી સીનારિયો બદલાય છે. પડોશમાં પૂર્ણેન્દુ શર્મા નામનો યુવાન રહે છે. બે એકલાં જીવતાં વિજાતીય પાત્રોનું સંનિધિકરણ કોઈકને મેલોડ્રામેટિક લાગે છતાં કથા વિકાસ માટે જરૂરી હોઈ સાભિપ્રાય બની રહે છે. તેને શૈલામાં રસ છે. તેના શૈલા પ્રત્યેના લગાવને વ્યક્ત કરવા લેખકે શૈલાના બ્લોક પાસેથી તે 'એક બે વાર મોટા પગલે પસાર થવાનો' પ્રયત્ન કરે છે. તે આંગિકમ્ અને 'તમારા ઓરડામાં આખી રાત લાઈટ બળતી હતી તે શું વાંચ્યું હતું કે ?' (પૃ. ૧૩) જેવા વાચિકમ્ દ્વારા દર્શાવ્યું છે. નાયિકા વિદગ્ધ છે. કોઈ સામાન્યા નથી. અનિમેષ-શૈલાની હોટલ-મુલાકાત પછી



ઘરે આવેલી શૈલાને શતરંજ રમવાનું નિમંત્રણ આપવા આવેલા મિસ્ટર શર્માને "અત્યારે શતરંજ-શતરંજ રમવા હું 'મુડ'માં નથી." (પૃ.૨૨) જેવો જવાબ મળે છે ત્યારે, શતરંજનો અર્થસંકેત માત્ર એક રમતનો મટી બે પુરુષ-એક સ્ત્રીના સંબંધ સુધી વિસ્તરે છે. પાંચમા પ્રકરણમાં એક સબળ નાટ્યોચિત પરિસ્થિતિ આકાર પામે છે. શૈલા મિસ્ટર શર્માને-શનિવાર હોવાથી- આખો દિવસ બહાર ફરવા જમવાના કાર્યક્રમનું આમંત્રણ આપે છે અને સાથે જ અનિમેષને પણ શર્મા જોડે 'ઈન્ટ્રોડ્યુસ' થવા સાથે જોડાવાનું આમંત્રણ પાઠવે છે ત્યારે -

'મિસ્ટર શર્મા કોણ છે ? મને અજાણ્યા માણસો સાથે નહીં ફાવે.' આપણે કાલે મળીશું. તમારે ત્યાં જ '(પૃ. ૨૫)

- કહી શર્માને ટાળે છે તો બીજી તરફ મિસ્ટર શર્મા પણ અનિમેષને ટાળવા ઘરઘાટી સાથે ચિઠ્ઠી મોકલી શૈલાને જણાવે છે કે -


'શૈલાબેન,'

તમે ફોન કરવા ગયાં ત્યારે જ મને ખ્યાલ આવ્યો કે આજે મારે મારા 'બોસ'ની સાથે એક કારખાના માટે વટવા જમીન જોવા જવાનું છે.

★ ★ ★

આજનો કાર્યક્રમ આપણે આવતી કાલ પર લઈ જઈએ છીએ. (પૃ. ૨૫)

ગમ્મત એ છે કે, અનિમેષ મિસ્ટર શર્માને ટાળવા અને મિસ્ટર શર્મા અનિમેષને ટાળવા આજનો કાર્યક્રમ કાલ પર લઈ જાય છે, તેમાં આવતીકાલે પણ બંને અજાણતાં ભેગા થવાની પરિસ્થિતિ સરજાય છે. આમાં પાછી શૈલાની સ્થિતિ તો ઓર કફોડી !



**સ્ત્રી અને સુંદર સ્ત્રી-માં જ હ્રસ્વીભૂત થતી રહેતી શૈલા તેમાંથી છૂટવા લેડિઝ ક્લબમાં જોડાય છે અને ત્યાં ચેખોવના એક નાટકનું દિગ્દર્શન કરે છે ત્યારે એક બીજું આંતરિક નાટક ભજવાય છે**

એકલતા ફરી શૈલાને ઘેરી વળે છે. તે અનિમેષનું સાંનિધ્ય ઝંખે છે ને તેને કહેવા ચાહે છે : "આજે આખો દિવસ 'બોર' થઈ ગઈ છું. આજે મારા ખાલીપણાને ભરી દોને ?"(પૃ. ૨૬) વાચકને શૈલાના અનિમેષ પ્રત્યેના અનુરાગનો સ્પષ્ટ સંકેત અહીં પ્રથમ વાર સાંપડે છે. અચાનક અનિમેષ હોટેલમાં આવી ચડે છે. શૈલા અનિમેષનો 'પુરુષ તરીકે' વિચાર કરે છે. શૈલાના આંતરિક જીવન માટે આ એક Turning Point ગણાય પણ, આમ સીધાસાદા સરળ ભાવોમાં બંધાઈ પુરાઈ રહે તો એ શૈલા શાની ? બીજે દિવસે પિકનિક પર સાથે આવવા તૈયાર થયેલા મિસ્ટર શર્મા તેને 'ઘણા સ્માર્ટ લાગ્યા.' આમ શૈલા મનોરથ દેખાય છે એટલો સરળ નથી, એમાં આછીપાતળી દુવિધાઓ પડેલી છે. જે વાચકપક્ષે રસપ્રદ બને છે. વળી મિસ્ટર શર્માનો અનિમેષ(-ની કવિતા) પ્રત્યેનો રોષ તેમાં ભળે છે, એટલે કોકડું ઓર ગુંચવાય છે. આપણી ચીલાચાલુ કથાઓ પહેલાં કોકડાં ગુંચવતી પણ ઉત્તરાર્ધમાં તે ઉકેલતી જતી હતી. આ સ્વર્ગમાં સાદ્યન્ત ગુંચવણો અને દુવિધાઓ જ રચાતી સરજાતી રહે છે તે તેને ચીલાચાલુ કથાકૃતિઓથી ઊફરી જતી કૃતિ બનાવે છે. શૈલાની દ્વિધાત્મકતા વારંવાર ઘુંટાતી બતાવાઈ છે.

'-કોણ જાણે કેમ પણ હું તમને કવિથી અલગ પાડી જ શક્તી નથી. મિસ્ટર શર્મા સાથે હું ગમે તેવી વાત કરી શકું છું.'(પૃ. ૩૫) તેનું અનેકમાંનું એક દષ્ટાન્ત અનિમેષનું, શૈલાની દષ્ટિએ કવિપણામાં હ્રસ્વીકરણ થઈ ગયું છે. કવિ સિવાયની રીતે-ભાતે તે કદાચ વર્તી પ્રવર્તી શક્તો નથી. મિસ્ટર શર્મામાં આવું કોઈ Reduction હજુ સુધી તો વરતાયું નથી. છતાં, હા છતાં અનિમેષનું કવિપણું શૈલા માટે જાણે એક Obsession- વળગણ બની જવા પામ્યું છે, એટલે મિસ્ટર શર્મા જ્યારે શૈલા પ્રત્યેનો પોતાનો અનુરાગ જાહેર કરે છે ત્યારે ત્યાં ને ત્યાં જ તેને રદિયો આપતાં શૈલા કહે છે :

'મને મારામાં કોઈ કેવળ સ્ત્રી તરીકે રસ લે એ ક્યારેય ગમતું નથી.'(પૃ. ૩૬)

શૈલાના આગવા વ્યક્તિત્વનો આ એક વિલક્ષણ અંશ છે જે વાચકને ફરી દ્વિધામાં લાવી મૂકે છે. ૯૦મા પ્રકરણમાં બસ ન મળવાને લીધે તેમ જ મિસ્ટર શર્મા અને પ્રો. દેસાઈને કારણે 'ક્વોલિટી'માં પહોંચતી શૈલાને આમ તો એકલાં જ (રીપીટ : એકલાં જ) આવવું હતું પણ બે Unwanted જણ જોડે આવવું પડે છે.અધૂરામાં પૂરું અનિમેષ તેની રાહ જોતો ત્યાં બેઠો છે.

આ ગુંચવાડાવાળી Situation ફરી લેખકમાંના નાટ્યકારને પ્રગટાવે છે. શૈલાનું વ્યક્તિત્વ ફક્તને ફક્ત એક સ્ત્રીનું નથી સ્ત્રીત્વ વત્તા ઘણું બધું તેનામાં છે. તેને ઓળખાવવા 'woman plus' શબ્દો પ્રયોજી શકાય. એટલે જ તેરમા પ્રકરણમાં શારીરિક ચેષ્ટાઓ વડે ઉત્કટ પ્રણયની ક્ષણો આવે છે ત્યારે આ ઉત્કટતા ફરીથી શૈલાને -

'હું સ્ત્રી છું, સુંદર કહી શકાય એવી સ્ત્રી છું એટલે જ' (પૃ. ૬૦) અનિમેષ તેની નજીક આવ્યો છે એવું વધુ એકવાર પ્રતીત કરાવે છે. પરિણામે અનિમેષના કવિત્વથી આકર્ષાયેલી શૈલા તેના પુરુષ તરીકેના- ફક્ત પુરુષ તરીકેના વ્યવહારથી અપાકર્ષણ પામતી પીડાય છે. તે પોતે જેમ A woman plus છે તેમ સામે પણ A Man plus -ઝંખે છે. પુરુષ, પુરુષ રહીને તેને અતિક્રમી જતો હોય એવું તે ઈચ્છે છે. એટલે એ ચિત્કાર કરી ઊઠે છે કે 'મને તમારો પ્રેમ મુંઝવે છે, અકળાવે છે.'(પૃ. ૭૧)

**અસ્તિત્વવાદી છાંટવાળી આધુનિક્તાનો પ્રબળ પ્રભાવ અહીં જોઈ શકાય. ચિનુ મોદીની નાટ્યસર્જકતા વળી એકવાર વાચિક અભિનયક્ષમ આલેખનમાં અનુભવાય છે તે તો છોગામાં !**

બીજી તરફ મિસ્ટર શર્મા છે તે તો કવિ કે બીજું કશું પણ હોવાનો દંભ કર્યા વગર માત્ર, નર્યો પુરુષ તરીકે શૈલામાં રસ ધરાવે છે. જે શૈલાને માન્ય નથી. શૈલા કહે છે :

- મિસ્ટર શર્મા આમ તો સારા માણસ છે પણ એમને હું સ્ત્રી છું એટલા જ ખાતર મારામાં રસ છે એ મને ગમતું નથી. (પૃ. ૭૪)

પણ સાવ એવું નથી. મનના ખૂણે પુરુષનું માત્ર પુરુષ હોવું તેને ગમે પણ છે જ્યારે તેની બૌદ્ધિક્તા Man Plus ઝંખે છે. આમ મન અને તર્કનું confrontation પાત્ર વિભાવનાને વધુ સંદિગ્ધ બનાવે છે જે આધુનિક્તાનું એક syndrone* છે.

સ્ત્રી અને સુંદર સ્ત્રી- માં જ હ્રસ્વીભૂત થતી રહેતી શૈલા તેમાંથી છૂટવા લેડિઝ ક્લબમાં જોડાય છે અને ત્યાં ચેખોવના એક નાટકનું દિગ્દર્શન કરે છે ત્યારે એક બીજું આંતરિક નાટક ભજવાય છે.

Play within Play ! નાટકની ઓથે નાટક. સમજીએ. પોતાને બધાં માત્ર સ્ત્રી તરીકે જ જુએ મુલવે છે તે વાતથી અકળાયેલી શૈલા તે લાગણીમાંથી છુટકારો મેળવવા નાટ્ય-પ્રવૃત્તિમાં જોડાય છે તો ત્યાં પણ, જેમાંથી એ છૂટવા માગે/ મથે છે એ જ વાત સામે આવીને અથડાય છે તે એક સબળ Irony બની રહે છે.ઈન્દુબહેન નામનું પાત્ર શૈલાને કહે છે :

'મૃણાલિનીબહેન પછી તમે પહેલાં સ્ત્રી છો કે જેમને નાટક ભજવવાની આવી ઊંડી સૂઝ હોય.'(પૃ. ૮૨)

આ પછીના વાક્યવિન્યાસ એક સબળ એકોક્તિ સરજે છે તેથી તેની મુદ્રણરીતિ પ્રત્યે વાચકનું ધ્યાન જવું જોઈએ.

'મૃણાલિનીબહેન પછી તમે પહેલાં સ્ત્રી....

તમે પહેલાં સ્ત્રી....

પહેલાં સ્ત્રી.....સ્ત્રી.....

માર મનમાં 'સ્ત્રી' શબ્દ ઘુમરાવા લાગ્યો. અંતે મારા શ્રમના મૂલ્ય પાછળનું કારણ ....'

કારણ : હું સ્ત્રી છું.

મને મુલવવાનો એકમાત્ર માપદંડ સ્ત્રી...ઓહ......

તમે મને સ્ત્રી તરીકે જાણી હતી અને મેં તમારો વિરોધ કર્યો હતો.

મિસ્ટર શર્માએ મારામાં હું સ્ત્રી છું એટલે જ રસ લીધો એથી મેં મિસ્ટર શર્માનો વિરોધ કર્યો.

ઈન્દુબહેન મારું સ્ત્રી તરીકે મૂલ્ય કરે છે અને હું એમનો વિરોધ કરું છું.

હું કેટકેટલાંનો વિરોધ કરીશ ?

- કરી શકીશ ?(પૃ.૮૨-૮૩)

વ્યક્તિને એક માણસને બદલે સ્ત્રી-પુરુષ જેવાં જાતિલિંગભેદમાં હ્રસ્વીભૂત કરી દેવાય તે સમાજની gender-consciousnessનું પરિણામ છે એ વાત તે જમાનામાં (વીસમી સદીના છઠ્ઠા દાયકામાં) સાવ નવી હતી.

અસ્તિત્વવાદી છાંટવાળી આધુનિકતાનો પ્રબળ પ્રભાવ અહીં જોઈ શકાય. ચિનુ મોદીની નાટ્યસર્જકતા વળી એકવાર વાચિક અભિનયક્ષમ આલેખનમાં અનુભવાય છે તે તો છોગામાં !

શતરંજની રમત દરમિયાન તેમ જ તેની પૂર્વે કોફી બનાવવાના પ્રસંગમાં મિસ્ટર શર્મા 'પુરુષ' તરીકે વર્ત્યા ન હોવાનું શૈલાની ચકોર સભાનતા શોધી શકે છે અને એટલે જ

'એ ક્યારેક ભૂલી જઈ શકે છે- મારા સ્ત્રીત્વને'. (પૃ. ૯૩)

'મિસ્ટર શર્મા સારા માણસ છે.' (પૃ. ૯૩)

જેવાં તારણો આપે છે પણ આ(વાં) તારણો ઝાઝાં ટકતાં નથી. શૈલાને પુરુષપણાનો અહેસાસ હવાના હળુહળુ સ્પર્શ થકી થાય- થતો રહે ત્યાં કૃતિ અટકે છે તે સૂચક છે. એક વિદગ્ધ સ્ત્રીની દ્વિધાત્મકતા Daulityને કોઈ અંત નથી હોતો એ સંકેત લેખકને અભિપ્રેત હોઈ શકે.

---

* A group of sings... that occur together and charaterse a particular abnormality (વેબ્સ્ટર ડિક્ષનરી : 1971 P-834)

'શૈલા મજમૂદાર' ૧૯૬૭માં પ્રકાશિત થયા બાદ ૧૯૭૫માં 'ભાવચક્ર'(જેમાં 'શૈલા મજમૂદાર' સમાવિષ્ટ છે તે) પ્રગટ થાય છે. 'શૈલા મજૂમદાર'માં નારીપાત્ર કેન્દ્રમાં હતું. 'ભાવચક્ર'માં મિસ્ટર શર્માના પાત્રમાં રહેલી ભાવવિકાસની કેટલીક શક્યતાઓને ઉજાગર કરવાનો ઉપક્રમ છે. મિસ્ટર શર્માના વ્યક્તિત્વમાં રસ પડવાનાં કારણો લેખકે પુરોવચનમાં દર્શાવ્યાં છે. લેખકનો આશય શો છે તે એમાંથી કળી શકાય છે. પણ આશયને જ સિદ્ધિ માની લેવાથી, સુરેશ જોષી કથિત Intentional Fallacy-નો ભોગ બનવાની સંભાવના રહે તેથી લેખકની કેફિયતને તેના સ્થાને જ રહેવા દઈ કૃતિમાં પ્રવેશીએ.

ગામડેથી શહેરમાં આવેલા મિસ્ટર શર્મામાં જે સ્વભાવગત ફેરફારો આવ્યા છે તેની કેટલીક વિગતો જડે છે. બીજાને આંજી દેવાની તત્પરતાની વાત સ્વમુખે જ કહે છે તો તેનાથી જરા પણ નહીં અંજાતા મિત્ર વિનાયકની વાત પણ તે કરે છે. 'મને ગમે છે મારાથી વશ થઈ જનાર, મારી પાસે પોતાના વ્યક્તિત્વને ઓગાળી નાંખવા તૈયાર થનાર.'(પૃ. ૧૦૩) પછી જ્યારે શૈલાનો ભેટો થાય છે ત્યારે વિનાયક અને શૈલામાં એક સામ્ય હોવાનું તેને જણાય છે અને તે 'મારા પોલાપણાને તરત પામી જશે. એની આંખોમાં વિનાયકી દૃષ્ટિ છે.' (પૃ. ૧૦૪) આમ છતાં બંને વચ્ચે એક ભેદ પણ છે કે જેમ વિનાયકથી દૂર રહેવાનો યત્ન કરે છે તેમ શૈલાથી દૂર રહેવાનો પ્રયત્ન તે કરી શક્તો નથી કેમ કે 'એવું કશુંક શૈલામાં હતું કે જેને કારણે હું એનાથી દૂર જવાને બદલે વધારે ને વધારે નજીક જવા માટેના યત્નમાં રહેતો.'(પૃ. ૧૦૪) મિસ્ટર શર્માની આ સામસામી વૃત્તિઓ વાચકપક્ષે ઔત્સુક્ય, રોમાંચ તેમ જ અધિક આકાંક્ષા જન્માવે છે. મિસ્ટર શર્મા શૈલાના અનિમેષ સાથેના સંબંધથી ઈર્ષ્યા અનુભવે ત્યાં પ્રણયત્રિકોણની આકૃતિને લીધે વધુ એક રસકારણ વાચકપક્ષે જન્મે. ત્યારબાદ અંજુ, પ્રજ્ઞા અને ચંદન સાથેની પ્રેમવીતીઓ પાત્રભેદે સમાન ભાવોના અનુભવને આલેખે છે. મિસ્ટર શર્માના સ્વમુખે, પ્રથમ પુરુષ એકવચનના કથનકેન્દ્રથી આ સમગ્ર વૃત્તાંત કહેવાતો હોઈ પરાયાપણું ધોવાઈ જાય અને શર્માનું પાત્ર વિશ્વસનીય બને. કથનકેન્દ્રની સમુચિત પસંદગીનું આ ફળ ગણાય. શૈલા એકવાર પૂર્ણેન્દુ પાસે 'ઉલટભેર' અનિમેષની 'અઢળક' વાતો કરે છે એ સાંભળ્યા પછી પ્રથમ ક્ષણે 'હું આ બેયના સંબંધમાં ક્યાંય આડો આવીને ઊભો ન રહી જાઉં તો સારું' એમ મિસ્ટર શર્મા 'મનોમન' વિચારે (પૃ. ૧૩૮) ત્યારે વાચકને તેની ઉદાત્તતા ગમે પણ બીજી જ ક્ષણે આ ઉદાત્તતાને ધોઈ નાખતું, શર્માની માનસિક સ્થિતિનું જે ચિત્ર આવે છે તે જોવા જેવું છેઃ

'હું સ્વીચ ઓન કરી વિચારોને અટકાવવા મથું છું. પંદર વર્ષના મુગ્ધ છોકરાની જેમ બારી ખોલીને શૈલાના ખંડને જોઉં છું- ટીકીટીકીને, જાણે કે એનો ખંડ જ એ સ્વયં ન હોય. મારામાં આવી મુગ્ધતા જગવી શકી છે એને પામ્યા વગર તો કેમ રહી શકું ?'(પૃ. ૧૩૯)

શૈલા પ્રત્યેની આ સ્થિતિને ચીલાચાલુ શબ્દ 'પ્રેમ' તરીકે ભલે ઓળખીએ પણ તેમાં જે દુર્દાન્ત, અદમ્ય, આવેગશીલતા ઘુઘવે છે તે સ્પર્શક્ષમ બને છે. પ્રિય-તમ પાત્ર, સંલગ્ન સર્વે કાંઈ સાથે પ્રિય-તમ પાત્રનું તાદાત્મ્ય Identification પ્રણયાવેગને રૂપબદ્ધ કરે છે. અવચેતનના પ્રવાહો અહીં પરસ્પર ગૂંથાય છે તેથી Stream of Consciousness પણ જોઈ શકાય.

**શૈલા મિસ્ટર શર્માનું ભાવચક્ર છે. આ ભાવચક્રાવામાંથી જેમ જેમ તે છૂટવા મથે છે તેમ તેમ તેમાં વધુને વધુ સપડાતો જાય છે. છત્રીસથી ચાળીસ સુધીનાં છેલ્લાં પાંચ પ્રકરણો જાણે સમગ્ર કથાનકનું બીજ વક્તવ્ય Keynote- બને છે**

શૈલા મિસ્ટર શર્માનું ભાવચક્ર છે. આ ભાવચકરાવામાંથી જેમ જેમ તે છૂટવા મથે છે તેમ તેમ તેમાં વધુને વધુ સપડાતો જાય છે. છત્રીસથી ચાળીસ સુધીનાં છેલ્લાં પાંચ પ્રકરણો જાણે સમગ્ર કથાનકનું બીજ વક્તવ્ય Keynote- બને છે. નમૂના દાખલ નિરૂપણો જોઈએ :

૧. તમે બંને ન મળો એમાં શૈલાને ખાસ કશું ગુમાવવાનું નથી એમ તારે પણ ખાસ કશું, પ્રાપ્ત કરવાનું નથી. પ્રાપ્ત તને થશે તો કેવળ દુઃખ. શૈલા પાસે તું હંમેશ વામણો-વહેંતિયો જ લાગવાનો છે. એ નથી, તને મળેલી અનેક સ્ત્રીઓ જેવી, કેવળ એક સ્ત્રી જ. એ સ્ત્રીથી કશુંક વિશેષ છે અને એને ખપે છે પણ પુરુષ હોવા ઉપરાંતનું કશુંક. એ કશુંક તારામાં નથી. (પૃ. ૧૭૭)

૨. નો, આઈ મિસ્ટર શર્મા, ધી એક્ઝિક્યૂટીવ મેનેજર ઓફ- ન આડે આવી શકે તારું પદ, તારો પગાર, તારું સ્ટેટસ, પ્રેમમાં સ્ટેટસ શાં ? (પૃ. ૧૮૧)

૩. અનિમેષમાં તારાથી કશુંક એવું વિશેષ છે કે જે શૈલાને પણ ઘેલી બનાવી શકે છે. હી વોઝ એબલ ટું બેર મી. (પૃ. ૧૮૬)

૪. શૈલાને તું પરાણે પ્રેમમાં પાડવા ઈચ્છે, પૂર્ણ ? પરાણે થયેલા પ્રેમનું મૂલ્ય શું ? (પૃ. ૧૯૩)

૫. તારા લાગણીના ચકરાવામાંથી બહાર નીકળવા માટે મારી પાસે એક જ ઉપાય છે- એક જ.. અને મેં રિસીવર ઉઠાવી

રાત્રે દસ વાગે માલતીની હોસ્ટેલમાં ફોન જોડ્યો.(પૃ. ૨૦૦)

મિસ્ટર શર્મા માલતીને બોલાવે છે તે ઈજન નામફેરે શૈલાને માટે જ છે એ સંકેત સમજી શકાય તો જ પૂર્ણની શૈલા માટેની ઝંખના સમજી શકાય.

'શૈલા મજમૂદાર' ના અમુક સંવાદો 'ભાવચક્ર'માં જેમના તેમ મૂકી દેવાયા છે જેમકે 'શૈલા મજમૂદાર'ના પાંચમા પ્રકરણ પૃ. ૨૪ પરનો 'તમારો શો કાર્યક્રમ છે'થી શરૂ થતો સંવાદ 'ભાવચક્ર'ના બત્રીસમા પ્રકરણમાં પૃ. ૧૪૯ પર યથાવત્ પુનરાવર્તન પામ્યો છે. બોસ સાથે વટવા જમીન જોવા જવાની વાત પણ 'શૈલા મજમૂદાર'માં છે તે બેઠ્ઠી 'ભાવચક્ર'માં પણ મૂકાઈ છે.

આધુનિકતાના ભરપૂર અણસારાઓ છતાં કશે દુર્બોધતામાં સરી નથી પડતી એ આ (બંને) કૃતિઓની નોંધપાત્ર સિદ્ધિ છે. સરળતા છતાં સૂક્ષ્મતાનો લક્ષ્યવેધ ચિનુ મોદી સફળતાપૂર્વક કરી શક્યા છે.

**અનિમેષ કવિ છે તેથી વિશિષ્ટ ભાવજગતનો સ્વામી છે તો સાથે જ વિશિષ્ટ ભાષા જગતનો પણ સ્વામી છે. કૃતિમાં સાદ્યન્ત આ બે જગતો પરસ્પરને પોષતાં રહે છે. અનિમેષનાં ભાવજગતનું નિર્વહણ બે સ્તરે થતું રહે છે**

૧૯૮૫માં 'ભાવચક્ર' પ્રકાશિત થયા પછીના ચાર દાયકા બાદ 'ભાવચક્ર'નો ત્રીજો ખંડ લખાય, પ્રકાશિત થાય છે ત્યારે આટલા સુદીર્ઘ અંતરાલનો લેખકની સર્જક વ્યક્તિતા પર કશો નિર્ણાયક ઓછાયો પડ્યો-પડે છે કે કેમ તે પણ એક રસપ્રદ અને તપાસયોગ્ય મુદ્દો ગણાય. આ અંતરાલમાં કથાનું મુખ્ય નારીપાત્ર શૈલાએ (અનિમેષ સાથે નહીં !) લગ્ન કરી લીધાં છે અને તેની દીકરી લીના પત્રકાર પણ બની ચૂકી છે જે ૭૫માં વર્ષના ઊજવણાના સંદર્ભે કવિ અનિમેષનો ઈન્ટરવ્યૂ લેવા આવે છે. આ(વો) ઘટનાક્રમ અલબત્ત, નાટકનવલકથાને યોગ્ય જ ગણાય. આ નિમિત્તે પીઠઝબકારની પ્રયુક્તિને કામે લગાડી શૈલાથી છૂટા પડ્યા સુધીના અનિમેષના વર્તનપ્રવર્તનનું આલેખન થયું છે.

કથાસાહિત્યમાં માત્રને માત્ર Happeningsમાં રાચવાની વાચનકુટેવથી મુક્ત થઈને વર્ણન-સંવાદ આદિ વાનાં પણ પૂરાં રસપ્રદ હોય છે, એનો પુરાવો ૪૨મા પ્રકરણના સમાપનમાં આવતું ઢળતી સાંજનું નિમ્નલિખિત વર્ણન આપે છે.

'- હું બહાર બાલ્કનીમાં જઈ ઢળતા સૂર્યને જોઉં છું, શાહુડી જેમ એક પછી એક પીછાં ફેંકીને બોડી થઈ જાય, એમ સૂર્ય કિરણ વગરનો થઈ ગયો હતો.'

કશા ગર્ભિતાર્થ વગર પણ આ વર્ણન રસપ્રદ છે છતાં કવિ અનિમેષની ૭૫મી વર્ષગાંઠ, ઢળતા સૂર્યની સાથે મૂકી દઈએ તો એક પછી એક પીછાં ખેરવવાની વાત બધા એષણાઅભરખાઓ પ્રસિદ્ધિ લોભ, વગેરેના જટાજૂટમાંથી મુક્ત થવાની અનિમેષની મનીષાને સમાંતરે જોતાં ઓર રસપ્રદ બને છે. લેખકનું લક્ષ્ય છે પાત્રોના મનોગતને ખોલવાનું, પણ બાહ્ય સંદર્ભો વગર એ શક્ય નથી. ભાવ માટે વિભાવ અનિવાર્ય હોય છે. એકથી વધુ સ્થળે બાહ્ય અને આંતરનું સંનિધિકરણ આસ્વાદ્ય બન્યું છે જેમકે શૈલા સાથેના ભૂતકાળનું આકલન-

*અમે સાથે હતાં*
*પણ નજીક નહોતાં*

જેવી પંક્તિઓમાં લસરકામાં થઈ શક્યું છે.

અનિમેષ કવિ છે તેથી વિશિષ્ટ ભાવજગતનો સ્વામી છે તો સાથે જ વિશિષ્ટ ભાષા જગતનો પણ સ્વામી છે. કૃતિમાં સાદ્યન્ત આ બે જગ તો પરસ્પરને પોષતાં રહે છે.

અનિમેષનાં ભાવજગતનું નિર્વહણ બે સ્તરે થતું રહે છે. એક તો પોતાને શું થઈ રહ્યું છે એ તરફ એ સભાન છે તો બીજી તરફ પોતે જેનાથી ઘેરાયેલો છે એ બાહ્ય વાસ્તવના દબાવતનાવથી પણ એ સભાન છે. એની સ્થિતિ પેલા નોબેલ ઈનામ વિજેતા સોલ બેલોની નવલકથાના 'Dangling Man' જેવી છે. અનિમેષની કવિ લેખેની સભાનતા તેને બધાંથી અને ખાસ તો શૈલાથી પણ એક અંતર રાખતી નીવડી છે. આ સંબંધ વ્યસ્તતા(વ્યસ્ત-ઊલ્ટાના અર્થમાં)નું આલેખન ત્રેપન સુધીનાં પ્રકરણોમાં બારીકાઈથી થયું છે. વિગતો કૃતિની વાચનામાં વાચક આસાનીથી શોધી શકશે.

પ્રકરણ-૫૪માં નિરૂપિત ઘટના પ્રથમ દૃષ્ટિએ પ્રણયોન્માદ અને રતિક્રીડાના પ્રગલ્લભ વર્ણનને કારણે કોઈને પૂરી અને તેથી સરેરાશ લાગવાનો સમ્ભવ છે પણ એનો છેડો અંતભાગે થતા અનિમેષના મેટામોર્ફોર્સિસ સાથે સંકળાય છે. એ જોતાં તે પૂરી સાભિપ્રાય અને ફલોચિત બની રહે છે. બીજા, સાદા શબ્દોમાં કહીએ તો સરેરાશ લેખકની જેમ માત્રને માત્ર ગલગલિયાં કરાવવાના પ્રયોજનથી એ નથી આલેખાઈ. યથાસ્થાને એની સાભિપ્રાયતા અનુભવાય છે. /અનુભવાશે. આ પ્રણયોન્માદની ક્ષણો અનિમેષના કવિપણાને તિરોભૂત કરી નાખે છે.

*પીગળી ગઈ પળમાં મારી*
*છું કવિ હું, એની ખુમારી.*

ચૈતસિક પરિસ્થિતિમાં નિર્ણાયક બદલાવ દેખાડતી કૃતિને પશ્ચિમમાં 'Initiation story' સંજ્ઞા અપાઈ છે.

અહીં વાસ્તવનો સંદર્ભ સુરેશ જોષી કથિત springboardની કામગીરી કરે છે. અને પાત્રચિત્તની ભૂમિકાને ઉજાગર કરે છે. લોહી ચાખી ગયેલા વાઘની જેમ પૂરા આત્મવિશ્વાસ સાથે અનિમેષ બીજી વાર શૈલાને ભોગવવા મથે છે ત્યારે શૈલા તરફથી 'યૂ બ્રૂટ' શબ્દો સાથે મળતો જાકારો સ્ત્રીમાનસની અ-કળતા વિશે વધુ એકવાર વિચારતો કરી મૂકે છે. આ પ્રસંગે રામભાઈ જેવા એક પાત્રના મુખે બોલાતું વાક્ય અનિમેષ માટે એક નવી પ્રતીતિ જન્માવનારું નીવડે છે કે-

'હેન્ડલ વિથ કેર, સ્ત્રીનું મન એ ક્ષણમાં નંદવાય એવા બરડ કાચનું બનેલું હોય છે, મિત્ર'. (પ્રકરણ -૫૯) આ વાત અનિમેષને ગળે ઊતરી જાય છે અને તેથી તે નવો સંકલ્પ કરે છેઃ

'- હું શૈલાને કાગળ લખું અને કબૂલું કે મેં તારામાં કેવળ સ્ત્રી તરીકે રસ લીધો એ મારો અક્ષમ અપરાધ છે. મને ક્ષમા કરી દે. હું તને કેવળ સ્ત્રી તરીકે પામી નહિ શકું, એ મને સમજાઈ ગયું છે. હવે હું તને આખેઆખી ચાહવા મથીશ.'

**શૈલા, હવે હું તારી સામે આવીશ ત્યારે એ હોઈશ, જે પહેલાં ક્યારેય નહોતો. મારી કવિતા મારો અહમ ન ઓગળી શકી પણ તારી નોંધપોથીની સંવેદનાઓને મને, હું હતો એથી જુદો બનાવ્યો હતો**

આ સંકલ્પને શૈલાની નોંધપોથી વળ ચડાવે છે અને વળી એક નવો સંકલ્પ કરાવે છે-

'-શૈલા, હવે હું તારી સામે આવીશ ત્યારે એ હોઈશ, જે પહેલાં ક્યારેય નહોતો. મારી કવિતા મારો અહમ ન ઓગાળી શકી પણ તારી નોંધપોથીની સંવેદનાઓને મને, હું હતો એથી જુદો બનાવ્યો હતો. મને થયું- હવે હું મૃતમાંથી અ-મૃત થયો છું.'

- ૭૫મા વર્ષની ઊજવણીને અમૃત મહોત્સવ કહેવાય છે એનો નવો અર્થ અહીં કૃતિના વિશિષ્ટ સંદર્ભને કારણે પ્રગટે છે તેથી નોંધ પણ સૂચવાચક લેશે જ. આ ઘડી મુખવટાનો ત્યાગ કરીને અસલિયતને પામવાની છે. છેલ્લા પ્રકરણના આત્મોદ્ગારો આખી કૃતિને સરેરાશતામાંથી ઊંચકીને એક Prophetic level પર લઈ જાય છે. કેટલાક નોંધીએ -

'- મને લાગતું હતું કે ૭૪ વર્ષ સુધી હું એક 'માસ્ક' સાથે જીવ્યો. મારા મસ્તક આસપાસ તેજ વર્તુળનો નજીકના લોકોને પણ (રીપીટઃ નજીકના લોકોને પણ !) અહેસાસ કરાવ્યો.... મારો રથ વ્હેંત અદ્ધર ચાલે એ મેં મેનેજ કરેલું હતું. 'લોકોત્તર' વિશેષણ મારા નામોલ્લેખ સાથે હવે વારંવાર લેવાતું હતું.'

'- મને સમજાતું જતું હતું કે આવું બેવડું જીવ્યાનો મને શૈલા પુનઃ ન મળી હોત તો અહેસાસ જ ન થાત, એની નોંધોએ મને અંદર જોતો કરી મૂક્યો હતો.' (પ્રકરણ-૬૦)

આ કન્ફેશન્સ કૃતિને સરેરાશ, મેલોડ્રામેટિક રચના બનતાં ઊગારે છે અને એક (આધ્યાત્મિક શબ્દ લપટો પડે) ભાવાત્મક ઊંચાઈ પર લઈ જાય છે.. 'હવે હું ૭૪ વર્ષ મુજબ હવે પછીનું જીવન જીવવા નથી ઈચ્છતો... મારા હાથે જ બાંધેલા આ લાક્ષાગૃહને પલીતો ચાંપવો છે.'

પણ સમાજ તો આ કન્ફેશન્સને પણ સાચા અર્થમાં સમજી શક્તો નથી. પોતાની રીતે જ એને ઘટાવે છે એ પણ અનિમેષની (એટલે કે કોઈપણ મુક્તિ ઝંખનારની) નિયતિ છે. એકમાત્ર શૈલા આ વાત સમજતી દર્શાવાઈ છે અને એટલે જ જ્યારે ઘેર પહોંચ્યા પછી શૈલાનો ફોન આવે છે ત્યારે સામસામા માત્ર બે જ શબ્દો, બે જ સંબોધનો પડઘાય છે.

'અનિમેષ...'

'શૈલા....'

પણ આ દ્વિશબ્દી સંવાદમાં ૭૪ વર્ષના સમસ્ત આયખાની તપશ્ચર્યાનું ઈષ્ટફળ સંભૃત થઈ ચૂક્યું છે.

જોઈ શકાશે કે સ્ત્રી-પુરુષ સંબંધોના તથ્યને પકડવા-પામવાનો મનોયત્ન અહીં કથાના રૂપમાં થયો છે. સુનીલ ગંગોપાધ્યાય કે બુદ્ધદેવ બસુ જેવા બંગાળી સર્જકોની યાદ અપાવે તેવું ચિત્ર સાંપડે છે. ટાગોર તો કાવ્યોમાં ગૂંથાઈને આવે જ છે. આગળ ભારપૂર્વક નોંધ્યું છે કે સંકુલ ચિત્તપ્રવર્તનોનું આલેખન કરતી કૃતિઓ બહુધા ભારેખમ, પાંડિત્યપ્રચુર ભાષાભંગિ અને અટપટી પરિભાષામાં પૃથગ્જનથી મોં ફેરવી લેતી હોય છે. સાચો (અને તે પણ નવલકથાનો) લેખક નવલકથાના સ્વરૂપને, તેના વાસ્તવિક, સરેરાશ માનવસંદર્ભને જકડીપકડી રાખી તેને વળોટી જતો હોય છે. દુર્બોધતાનો ભોગ બન્યા વગર સૂક્ષ્મતમ સંવેદનો અભિવ્યક્ત કરતો હોય છે. ત્રણ ખંડમાં પસાર પામતી આ રચના ભારતીય રસશાસ્ત્રમાં ગણાવેલા નિર્વેદ, ગ્લાનિ, શંકા, અસૂયા, મદ, શ્રમ, આલસ્ય, દૈન્ય, ચિંતા, ધૃતિ, અપસ્માર, ઉન્માદ વગેરે સંચારી ભાવોને પણ પૂરા પરિમાણમાં રૂપાયિત કરે છે, એ ઝીણી વાતની ભારપૂર્વક નોંધ લઈએ.

*જે/૩/૩૦૪, મુક્તાનંદ,*
*અડાજણ રોડ, સૂરત-૩૯૫૦૦૯*
*ફોન. (૦૨૬૧) ૨૭૮૨૬૬૭*
*મો. ૦૯૮૨૫૨૮૦૧૫૫*

# હે મૃત્યુ તું વિશ્વ વિજયી છો

*– લક્ષ્મણ પિંગળશીભાઈ ગઢવી*

વિશ્વમાં આકારધારી પ્રત્યેક વસ્તુ, જીવ, પ્રાણી કે મનુષ્ય શાશ્વત નથી. તે સર્વનો નાશ સુનિશ્ચિત છે. એનો સમય પૂર્ણ થયે તેની વિદાય નિશ્ચિત હોય છે. અસ્તિત્વના આ મહાનિયમ પ્રમાણે અહીં સમય, અવધિ પૂર્ણ થતાં બધું નામશેષ થઈ જાય છે. આ મહાનિયમને અહીં ક્યારેય કોઈ ઉથાપી શક્યું નથી. પોતાની નિશ્ચિત અવધિથી કોઈપણ ઓછું-વધુ રહી શકતું નથી. એનો નામશેષ થવાનો સમય અગાઉથી સુનિશ્ચિત ને અત્યંત રહસ્યપૂર્ણ હોય છે. જે ક્ષણે જન્મે છે, એ જ ક્ષણથી મૃત્યુની યાત્રાનો આરંભ થાય છે.

મૃત્યુ માટે સંસ્કૃતમાં નાશ શબ્દ છે. જે "નશ્ અદર્શને" એ ધાતુમાંથી બન્યો છે. જેનો અર્થ થાય છે. "જોવાલાયક ન રહ્યો," "દેખાવા યોગ્ય ન રહ્યો." - જન્મ-મૃત્યુનો અર્થ છે, નવજીવનનું પેદા હોવું અથવા સમાપ્તિ નથી.

મૃત્યુ એ પરમાત્માનું દ્વાર છે. મૃત્યુ સુંદર છે, અલૌકિક છે, એટલે તે અગમ, અગોચર, રહસ્યમય છે. સ્થૂળ શરીરમાંથી સૂક્ષ્મશરીર વિદાય લે છે ત્યારે મૃત્યુ થાય છે. દેહ મૃત્યુનો આહાર છે. ગીતાજીમાં ભગવાન કહે છે કે "આત્મા અવિનાશી છે, ફક્ત દેહનો નાશ થાય છે. જેમ માનવ જૂનાં વસ્ત્રોનો ત્યાગ કરી નવાં વસ્ત્રો ધારણ કરે છે, તેમ જીવ એક શરીરનો ત્યાગ કરી, બીજું શરીર ધારણ કરે છે." ગુજરાતી ગઝલ સમ્રાટ ઘાયલ સાહેબ આ પ્રક્રિયાને "પડખું ફર્યાનું કહે છે."

અમારા પિતાશ્રી કવિશ્રી પિંગળશીભાઈ ગઢવીએ મૃત્યુનાં જે લાડ લડાવ્યાં છે, એટલાં અન્ય કોઈ કવિએ લડાવ્યાં હોવાની અમારી જાણમાં નથી. છ મહિના પહેલાં પોતાનાં મૃત્યુની જાણ થઈ ગઈ હોવાથી મૃત્યુને પડકારીને આહ્વાન આપતાંઃ

*હે ! મૃત્યુ તું વિશ્વ વિજયી છો, આવ ખુશીથી આવ,*
*તું આવ ખુશીથી આવ...*
*જીવન પછી જો તું ન હોય તો શું છે જીવન લાવ,*
*તું આવ ખુશીથી આવ....*
*પરાધીન થઈ પીંજરિયામાં બેઠું છે એક પંખી,*
*મુક્ત બની વિચરવા માટે જુઓ રહ્યું છે ઝંખી,*
*ઉડયન ઈચ્છાધીન ગગનમાં સીમા બધી અળસાવ,*
*તું આવ ખુશીથી આવ....*
*અખંડ જ્યોતિનાં અવિર્ભાવને હું મધમધતા મ્હાલું,*
*શ્રેય કરો શું નિબડ રાત્રિમાં આથડવાથી ઠાલું,*
*તું પ્રકૃતિ છે તો આકૃતિમાં શું રાચું શું લાવ,*
*તું આવ ખુશીથી આવ...*
*તું શ્રમિતને પરમાનંદની શૈયા પર સુવરાવે...*
*તું ઘનવર્ષા ખાબોચિયાને સાગર સાથ મિલાવે,*
*તું અનન્ય અલંકારમાં દેત સમાવી ભાવ,*
*તું આવ ખુશીથી આવ...*
*હોય કથા સુંદર પણ તોયે અંત જો કદિયે નાવે,*
*સ્વાદ રહે શું શ્રોતાગણને પણ ઈતરાજી આવે,*
*આ સહુ તારી અનુકૃપાથી આવી પૂછે ભાવ,*
*તું આવે ખુશીથી આવ...*

પોતાનાં મૃત્યુના દિવસો નજીક આવતાં, કોઈ પ્રવાસમાં જતાં હોય, સ્ટેશનની અંદર પ્લેટફોર્મ ઉપર ટ્રેનની રાહ જોતાં હોય એમ મૃત્યુના આગમનની રાહ જોઈ, તેઓ કહેતા :

*સ્ટેશનમાં બેઠો છું, હું તો તૈયાર છું,*
*રેલગાડી આવી જાય, એટલી વાર છે.*
*સિગ્નલ પડી ગયો, ઝંડી દેવાય છે,*
*વધુ નહીં વાર હવે, મિનિટ બે ચાર છે.*
*ગયા પછી લાગે સાવ સૂનો સંસાર છે.*
*ફટાક દઈને ફૂટી જાશે, ફાનસનો આ ફોટો,*
*પિંગળશી કે એક જ સાચો મુરલીધર છે મોટો.*

*અમને પણ કહેતા :*

*કોઈ સાથ ના પુરાવે, છે એકલું જવાનું,*
*વ્હાલાં સગાં વળાવે, છે એકલું જવાનું.*
*આવે ન અંત વેળા, ભાયો સંબંધી ભેળા,*
*વેળા હશે કવેળા, છે એકલું જવાનું.*
*જ્યારે જવાનું થાઈ, પિંગલ ન સાથ પાઈ,*
*કરી લે ભલી ભલાઈ , છે એકલું જવાનું.*

*વિશેષમાં શિખામણ આપતા :*

*મરી ગયા પછી મલકો શેનો સાવ નકામી માયા*
*લાડ લડાવવા પણ લઈ જજો, કફન વગરની કાયા,*
*માગું ઈશ્વર પાસ એટલું માન સહિત દે મરવા,*
*સાચું એક વખત મરવું પછી શું ગેં ગેં ફેં ફેં કરવું.*

હિમાલયના એક યોગીને એક વિચાર આવ્યો કે મારી તપશ્ચર્યાથી ઈશ્વર પ્રસન્ન થાય તો મારે માંગવું શું ? ઘણો વિચાર કર્યા પછી એ નિષ્કર્ષ ઉપર આવ્યા કે મૃત્યુ દુઃખદાયી છે માટે વિશ્વમાંથી મૃત્યુને જ કાઢી મૂકવું જોઈએ. બીજી ક્ષણે બીજો વિચાર આવ્યો કે જે લોકો મૃત્યુને વાંકે જીવે છે, મૃત્યુની રાહ જોવે છે, પીડિતો, દર્દીઓ, રોગીઓ, અપંગો, અસાધ્ય રોગીઓ એને તો મરવાનું જ નહીં, જે પરિસ્થિતિમાં જીવે છે એ જ સ્થિતિમાં રહેવાનું. અંતે તેઓએ સ્વીકાર્યું કે ઈશ્વરે જે કંઈ આયોજન/વ્યવસ્થા કરી છે, તે સર્વથા યથાયોગ્ય છે.

ગિરનારક્ષેત્રના એક મસ્ત અવધૂત સંતે મૃત્યુની ચર્ચામાં કહેલું કે "વૃદ્ધો મૃત્યુને શોધે છે, મૃત્યુ યુવાનોને શોધે છે." મૃત્યુના આંકમાં યુવાનોની સંખ્યા ઘણી મોટી હોય છે. મૃત્યુને

પણ યૌવન જોઈએ છે.

જે વ્યક્તિની વૃદ્ધાવસ્થા પૂર્ણ થવામાં હોય, મૃત્યુ નજીક આવતું જાય એ દિવસોમાં તેઓ બાળપણના દિવસો, સગાંવ્હાલાં, મિત્રો, પ્રસંગો, બાળપણના અનુભવો વર્ણવે છે. મનભાવતી ખાવાની ચીજોની ઈચ્છા થાય છે. સગાં, સંબંધી, મિત્રોને મળવાની ઈચ્છા થાય છે. પ્રાણ સ્થૂળશરીરની બધી ક્રિયાઓ ધીમે ધીમે સંકેલવા લાગે છે. બધી ઈન્દ્રિયો ધીમે ધીમે શાંત થવા માંડે છે. આંખો મૃત્યુ પૂર્વેની ક્ષણોમાં ઊંચી આજ્ઞાચક્ર તરફ થઈ જાય છે. પ્રાણ દેહને છોડી જતાં મૃત્યુ થાય છે.

એક મતે જીવાત્મા બન્ને આંખોની ભ્રમરો વચ્ચે કપાળના નીચેના ભાગમાં આવેલા આજ્ઞાચક્રમાંથી મુક્ત થાય છે. બીજા મતે ઉચ્ચ આધ્યાત્મિક વ્યક્તિ સહસ્ત્રારમાંથી મુક્ત થાય છે ને ત્રીજા મતે જમણા પગના અંગૂઠામાંથી જીવ મહાપ્રયાણ કરે છે એટલા માટે જ અગ્નિ સંસ્કાર પહેલાં જમણા અંગૂઠાને અગ્નિનો સ્પર્શ કરાવવામાં આવે છે. જમણા અંગૂઠામાં જીવ અટકી ગયો હોય તો પૂર્વવત દેહ જીવંત થાય છે. આ ત્રણ દ્વાર સિવાય કોઈપણ સ્થળેથી જીવ જતો નથી, એ સ્પષ્ટ છે. માનવ શરીરમાં બે હૃદયકેન્દ્રો આવેલાં છે. એક છાતીની ડાબી બાજુએ રુધિરાભિસરણનું જે કેન્દ્ર છે તે, અને બીજું મસ્તકમાં જ્ઞાનતંતુઓનું કેન્દ્ર છે. તેમાં આત્માનું સ્થાન છે. આથી આજ્ઞાચક્ર અથવા સહસ્ત્રાચક્રમાંથી જીવનું મહાપ્રયાણ સ્વાભાવિક છે. દેહમાંથી પ્રાણ છૂટો પડતાં અન્ય કેન્દ્રોમાં રહેલો કચરો બહાર નીકળે છે.

પ્રાણનો ભીતરમાં પ્રવાહિત થયાનો અનુભવ થાય છે, તે વ્યક્તિ તેમજ સૂક્ષ્મ શ્વાસનો, પ્રાણનો અનુભવ કરનાર વ્યક્તિ મૃત્યુના છ મહિના પહેલાં મૃત્યુને જાણી શકે છે. છ મહિના પૂર્વે પોતાનાં મૃત્યુનો સંકેત મળી જતો હોય છે. જે પ્રાણના પ્રવાહને જાણે છે, તેને ખ્યાલ આવે છે કે પ્રાણની પ્રક્રિયા ઊલટી થઈ ગઈ છે. શ્વાસ ટૂંકા થવા લાગ્યા છે. ભીતરમાં આવવાવાળો શ્વાસ પ્રાણવિહિન આવે છે, કારણ કે શરીર પ્રાણને ગ્રહણ કરવા માટે અસમર્થ બની જાય છે. કેટલાંક અધ્યાત્મમાર્ગીઓ આ ક્રિયા સ્વયં કરી શકે છે, ને મૃત્યુ પામી શકે છે.

દેહશુદ્ધિથી પર થવાથી સાધક જ્ઞાની બને છે. દેહાત્મભાવ વિના કર્તાપણું અને કર્મ ટકી શકે નહીં, તેથી જ્ઞાની માટે કર્મ નથી. જીવવા માટે અને કર્મ કરવા માટે મન જરૂરી છે. જ્ઞાની મન વગર જીવે છે ને કર્મ કરે છે. પ્રારબ્ધકર્મ જે કાર્યો કરવા માટે શરીર નિર્માણ કરે છે, એ બધાં એની પાસે પૂરાં કરાવે છે, પરંતુ જ્ઞાની આ કાર્યો કર્તૃત્વભાવ વિના જ કરે છે. જ્ઞાની સાક્ષાત્કાર પછી શરીરમાં રહી શકે જ નહીં. જ્ઞાનીનું સૂક્ષ્મશરીર હવામાં ઓગળી જાય છે. અર્થાત્ અદશ્ય બની જાય છે. આ એક સહજ મૃત્યુ હોય છે. મૃત્યુ સદાયે વર્તમાનમાં થાય છે.

સાધકને આત્મસાક્ષાત્કારનો આઘાત એટલો બધો તીવ્ર હોય છે કે શરીર એને સહી શક્તું નથી, આ કારણોસર સાક્ષાત્કાર પછી પણ દેહ છૂટી જાય છે.

જાગ્રત પુરુષ ઈચ્છે ત્યારે સમાધિપૂર્વક મૃત્યુ પામી શકે છે. તેઓ મૃત્યુની પ્રક્રિયાથી સંપૂર્ણ માહિતગાર હોય છે એટલે મૃત્યુ તેને અધીન હોય છે. મહાસંતો, ઉચ્ચકક્ષાનાં સાધકો ઈચ્છિત મૃત્યુ પામતાં હોય છે.બરડા ડુંગરમાં, ગિરનારક્ષેત્રમાં દીર્ઘજીવી સંતો જોવા મળે છે. જ્યારે તેમની ઈચ્છા થાય ત્યારે મહાપ્રયાણ કરે છે. પોરબંદર પાસેનાં બરડા ડુંગરમાં મહાસિદ્ધદાત્રી યોગિનીદેવજી દીર્ઘજીવી સંત છે.

જે અધ્યાત્મમાર્ગીને કૈવલ્યજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, તેઓ લાંબું આયુષ્ય ભોગવી શક્તા નથી. ૨૦ વર્ષે કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત થાય તો શરીર પાંચ વર્ષ ટકે છે. આ રીતે કૈવલ્યજ્ઞાનની પ્રાપ્તિ પછી ટૂંકા ગાળામાં એ મહાપુરુષ મહાપ્રયાણ કરે છે. જે સાધકને મૃત્યુનું જ્ઞાન થઈ જાય છે ત્યારે તે સત્વરે મહાપ્રયાણ કરે છે કારણ કે તેને સંસારમાં રહેવું અસહ્ય થઈ પડે છે.

બરડા ડુંગરના ભતવારી માતાજીનાં મંદિરે પધારેલા એક મહાત્માના જણાવ્યા પ્રમાણે : ખુલ્લા સ્વચ્છ આકાશમાં સૂર્ય સામે પીઠ રાખી ઊભા રહેવું, પોતાનાં પડછાયા તરફ એકાગ્ર થઈને જોયા કરવું, થોડા દિવસો બાદ પડછાયાની આજુબાજુ તેજ દેખાશે ને પડછાયો અલગ દેખાશે. એ પડછાયામાં મસ્તકનો ભાગ જો ન દેખાય તો છ મહિનામાં મૃત્યુ થશે એમ જાણવું. પડછાયો કાળો દેખાય તો ગંભીર માંદગી આવવાની માનવું, જો રંગ લાલ દેખાય તો અશુભ સમાચાર મળવાનું માનવું ને જો શ્વેત રંગ દેખાય તો શુભ છે એમ સમજવું.

એક લોકોક્તિ પ્રમાણે માતા-પિતા તંદુરસ્ત જીવન પૂર્ણ રીતે ભોગવી ગયાં હોય તે બન્નેનાં આયુષ્યનો કુલ સરવાળાનો જે આંક આવે તેને ભાંગ્યા બે, તેમાંથી જે શેષ આવે તે તેનાં સંતાનની આયુષ્યની ઉંમર હોય છે.

જેના ડાબા હાથની નાડી ચાલતાં ચાલતાં તૂટે અને ડાબો સૂર સમુળગો બંધ થાય તો તે તત્કાલ મૃત્યુ પામે છે. માંદી વ્યક્તિનું નાક વાંકું થાય અને નાકનો સૂર બંધ થઈ જાય. મુખમાંથી પાણી ચાલે તો તે એક દિવસમાં મૃત્યુ પામે છે. એક લોકમાન્યતા પ્રમાણે ડાબા કાનમાં નાદ સાંભળાવવો શરૂ થતાં થોડા સમયમાં તે વ્યક્તિ મૃત્યુ થાય છે. કેટલીક વ્યક્તિની પૂર્ણ અવસ્થામાં તેના નખ ઉપરથી તેનાં મૃત્યુની સમયની જાણ થાય છે. શરીરમાં શ્વાસોશ્વાસ ટૂંકા થતા જાય, પ્રાણવાયુ નીકળવાના સમયે મૃત્યુ જીવાત્માને ગ્રહણ કરે એ સ્વાભાવિક મૃત્યુ કહેવાય છે. આ મૃત્યુની જાણ ચોવીસ કલાક અગાઉ થઈ જાય છે. દેહ પ્રાણ છોડવાની જાણ અગાઉ હોવા છતાં તે વ્યક્તિ અવાચક બની જતાં જણાવી શકતી નથી તો કેટલીક વ્યક્તિ આ જાણ સૌ કોઈને જણાવે છે. આ બાબત તેની અંતિમ સ્થિતિ ઉપર આધારિત છે.

મૃત્યુ એ જીવનદર્શન છે, મંગલમય છે, મંગલ ગતિ છે, પરમાત્માની મિલન ઘડી છે, એટલે મૃત્યુની પ્રક્રિયા થતી હોય તે ક્ષણો જીવાત્મા માટે નાજુક ક્ષણો, પવિત્ર ક્ષણો હોય છે. પરમના સ્પર્શની ક્ષણો હોય છે એટલે લાગણીવશ થઈને રોકકળ કરવી નહીં, તે ક્ષણે તેમને ઢંઢોળવા નહીં, પોક મૂકવી નહીં, શક્ય બને તો મહાત્મા ઈશરદાસજીકૃત હરિરસના સ્તોત્ર પાઠ કરવા.

જીવાત્મા સ્થૂળદેહ છોડતાં, શરીરનાં બંધન મુક્ત થતાં, હળવો દેહ છોડતાં જીવાત્માને સહેજ પણ કષ્ટ પડતું નથી. આ એક અતિ સરળ અને સૂક્ષ્મ પ્રક્રિયા છે. દેહવિહિન અવસ્થા પ્રાપ્ત થતાં અત્યંત આનંદના સાગરમાં ડૂબી જાય છે. અલૌકિક દશ્યો દેખાવા લાગે છે. સંતો, ચારણોને શુરવીરો મૃત્યુને આહ્‌વાન આપતાં કહે છે :

*જિસ મરને સે જગ ડરે, મેરે મન આનંદ,*
*મરને હી તો પાઈયે, પૂરન પરમાનંદ.*

ચારણી સાહિત્યના એક નિશાણી કાવ્યમાં ક્યાં મૃત્યુથી સ્વર્ગની પ્રાપ્તિ થાય તેના પ્રકાર બતાવ્યા છે. કુંડાળું કરી, તે કુંડાળામાં મૃત્યુ પામે, હિમાલય જઈ ગાત્રો ગાળે, કાશીએ કરવત મુકાવે, ગિરનાર ઉપર ભૈરવજપ ખાય, સિંહની સામે લડી મરે, અબળા, ગાય કે ગરાસ ધરતી માટે જે હઠીલાઓ, ટેકીલાઓ મૃત્યુને ભેટે છે, એ બધા સ્વર્ગે જાય છે.

ચારણી સાહિત્યમાં જણાવ્યા પ્રમાણે માંસભક્ષી પક્ષીઓને યુદ્ધ સંગ્રામની જાણ ઘણાં સમય અગાઉ થઈ જતી હોવાથી તે દૂર દૂરનાં સ્થળોથી પ્રવાસ શરૂ કરી, રણ સંગ્રામનાં મેદાનની આસપાસ આવી ઉતારો કરે છે.

ઋષિસંસ્કૃતિએ સત્યવાનને પુનઃજીવતો કર્યાનો આનંદ માન્યો છે, ચારણ સંસ્કૃતિએ નેક, ટેક, વટને શૌર્યમાં મરવાને આનંદ માન્યો છે. સમાજની નીતિરક્ષાને પ્રશ્ને, રાજા-ધણીની ગેરહાજરીમાં ગામનું ધણ ચોરાય, લૂંટાય, આબરુ લૂંટાય, ગામ-ગરાસ લૂંટાયને અન્યાયનાં પ્રત્યેક ટાંણે ચારણોએ મોત મીઠું કર્યું છે, એ સ્વધર્મનો સંસ્કાર હતો. શૌર્યવંતી જાતિઓને પરાર્થે પ્રાણ પાથરવાનો જીવનનો લ્હાવો ચારણોએ શિખડાવ્યો છે. શૌર્યભેર હસતાં હસતાં મોતને પડકારવું, ઝઝુમવું ને ખપી જવાનું શિખવનાર ચારણો હતા, એટલે જ આ જાતિઓ કહે છે કે ''ચારણ મરણ શિખાય.'' ''વે અમરાપુર લે ચલે, નવખંડ રાખે નામ.'' ચારણોએ મૃત્યુની-મરવાની નવી સૃષ્ટિ ઊભી કરી હતી. શૌર્યવંતા મૃત્યુના દિલાવર સંસ્કાર, મૃત્યુમાં પણ શૌર્ય છે એની પ્રતીતિ ચારણોએ કરાવી છે. આ સંસ્કારોની સુગંધ ઝવેરચંદ મેઘાણીના ગ્રંથોમાં મઘમઘે છે. મૃત્યુ પછી વીરોના મરસિયાને પાળિયા ચારણોને આભારી છે.

ચારણજ્ઞાતિની જગદંબાઓનાં જીવન લોકદ્ધારક, લોકહિતકારી હતાં. પ્રત્યેક જીવ, જંતુ, પ્રાણી, પશુ, પક્ષી સૌ કોઈનાં માટે કલ્યાણકારી હતાં, પ્રભાવક હતાં. શ્રી જયમલ્લ પરમારના મતે ''ધર્મરક્ષા કાજે સૌથી વધુ ઝઝુમ્યાં છે ચારણ આઈઓ. મહાન ગણાતાં રાજ્યો સામે, બળવાન ગણાતાં રાજ્યો સામે, જૂથો સામે, સમાજની રૂઢિઓ સામે અને અન્યાયના પ્રત્યેક પ્રસંગે પણ આ ચારણ સંતોનો ઈતિહાસ ઘણો મહાન છે.'' આત્મબલિદાનમાં આ જગદંબાઓ સર્વોચ્ચ અગ્રસ્થાને છે એટલે જ સર્વત્ર કુળદેવીઓ તરીકે પૂજાય છે.

ચારણ જગદંબા આઈશ્રી શેણીઆઈ અને આઈ શ્રી નાગબાઈમાએ હિમાલયમાં જઈને પોતાનાં હાડ ગાળ્યાં હતાં. બદરીકેદારથી ૫ કિ.મી. માનગામ આવે છે, માનગામથી ૫ કિ.મી. ઉપર નાગલધામ આવે છે. આ સ્થળ આઈ નાગબાઈમાનું નિર્વાણસ્થાન દર્શાવવામાં આવે છે.

આંબરડી ગામનાં સાત ગામનાં ધણી વીસળ રાબાએ સુલતાન સાથેના યુદ્ધમાં સુલતાનના શાહજાદા મહોબતખાનને હાથીનાં દંતશૂળ ઉપર ચડી, ઠાર મારી અગિયાર ભાઈબંધો સાથે પોતપોતાની કાયાના કટકે કટકો ઉપાડીને કુંડાળે મોતને વર્યા હતા. બારમો ભાઈબંધ બહારગામથી ગામ આવ્યો, બનાવની ખબર પડી, અગિયાર ભાઈબંધોની સળગતી ચિતામાં બેસી સ્વર્ગાપરનો સાથ પુરાવ્યો.

સદ્‌ગુરુ ભાણસાહેબ શિષ્યોની ફોજ લઈને પોતાના શિષ્ય મેપાભગતના ગામ કમીજલા પહોંચ્યાં. મેપાભગત બહારગામ હતા. ચાર દિવસ ગામમાં સત્સંગ કરી સંતમંડળ વિદાય લઈ રહ્યું હતું, ધીમે ધીમે સૌ ચાલતાં હતાં. રોકાઈ જવાનો અતિ આગ્રહ કર્યો. સદ્‌ગુરુએ ભગતને હઠ કરવાની મનાઈ કરી એટલે મેપાભગત અધીરા થઈ બોલી ઊઠ્યા, ''સદ્‌ગુરુ રોકાવું જ પડશે. ત્યાંથી એક ડગલું ભરો તો રામદુહાઈ છે.'' ભાણસાહેબને કહે, ''હવે અહીંથી આમનું કે તેમનું એક ડગલું ભરાય નહીં, રામદુહાઈ લોપાય નહીં.'' ભાણસાહેબે ત્યાં ને ત્યાં એ જ ટાંણે સમાધિ લીધી.

ગોદડિયા પરંપરાનાં સમર્થ સંત રામદાસબાપુ ગોદડિયા હરિદ્વારમાં મરણતોલ માંદગીમાં સપડાયા. તેમનાં શિષ્ય પ્રેમદાસબાપુ ગોદડિયાને મિયાંગામ કરજણથી તત્કાલ તેડાવ્યા. પ્રેમદાસબાપુએ સદ્‌ગુરુને દંડવત પ્રણામ કરી, હાથમાં ગંગાજળ લઈને પોતાનું પાંચ વર્ષનું આયુષ્ય સદ્‌ગુરુને અર્પણ કર્યું. સદ્‌ગુરુ માંદગીમાંથી બેઠા થઈ ગયા.

કાંત્રોડીના સંત કેશવસ્વામીએ પોતાની સેવિકાના એકના એક પુત્રને પોતાના શિષ્ય વાલદાસનું આયુષ્ય આપી જીવતદાન આપ્યું. સેવિકાનો પુત્ર માંદગીમાંથી બેઠો થયો ને વાલદાસ કાયમને માટે સૂઈ ગયો.

બાંટવાનાં વૈદ્ય દીવાનરાય ગંભીર માંદગીમાં પડ્યા. તેમના પિતા મૂળશંકર દાદા સમર્થ વૈદ્ય હતા. ઘણા ઉપચારો કર્યા પણ કામ ન લાગ્યા. માંદગીમાં મૃત્યુની અંતિમ ઘડી ગણાઈ રહી હતી. આખો પરિવાર પલંગને ઘેરી ઊભો હતો. દીવાનરાયની પત્ની નાનો બાળપુત્ર સુમન રડતાં તેને શાંત કરવા નીચેના રૂમમાં ગયાં. બાળકને ખોળામાં લીધો, એ દરમિયાન નોકર ચીસ પાડતો નીચે ઊતર્યો. ''તુલસી તુલસી ગંગાજળ ઝટ કરો.'' આ એક જ વેણ દીવાનભાઈની પત્નીએ સાંભળતાં એમને એમ બેઠાં બેઠાં તેમનું પ્રાણ પખેરું ઊડી ગયું. દીવાનભાઈનો પ્રાણ પાછો વળ્યો અને એમનાં પત્નીનાં તેજ ઝંખવાઈ ગયાં. પતિનાં ખૂટી ગયેલાં જીવતર એમનાં પત્ની આપતાં ગયા. કવિ જયદેવની કથા આ પ્રસંગ તાજો કરાવે છે.

અતિથિ સત્કાર માટે એકના એક પુત્ર ચેલૈયાને ખાંડણિયામાં ખાંડનારી ચંગાવતી શેઠાણી અડગને અડીખમ હસતેમુખે મૃત્યુ સામે ઊભી હતી.

ગુરગટ ગામનો સધર મલેક, રાણો, જીવણ ને ડોસલો

ચાર જણા ગાગા ગામે આવ્યા. ગામવાળાઓએ કહ્યું કે "મલેક ન જાવ તો સારું. વાઘેરોએ ઓડા બાંધ્યાં છે. એટલે." સઘરે જવાબ દીધો કે "તમે ન બોલ્યાં હોત તો અમે રોકાત પણ હવે તો જાવું જ જોશે." ત્રીસ વાઘેરોની ફોજ સામે ચારેયને ચાર ચાર ગોળી ધરબી તોયે ચારેય જણાએ તલવારોની રમત ચલાવતાં ચલાવતાં ખપી ગયા. "તમે ન કહ્યું હોત તો રોકાત" એ ના પાડવામાં આવે, તેટલા માટે એ જ કરવામાં આવે, એ સોરઠીવીરોનો આદર્શ હતો. બંદૂક સામે હાથોહાથની સમશેરબાજી બતાવવી, મરદાઈનું પાણી બતાવવું એ પરાક્રમી સાહસ લાજવાબ અચંબો પમાડે તેવું છે. યુદ્ધમાં પરાસ્ત ન થનાર રાજવી પોતાનું માથાં માંગનારને માથું ઊતારી દેવામાં વિલંબ ન કરનારા શૌર્યવંતા ઝિંદાદિલવૃત્તિના દૈવી મહામાનવો હતા.

સંત આપા જાદરાએ પોતાના પાડોશીના એકના એક પુત્રનું મૃત્યુ થતાં પોતાનાં એકના એક પુત્રનું આયુષ્ય આપી, એક સાટે બીજો આપી, પાડોશીના પુત્રને જીવતદાન આપ્યું હતું. પોતાનો પુત્ર સ્વર્ગે સિધાવ્યો.

સંત મૂળદાસે સમાધિ લીધી. એ ટાણે ગામમાંથી આણુંવાળી ગામની એક દીકરી તેના પ્રિયતમને મળવા સાસરે જતી હતી. સંતની સમાધિથી દીકરી કોચવાઈ. એટલે સંતે સમાધિમાંથી જાગૃત થઈ દીકરીને કહ્યું કે "હું મારા પ્રિયતમને મળવા હવે કાલે જઈશ, બેટા તું તારે સુખેથી વિદાય લે."

જુનાગઢના નવાબ મોહબ્બતખાનજી દરરોજ પોતાની પોતાનાં માટે તૈયાર રખાયેલી કબર પાસે જઈને કહેતાં કે :"મેં જબ આંઉ તબ મેરી નજર રખના હો !" રાજવીઓ પણ આવા ઉચ્ચ અંશો પ્રગટ કરતા.

કાઠી દરબાર માણસિયાવાળાને પોતે જમી લીધા પછી સમડીઓને રોટલા ખવડાવવાનો ભારે શોખ હતો. તે નિઃર્વંશ હતો. પિત્રાઈઓએ ગાંડો ગાંડો કહીને કાળા કોઠામાં કેદ કર્યો. સમય થયો એટલે ક ર ર ર ર એવા સમડીઓની ચાંચના સૂરો માણસિયાવાળાને કાને પડયા. માણસિયાવાળાએ પોતાની ભેટમાંથી કટાર ખેંચી. પોતના દેહમાંથી માંસનાં ચોસલાં કાપી અદ્ધર ઉલાળ્યાં. સમડીઓએ આનંદના નાદથી કોઠો ગજવી મૂક્યો. આ રીતે પોતાનો દેહ કાપતો ગયો ને સમડીઓને ભોજન પીરસતો ગયો. સમડીઓને મિજબાની પીરસી એણે દેહ પાડી નાખ્યો.

અણધારી આકસ્મિક કસોટી આવી ચડે છે ત્યારે સોરઠી શૂરવીરો કેવી ખુમારીભર્યા મરી શકે છે, તેનું આલેક કરપડાનું ઉદાહરણ, લાજવાબ છે. મૃત્યુને પણ નમાલું, રાંક, નિર્માલ્ય, લાચાર, કમજોર, મામુલી, પોતાને મન ફાવે તેમ નચાવનાર મૂઠીમાં રાખનારા ખમીરવંતા શૂરવીરો હતા.

મોરબી ઠાકોર જીવાજી અચાનક સરલા ગામના કાઠી આલેક કરપડાની મર્દાનગીનું પારખું લેવા જતાં મુખ્ય મોવડીને આલેકે એક જ ભાલાના ઘા કરી ઠાર માર્યો ને પોતે બંદૂકોના પાંત્રીસ ઘાથી ઘવાયો. આલેક ઘાયલ અવસ્થામાં કસકસતી ભેટ બાંધી, ઘોડેસવાર થઈને ઘરે આવ્યો. ઘરે આવી તેનાં બાપુને પગે લાગી બોલ્યો : "બાપુ! હવે છેલ્લા રામ રામ કહું ? બહુ વસમું લાગે છે, ઝટ જમીન લીંપો."

બાપુ કહે : "અરે મારા સાવઝ, ઘરનો ડાયરો ઘરે નથી, આપણાં સગાંવ્હાલાં નથી આવ્યાં અને આલેક જેવો દીકરો કાંય મળ્યાં વન્યાં જાય ? "આલેકે કહ્યું "ભલે બાપુ" એની પીડા વધતી જતી હતી, ચૂંકારો પણ કર્યો નહીં. બાપુને કહે "બાપુ, હવે તો કાળી આગ લાગી છે, હો !""તો આપણે કસૂંબો કાઢીએ." કંસૂબાના ત્રણ ધોબા લીધા. આજુબાજુનાં ગામડેથી સગાં વ્હાલાં આવી પહોંચ્યા. સૌને આલેકે રામ રામ કરી બાપુને પૂછ્યું "બાપુ ! હવે ભેટ છોડું ? છે રજા?" "અરે! મારા બાપ! મહેમાનોને વાળું વન્યાં આલેકડો રાખશે!" "ઠીક બાપુ !," કહીં મરણને ખાળતો આલેક બેઠો રહ્યો. મહેમાનોએ વાળું કર્યા. હોકા પીધા. આલેકે સૌ સાથે હસીને વાતો કરી પછી પૂછ્યું "હવે બાપુ! હવે તો મારે અને જમને વાદ થાય છે, હો!" "અરે આલેક! મારો આલેકડો તે અધરાતે જાય, ગા'ના ગાળા તો છૂટવા દે, બાપ. હવે ઝાઝી વાર નથી." બાપ દીકરો દાંત કાઢે છે, વાતો કરે છે પ્રાગડવાસી ગયો, ગાયો છૂટી ગયું. આલેક બોલ્યો : "બાપુ ! હવે લાજ જાશે! મારા શ્વાસ તૂટે છે." "હમણાં ડાયરાને કસૂંબો લેવરાવી પછે છાશું પાઈ દઈને પછી સૌ હાલીએ." કસૂંબો અને શિરામણ ઉકલી ગયાં. આલેકે પૂછ્યું "બાપુ! હવે ? બસ." "હવે ખુશીથી જા મારા બાપ, પણ બેટા! તારી કાંય પાલખી હોય ? તું તો હાલીને જ સ્વર્ગાપરમાં જાને!" આલેક કહે : "બાપુ! તમે તો ગજબ આદર્યો!" બાપુ કહે : "શૂરવીરને તો જીવે ત્યાં લગીયે ગજબ ને મરે ત્યારેય ગજબ." આલેક ઊઠ્યો એને હાથમાં ભાલો લેવરાવ્યો, ભેટમાં તલવાર આપી, પગમાં મોજડી પહેરાવી, કપાળે કેસરચંદનનનું તિલક કર્યું, ગળામાં હાર નાંખ્યો. વાજતે ગાજતે ઢોલે, ડાયરો હાલ્યો. આખા ડાયરાની આગળ આલેક કરપડો હાલ્યો, સ્મશાને પહોંચ્યા. ચેહ ખડકાઈ. આલેકે સૌને રામરામ કરી, ઉત્તર દિશાનું ઓશીકું કર્યું, ભેટ છોડી ચિતામાં સૂતો ને સ્વર્ગાપરના રસ્તે સિધાવ્યો.

ટીપુ સુલતાન કહેતો "ઘેટાંની જેમ લાંબું નમાલું જીવન જીવવા કરતાં સિંહની જેમ એક દિવસ પરાક્રમી બની જીવવું બહેતર છે." શીલ અને સત્ત્વ માથાથી મૂલ્યવાન હતાં. મૃત્યુ સહજ હતું. વાતની વાતમાં મૃત્યુને પડકારતાં. જીવનની મર્યાદા ૩૦,૩૫,૪૦ને ૪૫ બાંધતા. તેમાં પણ બહેન-દીકરી કાપડા સાટે પાંચ વર્ષ વધારવા માંગતી તો તેમાં મૃત્યુનો મહામહોત્સવ ઉજવતાં.. ખાટલામાં પડીને મરવામાં ખોટ ગણાતી. જે જીવ સાટોસાટ જીવન જીવતાં તેવું જાજરમાન જીવન આજે તો અદશ્ય થઈ ગયું છે. હવે તો કોઈપણ ભોગે જિવાતું હોય તો જીવવું, ગમે તેમ પણ જીવવું જ એવાં પામર માનવીઓનો તોટો નથી.

*"સરસ્વતી બંગ્લોઝ"*
*૯-એ, પટેલ કોલોની, રોડ નં-૪,*
*કવિ શ્રી પિંગળશીભાઈ ગઢવી માર્ગ,*
*જામનગર-૩૬૧૦૦૮ મો. ૯૪૨૭૪૧૧૦૧૯*

# સૃષ્ટિના સર્જકનું માનવને અનોખું નજરાણું


*– કાકડિયા મનસુખ વી.*

**આ**પણા ભારતની સંસ્કૃતિ અતિ પ્રાચીન છે. આ સૃષ્ટિનું સર્જન થયું ત્યારથી જ એના રહસ્યોને મહામાનવોએ જાણ્યા છે. સર્વ સર્જનતાંમાં માનવ સર્જન એની અનમોલ ભેટ છે. માનવોનું સર્જન કરીને સર્જનહારે તો કમાલ કરી છે. બધી જ જીવ સૃષ્ટિ પર માનવે પોતાનો અધિકાર જમાવ્યો છે. માનવમાંથી મહામાનવ બનીને સૃષ્ટિના રહસ્યોને જાણ્યા છે, અનુભવ્યા છે એના રહસ્યોને જગત સમક્ષ મુક્યા છે. આ પુણ્ય ભૂમિ ઉપર અનેક ઋષીમુનીઓ, મુનીવરો, મહાયોગી, તપસ્વીઓ, સંતો, સૂફીસંતો, મહાપુરુષો, મહાત્માઓ, પયંગબરો, જતિ સતીઓ અને જીવનમુક્ત મહાપુરુષોએ અનુભવ વાણીમાં સમગ્ર બ્રહ્માંડનું રહસ્ય વર્ણવ્યું છે. એના એકએક નૂર ભર્યા કણને અનુભવ્યું છે. જેમ ઉમરાના વૃક્ષની ડાળેડાળે અને થડ ઉપર અગણિત ફળ લાગેલા હોય છે તે ગણ્યામાં આવી શક્તાં નથી. આવું કંઈક બ્રહ્માંડમાં અસંખ્ય ગોળા આપણી પૃથ્વી જેવા છે. જે બ્રહ્માંડે છે તે આપણા આ શરીરમાં છે. એની શોધ મહાપુરુષોની છે. "બ્રહ્માંડે સો પિંડે"ની જાણ કરી માનવદેહમાં રહેલી અપાર સિદ્ધિઓ અને શક્તિનું વર્ણન ગ્રંથોમાં, વાણીમાં વર્ણવ્યું છે.

> **સર્જનહારે અદ્‌ભુત સર્જન કરીને સૃષ્ટિનું નિર્માણ કર્યું છે. જેથી સૃષ્ટિની સર્જન વિસર્જનની ક્રિયા તેલધારાવત(અખંડ) ચાલુ રહે છે. પરિવર્તનશીલ એ સૃષ્ટિનો નિયમ છે પળેપળે ફેરફાર થયા કરે છે જે આજે છે તે કાલે નહિ હોય**

યોગશક્તિ અને ભક્તિયોગ દ્વારા જ આ બધા રહસ્યો ખુલ્લા કર્યા છે. સિદ્ધિયોગ દ્વારા સૂક્ષ્મ શરીર ધરી કોઈપણ યોનીમાં પ્રવેશીને એનું રહસ્ય જાણ્યું છે. ચોર્યાશીલાખ યોની વર્ણવી છે. (આ દરેક યોનીમાં જઈને એનું રહસ્ય જાણ્યું છે.) આપણા ગ્રંથોમાં અને પુરાણોમાં વિગતવાર મંત્રો મળે છે. એની ગુંજ ઉકેલતાં આવડવી જોઈએ. આ કલિકાળમાં મંત્ર, તંત્રને બદલે યંત્રયુગ શરૂ થયો છે. એ યંત્રોના સહારે, સાધનોના સહારે બ્રહ્માંડના રહસ્યોને પામવાની મથામણો ચાલે છે. આજના યુગના વૈજ્ઞાનિકો સતત પ્રયત્નશીલ રહ્યા છે. હમણાં બ્રહ્માંડની ઉત્પત્તિના કણને (અણુને) શોધી આખા જગતમાં દાવો કરીને ઢંઢેરો પીટ્યો છે. હજારો વર્ષ પહેલા આપણા ઋષીમુનીઓએ શોધ કરી રહસ્યોને ખુલ્લા કરી ગ્રંથોમાં વર્ણવ્યા છે. માનવ જીવનની ભીતરની લાગણીઓ અને ભાવનાઓનું અલ્પ રહસ્યને માણવાની કોશિસ કરીયે. થોડીક માનવને લગતી અલ્પ વાતોને (રહસ્યને) માણીયે, થોડી ઝાંખી કરીયે.

આધ્યાત્મિક્તામાં સાધક જ્યારે આત્માના શારીરિક પંચકોષમય બની એકએક કોષમાં પ્રવેશે છે. ત્યારે અવનવું અનુભવે છે અને નવિનશોધ આપોઆપ થાય છે. સમગ્ર બ્રહ્માંડનું રહસ્ય જાણી શકાય છે. આ શરીર પંચભૂતથી બનેલું છે. પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ. પ્રાચીનયોગ શક્તિથી આ બધુ શક્ય છે. ગમે તે તત્ત્વરૂપે થઈને એમાં પ્રવેશી જે તે સૃષ્ટિનો તાગ મેળવી શકે છે. પંચભૂત શરીરના કણોનું વિસર્જન કરી ગમે ત્યાં ફરી શરીરનું સર્જન કરી એના મૂળરૂપે પ્રગટ થઈ શકે છે. પરકાયામાં પ્રવેશ અને જુદી જુદી યોનીમાં ભ્રમણ કરવું એ તો યોગીઓ માટે સરળ હતું. એક સ્થળેથી બીજા સ્થળે આકાશમાં ઉડીને જતાં. જેવી જેની યોગશક્તિ એ મુજબ તેઓ ઉડી શક્તાં. પ્રાણાયમ અને યોગક્રીયામાં અદ્‌ભુત શક્તિઓ પડેલી છે. જેને યોગ્ય ગુરુ કે જાણકાર પાસેથી મેળવી શકાય છે. બધા જ આત્માઓ પોતાની પરાશક્તિને વિકસિત કરી શકે છે. જોકે હવે એના ખરા જાણકારો કે ગુરુઓ રહ્યા નથી. આ બધી જ યોનીઓમાં વિજાતિય યોનીનું આકર્ષણ રહ્યું છે. નરમાદા, પુરુષ સ્ત્રી વચ્ચેનું મધુર મિલન હિતકર્તા છે. સર્જનહારે અદ્‌ભુત સર્જન કરીને સૃષ્ટિનું નિર્માણ કર્યું છે. જેથી સૃષ્ટિની સર્જન વિસર્જનની ક્રિયા તેલધારાવત(અખંડ) ચાલુ રહે છે. પરિવર્તનશીલ એ



સૃષ્ટિનો નિયમ છે. પળેપળે ફેરફાર થયા કરે છે જે આજે છે તે કાલે નહિ હોય, જ્યાં કાલે કંઈપણ ન હોય ત્યાં અવનવું સર્જન થઈ ચૂક્યું હોય છે.

અદ્‌ભુત શોધ કરી શકે એવું માનવશરીર અને એમાં પડેલી ગુપ્ત ચેતના શક્તિનો યોગક્રિયા દ્વારા વિકાસ સાધે છે ત્યારે મનની શાંતિ તો મળે છે પણ અવનવી શોધો કરી શકે છે. આપણું શરીર અન્નથી બનેલું છે. જે સ્થુળરૂપે છે. (પ્રાણશક્તિને લીધે કાર્યશીલ છે.) મુખ્ય રીતે અન્નમયકોષનું કહેવાય. જીવન-શક્તિ અને બળના વેગને વધારનાર શ્વાસનો વાયુ જેનાથી આ તંત્ર ચાલે છે તે પ્રાણમયકોષ છે. એથી આગળ વધી માનવ પોતાના મન સુખી પહોંચે છે ત્યારે માનસિક, મનસંબંધી, વિચાર, અભિપ્રાય સંસ્કારોનું જાગ્રત થવું, મનમાં પડેલી ઈચ્છાઓ પ્રબળ બનતાં ગતિ અને ઈચ્છાઓને જાણી શકાય છે. અનેક રહસ્યો ખુલ્લા થાય છે. જે મનોમનકોષ છે. ત્યાર પછી આગળ વધતાં સવિશેષ જ્ઞાનની જાણ થાય છે. આ જ્ઞાનથી અનેક શાસ્ત્રોની રચના થાય છે. સર્જનતા આપોઆપ જ કંઠસ્થ થઈ જાય છે. શીઘ્ર રચના કરી શકે છે. અનુભવજ્ઞાન આપોઆપ ખુલ્લુ થાય છે જેને આત્મજ્ઞાન કે બ્રહ્મજ્ઞાન થયું કહેવાય. આ સૃષ્ટિની વિરલ શક્તિને અનુભવી નવીન શોધથી જગતને જાણ કરે છે. માનવનું મન જેમાં એક ચિત્તે લાગે તે તરફના જ્ઞાનને મર્મને પામી, અનુભવી એના રહસ્યોને યથાર્થ રૂપમાં બહાર પાડે છે. એ પછી વિજ્ઞાનીક, કલાકાર, સાહિત્યકાર, શિલ્પકાર, સ્થાપત્યકાર, ચિત્રકાર, સંગીતકાર, ગીતકાર, જ્યોતિષકાર અને વાસ્તુશાસ્ત્રકારમાં પારંગત હોય છે. ક્યારેક એક વ્યક્તિ બધી કલામાં માહેર હોય છે, અનુભવી હોય છે. એ જેમાં પોતાના મનને સ્થાપે એમાં અચૂક એની સિદ્ધિ હોય છે.

સમગ્ર સૃષ્ટિભેદ, ગ્રહોનો ભેદ, અનંતકોટિ બ્રહ્માંડનું રહસ્યભેદ વગેરેને તે જાણીને અલૌકિક શક્તિ પોતાનામાં ભરી અને એક પરમપુરુષના રૂપમાં ગુપ્તપણે રહીને પણ કાર્ય કરે છે. એ સહજતાથી બત્રીસકળા અને એની બત્રીસકળાને વરેલા હોય છે. દરેક ક્ષેત્રમાં એનો અનુભવ, સંશોધન યથાર્થ રૂપમાં સત્ય સાબિત થાય છે. જ્યાં હાથ નાખે ત્યાં સફળતાં એને મળે છે. આપણા ઋષિમુનિઓએ જાત અનુભવ કરીને શાસ્ત્રોમાં વર્ણવી છે. આ અવસ્થાને વિજ્ઞાનમયકોષ કહે છે. આધ્યાત્મિક ઊંડાય બહુ જ ગહન છે જેમાં વિનય અને વિવેકની ખુબ જ જરૂર હોય છે. મૂળને સાબિત કરવા જતાં ક્યાંક અન્યાય થઈ જાય નહિ, હાની થાય નહિ એની તકેદારી રાખવી જરૂરી છે. શારીરિક ક્ષતિ, પાગલપણું, શરીર અંગ ભંગ, વાયુ વિકાર. બીજી અનેક રીતે શરીરને નુકસાન થાય છે.

આ કોષથી આગળ જવું ઘણું અઘરું છે. અહીં આધ્યાત્મિક પ્રખર સદ્‌ગુરુની જરૂર પડે છે, એની સાંનિધ્યમાં રહીને આગળ વધઈ શકાય છે. એની કૃપા સિવાય માયાનો પારદર્શક પડદો (આવરણ) હટતો નથી. (ભેદી શકાતો નથી) અહીં બધા જ હથિયારો હેઠા મુકવા પડે છે. અંદર અને બહારથી જેમ છે એમ જાણીને સદ્‌ગુરુની કૃપાથી પ્રવેશી શકાય છે. જે આનંદમય કોષ છે. આ કોષમાં પ્રવેશતાં જ સઘળુ છુટી જાય છે. પોતાનું કંઈ જ રહેતું નથી. બધુ જ જળમાં જળ થઈને ભળી જાય છે. તેમ અહંકાર સદંત્તર નાશ પામે છે પોતે અનંત બ્રહ્માંડની શક્તિ સરીખો બને છે. પછી જુદા જુદા નામે એને જગત ઓળખે છે. સંત, જીવનમુક્ત, સદ્‌ગુરુ કે મહાપુરુષ તરીકે આવા સંત પોતાની ભીતરના અમૃતસાગરમાં, નિજાનંદ સાગરમાં અહર્નિસ રમણ કરે છે. આનંદ એટલે નિત્ય નવો આનંદ, જે પછી ક્ષણિક નથી હોતો. આવા મહાપુરુષને ઓળખવા સહેલા નથી. જગતમાં(સંસારમાં) રહે છતાં બધુ જ છૂટી ગયેલું હોય છે. પોતાની અંદરની મસ્તી આત્માનંદ, અખંડાનંદની અવસ્થા બનીને રહે છે.

**રાગો સાથે રંગોનું પણ સંયોજન થાય છે. એક નવી જ સૃષ્ટિનું નિર્માણ આ પુરુષમાં ઉદ્‌ભવે છે. નિજાનંદને બદલે ક્ષણિક આનંદ એને અનમોલ લાગે છે. સૃષ્ટિ આખી સંગીતમય છે. જેના મધુર સૂરોમાં માનવજીવન પુરું થઈ જાય છે**

સામાન્ય માનવ તો એની રીતે પોતાનું જીવન સંસારી અલ્પ(ક્ષણિક) સુખોમાં પુરુ કરી દે છે. અબુધ જીવો ચંચળતાં, વિવિધતાં અને પરિવર્તનતાવાળુ જગત સ્વીકારે છે. સૃષ્ટિની ભીન્નતાં સાથે મજા છે. લલીલતાં સાથે માનવને ખૂબ સુમેળ છે. જીવનમાં એક જ પ્રકારની રીણી ગેમતી નથી. એ જલદીથી ઉબાય જાય છે. એટલે વિવિધતાને ઈચ્છે છે. ખરેખર તો એ છળ છે, જે નાશવંત છે એ જ ગમે છે. વિજાતીય આકર્ષણ મોહક છે. એની મોહ જાળમાંથી છૂટી શકાતું નથી. ફૂલોની પાસે ભમરાઓ આપોઆપ આવી જતાં હોય છે. નાદબ્રહ્મની સૃષ્ટિના અનેક સપ્તસૂર ભર્યા રંગોને પામવા માનવ પ્રયત્ન કરે છે. પોતે પોતાનામાં છગુણને વિકસાવે છે. (ધર્મ, યશ, વીર્ય, શ્રી, જ્ઞાન અન વૈરાગ્ય) નાદબ્રહ્મની અપારશક્તિને પોતાનામાં આ માધ્યમથી ભરી દે છે. જેથી છત્રીસ રાગનું આપોઆપ સર્જન થઈને પુષ્પમાળા બની પુરુષને (માનવને) વરે છે. આ રાગો સાથે રંગોનું પણ સંયોજન થાય છે. એક નવી જ સૃષ્ટિનું નિર્માણ આ પુરુષમાં ઉદ્‌ભવે છે. નિજાનંદ ને બદલે ક્ષણિક આનંદ એને અનમોલ લાગે છે. સૃષ્ટિ આખી સંગીતમય છે. જેના મધુર સૂરોમાં

માનવજીવન પુરું થઈ જાય છે.

માનવ ભીતર ઉદ્‌ભવતાં સાત સૂરોને જાણીયો. ષડજ઼ સા, ઋષભ-રે, ગાંધાર-ગ, મધ્યમ-મ, પંચમ-પ, ધૈવત-ધ અને નિષાદનો-ની. હવે રાગોને જાણીયે. છ રાગ મુખ્ય છે. છ રાગની એકએકની પાંચ પત્નીઓ મળીને છત્રીસ રાગ થાય. ભૈરવ-ભૈરવી, બૈરારી, મધુમાધવી, સિંધવી, બંગાલી, માલકૌશ-ટોડી, ગૌરી, ગુનકલી, ખંભાવતી, ખમાચ, કુકુભ. હિંડોલ-રામકલી, દેખાશ, લલિતા, બિલાવત્, પટમંજરી. દીપક-દેશી, કામોદી, નટ, કિદારા, કાન્હરા. શ્રી-માલશ્રી, આશાવરી, ધન્યાશ્રી, મ્હારવા, વસંત. મેઘ-ટંક, મલ્હાર, ગુજરી, ભૂપાલી, દેશકાર. આ આખી રાગમાળા માનવજીવનમાં ઓતપ્રોત, તાણાવાણાની જેમ વણાયેલી છે. પુરુષ અને પ્રકૃતિનું નિર્માણ અરસપરસનું ગાઢ રહ્યું છે. માનવ આનંદ મેળવવા માટે અનેક ક્ષેત્રોમાં વલખા માર્યા જ કરે છે. પ્રકૃતિમાંથી નવરસ, રાગરાગિણીને કેટકેટલું શોધી કાઢીને પોતાના જીવન સાથે જોડી દીધા છે, ભરપુર માણ્યા છે. સ્વભાવ જેમાં પ્રધાન્ય પ્રમાણે પ્રવેશે ત્યારે જ મૂળને વશ થાય છે અને એ પછી બધા જ રસનું ઉદ્‌ભવની ક્રિયા બને છે. આ નવે રસને જરા પારખીયે. આ નવે રસમાં રમણ કરવાનું સહજતાથી સ્વભાવને લીધે બની જાય છે. રાગ રાગિણી અને રસનું માનવ જીવન ઉપર કેટલું બધું પ્રભુત્વ છે. શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ, અદ્‌ભુત અને શાંત.

**કવિ માધવ રામાનુજની એક ગીતની પંક્તિ યાદ જરૂર આવે. "પાસપાસે તોય કેટલા જોજન દૂરનો આપણો વાસ, જેમ કે ગગન સાવ અડોઅડ તોય છેટાનો ભાસ**

આ નવરસ કાવ્યશાસ્ત્રના ગણાય છે જેની દેન આપણા ભારતના ઋષિ ભરતમુનિએ ભગવાન શિવજીની આરાધનાથી મેળવી માનવોને અધિકાર ભેદે આપી છે. આ બધા રસોના દેવ, સ્થાયીભાવ, ગ્રહ અને રંગો છે. આ ભાવોનું રસપાન કરતાં પુરુષને સંયમ ક્યાં રહે છે. તે જાલ્યો પણ રહે નહિ એટલે વિજાતીયનું આકર્ષણ હંમેશનું રહ્યું છે. દરેક યોનિમાં નર માદાનું આકર્ષણ છે તેમ પુરુષ નારી અને નારી પુરુષનો નાતો અદ્‌ભુત રહેલો છે. આ બધા જ ભાવની માયારૂપી કઠપૂતળી નારી છે. પરમપુરુષે જેનું સર્જન મોહક અને મોહિનીવાળુ કર્યું છે. અફાટ સૌંદર્યની લાણી કરી છે. ખૂબ જ લાગણીઓ અને આકર્ષણના ગુણો ઠાસી ઠાસીને પ્રકૃતિએ(ઈશ્વરે) ભર્યા છે. નારીના હાવભાવમાં કોઈપણ બચી શક્યું નથી. ભલભલા મુનીઓ, તપસ્વીઓ, ત્યાગીઓ, સંન્યાસીઓ અને યોગીઓ લોભાયા છે. પોતાની સાધાનાથી ચલિત થઈ કાળના ચક્રમાં ખોવાય ગયા. રૂપ, રંગ, અંગમરોડ અને એના હાવભાવ અને ઘાયલ કરતાં કાતિલ નયનો. નખશિખ સુધી વિવિધ હાવભાવોને ભરીને સર્જનહારે કમાલ રકી છે. એના ખરા રૂપને જાણવું કે ઓળખવું કપરું છે. એના ચરિત્રોને પારખવા ખરી આંખ જોઈએ. આ ભૂમંડળ ઉપર મોકલીને પ્રકૃતિએ વસંતના વધામણા કરાવનાર નાયિકા તરીકે પ્રથમ સ્ત્રીને મુકી એના ભાવમાં બધી જ ઋતુઓના નજારા સમાયેલા છે . જો રીઝે તો પણ દુઃખ(ખોટી ખરીદી અને ધન ખર્ચે) અને ખીજે તો અતિ દુઃખ છતાં એના વગર ચાલતું નથી. જોગસંજોગો આપોઆપ અરસપરસના બનીને જ રહે છે. એના વગર પ્રકૃતિનું સંચાલન કે જગતનું સર્જનતાનું કાર્ય અધુરુ રહે. નારીના વિવિધ ભાવો, વિવિધ પ્રકારો અને ભિન્ન ભિન્ન સ્વભાવનું વર્ણન આપણા ગ્રંથોમાં ખૂબ વિસ્તારથી મળે છે. નવે નવરસ નારીમાં સહજતાથી ઉદ્‌ભવે છે. થોડાક પ્રકારને જાણીયે.

ઉત્તમ પ્રકારની ચાર નારી કહી છે. પ્રથમ પદ્મિની-ઉત્તમ પ્રકારની નારી. બીજી ચિત્રિણી- ચતુર, સુંદર અને ગુણવાન નારી. ત્રીજી હસ્તિની-શરીરે સ્થૂળ જાડી અને બુદ્ધિની. ચોથી શંખિની- અધમ પ્રકારની નારી ગણવામાં આવી છે. નારીના ભાવો અષ્ટ પ્રકાર આપણા શાસ્ત્રોમાં જાણવા મળે છે. આ અષ્ટનાયિકાના ગુણો અવગુણો માનવને પોતાના જીવનમાં અનુભવવા મળે છે. આ અષ્ટનાયિકાની ખાસીયત એના ગુણો અવગુણો અનેક લાગણીથી ભરેલા વિવિધતાવાળા હોય છે. જેને બીચારો પુરુષ બરાબર જાણી શક્તો નથી. કવિ માધવ રામાનુજની એક ગીતની પંક્તિ યાદ જરૂર આવે. "પાસપાસે તોય કેટલા જોજન દૂરનો આપણો વાસ, જેમ કે ગગન સાવ અડોઅડ તોય છેટાનો ભાસ."

પ્રથમ- અભિસારિકા - સંકેત પ્રમાણે પતિને મળવા જતી નાયિકા. આ નાયિકામાં કેટકેટલા ભાવોનું બહાર અને ભીતરથી ઉદીપન હોય છે. પૂર્ણ સૌંદર્યને સજીધજીને ઉમંગથી શણગારોનું સર્જન કર્યું હોય છે. બીજી પ્રોષિત-ભર્તૃકા- જેનો પતિ વિદેશ ગયો હોય તેવી નાયિકા. આ નાયિકાની મનોદશાને કેમ કરીને પારખવી ? પતિના વિરહમાં ઝાંખી પડીને ઉદાસ વદને આમ તેમ ફરતી નાયિકાના હાવભાવ કેટલા બધા દયામણા અને લાગણી ભર્યા હોય છે. ત્રીજી કલહાન્તરિતા - પતિ સાથે કલહ કરી રૂસણું લઈ બેઠેલી નાયિકા. પતિનો અનાદર કરી રિસાયા પછી શોક કરતી નાયિકા. એના હાવભાવ કરડાયેલા, ખરડાયેલા ચહેરા સાથે જુદા જ મિઝાઝને પારખી શકાય છે. ક્રોધાગ્નિ અંદર સળગી રહ્યો હોય એ મુખમુદ્રાના કરકડા ચહેરાના ભાવોમાં સૌદર્ય

તો હણાય ગયેલું હોય. શૃંગારને અળગા કરીને બેઠી હોય ત્યારે કેવું લાગે ?ચોથી - ખંડિતા - પોતાનો પતિ સપત્નીને ત્યાં રહીને આવેલો જોઈને મનમાં બળી જતી નાયિકા. આ નાયિકાના હાવભાવમય ચહેરો કેટકેટલું કહી દે છે. એની ભીતરમાં જે અદેખાય, ઈર્ષાનો દાવાનળ પ્રજવલ્લિત થયેલો હોય છે તે નારીની સામે નારીની ઈર્ષાખોરીને પ્રદર્શીત કરી દે છે. કેટકેટલી લાગણીઓને ભીતરમાં દબાવીને આ નાયિકા પોતાના આવેગોને અંદર ભંડારી દીધા હશે ? એની ઊર્મીની કોળાતી કળિયો ફૂલ થઈને મહેકે તે પહેલા કરમાય ગઈ. - પાંચમી- વાસકસજ્જા- જે પ્રેમીના આગમનની રાહ જોઈ વસ્ત્રાભૂષણ પહેરી ઘરને સજાવી તૈયાર થઈને વાટ જોતી નાયિકા. પોતાના પ્રેમીનું આગમન કઈ નાયિકાને ન ગમે? જ્યારે પ્રેમી મળવા આવવાનો હોય ત્યારે પ્રેમીકાના ભાવોનું ઉદ્દીપન બેવડાય જાય છે. અંદર ઊર્મીઓનો ધોધ વહે છે. સાગરને જેમ સરીતા વેગવંતી બનીને મળવા જઈ રહી હોય તેવા સ્વરૂપમાં સોળે શણગાર ધરીને એની આવવાની આતુરતાથી રાહ જોવે છે. એકએક ક્ષણ એને વર્ષો જેવી, યુગો જેવી લાંબી લાગે છે. એના રોમેરોમે પ્રેમનો રોમાંસ થાય છે. રૂંવાડા પળેપળે ઊભા થઈ જાય છે. શરીર કંપે છે. સેંજ ખટખટાત થતાં ચોકી ઉઠે છે કે એ આવ્યો. આવનારની પ્રતિક્ષા અને સાથોસાથ ભરપુર લાગણીઓનું પુર પોતાની અંદર વહેવા લાગે છે. બહારના દરેક પદાર્થોને વસ્તુઓને યથાર્થ રૂપમાં ગોઠવીને આવનાર પ્રેમીના મનને ભરી દેવાનો ઉમંગ કંઈક ઓર જ હોય છે. એની ઉત્સુક્તાનો પાર હોતો નથી. - છઠ્ઠી નાયિકા- વિપ્રલબ્ધા-પ્રિય તમે સંકેત ન સાચવ્યાથી નાસીપાસ થયેલી નાયિકા. આ નાયિકાની હાલત પળેપળે કપાતી ઊર્મીઓ અને લાગણીઓ ખંડિત થતી જણાય છે. આશાઓ પર પાણી ફરી વળે છે. શોકમાં એ વિરમે છે. અનેક શંકાકુશંકામાં ઘેરાયેલી રહીને મનોમન અનેક ઘણા શોક વધારી માહેમાહ દાઝ્યા કરે છે. સંશયના વમળમાં અટવાતી નાયિકાની મનોદશાને જાણવી તે અઘરું કામ છે. જો કે એને સમજવી જ અઘરી છે- સાતમી નાયિકા - ઉત્કંઠિતા - જે પતિને મળવાને અત્યંત આતુર છે. પતિને ગમતો શૃંગાર સજીને આતુરતાથી રાહ જૂએ છે. એને ચોક્કસ ખાતરી છે કે એ જરૂરથી આવી મારા શણગારના, મારા સૌંદર્યના ભરપુર વખાણ કરી રસપાન કરશે. મને પ્રેમથી પોતાના હૈયામાં બિરદાવશે. અષ્ટમી નાયિકા- સ્વાધીનપતિકા- આ નાયિકા પોતાનો પતિ બીજે ક્યાંય પણ જાય કે નજર સુદ્ધા બીજે ક્યાંય ન કરે એવી તકેદારી રાખવાવાળી હોય છે. જે પતિને પોતાની લાગણી, સૌંદર્ય, વાકછટા, નયનોના તીક્ષ્ણ બાણોથી ઘાયલ કરીને વશ રાખે છે. એની બધી જ પ્રકારની ઈચ્છાઓ પૂર્ણ કરકે છે. કપકોતાનો પતિ ગમે ત્યાં ભટકી ના જાય એવી તકેદારી રાખનારી છે. ચપળ, ચાલાક અને ચબરાક નાયિકા પતિના જરાક ઈશારામાં એની ઈચ્છાઓને જાણનારી અતિ ચતુર હોય છે. પોતાનો પતિ પોતાનો જ બની રહે એવી એની પૂર્વ તૈયારી હોય છે. હંમેશાને માટે પોતાના બંધનમાં જકડી રાખે છે.

**જેમણે તપ કર્યા હતાં તેવા મહામુનિઓ કે તપસ્વીઓ સર્જનહારની સર્જનતાંના થોડા અંશોને પામ્યા છે. બાકી આખી સૃષ્ટિની ભાળ મેળવતાં અસંખ્ય જન્મો લેવા પડે, તેમ છતાં એની સર્જનતાની અનમોલ ભેટ માનવજીવન માટે ઓછી નથી**

સૃષ્ટિના સર્જનહારે માનવને અગણિત અનમોલ ભેટો આપી છે. જેનો તાગ મેળવવો કે પામવો મુશ્કેલ છે. પૂર્ણ તો કેમ પામી શકાય? લાખો કે કરોડો વર્ષોનું જેમનું આયુષ્ય હતું. અરે ! જેમણે તપ કર્યા હતાં તેવા મહામુનિઓ કે તપસ્વીઓ સર્જનહારની સર્જનતાંના થોડા અંશોને પામ્યા છે. બાકી આખી સૃષ્ટિની ભાળ મેળવતાં અસંખ્ય જન્મો લેવા પડે, તેમ છતાં એની સર્જનતાની અનમોલ ભેટ માનવજીવન માટે ઓછી નથી. જેણે પણ ભાળ મેળવી છે. એવા મહાનુભાવો, સંતો, સદ્‌ગુરુઓ અને મહાપુરુષોએ આપણને શાસ્ત્રો રૂપે, કાવ્યરૂપે અને મહાગ્રંથરૂપે આપી, ગુણ અવગુણને તારવી માનવજાતને આપીને સતેજ કર્યા છે. સારા ગુણોને અપનાવી સંસારી જીવનને પ્રકૃતિમય બનાવી સૌ સાથે હળીમળી નિજાનંદનો આનંદ માણો. આ ભવસાગરને અખંડાનંદ આપનાર જાણી પોતે પોતાના આત્માનું કલ્યાણ કરવું જોઈએ.

*એ-૧૪, હરિઓમનગર સોસાયટી,*
*રમેશનગર પાસે, ઈન્ડિયા કોલોની,*
*ઠક્કરબાપાનગર રોડ, અમદાવાદ-૩૮૨૩૫૦.*
*મો. ૯૯૭૮૮૦૩૯૧૪*

# હિન્દી દેશની સર્વસ્વીકૃત રાષ્ટ્રભાષા ક્યારે બનશે ?

*– સોમાભાઈ વિ. પટેલ*

દરેક દેશને પોતાની રાષ્ટ્રભાષા હોવી એ તેના માટે ગૌરવપૂર્ણ જે નહિ, અતિ આવશ્યક બાબત પણ ગણાય. રાષ્ટ્રભાષાની આ સંપર્કકડીના આશ્રયે દેશના વિવિધ વિસ્તારોના જનસમૂહો સહજ રીતે જ એકસૂત્રમાં જોડાયેલા રહે છે. પ્રશ્ન થાય : ભારતદેશની પોતાની રાષ્ટ્રભાષા (નેશનલ લેંગ્વેજ) કઈ? અહીં કોઈને આ પ્રશ્ન પૂછીશું તો તે કદાચ વિલંબે કહેશે : ''હિન્દી છે આપણી રાષ્ટ્ર ભાષા :'' પણ આ સાચું નથી. હા, ઘણા લોકો આવી ગેરસમજ ધરાવે છે ખરા કે હિન્દી જ આપણા દેશની રાષ્ટ્રભાષા છે. હકીકત એ છે કે, આપણી આઝાદીને ૭૦ વર્ષ જેટલો લાંબો સમય વીત્યો હોવા છતાં હજુ સુધી આપણા દેશની કોઈ રાષ્ટ્રભાષા નથી. હિન્દી પણ નહિ.

એ સાચું કે સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પહેલાંથી ગાંધીજીએ હિન્દીને રાષ્ટ્રભાષાપદે સ્થાપવાના ઘણા સન્નિષ્ઠ પ્રયાસો કર્યા હતા. તેઓ કહેતા કે ''રાષ્ટ્રભાષા કે બિના દેશ ગૂંગા હૈ.'' એ સમયમાં દેશના ઘણા અગ્રણી નેતાઓ હિન્દી જ દેશની રાષ્ટ્રભાષા હોવી જોઈએ એવો દૃઢ મત ધરાવનારા હતા. પં. જવાહરલાલ નેહરુ, અબ્દુલકલામ આઝાદ, લાલબહાદુર શાસ્ત્રી, મોરારજી દેસાઈ, વિનોબા ભાવે, સુભાષચંદ્ર બોઝ, શ્રીમતી ઈન્દિરા ગાંધી હિન્દીની હિમાયત કરનારાં હતાં. બંધારણ સભાની ભાષા કમિટીના મોટા ભાગના સભ્યો હિન્દીના જ સમર્થકો હતા. તેમના મત મુજબ હિન્દી જ ભારતનો આત્મા છે. બ્રિટિશ શાસનની દેન સમી અંગ્રેજીને અપનાવીશું તો ભાવિ પેઢી પશ્ચિમની સંસ્કૃતિના પ્રભાવમાં ગુલામી માનસ ધરાવતી થશે. અલબત્ત, ભાષાકમિટીના કેટલાક સભ્યો હિન્દીના પુરસ્કર્તા હોવાની સાથે બિનહિન્દીભાષી પ્રદેશોના લોકોની માંગણીઓને પણ લક્ષમાં લેવાના મતના હતા. દક્ષિણ ભારતના ટી.ટી. કૃષ્ણમાચારી, (જે પછીથી કેન્દ્રના નાણાંમંત્રી થયા), ટી. રામાલિંગમ્, એન. જી. રંગા, ગોપાલસ્વામી આયંગર જેવા એ સમયના ઘણા અગ્રણી નેતાઓ હિન્દીને દેશની રાષ્ટ્રભાષાનું સ્થાન આપવાનો સખત વિરોધ કરનારા અને અંગ્રેજીની તરફેણ કરનારા હતા. દક્ષિણનાં ચારેય રાજ્યોના લોકોનું તેમને પ્રબળ સમર્થન હતું. તેઓની દલીલ હતી કે, દક્ષિણનાં રાજ્યોના લોકોની ઈચ્છાને અવગણીને તેમના ઉપર હિન્દી થોપી દેવામાં આવશે તો દેશમાં ભાગલાનું વાતાવરણ સર્જાશે.

દક્ષિણ ભારતનાં રાજ્યોના વિરોધને લક્ષમાં લેવાની સાથે બંધારણ ભાષા-કમિટીના સભ્યોએ કેટલીક બાંધછોડ કરીને જે ફોર્મ્યુલા રજૂ કરી, તેમાં એવું નક્કી કરવામાં આવ્યું કે હિન્દી દેશની ''સત્તાવાર ભાષા'' (ઓફિસિયલ લેંગ્વેજ) રહેશે. (રાષ્ટ્રભાષા નેશનલ લેંગ્વેજ નહિ) સાથે એવું પણ નક્કી કરવામાં આવ્યું કે અંગ્રેજી ભાષા દેશમાં ૧૫ વર્ષ સુધી ચાલુ રહે અને ૧૫ વર્ષ (૧૯૬૫) સુધીમાં હિન્દી ક્રમશઃ અંગ્રેજીનું સ્થાન લે એવી વ્યવસ્થા ગોઠવવામાં આવે. બંધારણમાં કલમ-૩૪૩થી કલમ-૩૫૧ સુધીમાં સત્તાવાર ભાષા અંગેની જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવ્યો. બંધારણની કલમ, ૩૪૩માં દર્શાવ્યા મુજબ ''દેશની સત્તાવાર ભાષા દેવનાગરી લિપિમાં હિન્દી રહેશે.'' આ કલમની પેટાકલમ(૧)માં દર્શાવાયું કે ''આ બંધારણના પ્રારંભ(૧૯૫૦)થી ૧૫ વર્ષ સુધી અંગ્રેજી ભાષા જે કોઈ સરકારી કામકાજો માટે વપરાતી હોય, તે બધાં કામકાજો માટે વાપરવાનું ચાલુ રહેશે.'' સાથે આ સમયગાળા દરમિયાન હિન્દી દેશની સત્તાવાર ભાષા તરીકે સંઘ-રાજ્ય અને રાજ્ય સરકારો વચ્ચેના વ્યવહારની ભાષા તરીકે ધીરે ધીરે અંગ્રેજીનું સ્થાન લે એવું આયોજન કરવાનું તેમાં સૂચવવામાં આવ્યું :

આ મુદ્દે સમીક્ષા માટે દર પાંચ વર્ષે ભાષા-કમિશન નિમવાના બંધારણના નિર્દેશ અનુસાર વડાપ્રધાન પં. જવાહરલાલ નહેરુએ ૧૯૫૫માં ગોવિંદવલ્લભ પંતના અધ્યક્ષપદે ભાષા-કમિશન નિમ્યું. આ કમિશનના ૧૯૫૭માં પ્રગટ થયેલા અહેવાલમાં અંગ્રેજીને સ્થાને હિન્દીને પ્રતિષ્ઠિત કરવાની સમયમર્યાદા નિશ્ચિત કરવા પર ભાર મૂકવામાં આવ્યો. આની સામે દક્ષિણનાં રાજ્યોના સાંસદોએ અંગ્રેજી માટેની ૧૫ વર્ષની સમયમર્યાદા દૂર કરી તેને અનિશ્ચિત સમય સુધી ચાલુ રાખવાનું દબાણ કેન્દ્ર સરકાર પર વધારી દીધું. સાંસદોના દબાણ અને દક્ષિણનાં રાજ્યોના લોકોના હિન્દી-વિરોધી તોફાનોને પગલે છેવટે ૧૯૫૮માં પં. નહેરુને ખાતરી આપવી પડી કે દેશના બિનહિન્દીભાષી લોકોને હિન્દી માટે ફરજ નહિ પડાય. તેમણે ગૌહત્તી કોંગ્રેસમાં જાહેર કર્યું કે ''બિનહિન્દી પ્રજા હિન્દીનો સ્વીકાર કરવા તૈયાર ન થાય ત્યાં સુધી હિન્દીની સાથોસાથ અંગ્રેજી જોડિયા-ભાષા (એસોસિએટ લેંગ્વેજ) તરીકે ચાલુ રહેશે. તેમણે સંસદમાં પણ આ અંગે ખાતરી આપી, તેના પગલે ''સત્તાવાર ભાષાકાનૂન-૧૯૬૩ ઘડાયો, જેમાં દેશમાં અંગ્રેજીનો ઉપયોગ ૧૯૬૫ પછી પણ અગાઉની જેમ તમામ કારભાર માટે ''ભલે ચાલુ રહે'' ... એવો નિર્ણય કરવામાં આવ્યો.''

અલબત્ત, કેન્દ્ર સરકારની આવી ખાતરી છતાં બંધારણના નિર્દેશો યથાવત હતા અને બંધારણ અનુસાર અંગ્રેજીને ચાલુ રાખવાની ડેડ લાઈન ૧૯૬૫માં પૂરી થતી હતી. આથી હિન્દીને એકમાત્ર સત્તાવાર ભાષા તરીકે દેશના વ્યવહારમાં સફળ બનાવવા માટે કેન્દ્રના ગૃહખાતા તરફથી પૂર્વતૈયારી રૂપે ૧૯૫૮માં અન્ય ખાતાંઓ સાથે વિચારણા શરૂ કરી. આ પગલાંને પરિણામે દક્ષિણના બિનહિન્દીભાષી પ્રદેશોમાં ખળભળાટ મચી ગયો. તામિલનાડુના ડી.એમ.કે. પક્ષના બે કાર્યકર્તાઓએ જાહેરમાં આત્મદહન કર્યું, અને રાજ્યમાં તોફાનો ફાટી નીકળ્યાં. આ ઘટનાની ગંભીરતાને લક્ષમાં લઈ તત્કાલીન વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીએ પં.નહેરુના વચનનું પુનરુચ્ચારણ કરતાં કહ્યું કે બિનહિન્દી પ્રદેશો કેન્દ્ર સાથે તેમજ રાજ્યો સાથે અંગ્રેજીમાં વ્યવહાર અગાઉની જેમ જ ચાલુ રાખી શકશે. આમ છતાં પં. નહેરુ અને લાલબહાદુર શાસ્ત્રીના વચનોને કાયદાનું સ્વરૂપ ન મળતાં દક્ષિણની પ્રજાનો અજંપો અને ઉગ્ર વિરોધ ચાલુ રહ્યો. આ વિરોધને શાંત કરવા છેવટે રાષ્ટ્રપતિ રાધાકૃષ્ણને સંસદમાં જણાવ્યું કે, ''શ્રી જવાહરલાલ નહેરુએ જે ખાતરીઓ આપી છે અને આપણા વડાપ્રધાન શાસ્ત્રીજીએ જેનો પુનરોચ્ચાર કર્યો છે તે કશી

વધઘટ વિના પાર પાડવામાં આવશે એવું અમે સ્પષ્ટપણે નિવેદન કરવા ઈચ્છીએ છીએ. હિન્દી દેશની સત્તાવાર ભાષા છે, તેમ છતાં બિનહિન્દી લોકોની જરૂર હશે ત્યાં સુધી અંગ્રેજી ચાલુ રહેશે.'' વધુમાં તેમણે જણાવ્યું કે, આ બાબતે કાયદાકીય, વહીવટ અને કારોબારીક્ષેત્ર ઘટતાં પગલાં લેશે. રાષ્ટ્રપતિની આ જાહેરાતના પ્રત્યાઘાત રૂપે દિલ્હી-ઉત્તરપ્રદેશના હિન્દીભાષી લોકોનો અજંપો વધ્યો અને આ પ્રદેશોમાં તોફાનોનું વાતાવરણ સર્જાયું.

આ પછી કોંગ્રેસ કારોબારી, કેન્દ્રના કેબિનેટ મંત્રીઓ અને રાજ્યોના મુખ્યપ્રધાનોએ મળીને સમાધાનકારી ''ત્રિભાષી ફોર્મ્યુલા'' તૈયાર કરી. આને અનુસરીને કેન્દ્ર સરકારે જે નવી ભાષાનીતિ જાહેર કરી. તેમાં જણાવ્યું કે (૧) કેન્દ્રમાં સત્તાવાર ભાષા હિન્દીની સાથે અંગ્રેજી જોડિયાભાષા (એસોસિએટ લેંગ્વેજ) તરીકે ચાલુ રહેશે. (૨) કેન્દ્રની નોકરીઓ માટેની પરીક્ષામાં હિન્દી અને અંગ્રેજી ઉપરાંત બંધારણમાન્ય ભાષાઓને સ્થાન રહેશે. (૩) યુનિવર્સિટી શિક્ષણની કક્ષા સુધી ''ત્રિભાષી ફોર્મ્યુલા'' મુજબ (અ) માતૃભાષા (ભ) સત્તાવાર હિન્દી ભાષા તથા (ક) અંગ્રેજી ભાષા રહેશે.

આ ત્રિભાષી ફોર્મ્યુલા મુજબ હિન્દીભાષી પ્રદેશોના વિદ્યાર્થીઓને હિન્દી અને અંગ્રેજી ઉપરાંત એક અદ્યતન ભાષા શીખવાની હતી, પરંતુ તે નિયમ હિન્દીભાષી પ્રદેશોમાં અમલી ન બન્યો. બીજી બાજુ દક્ષિણના બિનહિન્દીભાષી પ્રદેશોના લોકોનો હિન્દીભાષા શીખવા સામે સખત વિરોધ તો હતો જ, ઉપરાંત તેઓને આ ફોર્મ્યુલામાં અંગ્રેજીની વિરુદ્ધમાં હિન્દીની વધુ તરફેણ થયેલી જણાતાં, તેમના વધેલા અસંતોષના પગલે મદ્રાસ(હાલની તામિલનાડુ) વિધાનસભાએ કેન્દ્રની ત્રિભાષા ફોર્મ્યુલાનો અસ્વીકાર કરતો ઠરાવ પસાર કર્યો. આમ, પં. નહેરુએ, પછી લાલબહાદુર શાસ્ત્રીએ અને ત્યારબાદ રાષ્ટ્રપતિ રાધાકૃષ્ણને દેશમાં સત્તાવાર હિન્દી ભાષાની સાથે અંગ્રેજીનો પણ ઉપયોગ કરવાની ખાતરી આપવા છતાં બિનહિન્દીભાષી પ્રજાનો હિન્દી વિરોધી જુવાળ ચાલુ રહ્યો. વળી દક્ષિણ ભારતનાં ચાર રાજ્યો ઉપરાંત પશ્ચિમ બંગાળ અને પૂર્વોત્તર રાજ્યોનો પણ હિન્દી સામેનો વિરોધ હતો. આ સમગ્ર પરિસ્થિતિને લક્ષમાં લઈ ૧૯૬૭માં ઈન્દિરા ગાંધીએ બંધારણના આરંભથી ૧૫ વર્ષ સુધીમાં દેશમાં અંગ્રેજીનું મહત્ત્વ ઘટાડીને ક્રમશઃ દેશવ્યાપી હિન્દી ભાષાના અમલ માટેનો ''ઓફિસિયલ લેંગ્વેજ એક્ટ'' ઉઠાવી લીધો. આ મુજબ હિન્દીનો સત્તાવાર ભાષા (ઓફિસિયલ લેંગ્વેજ)નો દરજ્જો ચાલુ રહ્યો, પરંતુ તે સાથે દરેક રાજ્યને તેની ભાષા(રાજ્યભાષા) ઉપરાંત અંગ્રેજીનો ઉપયોગ કરવાની પણ સ્વાયત્તતા અપાઈ.

આ પછી પણ દક્ષિણ ભારતનાં રાજ્યોના લોકોનો ત્રિભાષી ફોર્મ્યુલાને અનુલક્ષીને શાળાઓમાં અપાનાર હિન્દીના શિક્ષણનો જ વિરોધ હતો. આથી આંદોલનકારીઓએ આ રાજ્યોમાં હિન્દીના શિક્ષણના વિરોધમાં હિંસક દેખાવો ચાલુ રાખ્યા. પરિણામે કેન્દ્ર સરકારને હિન્દીને ત્રિભાષા ફોર્મ્યુલામાં અપાયેલ દેશની અગ્રણીભાષા જેવો દરજ્જો પાછો ખેંચવો પડ્યો અને દેશનાં તમામ રાજ્યોની ભાષાઓને સમાન દરજ્જો આપવાનો નિર્ણય થયો. આ મુજબ રાજ્યો તેમની ભાષામાં શિક્ષણ આપી શકે, હિન્દીને ફરજિયાત વિષય તરીકે ભણાવવાનો આગ્રહ ન રખાય, તેમજ સરકારી કામકાજોમાં, કોર્ટ-કાર્યવાહી વગેરેમાં અંગ્રેજી ચાલુ રહે એવું નક્કી કરવામાં આવ્યું. આજે, સ્વાતંત્ર્યપ્રાપ્તિના સાત દાયકા જેટલા સમય પછી પણ વિશ્વની બીજા ક્રમની સૌથી વધુ જનસંખ્યા ધરાવતો આપણો વિશાળ દેશ રાષ્ટ્રભાષા વિહોણો રહ્યો છે.

એ સાચું કે, ૧૯૭૭માં ભારતના તત્કાલીન વિદેશપ્રધાન શ્રી અટલબિહારી વાજપેયીએ સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના પ્રતિનિધિ તરીકે હિન્દીમાં ભાષણ કર્યું તે ગૌરવરૂપ ગણાયું હતું. એ પછી પણ દેશના ઘણા નેતાઓ સંયુક્ત રાષ્ટ્રમાં હિન્દીમાં ભાષણ કરવાનું ગૌરવ મેળવતા રહ્યા છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વડાપ્રધાન તરીકે હિન્દીમાં શપથ લીધા હતા. તેમજ સંયુક્ત રાષ્ટ્રમાં પણ હિન્દીમાં ભાષણ કરવાનું પસંદ કર્યું હતું. હાલના કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે અગાઉ સંયુક્ત રાષ્ટ્રમાં હિન્દીમાં ભાષણની શરૂઆત કરતાં પહેલાં કહેલું કે ''હિન્દી અમારી રાષ્ટ્રભાષા હોઈ હું હિન્દીમાં ભાષણ કરવાનું પસંદ કરીશ.'' શ્રી રાજનાથસિંહ અને આજના આપણા ઘણા નેતાઓ આંતરરાષ્ટ્રીય મંચ પર ભલે હિન્દીને ''રાષ્ટ્રભાષા'' કહેતા હોય, પરંતુ પોતાના દેશમાં હિન્દીને સર્વસ્વીકૃત રાષ્ટ્રભાષાનો દરજ્જો મળ્યો નથી એ હકીકતથી તેઓ અજાણ ન જ હોય.

સંયુક્ત રાષ્ટ્રમાં અંગ્રેજી, ફ્રેંચ, રશિયન, સ્પેનિશ, ચીની અને અરબી એ છ ભાષાઓને સત્તાવર ભાષા તરીકે સ્વીકૃતિ મળેલી છે. વિશ્વમાં સૌથી વધુ ભાષક સંખ્યા ધરાવતી ચીનની મેન્ડેરિન પછી હિન્દી વિશ્વની બીજા ક્રમે સૌથી વધુ ભાષકસંખ્યા ધરાવતી ભાષા છે, છતાં સંયુક્ત રાષ્ટ્રમાં તેને સત્તાવાર ભાષા તરીકે સ્વીકૃતિ મળેલી નથી. ભારત સરકાર ઘણા સમયથી સંયુક્ત રાષ્ટ્રમાં હિન્દીને સત્તાવાર ભાષા તરીકે સમાવેશ કરાવવા પ્રયત્નશીલ છે, પરંતુ પોતાના જ દેશમાં તેના રાષ્ટ્રભાષા તરીકેના દરજ્જાનું શું ?

દેશમાં પ્રતિવર્ષ ૧૪મી સપ્ટેમ્બરે ''હિન્દી દિવસ''ની હોંશભેર ઉજવણી થાય છે. એ નિમિત્તે યોજાતા અનેકવિધ કાર્યક્રમો દરમિયાન હિન્દી ભાષાને દેશમાં પ્રતિષ્ઠિત અને વ્યાપક બનાવવા અંગે પ્રવચનો થાય છે. પરંતુ એ પછી શું ? શું આપણે પ્રતિવર્ષ ૧૪મી સપ્ટેમ્બરે ''હિન્દી દિવસ''ની ઉજવણી કરીને જ સંતોષ માનવાનો ? પરિસ્થિતિ તો એવી નિર્મિત થતી જાય છે કે, દેશમાં ઘણી પ્રાદેશિક ભાષાઓની સાથે હિન્દીનું પણ મહત્ત્વ ઘટતું જઈ રહ્યું છે, અને અંગ્રેજીનું ચલણ એટલું વ્યાપક બનતું જઈ રહ્યું છે કે જાણે તે જ દેશની બિનસત્તાવાર રાષ્ટ્રભાષા હોય! આજે દેશની વડી અદાલતોની અને સર્વોચ્ચ અદાલતની સઘળી કાર્યવાહીમાં અને કેન્દ્ર સરકારના વહીવટી કામકાજોમાં અંગ્રેજી ભાષાનું ચલણ રહ્યું છે. કેન્દ્રમાં કેબિનેટ મંત્રીઓની શપથવિધિ દરમિયાન પણ બહુ જૂજ મંત્રીઓ હિન્દી ભાષામાં શપથ લેતા જોવા મળે છે.

આજે દક્ષિણનાં રાજ્યોની પ્રજાનો અગાઉનો હિન્દી-વિરોધી જુવાળ શાંત થયો જણાય છે. પરંતુ એક સમયે દક્ષિણનાં રાજ્યોના હિન્દી વિરોધી આંદોલનોમાં તામિલનાડુ અગ્રેસર હતું, તેમ આજે પણ આ રાજ્યના બન્ને પક્ષોનું વલણ તામિલ અસ્મિતાના નામે હિન્દી વિરોધી જ રહ્યું છે, એ જોતાં હાલના તબક્કે વર્તમાન કેન્દ્ર સરકાર હિન્દીને દેશની રાષ્ટ્રભાષા તરીકે સ્થાન અપાવવા ઈચ્છતી હોય તો પણ નજીકના ભવિષ્યમાં તેનું આ સ્વપ્ન સાકાર થાય એ સંભવિત જણાતું નથી.

---

*૧, રચના સોસાયટી, શિવરંજની ચાર રસ્તા પાસે,*
*સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫ મો. ૯૭૨૬૪૮૫૧૧૬*

# શિવનું વરદાન

*– સંજય ન. ત્રિવેદી*

**આ** સમગ્ર સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લય શિવ દ્વારા શિવમાંથી થાય છે, માટે શિવનું વરદાન છે. આ સૃષ્ટિની સમગ્ર ચેતનાને શિવ પ્રેમ કરે છે કારણ કે, આપણે સહુ તેનાં સંતાનો છીએ અને એ આપણા પિતા, પરમ પિતા છે.

આપણા પરમ પિતા એ આપણા પરમ ગુરુ પણ છે, આથી જ માતા પાર્વતી સાથે આપણને સર્વ ચેતનાઓને ગુરુ શિષ્ય સંવાદ દ્વારા અમર કથા-દિવ્ય કથા- ભવ્ય કથાની પ્રાપ્તિ થઈ છે, આ કથા કોઈ સમયે મૌન દ્વારા તથા શાંત સ્વરૂપમાં દક્ષિણામૂર્તિ સ્વરૂપે પણ કહેવાય છે. આ કથા એ સામાન્ય ગુજરાતી ભાષામાં કહેવાતા કથાના અર્થવાળી કથા નથી. આ જ્ઞાન છે, પરમ જ્ઞાન છે. જેનું શ્રુતિ-સ્મૃતિથી આલેખન થયું છે. જેને સમજાવવા માટે આપણી ભાષાના શબ્દકોષનો જ્ઞાનનો અર્થ પણ ટૂંકો પડે છે તથા વેદો પણ પરમ રહસ્યમય વાતોને સમજી નહીં શકતા અંતે નેતિ...નેતિ...તે નહિ, તે નહિ તેમ કહીને પોતે સમાપન થાય છે. આમ શિવ દ્વારા પરમ જ્ઞાનનું પ્રદાન આપણને પ્રેમ કરે છે, તેની સાબિતી છે અને આથી જ આપણે સર્વ ચેતનાઓ પછી ભલે કોઈપણ રૂપ ધારણ કર્યું હોય અંતે આપણે પણ શિવને પ્રેમ જ કરીએ છીએ. આથી આપણને પ્રેમની ઝંખના થાય છે. પ્રેમરૂપ પાસે દોડી જઈએ છીએ. મન, વચન અને કર્મથી પ્રેમસ્વરૂપ થવા માટે પ્રયાસ કરીએ છીએ. આ આપણો પ્રયાસ તે આપણી સાબિતી છે. શિવ પ્રત્યેના-પરમ પિતા પ્રત્યેની ભાવનાની લાગણીની, પ્રેમની તથા આંતરિક જીવ-શિવનાં મિલનની.

**આ સૃષ્ટિની રચના માટે સહુ પ્રથમ શિવ દ્વારા બ્રહ્માજીને પ્રેરણા કરવામાં આવી તથા આ સમયે સહુ પ્રથમ અર્ધનારીશ્વરનું દર્શન કરાવવામાં આવ્યું. અર્ધનારીશ્વરનાં આકાશમાં થયેલાં દર્શન એ શિવ દ્વારા બ્રહ્માજી ઉપરના પ્રેમની સાબિતી છે. બ્રહ્માજીને આપેલું વરદાન છે**

આ સૃષ્ટિની રચના માટે સહુ પ્રથમ શિવ દ્વારા બ્રહ્માજીને પ્રેરણા કરવામાં આવી તથા આ સમયે સહુ પ્રથમ અર્ધનારીશ્વરનું દર્શન કરાવવામાં આવ્યું. અર્ધનારીશ્વરનાં આકાશમાં થયેલાં દર્શન એ શિવ દ્વારા બ્રહ્માજી ઉપરના પ્રેમની સાબિતી છે. બ્રહ્માજીને આપેલું વરદાન છે. જેથી આ સમગ્ર ચેતનાઓનું પ્રાગટ્ય થવાનો રસ્તો મળ્યો.

આ સૃષ્ટિની ઉત્પત્તિમાં જડ-ચેતન, ૮૪ લાખ યોનિઓની ઉત્પત્તિ થઈ. દેવ-દાનવ, માનવ, યક્ષ, ગાંધર્વ, કિન્નર બધાં પ્રગટ થયાં. સૃષ્ટિનાં મંડાણ થયા. આ શિવનો પ્રેમ છે, શિવનું વરદાન છે.

શિવ વરદાયક છે, પોતે વર આપે છે, વરના પ્રદાતા પણ છે, જે અન્યને પ્રેરણા કરી વર આપવાની ભાવના ધરાવે છે. આવા ભાવનાસભર દેવ તે આપણા પરમ પિતા મહાદેવ છે. જેની જગતનાં સર્વ જીવો-જીવસૃષ્ટિ પૂજા કરી વરદાન મેળવે છે.

મૃકુંડ ઋષિના પુત્ર માર્કન્ડેયની વાતથી આપણે સહુ અવગત છીએ કે તેઓના જન્મ સમયથી ભવિષ્યવાણી હતી કે માર્કન્ડેયનું અલ્પ આયુથી જ આ પૃથ્વી ઉપર અવતરણ થયેલું છે. આ ભવિષ્યવાણીના નિવારણ માટે એક માત્ર શિવશરણ એ જ નિર્ણય થયો. માર્કન્ડેય ઋષિએ શિવનું શરણું લીધું, જ્યારે આયુષ્ય પૂરું થવાનો સમય આવ્યો, યમરાજાના પાશનો સ્પર્શ થવાનો સમય આવ્યો, તે સમયે દેવાધિદેવે આશુતોષ, પરમ પિતા મહાદેવજી, શિવજી પ્રગટ થયા અને તેમણે બાળકની ભક્તિથી પ્રસન્ન થઈ વરદાન આપ્યું, અલ્પ આયુષ્યને દીર્ઘાયુષ્યમાં પલટાવી નાખ્યું, આ દીર્ઘાયુષ્યથી અભયવરદાન પ્રાપ્ત કરેલા ઋષિ માર્કન્ડેય દ્વારા આજે સમગ્ર જીવ સૃષ્ટિને વરદાનનો મહિમા જણાવી, પોતે આનંદમાં રહી, શિવ ધ્યાનનો મહિમા જણાવી, માર્કન્ડેય પુરાણની અમૂલ્ય ભેટ આપી છે, શિવનામ શિવના વરદાનનો મહિમા ઉજળો કરી બતાવ્યો છે.

ઋષિ પિપ્પલાદ, ઋષિ દધીચિ પુત્રની ભક્તિની તો શું વાત જ કરવી ! નાના હતા તે સમયે પિપ્પલના વૃક્ષના જતનથી પોષિત થયા. દધીચિ ઋષિના દેહદાન પછી પુત્ર પિપ્પલાદ એકલા હતા, તે સમયે કોઈએ આવીને કહ્યું કે દેવો તો સ્વાર્થી છે. તેઓને જ્યારે તમારા પિતાશ્રીના તપના પ્રભાવની જરૂરિયાત હતી તે સમયે સારી વાતો કરતા હતા,





પરંતુ કામ પૂર્ણ થયા પછી તમારી કોઈ ખબર કાઢવા પણ નથી આવતા. આ વાત પુત્ર પિપ્પલાદના મગજમાં બેસી ગઈ, દેવો તરફ દ્વેષ ભાવ પ્રગટ થયો અને દ્વેષભાવથી યુક્ત થઈ દેવાધિદેવ મહાદેવજીનું આરાધન શરૂ કર્યું. મહાદેવજી તો આશુતોષ છે. પ્રસન્ન થયા અને વર માંગવાનું કહ્યું. પુત્ર પિપ્પલાદ દ્વારા દેવોના નાશની કામના સાથે અંતરની લાગણી પ્રગટ કરી અને મહાદેવજીએ કૃત્યા વરદાનમાં આપી, તથાસ્તુ કહ્યું. જતાં જતાં કહેતા ગયા કે ફરી મારુ સ્મરણ કરીશ ત્યારે હું આવીશ. આવો કોલ ફક્ત શિવ જ આપે. આજે આપણને મનુષ્યને જ્યારે આવો કોલ મળે તો સમજવું કે તે મહાદેવજીની પ્રેરણાથી જ મળે છે અને આવી રીતે જ મહાદેવજી વરના પ્રદાતા બની આપણી આશાઓ પૂર્ણ કરે છે, આપણી ઈચ્છાઓ પૂર્ણ કરે છે.

**શિવજીના વરદાન મેળવનારાઓમાં એક મહારથી રાવણ પણ હતો કે જે, આસુરી શક્તિ ધરાવતો હતો, અને શિવના મહાન ભક્તોમાં એક હતો. રાવણ પરમ ઉપાસક અને શિવના નિવાસસ્થાન કૈલાશમાં વારંવાર મુલાકાત પણ લેતો હતો**


ભક્ત પિપ્પલાદ દ્વારા કૃત્યાને આદેશ આપ્યો કે, આ બધા સ્વાર્થી દેવોનો નાશ કરવો. પરંતુ આ સમયે કૌતુક થયું, કૃત્યા સામી તરફ જવાનીને બદલે પિપ્પલાદ તરફ જ આવી. તે સમયે ગભરાયેલા પિપ્પલાદે મહાદેવજીને યાદ કર્યા. મહાદેવ કોલ મુજબ પ્રસન્ન થયા, તેમણે ક્હયું કે, ભાઈ ઋષિ પિપ્પલાદ, આ શરીરમાં દેવોનો વાસ છે. આંખોના દેવ સૂર્ય, મનના દેવ ચંદ્ર, તેવી રીતે અશ્વિનીકુમાર, વરુણ દેવ, ઈન્દ્ર દેવ, અગ્નિ દેવ વગેરે. બધાની સમજ આપી. આથી આ શરીર દેવાલય છે. આ ગુરુ દ્વારા શિષ્યને આપવામાં આવેલું અલૌકિક જ્ઞાન હતું. જે આજે પણ મનુષ્યોને રાક્ષસીવૃત્તિનાં થતાં કામો માટે અટકાવે છે. બાદમાં, ઋષિ પિપ્પલાદ મહાદેવજીના ધ્યાનમાં નિમગ્ન રહેવા લાગ્યા, તે સમયે ૬ ઋષિ કુમારો જ્ઞાનની પિપાસાથી તેમની પાસે આવ્યા. આ સમયે પ્રશ્ન તથા તેના ઉત્તરોથી સંવાદ થયો. જ્ઞાનનું બીજારોપણ થયું. જેમાં, માનવી-જીવની ઉત્પત્તિ, પોતાનાં સંચિત કર્મો, અક્ષય પુણ્ય વગેરે બધાથી જીવની ગતિ-બંધરાણ કરી પૃથ્વી લોકની યાત્રા કેમ થાય છે ? તેનું જ્ઞાન આપવામાં આવ્યું છે. જે પ્રશ્નોપનિષદ તરીકે આપણાં ધર્મ-સનાતન ધર્મનું શિખર છે.

શિવજીના વરદાન મેળવનારાઓમાં એક મહારથી રાવણ પણ હતો કે, જે આસુરી શક્તિ ધરાવતો હતો, અને શિવના મહાન ભક્તોમાં એક હતો. રાવણ પરમ ઉપાસક અને શિવના નિવાસસ્થાન કૈલાશમાં વારંવાર મુલાકાત પણ લેતો હતો. દરમિયાન તેમના દ્વારા ''શિવ તાંડવ સ્તોત્ર''ની રચનાથી સ્તુતિ કરેલી છે. જે આજે પણ ઘણા મનુષ્યો કંઠસ્થ કરી શિવભક્તિ કરી રહ્યા છે. વરદાન મેળવવા પ્રયત્ન કરી રહ્યા છે. આમ રાક્ષસી વૃત્તિ ધરાવનાર રાવણને પણ વરદાન પ્રાપ્ત થયું. અંતે તેની વૃત્તિનો અંત લાવવા શિવલીલા અનુસાર પરબ્રહ્મ પરમાત્મા શ્રી રામ દ્વારા ઉદ્ધાર કરી પોતાનામાં સમાવી લીધો.

આમ મહાદેવજીના વરદાનથી માર્કન્ડેય ઋષિએ અભય વરદાન પ્રાપ્ત કરી, દીર્ઘાયુષ્ય પામી માર્કન્ડેય પુરાણનું આલેખન કર્યું. જેનાંથી આજે મનુષ્યો તેમાં કંડારાયેલાં સ્તુતિ-કવનથી પોતાના જીવની ઊર્ધ્વગતિ કરે છે તથા ભક્ત પિપ્પલાદના વરદાનથી આપણને જીવની ગતિનું જ્ઞાન પ્રાપ્ત થાય છે, રાક્ષસ રાવણને પણ વરદાન આપી રાક્ષસીવૃત્તિનો નાશ કર્યો જે દર્શાવે છે કે, શિવ વરદાન આપવામાં ભેદભાવ રાખતા નથી કારણ કે તે ભોળા છે. ભક્ત વત્સલ છે. વરદાયક છે.

આમ શિવની ઉપાસનાથી વરદાન મેળવનારા દરેક જીવો, ઋષિ, મુનિ, જતિ, જોગી, તપસ્વી, યક્ષ, ગાંધર્વ, કિન્નર, દાનવ અને માનવ સર્વે જીવો પોતાના જીવનની ગતિ પ્રગતિ નક્કી કરે છે, અન્યને રસ્તો બતાવવા નિમિત્ત બને છે.

*બદ્રીકાશ્રમ, એસ.એન.કે.સ્કુલની સામે,*
*યુનિવર્સિટી રોડ, રાજકોટ-૫*
*મો. ૯૮૨૫૨૯૩૩૩૦*



# દિવ્યદૃષ્ટા - ધર્માત્મા વિદુર

*– શિવશંકર દવે*

ગંગા અને યમુના નદીઓ ભારતીય સંસ્કૃતિમાં વિશિષ્ટ સ્થાન ધરાવતી, લોકોને મન તે ફક્ત પાણી નથી, પણ દેવી સ્વરૂપે છે. તેમાં દર્શન અને સ્નાન કરીને પવિત્ર થવાય છે. શરીર-મન અને બુદ્ધિ પ્રસન્ન થાય.

યમુના નદી આવે એટલે શ્રીકૃષ્ણ, યમુના કિનારો, રાધાજી, ગોકુળની ગોપીઓ યાદ આવે. યમુના મહારાણી અંગે વૈષ્ણવો અત્યંત પ્રેમભાવ ધરાવે છે. યમુનાષ્ટકનો નિત્ય પાઠ કરે છે. જોઈએ તેની પ્રથમ પંક્તિ....

**નમામિ યમુનામહં સકલ સિદ્ધિહેતું મુદા**
**સકળ મનોરથ પૂર્ણ કરનાર યમુનાને વંદન**
**એક કવિ યમુના નદીને એકાદ-બે પ્રશ્નો પૂછે છે,**
**“ઊભી રે યમુના રાણી, પૂછું એક વાત પુરાણી !**
**કાળનાં ઓઘશાં ઘેરાંઘુઘવે શ્યામળા તારાં નીર ;**
**કંઈ લખાયા અને કંઈ ભુંસાયા, ઇતિહાસો તારે તીર**
**એવું નથી એકેય પાનું, તારાથી હોય જે છાનું !”**

આપણે પણ યમુનાજી પાસેથી મહાભારતનો ઈતિહાસ જાણવો છે.

હસ્તિનાપુરના કુરુવંશની કેટલીક વિગતો જોઈએ. કુરુવંશમાં રાજા શાંન્તનુ થયા. તેમના પ્રથમ પત્ની ગંગાથી તેમને દેવવ્રત નામે પુત્ર પ્રાપ્ત થયો. રાજા શાંન્તનુ બીજી એક સ્ત્રી – પર મોહિત થયા, તે મત્સ્યગંધા (સત્યવતી).

શાન્તનુને મત્સ્યગંધા (સત્યવતી)થી બે પુત્રો થયા. ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય. બંને પુત્રો અપુત્ર મરણ પામ્યા. રાજા શાન્તનુ પણ મરણ પામ્યા. હવે કુરુવંશની રાજગાદી માટે સવાલ ઊભો થયો.

ભીષ્મ પોતાની બ્રહ્મચર્યની પ્રતિજ્ઞામાં અડગ રહ્યા. ભીષ્મના ઈનકાર પછી સત્યવતીએ કૌમાર્ય અવસ્થામાં મહર્ષિ પરાશર સાથેના સંબંધથી પ્રાપ્ત થયેલા પુત્ર વ્યાસને બોલાવી, તેમની વિધવા પુત્રવધુઓ સાથે નિયોગ સંબંધ કરાવ્યો.

પુત્રવધુ અંબિકાથી વ્યાસને જે પુત્ર થયો તે ધૃતરાષ્ટ્ર. તે જન્મથી અંધ હતો. વ્યાસને અંબાલિકાથી જે પુત્ર થયો તે પાંડુ (ક્ષયરોગથી પિડાતો હતો). વ્યાસને અંબિકાની દાસી કચ્છપીથી જે પુત્ર થયો તે ધર્મજ્ઞ વિદુર.

અંધ ધૃતરાષ્ટ્રના લગ્ન સુબલની પુત્રી ગાંધારી સાથે થયા. લગ્ન પછી તેના ભાઈ શકુનિ સાથે હસ્તિનાપુર આવ્યા. શકુનિ પોતાના બનેવી ધૃતરાષ્ટ્ર અને ભાણા દુર્યોધનની સતત કાળજી રાખતા અને તેમના પરિવારના પ્રશ્નોમાં પણ તેઓ દુર્યોધનને સલાહ આપીને ઉશ્કેરતા.

ધૃતરાષ્ટ્ર અને પાંડુના ભાઈ (દાસીપુત્ર) વિદુરનું જીવન અને મહાભારતમાં પાંડવોનું તેમણે કેવી રીતે રક્ષણ કર્યું, તે જોવાનું છે. વિદુર, ધૃતરાષ્ટ્રના સચિવ પણ હતા. દરેક બાબતોમાં ધૃતરાષ્ટ્ર તેમની સલાહ લઈને કામ કરતા. આ સમગ્ર વિગતો આપણે હવે જોઈએ.

યદુવંશના રાજા શૂરને પૃથા નામે પુત્રી હતી. પૃથાનાં લગ્ન પાંડુ સાથે થયાં. પૃથાનું બીજું નામ કુંતિ હતું. પાંડુને બીજી પત્ની હતી, તે માદ્રી. વિદુર પણ દેવકરાજાની પુત્રીને પરણીને ગૃ હસ્થ બન્યા. ધૃતરાષ્ટ્રને ગાંધારીથી સો પુત્રો પ્રાપ્ત થયા. દુર્યોધનના જન્મ સમયે ગધેડાઓ, ગીધો અને શિયાળ-કાગડાઓએ ચિચિયારી કરી. અપશુકન થવા લાગ્યાં. ધૃતરાષ્ટ્ર ગભરાયા. ભીષ્મ વગેરેની સલાહ લીધી.

### વિદુરનું ભવિષ્ય કથન

વિદુરે આ સમયે ધૃતરાષ્ટ્રને જણાવ્યું કે, નિમિત્તો જોતાં આ પુત્ર કુલનાશક થશે. આથી, સલાહ છે કે, તેનો અત્યારે ત્યાગ કરવો. અંધ ધૃતરાષ્ટ્ર પુત્ર પ્રેમથી આ સલાહ સ્વીકારતા નથી.

### હસ્તિનાપુરની ગાદીનો પ્રશ્ન

જયેષ્ઠ પુત્ર ધૃતરાષ્ટ્ર ગાદી માટે હકદાર ગણાય, પણ તેઓ અંધ હોવાથી ધર્મના નિયમો અનુસાર તેઓને ગાદી આપી શકાય નહીં.

બીજો પુત્ર પાંડુ, રાજ્યગાદી માટે યોગ્ય ગણાયો અને તેનો રાજયગાદીએ રાજ્યાભિષેક થયો.

રાજ્યાભિષેક પછી પાંડુ પોતાને ક્ષય રોગ હોવાથી પત્ની સાથે વનમાં જાય છે.

હસ્તિનાપુરની રાજયગાદી અંધ ધૃતરાષ્ટ્ર પોતાના જયેષ્ઠપુત્ર દુર્યોધન સાથે ભિષ્મની સલાહ અનુસાર સંભાળતો હતો.

વનમાં કુંતિએ ત્રણ પુત્રો અને માદ્રીએ બે પુત્રોને જન્મ આપ્યો, જે પાંડવો ગણાયા. આ પુત્રો મંત્રથી પ્રાપ્ત થયેલા હતા. રાજા પાંડુ વનમાં જ મૃત્યુ પામ્યા. કુંતિ ઋષિઓ સાથે પાંડવોને લઈને હસ્તિનાપુર આવ્યાં. શરૂઆતમાં તો ધૃતરાષ્ટ્ર અને દુર્યોધને, કુંતિ અને તેના પુત્રોને સ્વીકાર્યા નહીં, પણ ભિષ્મ અને વિદુરના આગ્રહથી સ્વીકાર્યાં.

## પ્રતિભાવાન, ધર્મજ્ઞ વિદુર

વિદુર ધર્મનું પ્રતિક છે. શ્રી વ્યાસના પુત્ર છે. ધૃતરાષ્ટ્ર અને પાંડુના સગા ભાઈ છે. તેની માતા અંબિકાની દાસી કચ્છપી છે. વિદુર અત્યંત બુદ્ધિશાળી, નીતિજ્ઞ, ધર્મજ્ઞ, વિદ્વાન, સદાચારી, મહાત્મા અને ભગવદ્ ભક્ત છે.

મહાભારતના આદિપર્વમાં તેમના જન્મ અંગે જણાવાયું છે કે, :-

તેન શાપેન ધર્મોડપિ શૂદ્રયોનવ જાયત

ધર્મે પણ તે શાપથી શૂદ્ર યોનિમાં ધાર્મિક અને પાપરહિત શરીરવાળા વિદુરના સ્વરૂપમાં જન્મ લીધો. (આદિપર્વ, અધ્યાય ૫૭, શ્લોક ૮૧ )

મહાભારતમાં શ્રી વ્યાસ વિદુરની બુદ્ધિમત્તા અંગે જણાવે છે કે, વિદુર બુદ્ધિ પ્રતિભાનું પ્રતીક છે. (૧.૩૩.૫૯)

વૈશંપાયન વિદુરની કદર કરતાં મહાભારતમાં જણાવે છે કે,

કૌરવો કપટ દ્વારા પાંડવોનો પ્રાણ લેવાનો પ્રયાસ કરતા હતા. ત્યારે મહાબુદ્ધિશાળી વિદુર તેમના પ્રયત્નોનો નાશ કરવા માટે પ્રયત્નશીલ રહેતા. (૧.૫૫.૧૩)

જેવી રીતે સ્વર્ગ લોકના ઈન્દ્ર, પૃથ્વીલોકના માનવીઓ માટે સુખદાયક હોય છે, તેવી રીતે વિદુર પાંડવો માટે સુખદાયી હતા. (૧.૫૫.૧૪)

વિદુરના પાત્ર અંગે એક વિદ્વાન લેખકે લખે છે કે,''શ્રીકૃષ્ણ અને વિદુર, એ બે એવાં પાત્રો છે કે, જેઓ સંપૂર્ણ વિશુદ્ધ વિવેકબુદ્ધિ ધરાવે છે. ક્યારેય કોઈ ઘટના કે પદાર્થને મૂલવતી વેળા, તેમના વર્તનમાં કોઈ બાહ્ય આવરણોએ પ્રભાવ પાથર્યો નથી. ''

**વિદુરના પાત્ર અંગે એક વિદ્વાન લેખકે લખે છે કે,''શ્રીકૃષ્ણ અને વિદુર, એ બે એવાં પાત્રો છે કે, જેઓ સંપૂર્ણ વિશુદ્ધ વિવેકબુદ્ધિ ધરાવે છે. ક્યારેય કોઈ ઘટના કે પદાર્થને મૂલવતી વેળા, તેમના વર્તનમાં કોઈ બાહ્ય આવરણોએ પ્રભાવ પાથર્યો નથી''**



## વિદુરની સલાહની અવગણના

વિદુર ધૃતરાષ્ટ્રને તેમના પુત્ર દુર્યોધનનાં પાપ કર્મો અંગે જણાવે છે, ત્યારે ધૃતરાષ્ટ્ર વિદુરને હસ્તિનાપુર છોડી દેવા જણાવે છે. વિદુર આવા સમયે એક ક્ષણનો પણ વિલંબ કર્યા સિવાય, વનમાં ચાલ્યા જાય છે અને તેઓ પાંડવોને મળે છે. ધૃતરાષ્ટ્રને વિદુરના ગયા પછી પસ્તાવો થાય છે અને જણાવે છે કે, ''હું વિદુર વગર જીવી શકીશ નહીં, એટલે પુનઃ વિદુરને હસ્તિનાપુર બોલાવવામાં આવે છે. ''

## દુર્યોધનની ઈર્ષ્યા અને છળકપટ

૧. પાપી દુર્યોધને ભીમને અન્નમાં ઝેર આપ્યું, તેને હતું કે ભીમ મરી જશે, પણ ભીમ અન્ન સાથે ઝેર પચાવી ગયા અને ઘરે પાછા ફર્યા.

૨. ભીમ ગંગાકિનારે સૂતો હતો, ત્યારે દુર્યોધને તેને બાંધીને ગંગામાં નાંખી દીધો. ભીમ બંધનો તોડીને ઘરે પાછો ફર્યો.

આવા પ્રસંગોએ કુંતિ ભીમની સતત ચિંતા કરતાં હતાં. દુર્યોધન ભીમનો નાશ કરવા કાવતરાં કરે છે, તેવી વાત કુંતિ વિદુરને કરે છે. વિદુર કુંતિને સલાહ આપે છે કે, ' જાહેરમાં દુર્યોધન સામે શંકા ન કરશો. નહીંતર દુર્યોધન વધુ મુશ્કેલીઓ પેદા કરશે.' આમ ખરા સમયે અને સંકટ સમયે વિદુર કુંતિને શાંતિ અને આશ્વાસન આપે છે અને પાંડવોનું રક્ષણ કરે છે.

## લાક્ષાગૃહની યોજના

પાંડવો પ્રજામાં પ્રિય થવા લાગ્યા. દુર્યોધને પાંડવોને હસ્તિનાપુરમાંથી ખસેડવાની યોજના કરી અને તેમને વારણાવત મોકલી આપવાનું નક્કી કર્યું. વારણાવતમાં એક લાક્ષાગૃહ બનાવવામાં આવ્યું, જે લાખમાંથી બનાવેલું હતુ. તેમાં પાંડવો નિવાસ કરે એટલે તેમને સળગાવી દેવાની યોજના કરેલી. વિદુરને આ વાતની માહિતી મળતાં તેમણે તે જ મહેલમાં એક સુરંગ તૈયાર કરાવી, જેથી તે દ્વારા પાંડવો બહાર નીકળી જાય. પાંડવો માતા કુંતિ સાથે વારણાવત જવા નીકળ્યા. સૌ મૂકીને ગયા પછી એકાંત મળતાં વિદુરે યુધિષ્ઠિરને બોલાવીને ( મલેચ્છ ભાષામાં) વાત કરી, જેથી કોઈ સમજી શકે નહીં. આખી યોજના યુધિષ્ઠિરને કહી. પછી, વિદુર કહે છે કે, '' સમજી વિચારીને બધાં કાર્યો કરવાં, જેથી આપત્તિથી બચી શકાય.''

દુર્યોધને પોતાના મંત્રી ( સચિવ) પુરોચન મારફત આ વ્યવસ્થા કરેલી. દસેક દિવસ પછી પુરોચન યોજના મુજબ

પાંડવોને માતા કુંતિ સાથે લાક્ષાગૃહના મહેલમાં લઈ ગયા. લાક્ષાગૃહમાં રાત્રે આગ લગાડવામાં આવી. વિદુરના સૂચન મુજબ પાંડવો કુંતિ સહિત સુરંગ વાટે બહાર નીકળી ગયા. દુર્યોધને હસ્તિનાપુરમાં જાહેરાત કરી કે, પાંડવો વારણાવતમાં આગ લાગવાથી બળી ગયા. ધૃતરાષ્ટ્ર વગેરે બધાએ શોક વ્યક્ત કર્યો. વિદુર પણ દેખાવ માટે તેમાં જોડાયા.

વિદુરની યોજના મુજબ, પાંડવો સહીસલામત બહાર નીકળી ગયા. અહીં આપણને વિદુરની બુદ્ધિમત્તાનો ખ્યાલ આવે છે. જો તેમણે સુરંગથી બહાર જવાની યોજના ન બનાવી હોત તો સમગ્ર પાંડવો કુંતિ સહિત બળીને ભસ્મ થઈ જાત. (મહાભારત અહીં જ પૂરું થઈ જાત.)

પાંડવો બહાર નીકળ્યા, ત્યારે વનમાં પ્રવેશ્યા. ત્યાં એકાએક પિતામહ વ્યાસ અહીં આવે છે, પાંડવોએ તેઓને બધી વાત કરી. વ્યાસે કહ્યું કે, " જે થાય છે તે સારું છે." કુંતિને કહ્યું, " તારા પુત્રો, રાજ્યના સ્વામી થશે. ધર્મધ્વજ ફરકાવશે." એક બ્રાહ્મણના ઘરે પાંડવોને મૂકીને વ્યાસ વિદાય થયા.

**દ્રૌપદીનો સ્વંયવર – પાંડવો પાંચાલમાં ગયા**

દ્રુપદ રાજાએ મત્યવેધ કરે તેને પુત્રી પરણાવવાની જાહેરાત કરી. સ્વયંવરમાં પાંડવો બ્રાહ્મણ વેશે આવેલા. અર્જુને મત્સ્યવેધ કર્યો. દ્રૌપદીએ વરમાળા પહેરાવી. શ્રીકૃષ્ણ પાંડવોને ઓળખી ગયા.

ધૃતરાષ્ટ્રે પણ બધું ભૂલી, પાંડવો અને દ્રૌપદીને હસ્તિનાપુર બોલાવ્યાં. સ્વાગત કર્યું. હસ્તિનાપુરથી થોડે દૂર ઈન્દ્રપ્રસ્થ નામનું ગામ છે, ત્યાં પાંડવોએ રાજધાની બનાવી. યુધિષ્ઠિરે ઈન્દ્રપ્રસ્થમાં રાજસૂય યજ્ઞ કર્યો. પાંડવોની સમૃદ્ધિ અને સુનીતિથી દુર્યોધન બળી ઊઠ્યો.

**દ્યૂત જુગારની યોજના – દ્રૌપદીનું વસ્ત્રાહરણ**

દ્યૂત જુગારમાં શકુનિએ કપટથી પાંડવોને હરાવ્યા. યુધિષ્ઠિરે તેમની પત્ની દ્રૌપદીને દ્યૂતમાં દાવમાં મૂકી. "રજસ્વલા અને એકવસ્ત્રા", દ્રૌપદીને દુઃશાસન રાજસભામાં લઈ આવ્યો.

દ્રૌપદીએ રાજસભામાં એક પ્રશ્ન પૂછ્યો કે, "હારેલા યુધિષ્ઠિરને મને હોડમાં મૂકવાનો અધિકાર છે કે નહીં ?" આવા સમયે કોઈ બોલતું નથી. ભીષ્મ ગોળગોળ જવાબ આપે છે. જેમાં કશી સ્પષ્ટતા નથી. દુર્યોધનનો ભાઈ વિકર્ણ કહે છે કે, "દ્રૌપદીને જીતાયેલી ન જ ગણાય. " વિદુર પણ કહે છે કે, " હારેલા યુધિષ્ઠિરને દ્રૌપદીને હોડમાં મૂકવાનો કોઈ અધિકાર નથી. "

શકુનિ અને દુર્યોધનની યોજના પ્રમાણે યુધિષ્ઠિર પુનઃ જુગાર રમે છે અને બાર વર્ષનો વનવાસ સ્વીકારી લે છે. તેરમું વર્ષ ગુપ્ત રહેવાનું છે.

બાર વર્ષનો વનવાસ પૂરો થયો અને તેરમું ગુપ્તવાસનું વર્ષ પૂરું થવામાં છે. વિરાટ રાજા પોતાની પુત્રી ઉત્તરા, અર્જુનના પુત્ર અભિમન્યુ સાથે પરણાવે છે. આ પ્રસંગે શ્રીકૃષ્ણ અને પાંડવોના સંબંધીઓ મળે છે. કૌરવો સાથે મંત્રણા કરી, સમાધાન કરવાની વિચારણા થાય છે અને છેવટે જો તેઓ ન માને તો યુદ્ધ કરવાનો નિર્ણય લેવાય છે. શ્રીકૃષ્ણ વિરાટ રાજાના એક અગ્રણીને કૌરવો પાસે મંત્રણા માટે મોકલે છે, પણ મંત્રણા નિષ્ફળ જાય છે.

ધૃતરાષ્ટ્ર પણ પાંડવો પાસે સંજયને મોકલીને પરિસ્થિતિનો તાગ મેળવવા પ્રયત્ન કરે છે. સંજય પાંડવોને મળીને આવ્યો, અને સવારે આવીશ તેમ કહીને ઘરે જાય છે. રાત્રે ધૃતરાષ્ટ્રને ઊંઘ આવતી નથી. આથી વિદુરને બોલાવે છે.

**વિદુરનીતિ**

મહાભારતના ઉદ્યોગપર્વ-પ્રજાગર પર્વમાં અધ્યાય ૩૩ થી ૪૦માં ધૃતરાષ્ટ્રના અનેક પ્રશ્નોનો જવાબ વિદુર આપે છે. જોઈએ ધૃતરાષ્ટ્ર અને વિદુરના પ્રશ્નો-જવાબો.....

ધૃતરાષ્ટ્ર વિદુરને કહે છે કે, " મારાં ગાત્રો બળે છે. મારી ઊંઘ ઊડી ગઈ છે. મારા માટે કલ્યાણની જે વાત હોય તે કહે. " (ઉદ્યોગપર્વ, અધ્યાય ૩૩, શ્લોક ૧૦-૧૧)

વિદુર જવાબ આપે છે, ''હે મહારાજા ધૃતરાષ્ટ્ર, ઉજાગરા તો બળિયા મનુષ્યથી જેને વેર થયું છે, એવા સાધનહિન દુર્બળ મનુષ્યને થાય. જેનું ધન હરાઇ ગયું હોય, તેને થાય. જે વિષયાસક્ત હોય તેને થાય અને

**"હે મહારાજા ધૃતરાષ્ટ્ર, ઉજાગરા તો બળિયા મનુષ્યથી જેને વેર થયું છે, એવા સાધનહિન દુર્બળ મનુષ્યને થાય. જેનું ધન હરાઇ ગયું હોય, તેને થાય. જે વિષયાસક્ત હોય તેને થાય અને જે ચોર હોય તેને થાય"**



જે ચોર હોય તેને થાય. ''

'' હે રાજન, તમને આ મહાદોષોએ ઘેરી લીધા નથી ને? શું પારકા ધનને હરી લેવાની વૃત્તિએ તમે કષ્ટ નથી ભોગવી રહ્યા ને ? ''

(ઉદ્યોગપર્વ, અધ્યાય ૩૩, શ્લોક ૧૩-૧૪)

આમ ગર્ભિત રીતે વિદુરે ધૃતરાષ્ટ્રના રોગનું નિદાન કરી લીધું છે અને હવે પછીના પ્રકરણોમાં જવાબ આપે છે. ધૃતરાષ્ટ્ર કહે છે કે,''હે વિદુર ધર્માનુકુળ અને કલ્યાણપ્રદ સુંદર વચનો કહે. ''

વિદુર કહે છે કે, '' હે ભારત, જે કર્મો કપટ ભરેલાં હોય અને અયોગ્ય ઉપાયોથી સિધ્ધ થતાં હોય, તેમાં તમારું મન કદાપિ લગાડશો નહીં. '' (ઉદ્યોગપર્વ, અધ્યાય ૩૪, શ્લોક ૬)

ત્યાર બાદ ધૃતરાષ્ટ્ર પ્રશ્ન પૂછે છે,

૧.ભયથી મારું મન કેમ કરીને મુક્ત થાય ?

૨. સો વર્ષનું આયુષ્ય કેવી રીતે ભોગવી શકાય ?

આમ ઘણા બધા પ્રશ્નો ઊભા કરે છે, જેનો જવાબ નીતિને ધ્યાનમાં રાખીને વિદુર ધૃતરાષ્ટ્રને આપે છે.

વિદુર ધૃતરાષ્ટ્રને એક પ્રશ્નનો જવાબ આપતાં કહે છે કે, '' શાપગ્રસ્ત રાજા પાંડુના પુત્રો ઈન્દ્ર જેવા છે. તમે ઉછેરીને મોટા કર્યા છે. તમારી આજ્ઞાનું પાલન કરે છે. તેમનો ન્યાયોચિત રાજભાગ આપી દઈને આનંદ ભોગવો. ''

ધૃતરાષ્ટ્ર કહે છે કે, પાંડવો પ્રત્યે મેં સદા તું કહે છે, તેવી જ બુદ્ધિ રાખી છે, પણ દુર્યોધન મારી સામે આવે છે, કે તુર્ત જ મારી બુદ્ધિમાં પલટો આવે છે. (૫.૪૧.૨૮-૨૯)

**સમગ્ર મહાભારત જોતાં જણાય છે કે, પાંડવો જીવિત રહ્યા છે, તે મહાત્મા વિદુરના કારણે લાક્ષાગૃહ, દ્યૂત-જુગાર, દ્રૌપદીનાં વસ્ત્રાહરણ, પાંડવોનું વનગમન જેવા પ્રસંગોએ વિદુરે ધૃતરાષ્ટ્ર અને દુર્યોધન જેવા પિતા-પુત્રને નિર્ભય રીતે સાચી સલાહ આપી છે**

**ધૃતરાષ્ટ્ર, ગાંધારી, કુંતિનું વનગમન**

મહાભારતના ભયંકર મહાવિનાશ પછી હસ્તિનાપુરનું સિંહાસન પાંડવોએ પ્રાપ્ત કર્યું. રાજા યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક થયો, પરંતુ યુધિષ્ઠિર ધૃતરાષ્ટ્રને આગળ રાખીને રાજ્ય ચલાવવા લાગ્યા.

ધૃતરાષ્ટ્રે હવે વનમાં તપ કરીને પ્રાયશ્ચિત કરવાનો નિર્ણય લીધો છે, તેની સાથે ગાંધારી, કુંતિ પણ તપ કરવા જાય છે. તેનું આશ્રમવાસિક પર્વ અધ્યાય ૧ થી ૪૭ સુધીમાં વિગતે વર્ણન છે.

ભગવત્ ભક્ત વિદુર અને સંજય પણ તેમની સાથે વનમાં જાય છે. બધાં સાદું અને પવિત્ર જીવન જીવે છે. શતયૂપ આશ્રમમાં રહે છે.

યુધિષ્ઠિર તેમજ પાંડવો, માતા કુંતિની ખબર જોવા અને બધાને મળવા આવે છે, ત્યારે યુધિષ્ઠિર પ્રથમ જ સવાલ પૂછે છે કે, વિદુર કેમ દેખાતા નથી ? ધૃતરાષ્ટ્ર કહે છે કે, વિદુરે તો તીક્ષ્ણ તપશ્ચર્યા આદરી છે. એ ક્યાંય ઠરી ઠામ બેસતા નથી. નિર્જન પ્રદેશમાં સતત ઘૂમ્યા જ કરે છે. વસ્ત્રોનો પણ ત્યાગ કર્યો. અવધૂત જેવું જીવન જીવે છે. થોડી જ વારમાં દૂર દૂર વનના વૃક્ષોમાં યુધિષ્ઠિર  અવધૂત જેવા વિદુર જુએ છે. ત્યાં જઈને યુધિષ્ઠિરે વિદુરના પગ પકડી લીધા. પોતાનો પરિચય આપ્યો, પણ વિદુર તો તેમની ધૂનમાં જ હતા. આગળ વિદુર અને પાછળ યુધિષ્ઠિર. વિદુર એક વૃક્ષનો આશ્રય લઈને થડને અડીને ઊભા રહ્યા. યુધિષ્ઠિર સામે મીટ માંડી અને પોતાની શક્તિ યુધિષ્ઠિરને આપી હોય અને તેમના શરીરમાં પ્રવેશ કર્યો હોય તેવું જણાયું.

યુધિષ્ઠિર વિદુરના શરીરને સ્પર્શીને જુએ છે, તો વિદુર અચેતન બની ગયા હતા અને તેમનું પ્રાણપંખેરુ ઊડી ગયું હતુ. અવાજ સંભળાય છે કે, ''વિદુરના દેહાંતનો શોક કરવો એ ઉચિત નથી. અવધૂતો અને યતિઓની જે ગતિ થાય છે, તે જ તેમની થઈ છે. એ શોકનો નહીં, પણ આનંદનો વિષય છે.'' (અહીં મને અવધૂત ગુરુ દત્તાત્રેય અને ગુરુ રંગ અવધૂત યાદ આવે છે. તેમને વંદન કરું છું.)

એટલામાં તો મહર્ષિ વ્યાસ, શતયૂપના આશ્રમમાં આવ્યા. વિદુર વિશે તે જણાવે છે કે, તેઓ તો સાક્ષાત ધર્મનો અવતાર હતા. બૃહસ્પતિ અને શુક્ર કરતાં પણ વિદ્વત્તામાં આગળ હતા. પોતાનું જીવન કાર્ય પૂરું થતાં એમણે એમનો દેહ ઉતારી નાંખ્યો.

સમગ્ર મહાભારત જોતાં જણાય છે કે, પાંડવો જીવિત રહ્યા છે, તે મહાત્મા વિદુરના કારણે લાક્ષાગૃહ, દ્યૂત-જુગાર, દ્રૌપદીનાં વસ્ત્રાહરણ, પાંડવોનું વનગમન જેવા પ્રસંગોએ વિદુરે ધૃતરાષ્ટ્ર અને દુર્યોધન જેવા પિતા-પુત્રને નિર્ભય રીતે સાચી સલાહ આપી છે. સાચા માર્ગે દોરવા પ્રયાસ કર્યો છે. સલાહને અવગણવાનું પરિણામ ધૃતરાષ્ટ્ર અને દુર્યોધને ભોગવ્યું છે.

વંદન છે, ભગવત્ ભક્ત વિદુરને. તેમની માતા કાચ્છપીને, પિતા વ્યાસને અને જગતગુરુ શ્રીકૃષ્ણને.

---

*'વાત્સલ્ય', પ્લોટ નંબર – ૪૩૬-બી-ટુ,*
*સેક્ટર-૮, ગાંધીનગર – ૩૮૨૦૦૮*
*મો.૯૪૨૭૬૦૦૩૧૬*

# ૧૬મી સદીથી ૨૦મી સદી : સુરતની બદલાતી સૂરત

*– અજય મો. નાયક*

**સુ**રતનું ઐતિહાસિક મહત્ત્વ આમ તો ૧૨મી-૧૩મી સદીથી શરૂ થાય છે, પરંતુ ૧૫મી સદી બાદ તેના વિશે નોંધાયેલી ઘણીબધી માહિતી મળતી થઈ છે. સુરતના નામથી લઈ એક જમાનામાં અહીં ચોર્યાસી બંદરનો વાવટો ફરકતો ત્યાં સુધીની વાતો ગ્રંથસ્થ થયેલી છે. વિશ્વભરમાંથી શાહ સોદાગરો અંગ્રેજો આવ્યા તે પહેલાં અહીં આવતા હતા. સુરતની જાહોજલાલીને કારણે જ મુઘલો અને શિવાજીને પણ સુરતને લૂંટવાની ઇચ્છા થઈ હતી. વ્યાપારવણજ, ધર્મ, રાજકારણ અને દેશ વિદેશની બાબતમાં સુરત એક સમયે દેશમાં મહત્ત્વનું સ્થાન ધરાવતું હતું. ૧૬મી સદીના સુરત વિશે ઇતિહાસના પ્રખર અભ્યાસુ મોહન વ. મેઘાણીએ ૧૯૮૮માં એક પુસ્તક લખ્યું હતું. તેમાં ૧૬મી સદી પહેલાંના સુરતથી લઈ અંગ્રેજો અને પોર્ટુગીઝ આવ્યા ત્યાં સુધીની વિપુલ માહિતી છે.

મોહન મેઘાણી લખે છે કે, મધ્યયુગીન ગુજરાતના ઇતિહાસમાં સુરત શહેર એક અગત્યના વ્યાપારી કેન્દ્ર તરીકે અને આયાત-નિકાસ માટેના મહત્ત્વના બંદર તરીકે જાણીતું હતું. જળસ્થળ માર્ગે તે દેશ-વિદેશનાં મોટાં વેપારી કેન્દ્રો સાથે જોડાયેલું હતું. પોર્ટુગીઝ જ્યારે ભારત આવ્યા અને દિવ-દમણનો વ્યાપાર પોતાના હસ્તક લઈ લીધો ત્યારબાદ તો સુરતનું મહત્ત્વ વધી ગયું હતું. ભૌગોલિક અને વ્યૂહાત્મક રીતે પણ સુરતનું મહત્ત્વ વધતાં મુસ્લિમ, પોર્ટુગીઝ, ડચ, અંગ્રેજ અને આર્મેનિયન જેવી વિદેશી પ્રજા પણ સુરતના સંપર્કમાં આવી. ત્યારબાદ તેનું આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક જીવન વધારે ગૌરવપૂર્ણ બન્યું.

સુરતના નામ માટે એવું મનાય છે કે, સૌ પ્રથમવાર ૧૫૧૩માં સૂર્યપૂર શબ્દનો પ્રયોગ થયેલો જોવા મળે છે ત્યારથી સુરત શબ્દ ચલણી બન્યો. એવું મનાય છે કે, સુરત શબ્દ કોઈપણ વસ્તુના સૌંદર્ય માટે વપરાતા ફારસી શબ્દ પરથી ઊતરી આવ્યો છે. જો કે, ફારસી ઇતિહાસ ગ્રંથોમાં સૂર્યપૂર શબ્દ નથી, તેમણે સુરત શબ્દ જ ઉપયોગમાં લીધો છે. સુરત માટે અનેક દંતકથાઓ પણ ચાલે છે તેમાં મુખ્યત્વે નાગર જમીનદારની વિધવા સ્ત્રીની કથા, ગોપી મલેકની કથા તથા સુરત નામ અપાવનાર અને શહેરમાં કિલ્લો બનાવનાર ખ્વાજા સફર સલમાનીની કથા મુખ્ય છે. આ બધી દંતકથાઓનો સમયગાળો ૧૬મી-૧૭મી સદીનો છે. જો કે, તેમાં ઐતિહાસિક તત્ત્વો નથી. મુખ્ય બે કથાઓ વધારે સંબંધિત હોય તેમ લાગે છે. તેમાં સુરત શહેરના વિકાસને ફાળો આપનાર મલિક ગોપી મુખ્ય છે. હાલના ગોપી તળાવનું નામ પણ કદાચ ગોપી મલિકના નામ પરથી જ પડ્યું છે.

અકબરે સુરતની જાહોજલાલીથી અંજાયને ૧૫૭૩માં હુમલો કર્યો હતો. અહીંનો કિલ્લો જોઈને તે ખુશ થઈ ગયો હતો અને તેમાં જે તોપ હતી તે પણ તે આગ્રા લઈ ગયો હતો. હજયાત્રીઓ માટે સુરતથી વહાણ ઉપાડવાની શરૂઆત પણ તેણે કરી હતી. આ માટે અકબરે પોર્ટુગીઝ સાથે સારા સંબંધ રાખ્યા હતાં. સુરતના આ નિવાસ દરમિયાન અકબરે જરથોસ્તી ધર્મ સમજવા માટે નવસારીના પારસી આગેવાન મહેરજી રાણા પાસેથી તે અંગે માહિતી મેળવી હતી. સુરતથી હજયાત્રીઓનો પ્રથમ જથ્થો ૧૫૭૩માં ગયો હોવાનું મોહન મેઘાણી પોતાના પુસ્તકમાં નોંધે છે. અકબરનો ઇરાદો દમણ, દિવ પણ ફત્તેહ કરવાનો હતો પરંતુ પોર્ટુગીઝોએ તેને નિષ્ફળ બનાવ્યો હતો. પરંતુ ત્યારબાદ પોર્ટુગીઝ અને અકબરના સંબંધો બગડી ગયા હતા.

૧૬મી સદીમાં પણ સુરતમાં જૈનોની વસતિ નોંધપાત્ર હતી. રાંદેરમાં તેમની વસતિ હતી પછીથી તેઓ સ્થળાંતર કરીને શહેરમાં આવી ગયા. શ્વેતામ્બર અને દિગમ્બર બંને સંપ્રદાયના અનુયાયી હતા. તેવી જ રીતે પારસીઓની વસતિ પણ નોંધપાત્ર પ્રમાણમાં હતી. તે સમયે જે ચલણ અસ્તિત્વમાં હતું તેમાં અકબરી રૂપિયો મુખ્ય હતો. આ ઉપરાંત ફદિયાં, દોગાની, પૈસા, દોકડા, દમડી, કોરી વગેરે પણ વપરાતાં હતાં. અકબરી રૂપિયો ચાંદીનો હતો અને અમદાવાદની ટંકશાળમાં ગોળ અને ચોરસ રૂપિયા તૈયાર કરાતા હતા. તે સમયે શરાફી વ્યાજ અને હુંડી પ્રથા પણ અસ્તિત્વમાં હતી. તોલમાપ પદ્ધતિ પણ મુસ્લિમ સુલતાનોએ દાખલ કરી હતી.

સુરતમાં ૧૬મી સદીના પ્રારંભે સાંસ્કૃતિક પ્રવૃત્તિનો પણ ઘણો વિકાસ થયો હતો. તે સમયે સુરત શહેર ૧૪ વિસ્તારમાં ફેલાયેલું હતું અને તેને ફરતે દીવાલ બનાવાઈ હતી. આ સમયે જે મહત્ત્વનાં બાંધકામ થયાં તેમાં ગોપી તળાવ અને કિલ્લો એ બે મુખ્ય છે. આ ઉપરાંત ખુદાવંદ ખાનનો રોજો પણ આ ગાળામાં જ બન્યો હતો. ચિત્ર અને શિલ્પકળામાં તથા ભાષાસાહિત્યમાં







પણ સુરતે ઘણું કાંઠું કાઢ્યું હતું. અંદાજે ૧૬૫૦ની આસપાસ ગણદેવીના અનાવિલ કવિ કીકુ વશીએ બાળકૃષ્ણ ચરિત્ર અને અંગદ વિષ્ટી નામના બે કાવ્યગ્રંથો છાપ્યા હતા. કીકો વશી કવિ ભારણ અને ભીમનો સમકાલિન હતો. શ્વેતામ્બરે જૈનોના શ્રી કમલ શેખર સૂરીએ સુરતમાં ચાર્તુમાસ દરમિયાન ૯ તત્ત્વ ચોપાઈ નામના ૬૫ કડીના ગુજરાતી કાવ્યની રચના કરી હતી. આ ઉપરાંત કંસારા જ્ઞાતિનો મોરા સૂત ગોવિંદ પણ કવિ હતો. તેણે સુધન્વા આખ્યાન રચ્યું હતું. ભારદ્વાજ ગોત્રના બ્રાહ્મણ કવિ ગણેશ દૈવજ્ઞે જાતકાલંકા નામનુ કાવ્ય રચ્યું હતું.

સુરત વિશે અન્ય એક પુસ્તક લખનાર ડૉ. મુગટલાલ બાવીસી સુરતની ઈતિહાસધારા પુસ્તકમાં જણાવે છે કે, ઈ.સ. ૧૩૭૩માં સુલતાન ફિરોઝતૂક લુકે તાપી કિનારે કિલ્લો બનાવ્યો હતો. ૧૩૯૧માં ગુજરાતના ગર્વનર ઝફર ખાને તેના પુત્ર મસ્તી ખાનને રાંદેર તથા સુરતનો ગર્વનર નિમ્યો હતો. ૧૬મી સદીની શરૂઆતમાં પોર્ટુગીઝોએ સુરતના બંદર પર કબજો જમાવ્યો પણ અકબર સામે તેઓ હારી ગયા હતા.

સુરતે જે કેટલાક સાહિત્યકારો આપ્યા અને વ્યાપારીઓ આપ્યા, તેમાં સૌથી આગળ નામ રાયચંદ દિપચંદ પરિવારનું આવે છે. શેઠ રાયચંદ દિપચંદ પરિવારે ૧૮૬૦માં રૂપિયા ૨૨,૦૦૦ના ખર્ચે જૈન પંચતીર્થોની યાત્રા માટે સંઘ કાઢેલો. ૧૮૬૧માં સુરતના ગોપીપુરામાં ૧૦,૦૦૦ના ખર્ચે જૈન ધર્મશાળા બનાવી હતી. ૧૮૬૫માં ફરી સંઘ કાઢ્યો હતો. રાયચંદ દિપચંદ પછી તેમના પુત્ર પ્રેમચંદ રાયચંદ એક જમાનામાં શેયરબજાર અને રૂ બજારના રાજા ગણાતા હતા. ભરૂચથી મુંબઈ સુધી અનેક ઠેકાણે તેમણે સખાવતો કરી હતી. એક સમયે તેમણે બેંકની પણ સ્થાપના કરી હતી. એવુ મનાય છે કે, કરોડો રૂપિયા કમાયેલા પ્રેમચંદ રાયચંદે વિવિધ ક્ષેત્રમાં અને વિવિધ શહેરોમાં કુલ ૯૦ લાખ રૂપિયાનું દાન આપ્યું હતું. ૧૮૬૪માં મુંબઈ યુનિવર્સિટીને ૨ લાખ રૂપિયાનું તો ૧૮૬૬માં કલકત્તા યુનિવર્સિટીને પણ ૨ લાખ રૂપિયાનું દાન આપ્યું હતું. મુંબઈ યુનિવર્સિટીનો આજનો રાજાબાઈ ટાવર તેમની માતાના સ્મરણાર્થે તેમણે બનાવડાવ્યો હતો. અમદાવાદમાં તેમના દાનથી પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કોલેજ શરૂ થઈ હતી જે આજે પણ હયાત છે. સાહિત્ય ક્ષેત્રે પણ પ્રેમચંદ રાયચંદનું અનન્ય પ્રદાન હતું. ૧૮૬૫માં અમદાવાદમાં મળેલી વર્નાકયુલર સોસાયટીને ૧૦ હજાર રૂપિયાનું દાન આપ્યું હતું, પરંતુ ૧૮૬૫ બાદ શેયર બજાર અને રૂ બજારમાં મંદીનો કડાકો બોલી ગયો હતો. બંનેના ભાવ તૂટવા માંડ્યા. તેમની પાસેથી બેંકોએ ઉઘરાણી શરૂ કરી એ સમયે તેમનુ દેવું ૨ કરોડ રૂપિયાનું હતું. ૧૮૬૬માં છેવટે તેમણે નાદારી જાહેર કરી. પ્રેમચંદ રાયચંદના પુત્ર કિકાભાઈ પ્રેમચંદે ફરી સમૃદ્ધિ મેળવી. સુરતમાં તેમની પત્નીના નામે તેમણે મોટું દાન આપેલું. એમ.ટી.બી. કોલેજ કેમ્પસમાં લેડી કિકાભાઈ પ્રેમચંદ લાયબ્રેરીની સ્થાપના માટે ૬૧ હજાર રૂપિયાનું દાન આપેલું. સર કિકાભાઈ ૧૯૩૩થી ૧૯૫૪ સુધી સુરતની સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ રહ્યા હતા.

ડૉ. મુગટલાલ બાવીસીએ પુસ્તકમાં જણાવ્યું છે કે, સુરતે પ્રસિદ્ધ સમાજસુધારક દુર્ગારામ મહેતાથી માંડી કવિ નર્મદ સુધીના સાહિત્યકારો આપ્યા. આ ઉપરાંત ગુજરાતીની સૌપ્રથમ નવલકથા કરણઘેલો લખનાર નંદશંકર તુળજાશંકર મહેતા, મહિપતરામ રૂપરામ નિલકંઠ, જેના નામ પરથી રણજિતરામ સુવર્ણ ચંદ્રક અપાય છે તે રણજિતરામ વાવાભાઈ મહેતા, પ્રસિદ્ધ હાસ્ય લેખક જયોતિન્દ્ર દવે, ધનસુખલાલ મહેતા, વિખ્યાત નાટ્યકાર બટુકભાઈ ઉમરવાડિયા, ઈશ્વરલાલ ઈચ્છારામ દેસાઈ, મૂર્ધન્ય સાહિત્યકાર વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, નાટ્યમહર્ષિ ચંદ્રવદન ચિમનલાલ મહેતા, જયંત પાઠક, કુંજવિહારી મહેતા, ભગવતીકુમાર શર્મા, ગનીભાઈ દહીંવાલા, બટુકભાઈ અને કૃષ્ણવીર દિક્ષીત વગેરે પણ સુરતની જ દેન છે. સુરતમાં દાઉદી વ્હોરા સમાજની એકમાત્ર યુનિવર્સિટી પણ આવેલી છે. તેની પરીક્ષા લેવા માટે દર વર્ષે સૈયદના સાહેબ જાતે આવે છે. આ ઉપરાંત સુરતનો રાંદેર વિસ્તાર એવો છે કે જયાં સૌથી વધુ મસ્જિદો આવેલી છે. સૌથી પ્રાચીન મસ્જિદ પણ અહીં જ આવેલી છે.

એક સમયે સુરતમાં આઝાદી ચળવળના જે બે મુખ્ય કેન્દ્ર હતાં તે અનાવિલ આશ્રમ અને પાટીદાર આશ્રમ. અનાવિલ આશ્રમનું સંચાલન દયાળજી નાનુભાઈ દેસાઈ કરતા હતા જયારે પાટીદાર આશ્રમનું સંચાલન કલ્યાણજી વિઠ્ઠલભાઈ મહેતા કરતા હતા. દયાળજી આશ્રમમાં ગાંધીજીથી લઈ અનેક રાષ્ટ્રનેતાઓ જે તે સમયે આવી ગયા હતા. દાંડીકૂચ સમયે પણ આ આશ્રમ આંદોલનનું મુખ્ય કેન્દ્ર હતો. ૧૯૩૮માં હરિપુરામાં કોંગ્રેસનું સંમેલન ભરાયું હતું ત્યારે ટોચના નેતાઓ માટે આ આશ્રમ વિશ્રામસ્થાન અને વાટાઘાટો માટેનું કેન્દ્ર હતું. ૧૯૧૬માં ગાંધીજી પહેલીવાર સુરત આવ્યા ત્યારે દયાળજી આશ્રમમાં જ ઊતર્યા હતા. ત્યારબાદ તો તેમણે ઘણીવાર આ આશ્રમની મુલાકાત લીધી હતી. ૧૯૩૨થી ૩૫ દરમિયાન અંગ્રેજોએ આ આશ્રમ જપ્ત કર્યો હતો. ૧૯૫૮માં અનાવિલ આશ્રમનું નામ બદલી દયાળજી વિદ્યાર્થી આશ્રમ કરાયું હતું. સાહિત્યકાર ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ દયાળજીભાઈને અંજલિ આપતાં કહ્યું હતું કે, સુરતના અર્વાચીન ઈતિહાસમાં વીર દયાળજીનું નામ અચલ રહેશે. સમાજ સેવા, દેશ સેવા કે સાહિત્ય સેવા માટે સુરતે બીજે પ્રેરણા લેવા જવું પડે તેમ નથી.

ત્યારપછીનો ઈતિહાસ તો સર્વવિદિત છે. આર્થિક પાટનગર બનવા તરફ જઈ રહેલું સુરત આજે ગુજરાતમાં અમદાવાદ પછી બીજું મોટું શકિતશાળી શહેર છે. દેશના તમામ ભાગોમાંથી લોકો આવીને વસ્યા છે. ભૌગોલિક વિસ્તારો વધવાની સાથે તેની સમૃદ્ધિ પણ વધી છે. આજે તો સુરત શહેર ફલાય ઓવરના શહેર તરીકે ઓળખાય છે, પરંતુ વ્યાપાર ઉદ્યોગ ક્ષેત્રે પણ સુરત શહેરે જે ગજું કાઢ્યું છે તે દેશનાં અન્ય મોટા શહેરોની સાથે સ્પર્ધા કરી શકે તેવું છે

*એચ-૫/૪૧, નિધી એપાર્ટમેન્ટ,*
*પ્રગતિનગર બસસ્ટોપ સામે,*
*નારણપુરા, અમદવાદ ૩૮૦૦૧૩.*
*ફોન નં. ૯૮૨૫૪ ૬૪૪૮૧*

# પ્રજા વત્સલ રાજવી : રુસ્વા મઝલૂમી

*– વી. એસ. ગઢવી*

**કો**ઈ સત્તાધારી વ્યક્તિ સત્તા કેટલા સમય માટે ભોગવે છે તે વાત ઐતિહાસિક વિગતોની જાળવણી કરવા માટે જરૂર ઉપયોગી થાય, પરંતુ શાસનમાં ટૂંકા ગાળા માટે પણ રહેલા શાસકનું સ્થાન તેનાં કાર્યોથી પ્રજાના હૈયામાં કોતરાઇ જતું હોય છે. ભારતના દ્વિતીય વડાપ્રધાન લાલબહાદુર શા સ્ત્રી આ વાતનું જવલંત ઉદાહરણ છે. આપણે સ્વાધીનતા મેળવી તે પહેલાં બ્રિટિશ હકૂમત ઉપરાંત દેશી રજવાડાંઓનું પણ એક અલગ અસ્તિત્વ તથા ઓળખ હતી. સૌરાષ્ટ્રમાં તો આ સંખ્યા અન્ય કોઇ પ્રદેશની તુલનામાં વધારે હતી. દેશી રજવાડાંઓના રાજવીઓ પૈકી ઘણા રાજવીઓ પ્રજાનો સ્નેહ અને સ્વૈચ્છિક આદર મેળવી શકયાં ન હતા. પરંતુ કેટલાક રાજવીઓ તેમની પ્રજાવત્સલતાના કારણે લોકસમૂહમાં ખૂબજ માનીતા અને આદરપાત્ર બન્યા હતા. મોટા રજવાડાંઓના રાજવીઓમાં તો ભાવનગર મહારાજા કૃષ્ણકુમારસિંહજી કે ગોંડલ નરેશ ભગવતસિંહજીનું નામ આ સંદર્ભમાં તરત જ યાદ આવે છે, પરંતુ ખોબા જેવડા નાના ગામ પાજોદ (જૂનાગઢ જિલ્લો) જેવા નાના રાજ્યના રાજવી મોટા ગજાના માનવી હતા. તે વાત ઈતિહાસમાં હમેશા જીવંત અને પ્રેરણાદાયક રહેશે. પાજોદના આ ગુલાબી શાયર તથા ઉદાર મનના રાજવી દરબાર સાહેબ શ્રી ઈમામુદીનખાન બાબી ઉત્તમ કક્ષાના સર્જક હોવા ઉપરાંત ઉત્તમ ગુણો ધરાવતા શાસક હતા. પાજોદના શાસક તરીકેનો માત્ર બાર વર્ષનો સમયગાળો (૧૯૩૫થી ૧૯૪૭) આ રાજવીને અનેક યુગોની કીર્તિ અપાવે તેવો ઉજળો છે. વર્ષ, ૨૦૧૫માં આ રાજવી શાયરની જન્મ શતાબ્દી આવી અને ગઇ. રુસવા સાહેબને તેમની જન્મ શતાબ્દી નીમિત્તે સવિશેષ યાદ કરવામાં આવ્યા, પરંતુ તેમની સ્મૃતિ તો અનેક સાહિત્યરસિકોના દિલમાં ચિરસ્થાયી છે. દરબાર સાહેબની કેટલીયે સ્મૃતિઓ સર્વ શ્રી રજનીકુમાર પંડ્યા તથા બિરેન કોઠારીની કાળજીપૂર્વકની જહેમતને કારણે પુસ્તક સ્વરૂપે સચવાઇ છે. તે આનંદની વાત છે. આશાપુરા ઔદ્યોગિક જૂથ મુંબઇની સહાયના કારણે આ દસ્તાવેજીકરણ શકય બનેલું છે.

જે કાળમાં રાજવીને જે વિચાર આવે તે જ કાયદો એવી સ્થિતિ હતી ત્યારે પાજોદ દરબારે પાડેલા જુદા ચીલા આશ્ચર્ય અને અહોભાવ ઉપજાવે તેવા છે. એક પ્રસંગ નોંધાયો છે. પાજોદ ગ્રામસભા ભરાયેલી હતી. રાજવી તેમાં ઉપસ્થિત હતા. ગામના તમામ લોકો તેમાં હાજર રહી શકતા અને તેમને કોઇ પ્રશ્ન કે રજૂઆત હોય તો નિર્ભયતાપૂર્વક કરી શકતા. આવી એક ગ્રામસભામાં કોઇ નાગરિકે દરબાર સાહેબને રજૂઆત કરી. ગ્રામજને પોતાની વાત ગ્રામસભામાં રજૂ કરતાં દરબાર સાહેબને કહ્યું : '' આપ કયારેક થોડા દિવસો માટે બહારગામ ગયા હો ત્યારે અમારે કોઇ સમસ્યા ઊભી થાય તો તેનો ઝડપી નિકાલ થતો નથી. રાજયના અમલદાર સુધી જવું મુશ્કેલ અને મા સાહેબ (બેગમ) તો ઓઝલમાં હોય. અમારે મા સાહેબને મળીને કહેવું શી રીતે ? ગ્રામજને વિશેષ સ્પષ્ટતા કરતાં જણાવ્યું. રાજવીએ સમસ્યાનો તરત જ ઉકેલ કર્યો. તેમણે જાહેર કર્યુ કે '' રાજ્યનો કોઇપણ નાગરિક હવે મા સાહેબને વિના સંકોચે કે વિના રોકટોકે મળી શકશે. પ્રજા તો અમારા સંતાન સમાન છે. તેમની તે વળી ઓઝલ શી હોય ! ભલે એક નાના રાજ્યના રાજવીનો આ નિર્ણય હોય. પરંતુ શાસનકર્તા અને લોકસમૂહ વચ્ચે નિરંતર સંવાદ તથા સંપર્કનું આ તત્ત્વ આજે પણ એટલું જ સાંપ્રત તથા આવશ્યક છે. Good Governanceનો આ અભિન્ન ભાગ છે. રુસ્વા સાહેબે લખેલી અનેક પંક્તિઓમાં તેમનો અનોખો મિજાજ પ્રગટ થતો જોવા મળે છે.

**દેશ આઝાદ થયો ત્યારે બ્રિટિશ હકૂમત હેઠળનો વિસ્તાર તો આપોઆપ 'યુનિયન ઓફ ઇન્ડિયા માં જોડાયો. પરંતુ જે પ્રદેશો સ્થાનિક રાજવીઓની હકૂમત હેઠળ હતા. તેમને વિકલ્પ પસંદ કરવાની તક મળી. કોઇ પણ રાજવી સ્વતંત્ર પણ રહી શકે અને પસંદગી મુજબ હિન્દુસ્તાન કે પાકિસ્તાનમાં જોડાઇ શકે તેવી વ્યવસ્થા હતી**

***મોહતાજ ના કશાનો હતો,***
***કોણ માનશે ? મારોય એક***
***જમાનો હતો કોણ માનશે?***
***'રુસ્વા' કે જે શરાબી મનાતો***
***રહ્યો જગે, માણસ બહુ***
***મજાનો હતો, કોણ માનશે ?***

જૂનાગઢ જિલ્લાના પાજોદના આ સદાકાળ દરબાર સાહેબનું નામ ઈમામુદીનખાન હતું. ગાંધીજી જે વર્ષમાં આફ્રિકાથી પરત આવીને મુંબઇ બંદરે ઊતર્યા તે ૧૯૧૫ના વર્ષમાં ડિસેમ્બર માસની ૧૧મી તારીખે પાજોદ દરબાર સાહેબ શ્રી ઈમામુદીનખાનનો જન્મ થયો હતો. પાજોદ દરબાર કવિઓના કવિ અને રાજવીઓના રાજવી હતા. ઉર્દૂ તથા ગુજરાતીમાં યાદગાર ગઝલો ઉપરાંત નવલિકાઓ તેમજ સ્મૃતિચિત્રો તથા ઘટનાઓનું વિપુલ સર્જન કરીને આ રાજવી શાયર કલાપીની જેમ સદાકાળ જીવંત તથા પ્રાસંગિક રહ્યા છે.

આવા ધન્યનામ શાયરોની સ્મૃતિના અડિખમ મહેલો કલાપી કહે છે તેમ આજે પણ ઉન્નત મસ્તકે ઊભા છે.

*કુરંગો જ્યાં કૂદે ટોળાં*
*પરિન્દાનાં ઊડે ટોળાં*
*કબૂતર ઘૂઘવે છે જ્યાં*
*અમારા મહેલ ઊભા ત્યાં.*

દેશ આઝાદ થયો ત્યારે બ્રિટિશ હકૂમત હેઠળનો વિસ્તાર તો આપોઆપ 'યુનિયન ઓફ ઈન્ડિયા માં જોડાયો. પરંતુ જે પ્રદેશો સ્થાનિક રાજવીઓની હકૂમત હેઠળ હતા. તેમને વિકલ્પ પસંદ કરવાની તક મળી. કોઇ પણ રાજવી સ્વતંત્ર પણ રહી શકે અને પસંદગી મુજબ હિન્દુસ્તાન કે પાકિસ્તાનમાં જોડાઇ શકે તેવી વ્યવસ્થા હતી. જૂનાગઢના બાબી વંશના નવાબોનું શાસન હતું. જૂનાગઢ જિલ્લાના માણાવદર બાંટવા અને સરદારગઢ તાલુકાઓ પણ જૂનાગઢના બાબી વંશના નવાબના સગાંઓને મળ્યા હતા. જૂનાગઢના તત્કાલીન શાસક નવાબ મહાબતખાને દીવાન શાહનવાઝ ભુટ્ટોની સલાહ પ્રમાણે પાકિસ્તાન સાથે જોડાવાનું પસંદ કર્યું. શામળદાસ ગાંધી તથા આરઝી હકૂમતે પ્રજાના સંપૂર્ણ સહકારથી નવાબનું આ સ્વપ્ન સિદ્ધ થવા ન દીધું તે એક રોમાંચક ઈતિહાસ છે. પરંતુ જૂનાગઢના આ અંતિમ શાસકના જ પિતરાઇ ખાનસાહેબ શ્રી ઈમામુદ્દીનખાનજી (પાજોદ)એ રાજકોટમાં ભારત સરકારના પ્રાદેશિક કમિશનરશ્રીને લખી જણાવ્યું કે, પાકિસ્તાન સાથે જોડાવાની વાત તેમને મંજૂર ન હતી. આ પ્રજાવત્સલ રાજવીએ જણાવ્યું કે, પ્રજાની ઈચ્છા વિરુદ્ધ પાકિસ્તાન સાથેના જોડાણખત પર સહી કરવાનો તેમને અધિકાર પણ ન હતો ! પાજોદ દરબારની આ પહેલ ભારત સરકારને તે કાળની વ્યૂહરચનામાં સમયસર તથા ઉપયોગી પુરવાર થઈ હતી. શાયરી અને સંવેદનશીલતા જેમને વારસામાં મળ્યાં હતાં તેવા આ પાજોદના છેલ્લા રાજવી પ્રજા કલ્યાણના રંગે રંગાયેલા હતા. ૧૯૩૫માં પાજોદની ગાદી સંભાળીને તેમણે આ પ્રજાલક્ષી વલણની સૌને ખાતરી કરાવી આપી હતી. સાંપ્રત સમયમાં કદાચ સૌને નવાઇ લાગે તેવા અન્યાયી

**''પાજોદની કોઇપણ મિલકત જે ખેડૂતના નામે ચાલતી હોય તે ખેડૂતની ગણવી. તેના પર મારો કોઇ હક્ક લાગુ પડતો નથી. આ માટે મારું જે પ્રકારનું લખાણ જરૂરી હોય તે કહો તો હું લખી આપું. ભવિષ્યમાં પણ કોઇ પ્રશ્ન ઊભો થાય તો મારી આ આજની રજૂઆતને માન્ય ગણવી**



વેરા પણ કેટલાક રાજવીઓ વસૂલ કરતા હતા. પાજોદમાં પણ રાજવી કુટુમ્બમાં લગ્ન પ્રસંગ હોય તો રાજયની દરેક વ્યકિતએ રાજ્યને કર ભરવાનો રહેતો હતો. આ વેરાની પ્રથા દરબાર સાહેબે ૧૯૩૫ પછી રદ કરાવી હતી. પ્રજાને ગાડા-બળદ સહિત રાજ્ય તરફથી વેઠ પર બોલાવવામાં આવે તેવી પ્રથા હતી. દરેક માટે આવવું ફરજિયાત હોવાથી કોઇ આનાકાની માટે તો અવકાશ જ ન હતો. દરબાર સાહેબે આ પ્રથામાં પણ સુધારો કરાવ્યો. આવા અનેક પ્રજાલક્ષી નિર્ણયોને કારણે રુસ્વા લોકહૃદય પર સ્નેહનું શાસન કરતા હતા. આથી જ રાજ્ય ગયું તો પણ પ્રજાનો અખંડ સ્નેહ તેમને મળતો રહ્યો. પાજોદ દરબાર સાહેબ જીવનના અંતિમ શ્વાસ લગી સતત ઔદાર્ય તથા સ્નેહની પ્રતીતિ જગતને કરાવતા રહ્યા. કસોટીઓ તો જીવનમાં અનેક આવી, પરંતુ તેઓ જ લખે છે તેમ શાયર 'રુસ્વા હમેંશા 'ખાલી છતાં 'ભરપૂર રહી શક્યા.

*રંગ છું હું, રોશની છું, નૂર છું,*
*માનવીના રૂપમાં મનસૂર છું.*
*કૈં નથી તોયે જુઓ શું શું નથી*
*હું સ્વયં કુમકુમ છું, સિન્દૂર છું.*
*બંધ મુઠ્ઠી જેવું છે મારું જીવન,*
*આમ છું ખાલી છતાં ભરપૂર છું.*
*હું ઈમામુદ્દીન ફકત 'રુસ્વા નથી*
*ખૂબ છું બદનામ પણ મશહૂર છું.*

કવિઓમાં ઉપનામ ધારણ કરવાની એક સામાન્ય પ્રથા હતી. આ પ્રથા આજે પણ પ્રવર્તમાન છે. પાજોદ દરબાર સાહેબે પોતાના 'રુસ્વા મઝલૂમી ઉપમાન માટે ફરી ફરી સાંભળવી ગમે તેવી કથા કહી છે. રુસ્વાને બાંટવામાં યોજવામાં આવેલા એક પ્રસંગમાં એક ફકીરનો ભેટો થયો. ફકીર મઝલૂમશાહ ઓલિયા તરીકે ઓળખાતા હતા. રુસ્વાએ આ મસ્ત ફકીરને પાજોદ આવવાનું નિમંત્રણ આપ્યું. ફકીર યોગાનુયોગ દરબાર સાહેબના ઓચિંતા મહેમાન થયા. દરબાર સાહેબ મિત્રો સાથે પાર્ટી કરતા હતા. પાર્ટીમાં વીસ્કી લેવાનું ચલણ હતું. ફકીર આવ્યા એટલે વીસ્કીના ગ્લાસ આમન્યા ખાતર સંતાડીને દરબાર સાહેબે દિલના ઉમળકાથી ફકીરનો સત્કાર કર્યો. ફકીરને ચા આપવામાં આવી.

ચા પીતાં પીતાં ફકીરે દરબારને કહ્યું તે શબ્દો સ્મૃતિમાંથી ખસે તેવા નથી. અલગારી ફકીર કહે છેઃ '' બેટે, તુમ લોગ જો પીતે થે વો પીઓ. જબ અલ્લાહ સે નહિ ડરતે તો ફકીર સે ડરને કી કયા જરૂરત ! બંદે સે ડરો નહીં, પીતે વખ્ત જબ સાહબ સે ડરો તબ પિના છોડ દેના...! ફકીરના નામ જેવી જ તેના શબ્દોમાં નિર્દોષતા હતી. મઝલૂમનો અર્થ નિર્દોષ તેવો થાય છે. ફકીરની સ્મૃતિ ચિરંજીવી કરવા અલગારી ફકીરના નામ પરથી રુસ્વા 'મઝલૂમી' બન્યાં. જેમની જન્મ શતાબ્દીનું વર્ષ ચાલે છે તે ઘાયલ સાહેબ તથા શાયર રુસ્વાને પરસ્પર અસાધારણ સ્નેહ તથા આદર હતા. ઘાયલ સાહેબ કહેતા કે આ અમૃતલાલ લાલજી ભટ્ટ (ઘાયલ સાહેબનું નામ)ને વિખ્યાત શાયર બનાવનાર તો પાજોદ દરબાર છે. સર્જકોની એકબીજા તરફની આવી લાગણીનું દર્શન પ્રસન્નતા જન્માવે તેવું છે.

વતન તથા વતનના માનવીઓ સાથે અસાધારણ ઘરોબો ધરાવતા આ શાયરે જાહેરમાં કહેલું કે મૃત્યુ બાદ તેમની દફનવિધિ પાજોદના જ કબ્રસ્તાનમાં કરવામાં આવે. દિલ્હીના છેલ્લા મોગલ શહેનશાહ બહાદુરશાહ 'ઝફર'ની મહેચ્છાનો પડઘો પાજોદ દરબાર રુસ્વા સાહેબની આ ઝંખનામાં જોવા મળે છે. 'રુસ્વા મઝલૂમી' તેમના સાહિત્ય સર્જનથી સદાકાળ જીવંત અને ધબકતા રહેવાના છે. તેઓ જીવનમાં સરળતા તથા ઉદારતા માટે મિત્રોમાં પ્રિય હતા.

**વનમાં અનેક પ્રકારની તડકા છાંયાની પળો આ શાયરને ડગાવી શકી નથી. પોતાના ખમીરની મૂડીના બળે તેમણે અનેક પડકારો ઝીલ્યા છે અને મુસીબતોમાં પણ આ રાજવી શાયર મહોર્યા છે**

*મજા કૈં આવી ગઈ છે*
*આ સાદાઈમાં 'રુસ્વા!*
*કદી આડંબરોની પાસમાં*
*જાવું નથી ગમતું.*

દેશ આઝાદ થયો અને ભારત સરકાર સાથે તમામ દેશી રાજ્યોનું જોડાણ થાય તે કપરી કામગીરી સરદાર પટેલે હાથ પર લીધી. અનેક રાજવીઓએ સરદાર સાહેબની વાત સ્વીકારી લીધી અને આવનારા સમયને પારખીને નિર્ણય કર્યો. પરંતુ કેટલાક લોકો પોતાની સત્તા અને સંપત્તિ ગુમાવવાની વાત આવતા ઉશ્કેરાઇ ગયા અને ભારત સરકારની યોજનાને નિષ્ફળ બનાવવા પ્રયાસો પણ કર્યા. કેટલાક રાજવીઓએ તેમને મહત્તમ વળતર મળે તથા વધારેમાં વધારે મિલકત તેઓ ધરાવી શકે તે માટે દબાણ જૂથો ઊભાં કરવાના પણ પ્રયાસો કરી જોયા. પાજોદની ઘટના આ બધાથી જૂદી છે તેમજ ઊડીને આંખે વળગે તેવી છે. પાજોદમાં પણ અનેક ખેડૂતો પેઢી દર પેઢીથી જે જમીન ભોગવતા હતા તેનો માલિકી હક્ક દરબાર સાહેબનો હતો. આઝાદી પછી મહેસૂલી તંત્ર કાર્ય કરતું થયું ત્યારે કેટલાક ખેડૂતોના ધ્યાનમાં આ વાત આવી. જેનો માલિકી હક્ક રેવન્યુ રેકોર્ડમાં હોય તે સ્વેચ્છાએ હક્ક જતો કરે તો સરળતાથી જે તે ખેડૂતનું નામ તે મિલકતના માલિક તરીકે દાખલ કરી શકાય. દરબાર સાહેબની આવી સંમતિ મેળવી લેવા તંત્રના અધિકારીઓએ ખેડૂતોને જણાવ્યું. ખેડૂતો પોતાના દરબાર સાહેબ પાસે ગયા. જે મુશ્કેલી હતી તેની વિગતો સમજાવી. દરબાર સાહેબ ત્વરિત ઉકેલના માણસ. કહેઃ '' ચિંતા નહિ, ચાલો, હું કલેકટર કચેરીએ આવું. ઓફિસે આવીને અધિકારીઓને રાજવીએ કહ્યુ. ''પાજોદની કોઈપણ મિલકત જે ખેડૂતના નામે ચાલતી હોય તે ખેડૂતની ગણવી. તેના પર મારો કોઈ હક્ક લાગુ પડતો નથી. આ માટે મારું જે પ્રકારનું લખાણ જરૂરી હોય તે કહો તો હું લખી આપું. ભવિષ્યમાં પણ કોઈ પ્રશ્ન ઊભો થાય તો મારી આ આજની રજૂઆતને માન્ય ગણવી. ઈતિહાસમાં નાની મોટી જમીનો માટે જીવસટોસટના જંગ ખેલાયાના અનેક દાખલા છે. પરંતુ આ ઋજુ હૃદયના રાજવી શાયર પોતાના આવા ઉદાર તથા અનોખા વર્તન થકી કાળના અવિરત પ્રવાહમાં પોતાનું નામ અમીટ કરતા ગયા છે.

*આયખાની અદબ સમજ છે ધરમ*
*સત્યને માપવાનો ગજ છે ધરમ*
*માનવી પ્રત્યે માનવીની દોસ્તી*
*મુખ્ય યાને ફરજ છે ધરમ.*

વનમાં અનેક પ્રકારની તડકા-છાંયાની પળો આ શાયરને ડગાવી શકી નથી. પોતાના ખમીરની મૂડીના બળે તેમણે અનેક પડકારો ઝીલ્યા છે અને મુસીબતોમાં પણ આ રાજવી શાયર મહોર્યા છે.

*રમે છે ભગ્ન હૈયામાં*
*અમર આબાદીની આશા*
*હશે વેરાન પણ કરશું*
*અમે ગુલઝારની વાતો.*
*સદા હસતા જિગરના ઘાવ*
*ખુદ એનો પુરાવો છે.*
*અમે તો ફૂલ માની છે*
*સદા તલવારની વાતો.*

આપણી ભાષાના સમર્થ શાયર ઘાયલ સાહેબે રુસ્વા મઝલૂમી માટે લખેલા શબ્દો આ રાજવીની આબેહૂબ છબી ઊભી કરે તેવા બળકટ છે.

*આન ને બાન એટલે રુસ્વા*
*ઠાઠ અને શાન એટલે રુસ્વા*
*નથી પાસે જમીન કે જાગીર*
*છતાં સુલતાન એટલે રુસ્વા*
*મીર ગાલિબનો દાગ મોમિનનો*
*એક દીવાન એટલે રુસ્વા.*

*૧૧૫, સેક્ટર-૨એ, ગાંધીનગર.*
*મો : ૯૯૭૮૪૦૬૧૩૦*